णमोत्थु णं समणस्स
भगवओ महावीरस्स

# ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી

ભાગ : ૨


વિવેચનકાર

પં. ચન્દ્રશેખરવિજયજી



૩૫૧

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**વિવેચનકાર :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૦૦૦
વિ.સં. ૨૦૬૩ તા. ૧૫-૮-૨૦૦૭

**મૂલ્ય રૂા. ૧૦૦/-**

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ

**મુદ્રક :**

**નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ**

રીલિફ રોડ,અમદાવાદ

## ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યું સૌજન્ય.

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રગટ થતાં શાસ્ત્ર ગ્રંથો કે તેના વિવેચનોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

● સૌજન્ય ●

પ.પૂ. જિનસુંદરવિજયજી મ.સા.ની પ્રેરણાથી

**શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ.પૂ. તપગચ્છ સંઘ**

નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.

## અનુક્રમણિકા

### અનુમાન-ખંડ


| | | |
|---|---|---|
| ૧. | અનુમાન-ખંડની ભૂમિકા | ૧ |
| ૨. | સંગતિ-નિરૂપણ | ૧ |
| ૩. | અનુમાનના પ્રકારો | ૩ |
| ૪. | હેતુના ત્રણ પ્રકાર | ૪ |
| ૫. | કરણ અને વ્યાપાર | ૭ |
| ૬. | જ્ઞાયમાન લિંગ કરણ નથી | ૯ |
| ૭. | પરામર્શ | ૧૦ |
| ૮. | પૂર્વપક્ષીય વ્યાપ્તિ | ૧૮ |
| ૯. | સાધ્યતાવચ્છેદક સંબંધ-નિવેશ | ૧૯ |
| ૧૦. | હેતુતાવચ્છેદકસંબંધ-નિવેશ | ૨૦ |
| ૧૧. | સાધ્યવદન્યાવૃત્તિત્વ કેવું ? | ૨૧ |
| ૧૨. | અંતિમ નિષ્કર્ષ | ૨૨ |
| ૧૩. | કેવલાન્વયી સાધ્યમાં અવ્યાપ્તિ | ૨૩ |
| ૧૪. | ઉત્તરપક્ષ (સિદ્ધાન્તલક્ષણી) વ્યાપ્તિ | ૨૪ |
| ૧૫. | સાધ્યતાવચ્છેદકનો પ્રવેશ | ૨૬ |
| ૧૬. | પરંપરાએ સાધ્યતાવચ્છેદક લેવાનું સ્થળ | ૨૯ |
| ૧૭. | હેતુતાવચ્છેદક ધર્મ-નિવેશ | ૩૨ |
| ૧૮. | હેતુતાવચ્છેદકસંબંધ-નિવેશ | ૩૩ |
| ૧૯. | પ્રતિયોગિવ્યધિકરણ-અભાવ નિવેશ | ૩૩ |
| ૨૦. | પ્રતિયોગિવ્યધિકરણ-અભાવ એટલે શું ? | ૩૪ |
| ૨૧. | પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નત્વ-નિવેશ | ૩૯ |
| ૨૨. | સાધ્યતાવચ્છેદકસંબંધ-નિવેશ | ૪૧ |
| ૨૩. | પ્રતિયોગીના અનધિકરણ અંગે ત્રણ વિકલ્પો | ૪૨ |
| ૨૪. | ત્રીજા વિકલ્પનો સપરિષ્કાર સ્વીકાર | ૪૮ |
| ૨૫. | 'कालो घटवान्' સ્થળે આપત્તિ-પરિહાર | ૪૯ |
| ૨૬. | ઉભયાભાવઘટિત લક્ષણ | ૫૧ |
| ૨૭. | ગુરુધર્મ પણ અવચ્છેદક બની શકે | ૫૫ |
| ૨૮. | પક્ષતા-નિરૂપણ | ૫૭ |

| | | |
|---|---|---|
| ૨૯. | હેત્વાભાસ-પ્રકરણ | ७० |
| ૩૦. | વ્યાપ્યતાસિદ્ધિ અંગે વિશેષ સ્પષ્ટીકરણ (પરિશિષ્ટ-૧) | ૧૧૯ |
| ૩૧. | પરિશિષ્ટ-૨ | ૧૨૨ |
| | **ઉપમાન-ખંડ** | ૧૨૪ |
| | **શબ્દ-ખંડ** | |
| ૩૨. | પદજ્ઞાન એ કરણ છે | ૧૨૬ |
| ૩૩. | શક્તિ-નિરૂપણ | ૧૩૧ |
| ૩૪. | શક્તિગ્રહના ઉપાયો | ૧૩૨ |
| ૩૫. | વ્યાપારમાં શક્તિ નથી | ૧૩૮ |
| ૩૬. | શક્તિ શેમાં ? વ્યક્તિમાં કે જાતિમાં ? | ૧૪૪ |
| ૩૭. | વ્યક્તિમાં લક્ષણા નથી | ૧૪૫ |
| ૩૮. | પદના ચાર પ્રકાર | ૧૪૮ |
| ૩૯. | લક્ષણા-નિરૂપણ | ૧૫૩ |
| ૪૦. | લક્ષણાનું બીજ | ૧૫૫ |
| ૪૧. | લક્ષિત-લક્ષણા | ૧૫૭ |
| ૪૨. | વાક્યમાં શક્તિ-લક્ષણા નથી | ૧૫૮ |
| ૪૩. | બહુવ્રીહિ-સમાસ | ૧૬૦ |
| ૪૪. | તત્પુરુષ-સમાસ | ૧૬૧ |
| ૪૫. | ઈતરેતર-દ્વન્દ્વ | ૧૬૪ |
| ૪૬. | સમાહાર-દ્વન્દ્વ | ૧૬૬ |
| ૪૭. | કર્મધારય અને અવ્યયીભાવ સમાસ | ૧૬૯ |
| ૪૮. | આસત્તિ | ૧૭૧ |
| ૪૯. | પદસ્ફોટ-નિરાસ | ૧૭૬ |
| ૫૦. | પ્રભાકરમત-ખંડન | ૧૭૬ |
| ૫૧. | યોગ્યતા | ૧૭૮ |
| ૫૨. | આકાંક્ષા | ૧૮૦ |
| ૫૩. | તાત્પર્ય | ૧૮૧ |
| ૫૪. | સ્મરણ-નિરૂપણ | ૧૮૪ |

૫૫. મનો-નિરૂપણ ........................................ ૧૯૦
૫૬. ગુણ-નિરૂપણ ........................................ ૧૯૮
૫૭. રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ-નિરૂપણ ........................................ ૨૧૧
૫૮. ક્ષણ-પ્રક્રિયા ........................................ ૨૨૮
૫૯. સંખ્યા-નિરૂપણ ........................................ ૨૪૭
૬૦. પરિમાણ-નિરૂપણ ........................................ ૨૫૫
૬૧. પૃથક્ત્વ-નિરૂપણ ........................................ ૨૬૩
૬૨. સંયોગ-નિરૂપણ ........................................ ૨૬૭
૬૩. વિભાગ-નિરૂપણ ........................................ ૨૬૯
૬૪. પરત્વાપરત્વ-નિરૂપણ ........................................ ૨૭૫
૬૫. બુદ્ધિ-નિરૂપણ ........................................ ૨૭૭
૬૬. પ્રામાણ્ય-જ્ઞપ્તિવાદ ........................................ ૨૯૩
૬૭. અન્યથાખ્યાતિ-નિરૂપણ ........................................ ૩૦૪
૬૮. વ્યાપ્તિગ્રહોપાય ........................................ ૩૧૨
૬૯. ઉપાધિ-નિરૂપણ ........................................ ૩૧૭
૭૦. શબ્દોપમાનનું પૃથક્ પ્રામાણ્ય ........................................ ૩૩૩
૭૧. ત્રણ પ્રકારના અનુમાન ........................................ ૩૩૭
૭૨. અર્થાપત્તિ-નિરૂપણ ........................................ ૩૪૩
૭૩. અનુપલબ્ધિ-નિરૂપણ ........................................ ૩૪૫
૭૪. સુખ-દુઃખ-ઈચ્છા-દ્વેષ-નિરૂપણ ........................................ ૩૪૭
૭૫. પ્રયત્ન-નિરૂપણ ........................................ ૩૫૨
૭૬. ગુરુત્વ-નિરૂપણ ........................................ ૩૭૯
૭૭. દ્રવત્વ-નિરૂપણ ........................................ ૩૮૦
૭૮. સ્નેહ-નિરૂપણ ........................................ ૩૮૧
૭૯. સંસ્કાર-નિરૂપણ ........................................ ૩૮૨
૮૦. ધર્માધર્મ-નિરૂપણ ........................................ ૩૮૭
૮૧. શબ્દ-નિરૂપણ ........................................ ૩૯૫

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

.. રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વક્તૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

## માસિક

**સંપાદક : ગુણવંત શાહ**

**સહસંપાદક : ભદ્રેશ શાહ**

## માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને

પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.

૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.

ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

લવાજમ ભરવાનું સ્થળ :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ,

રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

**कारिकावली : व्यापारस्तु परामर्शः करणं व्याप्तिधीर्भवेत् ॥६६॥**

**मुक्तावली : अथानुमितिं व्युत्पादयति - व्यापारस्त्विति ।**

**મુક્તાવલી :** પ્રત્યક્ષ ખંડનું નિરૂપણ પૂર્ણ થયું. હવે મુક્તાવલીકાર અનુમાન ખંડનું વ્યુત્પાદન કરે છે.

## અનુમાન ખંડની ભૂમિકા

### ★ સંગતિ-નિરૂપણ ★

**ટિપ્પણ :** કોઈપણ એક વિષયનું નિરૂપણ કર્યા બાદ બીજા વિષયનું નિરૂપણ કરવામાં આવે તો ત્યાં નિરૂપિત વિષય સાથે નિરૂપણીય વિષયનો કોઈ સંબંધ = સંગતિ હોવી જોઈએ. પ્રસ્તુતમાં પ્રત્યક્ષ નિરૂપણ બાદ અનુમાન નિરૂપણ કેમ કર્યું ? એ બે વચ્ચે શી સંગતિ છે ? તે જાણવું જોઈએ.

આ વાત જાણ્યા પહેલાં 'સંગતિ' એટલે શું ? તે આપણે જોઈએ.

**अनन्तराभिधानप्रयोजकजिज्ञासाजनकज्ञानविषयस्मरणानुकूलसम्बन्धः सङ्गतिः । सा च निरूपणीयविषयनिष्ठा ।**

એક વિષયનું નિરૂપણ કર્યા બાદ જેનું નિરૂપણ કરવાનું છે; દા.ત. પ્રત્યક્ષનું નિરૂપણ કર્યા બાદ અનુમાનનું નિરૂપણ કરવું છે તો તે અનુમાનના નિરૂપણમાં કારણીભૂત જિજ્ઞાસા '**अनुमानज्ञानं मे भवतु**' એ છે, અર્થાત્ આવી જિજ્ઞાસા થાય તો પ્રત્યક્ષના નિરૂપણ બાદ અનુમાનનું અભિધાન થાય.

કોઈપણ ઈચ્છા (જ્ઞાનેચ્છા) ઈષ્ટસાધનતાના જ્ઞાન વિના તો થાય નહિ. માટે '**अनुमानज्ञानं मे भवतु**' એવી ઈચ્છા (જિજ્ઞાસા) પણ '**अनुमानं मदिष्टसाधनम्**' એવા જ્ઞાનથી ઉત્પન્ન થઈ છે એમ માનવું જ જોઈએ. એટલે **अनन्तराभिधानप्रयोजकजिज्ञासा-जनकं ज्ञानम् = अनुमानं मदिष्टसाधनम्** એવું જ્ઞાન બન્યું. આ જ્ઞાનનો વિષય 'અનુમાન' બન્યો. એ અનુમાન(વિષય)નું સ્મરણ કરાવનાર જે સંબંધ તેનું જ નામ સંગતિ. **अनन्तराभिधानप्रयोजकजिज्ञासाजनकज्ञानविषयस्मरणानुकूलः (स्मारकः) सम्बन्धः सङ्गतिः ।**

આ સંગતિ અનુમાનાત્મક જે નિરૂપણીય વિષય, તેમાં રહે.

સંગતિ છ પ્રકારની છે

**स प्रसङ्ग उपोद्घातो हेतुताऽवसरस्तथा ।**

**निर्वाहकैक्यकार्यैक्ये षोढा सङ्गतिरिष्यते ॥**

પ્રસંગ, ઉપોદ્‌ઘાત, હેતુતા, અવસર, નિર્વાહકૈક્ય અને કાર્યૈક્ય.

(૧) **પ્રસંગ-સંગતિ : उपोद्घातादिभिन्नत्वे सति स्मरणप्रयोजकसम्बन्धत्वं प्रसङ्गत्वम् ।**

બીજી વગેરે જે પાંચ ઉપોદ્‌ઘાતાદિ સંગતિ કહેવાની છે તેનાથી જે ભિન્ન હોય અને જ્યાં એક વિષયના નિરૂપણ બાદ જે નિરૂપણીય વિષયનું સ્મરણ થઈ જાય ત્યાં તે નિરૂપણીય વિષયમાં પ્રસંગ-સંગતિ કહેવાય. દા.ત. પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કર્યા બાદ એ પરમાત્મા 'જગત્કર્તા નથી' એ વિષયનું પ્રસંગતઃ નિરૂપણ કરવું એ પ્રસંગ-સંગતિ કહેવાય. અહીં વક્ષ્યમાણ ઉપોદ્‌ઘાતાદિ સંગતિઓ લાગુ પડતી પણ નથી.

(૨) ઉપોદ્‌ઘાત-સંગતિ : **प्रकृतोपपादकत्वम् उपोद्घातत्वम् ।**

જે વિષયનું નિરૂપણ ઉપસ્થિત થયું છે ત્યાં તે જ વિષયનું ઉપપાદક = સમર્થક વિષયનું જે નિરૂપણ થાય તે ઉપોદ્‌ઘાત સંગતિથી થાય. દા.ત. અનુમિતિનું નિરૂપણ કરતાં વ્યાપ્તિનું નિરૂપણ કરવામાં આવે તે આ સંગતિને લઈને, કેમકે વ્યાપ્તિનું નિરૂપણ એ પ્રકૃત અનુમિતિ-નિરૂપણનું સમર્થક છે. વ્યાપ્તિના જ્ઞાનથી અનુમિતિનું જ્ઞાન સુબોધ્ય બની જાય છે.

(૩) **હેતુતા-સંગતિ** : કાર્યકારણભાવ = ઉપજીવ્ય (કારણ) - ઉપજીવક (કાર્ય)ભાવ જ્યાં હોય ત્યાં કારણનું નિરૂપણ કર્યા બાદ કાર્યનું જે નિરૂપણ થાય છે તે આ સંગતિને લઈને. દા.ત. પ્રત્યક્ષ એ કારણ છે અને અનુમિતિ એ તેનું કાર્ય છે. (ધૂમના પ્રત્યક્ષ વિના વહ્નિની અનુમિતિ થઈ શકતી નથી.) એટલે પ્રત્યક્ષના નિરૂપણ બાદ અનુમિતિનું જે નિરૂપણ કરાય છે તે આ હેતુતા-સંગતિને લઈને થાય છે.

(૪) **અવસર-સંગતિ : अनन्तरवक्तव्यम् अवसरः ।**

પ્રત્યક્ષ-નિરૂપણ બાદ (અનન્તરમાં જ) અનુમિતિ-નિરૂપણ વક્તવ્ય છે, કેમકે બાવનમી કારિકામાં '**प्रत्यक्षमप्यनुमितिस्तथोपमितिशब्दजे**' એવું પ્રવિભાગવાક્યમાં કહ્યું છે. હવે પ્રત્યક્ષનું નિરૂપણ પૂર્ણ થયું એટલે તેની પછી તરત જ અનુમિતિ જ વક્તવ્ય બની, એટલે પ્રત્યક્ષ-નિરૂપણ બાદ અનુમિતિનું નિરૂપણ કરવાનો અવસર પ્રાપ્ત થયો માટે આ અનુમિતિ-નિરૂપણ અવસર-સંગતિને લીધે થયું એમ કહેવાય.

(૫) નિર્વાહકૈક્ય-સંગતિ : **एकप्रयोजकप्रयोज्यत्वम् निर्वाहकैक्यम् । निर्वाहकत्वं कारणत्वम् ।**

જ્યાં કારણ એક હોય અને તેના કાર્ય બે હોય ત્યાં એક કાર્યના નિરૂપણ બાદ તે કારણના બીજા કાર્યનું જે નિરૂપણ થાય તે આ સંગતિને લઈને થાય છે. દા.ત. સંસ્કારના બે કાર્યો છે : સ્મરણ અને પ્રત્યભિજ્ઞાન. તેમાં સંસ્કારના એક કાર્યરૂપ સ્મરણના નિરૂપણ બાદ સંસ્કારના જ બીજા કાર્યરૂપ પ્રત્યભિજ્ઞાનનું પણ નિરૂપણ આ નિર્વાહકૈક્ય-સંગતિથી થાય છે.

(૬) કાર્યૈક્ય-સંગતિ : **एककार्यानुकूलत्वम् ।**

પાંચમી સંગતિમાં એક કારણના બે કાર્ય લીધા હતા, જ્યારે અહીં એક કાર્યના બે કારણ અભિપ્રેત છે. એક જ કાર્યના બે કારણોમાં એક કારણનું નિરૂપણ કર્યા બાદ તે કાર્યના બીજા પણ કારણનું જે નિરૂપણ થાય તે આ સંગતિને લઈને થાય છે. દા.ત. અનુમિતિ કાર્યના બે કારણો છે  પરામર્શ અને પક્ષતા. તેમાં પહેલા કારણભૂત પરામર્શનું નિરૂપણ કર્યા બાદ બીજા કારણરૂપ પક્ષતાનું પણ નિરૂપણ આ કાર્યૈક્ય-સંગતિથી થાય છે, કેમકે અનુમિતિનું એક કારણ બતાવ્યા પછી '**अनुमितेः अन्यत् किं कारणम्**' એવી જિજ્ઞાસા ઊભી થાય જ છે.

પ્રસ્તુતમાં પ્રત્યક્ષ-નિરૂપણ બાદ અનુમિતિ નિરૂપણીય કેમ બની ? એના ઉત્તરમાં હવે સ્પષ્ટ સમજાઈ જાય છે કે અનુમિતિમાં હેતુતા-સંગતિ છે અથવા તો અવસર-સંગતિ છે. માટે પ્રત્યક્ષ-નિરૂપણ બાદ અનુમિતિ નિરૂપણીય બને છે.

હવે અનુમાન ખંડનો આરંભ કરવા પૂર્વે અનુમાનના બે પ્રકારો અને હેતુના પ્રકારો એમ બીજી બે વાતો પણ સમજી લઈએ.

## ★ અનુમાનના પ્રકારો ★

**અનુમાન** : અનુમાન બે પ્રકારના છે : સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન.

(i) **સ્વાર્થાનુમાન** : પોતાના અનુમિત્યાત્મક જ્ઞાનમાં હેતુભૂત જે અનુમાન તે સ્વાર્થાનુમાન કહેવાય છે. જેમ મહાનસમાં વહ્નિ-ધૂમ જોયા અને મહાનસીય વહ્નિની મહાનસીય ધૂમમાં વ્યાપ્તિનું જ્ઞાન કર્યું. ત્યાર બાદ તે જ પુરૂષે ક્યારેક પર્વતમાં એવી ધૂમરેખા જોઈ કે જે મૂળથી છેડા સુધી અવિચ્છિન્ન હતી. આવી ધૂમરેખા જોવાથી તેને **धूमो वह्निव्याप्यः** એવા વ્યાપ્તિજ્ઞાનથી પડેલા સંસ્કારોનું ઉદ્‌બોધન થયું અને તેથી વ્યાપ્તિનું સ્મરણ થયું. ત્યાર પછી તે નક્કી કરે છે કે આ પર્વતમાં પણ વહ્નિ છે. આ

રીતે સ્વયમેવ પર્વતમાં અગ્નિનું જ્ઞાન કરવું તે સ્વાર્થાનુમાન કહેવાય છે.

**પ્રશ્ન :** 'અવિચ્છિન્ન મૂળવાળી ધૂમરેખા જોઈ' એમ કેમ કહ્યું ? 'ધૂમ જોયો' એટલું જ કેમ ન કહ્યું ?

**ઉત્તર :** ધૂમાડા કાઢતું એન્જિન તો ક્યાંય જતું રહ્યું અને હજી ધૂમાડો તો પાછળ છે જ. એ વખતે એ ધૂમને જોઈને તે સ્થાને વહ્નિની પ્રમાત્મક અનુમિતિ ન થઈ શકે એટલે કહ્યું કે તે ધૂમ લેવો જેના મૂળનો વહ્નિ સાથે સંબંધ છે. આવો જ ધૂમ પૂર્વે થયેલા વહ્નિવ્યાપ્તિજ્ઞાનના સંસ્કારનો ઉદ્‌બોધક (સ્મારક) બને.

(ii) **પરાર્થાનુમાન :** એક માણસ ધૂમથી સ્વયં અગ્નિનું અનુમાન કરીને એ અનુમિતિનો બોધ બીજાને કરાવવા માટે પંચાવયવ વાક્યનો જે પ્રયોગ કરે તે પરાર્થાનુમાન કહેવાય. જેમકે તે માણસ બીજા માણસને કહે છે :

| | | |
|---|---|---|
| ૧. **पर्वतो वह्निमान्** | પ્રતિજ્ઞા | પ્રથમાવયવ |
| ૨. **धूमात्** | હેતુ | દ્વિતીય અવયવ |
| ૩. **यो धूमवान् स वह्निमान् यथा महानसं ।** | ઉદાહરણ | તૃતીય અવયવ |
| ૪. **तथा चायम् ( पर्वतः )** | પરામર્શ | ચતુર્થ અવયવ |
| = **वह्निव्याप्यधूमवान् अयम् ।** | (ઉપનય) | |
| ૫. **तस्मात् तथा** | નિગમન | પંચમાવયવ |
| **तस्मात् पर्वतो वह्निमान्** | | |

આ પાંચ અવયવવાળા વાક્યનો જે પ્રયોગ તે પરાર્થાનુમાન કહેવાય છે.

### ★ હેતુના ત્રણ પ્રકાર ★

વ્યાપ્તિ અંગેનું સામાન્ય નિરૂપણ પૂર્વે આવી ગયું છે અને વિસ્તારથી નિરૂપણ પ્રસ્તુત અનુમાન ખંડમાં જ આવવાનું છે એટલે અહીં તો માત્ર વ્યાપ્તિમાન્ હેતુના ત્રણ પ્રકારો જોઈ લઈએ.

**હેતુ ત્રિધા :**

૧. અન્વયવ્યતિરેકી હેતુ.

૨. કેવલાન્વયી હેતુ.

૩. કેવલવ્યતિરેકી હેતુ.

(૧) **અન્વયવ્યતિરેકી હેતુ : पर्वतो वह्निमान् धूमात् ।** અહીં જે ધૂમ હેતુ છે તે

અન્વયી છે અને વ્યતિરેકી પણ છે માટે તેને અન્વય-વ્યતિરેકી હેતુ કહેવાય.

**यत्र यत्र धूमः तत्र तत्र वह्निः यथा महानसम्** । આવો અન્વય મળે છે માટે આ ધૂમ હેતુ અન્વયી કહેવાય. વળી **यत्र वह्न्यभावः तत्र धूमाभावः यथा जलहृदः** આવો વ્યતિરેક પણ મળે છે માટે આ ધૂમ હેતુ વ્યતિરેકી પણ કહેવાય.

અન્વય લેતાં '**यत्र हेतुः तत्र साध्यम्**' એમ જોવું. વ્યતિરેક લેતાં '**यत्र साध्याभावः तत्र हेत्वभावः**' એમ જોવું. સ્થૂલ ભાષામાં **यत्र** પદથી જે બોલાય તે વ્યાપ્ય કહેવાય અને **तत्र** પદથી જે બોલાય તે વ્યાપક કહેવાય. એટલે અન્વય સ્થળે હેતુ વ્યાપ્ય છે અને સાધ્ય વ્યાપક છે, જ્યારે વ્યતિરેકી સ્થળે સાધ્યાભાવ = વ્યાપકાભાવ એ વ્યાપ્ય બને છે અને હેત્વભાવ = વ્યાપ્યાભાવ એ વ્યાપક બને છે. અસ્તુ...

એ જ રીતે **शब्दः अनित्यः कृतकत्वात्** । અહીં કૃતકત્વ હેતુ અન્વય-વ્યતિરેકી છે. તે આ રીતે :

**અન્વયી : यत्र कृतकत्वं तत्र अनित्यत्वम् यथा घटे ।**

**વ્યતિરેકી : यत्र अनित्यत्वाभावः तत्र कृतकत्वाभावः यथा गगने ।**

(૨) **કેવલાન્વયી હેતુ** : કેટલાક હેતુ કેવલાન્વયી હોય છે.

દા.ત. **शब्दः अभिधेयः प्रमेयत्वात्** ।

અહીં પ્રમેયત્વ હેતુ કેવલાન્વયી છે, કેમકે **यत्र प्रमेयत्वं तत्र अभिधेयत्वम्** આવો કેવળ અન્વય જ મળશે, પણ **यत्र अभिधेयत्वाभावः तत्र प्रमेयत्वाभावः** એવો વ્યતિરેક ક્યાંય નહિ મળે, કેમકે ક્યાંય અભિધેયત્વાભાવ છે જ નહિ, ક્યાંય પ્રમેયત્વાભાવ છે જ નહિ. સાતેય પદાર્થ અભિધેય છે, પ્રમેય છે. આમ વ્યતિરેકી દૃષ્ટાન્ત ન મળવાથી પ્રમેયત્વ હેતુ કેવલાન્વયી હેતુ કહેવાય.

(૩) **કેવલવ્યતિરેકી હેતુ** : કેટલાક હેતુ કેવળવ્યતિરેકી હોય છે, અર્થાત્ તેમનું અન્વયી દૃષ્ટાન્ત મળતું નથી.

દા.ત. **जीवच्छरीरं सचेतनं प्राणादिमत्त्वात्** । અહીં પ્રાણાદિમત્ત્વ હેતુ કેવલ-વ્યતિરેકી છે, કેમકે અહીં અન્વયી દૃષ્ટાન્ત મળતું નથી.

**यत्र प्राणादिमत्त्वं तत्र सचेतनत्वम्, यथा ?** જ્યાં પ્રાણાદિમત્ત્વ હોય ત્યાં સચેતનત્વ હોય, એમાં દૃષ્ટાન્ત કોનું મળે ? જે પ્રાણાદિમત્ છે તે તો જીવચ્છરીર રૂપ પક્ષ જ છે. પક્ષબહિર્ભૂત દૃષ્ટાન્ત જોઈએ. એવું તો અહીં કોઈ દૃષ્ટાન્ત મળતું નથી. હા,

અહીં વ્યતિરેકી દૃષ્ટાન્ત મળી જાય છે : **यत्र सचेतनत्वाभावः तत्र प्राणादिमत्त्वाभावः यथा घटे ।**

આમ અન્વયી દૃષ્ટાંત ન મળવાથી આ હેતુ કેવલવ્યતિરેકી હેતુ કહેવાય.

**पृथ्वी इतरभिन्ना गन्धवत्त्वात् ।** અહીં ગન્ધવત્ત્વ હેતુ પણ કેવલવ્યતિરેકી છે, કેમકે **यत्र गन्धवत्त्वम् तत्र इतर( जलादि )भेदः** એવો અન્વય ક્યાંય ન મળે, કેમકે ગન્ધવત્ત્વ તો પૃથ્વીમાં જ છે અને સમગ્ર પૃથ્વી તો પક્ષાન્તર્ગત છે. એટલે પક્ષબહિર્ભૂત કોઈ ગન્ધવત્ = અન્વય દૃષ્ટાન્ત ન મળે.

અહીં વ્યતિરેકી દૃષ્ટાન્ત જરૂર મળી જાય છે : **यत्र इतरभेदाभावः तत्र गन्धाभावः ।** જલાદિ જે ઇતર, તેનો ભેદ પૃથ્વીમાં છે એટલે જલાદિ ઇતરના ભેદનો અભાવ જલાદિમાં છે અને ત્યાં ગન્ધાભાવ છે જ. માટે જલાદિને વ્યતિરેકી દૃષ્ટાન્ત તરીકે લઈ શકાય છે.

આ જ રીતે **सुवर्णं न तैजसं....** ઇત્યાદિ અનુમાનો પણ કેવલવ્યતિરેકી છે તે સમજી લેવું.

હેતુમાં નીચે જણાવેલા પાંચ રૂપો કહ્યા છે. જે અન્વય-વ્યતિરેકી હેતુ હોય તેમાં તે પાંચેય રૂપો હોય તો જ તે અન્વય-વ્યતિરેકી હેતુ એ સદ્ધેતુ કહેવાય. જે કેવલાન્વયી હેતુ હોય તેમાં 'વિપક્ષવ્યાવૃત્તત્વ' સિવાયના ચારેય રૂપો હોય તો જ તે સદ્ધેતુ કહેવાય. જે કેવલવ્યતિરેકી હેતુ હોય તેમાં 'સપક્ષસત્ત્વ' સિવાયના ચારેય રૂપો હોય તો જ તે સદ્ધેતુ કહેવાય.

પાંચ રૂપો આ છે :

**१. पक्षसत्त्वम् ।**

**२. सपक्षसत्त्वम् ।**

**३. विपक्षव्यावृत्तत्वम् ।**

**४. अबाधितत्वम् ।**

**५. असत्प्रतिपक्षत्वम् ।**

**वह्निमान् धूमात्** સ્થાને ધૂમાત્મક સદ્ધેતુ અન્વય-વ્યતિરેકી છે માટે તેમાં આ પાંચેય રૂપો છે. તે આ રીતે :

ધૂમ એ પર્વતાત્મક પક્ષમાં ( **संदिग्धसाध्यवान् पक्षः** ) રહેલો છે.

ધૂમ એ મહાનસાત્મક સપક્ષમાં ( **निश्चितसाध्यवान् पक्षः सपक्षः** ) રહેલો છે.

ધૂમ એ વિપક્ષ જલહ્રદથી ( **साध्याभाववान् पक्षः विपक्षः** ) વ્યાવૃત્ત પણ છે.

ધૂમ એ બાધ દોષથી દુષ્ટ નથી માટે અબાધિત પણ છે.

ધૂમ હેતુની સામે કોઈ સત્પ્રતિપક્ષ ખડો થયો નથી માટે એનામાં અસત્પ્રતિપક્ષત્વ પણ છે. (બાધ અને સત્પ્રતિપક્ષ દોષનું વર્ણન હેત્વાભાસ પ્રકરણમાં આવશે.)

આમ પંચરૂપોપપન્ન ધૂમ હેતુ બન્યો માટે તે સદ્ધેતુ કહેવાય.

કેવલાન્વયી હેતુમાં વ્યતિરેકી દૃષ્ટાન્ત ન મળે એટલે વિપક્ષ જ ન મળે માટે ત્યાં વિપક્ષવ્યાવૃત્તત્વ પણ ન મળે. વિપક્ષ હોય તો તેનાથી વ્યાવૃત્ત થવાનું હોય ને ? માટે આવા હેતુઓ વિપક્ષવ્યાવૃત્તત્વેતર ચાર રૂપથી ઉપપન્ન બનતાં સદ્ધેતુ બને છે.

એ જ રીતે કેવલવ્યતિરેકી હેતુમાં અન્વયી દૃષ્ટાન્ત ન મળે, અર્થાત્ સપક્ષ ન મળે એટલે સપક્ષસત્ત્વ પણ તેમનામાં ન જ મળે, એટલે તે સિવાયના બાકીના ચાર રૂપથી ઉપપન્ન બનતાં તે હેતુઓ સદ્ધેતુ બની જાય.

---

**मुक्तावली : अनुमितौ व्याप्तिज्ञानं करणं, परामर्शो व्यापारः ।**

---

### ★ કરણ અને વ્યાપાર ★

**મુક્તાવલી** : હવે આપણે મુક્તાવલીની પંક્તિ સાથે ચાલીને અનુમાન-ખંડ વિચારીએ.

અનુમિતિ = પ્રમા છે.

પરામર્શ = વ્યાપાર છે.

વ્યાપ્તિજ્ઞાન = કરણ છે.

વ્યાપ્તિજ્ઞાન એ પરામર્શ દ્વારા અનુમિતિ-પ્રમાનું જનક બને છે માટે વ્યાપ્તિજ્ઞાન કરણ કહેવાય. **परामर्शजन्यज्ञानमनुमितिः । व्यापारवदसाधारणं कारणं करणम् ।**

વ્યાપ્તિજ્ઞાનથી પરામર્શ ઉત્પન્ન થાય છે અને તે પરામર્શ અનુમિતિને ઉત્પન્ન કરે છે. આમ તે વ્યાપ્તિજ્ઞાનજન્ય છે અને અનુમિતિનો જનક છે માટે પરામર્શને વ્યાપાર કહેવાય. **तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वं व्यापारत्वम् ।**


વ્યાપ્તિજ્ઞાનથી જન્ય હોઈને વ્યાપ્તિજ્ઞાનથી જન્ય એવી અનુમિતિનો જનક છે માટે પરામર્શ વ્યાપાર કહેવાય.

દંડથી ઘટકાર્ય ઉત્પન્ન થાય છે.

દંડથી ભ્રમી ઉત્પન્ન થાય છે.

ભ્રમી દ્વારા ઘટકાર્ય ઉત્પન્ન થાય છે.

જેમ ભ્રમીમાં દંડથી જન્યત્વ અને દંડજન્ય ઘટનું જનકત્વ છે માટે ભ્રમી વ્યાપાર થયો તેવી રીતે વ્યાપ્તિજ્ઞાન દ્વારા અનુમિતિ ઉત્પન્ન થાય છે.




વ્યાપ્તિજ્ઞાન દ્વારા પરામર્શ ઉત્પન્ન થાય છે. પરામર્શ અનુમિતિને ઉત્પન્ન કરે છે માટે પરામર્શ એ વ્યાપાર છે.

---

**मुक्तावली : तथाहि - येन पुरुषेण महानसादौ धूमे वह्नेर्व्याप्तिर्गृहीता, पश्चात् स एव पुरुषः क्वचित्पर्वतादावविच्छिन्नमूलां धूमरेखां पश्यति । तदनन्तरं 'धूमो वह्निव्याप्य' इत्येवंरूपं व्याप्तिस्मरणं तस्य भवति, पश्चाच्च वह्निव्याप्यधूमवानयमिति ज्ञानं भवति, स एव परामर्श इत्युच्यते । तदनन्तरं पर्वतो वह्निमान् इत्यनुमितिर्जायते ॥**

---

**મુક્તાવલી :** વ્યાપ્તિજ્ઞાન અને પરામર્શ અનુમિતિ પ્રત્યે અનુક્રમે કરણ અને વ્યાપારસ્વરૂપ કેમ બને છે ? તે વાત જણાવતાં મુક્તાવલીકાર કહે છે કે એક પુરૂષને મહાનસમાં રહેલા ધૂમ-વહ્નિ ઉભયનું પ્રત્યક્ષ થયું અને તેથી તેણે તે ધૂમમાં તે વહ્નિની વ્યાપ્તિનું પ્રત્યક્ષ-જ્ઞાન કર્યું. જ્ઞાન તો ક્ષણિક (બે ક્ષણ રહેનારું) છે એટલે ત્રીજી ક્ષણે નષ્ટ થયું પણ તેના સંસ્કાર તો તે પુરૂષના આત્મામાં છે જ. એ વ્યાપ્તિના સંસ્કારવાળો પુરૂષ ક્યારેક પર્વતમાં અવિચ્છિન્નમૂલ એવા ધૂમને જુએ છે અને તરત જ વ્યાપ્તિના સંસ્કારોનું આ ધૂમ ઉદ્બોધન કરે છે, એટલે તેને વ્યાપ્તિનું સ્મરણ થાય છે કે **धूमो वह्निव्याप्यः**। ત્યારપછી તેને એવું જ્ઞાન થાય છે કે **वह्निव्याप्यधूमवानयं पर्वतः** । આ જ્ઞાન તે જ પરામર્શ છે કે જે વ્યાપ્તિના સ્મરણાત્મક જ્ઞાનથી ઉત્પન્ન થયો. આ પરામર્શ બાદ તે અનુમિતિ કરે છે કે **तस्मात् पर्वतो वह्निमान्** । આમ વ્યાપ્તિજ્ઞાન એ પરામર્શ દ્વારા અનુમિતિનો જનક બને છે એ વાત સ્થિર થઈ.

---

कारिकावली : अनुमायां ज्ञायमानं लिङ्गं तु करणं न हि ।
अनागतादिलिङ्गेन न स्यादनुमितिस्तदा ॥६७॥

मुक्तावली : अत्र प्राचीनास्तु व्याप्यत्वेन ज्ञायमानं लिङ्गमनुमितिकरणमिति वदन्ति, तद् दूषयति - ज्ञायमानमिति । लिङ्गस्याऽनुमित्यकरणत्वे युक्तिमाह- अनागतादीति । यद्यनुमितौ लिङ्गं करणं स्यात्तदाऽनागतेन लिङ्गेन विनष्टेन चानुमितिर्न स्यात्, अनुमितिकरणस्य लिङ्गस्य तदानीमभावादिति ॥

### ★ જ્ઞાયમાનલિંગ કરણ નથી ★

**મુક્તાવલી :** આમ નવ્યોના મતે અનુમિતિ પ્રત્યે વ્યાપ્તિવિશિષ્ટ લિંગનું જ્ઞાન કરણ છે, જ્યારે પ્રાચીનો કહે છે કે નહિ, વ્યાપ્યત્વેન જ્ઞાયમાન જે લિંગ તે જ અનુમિતિનું કરણ છે. જ્ઞાયમાન એટલે **वर्तमानज्ञानविषयीभूतः** । વ્યાપ્યત્વેન = વ્યાપ્તિપ્રકારક, એટલે વ્યાપ્તિપ્રકારકવર્તમાનજ્ઞાનવિષયીભૂત જે લિંગ તે જ અનુમિતિજનક છે એમ પ્રાચીનોનું કહેવું છે.

આનું ખંડન કરતાં નવ્યો કહે છે કે જ્ઞાયમાન લિંગ અનુમિતિનું કરણ બની શકે નહિ, કેમકે જો જ્ઞાયમાન લિંગને અનુમિતિનું કરણ માનવામાં આવે તો અનાગત અને અતીત લિંગથી જે અનુમિતિ થાય છે તે અનુપપન્ન થઈ જશે.

**इयं यज्ञशाला वह्निमती भविष्यति, भाविधूमात् ।**

**इयं यज्ञशाला वह्निमती आसीत्, भूतधूमात् ।**

અહીં જે ભાવિ ધૂમ અને ભૂતકાલિક ધૂમ સ્વરૂપ લિંગ છે તે વર્તમાનમાં તો નથી જ, અર્થાત્ જ્ઞાયમાન તો નથી જ. આમ આ બે ય જ્ઞાયમાન લિંગ ન હોવાથી તેમનાથી આવી અનુમિતિ અનુપપન્ન થઈ જશે. અમે તો લિંગના જ્ઞાનને જ અનુમિતિ-જનક કહીએ છીએ એટલે ભાવિ-ભૂત ધૂમાત્મક લિંગ હાજર ન હોવા છતાં તેનું જ્ઞાન તો હોઈ શકે છે, માટે તે જ્ઞાનથી ઉક્ત અનુમિતિ જરૂર થઈ જશે.

कारिकावली : व्याप्यस्य पक्षवृत्तित्वधीः परामर्श उच्यते ।

मुक्तावली : व्याप्यस्येति । व्याप्तिविशिष्टस्य पक्षेण सह वैशिष्ट्यावगाहि-

ज्ञानमनुमितिजनकम् । तच्च 'पक्षे व्याप्य' इति ज्ञानं, 'पक्षो व्याप्यवान्' इति ज्ञानं च । अनुमितिस्तु 'पक्षे व्याप्य' इति ज्ञानात् 'पक्षे साध्यम्' इत्याकारिका, 'पक्षो व्याप्यवान्' इति ज्ञानात् 'पक्षः साध्यवान्' इत्याकारिका । द्विविधादपि परामर्शात् पक्षः साध्यवानित्येवाऽनुमितिरित्यन्ये ।

---

### ★ પરામર્શ ★

**મુક્તાવલી : પરામર્શ : व्याप्यस्य पक्षवृत्तित्वधीः परामर्शः ।**

વ્યાપ્ય એટલે વ્યાપ્તિવિશિષ્ટ = ધૂમ. એ વ્યાપ્યની પક્ષમાં વૃત્તિત્વની (વૈશિષ્ટ્ય) બુદ્ધિ એ જ પરામર્શ, અર્થાત્ વ્યાપ્તિવિશિષ્ટ ધૂમની પર્વતાત્મક પક્ષમાં સંબંધની બુદ્ધિ તે જ પરામર્શ. વ્યાપ્ય એવો ધૂમ પક્ષ પર્વતમાં સંયોગસંબંધથી છે એવી જે બુદ્ધિ તે જ પરામર્શ. એટલે વ્યાપ્તિવિશિષ્ટ જે ધૂમ એ પક્ષમાં વૃત્તિ છે, પક્ષનો ધર્મ છે, એ ધૂમમાં પક્ષધર્મતા છે એવું જે જ્ઞાન તે જ પરામર્શ. વ્યાપ્તિવિશિષ્ટપક્ષધર્મતા-જ્ઞાન એ પરામર્શ.

આ પરામર્શાત્મક જ્ઞાન વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન કહેવાય, કેમકે વ્યાપ્તિથી વિશિષ્ટ જે ધૂમ છે તેનાથી વિશિષ્ટ પર્વત છે. એટલે પર્વત એ વિશિષ્ટથી વિશિષ્ટ બન્યો માટે પર્વતમાં વિશિષ્ટનું વૈશિષ્ટ્ય રહ્યું. માટે આ પરામર્શ-જ્ઞાન વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન કહેવાય. આવું જ્ઞાન અનુમિતિનું જનક છે.

પરામર્શાત્મક આ જ્ઞાનના બે આકાર પડે છે : **पक्षे व्याप्यः = पर्वते धूमः** । અને **पक्षो व्याप्यवान् = पर्वतो धूमवान्** ।

આ બે ય પ્રકારના પરામર્શથી અનુમિતિ-કાર્ય થાય.

**પ્રશ્ન : पक्षे व्याप्यः** એવા પરામર્શથી જયાં અનુમિતિ થાય ત્યાં **पक्षो व्याप्यवान्** એવા પરામર્શ વિના જ અનુમિતિ થઈ ને ? પરામર્શ તો અનુમિતિનું કારણ છે. આમ કારણ વિના કાર્ય થતાં વ્યતિરેક-વ્યભિચાર આવ્યો. એ જ રીતે જયાં **पक्षो व्याप्यवान्** એવા પરામર્શથી અનુમિતિ થઈ ત્યાં **पक्षे व्याप्यः** એવા પરામર્શ વિના અનુમિતિ થઈ માટે ત્યાં પણ વ્યતિરેક-વ્યભિચાર આવી જાય છે.

**ઉત્તર :** અમે કહીશું કે **पक्षे व्याप्यः** ઇત્યાકારક પરામર્શ જયાં હોય ત્યાં **पक्षे साध्यम्** એવી જ અનુમિતિ થાય, અર્થાત્ **पर्वते वह्निः** એવી અનુમિતિ પ્રત્યે **पर्वते धूमः** એવો એક જ પરામર્શ કારણ છે. અને **पक्षो व्याप्यवान्** ઇત્યાકારક પરામર્શ જયાં હોય ત્યાં

**पक्षः साध्यवान्** એવી જ અનુમિતિ થાય, અર્થાત્ **पर्वतो वह्निमान्** એવી અનુમિતિ પ્રત્યે **पर्वतो धूमवान्** ઇત્યાકારક પરામર્શ જ કારણ છે. હવે ઉક્ત વ્યતિરેક-વ્યભિચાર દોષ આવશે નહિ.

અહીં નવ્યો તો કહે છે કે **पक्षे व्याप्यः** કે **पक्षो व्याप्यवान्** એવા બે ય પ્રકારના પરામર્શથી **पक्षः साध्यवान्** = **पर्वतो वह्निमान्** એવી એક જ અનુમિતિ થાય. **पक्षे साध्यम्** = **पर्वते वह्निः** એવી અનુમિતિ થઈ શકતી જ નથી.

---

**मुक्तावली : ननु 'वह्निव्याप्यधूमवान् पर्वत' इति ज्ञानं विनाऽपि 'यत्र पर्वतो धूमवान्' इति प्रत्यक्षं, ततो 'वह्निव्याप्यो धूम' इति व्याप्तिस्मरणं, तत्र ज्ञान-द्वयादेवाऽनुमितेर्दर्शनात् व्याप्तिविशिष्टवैशिष्ट्यावगाहिज्ञानं सर्वत्र न कारणं, किन्तु व्याप्यतावच्छेदकप्रकारकपक्षधर्मताज्ञानत्वेन कारणत्वस्याऽऽवश्यकत्वात्, तत्र विशिष्टज्ञानकल्पने गौरवाच्चेति चेत् ?**

---

**મુક્તાવલી** : હવે મીમાંસકો અને નૈયાયિકો સામસામા આવે છે. આપણે જોયું કે નૈયાયિકો અનુમિતિ પ્રત્યે પરામર્શાત્મક વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાનને કારણ માને છે, જ્યારે મીમાંસકો તો આવા વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાનને ગુરૂભૂત કહી દે છે અને તેથી અનુમિતિ પ્રત્યે આવા ગુરૂભૂત પરામર્શને અનુમિતિ-જનક માનતા નથી. તેઓ તો વ્યાપ્તિવિશિષ્ટ ધૂમનું જ્ઞાન અને પક્ષધર્મ તરીકેનું ધૂમનું જ્ઞાન એમ બે જ્ઞાનથી અનુમિતિ થઈ જાય એમ કહે છે.

હવે એ બે વચ્ચેની આખી ચર્ચા પંક્તિ સાથે જોઈએ.

**મીમાંસક** : **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવું પરામર્શાત્મક જ્ઞાન ન હોય તો અનુમિતિ ન થાય એમ કહેવું બરોબર નથી. આવા વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન વિના પણ અનુમિતિ થઈ શકે છે. તે આ રીતે :

એક માણસને '**पर्वतो धूमवान्**' એવું પ્રત્યક્ષ થયું. ત્યારબાદ પૂર્વે થયેલી મહાનસીય ધૂમ-વહ્નિની વ્યાપ્તિનું સ્મરણ થયું, **धूमो वह्निव्याप्यः** । આમ જેને આ રીતે **पर्वतो धूमवान्, धूमो वह्निव्याप्यः** એવા બે જ્ઞાન થાય તેને તરત જ અનુમિતિ થવાની કે **पर्वतो वह्निमान्**। તો આમ બે જ્ઞાનથી જ અનુમિતિ થઈ જાય છે પછી શા માટે **वह्निव्याप्यधूमवान् पर्वतः** ઇત્યાકારક વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ પરામર્શને બધી અનુમિતિ પ્રત્યે કારણ માનવો ?

જેને ઉક્ત બે જ્ઞાનથી જ અનુમિતિ થઈ ગઈ ત્યાં આવા પરામર્શ વિના પણ અનુમિતિ થઈ. માટે પરામર્શને અનુમિતિ પ્રત્યે કારણ માની શકાય નહિ પરન્તુ જ્ઞાનદ્વયને અનુમિતિના કારણ કહેવા જોઈએ.

**નૈયાયિક** : સારું, જો **धूमवान् पर्वतः** સ્વરૂપ પક્ષધર્મતાનું જ્ઞાન અને **धूमो वह्निव्याप्यः** ઇત્યાકારક (ધૂમમાં વહ્નિની) વ્યાપ્તિનું જ્ઞાન એ બે જ્ઞાન અનુમિતિ પ્રત્યે કારણ હોય તો કારણતાવચ્છેદક કોણ ? અનુગત એક જ કારણતાવચ્છેદક તમારે કહેવો જોઈએ કે જેનાથી જ્ઞાનદ્વયનિષ્ઠકારણતા અવચ્છિન્ના થાય.

**મીમાંસક** : **वह्निव्याप्यो धूमः** આ જ્ઞાનમાં ધૂમ વ્યાપ્ય છે માટે ધૂમમાં વ્યાપ્યતા છે. વ્યાપ્યતાવચ્છેદક ધૂમત્વ બને છે. હવે **धूमवान् पर्वतः** એવું જે પક્ષધર્મતાનું જ્ઞાન છે એમાં વ્યાપ્યતાવચ્છેદક જે ધૂમત્વ છે તે પ્રકારવિધયા ભાસે છે. આમ આ બે ય જ્ઞાન વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાના જ્ઞાનરૂપ બને છે એટલે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારક-પક્ષધર્મતા-જ્ઞાનત્વ એ જ જ્ઞાનમાં રહેલી કારણતાનો અવચ્છેદક ધર્મ છે એમ અમે કહીશું. જેમ બે જ્ઞાન સ્થળે આ કારણતાવચ્છેદક બે જ્ઞાનરૂપ કારણમાં છે તેમ જ્યાં **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવા પરામર્શથી અનુમિતિ થઈ ત્યાં અનુમિતિના કારણભૂત બનેલા પરામર્શમાં રહેલી કારણતાનો અવચ્છેદક પણ આ જ વ્યાપ્યતાવચ્છેદકપ્રકારક-પક્ષધર્મતા-જ્ઞાનત્વ છે જ, કેમકે **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવું જે પરામર્શાત્મક જ્ઞાન છે એમાં વહ્નિવ્યાપ્ય તરીકે ધૂમનો બોધ થયેલો છે માટે ધૂમત્વ એ વ્યાપ્યતાવચ્છેદક બન્યો. અને અહીં **धूमवान् पर्वतः** એવો પણ બોધ છે જેથી વ્યાપ્યતાવચ્છેદક ધૂમત્વ પ્રકારવિધયા ભાસે જ છે. આમ આ જ્ઞાન પણ વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાનું જ જ્ઞાન છે એટલે તાદૃશજ્ઞાનત્વરૂપ કારણતાવચ્છેદક પરામર્શમાં પણ છે જ.

કહેવાનું તાત્પર્ય એ છે કે જ્ઞાનદ્વયથી અનુમિતિ થાય કે પરામર્શથી અનુમિતિ થાય, બે ય સ્થળે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાવિષયક-જ્ઞાનત્વરૂપ કારણતાવચ્છેદક છે જ, માટે અનુગત એક કારણતાવચ્છેદક મળી જવાથી અમારે કોઈ આપત્તિ આવતી નથી. તમે તો પરામર્શને કારણ માનો છો એટલે કારણતાવચ્છેદક વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ-જ્ઞાનત્વ બને જે પરામર્શજનિત અનુમિતિ-સ્થાને છે. પણ જ્યાં પરામર્શ વિના ઉક્ત જ્ઞાનદ્વયથી અનુમિતિ થઈ ત્યાં તે જ્ઞાનદ્વયાત્મક કારણમાં વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ-જ્ઞાનત્વાત્મક કારણતાવચ્છેદક નથી જ, કેમકે આ તો બે જ્ઞાન છે, તેમાં વિશિષ્ટવૈશિષ્ટ્ય તો ન જ મળે.

**નૈયાયિક** : જ્યાં બે જ્ઞાનથી અનુમિતિ થવાનું તમે કહ્યું ત્યાં પણ પરામર્શાત્મક જ્ઞાન તો થાય જ છે એમ અમે કહીશું. **वह्निव्याप्यो धूमः** અને **धूमवान् पर्वतः** એવા બે જ્ઞાન થયા પછી અવશ્ય **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવું પરામર્શાત્મક જ્ઞાન થાય અને પછી જ **पर्वतो वह्निमान्** અનુમિતિ થાય એમ અમારું કહેવું છે. એટલે હવે 'જ્ઞાનદ્વયથી જ્યાં અનુમિતિ થઈ ત્યાં પરામર્શ વિના થઈ' એમ કહીને તમે અમને જે વ્યતિરેક-વ્યભિચાર દોષ આપ્યો તે દૂર થઈ જાય છે.

**મીમાંસક** : પહેલાં જ્ઞાનદ્વય થયા, ત્યારપછી પરામર્શ થયો. આમ પરામર્શની ઉપસ્થિતિ પછીથી થવાથી તેની કલ્પના કરવામાં ઉપસ્થિતિકૃત ગૌરવ છે, જ્યારે જ્ઞાનદ્વયની કલ્પનામાં પ્રથમોપસ્થિતિકૃત લાઘવ છે. માટે આ રીતે ગુરૂભૂત કલ્પના કરીને વ્યતિરેક-વ્યભિચાર દૂર કરી શકાતો નથી.

---

**मुक्तावली : न, व्याप्यतावच्छेदकाज्ञानेऽपि 'वह्निव्याप्यवान्' इति ज्ञानादनुमित्युत्पत्तेर्लाघवाच्च व्याप्तिप्रकारकपक्षधर्मताज्ञानत्वेन हेतुत्वम् । किञ्च 'धूमवान् पर्वत' इति ज्ञानादनुमित्यापत्तिः, व्याप्यतावच्छेदकीभूत-धूमत्वप्रकारकस्य पक्षधर्मताज्ञानस्य सत्त्वात् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક** : સારું, તમને પણ વ્યતિરેક-વ્યભિચાર દોષ આવે છે.

(૧) પર્વત તરફ દૂરથી જોતાં એક માણસને સંદેહ પડ્યો કે પર્વતમાં જે કાંઈક દેખાય છે તે ધૂમ છે કે આલોક છે ? **अयमालोको धूमो वा ?** હવે આવા સ્થાને **पर्वतो वह्निमान्** એવી અનુમિતિ તો થવાની જ, કેમકે ધૂમ અને આલોક બે ય વહ્નિના અનુમાપક તો છે જ. હવે તમારા મતે તો વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાનિશ્ચયત્વેન નિશ્ચય (જ્ઞાન) એ અનુમિતિનો જનક છે. હવે અહીં તો વ્યાપ્યતાવચ્છેદક ધૂમત્વ છે કે આલોકત્વ છે એવો સંદેહ છે, એટલે કે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાનો નિશ્ચય નથી. માટે કારણ વિના પણ અનુમિતિરૂપ કાર્ય થઈ જવાથી વ્યતિરેક-વ્યભિચાર દોષ આવ્યો. માટે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતા-જ્ઞાનને અનુમિતિ પ્રત્યે કારણ કહી શકાય નહિ.

(૨) વળી વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતા-જ્ઞાનને અનુમિતિ પ્રત્યે કારણ માનવામાં કારણતાની કુક્ષિમાં 'અવચ્છેદકત્વ'નો જે પ્રવેશ થયો છે તત્પ્રયુક્ત શરીરકૃત ગૌરવ પણ છે જ. જ્યારે અમારે તો **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવું પરામર્શાત્મક જ્ઞાન

અનુમિતિનું કારણ છે જે વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાનું જ્ઞાન છે. આમ અહીં અવચ્છેદકત્વના અપ્રવેશ-પ્રયુક્ત શરીરકૃત લાઘવ છે. માટે અનુમિતિ પ્રત્યે વ્યાપ્તિ-પ્રકારકપક્ષધર્મતાજ્ઞાનસ્વરૂપ પરામર્શને જ કારણ માનવું જોઈએ પણ વ્યાપ્યતા-વચ્છેદકપ્રકારકપક્ષધર્મતાના જ્ઞાનને નહિ.

(૩) વળી ત્રીજો પણ દોષ આવે છે. જો તમે વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાના જ્ઞાનને અનુમિતિ પ્રત્યે કારણ માનશો તો **धूमवान् पर्वतः** એટલા એક જ્ઞાનથી જ (**वह्निव्याप्यो धूमः** એવા બીજા જ્ઞાન વિના) **पर्वतो वह्निमान्** અનુમિતિ થઈ જવાની આપત્તિ આવશે, કેમકે **धूमवान् पर्वतः** એ જ્ઞાન વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાનું જ્ઞાન જ છે. વહ્નિનો વ્યાપ્ય ધૂમ તો છે જ, માટે ધૂમનિષ્ઠ ધૂમત્વ એ વ્યાપ્યતાવચ્છેદક બને જ છે. અને તે ધૂમત્વ છે પ્રકાર જેમાં એવું આ **धूमवान् पर्वतः** ઈત્યાકારક પક્ષધર્મતાનું જ્ઞાન છે, માટે હવે અનુમિતિ થવી જ જોઈએ. અમારા મતે તો અહીં અનુમિતિની આપત્તિ નથી, કેમકે **धूमवान् पर्वतः** એ જ્ઞાન વ્યાપ્તિપ્રકારક નથી. આમ આ જ્ઞાન વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાનું જ્ઞાન ન હોવાથી અનુમિતિ નહિ જ થાય.

---

**मुक्तावली : न च तदानीं गृह्यमाणव्याप्यतावच्छेदकप्रकारकपक्षधर्मता-ज्ञानस्य हेतुत्वमिति वाच्यम्, चैत्रस्य व्याप्तिग्रहे मैत्रस्य पक्षधर्मताज्ञानाद-नुमितिः स्यात् । यदि तत्पुरुषीयगृह्यमाणव्याप्यतावच्छेदकप्रकारकं तत्पुरुषी-यपक्षधर्मताज्ञानं तत्पुरुषीयानुमितौ हेतुरित्युच्यते, तदाऽनन्तकार्यकारणभावः। मन्मते तु समवायसम्बन्धेन व्याप्तिप्रकारकपक्षधर्मताज्ञानं समवाय-सम्बन्धेनानुमितिं जनयतीति नाऽनन्तकार्यकारणभावः ।**

---

**મુક્તાવલી : મીમાંસક :** સારું, આ દોષ દૂર કરવા અમે એમ કહીશું કે વ્યાપ્યતા ગૃહ્યમાણ હોવી જોઈએ, અર્થાત્ ધૂમમાં વ્યાપ્યતા એ જ વખતે ગ્રહણ કરાતી હોવી જોઈએ. '**धूमवान् पर्वतः**' જ્ઞાનમાં વ્યાપ્યતાવચ્છેદક ધૂમત્વ હોવા છતાં ત્યાં વ્યાપ્યતા ગૃહ્યમાણ નથી. તે જ વખતે **धूमो वह्निव्याप्यः** એવું જ્ઞાન હોય તો જ ધૂમમાં વ્યાપ્યતા ગૃહ્યમાણ બને. આમ **धूमवान् पर्वतः** જ્ઞાન ગૃહ્યમાણવ્યાપ્યતાવચ્છેદકપ્રકારક-પક્ષધર્મતાના જ્ઞાનસ્વરૂપ નથી માટે તેનાથી **पर्वतो वह्निमान्** એવી અનુમિતિ થવાની આપત્તિ હવે નહિ આવે.

**નૈયાયિક :** આટલું કરો તો ય તમારો નિસ્તાર નથી. સાંભળો, મહાનસમાં ચૈત્ર એવું જ્ઞાન કરે છે કે **धूमो वह्निव्याप्यः ।** આમ અહીં ધૂમમાં વહ્નિની વ્યાપ્યતા ગૃહ્યમાણ બની. હવે ઉત્તરક્ષણમાં જ પર્વતમાં પ્રત્યક્ષથી ધૂમ જોઈને મૈત્ર **धूमवान् पर्वतः** એવું જ્ઞાન કરે છે. હવે મૈત્રને **पर्वतो वह्निमान्** એવી અનુમિતિ થઈ જવાની આપત્તિ આવશે, કેમકે ચૈત્ર વડે ગૃહ્યમાણ જે વ્યાપ્યતા, તેનો અવચ્છેદક જે ધૂમત્વ, તત્પ્રકારક **धूमवान् पर्वतः** એવું પક્ષધર્મતાનું જ્ઞાન મૈત્રને થયું જ છે. આમ કારણ હાજર થતાં અનુમિતિ-કાર્ય થવું જ જોઈએ ને ? વસ્તુતઃ તે થતું નથી.

**મીમાંસક :** સારું, તો હજી અમે સુધારો કરીને કહીશું કે જે પુરૂષને પક્ષધર્મતાનું જ્ઞાન થાય તેને જ વ્યાપ્યતા ગૃહ્યમાણ હોવી જોઈએ. હવે ચૈત્રને વ્યાપ્યતા ગૃહ્યમાણ હોય અને મૈત્રને તે વ્યાપ્યતા ગૃહ્યમાણ ન હોય તો મૈત્રને જે **धूमवान् पर्वतः** એવું પક્ષધર્મતાનું જ્ઞાન થયું તેનાથી અનુમિતિ થશે નહિ, કેમકે હવે તો અમે કહીએ છીએ કે **तत्पुरुषीयगृह्यमाणव्याप्यतावच्छेदकप्रकारकं तत्पुरुषीयपक्षधर्मताज्ञानं तत्पुरुषीयानुमितौ कारणम् ।** મૈત્ર વડે ગૃહ્યમાણ જે વ્યાપ્યતાવચ્છેદક ધૂમત્વ એ મૈત્રને જ થતાં પક્ષધર્મતાના જ્ઞાનમાં પ્રકાર બને તો તાદૃશપ્રકારકપક્ષધર્મતા-જ્ઞાન મૈત્રની જ અનુમિતિનું જનક બને.

**નૈયાયિક :** ઓહો, હવે તો ભયંકર આપત્તિ આવી. અલબત્ત, પૂર્વોક્ત વ્યતિરેક-વ્યભિચાર દોષ તો દૂર થયો, પરન્તુ આ તો અનન્ત કાર્ય-કારણભાવ થઈ ગયા. પ્રત્યેક વ્યક્તિનું તેવું જ્ઞાન પ્રત્યેક વ્યક્તિની જ અનુમિતિમાં કારણ બન્યું એટલે વ્યક્તિ અનંત હોવાથી કાર્ય-કારણભાવ પણ અનંત થયા.

અમારા મતે તો આવો 'તત્પુરૂષીયત્વ' - નિવેશ છે જ નહિ. અમે તો એટલું જ કહીએ છીએ કે જ્યાં સમવાયેન વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતા-જ્ઞાન હોય ત્યાં (આત્મામાં) સમવાયેન અનુમિતિ-કાર્ય થાય. એટલે અમારે અનંત કાર્યકારણભાવ માનવા પડતા નથી.

---

**मुक्तावली : यदि तु व्याप्तिप्रकारकं पक्षधर्मताज्ञानं च स्वतन्त्रं कारण-मित्युच्यते, तदा कार्यकारणभावद्वयम् । 'वह्निव्याप्यो धूम आलोकवांश्च पर्वत' इति ज्ञानादप्यनुमितिः स्यात् । इत्थं च यत्र ज्ञानद्वयं तत्राऽपि विशिष्टज्ञानं कल्पनीयं, फलमुखगौरवस्यादोषत्वात् ॥**

---

**મુક્તાવલી : મીમાંસક** : ચાલો ત્યારે, હવે જે તત્પુરુષીયત્વ-નિવેશને લીધે અનન્ત કાર્ય-કારણભાવની આપત્તિ આવી તે તત્પુરુષીયત્વ-નિવેશ જ અમે નહિ કરીએ.

**નૈયાયિક** : તો શું પાછું વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતાનું જ્ઞાન જ અનુમિતિનું કારણ કહેશો? તો પછી તેમાં 'અવચ્છેદકત્વ'-નિવેશનું શરીરકૃત ગૌરવ અમે કહ્યું જ છે તેનું શું ?

**મીમાંસક** : એ 'અવચ્છેદકત્વ'નો નિવેશ પણ નહિ કરીએ. અમે હવે કહીશું કે વ્યાપ્તિપ્રકારક જ્ઞાન અને પક્ષધર્મતાનું જ્ઞાન એમ બે જ્ઞાન અનુમિતિ પ્રત્યે સ્વતન્ત્ર કારણો છે, અર્થાત્ આ બે જ્ઞાનના વિષય ભેગા થઈને એક જ્ઞાન રૂપે કારણ નથી. (તેમ થાય તો તે પરામર્શરૂપ જ બની જાય.) જ્યાં આ બે ય કારણો-કારણકૂટ-ઉપસ્થિત થાય ત્યાં જ અનુમિતિ થાય. આમ હવે કોઈ આપત્તિ આવતી નથી અને વ્યાપ્તિપ્રકારક-પક્ષધર્મતાના જ્ઞાનરૂપ (વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન) પરામર્શને અનુમિતિનું કારણ માનવાની જરૂર રહેતી નથી.

**નૈયાયિક** : જો આમ કહેશો તો અનુમિતિ-કાર્ય પ્રત્યે બે કારણ થતાં કાર્ય-કારણભાવદ્વય થયા. સમવાયેન અનુમિતિ પ્રત્યે સમવાયેન વ્યાપ્તિપ્રકારકજ્ઞાન કારણ, આ એક કાર્ય-કારણભાવ, અને સમવાયેન અનુમિતિ પ્રત્યે સમવાયેન પક્ષધર્મતાજ્ઞાન કારણ, આ બીજો કાર્ય-કારણભાવ.

અમારે તો સમવાયેન અનુમિતિ પ્રત્યે સમવાયેન વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાજ્ઞાન જ કારણ હોવાથી એક જ કાર્ય-કારણભાવ થયો. માટે એક કાર્ય-કારણભાવ કલ્પવામાં લાઘવ હોવાથી પરામર્શને જ અનુમિતિનું કારણ માનવું જોઈએ.

**મીમાંસક** : એમ તો તમારે ય બે કાર્ય-કારણભાવ ક્યાં નથી થતા ? **વ્યાપ્તિપ્રકારક-પક્ષધર્મતાનું** જ્ઞાન કારણ કે **પક્ષધર્મતાપ્રકારકવ્યાપ્તિજ્ઞાન** કારણ ? વિનિગમના-વિરહાત્ બે ય કારણ માનવા પડશે, માટે બે કાર્યકારણભાવ તમને પણ વળગશે.

**નૈયાયિક** : સારું ત્યારે, આ રીતે તો આપણે બે ય સરખા થયા એટલે એ વાત જવા દો. પણ અમે તમને બીજો એક દોષ આપીશું. તમે તો વ્યાપ્તિપ્રકારકજ્ઞાન અને પક્ષધર્મતાનું જ્ઞાન - એમ બે જ્ઞાનોને સ્વતંત્ર રીતે અનુમિતિ પ્રત્યે કારણ કહો છો, એટલે હવે **વહ્નિવ્યાપ્યો ધૂમઃ** અને **આલોકવાન્ પર્વતઃ** એવા બે જ્ઞાન એક માણસને થયા. અહીં વસ્તુતઃ તેને '**પર્વતો વહ્નિમાન્**' એવી અનુમિતિ થતી નથી, પણ તમારા કહેવા મુજબ તો હવે તે અનુમિતિ થઈ જવાની આપત્તિ આવશે, કેમકે **વહ્નિવ્યાપ્યો ધૂમઃ** એ

વ્યાપ્તિપ્રકારક જ્ઞાન છે અને '**आलोकवान् पर्वतः**' એ પક્ષધર્મતાનું જ્ઞાન છે. આમ બે ય જ્ઞાન સ્વતંત્ર રીતે ઉપસ્થિત થયા માટે અનુમિતિ-કાર્ય થવું જ જોઈએ. વસ્તુતઃ અનુમિતિ થતી નથી એટલે **कारणसत्त्वे कार्यासत्त्वम्** સ્વરૂપ અન્વય-વ્યભિચાર દોષ તમને લાગુ થાય છે. પણ અમને અહીં કોઈ દોષ આવે તેમ નથી, કેમકે અમે તો વ્યાપ્તિપ્રકારકપક્ષધર્મતાના જ્ઞાનને અનુમિતિ પ્રત્યે કારણ કહીએ છીએ. અહીં તો બે જુદા જ્ઞાનો છે, અર્થાત્ વ્યાપ્તિવિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ એક જ્ઞાન (પરામર્શરૂપ) નથી માટે અનુમિતિ થશે જ નહિ.

**મીમાંસક** : સારું, ભલે તમે આ રીતે પરામર્શને જ અનુમિતિ પ્રત્યે કારણ માનો, પણ અમે સૌપ્રથમ જે વાત કહી કે જ્યાં **वह्निव्याप्यो धूमः** અને **धूमवान् पर्वतः** એવા બે જ્ઞાન છે ત્યાં પણ અનુમિતિ તો થાય જ છે, તો અહીં પરામર્શ વિના જ અનુમિતિ થઈ તેનું શું ?

**નૈયાયિક** : એ વાતનો અમે ત્યાં જ ઉત્તર આપી દીધો છે કે જ્યાં તેવા બે જ્ઞાન થાય ત્યાં પણ તે બે જ્ઞાન થયા પછી **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવા પરામર્શાત્મક જ્ઞાનની કલ્પના કરવી જ પડે. આમાં તમે ગૌરવ દોષ આપ્યો પરન્તુ ફલમુખગૌરવ એ દુષ્ટ મનાતું નથી.

ગાય દૂધ દઈ દે અને પછી બે લાત મારે તો તેની લાત ખાવામાં જે ગૌરવ આવ્યું તે દૂધ-ફળની પ્રાપ્તિ થયા પછીનું ગૌરવ છે માટે તેમાં કોઈ દોષ નથી. એ જ રીતે પ્રસ્તુતમાં પણ પરામર્શ-અનુમિતિનો કાર્યકારણભાવ નક્કી થઈ ગયા બાદ જે ગૌરવ આવે તે કાંઈ કાર્યકારણભાવનું પ્રતિબંધક બની શકે નહિ.

આમ પરામર્શ જ અનુમિતિનો જનક છે એ વાત નૈયાયિકોએ સ્થિર કરી, અર્થાત્ વ્યાપ્યતાવચ્છેદકપ્રકારકપક્ષધર્મતા-જ્ઞાન એ અનુમિતિનું હેતુ નથી કિન્તુ વ્યાપ્તિ-પ્રકારકપક્ષધર્મતા-જ્ઞાન (પરામર્શ) એ જ અનુમિતિ-જનક છે એ વાત સ્થિર થઈ.

**कारिकावली : व्याप्तिः साध्यवदन्यस्मिन्नसम्बन्ध उदाहृतः ॥६८॥**

**मुक्तावली : व्याप्यो नाम व्याप्त्याश्रयः, तत्र व्याप्तिः केत्यत आह - व्याप्तिरिति । वह्निमान् धूमादित्यादौ साध्यो वह्निः, साध्यवान् महानसादिः, तदन्यो जलह्रदादिः, तदवृत्तित्वं धूमस्येति लक्षणसमन्वयः । धूमवान् वह्नेरित्यादौ साध्यवदन्यस्मिंस्तप्तायःपिण्डादौ वह्नेः सत्त्वान्नातिव्याप्तिः ।**

**મુક્તાવલી : પૂર્વપક્ષીય વ્યાપ્તિ :** વ્યાપ્તિપંચક ગ્રન્થમાં વ્યાપ્તિના પાંચ લક્ષણો કર્યા છે. તેમાંનું પાંચમું લક્ષણ મુક્તાવલીકાર અહીં રજૂ કરે છે.

**साध्यवदन्याऽवृत्तित्वं व्याप्तिः ।**

સાધ્યવદ્થી જે અન્ય હોય, તેમાં જે વૃત્તિ ન હોય તે વ્યાપ્ય કહેવાય, તેમાં વ્યાપ્તિ રહે, અર્થાત્ સાધ્યવદન્યનિરૂપિત વૃત્તિતાનો જે અભાવ તે વ્યાપ્તિ કહેવાય.

**पर्वतो वह्निमान् धूमात् ।** અહીં સાધ્ય વહ્નિ છે, સાધ્યવદ્ મહાનસ છે, સાધ્યવદ્થી અન્ય જલહ્રદ છે, તેમાં મીન, શેવાલાદિ વૃત્તિ છે, માટે સાધ્યવદન્યજલહ્રદનિરૂપિત વૃત્તિતા તે મીન, શેવાલાદિમાં છે, પણ સાધ્યવદન્યજલહ્રદમાં ધૂમ વૃત્તિ નથી માટે ધૂમમાં સાધ્યવદન્યજલહ્રદની વૃત્તિતાનો અભાવ છે, અર્થાત્ ધૂમમાં સાધ્યવદન્યની અવૃત્તિતા છે. ધૂમમાં રહેલી સાધ્યવદન્યાવૃત્તિતા એ જ ધૂમનિષ્ઠા વ્યાપ્તિ કહેવાય.

**धूमवान् वह्नेः** સ્થળે વહ્નિ એ અસદ્ધેતુ છે, કેમકે તેમાં સાધ્યવદન્યાવૃત્તિત્વ સ્વરૂપ વ્યાપ્તિ નથી. તે આ રીતે :

અહીં સાધ્ય છે ધૂમ, સાધ્યવદ્ છે મહાનસાદિ, સાધ્યવદન્ય છે તપ્તાયોગોલક, તેની (તન્નિરૂપિત) વૃત્તિતા હેતુભૂત વહ્નિમાં આવી જાય છે, કેમકે તપ્તાયોગોલકમાં વહ્નિ વૃત્તિ જ છે. આમ સાધ્યવદન્ય(તપ્તાયોગોલક)ની અવૃત્તિતા વહ્નિમાં ન આવી, અર્થાત્ તાદશાવૃત્તિત્વરૂપ વ્યાપ્તિ વહ્નિમાં ન આવી. આમ વ્યાપ્તિનું લક્ષણ અસદ્ધેતુમાં અતિવ્યાપ્ત પણ થતું નથી માટે આ લક્ષણ સલ્લક્ષણ છે.

**मुक्तावली : अत्र येन सम्बन्धेन साध्यं तेनैव सम्बन्धेन साध्यवान् बोध्यः, अन्यथा समवायसम्बन्धेन वह्निमान् वह्नेरवयवः, तदन्यो महानसादिः, तत्र धूमस्य विद्यमानत्वादव्याप्तिप्रसङ्गः ।**

## ★ સાધ્યતાવચ્છેદકસંબંધ - નિવેશ ★

**મુક્તાવલી :** (૧) **પ્રશ્ન :** સાધ્યવદન્યાવૃત્તિત્વરૂપ વ્યાપ્તિલક્ષણ સદ્ધેતુ ધૂમમાં અવ્યાપ્ત થાય છે. તે આ રીતે :

**वह्निमान् धूमात्** સ્થળે સાધ્યવદ્ જેમ મહાનસ છે તેમ વહ્નિના અવયવો પણ છે, કેમકે જેમ વહ્નિ સંયોગેન મહાનસમાં છે તેમ સમવાયેન વહ્ન્યવયવમાં પણ છે જ. એટલે સમવાયેન વહ્નિમદ્ વહ્ન્યવયવ બન્યા. આ સાધ્યવદ્થી અન્ય મહાનસ બન્યું, તેમાં ધૂમ વૃત્તિ જ છે માટે ધૂમમાં સાધ્યવદન્યની વૃત્તિતા આવી ગઈ, અર્થાત્ સાધ્યવદન્યની અવૃત્તિતા ન આવી એટલે લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** અમે અહીં આ લક્ષણને પરિષ્કૃત કરીશું કે અનુમિતિમાં જે સંબંધથી સાધ્ય લીધું હોય તે જ સંબંધથી સાધ્યવદ્ લેવાનું. સાધ્ય જે સંબંધથી પક્ષમાં રહે તે સાધ્યતાવચ્છેદક સંબંધ કહેવાય. (સાધ્યને પક્ષમાં રહેવાનો સંબંધ તે સાધ્યતાવચ્છેદક સંબંધ) **वह्निमान् धूमात्** સ્થળે સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ છે (કેમકે વહ્નિને પર્વતમાં રહેવાનો સંબંધ સંયોગસંબંધ છે.) માટે. હવે સંયોગસંબંધથી જ સાધ્યવદ્ લેવાનું. હવે તમે સમવાયેન સાધ્યવદ્ વહ્ન્યવયવ લઈ જ ન શકો. સંયોગેન સાધ્યવદ્ મહાનસાદિ જ લેવા પડે. એ સાધ્યવદ્થી અન્ય જલહ્રદ છે, તેની વૃત્તિતા મીન, શેવાલાદિમાં છે અને અવૃત્તિતા ધૂમમાં છે જ, માટે લક્ષણની અવ્યાપ્તિ રહેતી નથી. આમ હવે લક્ષણ આ બન્યું : **साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यवदन्याऽवृत्तित्वं व्याप्तिः ।** અથવા **साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यवदन्यनिरूपितवृत्तित्वाभाववत्त्वं व्याप्तिः ।**

અહીં એ વાત પણ સાથે જ સમજી લઈએ કે સાધ્યવદ્થી અન્ય એટલે સાધ્યવદ્ના ભેદવાળો, અર્થાત્ સાધ્યવદ્ભેદાધિકરણ.

આમ હવે વ્યાપ્તિનું લક્ષણ આવું થયું : **साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-साध्यवद्भेदाधिकरणनिरूपितवृत्तित्वाभाववत्त्वं व्याप्तिः ।**

---

**मुक्तावली : साध्यवदन्यश्च साध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदवान् बोध्यः, तेन यत्किञ्चिद्वह्निमतो महानसादेर्भिन्ने पर्वतादौ धूमस्य सत्त्वेऽपि न क्षतिः ।**

---

**મુક્તાવલી :** (૨) **પ્રશ્ન :** હજી પણ આ લક્ષણની અવ્યાપ્તિ આવે છે.

**वह्निमान् धूमात्** સ્થળે સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધથી સાધ્યવત્ છે મહાનસ, તદન્ય છે પર્વત, એમાં તો ધૂમ વૃત્તિ જ છે, અર્થાત્ સાધ્યવદન્ય જે પર્વત, એની વૃત્તિતા જ ધૂમમાં છે, સાધ્યવદન્યવૃત્તિત્વાભાવ તો નથી જ. ધૂમ તો સદ્ધેતુ છે માટે તેમાં તો વ્યાપ્તિનું લક્ષણ જવું જોઈએ.

**ઉત્તર** : હજી અમે આ લક્ષણમાં પરિષ્કાર કરીશું કે સાધ્યતાવચ્છેદક-સંયોગાવચ્છિન્ન જે સાધ્ય, તદ્વાન્ જેટલા હોય તે બધા લઈ લેવાના. હવે સંયોગેન વહ્નિમાન્ મહાનસ લઈને તદન્ય પર્વત ન પકડાય, કેમકે પર્વત પણ સાધ્યવદ્ છે. એટલે સાધ્યતાવચ્છેદકસંયોગાવચ્છિન્નસાધ્યવત્ત્વાવચ્છિન્નસાધ્યવદ્ બન્યા મહાનસ-પર્વતાદિ, તેનાથી અન્ય બન્યા જલહ્રદાદિ, તેની વૃત્તિતા મીન-શેવાલાદિમાં છે, વૃત્તિત્વાભાવ ધૂમમાં છે. આમ હવે લક્ષણની અવ્યાપ્તિ રહેતી નથી. આ રીતે સાધ્યવત્ત્વાવચ્છિન્ન (સકળ) સાધ્યવાન્ કહેવાથી સમગ્ર લક્ષણનો આકાર આ થયો :

**साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाधिकरण-निरूपितवृत्तित्वाभाववत्त्वं व्याप्तिः ।**

---

**मुक्तावली : येन सम्बन्धेन हेतुता तेनैव सम्बन्धेन साध्यवदन्याऽवृत्तित्वं बोध्यं, तेन साध्यवदन्यस्मिन् धूमावयवे धूमस्य समवायसम्बन्धेन सत्त्वेऽपि न क्षतिः ।**

---

### ★ હેતુતાવચ્છેદકસંબંધ-નિવેશ ★

**મુક્તાવલી** : (૩) **પ્રશ્ન** : હજી પણ **वह्निमान् धूमात्** સ્થળે આ લક્ષણની અવ્યાપ્તિ આવે છે. તે આ રીતે :

સાધ્યવત્ મહાનસ-પર્વતાદિ, તદન્ય ધૂમાવયવ, એ ધૂમાવયવમાં તો ધૂમ સમવાયેન વૃત્તિ છે જ. એટલે સાધ્યવદન્ય(ધૂમાવયવ)ની વૃત્તિતા જ ધૂમમાં આવી ગઈ, વૃત્તિતાનો અભાવ ન આવ્યો.

**ઉત્તર** : તો હજી આ લક્ષણમાં અમે પરિષ્કાર કરીશું કે જે સંબંધથી હેતુ પક્ષમાં રહેતો હોય તે (હેતુતાવચ્છેદક) સંબંધથી જ સાધ્યવદન્યમાં વૃત્તિતાનો અભાવ લેવાનો. હવે **वह्निमान् धूमात्** સ્થળે ધૂમ હેતુ પર્વતમાં સંયોગસંબંધથી રહે છે, માટે એ હેતુતાવચ્છેદક સંયોગસંબંધથી જ ધૂમની અવૃત્તિતા લેવાની. હવે લક્ષણની અવ્યાપ્તિ નહિ આવે, કેમકે સાધ્યવદ્ મહાનસ-પર્વતાદિ, સાધ્યવદન્ય ધૂમાવયવ, તેમાં

હેતુતાવચ્છેદક સંયોગસંબંધથી તો ધૂમ અવૃત્તિ જ છે. આમ સાધ્યવદન્ય ધૂમાવયવની વૃત્તિતાનો અભાવ જ ધૂમમાં મળી ગયો એટલે લક્ષણની અવ્યાપ્તિ ન થઈ.

હવે સમગ્ર લક્ષણ આવું થયું :

**साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाधिकरण-निरूपितहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तित्वाभाववत्त्वं व्याप्तिः ।**

---

**मुक्तावली : साध्यवदन्याऽवृत्तित्वं च साध्यवदन्यवृत्तित्वत्वावच्छिन्न-प्रतियोगिताकाभावः, तेन धूमवान् वह्नेरित्यत्र साध्यवदन्यजलह्रदादिवृत्तित्वा-भावेऽपि नातिव्याप्तिः ।**

---

### ★ સાધ્યવદન્યાવૃત્તિત્વ કેવું ? ★

**મુક્તાવલી :** (૪) **પ્રશ્ન :** હવે લક્ષણની **धूमवान् वह्नेः** સ્થળે અતિવ્યાપ્તિ આવે છે. તે આ રીતે :

સાધ્યવદ્ = ધૂમવદ્ પર્વત, તેનાથી અન્ય જલહ્રદાદિ, તેની વૃત્તિતા મીનાદિમાં, તેની વૃત્તિતાનો અભાવ હેતુભૂત વહ્નિમાં આવી ગયો.

**ઉત્તર :** હજી લક્ષણમાં પરિષ્કાર કરીશું કે સાધ્યવદન્યની વૃત્તિતાનો અભાવ એટલે સાધ્યવદન્યની બધી જ વૃત્તિતાનો અભાવ લેવાનો. વૃત્તિત્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ લેવાનો. **धूमवान् वह्नेः** સ્થળે સાધ્યવદ્ = ધૂમવત્ પર્વત-મહાનસાદિ છે, તદન્ય જલહ્રદ છે તેમ તપ્તાયોગોલક પણ છે જ. એ સાધ્યવદન્ય તપ્તાયોગોલકની તો વહ્નિ હેતુમાં વૃત્તિતા જ છે. ભલે વહ્નિ હેતુમાં સાધ્યવદન્ય જલહ્રદની વૃત્તિતાનો અભાવ છે પણ સાધ્યવદન્ય તપ્તાયોગોલકની વૃત્તિતાનો અભાવ તો નથી જ. એટલે વૃત્તિત્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ નથી. માટે હવે લક્ષણની અતિવ્યાપ્તિ નહિ થાય. આમ હવે લક્ષણનો આકાર આ થયો :

**साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाधिकरण-निरूपितहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तित्वत्वावच्छिन्नप्रतियोगिताकाभाववत्त्वं व्याप्तिः ।**

---

**मुक्तावली : अत्र यद्यपि द्रव्यं गुणकर्मान्यत्वविशिष्टसत्त्वादित्यादौ विशिष्ट-सत्तायाः शुद्धसत्तायाश्चैक्यात् साध्यवदन्यस्मिन् गुणादाववृत्तित्वं नास्ति,**

तथापि हेतुतावच्छेदकरूपेणाऽवृत्तित्वं वाच्यं, हेतुतावच्छेदकं तादृश-वृत्तिताऽनवच्छेदकमिति फलितोऽर्थः ॥

---

**★ અંતિમ નિષ્કર્ષ ★**

**મુક્તાવલી : (૫) પ્રશ્ન** : હજી પણ લક્ષણની અવ્યાપ્તિ થાય છે. તે આ રીતે :
**घटो द्रव्यं विशिष्टसत्त्वात् ( गुणकर्मान्यत्वविशिष्टसत्त्वात् ।)**

સત્તા તો દ્રવ્ય, ગુણ, કર્મ ત્રણેયમાં છે. દ્રવ્ય એ ગુણ-કર્મથી અન્ય છે માટે દ્રવ્યમાં ગુણકર્માન્યત્વ છે તેમ સત્તા પણ છે. આમ દ્રવ્યમાં ગુણકર્માન્યત્વવિશિષ્ટ સત્તા રહી. જ્યાં જ્યાં ગુણકર્માન્યત્વવિશિષ્ટ સત્તા હોય ત્યાં ત્યાં દ્રવ્યત્વ હોય. ઘટમાં ગુણકર્માન્યત્વ-વિશિષ્ટ સત્તા છે માટે ઘટમાં દ્રવ્યત્વ છે, અર્થાત્ ઘટ એ દ્રવ્ય છે. આમ અહીં વિશિષ્ટ-સત્તા એ સદ્ધેતુ છે પણ તેમાં વ્યાપ્તિનું લક્ષણ અવ્યાપ્ત થાય છે. તે આ રીતે :

સાધ્યવદ્ = દ્રવ્યત્વવદ્ = દ્રવ્ય, સાધ્યવદ્થી અન્ય ગુણકર્મ, એમાં શુદ્ધ સત્તા વૃત્તિ છે. હવે '**विशिष्टं शुद्धात् नातिरिच्यते**' એ ન્યાયથી શુદ્ધ સત્તા અને વિશિષ્ટ સત્તા એક જ છે, માટે સાધ્યવદન્ય ગુણકર્મમાં શુદ્ધ સત્તા છે તો વિશિષ્ટ સત્તા પણ વૃત્તિ જ છે. આમ વિશિષ્ટ સત્તામાં સાધ્યવદન્યની વૃત્તિતા જ આવી ગઈ, વૃત્તિત્વાભાવ ન આવ્યો એટલે લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર** : સારું, તો હજી એક છેલ્લો પરિષ્કાર કરીશું. પણ એ પહેલાં એ વાત સમજી લઈએ કે વિશિષ્ટ સત્તા અને શુદ્ધ સત્તા એક હોવા છતાં વિશિષ્ટ સત્તાત્વ અને શુદ્ધ સત્તાત્વ એ બે એક નથી. વિશિષ્ટ સત્તા એ હેતુ છે માટે વિશિષ્ટ સત્તાત્વ એ હેતુતાવચ્છેદક છે. સાધ્યવદન્ય ગુણકર્મ છે અને શુદ્ધ સત્તા એ સાધ્યવદન્ય ગુણકર્મમાં વૃત્તિ છે માટે વૃત્તિતાવચ્છેદક શુદ્ધ સત્તાત્વ છે. હવે જ્યારે શુદ્ધ સત્તાત્વ અને વિશિષ્ટ સત્તાત્વ એ બે એક નથી એટલે હેતુતાવચ્છેદક (વિશિષ્ટ સત્તાત્વ) એ વૃત્તિતાનો અવચ્છેદક ન જ કહેવાય, અર્થાત્ વૃત્તિતાનવચ્છેદક એવો હેતુતાવચ્છેદક કહેવાય.

એટલે અમે અહીં એમ કહેવા માંગીએ છીએ કે સાધ્યવદન્યથી નિરૂપિત વૃત્તિતાનો જે અભાવ લેવાનો તે હેતુતાવચ્છેદક રૂપેણ વૃત્તિતાનો અભાવ લેવાનો. આમ હવે સાધ્યવદન્ય ગુણકર્મમાં હેતુતાવચ્છેદક વિશિષ્ટસત્તાત્વેન રૂપેણ વિશિષ્ટ સત્તાની તો વૃત્તિતાનો અભાવ છે જ, અર્થાત્ જે હેતુતાવચ્છેદક છે (વિશિષ્ટ સત્તાત્વ) તે વૃત્તિતાનવચ્છેદક બને છે. એટલે વૃત્તિતાનવચ્છેદક જે હેતુતાવચ્છેદક ધર્મ, તાદૃશધર્મવત્ત્વં

વ્યાપ્તિઃ એમ અમે કહીશું. સાધ્યવદન્ય ગુણકર્મની વૃત્તિતાનો અવચ્છેદક ધર્મ છે શુદ્ધ સત્તાત્વ, પણ તે વૃત્તિતાનો અનવચ્છેદક ધર્મ છે વિશિષ્ટ સત્તાત્વ. આવું વૃત્તિતાનવચ્છેદક હેતુતાવચ્છેદક ધર્મવત્ત્વ (જે વિશિષ્ટ સત્તામાં રહ્યું) તે જ વ્યાપ્તિ એમ અમે કહીશું. એટલે હવે 'સાધ્યવદન્યાવૃત્તિત્વ' લક્ષણનું અંતિમ પરિષ્કૃત લક્ષણ આવું થયું :

**साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यवत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाधिकरण-निरूपितहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तित्वत्वावच्छिन्नवृत्तिताऽनवच्छेदक-हेतुतावच्छेदकधर्मवत्त्वं व्याप्तिः ।**

વ્યાપ્તિપંચકના છેલ્લા પાંચમા લક્ષણનું નિર્વચન કરીને હવે આ લક્ષણમાં અપરિહાર્ય દોષ આપીને મુક્તાવલીકાર સિદ્ધાન્ત-લક્ષણનું વ્યાપ્તિ-લક્ષણ રજૂ કરે છે. ઉપરોક્ત લક્ષણમાં દોષ આ (વક્ષ્યમાણ) છે.

---

**मुक्तावली : ननु केवलान्वयिनि ज्ञेयत्वादौ साध्ये साध्यवदन्यस्याऽप्रसिद्धत्वादव्याप्तिः, किञ्च सत्तावान् जातेरित्यादौ साध्यवदन्यस्मिन् सामान्यादौ हेतुतावच्छेदकसम्बन्धेन समवायेन वृत्तेरप्रसिद्धत्वादव्याप्तिश्चात आह ।**

---

**★ કેવલાન્વયી સાધ્યમાં અવ્યાપ્તિ ★**

**મુક્તાવલી : घटो वाच्यत्ववान् ज्ञेयत्वात्** આ કેવલાન્વયી હેતુ-સ્થળ છે અને **घटः सत्तावान् जातेः** આ અન્વય-વ્યતિરેકી હેતુ-સ્થળ છે. આ બે ય સદ્ધેતુ છે. અહીં ઉપરોક્ત વ્યાપ્તિ-લક્ષણ અવ્યાપ્ત થાય છે. તે આ રીતે :

(૧) **घटो वाच्यत्ववान् ज्ञेयत्वात्** । અહીં સાધ્ય છે વાચ્યત્વ, સાધ્યવદ્ વાચ્ય=પટાદિ, સાધ્યવદ્‌થી અન્ય = વાચ્યથી અન્ય કોઈ જ ન મળે, કેમકે બધા જ વાચ્ય જ છે. જયારે સાધ્યવદન્ય જ અપ્રસિદ્ધ છે ત્યારે સાધ્યવદન્યની વૃત્તિતા પણ અપ્રસિદ્ધ બને, ત્યારે સાધ્યવદન્યની વૃત્તિતાનો અભાવ પણ અપ્રસિદ્ધ બની જ જાય. આમ અહીં હેતુમાં સાધ્યવદન્યાવૃત્તિત્વ સ્વરૂપ વ્યાપ્તિલક્ષણની અવ્યાપ્તિ થઈ.

(૨) **घटः सत्तावान् जातेः** આ અન્વય-વ્યતિરેકી હેતુમાં પણ વ્યાપ્તિના લક્ષણની અવ્યાપ્તિ થાય છે. અહીં સાધ્ય સત્તા ઘટમાં સમવાયસંબંધથી રહે છે માટે સાધ્યતાવચ્છેદક સંબંધ સમવાયસંબંધ છે. એ જ રીતે જાતિ સ્વરૂપહેતુ પણ ઘટમાં

સમવાયસંબંધથી રહે છે માટે હેતુતાવચ્છેદક સંબંધ પણ સમવાયસંબંધ છે. પૂર્વના પરિષ્કૃત લક્ષણમાં કહેવાઈ ગયું છે કે સાધ્યવદન્યમાં હેતુતાવચ્છેદક સંબંધથી વૃત્તિતાનો અભાવ લેવો જોઈએ. હવે અહીં '**घटः सत्तावान् जातेः**' સ્થળે સાધ્ય સત્તા છે, સાધ્યવદ્ દ્રવ્ય-ગુણ-કર્મ છે, સાધ્યવદન્ય સામાન્યાદિ છે. એ સામાન્યાદિમાં હેતુતાવચ્છેદક સમવાયસંબંધથી કોઈની પણ વૃત્તિતા જ નથી તો પછી હવે સાધ્યવદન્ય એ સામાન્યાદિમાં 'જાતિ' હેતુની વૃત્તિતાનો અભાવ છે એમ શી રીતે કહેવાય ? બીજી વૃત્તિતા સમવાયસંબંધથી ત્યાં રહેલી હોય તો જાતિની વૃત્તિતાનો સમવાયસંબંધથી ત્યાં અભાવ કહી શકાય. પણ સમવાયસંબંધથી સામાન્યાદિમાં કોઈપણ વૃત્તિ જ નથી તો પછી 'જાતિ સમવાયેન ત્યાં વૃત્તિ નથી' (અર્થાત્ બીજું કોઈ ત્યાં સમવાયથી વૃત્તિ છે એમ જ માનવું પડે.) એમ કેમ કહેવાય ?

આમ અહીં પણ સાધ્યવદન્ય સામાન્યાદિમાં હેતુતાવચ્છેદકસંબંધથી વૃત્તિતા અપ્રસિદ્ધ થતાં તાદશવૃત્તિત્વાભાવ પણ અપ્રસિદ્ધ થયો, અર્થાત્ તાદશવૃત્તિત્વાભાવવત્ત્વ રૂપ વ્યાપ્તિ-લક્ષણની 'જાતિ'રૂપ હેતુમાં અવ્યાપ્તિ થઈ.

આ બે દોષથી પૂર્વોક્ત વ્યાપ્તિલક્ષણ દુષ્ટ છે માટે તેનો ત્યાગ કરીને હવે સિદ્ધાન્ત-લક્ષણનું વ્યાપ્તિલક્ષણ રજૂ કરવામાં આવે છે.

---

**कारिकावली : अथवा हेतुमन्निष्ठविरहाप्रतियोगिना ।**
**साध्येन हेतोरैकाधिकरण्यं व्याप्तिरुच्यते ॥६९॥**

---

**मुक्तावली : अथवेति । हेतुमति निष्ठा = वृत्तिर्यस्य स तथा विरहः=अभावः, तथा च हेत्वधिकरणवृत्तिर्योऽभावस्तदप्रतियोगिना साध्येन सह हेतोः सामानाधिकरण्यं व्याप्तिरुच्यते ।**

---

★ ઉત્તરપક્ષ (સિદ્ધાન્તલક્ષણી) વ્યાપ્તિ ★

**મુક્તાવલી : हेतुमन्निष्ठाभावाप्रतियोगिसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

હેતુમત્ જે પક્ષ, તેમાં રહેતા જે અભાવો, તેનો અપ્રતિયોગી જે સાધ્ય, તેનું જે (હેતુમાં રહેલું) સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

**वह्निमान् धूमात्** । હેતુમદ્= ધૂમવત્ પર્વત, એમાં રહેતા જે અભાવો ઘટાભાવ,

પટાભાવ, મઠાભાવાદિ. પણ ધૂમવત્ પર્વતમાં સાધ્ય વહ્નિનો અભાવ ન મળે એટલે પર્વતમાં રહેતા અભાવોના પ્રતિયોગી ઘટ-પટાદિ બને, પણ સાધ્ય વહ્નિ તો અપ્રતિયોગી જ બને. એવા અપ્રતિયોગી સાધ્ય વહ્નિને સમાનાધિકરણ ધૂમ છે માટે એવા અપ્રતિયોગી સાધ્ય વહ્નિનું સામાનાધિકરણ્ય ધૂમમાં છે. એ ધૂમનિષ્ઠ સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

**धूमवान् वह्नेः** સ્થળે આ લક્ષણની અતિવ્યાપ્તિ નહિ થાય, કેમકે અહીં વહ્નિ હેતુ છે, હેતુમત્=વહ્નિમત્ તપ્તાયોગોલક છે, એમાં રહેતા જે અભાવો ઘટાભાવાદિ તેમજ ધૂમાભાવ. આ અભાવોના પ્રતિયોગી જેમ ઘટાદિ છે તેમ ધૂમ પણ છે. એટલે સાધ્ય જે ધૂમ છે તે તો હેતુમન્નિષ્ઠાભાવનો અપ્રતિયોગી ન બન્યો, માટે તાદૃશ સાધ્યના સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ પણ વહ્નિ હેતુમાં ન આવી.

અહીં એ વાતનો ખ્યાલ રાખવો કે હેત્વધિકરણમાં વૃત્તિ અભાવનો જે અપ્રતિયોગી હોય તેને જ વ્યાપક કહેવાય છે, અર્થાત્ હેતુની ઉપર વ્યાપીને રહેનાર વ્યાપક કહેવાય, એટલે કે હેતુની સાથે અવશ્ય રહેનાર વ્યાપક કહેવાય, એટલે કે હેતુના અધિકરણમાં અવશ્ય રહેનાર વ્યાપક કહેવાય, એટલે કે હેતુના અધિકરણમાં બીજાના અભાવ મળે પણ આનો અભાવ તો ન જ મળે, એટલે કે હેતુના અધિકરણમાં રહેલા અભાવોના પ્રતિયોગી બીજા બને પણ આ તો ન જ બને, માટે તે વ્યાપક કહેવાય. એટલે કે હેતુના અધિકરણમાં મળતાં અભાવોનો આ તો અપ્રતિયોગી જ હોય, માટે જ તે વ્યાપક કહેવાય.

એટલે વ્યાપકનું લક્ષણ આ થયું : **हेत्वधिकरणवृत्त्यभावाप्रतियोगित्वं व्यापकत्वम्।**

આવો વ્યાપક તે સાધ્ય બને અને એવા વ્યાપક સાધ્યનું હેતુમાં જે સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

ટૂંકમાં વ્યાપકનું હેતુમાં જે સામાનાધિકરણ્ય એ જ વ્યાપ્તિ.

---

**मुक्तावली : अत्र यद्यपि वह्निमान् धूमादित्यादौ हेत्वधिकरणपर्वतादिवृत्त्यभावप्रतियोगित्वं तत्तद्वह्न्यादेरस्तीत्यव्याप्तिः । न च समानाधिकरणवह्निधूमयोरेव व्याप्तिरिति वाच्यं, तत्तद्वह्न्यादेरप्युभयाभावसत्त्वादेकसत्त्वेऽपि द्वयं नास्तीति प्रतीतेः । गुणवान् द्रव्यत्वादित्यादावव्याप्तिश्च । तथापि प्रतियोगिताऽनवच्छेदकं यत् साध्यतावच्छेदकं तदवच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिरिति वाच्यम् ।**

---

## ★ સાધ્યતાવચ્છેદકનો પ્રવેશ ★

**મુક્તાવલી : (૧) પૂર્વપક્ષ : 'વહ્નિમાન્ ધૂમાત્'** સ્થળે લક્ષણની અવ્યાપ્તિ આવે છે. તે આ રીતે :

હેતુ ધૂમ, હેત્વધિકરણ પર્વત, એમાં વૃત્તિ અભાવ, તે જેમ ઘટાભાવાદિ છે તેમ પર્વતમાં મહાનસીય વહ્ન્યભાવ પણ છે. એ જ રીતે હેત્વધિકરણ મહાનસ છે, તેમાં વૃત્તિ ઘટાભાવાદિ છે તેમ પર્વતીય વહ્ન્યભાવ પણ છે. એટલે આ અભાવનો પ્રતિયોગી જ વહ્નિ બની ગયો, અપ્રતિયોગી ન રહ્યો, એટલે હવે વહ્નિ વ્યાપક ન બન્યો, માટે વ્યાપકના સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ પણ ધૂમમાં ન આવી. આમ લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** સારું, તમે હેત્વધિકરણ પર્વતમાં મહાનસીયત્વવિશિષ્ટ વહ્ન્યભાવ લીધો, હેત્વધિકરણ મહાનસમાં પર્વતીયત્વવિશિષ્ટ વહ્ન્યભાવ લીધો અને અમને આપત્તિ આપી. અમે હવે કહીશું કે એક જ અધિકરણમાં રહેનારા વહ્નિ-ધૂમની વ્યાપ્તિ એક છે, અન્ય અધિકરણમાં રહેનારા વહ્નિ-ધૂમની વ્યાપ્તિ ભિન્ન છે, એટલે કે પર્વતીય વહ્નિ-ધૂમની એક વ્યાપ્તિ, મહાનસીય વહ્નિ-ધૂમની અન્ય વ્યાપ્તિ વગેરે. હવે અવ્યાપ્તિ નહીં આવે, કેમકે હેતુ પર્વતીય ધૂમ, તેનું અધિકરણ પર્વત, તેમાં રહેલા અભાવ = ઘટાભાવ, મહાનસીયવહ્ન્યભાવ, ચત્વરીયવહ્ન્યભાવ વગેરે, તેના પ્રતિયોગી ઘટ, મહાનસીય-વહ્નિ, ચત્વરીયવહ્નિ વગેરે, અપ્રતિયોગી પર્વતીયવહ્નિ, તેનું સામાનાધિકરણ્ય પર્વતીય ધૂમમાં છે. આમ વ્યાપ્તિલક્ષણનો સમન્વય થવાથી અવ્યાપ્તિ આવતી નથી. આમ સમાનાધિકરણ ધૂમ-વહ્નિની જ અમે વ્યાપ્તિ લઈશું.

અહીં હેત્વધિકરણવૃત્તિ જે અભાવ લેવાનો તે વિશિષ્ટાભાવ સિવાયનો જ અભાવ લેવાનો, અર્થાત્ વિશિષ્ટધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ નહિ લેવાનો. મહાનસીયત્વ-વિશિષ્ટ વહ્નિનો અભાવ એ વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ નથી કિન્તુ વિશિષ્ટ-વહ્નિત્વ(મહાનસીયત્વવિશિષ્ટવહ્નિત્વ)થી અવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ છે, જ્યારે હેત્વધિકરણ પર્વતમાં જે ઘટાભાવાદિ છે એ માત્ર ઘટત્વથી અવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ છે, અર્થાત્ આ ઘટાભાવાદિ એ વિશિષ્ટ- ધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ છે. એટલે અમારું હવે એ કહેવું છે કે હેત્વધિકરણવૃત્ત્યભાવ એટલે હેત્વધિકરણવૃત્તિવિશિષ્ટધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ, એવા અભાવનો અપ્રતિયોગી જે સાધ્ય (કે જે વ્યાપક કહેવાય), તેનું હેતુમાં રહેલું સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

હવે હેત્વધિકરણ પર્વતમાં ઘટાભાવ મળે છે અને મહાનસીયત્વવિશિષ્ટવહ્ન્યભાવ પણ મળે છે, પણ આમાં વિશિષ્ટધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ તો ઘટાભાવાદિ જ છે, માટે હેત્વધિકરણવૃત્તિ-વિશિષ્ટધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ તે ઘટાભાવાદિ જ પકડાય, તેનો તો વહ્નિ અપ્રતિયોગી છે જ. માટે તે વ્યાપક બન્યો, તેનું હેતુ ધૂમમાં જે સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ. આમ હવે અવ્યાપ્તિ ન રહી એટલે હવે લક્ષણનો આકાર આ થયો :

**हेत्वधिकरणवृत्तिविशिष्टधर्मानवच्छिन्नप्रतियोगिताकाभावाप्रतियोगिसाध्य-सामानाधिकरण्यं व्याप्तिः ।**

(૨) **પ્રશ્ન :** હજી પણ આ લક્ષણની **वह्निमान् धूमात्** સ્થળે અવ્યાપ્તિ થાય છે.

હેતુ = ધૂમ, હેત્વધિકરણ = પર્વત, હેત્વધિકરણવૃત્તિ જે અભાવ = વહ્નિજલાભાવ.

પર્વતમાં વહ્નિ છે અને જલ નથી માટે વહ્નિ હોવા છતાં વહ્નિ-જલ એતદુભય તો નથી. '**एकसत्त्वेऽपि द्वयं नास्ति**' એમ બોલાય છે. આમ હેત્વધિકરણવૃત્તિ અભાવ = વહ્નિજલોભયાભાવ, એનો પ્રતિયોગી જેમ જલ છે તેમ સાધ્ય વહ્નિ પણ છે. એટલે આ વહ્નિ તાદૃશાભાવ-અપ્રતિયોગી ન બન્યો, અર્થાત્ વ્યાપક ન બન્યો, માટે તેવા વહ્નિનું સામાનાધિકરણ્ય હેતુ ધૂમમાં ન જતાં લક્ષણની અવ્યાપ્તિ થઈ. આમ સમાનાધિકરણ ધૂમ-વહ્નિની વ્યાપ્તિ લેવા છતાં લક્ષણની અવ્યાપ્તિ આવી.

**ઉત્તર :** વહ્નિજલોભયાભાવ એટલે વહ્નિજલોભયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ. ઉભયત્વ એ નૈયાયિક-મતે વ્યાસજ્યવૃત્તિ ધર્મ કહેવાય છે. અમે કહીશું કે હેત્વધિકરણ-વૃત્તિ જે અભાવ લેવો તે વ્યાસજ્યવૃત્તિધર્માવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ નહિ લેવો, અર્થાત્ વ્યાસજ્ય(ઉભય)વૃત્તિધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ લેવો. (વ્યાસજ્યવૃત્તિધર્મ-ઉભયવૃત્તિધર્મ-ઉભયત્વ) હેત્વધિકરણ પર્વતમાં ઘટાભાવાદિ છે તે ઘટત્વાદ્યવચ્છિન્ન-પ્રતિયોગિતાકાભાવો છે અને જે વહ્નિજલોભયાભાવ છે તે વહ્નિજલોભયત્વાવચ્છિન્ન-પ્રતિયોગિતાકાભાવ છે. આ રીતે વહ્નિજલોભયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ એ વ્યાસજ્યવૃત્તિધર્મા(ઉભયત્વ)વચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ છે માટે તે ન લેવાય. જ્યારે ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ એ વ્યાસજ્યવૃત્તિધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ છે માટે તે જ લેવાય. અને તેવા અભાવનો અપ્રતિયોગી વહ્નિ છે જ, માટે સાધ્ય વહ્નિ વ્યાપક બન્યો. એવા વહ્નિના સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ ધૂમ હેતુમાં આવી જતાં અવ્યાપ્તિ ન રહી. આમ હવે લક્ષણનો આકાર આ થયો :

**हेत्वधिकरणवृत्तिविशिष्टधर्मानवच्छिन्नव्यासज्यवृत्तिधर्मानवच्छिन्नप्रतियोगिता-काभावाप्रतियोगिसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

(૩) **પૂર્વપક્ષ** : હજી પણ લક્ષણની અવ્યાપ્તિ આવે છે.

**घटो गुणवान् द्रव्यत्वात्।** અહીં દ્રવ્યત્વ એ સદ્ધેતુ છે. જ્યાં (દ્રવ્યમાં) દ્રવ્યત્વ હોય ત્યાં ગુણ હોય જ. હવે અહીં ઉક્ત વ્યાપ્તિ-લક્ષણ આ રીતે અવ્યાપ્ત થાય છે.

હેતુ દ્રવ્યત્વ, હેત્વધિકરણ રક્ત ઘટ, એમાં વૃત્તિ અભાવ = પીતાદિ ગુણાભાવ. એ રીતે જો હેત્વધિકરણ પીત ઘટ લઈએ તો એમાં વૃત્તિ રક્તાદિ ગુણાભાવ થાય. જો હેત્વધિકરણ નીલ ઘટ લઈએ તો એમાં વૃત્તિ પીતાદિ ગુણાભાવ થાય. આમ 'ચાલની' ન્યાયથી હેત્વધિકરણવૃત્તિ અભાવ તે પીતગુણાભાવ, રક્તગુણાભાવ, નીલગુણાભાવ, શ્વેતગુણાભાવાદિ થયા. આ અભાવોનો પ્રતિયોગી પીત, રક્ત વગેરે ગુણ થયા, સાધ્ય પણ 'ગુણ' જ છે. આમ સાધ્ય ગુણ એ હેત્વધિકરણવૃત્તિ અભાવ-પ્રતિયોગી બની જતાં વ્યાપક ન બન્યો, તેથી તેના સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ હેતુમાં ન જતાં લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર** : સારું, આ દોષ અમે લક્ષણમાં થોડો પરિષ્કાર કરીને દૂર કરીશું.

હેત્વધિકરણ જ્યારે નીલઘટ લો ત્યારે તેમાં પીતાદિ ગુણાભાવ ભલે છે પરન્તુ ગુણ-સામાન્યાભાવ તો નથી જ, કેમકે નીલઘટમાં નીલગુણ તો છે જ. એ જ રીતે હેત્વધિકરણ પીતઘટ લો ત્યારે તેમાં નીલાદિ ગુણાભાવ છે પણ ગુણસામાન્યાભાવ તો નથી જ, કેમકે પીતઘટમાં પીતગુણ તો છે જ. આમ હેત્વધિકરણ નીલઘટાદિમાં પીતાભાવ, નીલાભાવ, રક્તાભાવાદિ જરૂર મળી જાય પણ ગુણાભાવ તો નહિ જ મળે. હવે અહીં જે રક્તાદિનો અભાવ મળે છે તે રક્તાદિ પણ છે તો ગુણ જ. પરન્તુ રક્તાદ્યભાવ મળે છતાં ગુણાભાવ તો ન જ મળે એટલે પ્રતિયોગિતાવચ્છેદક રક્તત્વ-નીલત્વાદિ બને પણ ગુણત્વ તો ન જ બને. હવે સાધ્ય ગુણ છે માટે સાધ્યતાવચ્છેદક ગુણત્વ છે. અને રક્તાદ્યભાવના પ્રતિયોગી રક્તાદિ છે માટે પ્રતિયોગિતાવચ્છેદક રક્તત્વ, નીલત્વાદિ છે, અર્થાત્ ગુણત્વ જે સાધ્યતાવચ્છેદક છે તે પ્રતિયોગિતાવચ્છેદક નથી, અર્થાત્ પ્રતિયોગિતા-નવચ્છેદક છે. એટલે આ વસ્તુસ્થિતિને લક્ષ્યમાં લઈને લક્ષણમાં અમે એવો પરિષ્કાર કરીશું કે હેત્વધિકરણવૃત્તિ અભાવનો અપ્રતિયોગી સાધ્ય એટલે હેત્વધિકરણવૃત્તિ-અભાવીયપ્રતિયોગિતાનવચ્છેદક જે સાધ્યતાવચ્છેદક, તદવચ્છિન્ન જે સાધ્ય, એવા સાધ્યનું હેતુમાં જે સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

પ્રકૃતમાં હવે અવ્યાપ્તિ નહિ આવે, કેમકે દ્રવ્યત્વરૂપ હેતુનું અધિકરણ નીલઘટાદિ,

એમાં પીતાદિ ગુણાભાવ છે પણ ગુણાભાવ નથી માટે તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક પીતત્વાદિ છે પણ ગુણત્વ નથી. માટે સાધ્યતાવચ્છેદક જે ગુણત્વ છે એ પ્રતિયોગિતાનો અનવચ્છેદક છે. માટે પ્રતિયોગિતાનવચ્છેદક જે સાધ્યતાવચ્છેદક ગુણત્વ, તદવચ્છિન્ન સાધ્ય જે ગુણ, તેનું દ્રવ્યત્વ હેતુમાં જે સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ. હવે લક્ષણનો આકાર આ થયો :

**हेत्वधिकरणवृत्तिविशिष्टधर्मानवच्छिन्नव्यासज्यवृत्तिधर्मानवच्छिन्नप्रतियोगिताकाभावीयप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः।**

---

**मुक्तावली : ननु रूपत्वव्याप्यजातिमद्वान् पृथिवीत्वादित्यादौ साध्यतावच्छेदिका रूपत्वव्याप्यजातयः, तासां च शुक्लत्वादिजातीनां नीलघटादिवृत्त्यभावप्रतियोगितावच्छेदकत्वमस्तीत्यव्याप्तिरिति चेत् ? न, तत्र परम्परया रूपत्वव्याप्यजातित्वस्यैव साध्यतावच्छेदकत्वात्, न हि तादृशधर्मावच्छिन्नाभावः क्वाऽपि पृथिव्यामस्ति, रूपत्वव्याप्यजातिमान्नास्ति इति बुद्ध्यापत्तेः ।**

---

### ★ પરંપરાએ સાધ્યતાવચ્છેદક લેવાનું સ્થળ ★

**મુક્તાવલી : (૪) પૂર્વપક્ષ :** હજી પણ નીચે આપેલા સ્થાને અવ્યાપ્તિ આવે છે.

**घटः रूपत्वव्याप्यजातिमद्वान् पृथ्वीत्वात् ।**

રૂપત્વવ્યાપ્યજાતિઓ = શુક્લત્વ, નીલત્વાદિ જાતિઓ.

રૂપત્વવ્યાપ્યજાતિમત્ = શુક્લ, નીલાદિ રૂપો.

આ રૂપત્વવ્યાપ્યજાતિમત્ = શુક્લાદિ રૂપો અહીં સાધ્ય છે. ઘટ એ શુક્લાદિ રૂપવાળો (રૂપત્વવ્યાપ્યજાતિમદ્વાન્) છે, કેમકે એમાં પૃથ્વીત્વ છે. હવે અહીં હેતુ = પૃથ્વીત્વ, હેત્વધિકરણ = નીલઘટ, પીતઘટ, શુક્લઘટ વગેરે. આ હેત્વધિકરણમાં વૃત્તિ અભાવ એટલે નીલઘટમાં શુક્લાભાવ, પીતઘટમાં નીલાભાવ, રક્તઘટમાં પીતાભાવ. આમ 'ચાલની' ન્યાયથી હેત્વધિકરણ નીલાદિ ઘટમાં શુક્લાદિ બધા રૂપોનો (સાધ્યનો) અભાવ મળી જાય છે એટલે એ શુક્લાદિ રૂપો અભાવના પ્રતિયોગી બન્યા અને પ્રતિયોગિતાવચ્છેદક શુક્લત્વાદિ જાતિઓ બની. હવે સાધ્ય પણ શુક્લાદિ રૂપો (રૂપત્વવ્યાપ્યજાતિમદ્ - શુક્લાદિ રૂપ) જ છે અને તેથી સાધ્યતાવચ્છેદક રૂપત્વવ્યાપ્ય-

શુક્લત્વાદિ જાતિઓ જ છે. આમ જે પ્રતિયોગિતાવચ્છેદક બને છે તે જ સાધ્યતાવચ્છેદક બને છે. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક ન બનવાથી તાદૃશ સાધ્યસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ પણ પૃથ્વીત્વ હેતુમાં ન જતાં લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તરપક્ષ :** તો હજી પણ આ લક્ષણમાં અમે પરિષ્કાર કરીશું. પ્રતિયોગિતાવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બની જવાથી લક્ષણની અવ્યાપ્તિ થઈ એટલે અહીં અમે હવે એમ કહીશું કે સાધ્યતાનો જે અવચ્છેદક લેવાનો તે સાધ્યતાનો સાક્ષાત્ અવચ્છેદક નહિ લેવાનો કિન્તુ જે પરંપરયા સાધ્યતાવચ્છેદક હોય તેને સાધ્યતાવચ્છેદક તરીકે લેવાનો.

સાધ્ય = રૂપત્વવ્યાપ્યજાતિમદ્ શુક્લાદિ રૂપો છે, તેમાં સાધ્યતા રહી, એ સાધ્યતાનો સાક્ષાત્ અવચ્છેદક શુક્લત્વાદિ જાતિ થયો. આ શુક્લત્વાદિ જાતિ એ સાધ્યતાવચ્છેદક બને માટે આ શુક્લત્વાદિ જાતિમાં સાધ્યતાવચ્છેદકતા રહી. આ સાધ્યતાવચ્છેદકતાનો અવચ્છેદક શુક્લત્વાદિજાતિત્વ બન્યો. હવે સાધ્યતાવચ્છેદકતાનો અવચ્છેદક જાતિત્વ એ સાધ્યતાનો પરંપરયાવચ્છેદક કહેવાય. (સાધ્યમાં રહે તે સાધ્યતાવચ્છેદક કહેવાય. જાતિત્વ એ સ્વાશ્રયસમવાયસંબંધથી સાધ્યમાં રહી જાય છે માટે તે સાધ્યતાવચ્છેદક કહેવાય. સ્વ = જાતિત્વ, તદાશ્રય = જાતિ, એનો સમવાય શુક્લાદિ રૂપાત્મક સાધ્યમાં છે જ.)

આમ એ વાત નક્કી થઈ કે પ્રકૃત અનુમાનમાં (પરંપરયા) સાધ્યતાવચ્છેદક જાતિત્વ છે. હવે પ્રતિયોગિતાવચ્છેદક તો સાક્ષાત્ જ લેવાનો છે. હેત્વધિકરણ નીલાદિ ઘટમાં શુક્લાદિ રૂપના અભાવ મળે છે માટે એ અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક શુક્લત્વાદિ જાતિઓ બને. આમ પ્રતિયોગિતાવચ્છેદક શુક્લત્વાદિ જાતિ બની અને (પરંપરયા) સાધ્યતાવચ્છેદક જાતિત્વ બન્યું એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવો આ સાધ્યતાવચ્છેદક બની ગયો. નીલઘટમાં રૂપત્વવ્યાપ્યશુક્લત્વાદિજાતિમદ્‌નો અભાવ મળી શકે માટે પ્રતિયોગિતાવચ્છેદક શુક્લત્વાદિ જાતિ બને. પણ નીલઘટમાં રૂપત્વવ્યાપ્યજાતિમદ્‌નો અભાવ તો ન જ મળે, કેમકે ઘટમાં રૂપત્વવ્યાપ્યનીલત્વજાતિમદ્ તો નીલરૂપ છે જ. એ તો ઘટ રૂપરહિત હોય તો જ તેમાં આવો અભાવ મળે. જો નીલઘટમાં રૂપત્વવ્યાપ્યજાતિમદ્‌નો અભાવ = રૂપત્વવ્યાપ્યશુક્લત્વાદિજાતિમદ્ શુક્લાદિ બધા રૂપોનો અભાવ મળી જાત તો તે અભાવનો પ્રતિયોગી જાતિ બનત અને પ્રતિયોગિતાવચ્છેદક જાતિત્વ બનત અને આ જાતિત્વ જ પરંપરયા સાધ્યતાવચ્છેદક છે એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક ન બનત. પણ આવું બનતું નથી માટે પ્રતિયોગિતાવચ્છેદક શુક્લત્વાદિ જાતિ બની અને સાધ્યતાવચ્છેદક જાતિત્વ બન્યું

એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક બન્યું. એવા સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન સાધ્યનું હેતુમાં સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

**मुक्तावली : ( एवं दण्ड्यादिसाध्ये परम्परासम्बद्धं दण्डत्वादिकमेव साध्यतावच्छेदकं, तच्च प्रतियोगिताऽनवच्छेदकमिति ) साध्यादिभेदेन व्याप्तेर्भेदात् तादृशस्थले साध्यतावच्छेदकतावच्छेदकं प्रतियोगितावच्छेदकतानवच्छेदकमित्येव लक्षणघटकमित्यपि वदन्ति ।**

**મુક્તાવલી :** કેટલાક અહીં એમ કહે છે કે આ રીતે પરંપરયા સાધ્યતાવચ્છેદક લેવાય નહિ. પણ જો તેમ ન કરીએ તો પ્રતિયોગિતાવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બની જતાં વ્યાપ્તિના લક્ષણની અવ્યાપ્તિ થાય. એટલે તેઓ એમ કહે છે કે પર્વતના ધૂમ-વહ્નિની, મહાનસના ધૂમ-વહ્નિની, એમ સાધ્ય-હેતુભેદથી દરેક વ્યાપ્તિ જુદી જુદી છે તેમ અહીં પણ **'रूपत्वव्याप्यजातिमद्वान् पृथ्वीत्वात्'** સ્થળે વ્યાપ્તિનું જુદું લક્ષણ કરી દેવું. તે આ રીતે:

**हेतुमन्निष्ठाभावीयप्रतियोगितावच्छेदकतानवच्छेदकसाध्यतावच्छेदकतावच्छेदको यः तदवच्छिन्नावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક એ પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક ન હોવો જોઈએ, અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદકતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક જોઈએ.

સાધ્ય = રૂપત્વવ્યાપ્યજાતિમદ્ = શુક્લાદિ રૂપો.

સાધ્યતાવચ્છેદક = રૂપત્વવ્યાપ્યશુક્લત્વાદિ જાતિ.

સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક = રૂપત્વવ્યાપ્યશુક્લત્વાદિ જાતિત્વ.

પ્રતિયોગી = રૂપત્વવ્યાપ્યશુક્લત્વાદિજાતિમદ્ = શુક્લાદિ રૂપો.

પ્રતિયોગિતાવચ્છેદક = રૂપત્વવ્યાપ્યશુક્લત્વાદિ જાતિ.

પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક = રૂપત્વવ્યાપ્યશુક્લત્વત્વાદિ. (જાતિત્વ નહિ, અન્યથા નીરૂપ ઘટ માનવાની આપત્તિ આવે.)

આમ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક જાતિત્વ બન્યો અને પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક શુક્લત્વત્વાદિ બન્યા. એટલે પ્રતિયોગિતાવચ્છેદકતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક (જાતિત્વ) બન્યો. એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક(જાતિત્વ)થી અવચ્છિન્ન સાધ્યતાવચ્છેદકતા (શુક્લત્વાદિમાં), એનાથી અવચ્છિન્ન સાધ્યતાવચ્છેદક (શુક્લત્વાદિ), તદવચ્છિન્ન જે સાધ્ય (શુક્લાદિ), તેનું સામાનાધિકરણ્ય વ્યાપ્તિ.

**मुक्तावली : हेत्वधिकरणं हेतुतावच्छेदकविशिष्टाधिकरणं वाच्यम्, तेन द्रव्यं गुणकर्मान्यत्वविशिष्टसत्त्वादित्यादौ शुद्धसत्ताधिकरणगुणादिनिष्ठाभाव-प्रतियोगित्वेऽपि द्रव्यत्वस्य नाऽव्याप्तिः ।**

### ★ હેતુતાવચ્છેદકધર્મ-નિવેશ ★

**મુક્તાવલી : પ્રશ્ન :** હજી પણ આ લક્ષણની '**घटो द्रव्यं विशिष्टसत्त्वात्**' સ્થાને અવ્યાપ્તિ આવે છે.

હેતુ = વિશિષ્ટ સત્તા, એનું અધિકરણ ગુણ-કર્મ, કેમકે વિશિષ્ટ સત્તા અને શુદ્ધ સત્તા એક જ છે, માટે જો ગુણ-કર્મ શુદ્ધ સત્તાનું અધિકરણ છે તો વિશિષ્ટ સત્તાનું પણ અધિકરણ છે જ. આ હેત્વધિકરણ ગુણ-કર્મમાં વૃત્તિ જે અભાવ તે દ્રવ્યત્વાભાવ. આ અભાવનો પ્રતિયોગી દ્રવ્યત્વ બન્યો, પ્રતિયોગિતાવચ્છેદક દ્રવ્યત્વત્વ બન્યો. હવે સાધ્ય દ્રવ્યત્વ છે માટે સાધ્યતાવચ્છેદક પણ દ્રવ્યત્વત્વ જ બન્યું. આમ પ્રતિયોગિતાવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બન્યું, અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક ન બન્યું એટલે લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** આ દોષ દૂર કરવા અમે કહીશું કે હેતુનું જે અધિકરણ લેવાનું તે માત્ર હેતુનું અધિકરણ ન લેતાં હેતુતાવચ્છેદકધર્મવિશિષ્ટ હેતુનું અધિકરણ લેવાનું. અહીં વિશિષ્ટ સત્તા હેતુ છે. હેતુતાવચ્છેદકધર્મ વિશિષ્ટ સત્તાત્વ છે. હવે વિશિષ્ટસત્તાત્વ-વિશિષ્ટ વિશિષ્ટસત્તાનું અધિકરણ ગુણ-કર્મ નહિ જ બને, કેમકે શુદ્ધ સત્તા અને વિશિષ્ટ સત્તા એક હોવા છતાં વિશિષ્ટસત્તાત્વવિશિષ્ટ વિશિષ્ટ સત્તા અને શુદ્ધ સત્તા એક નથી જ. એટલે હવે વિશિષ્ટસત્તાત્વવિશિષ્ટ વિશિષ્ટસત્તાનું અધિકરણ તો દ્રવ્ય જ બને. એમાં દ્રવ્યત્વાભાવ તો ન જ મળે, પટાદિના અભાવ જ મળે, માટે એ અભાવના પ્રતિયોગી પટાદિ બને. પ્રતિયોગિતાવચ્છેદક પટત્વાદિ બને. જ્યારે સાધ્યતાવચ્છેદક તો દ્રવ્યત્વત્વ છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બની જતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી. આમ લક્ષણનો આકાર હવે આવો થયો :

**हेतुतावच्छेदकधर्मविशिष्टहेत्वधिकरणवृत्त्यभावीयप्रतियोगिताऽनवच्छेदकं यत् साध्यतावच्छेदकं तदवच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

**मुक्तावली : एवं हेतुतावच्छेदकसम्बन्धेन हेत्वधिकरणं बोध्यं, तेन समवायेन**

धूमाधिकरणतदवयवनिष्ठाभावप्रतियोगित्वेऽपि वह्नेर्नाऽव्याप्तिः ।

---

### ★ હેતુતાવચ્છેદક સંબંધ નિવેશ ★

**મુક્તાવલી : પ્રશ્ન :** હજી પણ '**वह्निमान् धूमात्**' સ્થળે લક્ષણની અવ્યાપ્તિ આવે છે. હેતુ ધૂમ, હેત્વધિકરણ સમવાયસંબંધથી ધૂમાવયવ, તેમાં વૃત્તિ અભાવ = વહ્ન્યભાવ, તેનો પ્રતિયોગી વહ્નિ, પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વ, સાધ્યતાવચ્છેદક પણ વહ્નિત્વ જ છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ન બનવાથી લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** અમે હવે કહીશું કે હેતુતાવચ્છેદક સંબંધથી હેત્વધિકરણ લેવું. હેતુ ધૂમ છે. તે પર્વતમાં સંયોગસંબંધથી રહે છે માટે હેતુતાવચ્છેદક સંબંધ સંયોગ થયો. આ સંયોગ સંબંધથી હેત્વધિકરણ ધૂમાવયવ નહિ જ બને પણ પર્વતાદિ બને. તેમાં વહ્ન્યભાવ ન જ મળે, પણ ઘટાભાવાદિ મળે. તેના પ્રતિયોગી ઘટાદિ બને, પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ થાય, જ્યારે સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બન્યો એટલે લક્ષણની અવ્યાપ્તિ ન રહી. આમ હવે લક્ષણનો આકાર આ થયો :

**हेतुतावच्छेदकधर्मावच्छिन्नहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नहेत्वधिकरणवृत्त्य-भावीयप्रतियोगिताऽनवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

---

**मुक्तावली : अभावश्च प्रतियोगिव्यधिकरणो बोध्यः, तेन कपिसंयोगी एतद्वृक्षत्वादित्यत्र मूलावच्छेदेनैतद्वृक्षवृत्तिकपिसंयोगाभावप्रतियोगित्वेऽपि कपिसंयोगस्य नाऽव्याप्तिः ।**

---

### ★ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ નિવેશ ★

**મુક્તાવલી : પ્રશ્ન :** હજી '**वृक्षः कपिसंयोगी एतद्वृक्षत्वात्**' સ્થળે લક્ષણની અવ્યાપ્તિ થાય છે.

હેતુ = એતદ્વૃક્ષત્વ, હેત્વધિકરણ = એતદ્વૃક્ષ, એમાં મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવ વૃત્તિ છે. એ અભાવનો પ્રતિયોગી કપિસંયોગ, પ્રતિયોગિતાવચ્છેદક = કપિસંયોગત્વ, એ જ સાધ્યતાવચ્છેદક છે માટે પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ન બન્યો એટલે

લક્ષણની અવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** અમે કહીશું કે હેત્વધિકરણમાં જે અભાવ લેવાનો તે પ્રતિયોગિ-સમાનાધિકરણ અભાવ નહિ લેવો કિન્તુ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ લેવો. પ્રતિયોગી અને પ્રતિયોગીનો અભાવ બે ય એક જ સ્થળે રહેતા હોય તો તે અભાવ પ્રતિયોગિસમાનાધિકરણ કહેવાય અને અભાવ અને તેનો પ્રતિયોગી જુદા જુદા અધિકરણમાં રહેતા હોય તો તે અભાવ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ કહેવાય. કપિસંયોગાભાવ એ પ્રતિયોગિસમાનાધિકરણ અભાવ છે, કેમકે જે વૃક્ષમાં કપિસંયોગાભાવ છે તે જ વૃક્ષમાં કપિસંયોગ પણ છે. (સંયોગ અવ્યાપ્યવૃત્તિ ગુણ છે માટે જ્યાં સંયોગ હોય ત્યાં તદભાવ પણ મળે.) હવે આ પ્રતિયોગિસમાનાધિકરણ અભાવ ન લેવાય. હેત્વધિકરણ વૃક્ષમાં જે ઘટાભાવાદિ છે તે પ્રતિયોગિવ્યધિકરણ અભાવ છે, કેમકે ઘટાભાવ વૃક્ષમાં છે અને તેનો પ્રતિયોગી ઘટ ભૂતલ ઉપર છે. આમ ઘટાભાવ અને પ્રતિયોગી ઘટના વિભિન્ન અધિકરણ બની જાય છે. આ ઘટાભાવાદિની પ્રતિયોગિતાના અવચ્છેદક ઘટત્વાદિ છે, જ્યારે સાધ્યતાવચ્છેદક કપિસંયોગત્વ છે. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી. હવે લક્ષણનો આકાર આ થયો :

**हेतुतावच्छेदकधर्मावच्छिन्नहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नहेत्वधिकरणवृत्तिप्रति-योगिव्यधिकरणाऽभावीयप्रतियोगिताऽनवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्य-सामानाधिकरण्यं व्याप्तिः ।**

---

**मुक्तावली : न च प्रतियोगिव्यधिकरणत्वं यदि प्रतियोग्यनधिकरणावृत्तित्वं तदा तथैवाऽव्याप्तिः, प्रतियोगिनः कपिसंयोगस्याऽनधिकरणे गुणादौ वर्तमानो योऽभावस्तस्यैव वृक्षे मूलावच्छेदेन सत्त्वात् ।**

---

### ★ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ એટલે શું ? ★

**મુક્તાવલી : પ્રશ્ન :** પ્રતિયોગિવ્યધિકરણ અભાવ એટલે શું ?

(૧) પ્રતિયોગીના અનધિકરણમાં વૃત્તિ અભાવ ? કે

(૨) પ્રતિયોગીના અધિકરણમાં અવૃત્તિ અભાવ ?

આ બે ય અર્થ લેવામાં આપત્તિ છે. પ્રતિયોગિવ્યધિકરણ અભાવ એટલે જો

પ્રતિયોગી-અનધિકરણમાં વૃત્તિ અભાવ લો, અર્થાત્ પ્રતિયોગીનું જે અધિકરણ નથી ત્યાં રહેનારો અભાવ લો તો ફરી '**वृक्षः कपिसंयोगी एतद्वृक्षत्वात्**' સ્થાને લક્ષણની અવ્યાપ્તિ આવશે, કેમકે અહીં કપિસંયોગાભાવ જ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ બની જાય છે. હેતુ = એતદ્વૃક્ષત્વ, હેત્વધિકરણ = એતદ્વૃક્ષ, એમાં વૃત્તિ = પ્રતિયોગી-અનધિકરણવૃત્તિ જે અભાવ તે કપિસંયોગાભાવ. તે આ રીતે :

આ કપિસંયોગાભાવ ગુણમાં રહે છે અને ત્યાં ગુણમાં પ્રતિયોગી કપિસંયોગ નથી રહેતો. એટલે ગુણ એ પ્રતિયોગી-અનધિકરણ બન્યું અને તેમાં રહેલો કપિસંયોગાભાવ એ પ્રતિયોગી-અનધિકરણવૃત્તિ અભાવ બન્યો. હવે જે કપિસંયોગાભાવ ગુણમાં છે તે જ કપિસંયોગાભાવ મૂલાવચ્છેદેન વૃક્ષમાં પણ છે જ, કેમકે અધિકરણભેદેન અભાવભેદ થતો નથી. આમ ગુણમાં રહેલો પ્રતિયોગી-અનધિકરણવૃત્તિ જે કપિસંયોગાભાવ તે જ વૃક્ષમાં છે. એટલે હેત્વધિકરણવૃત્તિ જે પ્રતિયોગી-અનધિકરણવૃત્તિ અભાવ તે કપિસંયોગાભાવ, તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક કપિસંયોગત્વ, એ જ સાધ્યતા-વચ્છેદક બની ગયો, અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક ન રહ્યો એટલે લક્ષણની અવ્યાપ્તિ થઈ.

---

**मुक्तावली : यदि तु प्रतियोग्यधिकरणाऽवृत्तित्वं तदा संयोगी सत्त्वादित्यादावतिव्याप्तिः, सत्ताधिकरणे गुणादौ यः संयोगाभावस्तस्य प्रतियोग्यधिकरणद्रव्यवृत्तित्वादिति वाच्यम्, हेत्वधिकरणे प्रतियोग्यनधि-करणवृत्तित्वविशिष्टस्य अभावस्य विवक्षितत्वात् । स्वप्रतियोग्यनधिकरणी-भूतहेत्वधिकरणवृत्त्यभाव इति निष्कर्षः ।**

---

**મુક્તાવલી :** હવે જો પ્રતિયોગિવ્યધિકરણ અભાવ એટલે પ્રતિયોગી-અધિકરણાવૃત્તિ અભાવ લો, અર્થાત્ પ્રતિયોગીના અધિકરણમાં ન રહેનારો અભાવ તે પ્રતિયોગિવ્યધિકરણ અભાવ લો તો ઉપરની આપત્તિ નહિ આવે, કેમકે કપિસંયોગાભાવ એ પ્રતિયોગી કપિસંયોગના અધિકરણ વૃક્ષમાં વૃત્તિ જ છે. આમ કપિસંયોગાભાવ એ પ્રતિયોગી-અધિકરણાવૃત્તિ અભાવ ન બનતાં તે પકડાય નહિ. એવા તો હેત્વધિકરણવૃત્તિ ઘટાભાવાદિ જ પકડાય, એટલે ઘટાદ્યભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક ઘટત્વાદિ અને સાધ્યતાવચ્છેદક કપિસંયોગત્વ બન્યા, અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બન્યો માટે લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

પણ પ્રતિયોગિવ્યધિકરણાભાવ એટલે પ્રતિયોગી-અધિકરણ-અવૃત્તિ અભાવ એવો અર્થ કરવાથી '**द्रव्यं संयोगवत् सत्त्वात्**' સ્થળે લક્ષણની અતિવ્યાપ્તિ તો થઈ જ જાય છે. જ્યાં સત્તા હોય ત્યાં સંયોગ હોય જ એવું બનતું નથી, કેમકે સત્તા તો ગુણાદિમાં છે, ત્યાં સંયોગ નથી. (ગુણમાં ગુણ ન રહે) આથી 'સત્તા' એ અસદ્ધેતુ છે.

અહીં હેતુ = સત્તા, એનું અધિકરણ ગુણ-કર્મ, એમાં યદ્યપિ સંયોગાભાવ છે અને ઘટાભાવ પણ છે, પરંતુ સંયોગાભાવ તો લેવાય નહિ, કેમકે તે તો પ્રતિયોગી-અધિકરણ-અવૃત્તિ (પ્રતિયોગી-વ્યધિકરણ) નથી, કેમકે સંયોગાભાવનો પ્રતિયોગી સંયોગ, એનું અધિકરણ દ્રવ્ય, એમાં સંયોગાભાવ વૃત્તિ જ છે, એટલે હવે હેત્વધિકરણવૃત્તિ ઘટાભાવ જ લેવાય, કેમકે તે જ પ્રતિયોગી-અધિકરણ-અવૃત્તિ છે. માટે આ અભાવીયપ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ અને સાધ્યતાવચ્છેદક છે સંયોગત્વ. આમ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક સંયોગત્વ બની જવાથી લક્ષણની અતિવ્યાપ્તિ થઈ. (દ્રવ્યમાં સંયોગ અને સંયોગાભાવ બંને રહે છે.)

(અહીં એ વાતનો ખ્યાલ રાખવો કે જ્યાં અવ્યાપ્તિ દોષ આવે ત્યાં તે અવ્યાપ્તિ દૂર કરવા **હેત્વધિકરણમાં સાધ્યાભાવ ન લેવો,** અર્થાત્ જો હેત્વધિકરણમાં સાધ્યાભાવ ન મળે તો જ સાધ્ય અભાવનો અપ્રતિયોગી બને અને તો જ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જતાં અવ્યાપ્તિ દૂર થાય.

જ્યાં અતિવ્યાપ્તિ દોષ આવતો હોય ત્યાં તેને દૂર કરવા **સાધ્યાભાવ જ પકડવો જોઈએ,** જેથી સાધ્ય એ અભાવનો પ્રતિયોગી બની જતાં પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક થઈ જાય, અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક ન બને એટલે લક્ષણની અતિવ્યાપ્તિ ટળી જાય.)

**ઉત્તર :** પ્રતિયોગિવ્યધિકરણ અભાવના જે બે અર્થ કર્યા તેમાંનો પહેલો જ અર્થ લઈને અમે તેમાં થોડો ઉમેરો કરીશું. અમે કહીશું કે પ્રતિયોગિવ્યધિકરણ અભાવ એટલે હેત્વધિકરણમાં પ્રતિયોગી-અનધિકરણની વૃત્તિતાથી વિશિષ્ટ અભાવ.

'**द्रव्यं संयोगवत् सत्त्वात्**' સ્થાને હવે અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે હેતુ = સત્તા, હેત્વધિકરણ = ગુણ-કર્મ, એમાં પ્રતિયોગી-અનધિકરણવૃત્તિત્વવિશિષ્ટ જે અભાવ તે સંયોગાભાવ, કેમકે સંયોગાભાવનો પ્રતિયોગી સંયોગ છે. એનું અનધિકરણ ગુણ છે. એટલે હેત્વધિકરણ ગુણ એ પ્રતિયોગી-અનધિકરણ બન્યું. હવે એમાં સંયોગાભાવ વૃત્તિ છે માટે સંયોગાભાવમાં પ્રતિયોગી-અનધિકરણની વૃત્તિતા છે, અર્થાત્ સંયોગાભાવ એ

પ્રતિયોગી-અનધિકરણ જે ગુણ, તેની વૃત્તિતાથી વિશિષ્ટ અભાવ છે, માટે આ સંયોગાભાવ પકડાય. તેનો પ્રતિયોગી સંયોગ બન્યો. પ્રતિયોગિતાવચ્છેદક સંયોગત્વ એ જ સાધ્યતાવચ્છેદક છે માટે હવે લક્ષણની અતિવ્યાપ્તિ ન રહી.

**'वृक्षः कपिसंयोगी एतद्वृक्षत्वात्'** સ્થાને કપિસંયોગાભાવ નહિ પકડાય, કેમકે તે હેત્વધિકરણે **પ્રતિયોગી-અનધિકરણવૃત્તિત્વવિશિષ્ટ અભાવ** નથી, કેમકે હેત્વધિકરણ વૃક્ષમાં જે કપિસંયોગાભાવ છે તે પ્રતિયોગી-અનધિકરણ વૃક્ષમાં વૃત્તિ નથી કિન્તુ પ્રતિયોગી-અધિકરણ વૃક્ષમાં વૃત્તિ છે અને ગુણમાં જે પ્રતિયોગી-અનધિકરણ-વૃત્તિતાવિશિષ્ટ કપિસંયોગાભાવ છે તે ગુણમાં જ રહે. કપિસંયોગાભાવ ગુણ અને વૃક્ષ બેયમાં છે અને તે એક જ છે. પણ પ્રતિયોગી-અનધિકરણવૃત્તિત્વવિશિષ્ટ કપિસંયોગાભાવ તો ગુણમાં જ છે. તે હેત્વધિકરણ વૃક્ષમાં છે જ નહિ. આમ આ કપિસંયોગાભાવ પ્રતિયોગિ-અનધિકરણની વૃત્તિતાથી વિશિષ્ટાભાવ નથી એટલે તે ન પકડાય. હેત્વધિકરણ વૃક્ષમાં પ્રતિયોગિ-અનધિકરણવૃક્ષવૃત્તિતાવિશિષ્ટ તો ઘટાદ્યભાવ જ છે માટે તત્પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ બન્યા. સાધ્યતાવચ્છેદક કપિસંયોગત્વ છે એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

**પ્રશ્ન** : હેત્વધિકરણવૃત્તિ જે અભાવ, તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો જે સાધ્યતાવચ્છેદક, તદવચ્છિન્ન સાધ્યનું સામાનાધિકરણ્ય વ્યાપ્તિ. આ લક્ષણ હતું. એમાં હેત્વધિકરણવૃત્તિ અભાવ કેવો લેવો ? એ પ્રશ્ન થયો. એનો પ્રથમ સીધો ઉત્તર તો એ આપ્યો કે પ્રતિયોગિવ્યધિકરણ એ અભાવ લેવો. હવે ત્યાં પણ પ્રશ્ન થયો કે પ્રતિયોગિ-વ્યધિકરણ અભાવ એટલે શું ? એનો ઉત્તર એ આપ્યો કે હેત્વધિકરણે પ્રતિયોગિ-અનધિકરણવૃત્તિતાવિશિષ્ટ અભાવ તે પ્રતિયોગિ-વ્યધિકરણ અભાવ લેવો. એટલે હવે લક્ષણનો આકાર આ થયો :

**हेत्वधिकरणवृत्तिः हेत्वधिकरणे यः प्रतियोगि-अनधिकरणवृत्तिताविशिष्टाभावः तत्प्रतियोगिताऽनवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

હવે અહીં અમારો પ્રશ્ન ઊભો થાય છે કે આ રીતે બે વાર 'હેત્વધિકરણવૃત્તિ' પદ લક્ષણમાં કેમ આવ્યું ? આમાંનું એક તો પુનરુક્તિ-દોષદુષ્ટ બનીને નિરર્થક થાય છે.

**ઉત્તર** : સારું, તો હવે અમે જે હેત્વધિકરણવૃત્તિ અભાવને પ્રતિયોગિ-વ્યધિકરણ કહેતા હતા, અર્થાત્ અભાવમાં જે પ્રતિયોગિવ્યધિકરણત્વનો નિવેશ કરતા હતા તે હવે નહિ કરીએ અને હવે અમે હેત્વધિકરણનું વિશેષણ લઈશું કે હેત્વધિકરણ એ

સ્વપ્રતિયોગ્યનધિકરણ હોવું જોઈએ. એટલે લક્ષણ આ પ્રમાણે બનશે કે :

**स्वप्रतियोग्यनधिकरणीभूतहेत्वधिकरणवृत्त्यभावीयप्रतियोगिताऽनवच्छेदक-साध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

'સ્વ' તરીકે લક્ષણમાં ઘટકીભૂત અભાવ લેવો.

**'वृक्षः कपिसंयोगी एतद्वृक्षत्वात्'** સ્થળે કપિસંયોગાભાવ નહિ પકડાય, કેમકે હેત્વધિકરણ વૃક્ષ એ કપિસંયોગાભાવના પ્રતિયોગી કપિસંયોગનું અનધિકરણીભૂત નથી, તેવા તો ઘટાભાવાદિ જ પકડાય, માટે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ બને, સાધ્યતા-વચ્છેદક કપિસંયોગત્વ બને. આમ પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણની અવ્યાપ્તિ ન આવે.

**'द्रव्यं संयोगवत् सत्त्वात्'** સ્થાને અતિવ્યાપ્તિ પણ નહિ આવે, કેમકે હેત્વધિકરણ ગુણમાં જે સંયોગાભાવ છે તેના પ્રતિયોગી સંયોગનું એ હેત્વધિકરણ અનધિકરણ છે જ. આમ સ્વપ્રતિયોગિ-અનધિકરણીભૂત જે હેત્વધિકરણ, તાદૃશ હેત્વધિકરણવૃત્તિ અભાવ એ સંયોગાભાવ થયો. તત્પ્રતિયોગિતાવચ્છેદક સંયોગત્વ એ જ સાધ્યતાવચ્છેદક છે. માટે પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક ન બનવાથી લક્ષણની અતિવ્યાપ્તિ ન આવી. આમ હવે સમગ્ર લક્ષણનો આકાર આ થયો :

**स्वप्रतियोग्यनधिकरणहेतुतावच्छेदकधर्मावच्छिन्नहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्न-हेत्वधिकरणवृत्तिविशिष्टधर्माऽनवच्छिन्नव्यासज्यवृत्तिधर्माऽनवच्छिन्नप्रतियोगिताकाभावीय-प्रतियोगिताऽनवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

આ વ્યાપ્તિનું લક્ષણ આપણે જે ક્રમથી ગોઠવતા ગયા તે ક્રમ આ પ્રમાણે છે :

(૧) **વિશિષ્ટધર્માનવચ્છિન્નત્વનિવેશ :** હવે વિશિષ્ટવહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક-વિશિષ્ટવહ્ન્યભાવ ન લેવાય. એટલે **'वह्निमान् धूमात्'**ની અવ્યાપ્તિ ન આવી.

(૨) **વ્યાસજ્યવૃત્તિધર્માનવચ્છિન્નત્વનિવેશ :** ઉભયાભાવની અવ્યાપ્તિ દૂર થઈ.

(૩) **પ્રતિયોગિતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકત્વનિવેશ : 'गुणवान् द्रव्यत्वात्'** સ્થાને અવ્યાપ્તિ દૂર થઈ.

અવાન્તરમાં **'घटः रूपत्वव्याप्यजातिमद्वान् पृथ्वीत्वात्'** સ્થાને પ્રતિયોગિતા-વચ્છેદકતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકતાવચ્છેદક લઈને નવી વ્યાપ્તિ બનાવી.

(૪) **હેતુતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વનિવેશ : 'द्रव्यं विशिष्टसत्त्वात्'** સ્થાને અવ્યાપ્તિ દૂર કરી.

(૫) **હેતુતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વનિવેશ : 'वह्निमान् धूमात्'** સ્થાને અવ્યાપ્તિ દૂર કરી.

(૬) **હેત્વધિકરણવૃત્તિ જે અભાવ તે પ્રતિયોગિવ્યધિકરણ લેવો : 'कपिसंयोगी एतद्वृक्षत्वात्'** સ્થાને અવ્યાપ્તિ દૂર કરી.

**પૂર્વપક્ષ :** પ્રતિયોગિવ્યધિકરણ-અભાવ એટલે જો પ્રતિયોગી-અનધિકરણવૃત્તિ અભાવ અર્થ કરો તો **'कपिसंयोगी एतद्वृक्षत्वात्'** સ્થાને અવ્યાપ્તિ આવશે. જો પ્રતિયોગી-અધિકરણ-અવૃત્તિ અભાવ અર્થ કરો તો **'संयोगी सत्त्वात्'** સ્થાને અતિવ્યાપ્તિ આવશે.

**ઉત્તરપક્ષ :** હેત્વધિકરણવૃત્તિ-હેત્વધિકરણે પ્રતિયોગિ-અનધિકરણવૃત્તિત્વવિશિષ્ટ-અભાવ એ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ કહેવો. હવે ઉપરની બે ય આપત્તિ નહિ આવે.

સમગ્ર લક્ષણમાં બે વાર 'હેત્વધિકરણ' પદનું નૈરર્થક્ય જાણીને નવું લક્ષણ બનાવ્યું કે :

**'स्व-प्रतियोगि-अनधिकरण-हेत्वधिकरणवृत्ति-अभावीयप्रतियोगितानवच्छेदक-साध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।'** એ લક્ષણ થયું.

હવે આપણે આ લક્ષણના વધુ પરિષ્કારો જોઈએ.

---

**मुक्तावली : प्रतियोग्यनधिकरणत्वं च प्रतियोगितावच्छेदकावच्छिन्नाऽनधिकरणत्वं वाच्यम्, तेन विशिष्टसत्तावान् जातेरित्यादौ जात्यधिकरण-गुणादौ विशिष्टसत्ताभावप्रतियोगिसमानाधिकरणत्वेऽपि न क्षतिः ।**

---

### ★ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નત્વ-નિવેશ ★

**મુક્તાવલી : પ્રશ્ન :** આ લક્ષણ **'द्रव्यं विशिष्टसत्तावत् जातेः'** સ્થળે અતિવ્યાપ્ત થાય છે. હેત્વધિકરણ = જાત્યધિકરણ છે ગુણકર્મ. એ હેત્વધિકરણમાં વિશિષ્ટસત્તાનો અભાવ (સાધ્યાભાવ) તો નહિ લેવાય, કેમકે વિશિષ્ટસત્તાનો અભાવ એ જેમ ગુણકર્મમાં છે તેમ તેનો પ્રતિયોગી વિશિષ્ટસત્તા પણ ગુણકર્મમાં છે, કેમકે વિશિષ્ટ સત્તા અને શુદ્ધ સત્તા એક છે. આમ હેત્વધિકરણ ગુણ એ સ્વ=વિશિષ્ટસત્ત્વાભાવનો પ્રતિયોગી જે

વિશિષ્ટસત્તા, તેનું અનધિકરણ નથી કિન્તુ અધિકરણ જ છે. આપણે તો સ્વપ્રતિયોગી અનધિકરણ એવું હેત્વધિકરણ લેવું છે. એટલે હવે વિશિષ્ટસત્તાનો અભાવ (સાધ્યાભાવ) તો નહિ લેવાય, ઘટાભાવાદિ જ લેવાય, કેમકે સ્વ=ઘટાભાવ, સ્વનો પ્રતિયોગી ઘટ, એનું અનધિકરણ એવું હેત્વધિકરણ ગુણ છે જ, માટે સ્વપ્રતિયોગ્યનધિકરણ-હેત્વધિકરણવૃત્તિ અભાવ તે ઘટાભાવ, તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ, સાધ્યતાવચ્છેદક તો વિશિષ્ટસત્તાત્વ છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક થઈ જતાં લક્ષણની અતિવ્યાપ્તિ આવી.

**ઉત્તર** : આ દોષ દૂર કરવા અમે કહીશું કે જે પ્રતિયોગી લેવાનો તે પ્રતિયોગિતા-વચ્છેદકધર્માવચ્છિન્ન પ્રતિયોગી લેવાનો. એવા પ્રતિયોગીનું અનધિકરણ જે હેત્વધિકરણ, તેમાં વૃત્તિ અભાવીયપ્રતિયોગિતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન-સાધ્યસામાનાધિકરણ્ય તે વ્યાપ્તિ.

**विशिष्टसत्तावान् जातेः** સ્થળે હેત્વધિકરણ = જાત્યધિકરણ ગુણ છે, તેમાં વિશિષ્ટસત્તાનો અભાવ છે. આ અભાવનો પ્રતિયોગી વિશિષ્ટસત્તા ભલે ગુણમાં છે પરન્તુ પ્રતિયોગિતાવચ્છેદક જે વિશિષ્ટસત્તાત્વ, તદવચ્છિન્ન વિશિષ્ટસત્તા ગુણમાં નથી જ. હવે ગુણમાં વિશિષ્ટસત્તાનો અભાવ છે અને વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્નવિશિષ્ટસત્તાત્મક પ્રતિયોગી નથી એટલે હેત્વધિકરણ ગુણ એ વિશિષ્ટસત્ત્વાભાવ(સ્વ)ના પ્રતિયોગી વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્નવિશિષ્ટસત્તાનું અનધિકરણ બને છે. માટે તે વિશિષ્ટસત્ત્વાભાવ (સાધ્યાભાવ) હેત્વધિકરણમાં મળે, તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક વિશિષ્ટસત્તાત્વ બને. એ જ સાધ્યતાવચ્છેદક છે. માટે પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક ન બનવાથી લક્ષણની અતિવ્યાપ્તિ નહિ થાય. એટલે હવે લક્ષણનો આકાર આ થયો :

**स्वप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगि-अनधिकरणहेत्वधिकरणवृत्ति-अभावीयप्रतियोगिताऽनवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

---

**मुक्तावली : अत्र साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरणत्वं बोध्यम्, तेन ज्ञानवान् सत्त्वादित्यादौ सत्ताधिकरणघटादेर्विषयतया ज्ञानाधिकरणत्वे-ऽपि न क्षतिः । इत्थं च वह्निमान् धूमादित्यादौ धूमाधिकरणे समवायेन वह्निविरहसत्त्वेऽपि न क्षतिः ।**

---

### ★ સાધ્યતાવચ્છેદકસંબંધ-નિવેશ ★

**મુક્તાવલી : પ્રશ્ન :** હજી આ લક્ષણની '**आत्मा ज्ञानवान् सत्त्वात्**' સ્થાને અતિવ્યાપ્તિ આવે છે. હેતુ સત્તા, હેત્વધિકરણ ઘટાદિ, એમાં જ્ઞાનાભાવ (સાધ્યાભાવ) લઈ શકાય નહિ, કેમકે જ્ઞાનાભાવ(સ્વ)નો પ્રતિયોગી જ્ઞાન, એનું અનધિકરણ આ હેત્વધિકરણ ઘટાદિ નથી, કેમકે ઘટમાં તો વિષયતા-સંબંધથી જ્ઞાન = પ્રતિયોગી રહે છે માટે ઘટાભાવાદિ જ લેવા પડે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વાદિ છે અને સાધ્યતાવચ્છેદક જ્ઞાનત્વ છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જતાં લક્ષણની અતિવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** પ્રતિયોગીનું અનધિકરણ જે હેત્વધિકરણ લેવાનું ત્યાં સાધ્યતાવચ્છેદક સંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવાનું એમ અમે કહીશું. **आत्मा ज्ञानवान् सत्त्वात्** સ્થળે હેત્વધિકરણ = સત્તાધિકરણ ઘટાદિ છે, તેમાં વિષયતા-સંબંધથી ભલે જ્ઞાનાભાવનો પ્રતિયોગી જ્ઞાન રહે છે, પણ સાધ્ય જ્ઞાન તો આત્મામાં સમવાયસંબંધથી રહે છે, માટે સાધ્યતાવચ્છેદક સંબંધ સમવાયસંબંધ છે. આ સમવાયસંબંધથી તો જ્ઞાનાભાવના પ્રતિયોગી જ્ઞાનનું અનધિકરણ ઘટાદિ છે જ, કેમકે ઘટાદિમાં સમવાયસંબંધથી જ્ઞાનાદિ રહી શકતા નથી. આમ હેત્વધિકરણ ઘટાદિ એ સ્વપ્રતિયોગીનું અનધિકરણ છે જ. માટે સ્વપ્રતિયોગી-અનધિકરણ જે હેત્વધિકરણ ઘટાદિ, તેમાં વૃત્તિ જે જ્ઞાનાભાવ (સાધ્યાભાવ), તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક જ્ઞાનત્વ એ જ સાધ્યતાવચ્છેદક છે માટે લક્ષણની અતિવ્યાપ્તિ ન થઈ.

આમ સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ લેવાનું કહ્યું એટલે '**वह्निमान् धूमात्**' સ્થળે પણ હેત્વધિકરણ પર્વતમાં વહ્ન્યભાવના પ્રતિયોગી વહ્નિનો સમવાયેન અભાવ લઈને કોઈ એમ નહિ કહી શકે કે, "વહ્ન્યભાવના પ્રતિયોગી વહ્નિનું હેત્વધિકરણ પર્વત સમવાયેન અનધિકરણ છે જ માટે વહ્ન્યભાવ લઈ શકાય. એટલે તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ એ જ સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણની અવ્યાપ્તિ આવે." કેમકે અહીં સાધ્યતાવચ્છેદકસંબંધ સંયોગસંબંધ છે. જો પર્વતમાં વહ્ન્યભાવ લો તો હેત્વધિકરણ પર્વત એ વહ્ન્યભાવના પ્રતિયોગી વહ્નિનો સંયોગેન અનધિકરણ બનવો જોઈએ. પણ સંયોગેન તો વહ્નિ = પ્રતિયોગીનું હેત્વધિકરણ અધિકરણ જ છે, એટલે વહ્ન્યભાવ લઈ શકાય જ નહિ, ઘટાભાવાદિ જ લેવાય, કેમકે ઘટાભાવ-પ્રતિયોગી ઘટનું હેત્વધિકરણ એ સંયોગેન અનધિકરણ છે જ. માટે

ઘટાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ અને સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ છે, માટે પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણનો સમન્વય થઈ જતાં અવ્યાપ્તિ ન રહી.

હવે લક્ષણ આવું થયું :

**स्व-प्रतियोगितावच्छेदकावच्छिन्नसाध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगि-अनधिकरण-हेतुतावच्छेदकधर्मावच्छिन्नहेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नहेत्वधिकरण-वृत्तिविशिष्टधर्मानवच्छिन्नव्यासज्यवृत्तिधर्मानवच्छिन्नप्रतियोगिताकाभावीयप्रतियोगिता-नवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

---

**मुक्तावली : ननु प्रतियोगितावच्छेदकावच्छिन्नस्य यस्य कस्यचित्प्रतियोगि-नोऽनधिकरणत्वं तत्सामान्यस्य वा यत्किञ्चित्प्रतियोगितावच्छेदकावच्छिन्ना-ऽनधिकरणत्वं वा विवक्षितम् ?**

---

**★ પ્રતિયોગીના અનધિકરણ અંગે ત્રણ વિકલ્પો ★**

**મુક્તાવલી : પ્રશ્ન :** તમે આ લક્ષણમાં કહ્યું કે પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ જોઈએ. અહીં અમારા ત્રણ પ્રશ્નો છે કે પ્રતિયોગીનું અનધિકરણ એટલે:

(૧) શું પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન એકાદ પ્રતિયોગીનું અનધિકરણ ?

(૨) શું પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન બધા પ્રતિયોગીનું અનધિકરણ ? કે

(૩) શું એકાદ પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણ લેવું ?

આ જ ત્રણ વિકલ્પોને ન્યાયની ભાષામાં આ રીતે મુકાય :

**(१) किं प्रतियोगितावच्छेदकावच्छिन्नस्य यस्य कस्यचित् प्रतियोगिनः अनधिकरणत्वम् ?**

**(२) किं प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिसामान्यस्य अनधिकरणत्वम् ?**

**(३) किं यत्किञ्चित्प्रतियोगितावच्छेदकावच्छिन्नस्य प्रतियोगिनोऽनधिकरण-त्वम् ?**

---

**मुक्तावली : आद्ये कपिसंयोगी एतद्वृक्षत्वादित्यादौ तथैवाऽव्याप्तिः, कपिसंयोगाभावप्रतियोगितावच्छेदकावच्छिन्नो वृक्षाऽवृत्तिकपिसंयोगोऽपि**

**भवति, तदनधिकरणं वृक्ष इति ।**

---

**મુક્તાવલી :** હવે જો તમે પ્રથમ વિકલ્પ લો, અર્થાત્ એમ કહો કે 'પ્રતિયોગીનું અનધિકરણ એટલે એકાદ પ્રતિયોગીનું અનધિકરણ એવું જે હેત્વધિકરણ એમ લઈશું' તો **कपिसंयोगी एतद्वृक्षत्वात्** સ્થળે અવ્યાપ્તિ આવશે, કેમકે હેત્વધિકરણ વૃક્ષ એ કપિસંયોગાભાવનો પ્રતિયોગી જે ભૂતલનિષ્ઠ કપિસંયોગ, એનું અનધિકરણ છે જ. યદ્યપિ વૃક્ષનિષ્ઠકપિસંયોગાત્મક પ્રતિયોગીનું વૃક્ષ અનધિકરણ નથી તથાપિ ભૂતલનિષ્ઠ-કપિસંયોગાત્મક પ્રતિયોગીનું તો વૃક્ષ અનધિકરણ છે જ. આમ ગમે તે એક પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ જો લેવાય તો હેત્વધિકરણ વૃક્ષમાં કપિસંયોગાભાવ લઈ શકાય. તેનો પ્રતિયોગિતાવચ્છેદક કપિસંયોગત્વ છે, તે જ સાધ્યતાવચ્છેદક છે માટે લક્ષણની અવ્યાપ્તિ આવે.

---

**मुक्तावली : द्वितीये तु प्रतियोगिव्यधिकरणाभावाऽप्रसिद्धिः, सर्वस्यैवाभावस्य पूर्वक्षणवृत्तित्वविशिष्टस्वाभावात्मकप्रतियोगिसमानाधिकरणत्वात् ।**

---

**મુક્તાવલી :** હવે જો બીજો વિકલ્પ લો અને એમ કહો કે 'બધા પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ જોઈએ' તો **'कपिसंयोगी एतद्वृक्षत्वात्'** સ્થળે અવ્યાપ્તિ નહિ આવે. હવે કપિસંયોગાભાવ (સાધ્યાભાવ) પકડી શકાશે નહિ, કેમકે કપિસંયોગાભાવના બધા પ્રતિયોગી કપિસંયોગોનું વૃક્ષ અનધિકરણ નથી જ, કેમકે વૃક્ષમાં પ્રતિયોગી એક કપિસંયોગ તો છે જ. આથી ઘટાભાવાદિ લેવાય. તેના પ્રતિયોગી બધા ઘટનું હેત્વધિકરણ વૃક્ષ અનધિકરણ છે જ. માટે સ્વપ્રતિયોગી-અનધિકરણહેત્વધિકરણ વૃક્ષમાં ઘટાભાવ લેવાય. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ, જ્યારે સાધ્યતાવચ્છેદક તો કપિસંયોગત્વ છે. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બની જતાં લક્ષણનો સમન્વય થઈ ગયો.

પણ આ બીજો વિકલ્પ લેવા જતાં તો હવે ક્યાંય લક્ષણ નહિ જાય, અર્થાત્ અસંભવ દોષ આવશે.

જુઓ; **वह्निमान् धूमात्** સ્થળે હેત્વધિકરણ પર્વત છે. તેમાં વૃત્તિ જે ઘટાભાવ છે તેનો પ્રતિયોગી ઘટ છે તેમ ઘટાભાવાભાવ પણ છે. તે આ રીતે :

હેત્વધિકરણમાં પ્રથમ ક્ષણે જે ઘટાભાવ છે તે પ્રથમ ક્ષણમાં વૃત્તિ ઘટાભાવ

કહેવાય, માટે ઘટાભાવમાં પ્રથમક્ષણવૃત્તિત્વ રહ્યું, એટલે ઘટાભાવ પ્રથમક્ષણવૃત્તિત્વ-વિશિષ્ટ કહેવાય.

હવે આ પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવ દ્વિતીય ક્ષણમાં તો નથી જ, અર્થાત્ પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવનો દ્વિતીય ક્ષણમાં અભાવ છે. દ્વિતીય ક્ષણે પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવનો અભાવ છે અને તૃતીય ક્ષણે પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવાભાવનો અભાવ છે. આ તૃતીય ક્ષણમાં રહેલો પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવાભાવનો જે અભાવ છે એ ઘટાભાવસ્વરૂપ છે. ઘટાભાવના અભાવનો અભાવ = ઘટાભાવ જ થાય. આમ તૃતીય ક્ષણમાં જે પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવાભાવાભાવ છે તે પ્રથમક્ષણીય ઘટાભાવસ્વરૂપ બન્યો. હવે પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવાભાવાભાવનો પ્રતિયોગી દ્વિતીય ક્ષણમાં રહેલો ઘટાભાવાભાવ છે. એનો અર્થ એ થયો કે ઘટાભાવનો પ્રતિયોગી ઘટાભાવાભાવ છે. એટલે હવે ઘટાભાવના બે પ્રતિયોગી થયા : ઘટ અને દ્વિતીય ક્ષણમાં રહેલો પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવાભાવ. હવે તમે કહ્યું કે હેત્વધિકરણમાં જે અભાવ લેવાનો તેના બધા પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ બનવું જોઈએ. હવે **વહ્નિમાન્ ધૂમાત્** સ્થળે હેત્વધિકરણ પર્વતમાં ઘટાભાવ લઈ શકાશે નહિ, કેમકે તેના બે પ્રતિયોગીમાંના ઘટાત્મક પ્રતિયોગીનું તો હેત્વધિકરણ પર્વત અનધિકરણ છે જ, પણ ઘટાભાવાભાવસ્વરૂપ બીજા પ્રતિયોગીનું તો પર્વત અધિકરણ બની જાય છે, કેમકે દ્વિતીય ક્ષણમાં તો આ પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવાભાવરૂપ પ્રતિયોગી પર્વતમાં છે જ. એટલે આ રીતે સર્વત્ર લક્ષણનો અસંભવ થઈ જશે.

---

**मुक्तावली : न च वह्निमान् धूमादित्यादौ घटाभावादेः पूर्वक्षणवृत्तित्व-विशिष्टस्वाभावात्मकप्रतियोग्यधिकरणत्वं यद्यपि पर्वतादेः, तथापि साध्यतावच्छेदकसम्बन्धेन तत्प्रतियोग्यनधिकरणत्वमस्त्येवेति कथं प्रतियोगिव्यधिकरणाभावाऽप्रसिद्धिरिति वाच्यम्, घटाभावे यो वह्न्यभावः, तस्य घटाभावात्मकतया घटाभावस्य वह्निरपि प्रतियोगी, तदधिकरणं च पर्वतादिरित्येवं क्रमेण प्रतियोगिव्यधिकरणस्याऽप्रसिद्धत्वात् ।**

---

**મુક્તાવલી :** ઉત્તર : નહિ, આ દોષ આવી શકે તેમ નથી. તમે એક વાત ભૂલી ગયા છો તેથી જ આ દોષ આપવાનું સાહસ કર્યું છે. અમે પૂર્વે **'ज्ञानवान् सत्त्वात्'**

સ્થલીય અતિવ્યાપ્તિ દૂર કરવા માટે કહ્યું છે કે પ્રતિયોગીનું અનધિકરણ જે લેવાનું તે સાધ્યતાવચ્છેદકસંબંધથી લેવાનું. **वह्निमान् धूमात्** સ્થળે સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગસંબંધ છે. આ સંયોગસંબંધથી ઘટાભાવના પ્રતિયોગી ઘટ અને ઘટાભાવાભાવ બેયનું અનધિકરણ હેત્વધિકરણ છે જ. સંયોગથી ઘટ પ્રતિયોગી તો પર્વતમાં છે જ નહિ અને જે બીજો ઘટાભાવાભાવ પ્રતિયોગી છે તે પર્વતમાં સ્વરૂપસંબંધથી રહ્યો છે. સંયોગસંબંધથી તો ઘટાભાવાભાવ સ્વરૂપ બીજો પ્રતિયોગી પણ હેત્વધિકરણ પર્વતમાં નથી જ. આમ બન્નેય પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ પર્વત બની ગયો તેથી પર્વતમાં ઘટાભાવ લઈ શકાય. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ બને, સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ છે. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બની જતાં લક્ષણ-સમન્વય થઈ ગયો. આમ અસંભવ દોષ રહેતો નથી.

**પૂર્વપક્ષ** : ઘટાભાવના બધા પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ બને તો જ હેત્વધિકરણમાં ઘટાભાવ લઈ શકાય. પણ જુઓ, જેમ ઘટાભાવના પ્રતિયોગી ઘટ અને ઘટાભાવાભાવ છે તેમ વહ્નિ (સાધ્ય) પણ છે. તે આ રીતે :

ઘટાભાવમાં વહ્નિ નથી રહેતો માટે ઘટાભાવમાં વહ્ન્યભાવ છે. હવે એવો નિયમ છે કે જે અભાવનું અધિકરણ અભાવ હોય તે અભાવ અધિકરણસ્વરૂપ હોય. **अभावाधिकरणकाभावमात्रस्य अधिकरणात्मकत्वात्** । એટલે ઘટાભાવ એ વહ્ન્યભાવનું અધિકરણ છે માટે વહ્ન્યભાવ એ ઘટાભાવસ્વરૂપ છે. હવે જ્યારે ઘટાભાવ અને વહ્ન્યભાવ, એ બે અભિન્ન થઈ ગયા ત્યારે જેમ ઘટાભાવનો પ્રતિયોગી ઘટ છે તેમ વહ્નિ પણ છે જ. હવે સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ લેવાનું તમે કહ્યું તો ભલે તે સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધથી ઘટાભાવના બે પ્રતિયોગી ઘટ અને ઘટાભાવાભાવનું હેત્વધિકરણ અનધિકરણ છે, પણ ઘટાભાવનો જે ત્રીજો પ્રતિયોગી વહ્નિ છે તેનું તો સંયોગસંબંધથી હેત્વધિકરણ પર્વત અધિકરણ જ છે. આ રીતે સદ્ધેતુક સ્થળે જેનો અભાવ લેશો તે અભાવમાં સાધ્યાભાવ લઈને તે બે અભાવને એકસ્વરૂપ કરીને અભાવનો પ્રતિયોગી સાધ્ય બનાવીશું. અને સાધ્યનું તો હેત્વધિકરણ અધિકરણ જ બનશે એટલે ક્યાંય બધા પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ બનશે જ નહિ. તેથી અસંભવ દોષ અપરિહાર્ય બની જાય છે.

---

**मुक्तावली : यदि च घटाभावादौ वह्न्यभावादिर्भिन्न इत्युच्यते, तथाऽपि धूमाभाववान् वह्न्यभावादित्यादावव्याप्तिः, तत्र साध्यतावच्छेदकसम्बन्धः**

**स्वरूपसम्बन्धस्तेन सम्बन्धेन सर्वस्यैवाभावस्य पूर्वक्षणवृत्तित्वविशिष्ट-स्वाभावात्मकप्रतियोग्यधिकरणत्वं हेत्वधिकरणस्येति ।**

---

**મુક્તાવલી : ઉત્તરપક્ષ :** જે અભાવનું અધિકરણ અભાવ હોય તે અભાવ અધિકરણાત્મક બને તેવો નિયમ અમે માનતા જ નથી. ઘટાભાવમાં ભલે વહ્ન્યભાવ છે પણ તેથી તે બે એકરૂપ છે તેમ ન કહી શકાય. એટલે હવે ઘટાભાવનો પ્રતિયોગી વહ્નિ બની શકે નહિ, માત્ર પૂર્વોક્ત ઘટ અને ઘટાભાવાભાવ એ બે જ બને. તે બે ય -બધા-પ્રતિયોગીનું સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધથી હેત્વધિકરણ પર્વત એ અનધિકરણ છે જ. માટે સ્વપ્રતિયોગિ-અનધિકરણહેત્વધિકરણપર્વતવૃત્તિ-અભાવ તે ઘટાભાવ, તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ બને, સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ છે. આમ પ્રતિયોગિતા-નવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણનો સમન્વય થઈ ગયો એટલે અસંભવ દોષ રહેતો નથી.

**પૂર્વપક્ષ :** સારું, તો હવે અસંભવ દોષ નહિ આવે પણ '**ह्रदो धूमाभाववान् वह्न्यभावात्**' સ્થાને લક્ષણની અવ્યાપ્તિ તો જરૂર આવશે. અહીં હેત્વધિકરણ હ્રદ છે, તેમાં એવો અભાવ લેવો જોઈએ કે જેના બધા પ્રતિયોગીનું તે હેત્વધિકરણ અનધિકરણ બનતું હોય. હવે હેત્વધિકરણ હ્રદમાં ઘટાભાવ લઈએ તો તેના પ્રતિયોગી પૂર્વોક્ત રીતે બે છે : ઘટ અને ઘટાભાવાભાવ. હવે આ બે ય પ્રતિયોગીનું સાધ્યતાવચ્છેદકસંબંધથી અનધિકરણ હેત્વધિકરણ બની શકતું નથી, કેમકે અહીં સાધ્ય ધૂમાભાવ એ પક્ષ હ્રદમાં સ્વરૂપસંબંધથી રહે છે માટે સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધ થયો. આ સ્વરૂપસંબંધથી ઘટાભાવનો પ્રતિયોગી ઘટ તો હ્રદમાં નથી રહેતો માટે એક પ્રતિયોગી ઘટનું તો સ્વરૂપસંબંધથી હેત્વધિકરણ અનધિકરણ બન્યું, પણ જે બીજો ઘટાભાવાભાવ પ્રતિયોગી છે તેનું તો સ્વરૂપસંબંધથી હેત્વધિકરણ એ અધિકરણ જ છે. પૂર્વે '**वह्निमान् धूमात्**' સ્થળે સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધ હતો એટલે તે સંયોગસંબંધથી ઘટાભાવાભાવ સ્વરૂપ બીજા પ્રતિયોગીનું હેત્વધિકરણ અનધિકરણ બની ગયો એટલે લક્ષણ-સમન્વય થઈ ગયો. પણ જયાં સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધ હોય ત્યાં તો ઘટાભાવનો બીજો પ્રતિયોગી ઘટાભાવાભાવ હેત્વધિકરણમાં રહી જ જવાનો, કેમકે પ્રતિયોગી ઘટાભાવાભાવ સ્વરૂપસંબંધથી હેત્વધિકરણવૃત્તિ જ બને. આમ આવા સ્થાને ઘટાભાવના બીજા પ્રતિયોગી ઘટાભાવાભાવનું અનધિકરણ હેત્વધિકરણ ન બને એટલે અભાવના બધા પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ ન બનતાં લક્ષણની અવ્યાપ્તિ થાય.

**मुक्तावली : तृतीये तु कपिसंयोगाभाववान् आत्मत्वादित्यादावव्याप्तिः, तत्रात्मवृत्तिः कपिसंयोगाभावाभावः कपिसंयोगस्तस्य गुणत्वात्तत्प्रतियोगितावच्छेदकं गुणसामान्याभावत्वमपि तदवच्छिन्नाऽनधिकरणत्वं हेत्वधिकरणस्यात्मन इति ।**

**મુક્તાવલી : ઉત્તરપક્ષ :** તો અમે હવે બધા પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણરૂપ બીજો વિકલ્પ છોડી દઈશું. હવે અમે ત્રીજો વિકલ્પ લેતાં કહીશું કે યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવું. આમ હવે **धूमाभाववान् वह्न्यभावात्** સ્થળે લક્ષણની અવ્યાપ્તિ નહિ આવે, કેમકે હેત્વધિકરણ હ્રદમાં જે ઘટાભાવ લીધો તેના બે પ્રતિયોગી ઘટ અને ઘટાભાવાભાવ થયા, એટલે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ અને ઘટાભાવાભાવત્વ થયા. તેમાંના કોઈપણ એક પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ બનવું જોઈએ. એટલે અમે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વને જ લઈશું. ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક જે ઘટ પ્રતિયોગી, તેનું સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધથી હેત્વધિકરણ હ્રદ એ અનધિકરણ જ છે. આમ ગમે તે એક પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણ વિવક્ષિત કરવાથી ઉક્ત સ્થળે લક્ષણની અવ્યાપ્તિ રહેતી નથી.

**પૂર્વપક્ષ :** ભલે, પણ તો ય '**आत्मा कपिसंयोगाभाववान् आत्मत्वात्**' સ્થળે તો હજી પણ અવ્યાપ્તિ આવશે. અહીં હેત્વધિકરણ આત્મા છે. હવે આત્મામાં જેમ કપિસંયોગાભાવ છે તેમ કપિસંયોગાભાવાભાવ = કપિસંયોગ પણ છે જ, કેમકે સંયોગ એ અવ્યાપ્યવૃત્તિ ગુણ છે. આમ આત્મામાં સાધ્યાભાવ = કપિસંયોગાભાવાભાવ = કપિસંયોગ છે. (સાધ્ય = કપિસંયોગાભાવ) હવે આ કપિસંયોગાભાવાભાવ સ્વરૂપ જે સાધ્યાભાવ, તેનો પ્રતિયોગી કપિસંયોગાભાવ છે. કપિસંયોગ એ ગુણસામાન્ય છે માટે પ્રતિયોગી જે કપિસંયોગાભાવ તે ગુણસામાન્યાભાવ સ્વરૂપ બન્યો. આમ સાધ્યાભાવ= કપિસંયોગાભાવાભાવ, તેના પ્રતિયોગી બે થયા : (૧) કપિસંયોગાભાવ અને (૨) ગુણસામાન્યાભાવ. એટલે પ્રતિયોગિતાવચ્છેદક પણ બે બન્યા (૧) કપિસંયોગાભાવત્વ અને (૨) ગુણસામાન્યાભાવત્વ.

હવે તમે કહ્યું કે યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ બનવું જોઈએ. તો અમે અહીં કપિસંયોગાભાવત્વ સ્વરૂપ

પ્રતિયોગિતાવચ્છેદકને તો નહિ લઈએ, કેમકે કપિસંયોગાભાવત્વથી અવચ્છિન્ન પ્રતિયોગી કપિસંયોગાભાવનું તો અધિકરણ હેત્વધિકરણ આત્મા બની જાય છે. એટલે ગુણસામાન્યાભાવત્વ સ્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદક લઈશું. તેનાથી અવચ્છિન્ન જે પ્રતિયોગી ગુણસામાન્યાભાવ, તેનું અનધિકરણ હેત્વધિકરણ આત્મા છે જ, કેમકે આત્મામાં સંખ્યાદિ સામાન્ય ગુણો હોવાથી તે ગુણસામાન્યાભાવવાળો નથી જ, અર્થાત્ આત્મા એ ગુણસામાન્યાભાવનું તો અનધિકરણ છે જ. આમ યત્કિંચિત્પ્રતિયોગિતા-વચ્છેદક ગુણસામાન્યાભાવત્વાવચ્છિન્ન પ્રતિયોગી ગુણસામાન્યાભાવનું અનધિકરણ હેત્વધિકરણ આત્મા બન્યો. તેમાં વૃત્તિ જે અભાવ, તે કપિસંયોગાભાવાભાવ (=સાધ્યાભાવ = કપિસંયોગ), તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક કપિસંયોગાભાવત્વ, તે જ સાધ્યતાવચ્છેદક છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક ન બનવાથી લક્ષણની અવ્યાપ્તિ થઈ.

---

**मुक्तावली : मैवम्, यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नाऽनधिकरणत्वं हेतुमतस्तादृशप्रतियोगिताऽनवच्छेदकत्वस्य विवक्षितत्वात् ।**

---

### ★ ત્રીજા વિકલ્પનો સપરિષ્કાર સ્વીકાર ★

**મુક્તાવલી : ઉત્તરપક્ષ :** અમે કહીશું કે જે પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ બને તે જ પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગીનો અભાવ હેત્વધિકરણમાં લેવો. એવા અભાવની પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનવો જોઈએ.

તમે ગુણસામાન્યાભાવત્વ સ્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગી ગુણસામાન્યાભાવનું અનધિકરણ હેત્વધિકરણ આત્મા લીધો અને પછી એ આત્મામાં વૃત્તિ જે અભાવ લીધો તે કપિસંયોગાભાવત્વ સ્વરૂપ બીજા પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન કપિસંયોગાભાવનો અભાવ (સાધ્યાભાવ) લીધો. આમ હવે નહિ લેવાય. જો તમે ગુણસામાન્યાભાવત્વ સ્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન પ્રતિયોગી ગુણસામાન્યાભાવનું અનધિકરણ હેત્વધિકરણ આત્મા લીધો તો તે ગુણસામાન્યાભાવત્વ સ્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદકથી જ અવચ્છિન્ન પ્રતિયોગી ગુણસામાન્યાભાવનો અભાવ હેત્વધિકરણમાં લેવો જોઈએ. આમ હવે હેત્વધિકરણમાં ગુણસામાન્યાભાવાભાવ જ લેવાય, તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ગુણસામાન્યાભાવત્વ બન્યો, જયારે

સાધ્યતાવચ્છેદક કપિસંયોગાભાવત્વ છે. આમ પ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બની જવાથી લક્ષણનો સમન્વય થઈ ગયો એટલે હવે લક્ષણનો આકાર આ થયો :

**स्व-यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगि-अनधिकरणहेत्वधिकरणवृत्तिः अभावः तादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिताकाभावीयप्रतियोगिता-नवच्छेदकसाध्यतावच्छेदकसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

પૂર્વોક્ત બધા પરિષ્કારો સાથે લક્ષણનો આકાર આવો થાય :

**स्व-प्रतियोगितावच्छेदकधर्मावच्छिन्नसाध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नयादृश-प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगि-अनधिकरणहेतुतावच्छेदकधर्मावच्छिन्न-हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नहेत्वधिकरणवृत्तिविशिष्टधर्मानवच्छिन्नव्यासज्यवृत्ति-धर्मानवच्छिन्नप्रतियोगिताकोऽभावः, तादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिता-काभावीयप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यसामानाधिकरण्यं व्याप्तिः ।**

---

**मुक्तावली : ननु कालो घटवान् कालपरिमाणादित्यत्र प्रतियोगि-व्यधिकरणाभावाऽप्रसिद्धिः, हेत्वधिकरणस्य महाकालस्य जगदाधारतया सर्वेषामेवाभावानां साध्यतावच्छेदकसम्बन्धेन कालिकविशेषणतया प्रतियोग्यधिकरणत्वात् ।**

---

### ★ कालो घटवान् સ્થળે આપત્તિ-પરિહાર ★

**મુક્તાવલી : પ્રશ્ન :** હજી **'कालो घटवान् कालपरिमाणात्'** સ્થળે લક્ષણની અવ્યાપ્તિ આવે છે. અહીં હેતુ = કાલપરિમાણ, હેત્વધિકરણ = કાલ, એમાં વૃત્તિ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ મળશે જ નહિ, કેમકે અહીં સાધ્ય ઘટ પક્ષ કાળમાં કાલિકસંબંધથી રહે છે માટે સાધ્યતાવચ્છેદકસંબંધ કાલિકસંબંધ થયો. હવે આ સાધ્યતાવચ્છેદક કાલિકસંબંધથી તો હેત્વધિકરણ કાળ એ જગતના તમામ પદાર્થોનું અધિકરણ જ છે. જો એવો કોઈ પદાર્થ મળે કે જેનું કાલિકસંબંધથી કાળ અધિકરણ ન બને તો તે પદાર્થનો અભાવ હેત્વધિકરણ કાળમાં મળે જે પ્રતિયોગિવ્યધિકરણ અભાવ બને, તે અભાવના પ્રતિયોગીનું અનધિકરણ હેત્વધિકરણ કાળ બને. પણ જ્યારે

સાધ્યતાવચ્છેદક કાલિકસંબંધથી કોઈપણ પદાર્થનું અનધિકરણ કાળ બનતો જ નથી તો હવે હેત્વધિકરણમાં વૃત્તિ કયો પ્રતિયોગિવ્યધિકરણ અભાવ મળશે ? કાલિકસંબંધથી તમામ પદાર્થો કાળમાં રહે છે અને કાલિકસંબંધથી તમામ પદાર્થોના અભાવ પણ કાળમાં રહે છે, એટલે તમામ અભાવોના પ્રતિયોગીનું અધિકરણ જ હેત્વધિકરણ બની જતાં પ્રતિયોગિવ્યધિકરણ અભાવ અપ્રસિદ્ધ થતાં લક્ષણની અવ્યાપ્તિ આવે છે.

---

**मुक्तावली : अत्र केचित् । महाकालभेदविशिष्टघटाभावस्तत्र प्रतियोगि-व्यधिकरणः, महाकालस्य घटाधारत्वेऽपि महाकालभेदविशिष्टघटाऽनाधारत्वात्, महाकाले महाकालभेदाभावात् ।**

---

**મુક્તાવલી :** કેટલાક આ અવ્યાપ્તિને આ રીતે ટાળવા યત્ન કરે છે. તેમનું કહેવું એ છે કે મહાકાલનો ભેદ ભૂતલમાં છે (**महाकालो भूतलं न**) અને એ ભૂતલમાં ઘટ પણ છે. આમ ભૂતલીય ઘટ એ મહાકાલભેદવિશિષ્ટ બન્યો. હવે મહાકાલમાં મહાકાલનો ભેદ ન રહે તો તે મહાકાલમાં (શુદ્ધ ઘટ રહેવા છતાં) મહાકાલભેદવિશિષ્ટ ઘટ પણ ન જ રહે, અર્થાત્ મહાકાલમાં મહાકાલભેદવિશિષ્ટ ઘટનો અભાવ રહે. આ મહાકાલભેદવિશિષ્ટ ઘટાભાવ એ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ બન્યો, કેમકે તેનો પ્રતિયોગી મહાકાલભેદવિશિષ્ટ ઘટ ભૂતલ ઉપર જ છે અને તે પ્રતિયોગીનો અભાવ મહાકાલમાં છે. આમ મહાકાલભેદવિશિષ્ટ ઘટાત્મક પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ મહાકાલ બન્યો માટે તેમાં વૃત્તિ મહાકાલભેદવિશિષ્ટ ઘટાભાવ લેવાય. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક મહાકાલભેદવિશિષ્ટ ઘટત્વ બન્યો, જ્યારે સાધ્યતાવચ્છેદક શુદ્ધ ઘટત્વ છે. આમ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ મળી જતાં, પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક મળી જતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

'**केचित्**' નો આ મત મૂક્યા પછી મુક્તાવલીકાર '**वस्तुतस्तु**' કહીને પોતાની રીતે ઉક્ત અવ્યાપ્તિ-દોષનું નિવારણ કરે છે.

---

**मुक्तावली : वस्तुतस्तु प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरणी-भूतहेत्वधिकरणवृत्त्यभावप्रतियोगितासामान्ये यत्सम्बन्धावच्छिन्नत्व-यद्धर्मावच्छिन्नत्वोभयाभावस्तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य तद्धेतुव्यापकत्वं बोध्यम् । व्यापकसामानाधिकरण्यं च व्याप्तिः । ( यत्सम्बन्धः साध्यता-**

वच्छेदकसम्बन्धः यद्धर्मः साध्यतावच्छेदकधर्मः ।)

★ ઉભયાભાવઘટિત લક્ષણ ★

**મુક્તાવલી :** હવે પૂર્વનું આખું પરિષ્કૃત વ્યાપ્તિલક્ષણ દૂર કરીને શુદ્ધ વ્યાપ્તિલક્ષણ રજૂ કરે છે કે જેમાં કોઈ અવ્યાપ્ત્યાદિ દોષ રહેતો નથી. તે લક્ષણ આ છે :

**प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगि-अनधिकरणहेत्वधिकरणवृत्त्यभावीय-प्रतियोगितासामान्ये यत्सम्बन्धावच्छिन्नत्वयद्धर्मावच्छिन्नत्वोभयाभावः, तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य साध्यस्य सामानाधिकरण्यं व्याप्तिः ।**

અહીં 'યત્સમ્બન્ધાવચ્છિન્નત્વ' પદથી સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ અને 'યદ્ધર્માવચ્છિન્નત્વ' પદથી સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ અર્થ લેવો.

આ લક્ષણનો અર્થ આવો થાય કે પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી જે પ્રતિયોગિ-અનધિકરણ હેત્વધિકરણવૃત્તિ અભાવ, તે અભાવીય પ્રતિયોગિતાસામાન્યમાં (બધી પ્રતિયોગિતામાં) સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ એતદુભયનો જો અભાવ મળે તો તે સાધ્યતાવચ્છેદક સંબંધથી અને સાધ્યતાવચ્છેદક ધર્મથી અવચ્છિન્ન જે સાધ્ય, તેનું હેતુમાં જે સામાનાધિકરણ્ય તે જ વ્યાપ્તિ.

હવે '**कालो घटवान् कालपरिमाणात्**' સ્થળની અવ્યાપ્તિ આ લક્ષણથી કેવી રીતે દૂર થાય છે ? તે જોતાં પહેલાં '**वह्निमान् धूमात्**' સ્થળે આ લક્ષણનો સમન્વય કરી લઈએ.

હેત્વધિકરણ પર્વત, એમાં સમવાયેન વહ્ન્યભાવ લઈએ તો વહ્ન્યભાવનો પ્રતિયોગી વહ્નિ બને, પ્રતિયોગિતાવચ્છેદકસંબંધ સમવાયસંબંધ બન. હવે આ પ્રતિયોગિતાવચ્છેદક સમવાયસંબંધથી પ્રતિયોગી વહ્નિનું અનધિકરણ હેત્વધિકરણ પર્વત છે જ, માટે તે હેત્વધિકરણ-વૃત્તિ સમવાયેન વહ્ન્યભાવ લઈ શકાય. આ સમવાયેન વહ્ન્યભાવની પ્રતિયોગિતા વહ્નિત્વાવચ્છિન્ના છે અને સમવાયસંબંધાવચ્છિન્ના છે, અર્થાત્ સમવાયેન વહ્ન્યભાવની પ્રતિયોગિતામાં વહ્નિત્વાવચ્છિન્નત્વ છે અને સમવાયસંબંધાવચ્છિન્નત્વ છે.

હવે આ વહ્ન્યભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ અને સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વનો ઉભયાભાવ છે કે નહિ ? તે જોઈએ.

સાધ્યતાવચ્છેદકસંબંધસંયોગસંબંધ છે અને સાધ્યતાવચ્છેદક ધર્મ વહ્નિત્વ છે એટલે

સમવાયેન વહ્ન્યભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદક ધર્મ વહ્નિત્વાવચ્છિન્નત્વ તો છે પણ સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધાવચ્છિન્નત્વ નથી. (સમવાયસંબંધાવચ્છિન્નત્વ છે માટે) આમ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ હોવા છતાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વનો અભાવ છે એટલે '**एकसत्त्वेऽपि द्वयं नास्ति**' એ ન્યાયથી સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ એતદુભયનો પ્રતિયોગિતામાં અભાવ મળી જાય છે. માટે તે સાધ્યતાવચ્છેદક ધર્મ વહ્નિત્વાવચ્છિન્ન, સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધાવચ્છિન્ન જે સાધ્ય વહ્નિ, તેની હેતુમાં સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ આવી ગઈ.

---

**मुक्तावली : ( तत्र यदि यद्धर्मावच्छिन्नत्वाभावमात्रमित्युच्यते, तदा समवायेन यो वह्न्यभावस्तस्य प्रतियोगितावच्छेदकसम्बन्धः समवायस्तेन प्रतियोग्यनधिकरणपर्वतादिवृत्तिः स एव, तत्प्रतियोगितावच्छेदकं वह्नित्वमित्यव्याप्तिः स्यात् । यदि च यत्सम्बन्धावच्छिन्नत्वाभावमात्रमित्युच्यते, तदा तादृशस्य संयोगेन घटाभावस्य प्रतियोगितायां संयोगसम्बन्धावच्छिन्नत्वसत्त्वादव्याप्तिः स्यादत उभयमुपात्तम् ।)**

---

**મુક્તાવલી :** જો પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વાભાવ જ વિવક્ષિત હોત, અર્થાત્ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વ એતદુભયાભાવ વિવક્ષિત ન હોત તો '**वह्निमान् धूमात्**' સ્થળે લક્ષણની અવ્યાપ્તિ થાત. તે આ રીતે :

હેત્વધિકરણ પર્વતમાં સમવાયેન વહ્ન્યભાવ લીધો. આ સમવાયેન વહ્ન્યભાવીય પ્રતિયોગિતા વહ્નિત્વાવચ્છિન્ના અને સમવાયસંબંધાવચ્છિન્ના છે એટલે તે પ્રતિયોગિતામાં વહ્નિત્વાવચ્છિન્નત્વ અને સમવાયસંબંધાવચ્છિન્નત્વ છે. હવે આ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વાભાવની આવશ્યકતા હોય તો સાધ્યતાવચ્છેદક ધર્મ વહ્નિત્વ છે અને પ્રતિયોગિતામાં તો વહ્નિત્વાવચ્છિન્નત્વ છે, વહ્નિત્વાવચ્છિન્નત્વાભાવ નથી. એટલે સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ ધર્મથી અને સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધથી અવચ્છિન્ન સાધ્ય વહ્નિના સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ ધૂમમાં નહિ મળતાં અવ્યાપ્તિ થાય.

હવે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસંયોગાવચ્છિન્નત્વ એતદુભયાભાવ વિવક્ષિત કર્યો એટલે આ અવ્યાપ્તિ ન રહી, કેમકે સમવાયેન વહ્ન્યભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકવહ્નિત્વધર્માવચ્છિન્નત્વ હોવા છતાં સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્નત્વ નથી એટલે **'एकसत्त्वेऽपि द्वयं नास्ति'** ન્યાયથી સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ એતદુભયનો તો અભાવ છે જ. એટલે તે સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન અને સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્ન સાધ્ય વહ્નિનું સામાનાધિકરણ્ય ધૂમમાં જતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

આ જ રીતે જો હેત્વધિકરણવૃત્તિ-અભાવીયપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વાભાવની જ વિવક્ષા રાખી હોત, અર્થાત્ સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વ એતદુભયના અભાવની વિવક્ષા ન રાખી હોત તો ફરી **'वह्निमान् धूमात्'** સ્થળે અવ્યાપ્તિ આવત. તે આ રીતે :

સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્ના છે જ, અર્થાત્ તે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ છે, પણ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વાભાવ તો નથી. આમ ઘટાભાવાદિ ન લઈ શકાતા લક્ષણસમન્વય ન થાય. હવે પ્રતિયોગિતામાં ઉભયાભાવની વિવક્ષા લેવાથી તે મળી જાય છે, કેમકે સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં ઘટત્વાવચ્છિન્નત્વ છે, અર્થાત્ સાધ્યતાવચ્છેદકવહ્નિત્વધર્માવચ્છિન્નત્વનો અભાવ છે. એટલે **'एकसत्त्वेऽपि द्वयं नास्ति'** એ ન્યાયે સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વ એતદુભયનો અભાવ મળી જતાં તે સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન, સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્ન સાધ્યનું સામાનાધિકરણ્ય હેતુમાં જતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

---

**मुक्तावली : इत्थं च कालो घटवान् कालपरिमाणादित्यादौ संयोगसम्बन्धेन घटाभावप्रतियोगिनोऽपि घटस्याऽनधिकरणे हेत्वधिकरणे महाकाले वर्तमानः स एव संयोगेन घटाभावः, तस्य प्रतियोगितायां कालिकसम्बन्धावच्छिन्नत्वघटत्वावच्छिन्नत्वोभयाभावसत्त्वान्नाऽव्याप्तिः ।**

---

**મુક્તાવલી :** હવે **कालो घटवान् कालपरिमाणात्** સ્થળે પણ આ લક્ષણની સંગતિ કરી લઈએ.

અહીં હેત્વધિકરણ કાળ છે. તેમાં કાલિકસંબંધથી ઘટ હોવા છતાં સંયોગસંબંધથી તો ઘટ નથી જ. એટલે સંયોગેન ઘટાભાવનું અધિકરણ કાળ બન્યો અને તેના પ્રતિયોગી ઘટનું સંયોગસંબંધથી કાળ અનધિકરણ પણ છે જ. આમ સંયોગેન ઘટાભાવપ્રતિયોગી ઘટનું અનધિકરણ એવું હેત્વધિકરણ કાળ બન્યો. માટે એમાં વૃત્તિ સંયોગેન ઘટાભાવ લેવાય. હવે આ ઘટાભાવીય પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ ઘટત્વ છે અને પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ સંયોગસંબંધ છે. આમ ઘટાભાવીય પ્રતિયોગિતા ઘટત્વાવચ્છિન્ના છે, સંયોગસંબંધાવચ્છિન્ના છે, તેથી ઘટાભાવીય પ્રતિયોગિતામાં ઘટત્વાવચ્છિન્નત્વ છે, સંયોગસંબંધાવચ્છિન્નત્વ છે. હવે સાધ્યતાવચ્છેદક ધર્મ ઘટત્વ છે એટલે સાધ્યતાવચ્છેદકધર્મઘટત્વાવચ્છિન્નત્વ તો ઘટાભાવીય પ્રતિયોગિતામાં છે જ, પરન્તુ સાધ્યતાવચ્છેદક સંબંધ કાલિક છે માટે સાધ્યતાવચ્છેદકકાલિકસંબંધાવચ્છિન્નત્વ સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં નથી. માટે '**एकसत्त्वेऽपि द्वयं नास्ति**' એ ન્યાયથી સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ એતદુભયનો તો સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં અભાવ જ છે, માટે તે સાધ્યતાવચ્છેદકઘટત્વધર્માવચ્છિન્ન, સાધ્યતાવચ્છેદકકાલિકસંબંધાવચ્છિન્ન સાધ્ય ઘટના સામાનાધિકરણ્ય સ્વરૂપ વ્યાપ્તિ હેતુમાં આવી જતાં લક્ષણસમન્વય થઈ ગયો.

---

**मुक्तावली : 'धूमवान् वह्ने'रित्यादावतिव्याप्तिवारणाय 'सामान्य-' पदमुपात्तम् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** હેત્વધિકરણવૃત્તિ-અભાવીય પ્રતિયોગિતાસામાન્યમાં તાદૃશ ઉભયાભાવ કેમ કહ્યો ? અભાવીય પ્રતિયોગિતામાં તાદૃશ ઉભયાભાવ કહો તો ન ચાલે? ટૂંકમાં 'સામાન્ય' પદના નિવેશનું શું પ્રયોજન છે ?

**ઉત્તર :** જો પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ ન કહીએ, એટલે કે સઘળી પ્રતિયોગિતામાં ઉભયાભાવ ન કહીએ તો '**धूमवान् वह्नेः**' સ્થળે લક્ષણની અતિવ્યાપ્તિ આવે. અહીં હેતુ વહ્નિ, હેત્વધિકરણ અયોગોલક છે. તેમાં સમવાયેન ઘટાભાવ છે તેમ સંયોગેન ધૂમાભાવ પણ છે. હવે સમવાયેન ઘટાભાવ લઈએ તો સમવાયેન ઘટાભાવીય પ્રતિયોગિતા સમવાયસંબંધાવચ્છિન્ના છે અને ઘટત્વાવચ્છિન્ના છે, એટલે પ્રતિયોગિતામાં સમવાયસંબંધાવચ્છિન્નત્વ છે અને ઘટત્વાવચ્છિન્નત્વ છે. હવે સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ છે અને સાધ્યતાવચ્છેદક ધર્મ ધૂમત્વ છે. આમ

પ્રતિયોગિતા તો સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્ના નથી અને સાધ્યતાવચ્છેદકધર્મ-ધૂમત્વાવચ્છિન્ના પણ નથી. એટલે સમવાયેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ એતદુભયનો અભાવ મળી ગયો, માટે તે સાધ્યતાવચ્છેદકસંબન્ધાવચ્છિન્ન, સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન સાધ્ય ધૂમનું સામાનાધિકરણ્ય હેતુમાં જતાં લક્ષણની અતિવ્યાપ્તિ થઈ.

હવે પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ કહ્યો, અર્થાત્ હેત્વધિકરણમાં જેટલા અભાવ મળે તે બધા ય અભાવની પ્રતિયોગિતામાં ઉક્ત ઉભયાભાવની વિવક્ષા કરી માટે આ અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે હેત્વધિકરણ અયોગોલકમાં જેમ સમવાયેન ઘટાભાવ છે તેમ સંયોગેન ધૂમાભાવ પણ છે. આ ધૂમાભાવીય પ્રતિયોગિતા સંયોગસંબંધા-વચ્છિન્ના છે તથા ધૂમત્વાવચ્છિન્ના છે. આમ પ્રતિયોગિતામાં સંયોગસંબંધાવચ્છિન્નત્વ તથા ધૂમત્વાવચ્છિન્નત્વ છે. હવે સાધ્યતાવચ્છેદક ધર્મ પણ ધૂમત્વ જ છે અને સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ જ છે એટલે ધૂમાભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ અને સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ એતદુભય રહી ગયા, ઉભયાભાવ ન મળ્યો. આમ અયોગોલકનિષ્ઠ સમવાયેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં તાદશોભયાભાવ મળવા છતાં અયોગોલકનિષ્ઠ સંયોગેન ધૂમાભાવીય પ્રતિયોગિતામાં તાદશોભયાભાવ ન મળવાથી પ્રતિયોગિતાસામાન્યમાં (બધી અભાવીય પ્રતિયોગિતામાં) ઉભયાભાવ ન મળ્યો એટલે લક્ષણની અતિવ્યાપ્તિ ન થઈ.

---

**मुक्तावली : ननु प्रमेयवह्निमान् धूमादित्यादौ प्रमेयवह्नित्वावच्छिन्नत्वम-प्रसिद्धम्, गुरुधर्मस्याऽनवच्छेदकत्वादिति चेत् ? न, कम्बुग्रीवादिमान्नास्तीति प्रतीत्या कम्बुग्रीवादिमत्त्वावच्छिन्नप्रतियोगिताविषयीकरणेन गुरुधर्मस्या-प्यवच्छेदकत्वस्वीकारादिति संक्षेपः ॥**

---

### ★ ગુરુધર્મ પણ અવચ્છેદક બની શકે ★

**મુક્તાવલી : પ્રશ્ન :** હજી આ લક્ષણની '**प्रमेयवह्निमान् धूमात्**' સ્થાને અવ્યાપ્તિ થાય છે. અહીં હેત્વધિકરણ પર્વત છે, તેમાં સંયોગેન ઘટાભાવ લઈશું. આ ઘટાભાવીય પ્રતિયોગિતા ઘટત્વધર્માવચ્છિન્ના છે, સંયોગસંબંધાવચ્છિન્ના છે, અર્થાત્ આ ઘટાભાવીય પ્રતિયોગિતામાં ઘટત્વધર્માવચ્છિન્નત્વ છે, સંયોગસંબંધાવચ્છિન્નત્વ છે. હવે સાધ્યતાવચ્છેદક ધર્મ પ્રમેયવહ્નિત્વ છે, સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ છે. હવે

ઘટાભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદક-સંબંધાવચ્છિન્નત્વ એતદુભયનો અભાવ મળવો જોઈએ પણ તે નહિ મળે, કેમકે સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્ના તો પ્રતિયોગિતા છે જ, માટે સાધ્યતાવચ્છેદક-સંયોગસંબંધાવચ્છિન્નત્વ પ્રતિયોગિતામાં છે પણ સાધ્યતાવચ્છેદકપ્રમેયવહ્નિત્વથી તો પ્રતિયોગિતા અવચ્છિન્ના જ નથી, કેમકે પ્રમેયવહ્નિત્વ એ વહ્નિત્વની અપેક્ષાએ ગુરૂભૂત ધર્મ છે, માટે તે પ્રતિયોગિતાનો અવચ્છેદક જ બની શકે નહિ, અર્થાત્ પ્રમેયવહ્નિત્વાવચ્છિન્ના પ્રતિયોગિતા બની શકે જ નહિ. આમ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકપ્રમેયવહ્નિત્વનું અવચ્છિન્નત્વ જ અપ્રસિદ્ધ બન્યું તો પછી તે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ છે કે નહિ ? તે શી રીતે નક્કી થાય ? અને તે નિર્ણય વિના તે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદક-સંબંધાવચ્છિન્નત્વ એતદુભયાભાવનો નિર્ણય પણ ન જ થાય, એટલે લક્ષણની અવ્યાપ્તિ આવે.

**ઉત્તર** : ગુરૂધર્મ પ્રતિયોગિતાનો અવચ્છેદક ન બને એ વાત અમે માનતા નથી, કેમકે **'कम्बुग्रीवादिमान् नास्ति'** એવી જે પ્રતીતિ થાય છે તે કમ્બુગ્રીવાદિમત્ત્વાવચ્છિન્ન-પ્રતિયોગિતાકાભાવની પ્રતીતિ છે. અહીં ઘટત્વની અપેક્ષાએ કમ્બુગ્રીવાદિમત્ત્વ એ ગુરૂભૂત ધર્મ છે છતાં તેનાથી અવચ્છિન્ના પ્રતિયોગિતા થઈ છે. એટલે પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકપ્રમેયવહ્નિત્વધર્માવચ્છિન્ના પ્રતિયોગિતા જરૂર બની શકે છે. હવે સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતા તો ઘટત્વધર્માવચ્છિન્ના છે, પ્રમેયવહ્નિત્વ-ધર્માવચ્છિન્ના નથી, એટલે સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદક-ધર્માવચ્છિન્નત્વનો અભાવ મળી ગયો. આમ સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વ હોવા છતાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વનો અભાવ હોવાથી **'एकसत्त्वेऽपि द्वयं नास्ति'** એ ન્યાયે ઉભયાભાવ મળી ગયો. એટલે તે સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન, સાધ્યતાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્ન સાધ્ય પ્રમેયવહ્નિના સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ હેતુમાં આવી જતાં લક્ષણની અવ્યાપ્તિ દૂર થઈ ગઈ.

**कारिकावली : सिषाधयिषया शून्या सिद्धिर्यत्र न विद्यते ।**
**स पक्षस्तत्र वृत्तित्वज्ञानादनुमितिर्भवेत् ॥७०॥**

**मुक्तावली : पक्षवृत्तित्वमित्यत्र पक्षत्वं किम् ? तदाह-सिषाधयिषयेति । सिषाधयिषाविरहविशिष्टसिद्ध्यभावः पक्षता, तद्वान् पक्ष इत्यर्थः ।**

**મુક્તાવલી : પક્ષતા :** હવે પક્ષતા શું વસ્તુ છે ? તે બતાવે છે.

**सिषाधयिषया शून्या सिद्धिर्यत्र न विद्यते स पक्षः ।**

જ્યાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ નથી, અર્થાત્ જ્યાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિનો અભાવ છે તે 'પક્ષ' કહેવાય. એ પક્ષમાં હેતુની વૃત્તિતાના પરામર્શાત્મક જ્ઞાનથી અનુમિતિ થાય.

અનુમિતિ પ્રત્યે પરામર્શ કારણ છે.

પરામર્શ એટલે વ્યાપ્તિવિશિષ્ટ પક્ષધર્મતાનું જ્ઞાન. આ પરામર્શના લક્ષણમાં 'પક્ષતા' ઘટકીભૂત છે, માટે જો અનુમિતિ પ્રત્યે પરામર્શ કારણ છે તો પરામર્શઘટકીભૂત પક્ષતા પણ કારણ છે.

હવે આ પક્ષતા એટલે શું ? તે જોઈએ.

પર્વતમાં વહ્નિની અનુમિતિ કરવી હોય તો પર્વતમાં વહ્નિની સિદ્ધિ (વહ્નિનો નિશ્ચય) ન હોવી જોઈએ, કેમકે જો પર્વતમાં વહ્નિનો પ્રત્યક્ષાદિથી નિશ્ચય જ હોય તો પછી પર્વતમાં વહ્નિની અનુમિતિ થાય નહિ. આમ વહ્નિની અનુમિતિમાં વહ્નિની સિદ્ધિ પ્રતિબંધક છે એ નક્કી થયું અને પ્રતિબંધકનો અભાવ : સિદ્ધ્યભાવ અનુમિતિનું કારણ છે એ નક્કી થયું. પણ પ્રતિબંધક સિદ્ધિ હાજર હોવા છતાં જો પર્વતમાં વહ્નિની અનુમિતિ કરવાની ઈચ્છા = અનુમિત્સા = સિષાધયિષા ( **पर्वते वह्न्यनुमितिर्जायताम्** ) હોય તો અનુમિતિ થાય છે. એટલે એ ઉપરથી નક્કી થાય છે કે અનુમિતિમાં સિદ્ધિ પ્રતિબંધક છે અને સિષાધયિષા (અનુમિત્સા) એ ઉત્તેજક છે. આથી સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ અનુમિતિ-પ્રતિબંધક છે અને સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવ એ અનુમિતિનો હેતુ છે.

પર્વત પક્ષમાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવ એ જ પક્ષતા છે.

આ વિશિષ્ટાભાવ એ વિશેષણાભાવપ્રયુક્ત, વિશેષ્યાભાવપ્રયુક્ત અને

ઉભયાભાવપ્રયુક્ત હોઈ શકે છે.

**સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિનો અભાવ :**

વિશેષણ = સિષાધયિષાવિરહ.

પ્રતિબંધક = સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ.

કારણ = સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિનો અભાવ.

વિશેષ્ય = સિદ્ધિ.

| | સિષાધયિષા | વિશેષણ | સિદ્ધિ | પ્રતિબંધક | અનુમિતિ | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ✔ | ✘ | ✔ | ✘ | ✔ | વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ. |
| ૨ | ✘ | ✔ | ✘ | ✘ | ✔ | વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ. |
| ૩ | ✔ | ✘ | ✘ | ✘ | ✔ | ઉભયાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ. |
| ૪ | ✘ | ✔ | ✔ | ✔ | ✘ | પ્રતિબંધક છે. |

(૧) અહીં સિષાધયિષાવિરહ = વિશેષણ નથી, અર્થાત્ વિશેષણાભાવ છે અને સિદ્ધિ તો છે જ, એટલે વિશેષ્ય = સિદ્ધિનો અભાવ નથી માટે આ વિશેષણાભાવ-પ્રયુક્ત વિશિષ્ટાભાવ થયો.

(૨) અહીં સિષાધયિષાવિરહ = વિશેષણ છે પણ સિદ્ધિ = વિશેષ્ય નથી માટે આ વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ થયો.

(૩) અહીં સિષાધયિષા હોવાથી સિષાધયિષાવિરહ = વિશેષણ નથી માટે વિશેષણાભાવ છે અને સિદ્ધિ = વિશેષ્ય નથી માટે વિશેષ્યાભાવ પણ છે, એટલે આ ઉભયાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ થયો.

આ ત્રણેય અવસ્થામાં અનુમિતિ થાય.

(૪) અહીં સિષાધયિષાવિરહ છે અને સિદ્ધિ છે, અર્થાત્ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ જ છે, અર્થાત્ પ્રતિબંધક હાજર છે માટે તાદશ સિદ્ધ્યભાવ ન હોવાથી અનુમિતિ ન થાય.

---

**मुक्तावली : सिषाधयिषामात्रं न पक्षता, विनापि सिषाधयिषां घनगर्जितेन मेघानुमानात् । अत एव साध्यसन्देहोऽपि न पक्षता, विनापि सन्देहं तदनुमानात् ।**

---

**મુક્તાવલી :** આ રીતે નવ્યોએ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવને પક્ષતા કહીને એ જણાવ્યું કે જ્યાં આ પક્ષતા હોય ત્યાં અનુમિતિ થાય. જ્યાં આ પક્ષતા ન હોય ત્યાં અનુમિતિ ન થાય.

પ્રાચીનોની માન્યતા એ છે કે માત્ર સિષાધયિષા એ જ પક્ષતા છે. તેમનું કહેવું એ છે કે મુમુક્ષુને શ્રુતિવાક્યથી એ વાતની સિદ્ધિ (નિશ્ચય) થઈ ગઈ કે આત્મામાં ઈતરભેદ (જડભેદ) છે, અર્થાત્ '**आत्मा इतरभेदवान् ।**' આવી સિદ્ધિ થયા પછી પણ તેને મનનાત્મક અનુમિતિ કરવાની ઈચ્છા જાગે છે, અર્થાત્ '**इतरभेदवत्तया आत्मनो मननं जायताम्**' એવી સિષાધયિષા થાય છે. આ સિષાધયિષાથી તરત જ '**आत्मा इतरभिन्नः**' એવી અનુમિતિ ફરી ફરી થવા લાગે છે માટે અનુમિતિકારણીભૂત સિષાધયિષા એ જ પક્ષતા છે. આથી પ્રાચીનોનો સિષાધયિષા અને અનુમિતિ વચ્ચે આવો અન્વય-વ્યતિરેક થયો કે **सिषाधयिषासत्त्वे अनुमितिसत्त्वम्, सिषाधयिषा-असत्त्वे अनुमिति-असत्त्वम् ।**

આની સામે નવીનો ઊભા થાય છે અને કહે છે કે કેવળ સિષાધયિષાને પક્ષતા ન કહી શકાય, કેમકે સિષાધયિષા વિના પણ અનુમિતિ થાય છે માટે વ્યતિરેકવ્યભિચાર આવી જાય. તે આ રીતે :

વર્ષાઋતુમાં એક માણસ ઘરમાં બેઠો છે. એકાએક વાદળોનો ગડગડાટ થયો. અને એ ઘનગર્જના ઉપરથી તેણે તરત જ ત્યાં બેઠાં બેઠાં જ અનુમાન કર્યું કે આકાશ વાદળવાળું હોવું જોઈએ, '**गगनं मेघवत् घनगर्जनात् ।**' હવે અહીં જે આ અનુમિતિ થઈ તેની પૂર્વે સિષાધયિષા ક્યાં છે ? એ માણસને '**मेघानुमानं मे जायताम्**' એવી સિષાધયિષા થઈ જ નથી. આમ સિષાધયિષા વિના જ અનુમિતિ થઈ જવાથી કેવળ સિષાધયિષાને પક્ષતા ન કહેવાય કિન્તુ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવને જ પક્ષતા કહેવી જોઈએ.

પ્રસ્તુત સ્થળે સિષાધયિષા નથી અને ગગનમાં મેઘની પ્રત્યક્ષતઃ સિદ્ધિ પણ નથી એટલે વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવરૂપ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવાત્મક પક્ષતા છે જ, માટે અનુમિતિ થઈ જ જાય. માટે ફક્ત સિષાધયિષાને પક્ષતા માની શકાય નહિ. સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવને જ પક્ષતા માનવી જોઈએ.

જેમ કેવળ સિષાધયિષાને પક્ષતા કહેવામાં વ્યતિરેકવ્યભિચાર આવ્યો તેમ સાધ્યસન્દેહને જો પક્ષતા કહેવામાં આવે તો પણ વ્યતિરેકવ્યભિચાર આવે. પ્રસ્તુત સ્થળે

જ ઘરમાં બેઠેલા તે માણસને એવો સાધ્યસન્દેહ પડતો નથી કે **गगनं मेघवद् न वा ?** આમ સાધ્યસન્દેહ જો પક્ષતા હોય તો તેના વિના પણ તે માણસને **गगनं मेघवत्** એવી અનુમિતિ થાય છે માટે વ્યતિરેકવ્યભિચાર આવે જ. એટલે સાધ્યસન્દેહ એ પણ પક્ષતા નથી, અર્થાત્ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવને જ પક્ષતા માનવી સર્વથા યોગ્ય છે.

---

**मुक्तावली : सिद्धौ सत्यामपि सिषाधयिषासत्त्वेऽनुमितिर्भवत्येव । अतः सिषाधयिषाविरहविशिष्टत्वं सिद्धौ विशेषणम् । तथा च यत्र सिद्धिर्नास्ति तत्र सिषाधयिषायां सत्यामसत्यामपि पक्षता ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** તમે સિષાધયિષાવિરહવિશિષ્ટ એવી જે સિદ્ધિ, તેના અભાવને પક્ષતા કેમ કહો છો ? એના કરતાં સિદ્ધ્યભાવને જ પક્ષતા કહો ને ? કેમકે જો પર્વતમાં વહ્નિની પ્રત્યક્ષથી સિદ્ધિ જ હોય તો પર્વતમાં વહ્ન્યનુમિતિ નહિ થાય, માટે અનુમિતિ પ્રત્યે સિદ્ધિ પ્રતિબંધક છે અને 'પ્રતિબંધકાભાવ એ અનુમિતિ પ્રત્યે કારણ બને' એ નિયમથી સિદ્ધ્યભાવ એ અનુમિતિનું કારણ બની જશે, માટે સિદ્ધ્યભાવને જ પક્ષતા કહો. **सिद्ध्यभावसत्त्वे ( प्रतिबन्धकासत्त्वे ) अनुमितिसत्त्वम्, सिद्ध्यभावासत्त्वे अनुमिति-असत्त्वम् ।**

**ઉત્તર :** નહિ, સિદ્ધિ હોવા છતાં પણ જો ત્યાં સિષાધયિષા હોય તો અનુમિતિ થાય છે એટલે અનુમિતિ પ્રત્યે માત્ર સિદ્ધિને પ્રતિબંધક માનીએ તો આવા સ્થાને સિદ્ધિ હોવાથી અનુમિતિ નહિ થવાની આપત્તિ આવે. એટલે આ આપત્તિ દૂર કરવા માત્ર સિદ્ધિને અનુમિતિ-પ્રતિબંધક ન કહેતાં સિષાધયિષાવિરહવિશિષ્ટ એવી સિદ્ધિને જ અનુમિતિ-પ્રતિબંધક કહેવી જોઈએ. જ્યાં સિષાધયિષા અને સિદ્ધિ બે ય છે ત્યાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ = પ્રતિબંધક નથી, અર્થાત્ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિનો અભાવ છે માટે ત્યાં અનુમિતિ થઈ જાય. આમ માત્ર સિદ્ધિને અનુમિતિ-પ્રતિબંધક ન કહેતાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિને જ અનુમિતિ-પ્રતિબંધક કહેવી જોઈએ અને સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવને પક્ષતા કહેવી જોઈએ. જ્યાં આવી પક્ષતા હોય ત્યાં અનુમિતિ થાય અને જ્યાં આવી પક્ષતા ન હોય ત્યાં અનુમિતિ ન થાય.

એટલે હવે જ્યાં સિદ્ધિ નથી ત્યાં જો સિષાધયિષા હોય તો સિષાધયિષા-વિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવ = પક્ષતા છે જ માટે અનુમિતિ થાય અને જો ત્યાં (જ્યાં સિદ્ધિ

નથી ત્યાં) સિષાધયિષા ન હોય તો પણ ત્યાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવ = પક્ષતા છે જ, માટે અનુમિતિ થાય.

| | સિદ્ધિ | સિષાધયિષા | |
|---|---|---|---|
| ૧ | ✗ | ✔ | બે ય સ્થળે પક્ષતા છે માટે અનુમિતિ થાય. |
| ૨ | ✗ | ✗ | |

**मुक्तावली : यत्र च सिषाधयिषाऽस्ति तत्र सिद्धौ सत्यामसत्यामपि पक्षता।**

**મુક્તાવલી :** હવે જ્યાં સિષાધયિષા છે ત્યાં સિદ્ધિ હોય તો સિષાધયિષાવિરહ-વિશિષ્ટ સિદ્ધ્યભાવ = પક્ષતા છે માટે અનુમિતિ થાય અને ત્યાં (જ્યાં સિષાધયિષા છે ત્યાં) જો સિદ્ધિ ન હોય તો પણ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવ = પક્ષતા છે જ માટે અનુમિતિ થાય.

| | સિષાધયિષા | સિદ્ધિ | |
|---|---|---|---|
| ૧ | ✔ | ✔ | બે ય સ્થળે પક્ષતા છે માટે અનુમિતિ થાય. |
| ૨ | ✔ | ✗ | |

**मुक्तावली : यत्र सिद्धिरस्ति सिषाधयिषा च नास्ति तत्र न पक्षता, सिषाधयिषाविरहविशिष्टसिद्धेः सत्त्वात् ।**

**મુક્તાવલી :** જ્યાં સિદ્ધિ છે અને સિષાધયિષા નથી ત્યાં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ જ છે પણ તાદૃશ સિદ્ધિનો અભાવ નથી, અર્થાત્ પક્ષતા નથી એટલે ત્યાં અનુમિતિ ન થાય.

**मुक्तावली : ननु यत्र परामर्शानन्तरं सिद्धिस्ततः सिषाधयिषा, तत्र सिषाधयिषाकाले परामर्शनाशान्नाऽनुमितिः ।**

**મુક્તાવલી : પ્રશ્ન :** સિષાધયિષાને તમે ઉત્તેજક માનીને સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવને અનુમિતિ-જનક કહેલ છે. પણ ઉત્તેજકની કલ્પના ત્યારે કરવી પડે કે જ્યારે અનુમિતિનું કારણ 'પરામર્શ' હાજર હોય અને અનુમિતિ પ્રત્યે પ્રતિબંધક સિદ્ધિ પણ હાજર હોય અને સિષાધયિષા પણ હોય. એ વખતે જો અનુમિતિ થતી હોય તો ત્યાં

સિષાધયિષાની ઉત્તેજક તરીકે કલ્પના કરવી પડે જેથી પ્રતિબંધક હોવા છતાં ઉત્તેજકની હાજરીથી અનુમિતિ થઈ જાય. પણ આવું એકેય સ્થાન મળતું નથી કે જ્યાં અનુમિતિ-કારણ પરામર્શ અને અનુમિતિ-પ્રતિબંધક સિદ્ધિ (નિશ્ચય) બેયની હાજરી હોય અને સાથે જ સિષાધયિષા પણ હોય અને ઉત્તરક્ષણે અનુમિતિ થતી હોય. આમ બનવાનું કારણ એ છે કે પરામર્શ, સિદ્ધિ એ જ્ઞાનાત્મક છે અને સિષાધયિષા એ ઈચ્છાત્મક છે. આ ત્રણેય આત્માના ગુણો છે. આ ગુણો ક્ષણિક છે, એટલે કે બે જ ક્ષણ રહેનારા છે એટલે યુગપત્ એ ત્રણેયની હાજરી સંભવી શકતી જ નથી. તે આ રીતે :

| ક્ષણ | | |
|---|---|---|
| ૧ | પરામર્શ. | (અહીં ત્રીજી ક્ષણે પરામર્શ નાશ પામી ગયો |
| ૨ | સિદ્ધિ. | એટલે કારણાભાવાત્ અનુમિતિ |
| ૩ | સિષાધયિષા. | થવાની જ નથી.) |

**મુક્તાવલી : यत्र सिद्धिपरामर्शसिषाधयिषाः क्रमेण भवन्ति तत्र सिषाधयिषाकाले सिद्धेर्नाशात्प्रतिबन्धकाभावादेवानुमितिः ।**

| ક્ષણ | | |
|---|---|---|
| ૧ | સિદ્ધિ. | (અહીં ત્રીજી ક્ષણે પહેલી ક્ષણની સિદ્ધિ (પ્રતિબંધક) |
| ૨ | પરામર્શ. | નાશ પામી ગઈ એટલે અનુમિતિ થઈ જ જવાની |
| ૩ | સિષાધયિષા. | છે. પ્રતિબંધક જ નથી તો ઉત્તેજક શા માટે માનવો જોઈએ ?) |

**મુક્તાવલી : यत्र सिषाधयिषासिद्धिपरामर्शाः सन्ति तत्र परामर्शकाले सिषाधयिषैव नास्ति ।**

| ક્ષણ | | |
|---|---|---|
| ૧ | સિષાધયિષા. | (અહીં ત્રીજી ક્ષણે પહેલી ક્ષણની સિષાધયિષા |
| ૨ | સિદ્ધિ. | નાશ પામી ગઈ એટલે સિદ્ધિ = પ્રતિબંધકની |
| ૩ | પરામર્શ. | હાજરી હોવાથી જ અનુમિતિ થવાની નથી.) |

**મુક્તાવલી : एवमन्यत्रापि सिद्धिकाले परामर्शकाले वा न सिषाधयिषा**

**योग्यविभुविशेषगुणानां यौगपद्यनिषेधात्, तत्कथं सिषाधयिषाविरह-विशिष्टत्वं सिद्धेर्विशेषणमिति चेत् ?**

**મુક્તાવલી :** આમ સિદ્ધિના અસ્તિત્વકાળમાં કે પરામર્શના અસ્તિત્વકાળમાં સિષાધયિષા રહેવાની જ નથી, કેમકે યોગ્યવિભુ વિશેષગુણો યુગપત્ રહી શકતા નથી. તો પછી સિષાધયિષાને ઉત્તેજક માનવાની શી જરૂર છે ? હા, સિદ્ધિ, પરામર્શ અને સિષાધયિષા ત્રણેય જયાં રહે અને ત્યાં જો ઉત્તરક્ષણે અનુમિતિ થતી હોય તો સિષાધયિષાને ઉત્તેજક તરીકે કલ્પવી પડે. પણ તેમ તો બનતું નથી પછી શા માટે સિષાધયિષાને ઉત્તેજક માનવી ? અને જયારે તે સિષાધયિષાને ઉત્તેજક ન મનાય તો પછી 'સિદ્ધિ સિષાધયિષાવિરહવિશિષ્ટ' એવું કહેવાની પણ જરૂર નથી.

**मुक्तावली : न, यत्र वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमान् इति प्रत्यक्षं स्मरणं वा, ततः सिषाधयिषा तत्र पक्षतासम्पत्तये तद्विशेषणस्याऽऽवश्यकत्वात् ।**

**ઉત્તર :** ના, તમારી વાત માનવામાં આ સ્થાને આપત્તિ આવશે.

જયાં પહેલી ક્ષણે '**वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमान्**' એવું પ્રત્યક્ષ થયું અથવા સ્મરણ થયું. હવે અહીં પરામર્શ '**वह्निव्याप्यधूमवान् पर्वतः**' છે તેમ સાથે તે જ્ઞાનમાં સિદ્ધિ **पर्वतो वह्निमान्** પણ છે. હવે બીજી ક્ષણે સિષાધયિષા થઈ કે **पर्वते वह्निमनुमिनुयाम् ।** તો ત્રીજી ક્ષણે અનુમિતિ-કાર્ય થાય જ છે. હવે જો કેવળ સિદ્ધિને જ પ્રતિબંધક માનીએ તો અહીં સિદ્ધિ તો છે જ, માટે અનુમિતિ નહિ થવાની આપત્તિ આવે. આ આપત્તિ ત્યારે જ ટળે કે જયારે સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિને પ્રતિબંધક માનવામાં આવે. અહીં જે સિદ્ધિ છે તે સિષાધયિષાવિશિષ્ટ સિદ્ધિ છે પણ સિષાધયિષા-વિરહવિશિષ્ટ સિદ્ધિ તો નથી જ, અર્થાત્ પ્રતિબંધક તો નથી જ, એટલે અનુમિતિ ઉપપન્ન થઈ જાય.

આમ આવા સમૂહાલંબન જ્ઞાન સ્થળે પ્રતિબંધક=સિદ્ધિ અને કારણ = પરામર્શ બે ય હાજર થાય છે ત્યાં ઉત્તરક્ષણે સિષાધયિષા પણ થતાં ત્રીજી ક્ષણે અનુમિતિ થાય છે અને તેની પૂર્વક્ષણે પરામર્શ, સિદ્ધિ અને સિષાધયિષા ત્રણેય હાજર છે. ઉત્તરક્ષણે અનુમિતિ થાય છે તેને ઉપપન્ન કરવા કેવળ સિદ્ધિને પ્રતિબંધક ન કહેતાં સિષાધયિષા-વિરહવિશિષ્ટ સિદ્ધિને જ પ્રતિબંધક કહેવી જોઈએ.

**मुक्तावली : अत्रेदं बोध्यम्-यादृशयादृशसिषाधयिषासत्त्वे सिद्धिसत्त्वे यल्लिङ्गकानुमितिस्तादृशतादृशसिषाधयिषाविरहविशिष्टसिद्ध्यभावस्तल्लिङ्गकानुमितौ पक्षता । तेन सिद्धिपरामर्शसत्त्वेऽपि यत्किञ्चिज्ज्ञानं जायतामितीच्छायामपि नानुमितिः ।**

**મુક્તાવલી : પ્રશ્ન :** એક માણસને **पर्वतो वह्निमान्** એવી પ્રત્યક્ષથી સિદ્ધિ થઈ અને ત્યારપછી '**यत्किञ्चिज्ज्ञानं जायताम्**' એવી સિષાધયિષા થઈ. એટલે અહીં સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવસ્વરૂપ પક્ષતા તો આવી ગઈ, પણ **पर्वतो वह्निमान्** એવું અનુમિતિ-કાર્ય થતું નથી તો પછી અહીં અન્વય-વ્યભિચાર આવ્યો ને ? કેમકે પક્ષતાત્મક કારણ હોવા છતાં અનુમિતિ-કાર્ય ન થયું.

**ઉત્તર :** આ દોષ દૂર કરવા 'સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવ' માત્રને પક્ષતા નહિ કહીએ કિન્તુ અહીં કેટલોક નિવેશ કરીશું.

જેવી જેવી સિષાધયિષા હોવા ઉપર અને સિદ્ધિ હોવા ઉપર જે લિંગક અનુમિતિ થતી હોય તેવી સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવરૂપ પક્ષતા એ તે લિંગક અનુમિતિમાં કારણ કહેવું.

(૧) **वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमान्** એવી સિદ્ધિ તથા પરામર્શ હોવા ઉપર અને **पर्वते वह्न्यनुमितिर्जायताम्** એવી સિષાધયિષા હોવા ઉપર જ ધૂમલિંગક વહ્ન્યનુમિતિ પર્વતમાં થાય છે માટે તે ધૂમલિંગક વહ્ન્યનુમિતિ પ્રત્યે **पर्वते वह्न्यनुमितिर्जायताम्** એવી સિષાધયિષાના વિરહથી વિશિષ્ટ સિદ્ધ્યભાવાત્મક પક્ષતા એ જ કારણ બને. હવે અન્વય-વ્યભિચાર નહિ આવે, કેમકે એ ધૂમલિંગક વહ્ન્યનુમિતિ વહ્નિની સિદ્ધિ અને **पर्वते वह्न्यनुमितिर्जायताम्** એવી સિષાધયિષા હોવા ઉપર જ થાય છે માટે તે ધૂમલિંગક વહ્ન્યનુમિતિ પ્રત્યે **पर्वते वह्न्यनुमितिर्जायताम्** એવી સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવાત્મક પક્ષતા જ કારણ બને.

પ્રકૃતમાં તો **यत्किञ्चिज्ज्ञानं जायताम्** એવી સિષાધયિષા છે અને વહ્નિની સિદ્ધિ છે, પણ **पर्वते वह्न्यनुमितिर्जायताम्** એવી સિષાધયિષા તો અહીં નથી જ, અર્થાત્ **वह्न्यनुमितिर्जायताम्** એવી સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિરૂપ પ્રતિબંધક જ અહીં છે, એટલે હવે અનુમિતિ નહિ જ થાય, કેમકે **वह्न्यनुमितिर्जायताम्** ઇત્યાકારક સિષાધયિષા-

વિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવાત્મક પક્ષતા = કારણ જ અહીં નથી માટે અનુમિતિ-કાર્ય પણ ન જ થાય. આમ હવે અન્વય-વ્યભિચાર દોષ નહિ આવે.

**यादृशयादृशसिषाधयिषासत्त्वे सिद्धिसत्त्वे यल्लिङ्गकानुमितिः तादृशतादृश-सिषाधयिषाविरहविशिष्टसिद्ध्यभावः तल्लिङ्गकानुमितौ पक्षता ।**

---

**मुक्तावली : 'वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमानि'ति प्रत्यक्षसत्त्वे 'प्रत्यक्षा-तिरिक्तं ज्ञानं जायतामि'तीच्छायां तु भवत्येव ।**

---

**મુક્તાવલી :** (૨) આ જ કારણથી હવે જો કોઈને **वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमान्** એવો સિદ્ધિ-પરામર્શ હોય અને પછી '**प्रत्यक्षातिरिक्तं ज्ञानं जायताम्**' એવી સિષાધયિષા હોય તો ત્યાં અનુમિતિ-કાર્ય થઈ જાય છે, કેમકે અહીં '**प्रत्यक्षातिरिक्तं ज्ञानं जायताम्**' એવી સિષાધયિષા હોવાથી સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ (પ્રતિબંધક) નથી પણ તાદૃશ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવાત્મક પક્ષતા (કારણ) છે. માટે અહીં કારણ હાજર હોવાથી કાર્ય થઈ જશે.

---

**मुक्तावली : एवं धूमपरामर्शसत्त्वे 'आलोकेन वह्निमनुमिनुयामि'ती-च्छायामपि नानुमितिः ।**

---

**મુક્તાવલી :** (૩) વળી જ્યારે '**वह्निव्याप्यधूमवान् पर्वतो वह्निमान्**' એવો ધૂમ-પરામર્શ અને સિદ્ધિ છે ત્યારે ધૂમલિંગક વહ્ન્યનુમિતિ કરવી હોય તો તે વખતે '**पर्वते धूमेन वह्निमनुमिनुयाम्**' એવી સિષાધયિષા હોય તો જ તે અનુમિતિ થાય. માટે જો અહીં '**आलोकेन वह्निमनुमिनुयाम्**' એવી સિષાધયિષા હોય તો અનુમિતિ ન જ થાય, કેમકે તે વખતે '**धूमेन वह्निमनुमिनुयाम्**' એવી સિષાધયિષા તો નથી જ, અર્થાત્ તેવી સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધ્યાત્મક પ્રતિબંધક જ હાજર છે.

---

**मुक्तावली : सिषाधयिषाविरहकाले यादृशसिद्धिसत्त्वे नानुमितिस्तादृशी सिद्धिर्विशिष्यैव तत्तदनुमितौ प्रतिबन्धिका वक्तव्या, तेन 'पर्वतस्तेजस्वी' 'पाषाणमयो वह्निमानि'ति ज्ञानसत्त्वेऽप्यनुमितेर्न विरोधः ।**

---

**મુક્તાવલી :** હવે કઈ સિદ્ધિ અને કઈ અનુમિતિ વચ્ચે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ છે?

તે બતાવવા મુક્તાવલિકાર કહે છે કે (૧) જેવી સિષાધયિષાના વિરહકાળમાં જેવી સિદ્ધિ હોવા ઉપર અનુમિતિ ન થાય તેવી સિષાધયિષાના વિરહથી વિશિષ્ટ તે સિદ્ધિ જ અનુમિતિ પ્રત્યે પ્રતિબંધક જાણવી. પર્વતમાં વહ્નિની પ્રત્યક્ષથી સિદ્ધિ થઈ અને ત્યાં જો '**पर्वते वह्निमनुमिनुयाम्**' એવી સિષાધયિષા ન હોય તો અનુમિતિ થતી નથી. એટલે '**पर्वते वह्निमनुमिनुयाम्**' એવી સિષાધયિષાવિરહવિશિષ્ટ વહ્નિસિદ્ધિ પર્વતમાં વહ્ન્યનુમિતિ પ્રત્યે પ્રતિબંધક કહેવાય. એટલે હવે '**पर्वतः तेजस्वी**', '**पाषाणमयो वह्निमान्**' એવી સિદ્ધિ હોય તો પણ પર્વતમાં વહ્ન્યનુમિતિ થઈ શકે, કેમકે '**पर्वते वह्निमनुमिनुयाम्**' એવી સિષાધયિષાવિરહવિશિષ્ટ **पर्वतः तेजस्वी** કે **पाषाणमयो वह्निमान्** એવી સિદ્ધિ વહ્ન્યનુમિતિ પ્રત્યે પ્રતિબંધક બની શકતી નથી. હા, જો **पर्वतो वह्निमान्** એવી જ સિદ્ધિ હોત અને **पर्वते वह्निमनुमिनुयाम्** એવી સિષાધયિષા ન હોત તો આ સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિ વહ્ન્યનુમિતિમાં પ્રતિબંધક બની જાત.

---

**मुक्तावली : परन्तु पक्षतावच्छेदकसामानाधिकरण्येन साध्यसिद्धावपि तदवच्छेदेनानुमितिदर्शनात् पक्षतावच्छेदकावच्छेदेनानुमितिं प्रति पक्षतावच्छेदकावच्छेदेन साध्यसिद्धिरेव प्रतिबन्धिका ।**

---

**મુક્તાવલી** : (૨) આ જ રીતે એક પર્વતમાં વહ્નિની સિદ્ધિ હોવા છતાં સઘળા પર્વતોમાં વહ્નિની અનુમિતિ થઈ શકે, અર્થાત્ પક્ષતાવચ્છેદક (પર્વતત્વ) સામાનાધિકરણ્યેન વહ્નિ સાધ્યની સિદ્ધિ હોય તો પણ પક્ષતાવચ્છેદકાવચ્છેદેન (પર્વતત્વાવચ્છેદેન સઘળા પર્વતમાં) વહ્ન્યનુમિતિ થાય છે માટે પક્ષતાવચ્છેદકાવચ્છેદેન વહ્ન્યનુમિતિ પ્રત્યે પક્ષતાવચ્છેદકસામાનાધિકરણ્યેન વહ્નિ-સિદ્ધિને પ્રતિબંધક ન કહેતાં પક્ષતાવચ્છેદકાવચ્છેદેન વહ્નિ-સિદ્ધિને પ્રતિબંધક કહેવી.

કહેવાનો આશય એ છે કે એક પર્વતમાં વહ્નિ-સિદ્ધિ હોવા છતાં તે વખતે સઘળા પર્વતોમાં વહ્ન્યનુમિતિ કરવી હોય તો તે થઈ શકે છે માટે સઘળા પર્વતોમાં વહ્ન્યનુમિતિ પ્રત્યે એક પર્વતના વહ્નિની સિદ્ધિને પ્રતિબંધક ન કહેવાય. હા, સઘળા પર્વતોના વહ્નિની સિદ્ધિ હોય તો સઘળા પર્વતોના વહ્નિની અનુમિતિ ન થાય માટે સઘળા પર્વતોના વહ્નિની અનુમિતિ પ્રત્યે સઘળા પર્વતોના વહ્નિની સિદ્ધિને જ પ્રતિબંધક કહેવી પરંતુ એક પર્વતના વહ્નિની સિદ્ધિને પ્રતિબંધક કહેવી નહિ.

**मुक्तावली : पक्षतावच्छेदकसामानाधिकरण्येनानुमितिं प्रति तु सिद्धिमात्रं विरोधि ।**

**મુક્તાવલી :** એક પર્વતના વહ્નિની અનુમિતિ કરવી હોય તે વખતે જો તે એક પર્વતના વહ્નિની સિદ્ધિ હોય કે સર્વ પર્વતોના વહ્નિની સિદ્ધિ હોય તો અનુમિતિ થતી નથી. માટે એક પર્વતના વહ્નિની અનુમિતિ પ્રત્યે તે એક પર્વતના વહ્નિની સિદ્ધિને તથા સર્વ પર્વતોના વહ્નિની સિદ્ધિને એમ બે ય સિદ્ધિને પ્રતિબંધક કહેવી.

**मुक्तावली : इदं तु बोध्यम्-यत्रायं पुरुषो न वेति संशयानन्तरं 'पुरुषत्व-व्याप्यकरादिमानयमि'ति ज्ञानं तत्राऽसत्यामनुमित्सायां पुरुषस्य प्रत्यक्षं भवति न त्वनुमितिः ।**

**મુક્તાવલી : પ્રશ્ન :** દૂરથી અંધકારમાં પુરૂષને જોતાં સંદેહ પડ્યો : **अयं पुरुषो न वा ?** આ સંશય બાદ પુરૂષત્વવ્યાપ્યકરાદિનું પ્રત્યક્ષ થયું. '**पुरुषत्वव्याप्यकरादिमानयम्**' એવું વિશેષ દર્શનરૂપ પરામર્શાત્મક પ્રત્યક્ષ થયું. ત્યાર પછી અહીં પુરૂષનું પ્રત્યક્ષાત્મક જ્ઞાન થાય છે. હવે અહીં પ્રશ્ન થાય છે કે આ સ્થાને પુરૂષનું પ્રત્યક્ષ જ કેમ થાય ? કેમકે જેમ પ્રત્યક્ષની સામગ્રી ચક્ષુ:સંયોગાદિ અહીં છે તેમ અનુમિતિની સામગ્રી પક્ષતાદિ પણ અહીં છે જ, કેમકે અહીં પુરૂષની સિદ્ધિ નથી માટે સિષાધયિષા-વિરહવિશિષ્ટ સિદ્ધ્યભાવરૂપ પક્ષતા છે, માટે પુરૂષની અનુમિતિ જ કેમ ન થાય ?

**ઉત્તર :** આનો ઉત્તર આપતાં મુક્તાવલિકાર કહે છે કે '**पुरुषो न वा ?**' સંદેહ બાદ '**पुरुषत्वव्याप्यकरादिमानयम्**' એવું પરામર્શાત્મક પ્રત્યક્ષ થયું અને પછી જો ત્યાં સિષાધયિષા ન થાય (સિષાધયિષા થાય તો તો અનુમિતિ જરૂર થાય.) તો પરામર્શની ઉત્તરક્ષણે પુરૂષનું પ્રત્યક્ષ જ થાય છે, અનુમિતિ થતી નથી.

અહીં અનુમિતિની સામગ્રી પક્ષતાદિ હાજર છે છતાં પુરૂષની અનુમિતિ નથી થતી અને પુરૂષનું પ્રત્યક્ષ જ થાય છે માટે **प्रत्यक्षात्मककार्यानुरोधेन** અહીં અનુમિતિનો પ્રતિબંધક કોઈક માનવો જ જોઈએ. અત્યાર સુધી તો સિદ્ધિને પ્રતિબંધક માનેલ, પણ અહીં તો પુરૂષની સિદ્ધિ છે જ નહિ એટલે એ પ્રતિબંધકનો તો અભાવ (પક્ષતા) છે, માટે પુરૂષની અનુમિતિ થવી જોઈએ, પરંતુ પુરૂષની અનુમિતિ થતી નથી એટલે સિદ્ધિથી અતિરિક્ત બીજા પ્રતિબંધકની કલ્પના કરવી જ રહી. એ પ્રતિબંધક છે;

**मुक्तावली : अतोऽनुमित्साविरहविशिष्टसमानविषयकप्रत्यक्षसामग्री कामिनी-जिज्ञासादिवत्स्वातन्त्र्येण प्रतिबन्धिका ।**

અનુમિતિ-સામગ્રીભૂત પરામર્શના વિષયો પુરુષત્વ-પુરુષકરાદિ છે. તે જ વિષયો પ્રત્યક્ષની ચક્ષુ:સંયોગાદિ સામગ્રીના પણ છે, કેમકે **पुरुषत्वव्याप्यकरादिमानयम्** એ પરામર્શ પ્રત્યક્ષાત્મક છે. આમ અહીં પુરૂષના પ્રત્યક્ષની સામગ્રી ચક્ષુ:સંયોગાદિના અને પુરૂષની અનુમિતિની સામગ્રી પરામર્શાદિના સરખા જ વિષયો બન્યા છે માટે પ્રત્યક્ષ-સામગ્રી અનુમિતિ-સામગ્રીની સમાનવિષયિણી કહેવાય. એટલે સિષાધયિષાવિરહ-વિશિષ્ટ સમાનવિષયકપ્રત્યક્ષ-સામગ્રી પુરૂષની અનુમિતિ થવામાં સ્વાતન્ત્ર્યેણ પ્રતિબંધિકા બને છે એમ કહેવું પડે. સ્વાતન્ત્ર્યેણ એટલે પક્ષતાની કુક્ષિમાં એ પ્રતિબંધિકાને લીધા વિના સ્વતંત્ર રીતે, અર્થાત્ જેમ 'સિદ્ધિ'રૂપ પ્રતિબંધક પક્ષતાની કુક્ષિમાં પ્રવિષ્ટ છે (સિષાધયિષાવિરહવિશિષ્ટ સિદ્ધિનો અભાવ = પક્ષતા) તેમ પ્રત્યક્ષ-સામગ્રીરૂપ પ્રતિબંધિકાને અમે પક્ષતાની કુક્ષિમાં પ્રવિષ્ટ ન કરતાં સ્વાતન્ત્ર્યેણ પ્રતિબંધિકા કહીશું. જેમ સ્ત્રીકામી પુરૂષને કામિનીજિજ્ઞાસા સ્વાતન્ત્ર્યેણ બીજા બધા જ્ઞાનોની પ્રતિબંધિકા બની જાય છે તેમ અહીં સમજવું.

આ રીતે મુક્તાવલિકારે એક એવું સ્થાન બતાવ્યું જ્યાં પ્રત્યક્ષ અને અનુમિતિ બેયની સમાન સામગ્રી હાજર થતાં પ્રત્યક્ષ-કાર્ય જ થવાથી અનુમિતિ પ્રત્યે સિષાધયિષા-વિરહવિશિષ્ટ પ્રત્યક્ષ-સામગ્રીને પ્રતિબંધિકા કલ્પી.

**मुक्तावली : एवं परामर्शानन्तरं विना प्रत्यक्षेच्छां पक्षादेः प्रत्यक्षानुत्पत्तेः प्रत्यक्षेच्छाविरहविशिष्टानुमितिसामग्री भिन्नविषयकप्रत्यक्षे प्रतिबन्धिका ॥**

**મુક્તાવલી :** કેટલીક વાર એવું પણ બને છે કે પ્રત્યક્ષ-અનુમિતિ બેયની સામગ્રી ઉપસ્થિત થતાં અનુમિતિ થઈ જાય છે અને પ્રત્યક્ષ થતું નથી. આવા સ્થાને પ્રત્યક્ષ-કાર્ય પ્રત્યે કોઈને પ્રતિબંધક કલ્પવો જ રહ્યો.

હવે એ જ સ્થાન બતાવે છે કે એક સ્થાને **वह्निव्याप्यधूमवानयं** એવું પરામર્શ પ્રત્યક્ષ થયું. ત્યારબાદ જો એ સિષાધયિષા થાય કે **'मम पर्वतस्य प्रत्यक्षं भवतु'** તો તો જાણે એ પરામર્શથી પર્વતનું પ્રત્યક્ષ જ થઈ જાય. પણ જ્યારે પક્ષના પ્રત્યક્ષની ઈચ્છા ન થાય

ત્યારે પરામર્શની ઉત્તરક્ષણે પ્રત્યક્ષ ન થાય. હવે અહીં પ્રશ્ન થાય કે ત્યાં પ્રત્યક્ષ કેમ ન થાય ? કેમકે અનુમિતિના પરામર્શની સામગ્રી પર્વતત્વ, પર્વત, વહ્નિ, ધૂમ વિષયો હાજર છે તેમ પ્રત્યક્ષની ચક્ષુઃસંયોગાદિરૂપ સામગ્રીનો વિષય પર્વત પણ હાજર છે તો પછી ઉક્ત પરામર્શ બાદ અનુમિતિ જ થાય અને પ્રત્યક્ષ કેમ ન થાય ?

મુક્તાવલીકાર કહે છે કે જ્યારે બે ય સામગ્રી હાજર છતાં અનુમિતિ-કાર્ય જ થાય છે પણ પર્વતનું પ્રત્યક્ષાત્મક કાર્ય નથી થતું માટે કાર્યબલાત્ અહીં એમ કહેવું જ પડે કે પ્રત્યક્ષ-કાર્ય પ્રત્યે કોઈ પ્રતિબંધક અહીં છે. તે પ્રતિબંધક છે; **પ્રત્યક્ષેચ્છાવિરહવિશિષ્ટ અનુમિતિ-સામગ્રી.**

આ અનુમિતિ-સામગ્રી ભિન્નવિષયક પ્રત્યક્ષમાં પ્રતિબંધક છે. અહીં ભિન્નવિષયક પ્રત્યક્ષ કહ્યું તેનો અર્થ આ છે : (ભિન્ન = ન્યૂન) અનુમિતિના પરામર્શના વિષયો પર્વત, પર્વતત્વ, વહ્નિ, ધૂમ છે, જ્યારે પ્રત્યક્ષ તો ધૂમનું નહિ કિન્તુ પર્વત-પર્વતત્વનું જ કરવાનું છે. આમ પ્રત્યક્ષસામગ્રી ચક્ષુઃસંયોગાદિ એ અનુમિતિના પરામર્શની સામગ્રીની અપેક્ષાએ ન્યૂનવિષયિણી બની. **प्रत्यक्षेच्छाविरहविशिष्टानुमितिसामग्री भिन्नविषयकप्रत्यक्षप्रतिबन्धिका** । એટલે અહીં હવે પર્વતની અનુમિતિ જ થાય.

**कारिकावली : अनैकान्तो विरुद्धश्चाप्यसिद्धः प्रतिपक्षितः ।**
**कालात्ययापदिष्टश्च हेत्वाभासास्तु पञ्चधा ॥७१॥**

**मुक्तावली : हेतुप्रसङ्गाद्धेत्वाभासान् विभजते - अनैकान्त इति । तल्लक्षणं तु यद्विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वं तत्त्वम् । तथाहि-व्यभिचारादि-विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वात्ते दोषाः ।**

**મુક્તાવલી : હેત્વાભાસ :** હેતુના પ્રસંગથી હેત્વાભાસનું નિરૂપણ મુક્તાવલીકાર કરે છે.

**हेतुवदाभासते यः स हेत्वाभासः ।** હેત્વાભાસ એટલે અસદ્ધેતુ. જે વસ્તુતઃ હેતુ નથી પરન્તુ હેતુ જેવો લાગે છે તે હેત્વાભાસ કહેવાય.

હેત્વાભાસ પાંચ છે : (૧) અનૈકાન્ત(વ્યભિચારી) (૨) વિરૂદ્ધ (૩) અસિદ્ધ (૪) સત્પ્રતિપક્ષિત અને (૫) કાલાત્યયાપદિષ્ટ (બાધિત).

**હેત્વાભાસ લક્ષણ : यद्विषयकत्वेन ज्ञानस्य अनुमितिविरोधित्वं तत्त्वं हेत्वाभासत्वम् ।**

આ લક્ષણમાંથી '**स्य**' અને '**त्व**' દૂર કરીએ તો **यद्विषयकं ज्ञानं अनुमितिविरोधि सः हेत्वाभासः** લક્ષણ થાય.

વિરોધી એટલે પ્રતિબંધક.

યદ્વિષયકજ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક બને તે હેત્વાભાસ કહેવાય.

(૧) વ્યભિચારવિષયક જ્ઞાન (વ્યભિચારનું જ્ઞાન) અનુમિતિને અટકાવે છે માટે વ્યભિચાર એ હેત્વાભાસ કહેવાય.

(૨) બાધવિષયક જ્ઞાન (બાધનું જ્ઞાન) અનુમિતિ થવા દેતું નથી માટે બાધ એ હેત્વાભાસ કહેવાય.

આ રીતે વ્યભિચાર, બાધ, વિરોધ, અસિદ્ધિ, સત્પ્રતિપક્ષ એ પાંચ મુખ્ય હેત્વાભાસ છે, કેમકે આ બધાનું જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક બને છે.

**पर्वतो वह्निमान् जलात्** એવી અનુમિતિ કરવી હોય તે વખતે 'જલ એ સાધ્યાભાવવદ્વૃત્તિ છે, અર્થાત્ સાધ્ય વિના પણ રહેનારો છે' એવું વ્યભિચાર-જ્ઞાન થઈ જાય તો આ અનુમિતિ-જનક વ્યાપ્તિજ્ઞાન થઈ શકે નહિ માટે અનુમિતિ અટકી જાય. એટલે વ્યભિચાર એ હેત્વાભાસ કહેવાય.

એ જ રીતે **ह्रदो वह्निमान् धूमात्** અનુમિતિને **ह्रदो वह्न्यभाववान्** એવું બાધ-જ્ઞાન અટકાવી દે છે માટે બાધ એ હેત્વાભાસ કહેવાય. આ રીતે વિરોધ, અસિદ્ધિ, સત્પ્રતિપક્ષમાં પણ સમજી લેવું. દરેક ઉપર વ્યાખ્યાન આગળ ઉપર આવવાનું છે.

---

**मुक्तावली : यद्विषयकत्वं च यादृशविशिष्टविषयकत्वम्, तेन बाधभ्रमस्यानुमितिविरोधित्वेऽपि न क्षतिः । तत्र पर्वतो वह्न्यभाववानिति विशिष्टस्याऽप्रसिद्धत्वान्न हेतुदोषः ।**

---

**પ્રશ્ન :** એક માણસ '**पर्वतो वह्निमान् धूमात्**' અનુમાન કરવા માંગે છે. એ વખતે બીજો માણસ તેને **वह्न्यभाववान् पर्वतः** એવો બાધભ્રમ કરાવી દે છે. વસ્તુતઃ પર્વત વહ્ન્યભાવવાન્ નથી જ. હવે આમ થતાં જ પેલો માણસ **वह्निमान् धूमात्** અનુમિતિ કરી શકતો નથી. આમ **वह्न्यभाववान् पर्वतः** એવું ભ્રમાત્મક બાધવિષયક જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક બન્યું માટે એ જ્ઞાનનો વિષય વહ્ન્યભાવવાન્ પર્વત = બાધ એ દોષ બન્યો અને તેથી ધૂમ હેતુ બાધિત = દુષ્ટ બની ગયો. વસ્તુતઃ તો ધૂમ એ સદ્ધેતુ છે અને હવે બાધ-ભ્રમને લીધે તે દુષ્ટ બની જવાની આપત્તિ આવી.

**ઉત્તર :** સારું, તો અમે હવે લક્ષણમાં પરિષ્કાર કરતાં કહીશું કે 'યદ્વિષયકજ્ઞાન' એટલે યાદશવિશિષ્ટવિષયક જ્ઞાન લેવું, અર્થાત્ યાદશવિશિષ્ટવિષયક જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક (વિરોધી) બને તાદશવિશિષ્ટવિષય એ દોષ બને. હવે ઉક્ત આપત્તિ નહિ આવે. ભલે બાધનો ભ્રમ કરાવતાં પેલો માણસ **वह्निमान् धूमात्** એવી અનુમિતિ નહિ કરી શકે પરન્તુ સદ્ધેતુ ધૂમ હવે બાધિત (બાધ દોષથી દુષ્ટ) તો નહિ બને. તે આ રીતે:

અમે કહ્યું કે યદ્વિષયકજ્ઞાન એટલે યાદશવિશિષ્ટવિષયક જ્ઞાન. તેનો અર્થ યદ્રૂપાવચ્છિન્ન(વિશિષ્ટ)વિષયક જ્ઞાન, અર્થાત્ યદ્રૂપાવચ્છિન્ન(વિશિષ્ટ)વિષયક જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક બને તદ્રૂપાવચ્છિન્ન(વિશિષ્ટ)વિષય એ દોષ બને.

હવે **वह्निमान् धूमात्** સ્થળે **वह्न्यभाववान् पर्वतः** એવું જે ભ્રમાત્મક બાધ-જ્ઞાન થયું છે તે યાદશવિશિષ્ટવિષયક જ્ઞાન નથી, કેમકે અહીં વહ્ન્યભાવવત્ પર્વતત્વ એ જ અપ્રસિદ્ધ છે, કેમકે પર્વત વહ્ન્યભાવવાળો છે જ નહિ, માટે વહ્ન્યભાવવત્ પર્વતત્વથી અવચ્છિન્ન (વિશિષ્ટ) વહ્ન્યભાવવાળો પર્વત (વિશિષ્ટ) બની શકે જ નહિ. આમ ભ્રમાત્મક બાધ-જ્ઞાન એ યાદશવિશિષ્ટવિષયક નથી માટે તેનો વિષય વહ્ન્યભાવવાન્ પર્વત એ બાધ-દોષ બની શકે નહિ અને તેથી સદ્ધેતુ ધૂમ દુષ્ટ બની શકે નહિ.

હા, હવે જે પ્રમાત્મક બાધ-જ્ઞાન છે ત્યાં જોઈએ.

એક માણસ **ह्रदो वह्निमान् धूमात्** એવી અનુમિતિ કરવા માંગે છે તે વખતે **ह्रदो वह्न्यभाववान्** એવું પક્ષ = હ્રદમાં સાધ્ય = વહ્નિના બાધનું જ્ઞાન થયું. હવે આ બાધ-જ્ઞાન તો પ્રમાત્મક છે, કેમકે હ્રદ વહ્ન્યભાવવાન્ છે જ. માટે આ જ્ઞાન યાદશવિશિષ્ટવિષયક જ્ઞાન બને. અહીં વહ્ન્યભાવવત્ હ્રદત્વથી વિશિષ્ટ વહ્ન્યભાવવદ્ હ્રદ છે જ, અર્થાત્ વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવહ્ન્યભાવવદ્ હ્રદ પ્રસિદ્ધ છે. માટે તદ્રૂપાવચ્છિન્ન = વહ્ન્યભાવવદ્હ્રદત્વાવચ્છિન્નવહ્ન્યભાવવદ્ હ્રદ એ બાધ દોષ બન્યો અને તેથી **ह्रदो वह्निमान् धूमात्** સ્થલીય ધૂમ હેતુ બાધિત = અસદ્ધેતુ = દુષ્ટ બન્યો.

પ્રાચીનો સત્પ્રતિપક્ષ દોષને અનિત્ય માને છે, અર્થાત્ કોઈ ભ્રાન્ત સત્પ્રતિપક્ષ ઊભો કરી દે તો સદ્ધેતુ પણ સત્પ્રતિપક્ષિત થઈ જાય એમ તેમનું કહેવું છે. જ્યારે એ ભ્રમ નિવૃત્ત થઈ જાય ત્યારે હેતુ સત્પ્રતિપક્ષિત ન રહે કિન્તુ સદ્ધેતુ બની જાય. આ જ પ્રાચીનો બાધ-દોષમાં આવું માનતા નથી કે ભ્રાન્ત બાધ ઊભો થાય તો સદ્ધેતુ બાધિત (બાધ-દોષથી દુષ્ટ) બની જાય અને ભ્રમ દૂર થતાં તે હેતુ નિર્દુષ્ટ બની જાય. આમ પ્રાચીનો સત્પ્રતિપક્ષને અનિત્ય દોષ માને છે જ્યારે બાધને નિત્ય દોષ માને છે. જ્યારે નવ્યો તો આ બે ય દોષને નિત્ય માને છે, અર્થાત્ ભ્રાન્ત સત્પ્રતિપક્ષ ઊભો થાય ત્યારે જે સદ્ધેતુ છે તે દુષ્ટ થાય અને પછી ભ્રમ ચાલ્યો જાય એટલે તે સદ્ધેતુ નિર્દુષ્ટ થઈ જાય એવું નવ્યો માનતા નથી. તેઓ તો કહે છે કે સદ્ધેતુ કદી પણ દુષ્ટ બની શકે નહિ અને જે દુષ્ટ હેતુ છે તે કદી સદ્ધેતુ બની શકે નહિ.

હવે પ્રાચીનો પોતાના મતાનુસાર વિચાર મૂકે છે અને નવ્યો ઇષ્ટાપત્તિથી તેનો જવાબ કેવી રીતે વાળે છે ? તે જોઈએ.

---

**मुक्तावली : न च वह्न्यभावव्याप्यपाषाणमयत्ववानिति परामर्शकाले वह्निव्याप्यधूमस्याभासत्वं न स्यात्, तत्र वह्न्यभावव्याप्यवान् पक्ष इति विशिष्टस्याप्रसिद्धत्वादिति वाच्यम्, इष्टापत्तेः, अन्यथा बाधस्याप्यनित्य-दोषत्वापत्तेः ।**

---

**मुक्तावली : પ્રાચીનો : पर्वतो वह्निमान् धूमात् ।** આ અનુમિતિ સામે **पर्वतो वह्न्यभाववान् पाषाणमयत्वात्** અનુમિતિ ઊભી કરી. હવે **यद्रूपावच्छिन्नविषयकज्ञानम् अनुमितिप्रतिबन्धकं तद्रूपावच्छिन्नविषयो दोषः** એવું તમે કહ્યું એટલે અહીં ધૂમ હેતુ દુષ્ટ

નહિ બનવાની આપત્તિ આવશે, કેમકે '**वह्न्यभावव्याप्यपाषाणमयः पर्वतः**' એવું જે ભ્રાન્ત જ્ઞાન છે તે વહ્ન્યભાવવ્યાપ્યપાષાણમયત્વ સ્વરૂપ ધર્મથી અવચ્છિન્ન નથી, કેમકે વહ્ન્યભાવવ્યાપ્યપાષાણમયત્વવાન્ પર્વત પ્રસિદ્ધ જ નથી એટલે હવે તદ્રૂપ= વહ્ન્ય-ભાવવ્યાપ્યપાષાણમયત્વવિશિષ્ટ વહ્ન્યભાવવ્યાપ્યપાષાણમય પર્વત એ દોષ નહિ બને અને તેથી **वह्निमान् धूमात्** સ્થલીય ધૂમ હેતુ સત્પ્રતિપક્ષ દોષથી દુષ્ટ નહિ બને.

**નવ્યો** : ધૂમ હેતુ દુષ્ટ ન બને તેમાં આપત્તિ શું છે ? અમને તો અહીં ઈષ્ટાપત્તિ જ છે. ધૂમ તો સદ્ધેતુ છે. સત્પ્રતિપક્ષનો ભ્રમ ઉત્પન્ન થાય ત્યારે તે દુષ્ટ બની જાય અને તે ભ્રમ નિવૃત્ત થાય ત્યારે તે ધૂમ હેતુ નિર્દુષ્ટ બની જાય, અર્થાત્ પછી સત્પ્રતિપક્ષિત ન રહે એવું અમે માનતા જ નથી. અમારા મતે સત્પ્રતિપક્ષ દોષ આવી રીતે અનિત્ય નથી.

અમે જાણીએ છીએ કે તમે સત્પ્રતિપક્ષ દોષને અનિત્ય માનો છો અને તેથી જ ભ્રમાત્મક સત્પ્રતિપક્ષ ખડો થતાં સદ્ધેતુ દુષ્ટ ન બને એટલે આપત્તિ માનો છો. પણ અમે તમને પૂછીએ છીએ કે જો તમે સત્પ્રતિપક્ષને આ રીતે અનિત્ય દોષ માનો છો તો બાધને પણ કેમ અનિત્ય દોષ માનતા નથી ? સદ્ધેતુની સામે બાધ-ભ્રમ ઊભો કરવામાં આવે તો તે સદ્ધેતુ બાધ-દોષથી દુષ્ટ બની રહે અને ભ્રમ નિવૃત્ત થતાં સદ્ધેતુ નિર્દુષ્ટ થઈ જાય એવું કેમ માનતા નથી ? અને જો બાધ-દોષ નિત્ય માનો છો તો પછી તે જ ન્યાયે સત્પ્રતિપક્ષને પણ તમારે નિત્ય દોષ સ્વરૂપ માનવો જોઈએ અને તેથી **वह्निमान् धूमात्** સ્થળે સત્પ્રતિપક્ષનો ભ્રમ ઉત્પન્ન થતાં ધૂમ હેતુ સત્પ્રતિપક્ષિત થઈ જાય છે તેમ માનવું જોઈએ નહિ.

---

**मुक्तावली : तस्मात्तत्र वह्न्यभावव्याप्यपाषाणमयत्ववानिति परामर्शकाले वह्निव्याप्यधूमस्य नाभासत्वम्, भ्रमादनुमितिप्रतिबन्धमात्रं, हेतुस्तु न दुष्टः ।**

---

**મુક્તાવલી** : હા, એટલું બને કે આવો ભ્રાન્ત સત્પ્રતિપક્ષ કે ભ્રાન્ત કોઈ બાધ ઊભો કરી દેવામાં આવે ત્યારે **वह्निमान् धूमात्** ઇત્યાદિ અનુમિતિ થઈ શકે નહિ, જ્યારે એ ભ્રમ નિવૃત્ત થાય ત્યારે જ તે અનુમિતિ થઈ શકે. પરંતુ જે સદ્ધેતુ હોય તે દુષ્ટ તો ન જ થાય.

---

**मुक्तावली : इत्थं च साध्याभाववद्वृत्तिहेत्वादिकं दोषः । तद्वत्त्वं च हेतौ**

**येन केनापि सम्बन्धेनेति नव्याः ।**

**मुक्तावली :** અત્યાર સુધી મુક્તાવલીકારે કહ્યું હતું કે વ્યભિચાર, બાધ વગેરે દોષ છે. હવે તેઓ કહે છે કે વ્યભિચાર દોષવાળો જે હેતુ છે તે જ દોષ સમજવો. તે જ રીતે **साध्याभाववान् पक्षः** એ જ બાધ દોષ સમજવો. આમ હેતુ, પક્ષ વગેરેને જ દોષ સમજવા.

**પ્રશ્ન :** જો આ રીતે હેત્વાદિ પોતે જ દોષસ્વરૂપ કહેવાય તો પછી હેતુ દુષ્ટ કહેવાય છે તે શી રીતે ? જો હેતુ દોષવાન્ હોય તો દુષ્ટ કહેવાય, પણ જો હેતુ પોતે જ દોષ હોય તો તેને દુષ્ટ=દોષવાન્ શી રીતે કહેવાય ? એ જ રીતે જો સાધ્યાભાવવાન્ પક્ષ એ બાધ દોષ કહેવાય તો પછી ત્યાં હેતુ બાધ દોષવાળો = બાધિત = બાધ-દોષદુષ્ટ શી રીતે બનશે ? કેમકે પક્ષ એ જો દોષ છે તો તે હેતુમાં શી રીતે જશે ?

**ઉત્તર :** આનો ઉત્તર આપતાં મુક્તાવલીકાર કહે છે કે 'યેન કેન સમ્બન્ધેન' તે તે દોષને હેતુમાં લઈ જવો અને હેતુને દોષવાળો = દુષ્ટ બનાવવો. તે આ રીતે :

**વ્યભિચાર દોષ :** સાધ્યાભાવવદ્વૃત્તિ હેતુ એ વ્યભિચાર દોષ છે અને અહીં તાદાત્મ્યસંબંધથી હેતુ દોષવિશિષ્ટ = દુષ્ટ બની જાય. જે દોષ તે જ દુષ્ટ.

**બાધ :** સાધ્યાભાવવાન્ પક્ષ એ બાધ દોષ છે. હવે તેને હેતુમાં આ રીતે લઈ જવાય. દા.ત. **ह्रदो वह्निमान् धूमात् ।** અહીં વહ્ન્યભાવવાન્ હ્રદ એ બાધ દોષ છે. **'वह्न्यभाववान् ह्रदो धूमश्च'** એવું એક સમૂહાલંબન જ્ઞાન કર્યું. આમાં સ્વવિષયકજ્ઞાન-વિષયત્વ-સંબંધથી વહ્ન્યભાવવાન્ હ્રદ = દોષ હેતુ ધૂમમાં ચાલી જશે. સ્વ = વહ્ન્યભાવવાન્ હ્રદ = દોષ, તદ્વિષયક જે જ્ઞાન = **वह्न्यभाववान् ह्रदो धूमश्च** એવું જ્ઞાન, એનો (એ જ્ઞાનનો) વિષય = ધૂમ, એમાં સ્વવિષયકજ્ઞાનવિષયત્વ રહ્યું. એ સંબંધથી સ્વ = વહ્ન્યભાવવાન્ હ્રદ = દોષ હેતુ ધૂમમાં ચાલી જાય એટલે ધૂમ દોષવિશિષ્ટ = દુષ્ટ બની ગયો. આ રીતે અન્યત્ર પણ યેન કેન સંબંધેન દોષવિશિષ્ટ હેતુ બનાવીને તેને દુષ્ટ કહેવો.

આમ આ મતે વ્યભિચારાદિ દોષ થયા અને તે દોષના લક્ષણો કર્યા અને યેન કેન સંબંધેન તે દોષવિશિષ્ટ હેતુ બનાવીને હેતુને દુષ્ટ કહ્યા.

---

**मुक्तावली : परे तु यद्विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वं तद्वत्त्वं हेत्वाभासत्वम् ।**

---

**મુક્તાવલી :** બીજા કેટલાક (પ્રાચીનો) કહે છે કે હેતુ દુષ્ટ છે માટે સીધું દુષ્ટનું જ લક્ષણ કરવું જોઈએ, દોષનું નહિ. આથી હેત્વાભાસનું લક્ષણ તેઓ આ પ્રમાણે કરે છે :

**यद्विषयकत्वेन ज्ञानस्यानुमितिविरोधित्वं तद्वत्त्वं हेत्वाभासत्वम् ।**

આપણે પૂર્વે જોઈ ગયા કે પ્રાચીનો સત્પ્રતિપક્ષ દોષને અનિત્ય માને છે અને તેથી **वह्निमान् धूमात्** સ્થલીય ધૂમ સદ્ધેતુ પણ **वह्न्यभाववान् पाषाणमयत्वात्** એવો ભ્રાન્ત સત્પ્રતિપક્ષ ખડો થતાં સત્પ્રતિપક્ષિત (દુષ્ટ) બનેલો કહે છે. જ્યારે એ ભ્રમ નિવૃત્ત થાય છે ત્યારે ધૂમ નિર્દુષ્ટ બને છે.

આ મન્તવ્ય ધરાવતાં પ્રાચીનોને હેત્વાભાસના પ્રથમ લક્ષણમાં જે '**यद्विषयकं ज्ञानं अनुमितिविरोधि**' હતું તેનો **यादृशविशिष्टविषयकज्ञानम्** એવો નવ્યોએ જે પરિષ્કાર કરેલ તે ખૂંચ્યો હતો, કેમકે આ પરિષ્કાર સ્વીકારવામાં સત્પ્રતિપક્ષ દોષને અનિત્ય માની શકાય તેમ ન હતું.

આ જ પ્રાચીનો હવે દોષનું લક્ષણ ન કરતાં દુષ્ટનું (દોષવાન્ હેતુનું) સીધું લક્ષણ કરવા તત્પર થાય છે. એટલે એ તદ્દન સહજ બીના છે કે તેઓ '**यद्विषयकं ज्ञानम्**' સ્થળે '**यादृशविशिष्टविषयकं ज्ञानं**' એવો પરિષ્કાર ન જ કરે. આથી જ તેમણે દુષ્ટનું લક્ષણ આવું બનાવ્યું કે **यद्विषयकं ज्ञानं अनुमितिविरोधि तद्वत्त्वं** (તત્ત્વં નહિ) **हेत्वाभासत्वम् ।**

જે વિષયનું જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક બને તે વિષયવાળો હેતુ હેત્વાભાસ (દુષ્ટ) કહેવાય.

---

**मुक्तावली : सत्प्रतिपक्षे विरोधिव्याप्त्यादिकमेव तथा, तद्वत्त्वं च हेतोर्ज्ञानरूपसम्बन्धेन ।**

---

**મુક્તાવલી : નવ્યો :** તો પછી સત્પ્રતિપક્ષ સ્થળે શું કરશો ? **वह्न्यभावव्याप्यपाषाणमयत्ववान् पर्वतः** વિષયક જ્ઞાન અનુમિતિનું વિરોધી છે. તો તેનો વિષય **वह्न्यभावव्याप्यपाषाणमयत्ववान् पर्वतः**, એમાં જે સાધ્યાભાવની વ્યાપ્તિ છે, અર્થાત્ વિરોધી વ્યાપ્તિ = વહ્ન્યભાવ વ્યાપ્તિ છે તે તો (જલાદિમાં) પ્રસિદ્ધ છે. વહ્ન્યભાવવ્યાપ્તિવિશિષ્ટ પાષાણમયત્વ ક્યાંય નથી માટે '**वह्न्यभावव्याप्तिविशिष्टपाषाणमयत्ववान् पर्वतः**' એ ભલે અપ્રસિદ્ધ છે પણ એકલી વહ્ન્યભાવ વ્યાપ્તિ તો પ્રસિદ્ધ છે જ. આ વહ્ન્યભાવવ્યાપ્તિવિષયક જ્ઞાન તે **वह्न्यभावव्याप्यपाषाणमयत्ववान्**

**पर्वतः** જ્ઞાન, એ '**वह्निमान् धूमात्**' એવી અનુમિતિમાં પ્રતિબંધક છે, માટે એ જ્ઞાનમાં જે પ્રસિદ્ધાંશ 'વહ્ન્યભાવ વ્યાપ્તિ' એ દોષ બન્યો અને યેન કેન સંબંધથી એ દોષ સદ્ધેતુ ધૂમમાં ગયો અને તેથી સદ્ધેતુ ધૂમ સત્પ્રતિપક્ષ દોષવાન્ = દુષ્ટ બની જવાની આપત્તિ આવી.

**પ્રાચીનો** : અરે, એ તો અમને ઇષ્ટાપત્તિ જ છે. આ વાત અમે પૂર્વે જ કરી છે.

**નવ્યો** : કયા સંબંધથી અહીં વહ્ન્યભાવવ્યાપ્તિરૂપ દોષ હેતુમાં જશે ?

**પ્રાચીનો** : જ્ઞાનરૂપ સંબંધથી. અર્થાત્ સ્વવિષયકજ્ઞાનવિષયપ્રકૃતહેતુતાવચ્છેદક ધર્મવત્ત્વ સંબંધથી દોષ હેતુમાં જશે. **वह्न्यभावव्याप्तिः धूमश्च** એવું સમૂહાલંબન જ્ઞાન કર્યું. વ્યાપ્તિ એટલે સાધ્યવદન્યાવૃત્તિત્વ. એથી આમ પણ કહેવાય કે '**वह्न्यभाववदन्यावृत्तित्वं धूमश्च**' એવું સમૂહાલંબન જ્ઞાન કર્યું. હવે અહીં સ્વ= **वह्न्यभाववदन्यावृत्तित्वं**, તદ્વિષયક જે જ્ઞાન = '**वह्न्यभाववदन्यावृत्तित्वं धूमश्च**' એવું જ્ઞાન, એનો વિષય જે પ્રકૃતહેતુતાવચ્છેદક ધર્મ = ધૂમત્વ, તદ્વત્ત્વ ધૂમમાં ગયું. આમ તાદશહેતુતાવચ્છેદકધર્મવત્ત્વ સંબંધથી સ્વ = વહ્ન્યભાવવદન્યાવૃત્તિત્વ રૂપ દોષ હેતુમાં ચાલી ગયો. આથી સદ્ધેતુ ધૂમ દુષ્ટ બની ગયો.

---

**मुक्तावली : न चैवं वह्निमान् धूमादित्यादौ पक्षे बाधभ्रमस्य साध्याभावविषयकत्वेनानुमितिविरोधित्वात् ज्ञानरूपसम्बन्धेन तद्वत्त्वस्यापि सत्त्वात् सद्धेतोरपि बाधितत्वापत्तिरिति वाच्यम्, तत्र ज्ञानस्य सम्बन्धत्वाकल्पनात् । अत्र सत्प्रतिपक्षित इति व्यवहारेण तत्कल्पनात् । तत्र बाधित इति व्यवहाराभावादित्याहुः ।**

---

**મુક્તાવલી : નવ્યો** : જો આ રીતે તમે સત્પ્રતિપક્ષને અનિત્ય દોષ માનો છો અને જ્ઞાનરૂપ સંબંધથી સદ્ધેતુ ધૂમને સત્પ્રતિપક્ષ દોષવાન્ (દુષ્ટ) કરો છો તો એ જ જ્ઞાનરૂપ સંબંધથી સદ્ધેતુ ધૂમ બાધ દોષવાન્ (દુષ્ટ) કેમ ન બને ? તે આ રીતે :

**वह्निमान् धूमात्** અનુમિતિ વખતે **वह्न्यभाववान् पर्वतः** એવો બાધ-ભ્રમ થયો. અહીં **वह्न्यभाववान् पर्वतः** વિષયક જ્ઞાન પર્વતમાં વહ્ન્યનુમિતિને અટકાવી દે છે માટે **यद्विषयकं ज्ञानम् अनुमितिविरोधि तद्वत्त्वं हेत्वाभासत्वम्** એ તમારા લક્ષણને અનુસારે આ અનુમિતિ-પ્રતિબંધક જ્ઞાનનો વિષય વહ્ન્યભાવવાન્ પર્વત બન્યો છે. યદ્યપિ અહીં વહ્ન્યભાવવાન્ પર્વત અપ્રસિદ્ધ છે તથાપિ ગમે ત્યાં હ્રદાદિમાં વહ્ન્યભાવવત્ત્વ તો

પ્રસિદ્ધ છે જ. એટલે વહ્ન્યભાવવાન્ હ્રદ વિષયક જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક બન્યું માટે તેનો પ્રસિદ્ધાંશ જે વહ્ન્યભાવવત્ત્વ, તે દોષ બન્યો. હવે **वह्न्यभाववान् पर्वतो धूमश्च** એવું સમૂહાલંબન જ્ઞાન કર્યું. અહીં સ્વવિષયકજ્ઞાનવિષયપ્રકૃતહેતુતાવચ્છેદકધર્મવત્ત્વ સંબંધથી આ દોષ હેતુ ધૂમમાં જશે. તે આ રીતે :

સ્વ = પ્રસિદ્ધાંશ વહ્ન્યભાવવત્ત્વ, સ્વવિષયકજ્ઞાન = **वह्न्यभाववान् पर्वतो धूमश्च** એવું જ્ઞાન, એનો વિષય જે પ્રકૃતહેતુતાવચ્છેદક ધર્મ = ધૂમત્વ, તદ્વત્ત્વ ધૂમમાં છે, માટે તાદૃશહેતુતાવચ્છેદકધર્મવત્ત્વ સંબંધથી સ્વ = વહ્ન્યભાવવત્ત્વ સ્વરૂપ દોષ ધૂમમાં ચાલી જાય.

આમ બાધ-ભ્રમ સ્થળે ઉક્ત જ્ઞાનરૂપ સંબંધથી સદ્ધેતુ ધૂમ પણ બાધિત = બાધ-દોષદુષ્ટ કેમ ન બને ? તમે બાધ-ભ્રમ સ્થળે આ રીતે સદ્ધેતુને દુષ્ટ થયેલો અને બાધ-ભ્રમ નિવૃત્ત થતાં તે સદ્ધેતુ નિર્દુષ્ટ થયેલો માનતા નથી, અર્થાત્ બાધ-દોષને નિત્ય માનો છો. તો આમ કેમ ?

**પ્રાચીનો** : બાધ-ભ્રમ સ્થળે એ સ્વવિષયકજ્ઞાનવિષયપ્રકૃતહેતુતાવચ્છેદકધર્મવત્ત્વ સંબંધની (જ્ઞાનરૂપ સંબંધની) કલ્પના કરવી નહિ, કેમકે જ્યારે શિષ્ટ પુરૂષો એવા સ્થળે 'સદ્ધેતુ બાધ દોષથી દુષ્ટ થયો' એવો વ્યવહાર કરતા નથી ત્યારે તેવા સંબંધની કલ્પના કરવી અને સદ્ધેતુને તે સંબંધથી બાધ-દોષદુષ્ટ બનાવવો એ બધું અપ્રામાણિક છે. હા, સત્પ્રતિપક્ષના ભ્રમ-સ્થળે 'સદ્ધેતુ સત્પ્રતિપક્ષ-દોષદુષ્ટ થયો' એવો શિષ્ટો વ્યવહાર કરે છે માટે ત્યાં તે દોષને સદ્ધેતુમાં લઈ જવા માટે તે સંબંધની કલ્પના કરવી એ પ્રામાણિક છે.

બાધ-ભ્રમ સ્થળે શિષ્ટો કહે છે **हेतुः न बाधितः किन्तु पुरुषो भ्रान्तः** । જ્યારે સત્પ્રતિપક્ષ-ભ્રમ સ્થળે તો **हेतुः सत्प्रतिपक्षितः** એવો શિષ્ટ-વ્યવહાર થાય છે માટે વ્યવહારાનુરોધેન જ્ઞાનરૂપ સંબંધની કલ્પના-અકલ્પના અવશ્યમેવ થઈ શકે છે.

---

**मुक्तावली : अनुमितिविरोधित्वं चानुमितितत्करणान्यतरविरोधित्वम् । तेन व्यभिचारिणि नाव्याप्तिः ।**

---

**મુક્તાવલી : પ્રાચીનો : 'यादृशविशिष्टविषयकं ज्ञानम् अनुमितिविरोधि तत्त्वं हेत्वाभासत्वम्'** એવું તમે નવ્યોએ જે લક્ષણ કર્યું છે તેની **धूमवान् वह्नेः** ઈત્યાદિ સ્થલીય વ્યભિચાર હેત્વાભાસમાં અવ્યાપ્તિ આવે છે, કેમકે વ્યભિચાર-વિષયક જ્ઞાન એ અનુમિતિ-વિરોધી નથી, એ તો અનુમિતિનું કરણ જે વ્યાપ્તિજ્ઞાન, તેનું વિરોધી છે. સાધ્ય-

વદન્યાવૃત્તિત્વ એ વ્યાપ્તિ છે અને સાધ્યવદન્યમાં વૃત્તિત્વ એ વ્યભિચાર હેત્વાભાસ છે.

**નવ્યો** : **अनुमितिविरोधित्वम्** એટલે **अनुमितितत्करणान्यतरविरोधित्वम्** કહીશું. હવે આ અવ્યાપ્તિ નહિ આવે.

---

**मुक्तावली : दोषज्ञानं च यद्धेतुविषयकं तद्धेतुकानुमितौ प्रतिबन्धकं, तेनैकहेतौ व्यभिचारज्ञाने हेत्वन्तरेणानुमित्युत्पत्तेः, तदभावानवगाहित्वाच्च व्यभिचारज्ञानस्यानुमितिविरोधित्वाभावेऽपि न क्षतिरिति सङ्क्षेपः ।**

---

**મુક્તાવલી : પ્રાચીનો** : હજી પણ વ્યભિચારમાં અવ્યાપ્તિ આવશે.

**वह्निमान् प्रमेयत्वात्** સ્થળે પ્રમેયત્વમાં વ્યભિચાર હેત્વાભાસ છે, કેમકે પ્રમેયત્વમાં સાધ્યવદન્યજલહ્રદવૃત્તિત્વ છે. આ પ્રમેયત્વધર્મિક (પ્રમેયત્વ છે ધર્મી જેનો એવા) વ્યભિચારનું જ્ઞાન થાય પછી **वह्निमान् धूमात्** એવી ધૂમલિંગક અનુમિતિ રોકાતી નથી અને ધૂમધર્મિક જે વહ્નિવ્યાપ્તિજ્ઞાન કે જે અનુમિતિ-કરણ છે તે પણ રોકાતું નથી. આમ પ્રમેયત્વધર્મિકવ્યભિચારજ્ઞાન એ અનુમિતિ કે તત્કરણ વ્યાપ્તિજ્ઞાન એકેયનું અહીં વિરોધી ન બન્યું એટલે તે જ્ઞાનનો વિષય વ્યભિચાર 'સાધ્યવદન્યવૃત્તિત્વ' એ હેત્વાભાસ ન બન્યો. આમ હેત્વાભાસના લક્ષણની વ્યભિચારમાં અવ્યાપ્તિ થઈ.

**નવ્યો** : અમે કહીશું કે દોષ-જ્ઞાન જે હેતુવિષયક હોય તે હેતુવાળી અનુમિતિ પ્રત્યે જ તે દોષ-જ્ઞાન પ્રતિબંધક બને. **वह्निमान् प्रमेयत्वात्** સ્થળે વ્યભિચાર-જ્ઞાન એ પ્રમેયત્વહેતુવિષયક છે માટે તે પ્રમેયત્વહેતુક અનુમિતિનો જ પ્રતિબંધ કરે. હવે પ્રમેયત્વધર્મિકવ્યભિચારવિષયક જ્ઞાન પ્રમેયત્વાનુમિતિકરણ એવા પ્રમેયત્વવ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક છે જ. માટે પ્રમેયત્વધર્મિકવ્યભિચાર-જ્ઞાનના વિષયભૂત વ્યભિચારમાં હેત્વાભાસનું લક્ષણ આવી જતાં અવ્યાપ્તિ ન રહી. હવે પ્રમેયત્વ હેતુમાં વ્યભિચાર-જ્ઞાન થાય તો ધૂમહેતુક વહ્ન્યનુમિતિ ઉત્પન્ન થવામાં કશો વાંધો નથી, કેમકે પ્રમેયત્વધર્મિક-વ્યભિચાર-જ્ઞાન ધૂમહેતુકાનુમિતિનું પ્રતિબંધક જ નથી.

**પ્રાચીનો** : તમે વ્યભિચાર-જ્ઞાનને અનુમિતિનું સાક્ષાત્ વિરોધી ન કહ્યું અને અનુમિતિનું પરંપરયા વિરોધી કહ્યું, અર્થાત્ અનુમિતિકરણ વ્યાપ્તિજ્ઞાનનું વિરોધી કહ્યું એમ શા માટે ?

**નવ્યો** : પક્ષમાં સાધ્યનું જ્ઞાન એ અનુમિતિ છે. એનું વિરોધી જ્ઞાન એટલે પક્ષમાં સાધ્યાભાવનું અવગાહી જ્ઞાન. વ્યભિચાર-જ્ઞાન આવું સાધ્યાભાવનું અવગાહી નથી

કિન્તુ સાધ્યવદન્યની વૃત્તિતાનું અવગાહી છે. હવે જો એમ કહીએ કે 'જે અનુમિતિ-વિરોધી જ્ઞાન હોય તે જ્ઞાનનો વિષય હેત્વાભાસ કહેવાય' તો વ્યભિચાર એ હેત્વાભાસ નહિ બને, કેમકે તે સાધ્યાભાવાવગાહી ન હોવાથી સાધ્યાવગાહી એવી અનુમિતિનું વિરોધી નથી. તદ્વત્તાબુદ્ધિમાં તદભાવવત્તાબુદ્ધિ વિરોધી કહેવાય. હવે અમે અનુમિતિનું કે તેના કરણરૂપ વ્યાપ્તિજ્ઞાનનું - ગમે તે એકનું વિરોધી જે જ્ઞાન હોય તેના વિષયને હેત્વાભાસ કહ્યો એટલે ભલે વ્યભિચાર-જ્ઞાન અનુમિતિનું વિરોધી નથી પરન્તુ સાધ્યવદન્યાવૃત્તિત્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનું તો વિરોધી છે જ, કેમકે વ્યભિચારજ્ઞાન એટલે સાધ્યવદન્યવૃત્તિત્વનું જ્ઞાન છે. આ જ્ઞાનનો વિષય વ્યભિચાર એ હવે હેત્વાભાસના લક્ષણથી યુક્ત બની ગયો. આમ વ્યભિચાર-જ્ઞાન એ અનુમિતિનું પરંપરયા વિરોધી બને છે, સાક્ષાત્ નહિ.

ટૂંકમાં કહેવાનો આશય એ છે કે જો અનુમિતિ-વિરોધી જ્ઞાનના વિષયને જ હેત્વાભાસ કહેત તો વ્યભિચારમાં એ લક્ષણની અવ્યાપ્તિ થાત, જે હવે અનુમિતિ-તત્કરણાન્યતર-વિરોધીજ્ઞાનવિષયને હેત્વાભાસ કહેવાથી નહિ આવે.

---

**मुक्तावली : यादृशसाध्यपक्षहेतौ यावन्तो दोषास्तावदन्यान्यत्वं तत्र हेत्वाभासत्वम् । पञ्चत्वकथनन्तु तत्सम्भवस्थलाभिप्रायेण ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન : वह्न्यभाववान् ( निर्वह्निः ) पर्वतो वह्निमान् धूमात् ।** આ આહાર્ય જ્ઞાન છે. આહાર્ય એટલે ઈચ્છાપૂર્વક ઊભું કરેલું. વસ્તુતઃ પર્વત વહ્નિમાન્ જાણવા છતાં તેને વહ્ન્યભાવવાન્ કહેવાની ઈચ્છા થાય તે 'આહાર્ય આરોપ' કહેવાય. અહીં **આશ્રયાસિદ્ધિ** નામનો હેત્વાભાસ છે. તેમાં હેત્વાભાસના લક્ષણની અવ્યાપ્તિ થાય છે.

**पक्षतावच्छेदकाभाववान् पक्षः** એ આશ્રયાસિદ્ધિ દોષ છે. અહીં વહ્ન્યભાવવાન્ પર્વત એ પક્ષ છે. પક્ષતાવચ્છેદક પક્ષવિશેષણીભૂત વહ્ન્યભાવ છે. આ વહ્ન્યભાવરૂપ પક્ષતાવચ્છેદકાભાવવાન્ પર્વત પક્ષ છે માટે અહીં આશ્રયાસિદ્ધિ દોષ છે. હવે જ્યારે આવી આશ્રયાસિદ્ધિનું જ્ઞાન થઈ જાય ત્યારે જો **वह्न्यभाववान् पर्वतो वह्निमान्** એવી અનુમિતિ ન થાય તો તે અનુમિતિનું વિરોધી તે આશ્રયાસિદ્ધિ-જ્ઞાન બને અને તેનો વિષય **पक्षतावच्छेदकाभाववान् पक्षः** એ હેત્વાભાસ બને. પરન્તુ આવા 'આહાર્ય આરોપ' અનુમિતિ જ કહેવાતા નથી તો પછી આશ્રયાસિદ્ધિનું જ્ઞાન કઈ અનુમિતિનું વિરોધી બનશે ?

કહેવાનો આશય એ છે કે આવી અનુમિતિ જ અપ્રસિદ્ધ છે માટે તાદૃશાનુમિતિ-વિરોધિત્વ પણ આશ્રયાસિદ્ધિ-જ્ઞાનમાં અપ્રસિદ્ધ બને. એટલે હેત્વાભાસના લક્ષણની ઉક્ત આશ્રયાસિદ્ધિમાં અવ્યાપ્તિ થાય.

**ઉત્તર** : આનું સમાધાન કરતાં મુક્તાવલીકાર કહે છે કે હેત્વાભાસના લક્ષણમાં 'અનુમિતિ' પદ પડ્યું છે માટે જ આ આફત ઊભી થઈ. એટલે હવે અમે 'અનુમિતિ' પદથી અઘટિત એવું હેત્વાભાસનું લક્ષણ કરીશું : **यादृशपक्षसाध्यहेतौ यावन्तो दोषाः तावदन्यान्यत्वं तत्र हेत्वाभासत्वम् ।**

જે પક્ષ-સાધ્ય-હેતુમાં જેટલા દોષ હોય તે બધા દોષોથી અન્ય આખું જગત અને એ જગત્તથી અન્ય બધા દોષ, એ દોષમાં તાવદન્યાન્યત્વ રૂપ હેત્વાભાસનું લક્ષણ આવી ગયું.

હેત્વાભાસો તો અસંખ્ય પ્રકારના હોય એટલે એ બધાયમાં ક્યાંય અવ્યાપ્તિ ન થાય તે માટે આ જ લક્ષણ સુયોગ્ય છે. ન્યાયવાર્તિકમાં કહ્યું છે કે ૭૬૦૦ હેત્વાભાસ છે.

હવે **वह्न्यभाववान् पर्वतो वह्निमान् धूमात्** સ્થળે લોકોમાં આશ્રયાસિદ્ધિ દોષનો વ્યવહાર થાય છે માટે એ આશ્રયાસિદ્ધિ દોષથી અન્ય આખું જગત, એ જગતથી અન્ય આશ્રયાસિદ્ધિ દોષ... આમ આ દોષમાં તાવદન્યાન્યત્વ આવી જતાં હેત્વાભાસનું આ લક્ષણ આવી ગયું. આમ અવ્યાપ્તિ ન રહી.

**પ્રશ્ન** : જો આમ '**तावदन्यान्यत्वं हेत्वाभासत्वम्**' કહેશો તો જે પક્ષ-સાધ્ય-હેતુમાં બે, ત્રણ વગેરે દોષો છે તે બધા દોષોથી અન્ય આખું જગત અને જગદન્યત્વ તે બધા દોષોમાં આવી જતાં તે બે કે ત્રણ વગેરે બધા દોષનો એક જ હેત્વાભાસ થયો તો પછી પાંચ હેત્વાભાસ છે એવું જે કથન છે તેનું શું ?

**ઉત્તર** : તે કથન તો એક જ સ્થાને વધુમાં વધુ પાંચ દોષનો સંભવ હોઈ શકે છે તે જણાવવાના અભિપ્રાયથી સમજવું. દા.ત. **वायुः गन्धवान् स्नेहात् ।**

---

**मुक्तावली : एवं च साधारणाद्यन्यतमत्वमनैकान्तिकत्वम् ।**

---

**મુક્તાવલી** : હવે અનૈકાન્ત વગેરે પ્રત્યેક હેત્વાભાસનું તેના અવાન્તર ભેદો જણાવવા સાથે મુક્તાવલીકાર નિરૂપણ કરે છે.

**(૧) અનૈકાન્ત (વ્યભિચાર) : साधारणाद्यन्यतमत्वम् अनैकान्तिकत्वम् ( व्यभिचारत्वम् ) ।**

સાધારણ, અસાધારણ, અનુપસંહારી - આ ત્રણેય અનૈકાન્તિક (વ્યભિચાર) દોષના અવાન્તર ભેદો છે.

---

**कारिकावली : आद्यः साधारणस्तु स्यादसाधारणकोऽपरः ।**
**तथैवानुपसंहारी त्रिधाऽनैकान्तिको भवेत् ॥७२॥**

---

**मुक्तावली : साधारणः साध्यवदन्यवृत्तिः, तेन च व्याप्तिज्ञानप्रतिबन्धः क्रियते । असाधारणः साध्यासमानाधिकरणो हेतुः, तेन साध्यसामानाधिकरण्यग्रहः प्रतिबध्यते ।( यथा शब्दो नित्यः शब्दत्वादित्यादावसाधारण्यं, शब्दोऽनित्यः शब्दत्वादित्यादौ त्वसाधारण्यभ्रमः ।)**

---

**મુક્તાવલી : (i) સાધારણ : साध्यवदन्यवृत्तिः हेतुः साधारणः ( व्यभिचारी ) ।**

આ સાધારણ દોષ અનુમિતિના કરણરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધક બને છે, કેમકે સાધ્યવદન્યાવૃત્તિત્વ એ વ્યાપ્તિ છે અને સાધ્યવદન્યવૃત્તિત્વ એ સાધારણ દોષ છે.

**पर्वतो धूमवान् वह्नेः** । અહીં વહ્નિ સાધારણ-દોષદુષ્ટ છે.

**(ii) અસાધારણ : साध्यासमानाधिकरणो हेतुः असाधारणः ।**

**शब्दः नित्यः शब्दत्वात्** । અહીં જે શબ્દત્વ હેતુ છે તે નિત્યત્વ સાધ્યનો સમાનાધિકરણ નથી કિન્તુ અનિત્યત્વનો સમાનાધિકરણ છે, કેમકે શબ્દ એ અનિત્ય છે. માટે શબ્દમાં અનિત્યત્વ અને શબ્દત્વ સામાનાધિકરણ્યેન રહેલા છે. આમ પ્રસ્તુત શબ્દત્વ હેતુ નિત્યત્વ સાધ્યનો અસમાનાધિકરણ હોવાથી અસાધારણ કહેવાય.

આ અસાધારણ દોષ અનુમિતિ-કરણરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધક બને છે, કેમકે સિદ્ધાન્તલક્ષણી વ્યાપ્તિમાં હેતુમાં સાધ્યસામાનાધિકરણ્ય પણ ઘટક છે. એટલે સાધ્ય-અસામાનાધિકરણ્ય રૂપ અસાધારણ દોષ તે વ્યાપ્તિ-ઘટકનો વિરોધી બની વ્યાપ્તિજ્ઞાન-પ્રતિબંધક બની જાય છે.

નવ્યો શબ્દને અનિત્ય માને છે, જ્યારે મીમાંસકો શબ્દને નિત્ય માને છે. એટલે મીમાંસકો **शब्दः नित्यः शब्दत्वात्** અનુમિતિ કરે ત્યારે તેમને નવ્યો અસાધારણ દોષ આપે.

મીમાંસકો તો શબ્દને નિત્ય માને છે એટલે નવ્યોના **शब्दः अनित्यः शब्दत्वात्**

અનુમાનમાં અસાધારણ દોષ આપે છે, કેમકે તેમના મતે અનિત્યત્વ સાધ્યનો અસમાનાધિકરણ શબ્દત્વ છે. પણ નવ્યો કહે છે કે **शब्दः अनित्यः कार्यत्वात्** એ અનુમિતિથી જ્યારે શબ્દમાં અનિત્યત્વનો નિશ્ચય થઈ જ ગયો છે ત્યારે **शब्दः अनित्यः शब्दत्वात्** અનુમિતિમાં મીમાંસકો અસાધારણ દોષ કહે તો તે અસાધારણ દોષનો ભ્રમ જ છે. એટલે એ ભ્રમથી **शब्दः अनित्यः शब्दत्वात्** અનુમિતિનો પ્રતિબંધ જરૂર થઈ જાય પરન્તુ સદ્ધેતુ શબ્દત્વ દુષ્ટ તો ન જ બને.

નવ્યો બાધ, સત્પ્રતિપક્ષ, અસાધારણ વગેરે દોષોને નિત્ય માને છે એટલે તેઓ બાધાદિના ભ્રમ વખતે સદ્ધેતુને દુષ્ટ થતો માનતા નથી. જ્યારે પ્રાચીનો તો સત્પ્રતિપક્ષ, અસાધારણ વગેરે દોષોને અનિત્ય માને છે.

---

**मुक्तावली : अन्ये तु सपक्षावृत्तिरसाधारणः । सपक्षश्च निश्चितसाध्यवान् । इत्थञ्च शब्दोऽनित्यः शब्दत्वादित्यादौ यदा पक्षे साध्यनिश्चयस्तदा नासाधारण्यं, तत्र हेतोर्निश्चयादिति वदन्ति ।**

---

**મુક્તાવલી** : હવે આપણે અસાધારણ દોષ અંગે પ્રાચીનોનો અભિપ્રાય જોઈએ.

પ્રાચીનો અસાધારણ દોષનું આવું લક્ષણ કરે છે : **सपक्षावृत्तिः हेतुः असाधारणः।**

સપક્ષ એટલે નિશ્ચિતસાધ્યવાન્.

**शब्दः अनित्यः शब्दत्वात्** સ્થળે નવ્યો અસાધારણ દોષ માનતા નથી પણ પ્રાચીનો તો તે દોષ માને છે. તેઓ કહે છે કે જ્યાં સુધી પક્ષ શબ્દમાં અનિત્યત્વ સાધ્યનો સંદેહ છે, અર્થાત્ નિશ્ચય નથી ત્યાં સુધી શબ્દત્વ હેતુ અસાધારણ કહેવાય, કેમકે નિશ્ચિત-અનિત્યત્વસાધ્યવાન્ ઘટાદિ છે માટે તે સપક્ષ છે. તેમાં શબ્દત્વ અવૃત્તિ છે, માટે આ રીતે સપક્ષાવૃત્તિ શબ્દત્વ હેતુ થવાથી તે અસાધારણ બની ગયો.

પણ જ્યારે પક્ષ શબ્દમાં અનિત્યત્વ સાધ્યનો નિશ્ચય થઈ જાય ત્યારે પક્ષ પોતે જ સપક્ષ બની જાય. અને તે વખતે શબ્દત્વ હેતુ તો સપક્ષ શબ્દમાં વૃત્તિ હેતુ બની જાય, અર્થાત્ સપક્ષાવૃત્તિ શબ્દત્વ હેતુ ન રહે, તેથી તે અસાધારણ ન રહે.

પ્રાચીનોના મતે અસાધારણ દોષ અનિત્ય છે એટલે આ રીતે પક્ષમાં સાધ્યસંદેહ દશામાં શબ્દત્વ હેતુ અસાધારણ બને અને પક્ષમાં સાધ્યનિશ્ચય-દશામાં તે જ હેતુ અસાધારણ ન રહે.

---

**मुक्तावली : अनुपसंहारी चात्यन्ताभावाप्रतियोगिसाध्यकादिः, अनेन व्यतिरेक-व्याप्तिज्ञानप्रतिबन्धः क्रियते ।**

---

મુક્તાવલી : (iii) અનુપસંહારી : **अत्यन्ताभावाप्रतियोगिसाध्यपक्षहेतुको हेतुः अनुपसंहारी ।**

અત્યન્તાભાવના અપ્રતિયોગી છે સાધ્ય, પક્ષ અને હેતુ (પોતે) જે હેતુના તે હેતુ અનુપસંહારી કહેવાય.

ઉપસંહાર = દૃષ્ટાન્ત. જ્યાં સપક્ષ કે વિપક્ષ જ નથી, બધું પક્ષરૂપ છે તે અનુપસંહારી કહેવાય.

**सर्वं अभिधेयं प्रमेयत्वात्** । અહીં 'સર્વ' પક્ષાન્તર્ગત છે માટે પક્ષબહિર્ભૂત કોઈ દૃષ્ટાન્ત = સપક્ષ કે વિપક્ષ મળે જ નહિ. અભિધેયત્વાભાવ, પ્રમેયત્વાભાવ કે સર્વાભાવ ક્યાંય ન મળે માટે એ સાધ્યાદિ ત્રણેય અભાવના અપ્રતિયોગી જ રહે. માટે આ પ્રમેયત્વ હેતુ અનુપસંહારી કહેવાય. આ દોષ અનુમિતિકરણભૂત વ્યતિરેક-વ્યાપ્તિ-જ્ઞાનનો પ્રતિબંધક બને છે. તે આ રીતે :

વ્યતિરેક-વ્યાપ્તિનું લક્ષણ આ છે : **साध्याभावव्यापकीभूताभावप्रतियोगिहेतुत्वं व्यतिरेकव्याप्तित्वम्** ।

હવે અનુપસંહારીનું લક્ષણ આ છે : **अत्यन्ताभावाप्रतियोगिसाध्यकादिहेतुत्वं अनुपसंहारित्वम्** ।

અહીં અભાવનો અપ્રતિયોગી હેતુ બની રહે છે, કેમકે હેત્વભાવ મળતો જ નથી. જ્યારે વ્યતિરેક-વ્યાપ્તિમાં અભાવપ્રતિયોગી હેતુ બને છે. આમ વિરોધ આવવાથી અનુપસંહારી દોષ વ્યતિરેક-વ્યાપ્તિજ્ઞાનમાં પ્રતિબંધક બને છે.

આ સાધારણ, અસાધારણ અને અનુપસંહારી ત્રણેય હેત્વાભાસો અનુમિતિકરણના પ્રતિબંધક હોવાથી ત્રણેયનું એક અનૈકાન્તિક (વ્યભિચાર) હેત્વાભાસ તરીકે વર્ણન છે.

---

**मुक्तावली : विरुद्धस्तु साध्यव्यापकीभूताभावप्रतियोगी, अयं साध्याभावग्रहसामग्रीत्वेन प्रतिबन्धकः । सत्प्रतिपक्षे तु प्रतिहेतुः साध्याभावसाधकः, अत्र तु एक एव हेतुरिति विशेषः । साध्याभावसाधक एव साध्य-साधकत्वेनोपन्यस्त इत्यशक्तिविशेषोपस्थापकत्वाच्च विशेषः ।**

---

મુક્તાવલી : (૨) વિરુદ્ધ : **साध्यव्यापकीभूताभावप्रतियोगी हेतुः विरुद्धः ।**

**शब्दः नित्यः कार्यत्वात् ।** અહીં નિત્યત્વ સાધ્ય છે. જ્યાં જ્યાં નિત્યત્વ છે ત્યાં ત્યાં કાર્યત્વાભાવ છે, અર્થાત્ નિત્યત્વ સાધ્યનો વ્યાપક કાર્યત્વાભાવ છે. આ કાર્યત્વાભાવનો પ્રતિયોગી કાર્યત્વ હેતુ છે માટે તે વિરૂદ્ધ કહેવાય.

આ જ દોષ બીજી રીતે પણ કહી શકાય : **साध्याभावव्याप्यो ( साधको ) हेतुः विरुद्धः ।**

કાર્યત્વ હેતુ એ વિરૂદ્ધ છે, કેમકે તે નિત્યત્વરૂપ સાધ્યનો વ્યાપ્ય નથી કિન્તુ નિત્યત્વાભાવરૂપ સાધ્યાભાવનો વ્યાપ્ય છે. જ્યાં કાર્યત્વ છે ત્યાં નિત્યત્વાભાવ છે.

ટૂંકમાં જે હેતુ સાધ્યનો સાધક ન બનીને સાધ્યાભાવનો સાધક બને તે હેતુ વિરૂદ્ધ કહેવાય.

આ વિરૂદ્ધનું જ્ઞાન એ પક્ષમાં સાધ્યાભાવની સામગ્રીવાળું છે માટે પક્ષમાં સાધ્યાનુમિતિનું પ્રતિબંધક બને છે.

કેટલાક વિરૂદ્ધ દોષ-જ્ઞાનને પરામર્શ કે વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક માને છે.

**પ્રશ્ન** : સત્પ્રતિપક્ષ અને વિરૂદ્ધ બે ય હેતુઓ સાધ્યાભાવના સાધક છે તો તે બેમાં ફરક શું ?

**ઉત્તર** : સત્પ્રતિપક્ષમાં બીજો (પ્રતિ) હેતુ સાધ્યાભાવસાધક છે.

**ह्रदो वह्निमान् धूमात् ।**

**ह्रदो वह्न्यभाववान् जलात् ।**

અહીં ધૂમ નહિ પરન્તુ ધૂમથી અન્ય જલ હેતુ વહ્ન્યભાવ = સાધ્યાભાવનો સાધક બન્યો છે. એ જ રીતે સાધ્યાભાવ = વહ્ન્યભાવાભાવ = વહ્નિનો સાધક પ્રતિહેતુ ધૂમ બન્યો છે. જ્યારે વિરૂદ્ધ સ્થળે તો તે જ હેતુ સાધ્યાભાવનો સાધક બને છે.

**शब्दः अनित्यः कार्यत्वात् ।**

**शब्दः नित्यः कार्यत्वात् ।**

અહીં એક જ કાર્યત્વ હેતુ અનિત્યત્વાભાવ = નિત્યત્વરૂપ સાધ્યાભાવના સાધક તરીકે મુકાયો છે. આમ સત્પ્રતિપક્ષ સ્થળે સાધ્યના સાધક હેતુને જ સાધ્યાભાવ-સાધક તરીકે માનવાનો ભ્રમ થતો નથી, જ્યારે વિરૂદ્ધ સ્થળે સાધ્યસાધક હેતુને જ સાધ્યાભાવનો સાધક માનવાનો ભ્રમ થાય છે. આ ભ્રમરૂપ અશક્તિને લીધે વિરૂદ્ધ હેતુ

બને છે જે વાત સત્પ્રતિપક્ષ સ્થાને નથી. સત્પ્રતિપક્ષ સ્થાને તો ધૂમ હેતુ સાધ્યરૂપ વહ્નિનો જ સાધક છે જ અને જલ હેતુ વહ્ન્યભાવરૂપ સાધ્યનો સાધક છે જ. એટલે અહીં ભ્રમરૂપ અશક્તિ નથી.

---

**મુક્તાવલી : सत्प्रतिपक्षः साध्याभावव्याप्यवान्पक्षः ।**

---

**મુક્તાવલી : (૩) સત્પ્રતિપક્ષ : साध्याभावव्याप्यवान् पक्षः ।**

આ નવ્યોનું લક્ષણ છે.

**हृदो वह्निमान् धूमात्** એવી અનુમિતિ કરતાં પહેલા પૂર્વક્ષણમાં તે વ્યક્તિને **वह्निव्याप्यधूमवान् हृदः** એવો પરામર્શ છે. તે જ વખતે તેની સામે **वह्न्यभाव-व्याप्यजलवान् हृदः** એવો બીજો પરામર્શ ઊભો થાય છે. આમ બે વ્યક્તિને સામસામા વિરોધી પરામર્શ ઊભા થઈ જાય છે એટલે બેયની અનુમિતિ પ્રતિબધ્ય બની જાય છે.

પહેલી વ્યક્તિને **वह्निव्याप्यधूमवान् हृदः** એ સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષરૂપ પરામર્શ છે. બીજી વ્યક્તિને **हृदो वह्न्यभाववान् जलात्** અનુમિતિ કરવી છે એટલે તેના હિસાબે વહ્ન્યભાવ એ સાધ્ય છે, માટે તેને પણ સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષ છે, પરન્તુ એકના સાધ્યની અપેક્ષાએ બીજાનું સાધ્ય તો સાધ્યાભાવ બને છે. વહ્નિ સાધ્યની અપેક્ષાએ વહ્ન્યભાવ એ સાધ્યાભાવ બને છે. અને બીજી વ્યક્તિના વહ્ન્યભાવ સાધ્યની અપેક્ષાએ પહેલી વ્યક્તિનો વહ્નિ એ સાધ્યાભાવ (વહ્ન્યભાવનો અભાવ = સાધ્યનો અભાવ) સ્વરૂપ બને છે. એથી જ પોતપોતાની અપેક્ષાએ પ્રત્યેક પરામર્શ સાધ્યવ્યાપ્ય-હેતુમાન્ પક્ષ સ્વરૂપ છે પરન્તુ પરસ્પરની અપેક્ષાએ પ્રત્યેક પરામર્શ સાધ્યાભાવ-વ્યાપ્યહેતુમાન્ પક્ષ સ્વરૂપ છે. સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષ એ જ સત્પ્રતિપક્ષ દોષ છે. અને તેથી આવો દોષ ઉપસ્થિત થતાં સામસામા બે ય હેતુ સત્પ્રતિપક્ષિત = સત્પ્રતિપક્ષ-દોષવાન્ = દુષ્ટ બની જાય.

અહીં સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષ એ સત્પ્રતિપક્ષ દોષ છે. એ દોષવાળો હેતુ (દુષ્ટ) બનાવવો જોઈએ. તે પૂર્વે કહ્યા મુજબ જ્ઞાનરૂપ સંબંધથી બનાવી શકાય. તે આ રીતે:

**साध्याभावव्याप्यहेतुमान् पक्षः हेतुश्च ।** એટલે કે

**(i) वह्न्यभावव्याप्यजलवान् हृदो धूमश्च ।**

**(ii) वह्न्यभावाभाव( = वह्नि = साध्य )व्याप्यधूमवान् हृदो जलञ्च ।** આવું સમૂહાલંબન જ્ઞાન કરવું. અને સ્વવિષયકજ્ઞાનવિષયત્વ સંબંધથી સત્પ્રતિપક્ષ દોષ હેતુમાં

જતાં હેતુ દુષ્ટ બને.

(i) સ્વ = વહ્ન્યભાવવ્યાપ્યજલવાન્ હ્રદ = દોષ.

(ii) સ્વ = વહ્ન્યભાવાભાવ(વહ્નિ)વ્યાપ્યધૂમવાન્ હ્રદ = દોષ.

સ્વવિષયક જ્ઞાન = ઉપરોક્ત બે જ્ઞાન, તેનો વિષય પહેલામાં ધૂમ, બીજામાં જલ, તાદશવિષયત્વ ધૂમમાં અને જલમાં જાય. તાદશવિષયત્વ સંબંધથી દોષ હેતુભૂત ધૂમમાં અને જલમાં જતાં તે બે ય હેતુઓ સત્પ્રતિપક્ષ દોષવાળા = દુષ્ટ બની ગયા.

વિરોધી પરામર્શ ઊભો થઈને પ્રથમ હેતુને દુષ્ટ કરે. પ્રથમ પરામર્શ દ્વિતીય હેતુને દુષ્ટ કરે. એટલે વહ્ન્યભાવવ્યાપ્યજલવાન્ હ્રદ દોષવાળો પ્રથમોપસ્થિત ધૂમ હેતુ બને, માટે સમૂહાલંબન જ્ઞાનમાં **वह्न्यभावव्याप्यजलवान् ह्रदो धूमश्च** એમ કહ્યું. ('**जलञ्च**' નહિ)

એ જ રીતે વહ્ન્યભાવાભાવવ્યાપ્યધૂમવાન્ હ્રદ દોષવાળો પ્રતિહેતુ જલ બને, માટે સમૂહાલંબન જ્ઞાનમાં **वह्न्यभावाभावव्याप्यधूमवान् ह्रदः जलञ्च** કહ્યું. ('**धूमश्च**' નહિ) એ વાત બરોબર ખ્યાલમાં રાખવી.

---

**मुक्तावली : अगृहीताप्रामाण्यकसाध्यव्याप्यवत्त्वोपस्थितिकालीनाऽगृहीताप्रामाण्यकतदभावव्याप्यवत्त्वोपस्थितिविषयस्तथेत्यन्ये । अत्र च परस्पराभावव्याप्यवत्ताज्ञानात्परस्परानुमितिप्रतिबन्धः फलम् ।**

---

**મુક્તાવલી :** હવે પ્રાચીનો સત્પ્રતિપક્ષનું જે લક્ષણ કરે છે તે જોઈએ. તેમનું કહેવું એ છે કે **वह्निव्याप्यधूमवान् ह्रदः** એ જ્ઞાન જયારે થાય તે જ કાળમાં જો **वह्न्यभाव-व्याप्यजलवान् ह्रदः** જ્ઞાન પણ થાય અને જો આ બે ય જ્ઞાનમાં અપ્રામાણ્યની બુદ્ધિ ન હોય, અર્થાત્ બેમાંનું એક પણ જ્ઞાન 'અપ્રમાણ' છે એવો ખ્યાલ ન આવે તો તે બે ય જ્ઞાનોનો વિષય બનેલો હેતુ સત્પ્રતિપક્ષ-દોષદુષ્ટ કહેવાય. પણ જો એક પણ જ્ઞાનમાં 'અપ્રામાણ્ય'નો નિશ્ચય થઈ જાય તો તે જ્ઞાન નિર્બળ થઈ જતાં પ્રમાત્મક બીજા જ્ઞાનથી ઝટ અનુમિતિ થઈ જાય અને તેથી તે વખતે સત્પ્રતિપક્ષ દોષ રહે નહિ.

કહેવાનો આશય એ છે કે સત્પ્રતિપક્ષ દોષવાળો હેતુ ત્યારે જ બને જયારે વિરોધી બે જ્ઞાન ઊભા થાય અને એકેયમાં અપ્રામાણ્યનો નિશ્ચય ન થાય.

આવો સત્પ્રતિપક્ષ દોષ પરસ્પરના પરામર્શથી અનુમિતિ થતી અટકાવી દે.

**वह्निव्याप्यधूमवान् ह्रदः** એક પરામર્શ છે. **वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** બીજો પરામર્શ છે. હવે પહેલો પરામર્શ સાધ્યવ્યાપ્યવત્તાનો પરામર્શ છે. બીજો પરામર્શ પહેલાની અપેક્ષાએ સાધ્યાભાવવ્યાપ્યવત્તાનો પરામર્શ છે. અથવા બીજો પરામર્શ પોતાની અપેક્ષાએ (પોતાને તો વહ્ન્યભાવ જ સાધ્ય છે.) સાધ્યવ્યાપ્યવત્તાનો પરામર્શ છે. એટલે એ બીજાની અપેક્ષાએ પહેલો પરામર્શ એ સાધ્યાભાવ(સાધ્ય = વહ્ન્યભાવ, તેનો અભાવ = વહ્નિ)વ્યાપ્યવત્તાનો પરામર્શ છે.

હવે જ્યારે સાધ્યવ્યાપ્યવત્તાના પરામર્શની ઉપસ્થિતિ થાય અને તે સાધ્યવ્યાપ્યવત્તાનું પરામર્શાત્મક જ્ઞાન 'અપ્રમાણ' છે એવી બુદ્ધિ ન થાય એ જ કાળે સાધ્યાભાવવ્યાપ્યવત્તાના પરામર્શની ઉપસ્થિતિ થાય અને તે સાધ્યાભાવવ્યાપ્યવત્તાનું પરામર્શાત્મક જ્ઞાન 'અપ્રમાણ' છે એવી બુદ્ધિ ન થાય તો સાધ્યાભાવવ્યાપ્યવત્તાના પરામર્શનો જે વિષય હેતુ, તે સત્પ્રતિપક્ષ કહેવાય.

પહેલા સાધ્યવ્યાપ્યવત્તાના પરામર્શની અપેક્ષાએ બીજો પરામર્શ સાધ્યાભાવવ્યાપ્યવત્તાનો પરામર્શ છે માટે તેનો હેતુ જલ સત્પ્રતિપક્ષિત કહેવાય, તેમ બીજા સાધ્યવ્યાપ્યવત્તાના પરામર્શની અપેક્ષાએ પહેલો પરામર્શ સાધ્યાભાવવ્યાપ્યવત્તાનો પરામર્શ છે માટે તેનો વિષય ધૂમ સત્પ્રતિપક્ષિત કહેવાય. બે ય પરામર્શમાં કોઈને ય અપ્રામાણ્યનો નિશ્ચય પણ નથી.

એટલે પ્રાચીનોનું સત્પ્રતિપક્ષનું લક્ષણ આવું બને છે : **अगृहीताप्रामाण्यकसाध्यव्याप्यवत्त्वोपस्थिति( ज्ञान )कालीनाऽगृहीताप्रामाण्यकतदभाव( साध्याभाव )व्याप्यवत्त्वोपस्थिति( ज्ञान )विषयो हेतुः सत्प्रतिपक्षः ।**

આ બે ય પરામર્શ પરસ્પરાભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનરૂપ છે માટે બે ય પરામર્શ સામસામી અનુમિતિને રોકી દે, એટલે સત્પ્રતિપક્ષ દોષનું ફળ પરસ્પરાનુમિતિપ્રતિબન્ધ છે.

અહીં 'અગૃહીતાપ્રામાણ્યક' કહ્યું છે એનો ભાવ એ છે કે જો એક પણ પરામર્શમાં અપ્રામાણ્યનું જ્ઞાન થઈ જાય તો સામા પરામર્શની અનુમિતિ તરત થઈ જાય. દા.ત. **वह्निव्याप्यधूमवान् ह्रदः** એ પરામર્શ અપ્રમાણ છે એવું ભાન થઈ જાય તો **वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** એ પરામર્શથી તરત જ **ह्रदो वह्न्यभाववान् जलात्** એવી અનુમિતિ થઈ જાય. એ જ રીતે **वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** પરામર્શમાં અપ્રામાણ્યનું જ્ઞાન થઈ જાય તો **वह्निव्याप्यधूमवान् ह्रदः** પરામર્શથી **ह्रदो वह्निमान् धूमात्** એવી અનુમિતિ તરત

જ થઈ જાય, કેમકે એકપણ પરામર્શમાં અપ્રામાણ્યનો નિશ્ચય થતાં સત્પ્રતિપક્ષ દોષ ઊભો રહી શકતો નથી, માટે પરસ્પરાનુમિતિનો પ્રતિબંધ પણ ટકતો નથી.

---

**मुक्तावली : अत्र केचित्-यथा घटाभावव्याप्यवत्ताज्ञानेऽपि घटचक्षुःसंयोगे सति घटवत्ताज्ञानं जायते ।**

---

**મુક્તાવલી :** આ '**केचित्**' એટલે રત્નકોશકાર. તેમનો મત એવો છે કે સામસામા બે પરામર્શ ઊભા થતાં બે ય પરામર્શની અનુમિતિઓ અટકી જાય તેમ કહેવું બરોબર નથી. જ્યારે આ રીતે સામસામા બે પરામર્શ ઊભા થાય ત્યારે સંશયાકાર અનુમિતિ થાય. એટલે સત્પ્રતિપક્ષ દોષનું ફળ પરસ્પરની અનુમિતિનો પ્રતિબંધ નથી કિન્તુ સંશયાકાર અનુમિતિનું ઉત્પાદન છે.

હવે આ સિદ્ધાન્તને તેઓ કેવી રીતે સ્થિર કરે છે ? તે જોઈએ.

રત્નકોશકાર કહે છે કે **वह्निव्याप्यधूमवान् ह्रदः** પહેલો પરામર્શ છે તે બીજા **वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** પરામર્શની અપેક્ષાએ તદભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનરૂપ છે. (તદ્=વહ્ન્યભાવ, તદભાવ = વહ્ન્યભાવાભાવ = વહ્નિ) અને એ જ રીતે વહ્નિવ્યાપ્ય-ધૂમવત્તાનો = તદ્વ્યાપ્યવત્તાનો જે પરામર્શ છે તેની અપેક્ષાએ વહ્ન્યભાવવ્યાપ્યવત્તાનો પરામર્શ એ તદભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનરૂપ છે. હવે તમે એમ કહો છો કે તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન (**वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** એ જ્ઞાન) તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાનરૂપ **ह्रदो वह्निमान् धूमात्** અનુમિતિને અટકાવી દે. એ જ રીતે બીજા પરામર્શની અપેક્ષાએ પહેલા પરામર્શનું **वह्निव्याप्यधूमवान् ह्रदः** જ્ઞાન એ તદભાવ(વહ્ન્યભાવાભાવ =વહ્નિ)વ્યાપ્યવત્તાનું જ્ઞાન છે, માટે તે બીજા પરામર્શના **वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** રૂપ તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાનરૂપ **ह्रदो वह्न्यभाववान् जलात्** અનુમિતિને અટકાવી દે.

અર્થાત્ ટૂંકમાં તમારો સિદ્ધાન્ત એ સ્થિર થયો કે **તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન એ તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાનનું પ્રતિબંધક છે**. પણ આ સિદ્ધાન્તમાં અન્વય-વ્યભિચાર આવે છે. તે આ રીતે :

અંધકારમાં વસ્તુતઃ ઘટ પડેલો છે છતાં અંધકારને કારણે ઘટ દેખાતો નથી કિન્તુ ઘટાભાવવ્યાપ્યભૂતલત્વવત્ ભૂતલ દેખાય છે. ભૂતલમાં ઘટાભાવ છે તેમ ભૂતલત્વ પણ છે માટે ઘટાભાવવ્યાપ્યભૂતલત્વ કહેવાય. આમ અંધકારમાં તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન થયું. હવે ત્યાં પ્રદીપ લાવવામાં આવ્યો એટલે તરત ઘટનું પ્રત્યક્ષ થયું અને તેથી ઘટવદ્

ભૂતલ એવું જ્ઞાન થયું. ભૂતલમાં ઘટ છે તેમ ભૂતલત્વ પણ છે માટે ઘટનું વ્યાપ્ય ભૂતલત્વ થયું. એટલે ઘટવદ્ ભૂતલનું જ્ઞાન એ તદ્વ્યાપ્યવત્તાનું જ્ઞાન થયું.

આમ તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન થયા પછી પણ તદ્વ્યાપ્યવત્તાનું જ્ઞાન તો થઈ ગયું. તમે તો તદભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનને તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાનમાં પ્રતિબંધક માનો છો એટલે તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન થયા પછી તદ્વ્યાપ્યવત્તાનું જ્ઞાન ન થવું જોઈએ, છતાં અહીં થઈ ગયું માટે અન્વય-વ્યભિચાર આવ્યો. (પ્રતિબંધકરૂપ કારણ હોવા છતાં પ્રતિબધ્યરૂપ કાર્ય ન થયું.) એટલે 'તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાનનો પ્રતિબંધ કરે છે' એ નિયમ બરોબર નથી.

---

**मुक्तावली : यथा च शङ्खे, सत्यपि पीतत्वाभावव्याप्यशङ्खत्ववत्ताज्ञाने सति पित्तादिदोषे 'पीतः शङ्ख' इति धीर्जायते । एवं कोटिद्वयव्याप्यदर्शनेऽपि कोटिद्वयस्य प्रत्यक्षरूपः संशयो भवति । तथा सत्प्रतिपक्षस्थले संशयरूपानुमितिर्भवत्येव ।**

---

**મુક્તાવલી :** હવે બીજું પણ એક સ્થાન લો.

એક માણસને શંખમાં પીતત્વાભાવવ્યાપ્યશંખત્વવત્તાનું જ્ઞાન છે. શંખમાં પીતત્વાભાવ છે અને શંખત્વ છે માટે પીતત્વાભાવવ્યાપ્યશંખત્વ થાય. તાદશશંખત્વવત્ શંખ, તેમાં શંખત્વવત્તા રહી. આમ એ માણસને તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન છે. હવે જ્યારે તેને કમળો થઈ ગયો ત્યારે તે જ શંખમાં તેને પીતત્વવ્યાપ્યશંખત્વવત્તાનું જ્ઞાન થઈ જાય છે, અર્થાત્ તદ્વ્યાપ્યવત્તાનું જ્ઞાન થાય જ છે. એટલે અહીં પણ તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન હોવા છતાં તદ્વ્યાપ્યવત્તાનું જ્ઞાન થયું, અર્થાત્ તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાનનું પ્રતિબંધક ન બન્યું. આમ તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન=પ્રતિબંધક હોવા છતાં તદ્વ્યાપ્યવત્તાનું જ્ઞાન થયું માટે અહીં પણ અન્વય-વ્યભિચાર આવ્યો.

આમ બે ય સ્થળે વ્યભિચાર દોષ આવવાથી તદભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનને તદ્વ્યાપ્યવત્તાજ્ઞાનનું પ્રતિબંધક માની શકાય નહિ.

**નવ્યો :** તો શું હવે તદભાવવ્યાપ્યવત્તાનું પરામર્શાત્મક જ્ઞાન = વહ્ન્યભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન એ તદ્વ્યાપ્યવત્તા = વહ્નિવ્યાપ્યવત્તાના અનુમિત્યાત્મક જ્ઞાનનું પ્રતિબંધક નહિ બને ? એ જ રીતે વહ્ન્યભાવાભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન એ વહ્ન્યભાવવ્યાપ્યવત્તાના

અનુમિત્યાત્મક જ્ઞાનનું પ્રતિબંધક નહિ બને ? એમ તમારે કહેવું છે ? તો શું બે ય પરામર્શથી બે ય નિશ્ચયાત્મક અનુમિતિ થઈ જશે ?

**રત્નકોશકાર** : ના, બે ય પરામર્શથી સંશયાકાર અનુમિતિ થશે. તે આ રીતે :

એક માણસને મંદ અંધકારમાં પુરોવર્તી પદાર્થને જોઈને **स्थाणुत्वव्याप्यवक्रकोटरादिमानयम्, स्थाणुत्वाभावव्याप्यकरचरणादिमानयम्** એમ બે પરસ્પરવિરોધિકોટિદ્વય-વ્યાપ્યવત્તાના પ્રત્યક્ષાત્મક પરામર્શ થયા. આની ઉત્તરક્ષણે કોઈપણ કોટિનો નિશ્ચય ન થતાં એને ઉભયકોટિક '**स्थाणुर्न वा**' એવો પ્રત્યક્ષાત્મક સંશય જ થાય છે, પણ **स्थाणुः एव** અથવા **पुरुष एव** એવો નિશ્ચય તો નથી જ થતો. કહેવાનો આશય એ છે કે તદભાવવ્યાપ્યવત્તા(સ્થાણુત્વાભાવવ્યાપ્યવત્તા)નું જ્ઞાન એ તદ્વ્યાપ્યવત્તાનિશ્ચયનું પ્રતિબંધક ન બન્યું અને પ્રત્યક્ષાત્મક સંશય ઉત્પન્ન થયો. એ જ રીતે વહ્ન્યભાવ-વ્યાપ્યજલવદ્હ્રદત્વવત્તાનું જ્ઞાન વહ્નિવ્યાપ્યધૂમવદ્હ્રદત્વવત્તાના જ્ઞાનનો પ્રતિબંધ ન કરે પણ તેવા બે વિરોધિકોટિદ્વયવાળા જ્ઞાનથી **ह्रदो वह्निमान् न वा ?** એવી સંશયાત્મક અનુમિતિ થાય એમ માનવું જ જોઈએ.

---

**मुक्तावली : यत्र चैककोटिव्याप्यदर्शनं तत्राधिकबलतया द्वितीयकोटिभानप्रतिबन्धान्न संशयः । फलबलेन चाधिकबलसमबलभावः कल्प्यत इत्याहुः ।**

---

**મુક્તાવલી** : અહીં એક વાત સમજી રાખવી કે બે વિરોધી કોટિ ઉપસ્થિત થવા છતાં જો એક કોટિમાં સહકારીવશાદ્ નિર્ણય થઈ જાય તો પછી તે કોટિ બળવાન બને અને તેની વિરોધી કોટિ દુર્બળ બને, એટલે ત્યાં તો બળવાનકોટિકજ્ઞાન એ વિરોધી કોટિક-જ્ઞાનનો પ્રતિબંધ કરી જ દે. એટલે તેવા સ્થાને બે ય કોટિ (બળવાન અને દુબળી) ઉપસ્થિત હોવા છતાં સંશયાત્મક અનુમિતિ ન થાય કિન્તુ જે કોટિમાં નિર્ણય થયો હોય તે કોટિની નિશ્ચિત અનુમિતિ જ થાય.

**પ્રશ્ન** : એ શી રીતે ખબર પડે કે પહેલી કોટિ અથવા તો બીજી કોટિ દુર્બળ બની છે અથવા બે ય કોટિ સરખી જ છે ?

**રત્નકોશકાર** : એ તો ફળ ઉપરથી નિર્ણય થાય. જો સંશયાત્મક અનુમિતિ રૂપ ફળ ઉત્પન્ન થાય તો તે ઉપરથી કલ્પના થઈ શકે કે બે ય કોટિમાં ક્યાંય નિર્ણય થયો નથી માટે બે ય સમબળવાળી છે. જો પહેલી કોટિની નિશ્ચયાત્મક અનુમિતિ થાય તો એ

કલ્પના થાય કે પહેલી કોટિ બળવાન બનીને બીજી દુર્બળ કોટિના જ્ઞાનનો પ્રતિબંધ કરનારી બની છે. અને જો બીજી કોટિની અનુમિતિ થાય તો એ કલ્પના થાય કે એ બીજી કોટિ બળવાન બની છે અને દુર્બળ એવી પહેલી કોટિના જ્ઞાનનો તેણે પ્રતિબંધ કર્યો છે.

ટૂંકમાં જો ભાવકોટિમાં પ્રમાત્વનો નિર્ણય થાય (**वह्निव्याप्यधूमवान् ह्रदः** એ ભાવકોટિ છે) તો અભાવકોટિ દુર્બળ થઈ જાય, તેથી બળવાન એવી ભાવકોટિ દુર્બળ એવી અભાવકોટિના અનુમિત્યાત્મક જ્ઞાન(**ह्रदो वह्न्यभाववान्**)નો પ્રતિબંધ કરી દે.

આ જ રીતે ઉલટું પણ સમજી લેવું. અને જો બેયમાં-ભાવ અને અભાવકોટિમાં ક્યાંય પ્રમાત્વનો નિર્ણય ન થાય તો કોઈ કોઈની અનુમિતિનો પ્રતિબંધ ન કરી શકે, અને તેથી સંશયાકાર અનુમિતિ જ થાય. એટલે સમબળવાળી તદભાવવ્યાપ્યવત્તાની કોટિનું જ્ઞાન એ સમબળવાળી તદ્વ્યાપ્યવત્તાની કોટિના જ્ઞાનનું પ્રતિબંધક ન બની શકે માટે સત્પ્રતિપક્ષ સ્થળે કોઈપણ કોટિ બીજી કોટિની અનુમિતિની પ્રતિબંધક બની શકે નહિ. અને તે વખતે સંશયાકાર અનુમિતિ થાય એમ જ માનવું જોઈએ.

---

**मुक्तावली : तन्न, तदभावव्याप्यवत्ताज्ञाने सति तदुपनीतभानविशेष-शाब्दबोधादेरनुदयाल्लौकिकसंनिकर्षाजन्यदोषविशेषाजन्यज्ञानमात्रे तस्य प्रतिबन्धकता लाघवात्, न तूपनीतभानविशेषे शाब्दबोधे च पृथक्प्रति-बन्धकता गौरवात् । तथा च प्रतिबन्धकसत्त्वात्कथमनुमितिः ?**

---

**મુક્તાવલી : નવ્યો** : તદભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન તદ્વ્યાપ્યવત્તાજ્ઞાનનું પ્રતિબંધક ન બને એવું તમે કહ્યું પણ તેમાં અનેક સ્થાને વ્યભિચાર દોષ આવે છે. જુઓ;

(૧) તમે તમારી વાતનું સમર્થન કરવા બે સ્થાન આપ્યા. તેમાં પહેલા સ્થાને કહ્યું કે અંધકારમાં ઘટાભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન થયા પછી પણ પ્રકાશ થતાં ઘટવ્યાપ્ય-વત્તાનું જ્ઞાન થાય છે માટે તદભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનને તદ્વ્યાપ્યવત્તાના જ્ઞાન પ્રત્યે પ્રતિબંધક ન કહેવાય.

પણ હવે આ જ સ્થાને જો પ્રકાશની સામગ્રી લાવવામાં આવે જ નહિ તો તો ઘટાભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન ઘટવ્યાપ્યવત્તાના જ્ઞાનનું પ્રતિબંધક બનશે જ ને ? એટલે તમારે હવે કહેવું પડશે કે ઘટાદિવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રત્યે અંધકારાદિસહકૃતઘટાભાવાદિ-વ્યાપ્યવત્તા-બુદ્ધિ તો પ્રતિબંધક બને જ. આમ સામાન્યતઃ તમે તદભાવવ્યાપ્યવત્તા-

બુદ્ધિને તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિની અપ્રતિબંધક કહો તો ઉક્ત સ્થાને વ્યભિચાર આવે. એટલે ઘટાદિવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રત્યે અંધકારાદિસહકૃતઘટાભાવાદિવ્યાપ્યવત્તાબુદ્ધિને તો પૃથક્ પ્રતિબંધક કહેવી જ પડશે.

(૨) હવે તમે જે બીજું સ્થાન આપ્યું હતું તે લઈએ. તમે કહેલ કે શંખમાં પીતત્વાભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ હોવા છતાં પિત્ત દોષ થયા બાદ તે જ માણસને પીતત્વ-વ્યાપ્યવત્તાની બુદ્ધિ થાય છે માટે તદભાવવ્યાપ્યવત્તાની બુદ્ધિને તદ્વ્યાપ્યવત્તાબુદ્ધિની પ્રતિબંધક કહી શકાય નહિ.

આની સામે અમારું કહેવું એ છે કે પીતત્વાભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ થયા બાદ જો પિત્ત દોષ ન થાય તો તો પીતત્વવ્યાપ્યવત્તાની બુદ્ધિ ન જ થાય ને ? એટલે પીતત્વવ્યાપ્યવત્તાની બુદ્ધિ પ્રત્યે પિત્તાદિદોષાસહકૃતપીતત્વાભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિને તો પૃથક્ પ્રતિબંધક કહેવી જ પડશે.

(૩) વળી લૌકિક સંનિકર્ષથી એક પર્વતમાં વહ્ન્યભાવવ્યાપ્યવત્તાનું જ્ઞાન થયું. ત્યાર પછી સામાન્ય લક્ષણા સંનિકર્ષથી **सर्वे पर्वता वह्न्यभाववन्तः** એવું અલૌકિકપ્રત્યક્ષ (ઉપનીતભાન) થયું. હવે આ વ્યક્તિને **सर्वे पर्वता वह्निमन्तः** એવું ભાન નથી થતું માટે અલૌકિકતદભાવવત્તાની બુદ્ધિને તદ્વ્યાપ્યવત્તાની બુદ્ધિ પ્રત્યે પૃથક્ પ્રતિબંધક કહેવી જ પડશે.

(૪) એ જ રીતે તદભાવવ્યાપ્યવત્તાનો શાબ્દપરામર્શ થાય તો ત્યાર પછી તદ્વ્યાપ્યવત્તાનો શાબ્દ-પરામર્શ થતો નથી, માટે તદ્વ્યાપ્યવત્તાના શાબ્દ-પરામર્શ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તાના શાબ્દ-પરામર્શને પૃથક્ પ્રતિબંધક કહેવો જ પડશે.

આ રીતે સર્વત્ર પૃથક્ પૃથક્ વિશેષ વિશેષ પ્રતિબધ્ય-પ્રતિબન્ધકભાવોની રત્નકોશકારને કલ્પના કરવી પડશે. વળી પહેલા વિગેરે સ્થાને પ્રતિબંધકકોટિમાં 'અંધકાર' વિગેરે અનન્ત વિશેષણોને યોજવા પડે એટલે તત્પ્રયુક્ત અનન્ત કાર્ય-કારણ ભાવ બને. આવા મોટા ગૌરવને માથે વહોરી લેવા કરતાં પ્રતિબધ્યકોટિમાં (તદ્વ્યાપ્યવત્તાબુદ્ધિ એ પ્રતિબધ્યકોટિ છે અને તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ એ પ્રતિબંધકકોટિ છે.) લૌકિક સંનિકર્ષ-અજન્યત્વ અને દોષવિશેષાજન્યત્વનો નિવેશ કરી દેવાય તો ઘણું લાઘવ છે.

**लौकिकसंनिकर्षाजन्यदोषविशेषाजन्यतद्व्याप्यवत्ताबुद्धिं प्रति तदभावव्याप्यवत्ताबुद्धिः प्रतिबन्धिका ।**

હવે જુઓ, ઉપરના બધા સ્થળે આનાથી જ કામ ચાલશે. તમારી જેમ પૃથક્ પૃથક્

પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવો કલ્પવા નહિ પડે.

(૧) ઘટચક્ષુ:સંયોગથી જે ઘટવત્તાબુદ્ધિ થઈ એ તો લૌકિકસંનિકર્ષ-જન્ય બુદ્ધિ થઈ. એટલે ત્યાં ઘટાભાવવ્યાપ્યવત્તાની બુદ્ધિ પ્રતિબંધક ન જ બની શકે, કેમકે અમે કહ્યું છે કે લૌકિકસંનિકર્ષ-અજન્ય (દોષવિશેષાજન્ય) તદ્વ્યાપ્યવત્તાબુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા બુદ્ધિ પ્રતિબંધક બને.

(૨) પીતત્વાભાવવ્યાપ્યવત્તાની બુદ્ધિ થયા બાદ પિત્ત દોષને લીધે પીતત્વ-વ્યાપ્યવત્તાની બુદ્ધિ થઈ ત્યાં પણ હવે વાંધો નહિ આવે, કેમકે (લૌકિકસંનિકર્ષ અજન્ય) દોષવિશેષાજન્ય તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રત્યે જ તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિને અમે પ્રતિબંધક કહી છે. આ તો દોષવિશેષજન્ય તદ્વ્યાપ્યવત્તા બુદ્ધિ છે, એટલે એની પ્રતિબંધક તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ ન બને, તેથી કોઈ આપત્તિ આવતી નથી.

(૩) **सर्वे पर्वता वह्न्यभाववन्तः** એવી અલૌકિક બુદ્ધિ (ઉપનીતભાન) થયા પછી **सर्वे पर्वता वह्निमन्तः** બુદ્ધિ અટકી જાય છે તે પણ હવે બરોબર છે, કેમકે **सर्वे पर्वता वह्निमन्तः** એવી તદ્વ્યાપ્યવત્તાબુદ્ધિ એ લૌકિકસંનિકર્ષ-અજન્ય છે અને દોષવિશેષથી પણ અજન્ય જ છે. માટે તેવી તદ્વત્તાની બુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રતિબંધક બની જ જશે.

(૪) **ह्रदो वह्न्यभावव्याप्यजलवान्** એવા તદભાવવ્યાપ્યવત્તાના શાબ્દબોધ પછી **ह्रदो वह्निव्याप्यधूमवान्** ઇત્યાકારક તદ્વ્યાપ્યવત્તાનો શાબ્દબોધ અટકી જાય છે તે પણ બરોબર છે, કેમકે તદ્વ્યાપ્યવત્તાનો પ્રત્યક્ષાતિરિક્ત શાબ્દબોધ એ લૌકિકસંનિકર્ષ અજન્ય, દોષવિશેષ-અજન્ય છે માટે તેવા લૌકિક સંનિકર્ષ-અજન્ય, દોષવિશેષ-અજન્ય તદ્વ્યાપ્યવત્તાના શાબ્દબોધ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તાનો શાબ્દબોધ જરૂર પ્રતિબંધક બને.

આમ એક જ કાર્ય-કારણભાવથી સર્વત્ર લૌકિકસંનિકર્ષ-અજન્ય, દોષવિશેષ-અજન્ય તદ્વ્યાપ્યવત્તાની બુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તાની બુદ્ધિને પ્રતિબંધક માનવાથી નિર્વાહ થઈ જાય છે માટે પૃથક્ પૃથક્ વિશેષ વિશેષ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવની અનન્ત કલ્પનાઓ કરી શકાય નહિ.

આમ ઉપનીતભાનવિશેષ સ્થળે અને શાબ્દબોધાદિ સ્થળે પૃથક્ પૃથક્ પ્રતિબંધકતા કલ્પવી ન પડી અને લૌકિકસન્નિકર્ષાજન્ય-દોષવિશેષાજન્યતદ્વ્યાપ્યવત્તાબુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રતિબંધક બને એ વાત સ્થિર થઈ એટલે હવે સત્પ્રતિપક્ષ સ્થળે શું બને છે ? તે જોઈએ.

વહ્નિવ્યાપ્યધૂમવત્તાની બુદ્ધિ એ તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ છે. વહ્ન્યભાવવ્યાપ્ય-જલવત્તાની બુદ્ધિ એ તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ છે. એ જ રીતે બીજા પરામર્શમાં વહ્ન્યભાવને સાધ્ય તરીકે લઈએ તો બીજા પરામર્શની બુદ્ધિ તદ્વ્યાપ્યવત્તાની બુદ્ધિ છે, જ્યારે પહેલો પરામર્શ તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિનો છે. આમ અપેક્ષાએ બે ય પરામર્શ તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ સ્વરૂપ છે તેમજ તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ સ્વરૂપ છે. આમાંની કોઈપણ તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ લૌકિકસંનિકર્ષ-અજન્ય છે અને દોષવિશેષાજન્ય છે માટે તદભાવવ્યાપ્યવત્તાની બુદ્ધિ તેની પ્રતિબંધક બની જ જવાની. આમ અનુમિતિ-સ્થળે બે ય પરામર્શ પરસ્પરની અનુમિતિના પ્રતિબંધક બની જ જવાના, એટલે **ह्रदो वह्निमान् धूमात्** કે **ह्रदो वह्न्यभाववान् जलात्** એવી એક પણ અનુમિતિ નહિ થવાની.

---

**मुक्तावली : न हि लौकिकसन्निकर्षस्थले प्रत्यक्षमिव सत्प्रतिपक्षस्थले संशयाकारानुमितिः प्रामाणिकी, येनानुमितिभिन्नत्वेनापि विशेषणीयम् । यत्र च कोटिद्वयव्याप्यवत्ताज्ञानं तत्रोभयत्राप्रामाण्यज्ञानात्संशयो, नान्यथा, अगृहीताप्रामाण्यकस्यैव विरोधिज्ञानस्य प्रतिबन्धकत्वादिति ।**

---

**મુક્તાવલી : રત્નકોશકાર : घटवद् भूतलं** એ પ્રત્યક્ષ બુદ્ધિ જેમ પ્રામાણિક છે તેમ સંશયાકાર અનુમિતિ પણ પ્રામાણિક જ છે.

**નવ્યો :** લૌકિક સંનિકર્ષથી ઘટવદ્ ભૂતલની બુદ્ધિ જેમ પ્રામાણિક છે તેમ સત્પ્રતિપક્ષ-સ્થળે સંશયાકાર અનુમિતિ થવાનું અનુભવસિદ્ધ નથી, માટે તેવી કલ્પના પ્રામાણિક નથી. હા, જો તેમ થતું હોત તો તો અનુમિતિસ્થલીય તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રતિબંધક બની શકત નહિ. (કેમકે સંશયાકાર અનુમિતિ થવાની છે.) એટલે જેમ લૌકિકસંનિકર્ષ-અજન્ય, દોષવિશેષાજન્ય એવી તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિને પ્રતિબંધક કહી તો ત્યાં 'અનુમિતિ-ભિન્ન એવી તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ' એટલો ઉમેરો વધારે કરવો પડત, અન્યથા અનુમિતિસ્થલીય તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રતિબંધક ન બનતાં ઉક્ત કાર્ય-કારણભાવમાં વ્યભિચાર આવત. (અનુમિતિ-સ્થલીય તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ લૌકિકસંનિકર્ષ-અજન્ય છે તેમજ દોષવિશેષ-અજન્ય પણ છે માટે તેના પ્રત્યે તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ પ્રતિબંધક બનવી જોઈતી હતી, પણ તેમ ન બને અને સંશયાકાર અનુમિતિ થાય એટલે વ્યભિચાર આવે.)

**રત્નકોશકાર** : સારું, પણ વિરોધિકોટિદ્વયની ઉપસ્થિતિ થયા પછી પણ સંશય તો થાય છે. આ વાત પ્રત્યક્ષ-સિદ્ધ છે. અમે પૂર્વે જ **स्थाणुत्वव्याप्यवानयम्** અને **स्थाणुत्वाभावव्याप्यवानयम्** એવી બે વિરોધિકોટિ ઊભી કરીને જણાવ્યું છે કે ત્યાં ઉત્તરક્ષણે '**स्थाणुर्न वा**' એવો પ્રત્યક્ષાત્મક સંશય થઈ જ જાય છે, તો અનુમિતિ સ્થળે પણ બે વિરોધિકોટિની ઉપસ્થિતિ થયા બાદ ઉત્તરક્ષણે સંશયાકારાનુમિતિ કેમ ન થાય?

**ઉત્તર** : નહિ, બે ય જગ્યાએ જુદી જુદી બાબત છે. **स्थाणुत्वव्याप्यवानयम्, स्थाणुत्वाभावव्याप्यवानयम्** આ બે ય વિરોધિકોટિમાંની પ્રત્યેકમાં 'અપ્રામાણ્ય'નું જ્યાં જ્ઞાન હોય ત્યાં જ તદુત્તરક્ષણે '**स्थाणुर्न वा**' એવો સંશય થાય, જ્યારે '**वह्निव्याप्यधूमवानयं, वह्न्यभावव्याप्यजलवानयं**' એ બે ય વિરોધિકોટિના જ્ઞાનમાં ક્યાંય અપ્રામાણ્યનું જ્ઞાન નથી. આ બે સ્થાન વચ્ચે મોટો ફરક છે. જ્યાં પ્રત્યેકમાં અપ્રામાણ્યનો નિશ્ચય હોય ત્યાં એક કોટિનું જ્ઞાન બીજી કોટિના જ્ઞાનને પ્રતિબધ્ય કરી શકે નહિ અને તેથી તદુત્તરક્ષણે ઉભયકોટિક સંશય થઈ શકે. અને જ્યાં આ રીતે અપ્રામાણ્યનો ગ્રહ ન હોય ત્યાં બે ય વિરોધિકોટિના જ્ઞાન પરસ્પરને પ્રતિબધ્ય કરી શકે, એટલે જ સત્પ્રતિપક્ષ સ્થળે બે ય પરામર્શ પરસ્પરની અનુમિતિ પ્રત્યે પ્રતિબધ્ય-પ્રતિબંધક બની જાય. અને તેથી જ સંશયાકાર અનુમિતિ પણ થઈ શકે નહિ.

અહીં રત્નકોશકાર-મતના આક્ષેપ-પરિહાર પૂર્ણ થાય છે.

---

**मुक्तावली : असिद्धिस्त्वाश्रयासिद्ध्याद्यन्यतमत्वम् । आश्रयासिद्धिः पक्षे पक्षतावच्छेदकस्याभावः । यत्र च काञ्चनमयः पर्वतो वह्निमानिति साध्यते तत्र 'पर्वतो न काञ्चनमय' इति ज्ञाने विद्यमाने काञ्चनमये पर्वते परामर्श-प्रतिबन्धः फलम् ।**

---

**મુક્તાવલી : (૪) અસિદ્ધિ : आश्रयासिद्ध्याद्यन्यतमत्वं असिद्धित्वम् ।**

અસિદ્ધિ ત્રણ પ્રકારની છે :

૧. આશ્રયાસિદ્ધિ.

૨. સ્વરૂપાસિદ્ધિ.

૩. વ્યાપ્યત્વાસિદ્ધિ.

**(i) આશ્રયાસિદ્ધિ : पक्षतावच्छेदकाभाववान् पक्षः ।**

**काञ्चनमयपर्वतो वह्निमान् धूमात् ।**

**गगनारविन्दं सुरभि अरविन्दत्वात् सरोजारविन्दवत् ।**

આ અનુમિતિનો જનક પરામર્શ **वह्निव्याप्यधूमवान् काञ्चनमयपर्वतः** ઇત્યાકારક છે. હવે અહીં વસ્તુતઃ પર્વત એ પાષાણમય છે એટલે પક્ષ પર્વતમાં પક્ષતાવચ્છેદક કાચ્ચનમયત્વનો અભાવ છે. આમ અહીં જે પક્ષ છે તે પક્ષતાવચ્છેદકાભાવવાન્ છે માટે અહીં આશ્રયાસિદ્ધિ દોષ આવ્યો. આ આશ્રયાસિદ્ધિનું જ્ઞાન થાય તો **वह्निव्याप्यधूमवान् काञ्चनमयत्वविशिष्टः पर्वतः** એવો પરામર્શ થતો અટકી જાય અને પરામર્શ અટકી જતાં ઉક્તાનુમિતિનો પણ પ્રતિબંધ થઈ જાય. માટે આ આશ્રયાસિદ્ધિ દોષ એ હેત્વાભાસ બન્યો. આ દોષ પૂર્વવત્ જ્ઞાનરૂપ સંબંધથી (સ્વવિષયકજ્ઞાનવિષયત્વ સંબંધથી) હેતુમાં જતાં હેતુ દુષ્ટ બને. તે આ રીતે :

**काञ्चनमयत्वाभाववान् पर्वतो धूमश्च** એવા સમૂહાલંબન જ્ઞાનમાં સ્વ= **काञ्चनमयत्वाभाववान् पर्वतः** રૂપ આશ્રયાસિદ્ધિ દોષ, તદ્વિષયકજ્ઞાન= **काञ्चनमयत्वाभाववान् पर्वतो धूमश्च,** એનો વિષય ધૂમ, એમાં તાદશવિષયત્વ રહ્યું. એ તાદશવિષયત્વ સંબંધથી આશ્રયાસિદ્ધિ દોષ હેતુમાં જતાં હેતુ દુષ્ટ બની ગયો.

---

**मुक्तावली : स्वरूपासिद्धिस्तु पक्षे व्याप्यत्वाभिमतस्याभावः । तत्र च ह्रदो द्रव्यं धूमादित्यादौ पक्षे व्याप्यत्वाभिमतस्य हेतोरभावे ज्ञाते पक्षे साध्यव्याप्यहेतुमत्ताज्ञानरूपस्य परामर्शस्य प्रतिबन्धः फलम् ।**

---

**(ii) સ્વરૂપાસિદ્ધિ : हेत्वभाववान् पक्षः ।**

**पर्वतो वह्निमान् जलात् ।**

**( शब्दो गुणः चाक्षुषत्वात् ।)**

અહીં જલ હેતુ વ્યાપ્ય તરીકે અભિમત છે પણ વસ્તુતઃ તે (વહ્નિને) વ્યાપ્ય નથી. હવે જો **जलाभाववान् पर्वतः** એવું જ્ઞાન થઈ જાય તો ઉક્તાનુમિતિ-જનક **वह्निव्याप्यजलवान् पर्वतः** એ પરામર્શ અટકી જાય અને તેથી ઉક્તાનુમિતિ પણ ન થાય. આમ સ્વરૂપાસિદ્ધિનું જ્ઞાન પરામર્શ-પ્રતિબંધ કરવા દ્વારા અનુમિતિ-વિરોધી બન્યું માટે સ્વરૂપાસિદ્ધિ દોષ બન્યો.

**जलाभाववान् पर्वतः जलञ्च** એ સમૂહાલંબન જ્ઞાનમાં સ્વ=**जलाभाववान् पर्वतः**,

તદ્વિષયકજ્ઞાન=**जलाभाववान् पर्वतो जलञ्च**, તેનો વિષય જલ, તેમાં તાદશવિષયત્વ રહ્યું. તે જ સંબંધથી સ્વ=દોષ હેતુમાં જતાં હેતુ દુષ્ટ બની જાય.

સ્વરૂપાસિદ્ધિમાં પક્ષ તો હોય પણ પક્ષમાં હેતુ ન હોય. જ્યારે આશ્રયાસિદ્ધિમાં પક્ષ જ અપ્રસિદ્ધ હોય.

**(iii) વ્યાપ્યત્વાસિદ્ધિ : सोपाधिको हेतुः** । (નવ્યોનું લક્ષણ) (જુઓ પરિશિષ્ટ-૧ પેઈજ-૧૧૯)

**पर्वतो धूमवान् वह्नेः** । અહીં વહ્નિ હેતુ આર્દ્રેન્ધનસંયોગજન્યત્વ સ્વરૂપ ઉપાધિથી યુક્ત છે. (ઉપાધિ કોને કહેવાય ? એ વાત આપણે પૂર્વે વિચારી ચૂક્યા છીએ. આગળ ઉપર પણ એનો વિસ્તારથી વિચાર કરવામાં આવશે.)

જ્યાં જ્યાં વહ્નિ હોય ત્યાં ત્યાં ધૂમ હોય જ એવું નહિ, જેમકે અયોગોલકમાં. પણ જ્યાં જ્યાં આર્દ્રેન્ધનસંયોગજન્ય વહ્નિ હોય ત્યાં ત્યાં અવશ્ય ધૂમ હોય છે માટે આ વહ્નિ હેતુ સોપાધિક છે, એટલે અહીં વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ આવ્યો.

---

**मुक्तावली : साध्याप्रसिद्ध्यादयस्तु व्याप्यत्वासिद्धिमध्येऽन्तर्भूताः । साध्ये साध्यतावच्छेदकस्याभावः साध्याप्रसिद्धिः, एतज्ज्ञाने जाते काञ्चनमयवह्निमानित्यादौ साध्यतावच्छेदकविशिष्टसाध्यव्याप्यवत्ताज्ञानरूपपरामर्श-प्रतिबन्धः फलम् ।**

---

**પ્રશ્ન :** અસિદ્ધિ ત્રણ જ પ્રકારની કેમ કહી ? સાધ્યાપ્રસિદ્ધિ, સાધનાપ્રસિદ્ધિ વિગેરે અસિદ્ધિઓ કેમ ન કહી ?

**ઉત્તર :** એ અસિદ્ધિઓને અમે ઉપરોક્ત વ્યાપ્યત્વાસિદ્ધિમાં જ સમાવી લઈએ છીએ એટલે તેને જુદી કહી નથી.

**(i) સાધ્યાપ્રસિદ્ધિ : साध्यतावच्छेदकाभाववत् साध्यम् ।**

**पर्वतः काञ्चनमयवह्निमान् धूमात् ।**

અહીં સાધ્યતાવચ્છેદક કાઞ્ચનમયવહ્નિત્વ જ અપ્રસિદ્ધ છે માટે સાધ્ય એ સાધ્યતાવચ્છેદકાભાવવાન્ છે. જ્યારે આ રીતે સાધ્યાપ્રસિદ્ધિ દોષનું જ્ઞાન થાય ત્યારે પ્રસ્તુતાનુમિતિનો જનક **काञ्चनमयवह्निव्याप्यधूमवान् पर्वतः** એવો પરામર્શ અટકી જાય અને તેથી તજ્જન્ય અનુમિતિ પણ અટકી જાય. આમ સાધ્યાપ્રસિદ્ધિ દોષ પરામર્શનો

પ્રતિબંધ કરવા દ્વારા અનુમિતિને અટકાવે છે માટે સાધ્યાપ્રસિદ્ધિ દોષ એ હેત્વાભાસ બને છે. પૂર્વવત્ સ્વવિષયકજ્ઞાનવિષયત્વ સમ્બન્ધથી તે દોષ હેતુમાં જતાં હેતુ દુષ્ટ બને.

**काञ्चनमयवह्नित्वाभाववान् काञ्चनमयवह्निः धूमश्च** એ સમૂહાલંબન જ્ઞાન લેવું.

---

**मुक्तावली : एवं हेतौ हेतुतावच्छेदकस्याभावः साधनाप्रसिद्धिः, यथा काञ्चनमयधूमादित्यादौ, अत्र हेतुतावच्छेदकविशिष्टहेतोर्ज्ञानाभावात्तद्धेतुकव्याप्तिज्ञानादेरभावः फलम् ।**

---

**(ii) સાધનાપ્રસિદ્ધિ : हेतुतावच्छेदकाभाववान् हेतुः ।**

**पर्वतो वह्निमान् काञ्चनमयधूमात् ।**

અહીં **काञ्चनमयधूमत्वाभाववान् काञ्चनमयधूमः** એ સાધનાપ્રસિદ્ધિ દોષ છે. તેનું જ્ઞાન થતાં સાધ્યસમાનાધિકરણ હેતુતાવચ્છેદકવિશિષ્ટહેતુઘટિતવ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થઈ જાય અને તેના દ્વારા અનુમિતિ અટકી જાય, માટે સાધનાપ્રસિદ્ધિ એ હેત્વાભાસ કહેવાય. અહીં હેતુતાવચ્છેદકાભાવવાન્ હેતુ એ જ દોષ છે, માટે તાદાત્મ્યસંબંધથી જ હેતુ દુષ્ટ બની જાય, એટલે અહીં સ્વવિષયકજ્ઞાનવિષયત્વ સંબંધ લેવાની જરૂર રહેતી નથી.

---

**मुक्तावली : एवं वह्निमान् नीलधूमादित्यादौ गुरुतया नीलधूमत्वस्य हेतुताऽनवच्छेदकत्वमपि व्याप्यत्वासिद्धिरित्यपि वदन्ति ।**

---

**મુક્તાવલી** : નવ્યોએ વ્યાપ્યત્વાસિદ્ધિ એટલે **सोपाधिको हेतुः व्याप्यत्वासिद्धिः** કહ્યું, જ્યારે પ્રાચીનો ગુરૂધર્મતયા હેતુતાનવચ્છેદકધર્મને વ્યાપ્યત્વાસિદ્ધિ કહે છે.

**पर्वतो वह्निमान् नीलधूमात् ।**

અહીં ધૂમત્વની અપેક્ષાએ નીલધૂમત્વ એ ગુરૂભૂત ધર્મ છે માટે તે હેતુતાવચ્છેદક ધર્મ બની શકે નહિ. આમ અહીં ધૂમ હેતુ એ હેતુતાવચ્છેદકાભાવવદ્ બન્યો માટે તે વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય. જ્યારે અહીં ગુરૂધર્મતયા નીલધૂમત્વ એ હેતુતાનવચ્છેદક છે એવું વ્યાપ્યત્વાસિદ્ધિનું જ્ઞાન થાય ત્યારે **वह्निव्याप्यनीलधूमवान् पर्वतः** એવો પરામર્શ થતો અટકી જાય અને તેથી નીલધૂમહેતુક **पर्वतो वह्निमान्** એ અનુમિતિનો પણ પ્રતિબંધ થઈ જાય. એટલે અનુમિતિ-વિરોધી આ વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ એ હેત્વાભાસ કહેવાય.

અહીં ગુરૂધર્મતયા હેતુતાનવચ્છેદક ધર્મ નીલધૂમત્વ એ વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ બન્યો છે માટે **हेतुतानवच्छेदकं नीलधूमत्वं नीलधूमश्च** એવું સમૂહાલંબન જ્ઞાન કરીને સ્વ= નીલધૂમત્વ દોષ, તદ્વિષયકજ્ઞાન = ઉક્ત જ્ઞાન, તદ્વિષયત્વ નીલધૂમમાં જતાં હેતુ = નીલધૂમ દુષ્ટ બને.

---

**मुक्तावली : बाधस्तु पक्षे साध्याभावादिः । एतस्यानुमितिप्रतिबन्धः फलम् । तद्धर्मिकतदभावनिश्चयो लौकिकसन्निकर्षाजन्यदोषविशेषाजन्यतद्धर्मिकतज्ज्ञानमात्रे विरोधीति ।**

---

**મુક્તાવલી : (૫) બાધ : पक्षे साध्याभावः । साध्याभाववान् पक्षः ।**

આ બાધ દોષ પક્ષમાં સાધ્યની અનુમિતિનો પ્રતિબંધક બને છે.

**પ્રશ્ન :** પક્ષમાં સાધ્યાભાવનું જ્ઞાન (પક્ષધર્મિકસાધ્યાભાવ જ્ઞાન) એ અનુમિતિનું જ કેમ પ્રતિબંધક બને ? અનુમિતિકરણ વ્યાપ્તિજ્ઞાન કે પરામર્શનું પ્રતિબંધક કેમ ન બને ?

**ઉત્તર :** રત્નકોશકારનો મત વિચારતાં એક સિદ્ધાન્ત નક્કી કર્યો છે કે તદ્ધર્મિક-તદભાવનિશ્ચય એ લૌકિકસંનિકર્ષ-અજન્ય-દોષવિશેષાજન્ય એવા તદ્ધર્મિકતજ્જ્ઞાનમાત્રમાં વિરોધી છે. પ્રસ્તુતમાં બાધ એ પક્ષધર્મિકસાધ્યાભાવનિશ્ચયાત્મક છે માટે તે દોષવિશેષાજન્ય, લૌકિકસંનિકર્ષ-અજન્ય પક્ષધર્મિકસાધ્યજ્ઞાનનો વિરોધી બને.

પક્ષધર્મિકસાધ્યજ્ઞાન એટલે પક્ષમાં સાધ્યનું અનુમિત્યાત્મક જ્ઞાન.

આમ આ નિયમથી બાધ એ અનુમિતિનો જ વિરોધી બને, અનુમિતિકરણ વ્યાપ્તિજ્ઞાનનો કે પરામર્શનો વિરોધી બને નહિ.

---

**मुक्तावली : न तु 'संशयसाधारणं पक्षे साध्यसंसृष्टत्वज्ञानमनुमितिकारणं तद्विरोधितया च बाधसत्प्रतिपक्षयोर्हेत्वाभासत्वमिति' युक्तम्, अप्रसिद्ध-साध्यकानुमित्यनापत्तेः, साध्यसंशयादिकं विनाप्यनुमित्युत्पत्तेश्च ।**

---

**મુક્તાવલી :** હવે અહીં પ્રાચીનોનું જે મન્તવ્ય છે તેનું મુક્તાવલીકાર ખંડન કરે છે.

પ્રાચીનો કહે છે કે બાધ દોષ અને સત્પ્રતિપક્ષ દોષ એ અનુમિતિના વિરોધી નથી કિન્તુ અનુમિતિના કારણભૂત જે પક્ષતા છે તેના વિરોધી છે.

હવે આ પ્રાચીનોના મતે પક્ષતા એટલે શું પદાર્થ છે ? તે જોઈએ.

**પ્રાચીનો :** પક્ષમાં સાધ્યનું **સંદેહાત્મક જ્ઞાન** હોય તો અનુમિતિ થાય છે તેમ જો પક્ષમાં સાધ્યનું **નિશ્ચયાત્મક** (સિદ્ધ્યાત્મક) **જ્ઞાન** હોય તો પણ ત્યાં સિષાધયિષા હોવા ઉપર અનુમિતિ થાય છે. એટલે પક્ષમાં સાધ્યના સંસર્ગ(સંબંધ)નું સંશયાત્મક કે નિશ્ચયાત્મક જ્ઞાન તે જ પક્ષતા છે જે અનુમિતિનું કારણ છે. દા.ત. હ્રદમાં જો વહ્નિનો સંશય હોય તો હ્રદમાં વહ્નિની અનુમિતિ થાય. એ જ રીતે હ્રદમાં વહ્નિની સિદ્ધિ (ભ્રાન્ત)નો નિશ્ચય હોય પણ તે વખતે વહ્નિની સિષાધયિષા હોય તો પણ હ્રદમાં વહ્નિની અનુમિતિ થાય. એટલે **પક્ષમાં સંશયાત્મક કે નિશ્ચયાત્મક સાધ્યસંસર્ગ**નું જે જ્ઞાન તે જ પક્ષતા છે એમ કહેવું જોઈએ.

હવે જો અહીં **वह्न्यभाववान् ह्रदः** અથવા **वह्न्यभावव्याप्यजलवान् ह्रदः** એવું બાધનું કે સત્પ્રતિપક્ષનું જ્ઞાન ઊભું થઈ જાય તો પછી હ્રદમાં સાધ્ય વહ્નિનો સંદેહ ન થઈ શકે (હ્રદમાં વહ્ન્યભાવવાન્‌નો નિશ્ચય થયા પછી હ્રદમાં વહ્નિ છે કે નહિ ? એવો સંદેહ થઈ શકે જ નહિ.) કે હ્રદમાં વહ્નિનો નિશ્ચય પણ થઈ શકે નહિ. આમ **'वह्न्यभाववान् ह्रदः'**નો કે **'वह्न्यभावव्याप्यजलवान् ह्रदः'**નો નિશ્ચય ઉક્ત પક્ષતાનો જ પ્રતિબંધક બને છે એમ કહેવું જોઈએ. આ રીતે બાધ અને સત્પ્રતિપક્ષને પક્ષે સંશય-નિશ્ચયસાધારણ સાધ્યસંસર્ગજ્ઞાનરૂપ પક્ષતાના પ્રતિબંધક માનવા જોઈએ, અનુમિતિના નહિ. આમ પક્ષતાના પ્રતિબંધક તરીકે બાધ-સત્પ્રતિપક્ષને હેત્વાભાસ માનવા જોઈએ.

**નવ્યો :** નહિ, બાધ-સત્પ્રતિપક્ષ એ અનુમિતિના વિરોધી તરીકે જ હેત્વાભાસ માનવા યોગ્ય છે. પક્ષમાં સાધ્યસંસર્ગના સંશય-નિશ્ચયસાધારણ જ્ઞાનને જો પક્ષતા માનશો તો અપ્રસિદ્ધસાધ્યક-અનુમિતિ નહિ થવાની આપત્તિ આવશે. તે આ રીતે :

**पृथ्वी इतरभेदवती गन्धवत्त्वात्** । અહીં સાધ્ય = ઇતરભેદ એ પક્ષેતરમાં તો ક્યાંય પ્રસિદ્ધ જ નથી, કેમકે ઇતરભેદ = જલાદિભેદ એ પક્ષ પૃથ્વીથી અન્ય જલાદિમાં તો મળે જ નહિ. વળી જે પક્ષ પૃથ્વી છે તેમાં પણ ઇતરભેદના સંસર્ગનું જ્ઞાન અનુમિતિ થયા પૂર્વે થયું નથી, કેમકે અનુમિતિથી જ પૃથ્વીમાં સાધ્ય = ઇતરભેદના સંસર્ગનું જ્ઞાન કરવાનું છે. આમ પક્ષમાં સાધ્ય = ઇતરભેદના સંસર્ગનું સંશયાત્મક કે નિશ્ચયાત્મક એકેય જ્ઞાન નથી, અર્થાત્ તાદૃશજ્ઞાનરૂપ પક્ષતા જ નથી તો હવે પક્ષતા વિના તે અનુમિતિ શી રીતે થાય ? વસ્તુતઃ આ અનુમિતિ થાય છે માટે વ્યતિરેક-વ્યભિચાર આવે.

વળી પક્ષમાં સાધ્યસંશય-નિશ્ચયનું જ્ઞાન ન હોય તો પણ **गगनं मेघवत् घनगर्जनात्** એવી અનુમિતિ થાય છે. માટે પક્ષમાં સાધ્યસંસર્ગના સંશય-નિશ્ચયજ્ઞાનરૂપ પક્ષતા વિના પણ અનુમિતિ થઈ જવાથી વ્યતિરેક-વ્યભિચાર આવે. માટે પક્ષમાં સાધ્યસંસર્ગના

સંશય-નિશ્ચયસાધારણ જ્ઞાનને પક્ષતા જ ન મનાય. અને તેથી હવે એ પ્રશ્ન ઊભો રહેતો જ નથી કે બાધ અને સત્પ્રતિપક્ષ દોષ તે પક્ષતાના પ્રતિબંધક બનીને હેત્વાભાસ બને છે. માટે બાધ-સત્પ્રતિપક્ષને અનુમિતિના જ પ્રતિબંધક માનીને હેત્વાભાસ કહેવા જોઈએ.

---

**मुक्तावली : एवं साध्याभावज्ञाने प्रमात्वज्ञानमपि न प्रतिबन्धकं, मानाभावात् गौरवाच्च । अन्यथा सत्प्रतिपक्षादावपि तदभावव्याप्यवत्ताज्ञाने प्रमात्वविषयकत्वेन प्रतिबन्धकतापत्तेः ।**

---

**પ્રશ્ન** : '**ह्रदो वह्निमान्** એવી અનુમિતિનો પ્રતિબંધ **वह्न्यभाववान् ह्रदः** એવા જ્ઞાનથી થાય' એમ તમે કહ્યું તે બરોબર નથી. '**वह्न्यभाववान् ह्रदः** એ જ્ઞાન પ્રમા છે' એવું જ્યારે ભાન થાય ત્યારે જ '**ह्रदो वह्निमान्**' અનુમિતિનો પ્રતિબંધ થઈ જાય. **वह्न्यभाववान् ह्रदः** જ્ઞાન થાય અને તેમાં જો પ્રમાત્વનો નિશ્ચય ન થાય તો **ह्रदो वह्निमान्** અનુમિતિનો પ્રતિબંધ થઈ શકતો નથી. માટે અનુમિતિનો પ્રતિબંધ વહ્ન્યભાવવદ્હ્રદ જ્ઞાનથી નથી થતો કિન્તુ વહ્ન્યભાવવદ્હ્રદજ્ઞાનધર્મિક પ્રમાત્વ-નિશ્ચયથી જ થાય છે. માટે એને જ અનુમિતિ પ્રતિબંધક માનવો જોઈએ. અહીં અનુમિતિનો પ્રતિબંધ જે કરે તે પ્રમાત્વ-નિશ્ચયને જ બાધ કહેવો જોઈએ. વહ્ન્યભાવ-વદ્હ્રદજ્ઞાનધર્મિક જે પ્રમાત્વ-નિશ્ચય તે જ બાધ. તેનાથી અનુમિતિ-પ્રતિબંધ થાય અને તાદશ પ્રમાત્વનિશ્ચયાભાવ એ **ह्रदो वह्निमान्** અનુમિતિનો જનક બને એમ કેમ ન કહેવાય ?

**ઉત્તર** : સાધ્યાભાવના જ્ઞાનમાં પ્રમાત્વનો નિશ્ચય એ અનુમિતિ-પ્રતિબંધક બને એવું માનવામાં કોઈ પ્રમાણ નથી અને તેવું માનવામાં ગૌરવ પણ છે, અર્થાત્ સાધ્યાભાવવાન્ પક્ષને બાધ દોષ માનવાને બદલે સાધ્યાભાવવત્પક્ષજ્ઞાનધર્મિક પ્રમાત્વ-નિશ્ચયને બાધ દોષ માનવો એમાં શરીરકૃત ગૌરવ છે.

વળી જો આ રીતે બાધ-સ્થળે સાધ્યાભાવવાન્ પક્ષને બાધ ન કહેતાં સાધ્યાંભાવવત્પક્ષજ્ઞાનધર્મિક પ્રમાત્વ-નિશ્ચયને બાધ દોષ કહેશો તો સત્પ્રતિપક્ષ સ્થળે પણ સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષને સત્પ્રતિપક્ષ દોષ ન કહેતાં સાધ્યાભાવવ્યાપ્ય-હેતુમત્પક્ષજ્ઞાનધર્મિક પ્રમાત્વ-નિશ્ચયને જ સત્પ્રતિપક્ષ દોષ કહેવાની આપત્તિ આવશે. એ જ રીતે વ્યભિચાર સ્થળે વ્યભિચારને દોષ ન કહેતાં વ્યભિચારજ્ઞાનધર્મિક પ્રમાત્વ-

નિશ્ચયને જ દોષ કહેવો પડશે. આમ પાંચેય હેત્વાભાસ સ્થળે પ્રમાત્વ-નિશ્ચય જ દોષ બનવાની આપત્તિ આવશે. માટે સાધ્યાભાવવાન્ પક્ષ, સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્ પક્ષ વિગેરેને અનુક્રમે બાધ, સત્પ્રતિપક્ષ દોષ કહેવા જોઈએ.

**मुक्तावली : किन्तु भ्रमत्वज्ञानानास्कन्दितबाधादिबुद्धेः प्रतिबन्धकता । तत्र भ्रमत्वशङ्काविघटनेन प्रामाण्यज्ञानं क्वचिदुपयुज्यते ।**

**પ્રશ્ન** : કિન્તુ જો સાધ્યાભાવવાન્ પક્ષનું જ્ઞાન હોય પણ તેમાં પ્રમાત્વનો નિશ્ચય ન હોય, અર્થાત્ એ જ્ઞાનમાં અપ્રમાત્વનો ભ્રમ પડે તો એ જ્ઞાન અનુમિતિનો પ્રતિબંધ કરી શકશે જ નહિ. 'વહ્ન્યભાવવદ્હ્રદજ્ઞાન ભ્રાન્ત છે' એવી જો પ્રતીતિ થાય તો તે વહ્ન્યભાવવદ્હ્રદજ્ઞાન **हृदो वह्निमान्** અનુમિતિને નહિ જ અટકાવી શકે. આમ અહીં સાધ્યાભાવવત્પક્ષજ્ઞાન છે છતાં અનુમિતિનો પ્રતિબંધ નથી થતો માટે અન્વય-વ્યભિચાર આવ્યો. એને દૂર કરવા સાધ્યાભાવવત્પક્ષજ્ઞાનધર્મિક પ્રમાત્વ-નિશ્ચયને જ અનુમિતિ-પ્રતિબંધક કહેવો જોઈએ.

**ઉત્તર** : સારું, આ આપત્તિ દૂર કરવા અમે કહીશું કે તે જ બાધ-જ્ઞાન અનુમિતિનો પ્રતિબંધ કરે જેમાં અપ્રામાણ્યનું જ્ઞાન ન થયું હોય. આમ અપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત સાધ્યાભાવવાન્ પક્ષ-**જ્ઞાન** અનુમિતિ-પ્રતિબંધક બને એમ અમે કહીશું. સાધ્યાભાવવત્પક્ષજ્ઞાનધર્મિક **પ્રમાત્વ-નિશ્ચય**ને પ્રતિબંધક કહેવા કરતાં સાધ્યાભાવવત્ પક્ષને જ પ્રતિબંધક કહેવો ઉચિત છે. માત્ર ઉપરોક્ત દોષ ટાળવા તેને અપ્રામાણ્ય-જ્ઞાનાનાસ્કન્દિતત્વ વિશેષણ જોડી દેવું જોઈએ.

**પ્રશ્ન** : જો આ રીતે અપ્રામાણ્યજ્ઞાનાનાસ્કન્દિત બાધ-જ્ઞાનને જ પ્રતિબંધક કહેશો તો પછી સાધ્યાભાવવત્પક્ષજ્ઞાનધર્મિક પ્રમાત્વ-નિશ્ચય હોય તો જ અનુમિતિનો પ્રતિબંધ થાય એવી જે અનુભવસિદ્ધ હકીકત છે અને એ રીતે બધા જ્ઞાનમાં પ્રામાણ્ય-ગ્રહનો જે ઉપયોગ થાય છે તે હવે સર્વથા વ્યર્થ જશે ને ? કેમકે સર્વત્ર અપ્રામાણ્યજ્ઞાન વિનાનો બાધ-નિશ્ચય જ અનુમિતિનો પ્રતિબંધક બને એટલે ત્યાં પ્રમાત્વ-નિશ્ચયનો ઉપયોગ જ નહિ રહે.

**ઉત્તર** : નહિ, એ પ્રામાણ્ય-નિશ્ચયનો પણ ક્વચિત્ ઉપયોગ થઈ શકશે. તે આ રીતે :

એક માણસને **हृदो वह्निमान्** અનુમિતિનું પ્રતિબંધક **वह्न्यभाववान् हृदः** એવું બાધ-

જ્ઞાન થયું. ત્યાર પછી તેને '**इदं ज्ञानं भ्रमो न वा**' એવી આશંકા થઈ. આ વખતે જો તેને '**वह्न्यभाववान् ह्रदः** એવું જ્ઞાન પ્રમા છે' અર્થાત્ એ જ્ઞાનમાં 'પ્રામાણ્ય છે' એવો નિશ્ચય થઈ જાય તો '**ह्रदो वह्न्यभाववान् ज्ञानं भ्रमो न वा**' એ ભ્રમત્વ-શંકાનું વિઘટન (નાશ) થઈ જાય. અને પછી **वह्न्यभाववान् ह्रदः** એ પ્રમાત્મક જ્ઞાનને લીધે **ह्रदो वह्निमान्** અનુમિતિનો પ્રતિબંધ થઈ જાય. આમ જ્યારે ક્યારેક બાધમાં ભ્રમત્વની શંકા પડે ત્યારે તેનું વિઘટન કરવામાં પ્રામાણ્યજ્ઞાન ઉપયોગી બની શકે છે એટલે પ્રામાણ્યજ્ઞાન સર્વથા વ્યર્થ જવાની આપત્તિ સંભવતી નથી.

---

**मुक्तावली : न च बाधस्थले पक्षे हेतुसत्त्वे व्यभिचारः, पक्षे हेत्वभावे स्वरूपासिद्धिरेव दोष इति वाच्यम्, बाधज्ञानस्य व्यभिचारज्ञानादेर्भेदात् । किञ्च यत्र परामर्शानन्तरं बाधबुद्धिस्तत्र व्यभिचारज्ञानादेरकिञ्चित्करत्वाद्बाधस्यानुमितिप्रतिबन्धकत्वं वाच्यम् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : હેત્વાભાસ ચાર જ માનો તો શું વાંધો છે ? પાંચમો બાધ નામનો હેત્વાભાસ માનવાની જરૂર જ નથી, કેમકે જ્યાં બાધ દોષ હોય ત્યાં વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિ એ બેમાંથી ગમે તે એક દોષ તો હોય જ. તે આ રીતે :

**वह्निः अनुष्णः द्रव्यत्वात्** । અહીં **अनुष्णत्वाभाववान् वह्निः** હોવાથી બાધ છે તેમ સાથે જ વ્યભિચાર પણ છે, કેમકે દ્રવ્યત્વ હેતુ અનુષ્ણત્વાભાવવત્ વહ્નિમાં પણ રહે છે. (**साध्याभाववद्वृत्तिहेतुः व्यभिचारः ।**)

**ह्रदो वह्निमान् धूमात्** । અહીં **वह्न्यभाववान् ह्रदः** એ બાધ દોષ છે તેમ સ્વરૂપાસિદ્ધિ દોષ પણ છે જ, કેમકે હેતુ ધૂમ એ પક્ષ હ્રદમાં અવૃત્તિ છે. (**हेत्वभाववान् पक्षः स्वरूपासिद्धिः**)

આમ બાધની સાથે વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિ દોષ હોય જ છે માટે વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિના જ્ઞાનથી જ અનુમિતિ-પ્રતિબંધ થઈ જશે અને એ વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિ દોષવાળો હેતુ બનતાં તે હેતુ દુષ્ટ પણ બની જશે. તો હવે બાધ દોષ માનવાની શી જરૂર છે ? બાધ દોષનું કાર્ય તો અનુમિતિ-પ્રતિબંધ કરવાનું અને હેતુને દુષ્ટ બનાવવાનું જ છે ને ? તે તો બાધસ્થલીય વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિથી પણ ચરિતાર્થ થઈ જાય છે.

ઉત્તર : નહિ, એમ નહિ કહેવાય. ત્રણેયના ફળ જુદા છે માટે ત્રણેયને પૃથક્ હેત્વાભાસ માનવા જ જોઈએ. બાધ દોષનું જ્ઞાન અનુમિતિ-પ્રતિબંધક છે. વ્યભિચારનું જ્ઞાન વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ કરે છે. સ્વરૂપાસિદ્ધિનું જ્ઞાન પરામર્શનો પ્રતિબંધ કરે છે. આમ ત્રણેયના ફળ જુદા છે, અર્થાત્ બાધ દોષનું પોતાનું સ્વતન્ત્ર ફળ છે માટે તેને જુદો હેત્વાભાસ માનવો જ જોઈએ.

**પ્રશ્ન** : પણ બાધનું જે અનુમિતિ-પ્રતિબંધરૂપ કાર્ય છે તે વ્યભિચારાદિથી થઈ જ જાય છે ને?

**ઉત્તર** : સારું, હવે તમને બરોબર સાબિત કરી આપશું કે બાધ દોષ માન્યા વિના ચાલે તેમ જ નથી.

**'अयोगोलकं धूमवत् वह्नेः'** સ્થળે અનુમિતિનો જનક **धूमव्याप्यवह्निमदयोगोलकम्** એવો શાબ્દ-પરામર્શ થયો. ત્યાર બાદ અહીં રહેલા વ્યભિચારનું જ્ઞાન તે વ્યક્તિને ન થયું અને **'धूमाभाववदयोगोलकम्'** એવું બાધ-જ્ઞાન જ થયું. હવે અહીં જે અનુમિતિ-પ્રતિબંધ થયો તે તો બાધ-જ્ઞાનથી જ થયો ને ? વહ્નિ હેતુ જે દુષ્ટ થયો તે પણ બાધ દોષથી જ દુષ્ટ થયો ને ?

એ જ રીતે **ह्रदो वह्निमान् धूमात्** અનુમિતિનો જનક **वह्निव्याप्यधूमवान् ह्रदः** પરામર્શ છે. હવે અહીં **वह्न्यभाववान् ह्रदः** એવું બાધ-જ્ઞાન જ થયું અને **धूमाभाववान् ह्रदः** સ્વરૂપાસિદ્ધિ હોવા છતાં તેનું જ્ઞાન ન થયું. તો અહીં **ह्रदो वह्निमान्** એવી અનુમિતિનો જે પ્રતિબંધ થયો એ બાધ-જ્ઞાનથી જ થયો અને ધૂમ હેતુ દુષ્ટ બન્યો તે પણ બાધ-દોષથી જ દુષ્ટ બન્યો એમ માનવું જ પડશે, કેમકે બે ય સ્થળે વ્યભિચાર અથવા સ્વરૂપાસિદ્ધિ દોષ હોવા છતાં તેનું જ્ઞાન ન હોવાથી અને બાધનું જ જ્ઞાન હોવાથી તે બાધ-દોષને લીધે જ અનુમિતિ-પ્રતિબંધ થયો એમ માનવું જ પડે. આમ બાધ દોષ માન્યા વિના છૂટકો નથી.

---

**मुक्तावली : एवं यत्रोत्पत्तिक्षणावच्छिन्ने घटादौ गन्धव्याप्यपृथिवीत्ववत्ताज्ञानं तत्र बाधस्यैव प्रतिबन्धकत्वं वाच्यम् । न च पक्षे घटे गन्धसत्त्वात् कथं बाध इति वाच्यम्, पक्षतावच्छेदकदेशकालावच्छेदेनानुमितेरनुभवसिद्धत्वादिति ।**

---

**મુક્તાવલી** : હવે એક બીજું એવું સ્થાન બતાવશું જયાં વ્યભિચારાદિ કોઈ દોષ નથી

અને (માત્ર) એક જ બાધ દોષ છે જેને લીધે જ અનુમિતિ-પ્રતિબંધ થાય છે.

**उत्पत्तिक्षणावच्छिन्नो घटो गन्धवान् पृथ्वीत्वात्** । અહીં જુઓ; જ્યાં જ્યાં પૃથ્વીત્વ છે ત્યાં ત્યાં ગંધ છે જ, માટે વ્યભિચાર દોષ નથી.

**પ્રશ્ન** : આદ્યક્ષણીય ઘટમાં પૃથ્વીત્વ છે અને ગંધ નથી માટે વ્યભિચાર દોષ તો છે જ ને ?

**ઉત્તર** : ના, એ જ ઘટમાં દ્વિતીયક્ષણાવચ્છેદેન ગંધ છે જ, માટે વ્યભિચાર ન કહેવાય. **साध्यवदन्यावृत्तित्वं व्याप्तिः** છે. સાધ્ય ગંધ છે, ગન્ધવદ્ દ્વિતીયક્ષણાદિનો ઘટ છે, ગન્ધવદન્ય જલાદિ છે, તેમાં પૃથ્વીત્વ અવૃત્તિ છે જ, માટે વ્યાપ્તિ આવી ગઈ.

**પ્રશ્ન** : પ્રથમક્ષણીય ઘટ એ તો ગન્ધવદન્ય છે, તેમાં પૃથ્વીત્વ વૃત્તિ છે માટે સાધ્યવદન્યવૃત્તિત્વ રૂપ વ્યભિચાર આવી જ ગયો ને ?

**ઉત્તર** : ના, જે એકવાર સાધ્યવદ્ છે (દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન) એ જ પાછો સાધ્યવદન્ય ન બની શકે. સાધ્યવદ્‌માં સાધ્યવદ્‌નો ભેદ ન રહી શકે, માટે વ્યભિચાર દોષ આવી શકતો નથી.

વળી અહીં સ્વરૂપાસિદ્ધિ પણ નથી, કેમકે પૃથ્વીત્વ હેતુ પક્ષ ઘટમાં રહે જ છે. હવે અહીં બાધ દોષ જરૂર છે, કેમકે ઉત્પત્તિક્ષણાવચ્છિન્ન ઘટમાં ગન્ધાભાવ છે જ.

**પ્રશ્ન** : પક્ષ ઘટમાં ગંધ તો છે પછી બાધ દોષ કેમ ?

**ઉત્તર** : અમે ઉત્પત્તિકાલાવચ્છેદેન ઘટને પક્ષ તરીકે લીધો છે. તેમાં તો ગંધ નથી જ. આ રીતે દેશ-કાલાવચ્છેદેન અનુમિતિ થઈ શકે છે.

એટલે અહીં વ્યભિચાર કે સ્વરૂપાસિદ્ધિ દોષ છે જ નહિ, માત્ર બાધ છે. આ સ્થાને અનુમિતિ-પ્રતિબન્ધ કરનાર માત્ર બાધ-જ્ઞાન છે અને હેતુને દુષ્ટ કરનાર પણ માત્ર બાધ દોષ છે. એટલે બાધ દોષને અનુમિતિ-પ્રતિબંધક તરીકે માનીને સ્વતન્ત્ર હેત્વાભાસ માનવો જ જોઈએ.

---

**मुक्तावली : बाधतद्व्याप्यभिन्ना ये हेत्वाभासास्तद्व्याप्या अपि तन्मध्य एवान्तर्भवन्ति । अन्यथा हेत्वाभासाधिक्यप्रसङ्गात् । बाधव्याप्यसत्प्रतिपक्षो भिन्न एव, स्वतन्त्रेच्छेन मुनिना पृथगुपदेशात् । सत्प्रतिपक्षव्याप्यस्तु न प्रतिबन्धक इति प्रघट्टकार्थः ॥**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : સારું, તો જેમ પાંચમો બાધ હેત્વાભાસ છે તેમ અસાધારણ, અનુપસંહારી, સાધ્યાપ્રસિદ્ધિ, સાધનાપ્રસિદ્ધિ વિગેરેને પણ સ્વતન્ત્ર હેત્વાભાસો માનો ને ? પાંચ જ હેત્વાભાસ કેમ માનો છો ?

**ઉત્તર** : બાધ અને સત્પ્રતિપક્ષ(બાધવ્યાપ્ય)થી ભિન્ન જે વ્યભિચાર, વિરૂદ્ધ અને અસિદ્ધિ નામના ત્રણ હેત્વાભાસ છે તેમના વ્યાપ્ય એવા હેત્વાભાસોનો તેમનામાં જ સમાવેશ કરી લેવો.

વ્યભિચારના વ્યાપ્ય (અવાન્તર) સાધારણ, અસાધારણ અને અનુપસંહારી છે માટે તે ત્રણેયનો વ્યભિચારરૂપ એક જ હેત્વાભાસમાં સમાવેશ કરવો. અસિદ્ધિના વ્યાપ્ય સ્વરૂપાસિદ્ધિ, આશ્રયાસિદ્ધિ, વ્યાપ્યત્વાસિદ્ધિ વિગેરે છે. તેમનો અસિદ્ધિમાં જ સમાવેશ કરવો.

**પ્રશ્ન** : તો પછી બાધ દોષ પણ સર્વદા સત્પ્રતિપક્ષ સ્થળે સંભવે જ છે.

**हृदो वह्निमान् धूमात् । हृदो वह्न्यभाववान् जलात् ।** અહીં સત્પ્રતિપક્ષ છે તેમ બાધ પણ છે જ. આમ જ્યાં જ્યાં સત્પ્રતિપક્ષ છે ત્યાં ત્યાં બાધ છે માટે સત્પ્રતિપક્ષ દોષ બાધનો વ્યાપ્ય બન્યો. માટે સત્પ્રતિપક્ષનો બાધમાં જ અન્તર્ભાવ કેમ ન કરી લેવો ? તેમ થતાં ચાર જ હેત્વાભાસ રહેશે.

**ઉત્તર** : તમારી વાત બરોબર છે. છતાં બાધના વ્યાપ્ય સત્પ્રતિપક્ષને મુનિઓએ ભિન્ન ગણ્યો છે માટે તેમની સામે કોઈ દલીલ કરી શકાય નહિ.

**પ્રશ્ન** : સત્પ્રતિપક્ષનો સત્પ્રતિપક્ષના વ્યાપ્યમાં સમાવેશ ન થઈ શકે ? જુઓ;

**हृदो वह्निमान् जलात् ।**

**हृदो वह्न्यभाववान् हृदत्वात् ।**

અહીં વહ્ન્યભાવનો વ્યાપ્ય જલ હેતુ છે (**साध्याभावव्याप्यो हेतुः विरुद्धः**) એટલે અહીં વિરોધ હેત્વાભાસ છે. હવે અહીં સામો સત્પ્રતિપક્ષ ઊભો થયો છે એટલે હવે પ્રશ્ન થાય છે કે વહ્નિ હ્રદમાં છે કે નહિ ? જો વહ્નિ = સાધ્ય હ્રદમાં હોય તો હેતુ જલ હ્રદમાં ન જ હોય, કેમકે જલ હેતુ વિરોધ દોષવાળો હોવાથી સાધ્યની સાથે વ્યાપ્ય નથી કિન્તુ સાધ્યાભાવની સાથે વ્યાપ્ય છે. હવે જો જલ હેતુ હ્રદમાં ન હોય તો સ્વરૂપાસિદ્ધિ દોષ આવ્યો. અને જો વહ્નિ હ્રદમાં ન હોય તો જલ તો હ્રદમાં છે અને વહ્નિ નથી માટે જલમાં વહ્નિનો વ્યભિચાર આવ્યો. આમ સ્વરૂપાસિદ્ધિ કે વ્યભિચાર બે દોષો ઉપસ્થિત થયા. તો અહીં આ બે દોષોથી જ હેતુને દુષ્ટ માની લેવાય અને અનુમિતિનો પ્રતિબંધ ગણી

લેવાય તો શું વાંધો છે ? શા માટે સત્પ્રતિપક્ષને અહીં દોષ તરીકે ગણીને તેનાથી હેતુ દુષ્ટ કરવો ? અને અનુમિતિનો પ્રતિબંધ કહેવો ? આમ અહીં સત્પ્રતિપક્ષના વ્યાપ્ય બનતાં સ્વરૂપાસિદ્ધિ કે વ્યભિચારમાં જ સત્પ્રતિપક્ષનો સમાવેશ ન કરી શકાય ?

**ઉત્તર :** ના, સત્પ્રતિપક્ષના વ્યાપ્ય દોષો અનુમિતિના પ્રતિબંધક બની શકે નહિ, કેમકે પહેલા સત્પ્રતિપક્ષ દોષનું જ્ઞાન થયું છે, ત્યાર પછી જ તે સત્પ્રતિપક્ષ દોષના જ્ઞાનને લીધે સ્વરૂપાસિદ્ધિ કે વ્યભિચાર દોષની કલ્પના થઈ છે. માટે પ્રથમોપસ્થિતિક સત્પ્રતિપક્ષ જ અનુમિતિ-પ્રતિબંધક બને, પશ્ચાદુપસ્થિત સ્વરૂપાસિદ્ધ્યાદિ નહિ. એટલે આવા સ્થળોમાં પણ સત્પ્રતિપક્ષને જ સ્વતન્ત્ર રીતે અનુમિતિ-પ્રતિબંધક માનવો જોઈએ.

---

**कारिकावली : यः सपक्षे विपक्षे च भवेत्साधारणस्तु सः ।**
**यस्तूभयस्माद् व्यावृत्तः स चासाधारणो मतः ॥७३॥**

---

**मुक्तावली : यः सपक्ष इति । सपक्षविपक्षवृत्तिः साधारण इत्यर्थः । सपक्षः निश्चितसाध्यवान् । विपक्षः साध्यवद्भिन्नः । विरुद्धवारणाय सपक्षवृत्तित्वमुक्तम् । वस्तुतो विपक्षवृत्तित्वमेव वाच्यम्, विरुद्धस्य साधारणत्वेऽपि दूषकताबीजस्य भिन्नतया तस्य पार्थक्यात् ।**

---

**મુક્તાવલી :** હવે કારિકાવલિના શ્લોકોમાં વિશ્વનાથ પંચાનન પ્રાચીનોને માન્ય સાધારણ વિગેરે દોષોના લક્ષણ જણાવે છે.

પૂર્વે લગભગ ઘણી ખરી વિચારણા થઈ ગઈ છે એટલે આપણે મુખ્ય બાબતને જ અહીં સ્પર્શીશું.

**સાધારણ : सपक्षविपक्षवृत्तिः साधारणः ।**

**निश्चितसाध्यवान् सपक्षः ।**

**साध्यवद्भिन्नः ( निश्चितसाध्याभाववान् ) विपक्षः ।**

જે સપક્ષ અને વિપક્ષ બેયમાં વૃત્તિ હોય તે હેતુ સાધારણ (વ્યભિચારી) કહેવાય.

**धूमवान् वह्नेः** સ્થળે સપક્ષ મહાનસ છે, વિપક્ષ અયોગોલક છે. બેયમાં વહ્નિ રહે છે માટે તે વ્યભિચારી કહેવાય. જો માત્ર વિપક્ષમાં જ વૃત્તિ હેતુને વ્યભિચારી કહેત તો વિરૂદ્ધ પણ વિપક્ષ-વૃત્તિ છે માટે તેમાં વ્યભિચારના આ લક્ષણની અતિવ્યાપ્તિ થઈ

જાત. (વિરૂદ્ધ હેતુ સાધ્યાભાવવત્‌માં વૃત્તિ હોય. સાધ્યાભાવવત્ = વિપક્ષ) હવે સપક્ષ-વૃત્તિ પણ કહ્યું એટલે તે અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે વિરૂદ્ધ હેતુ સપક્ષમાં પણ વૃત્તિ હોતો નથી.

**शब्दो नित्यः कार्यत्वात्** । અહીં કાર્યત્વ હેતુ વિરૂદ્ધ છે, કેમકે તે નિત્યત્વાભાવવત્ ઘટાદિમાં વૃત્તિ છે પરન્તુ નિત્યત્વવત્ (સપક્ષ) આકાશાદિમાં વૃત્તિ નથી.

વસ્તુતઃ **विपक्षवृत्तित्वं साधारणत्वं** એ જ કહેવું બરોબર છે. આમ કહેવા છતાં વિરૂદ્ધમાં સાધારણના આ લક્ષણની અતિવ્યાપ્તિ પણ નહિ આવે.

વિપક્ષ = સાધ્યવદ્‌ભિન્ન = સાધ્યાભાવવદ્. તેમાં વૃત્તિ હેતુ.

વિરૂદ્ધ હેતુ પણ સાધ્યાભાવવદ્વૃત્તિ છે છતાં વિરૂદ્ધ-જ્ઞાન એ સાધ્યસામાનાધિકરણ્ય-ગ્રહનું પ્રતિબંધક છે, જ્યારે વ્યભિચાર-જ્ઞાન એ અવ્યભિચાર-જ્ઞાનનું પ્રતિબંધક છે, કેમકે વિરૂદ્ધમાં સાધ્યાભાવ સાથે હેતુની વ્યાપ્તિ છે કે જે સાધ્ય સાથેની હેતુની વ્યાપ્તિને રોકે જ. અને વ્યભિચારમાં સાધ્યાભાવવદ્વૃત્તિતા છે જે સાધ્યાભાવવદવૃત્તિતારૂપ અવ્યભિચાર-જ્ઞાનને રોકે જ.

આમ બે ય જુદા જુદા ગ્રહનો પ્રતિબંધ કરે છે માટે બેયમાં વિપક્ષવૃત્તિત્વ હોવા છતાં બે ય દોષો જુદા જુદા રહીને પોતાનું અસ્તિત્વ ધરાવી શકે છે એટલે 'વિપક્ષવૃત્તિત્વ' એ જ સાધારણનું લક્ષણ કરવામાં વિરૂદ્ધમાં અતિવ્યાપ્તિ થવાનો કોઈ ભય રહેતો નથી.

---

**मुक्तावली : यस्तूभयस्मादिति । सपक्षविपक्षव्यावृत्त इत्यर्थः । सपक्षः साध्यवत्तया निश्चितः । विपक्षः साध्यशून्यतया निश्चितः । शब्दोऽनित्यः शब्दत्वादित्यादौ यदा शब्देऽनित्यत्वस्य सन्देहस्तदा सपक्षत्वं घटादीनामेव, तद्व्यावृत्तं च शब्दत्वमिति तदा तदसाधारणम् । यदा तु शब्देऽनित्यत्व-निश्चयस्तदा नासाधारणम् । इदं प्राचां मतम् । नवीनमतं तु पूर्वमुक्तम् ॥**

---

**મુક્તાવલી : અસાધારણ : सपक्षविपक्षावृत्तिः हेतुः असाधारणः ।**

સાધારણ એ સપક્ષવિપક્ષવૃત્તિ હેતુ કહ્યો, જ્યારે અસાધારણ એ સપક્ષવિપક્ષ-અવૃત્તિ હેતુ કહ્યો એ ખ્યાલમાં રાખવું.

**शब्दोऽनित्यः शब्दत्वात्** માં જ્યારે શબ્દમાં અનિત્યત્વનો સંદેહ હોય ત્યારે ઘટાદિ સપક્ષ બને. શબ્દત્વ તે ઘટાદિમાં નથી રહેતું. વિપક્ષ છે આકાશાદિ. શબ્દત્વ તે

આકાશાદિમાં પણ નથી રહેતું. તેથી શબ્દત્વ હેતુ અસાધારણ દોષથી દુષ્ટ બને. જ્યારે શબ્દમાં અનિત્યત્વનો નિશ્ચય થઈ જાય ત્યારે શબ્દત્વ અસાધારણ દોષથી દુષ્ટ ન બને, પણ સદ્ધેતુ બની જાય. આ પ્રાચીનોનો મત છે.

નવીનોએ તો **साध्यासमानाधिकरणो हेतुः** એવું અસાધારણનું લક્ષણ કર્યું છે જે આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

**पृथ्वी नित्या गन्धवत्त्वात् ।**

**सपक्षः नित्यत्ववान् आकाशादिः ।**

**विपक्षः नित्यत्वाभाववान् जलादिः ।**

સપક્ષ-વિપક્ષ બેયમાં હેતુ=ગંધ અવૃત્તિ છે માટે ગંધ હેતુ અસાધારણ-દોષદુષ્ટ કહેવાય.

---

**कारिकावली : तथैवानुपसंहारी केवलान्वयिपक्षकः ।**

**(पर्वतो वह्निमान् सत्त्वादिति तत्रादिमो भवेत् ॥**

**पृथ्वी नित्या गन्धवत्त्वादिति स्यादपरस्तथा ।**

**सर्वं तुच्छं प्रमेयत्वादिति तत्रान्तिमो भवेत् ॥)**

---

**मुक्तावली : तथैवेति । केवलान्वयिपक्षक इति । केवलान्वयिधर्मावच्छिन्नपक्षक इत्यर्थः । सर्वमभिधेयं प्रमेयत्वादित्यादौ सर्वस्यैव पक्षत्वात् सामानाधिकरण्यग्रहस्थलान्तराभावान्नानुमितिः ।**

---

**મુક્તાવલી : અનુપસંહારી :** પ્રાચીનોના મતે અનુપસંહારીનું આ લક્ષણ છે : **केवलान्वयिपक्षको हेतुः ।**

કેવલાન્વયિપક્ષક એટલે કેવલાન્વયિધર્માવચ્છિન્નપક્ષક એમ અર્થ કરવો. કેવલાન્વયિધર્માવચ્છિન્ન છે પક્ષ જેનો તે.

જે હેતુનો પક્ષ કેવલાન્વયી હોય તે હેતુ અનુપસંહારી કહેવાય.

**सर्वं अभिधेयं प्रमेयत्वात् ।**

સર્વત્વ ધર્મ સાતેય પદાર્થમાં મળે એટલે ક્યાંય સર્વત્વ ધર્મનો અભાવ ન મળે, માટે

આ પક્ષ કેવલાન્વયી કહેવાય. અહીં 'સર્વ' વસ્તુ પક્ષાન્તર્ગત છે એટલે પક્ષબહિર્ભૂત સપક્ષ-વિપક્ષ તો ન જ મળે અને તેથી સાધ્ય-હેતુની વ્યાપ્તિનો ગ્રહ કરવાનું કોઈ સ્થળ ન મળે. (જેમ મહાનસાદિમાં ધૂમ-વહ્નિની વ્યાપ્તિનો ગ્રહ થતો હતો તેમ અહીં ક્યાંય ન થાય, કેમકે બધું જ પક્ષસ્વરૂપ છે, એટલે કે બધે ય સાધ્યનો સંદેહ છે. સપક્ષ તો સાધ્યના નિશ્ચયવાળો હોય.) હવે આ રીતે ક્યાંય વ્યાપ્તિગ્રહ જ ન થાય એટલે વ્યાપ્તિગ્રહરૂપ કારણ વિના અનુમિતિ પણ ન જ થાય. માટે આમ અનુમિતિનો પ્રતિબંધ થવાથી કેવલાન્વયિપક્ષક આ હેતુ (અનુપસંહારી) હેત્વાભાસ બન્યો.

**मुक्तावली : इदं तु न सम्यक्, पक्षैकदेशे सहचारग्रहेऽपि क्षतेरभावात् ।**

**મુક્તાવલી** : પ્રાચીનોનું અનુપસંહારીનું આ લક્ષણ મૂકીને નવ્યો તેનું ખંડન કરતાં કહે છે કે આ લક્ષણ બરોબર નથી. તે આ રીતે :

ભલે સર્વમાં સાધ્યનો સંદેહ છે છતાં સર્વના જ એકદેશભૂત કોઈ એક ઘટમાં અભિધેયત્વ-પ્રમેયત્વ સાધ્ય-હેતુની વ્યાપ્તિનો નિશ્ચય જરૂર થઈ શકે છે. અને તેથી **घटोऽभिधेयः प्रमेयत्वात्** (તે ઘટ અભિધેય છે, પ્રમેય હોવાથી) એવી પક્ષૈકદેશ ઘટમાં અનુમિતિ પણ થઈ શકે છે. આમ આ પક્ષના એકદેશમાં અનુમિતિ થઈ એટલે અનુપસંહારી દોષ વ્યાપ્તિ-જ્ઞાનનો પ્રતિબંધ કરવા દ્વારા પરંપરયા આ અનુમિતિનો વિરોધી બની શક્યો નહિ માટે આ અનુપસંહારી દોષ હેત્વાભાસ બની શકે નહિ.

**मुक्तावली : अस्तु वा सहचाराग्रहः, तावताप्यज्ञानरूपासिद्धिरेव, न तु हेत्वाभासत्वं तस्य, तथापि केवलान्वयिसाध्यकत्वं तत्त्वमित्युक्तम् ।**

**મુક્તાવલી : પ્રાચીન** : નહિ, પક્ષૈકદેશમાં પણ આવી અનુમિતિ એ વખતે થઈ શકે જ નહિ, કેમકે જ્યારે સર્વમાં સાધ્યસંદેહ છે ત્યારે સર્વાન્તર્ગત ઘટમાં પણ સાધ્યસંદેહ જ છે, એટલે તે વખતે તે ઘટમાં વ્યાપ્તિ(સહચાર)નો નિશ્ચય થઈ શકતો જ નથી. અને જ્યારે સહચારગ્રહ ન થાય ત્યારે પક્ષૈકદેશમાં પણ અનુમિતિ ન જ થાય.

**નવ્યો** : ભલે ત્યારે, અમે કબૂલ કરીશું કે સર્વૈકદેશમાં પણ સહચારનો ગ્રહ ભલે ન થાય, પરન્તુ તો ય હેતુ એ હેત્વાભાસ તો નહિ જ બને, કેમકે ત્યાં તે વ્યક્તિને સહચાર(વ્યાપ્તિ)નો જે અગ્રહ (અજ્ઞાન) છે તેથી જ અનુમિતિનો પ્રતિબંધ થઈ જશે, અર્થાત્ વ્યાપ્તિનો અગ્રહ એ જ સ્વરૂપસત્ અનુમિતિ-પ્રતિબંધક બની જશે. આમ

સહચારાગ્રહ એટલે વ્યાપ્તિનું અજ્ઞાન એ પુરૂષનું દૂષણ બનશે અને તેથી અનુમિતિ અટકી જાય એમ જ કહેવું જોઈએ. પણ તે સ્વરૂપસત્ વ્યાપ્તિ-અગ્રહ હેતુને તો દુષ્ટ બનાવી શકે નહિ. જો વ્યાપ્તિના અગ્રહનું જ્ઞાન હોય અને તે વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ કરે તો તે અનુમિતિકરણનું પ્રતિબંધક બનતાં હેતુ દુષ્ટ બનત. પણ અહીં તો વ્યાપ્તિના અગ્રહનું જ્ઞાન નથી કિન્તુ વ્યાપ્તિનો અગ્રહ સ્વરૂપસત્ જ અનુમિતિને રોકી દે છે માટે આ રીતે તો હેતુ અનુપસંહારી બની શકે જ નહિ.

**પ્રાચીન** : તો પછી અનુપસંહારીનું લક્ષણ શું ?

**નવ્યો** : એ તો અમે પૂર્વે જ કહ્યું છે કે **अत्यन्ताभावाप्रतियोगिपक्षसाध्यहेतुको हेतुः अनुपसंहारी ।** અર્થાત્ **केवलान्वयिपक्षसाध्यहेतुको हेतुः अनुपसंहारी ।**

આ અનુપસંહારી દોષનું જ્ઞાન વ્યતિરેક-વ્યાપ્તિનો પ્રતિબંધ કરવા દ્વારા અનુમિતિનો પ્રતિબંધક બને છે માટે ત્યાંનો હેતુ હેત્વાભાસ બને.

---

**कारिकावली : यः साध्यवति नैवास्ति स विरुद्ध उदाहृतः ॥७४॥**

**( गोत्वादिसाध्ये हेतुर्हि यत्राश्वत्वादिको भवेत् ॥ )**

---

**मुक्तावली : यः साध्यवतीति । एवकारेण साध्यवत्त्वावच्छेदेन हेत्वभावो बोधितः । तथा च साध्यव्यापकीभूताभावप्रतियोगित्वं तदर्थः ॥**

---

**મુક્તાવલી : विरुद्ध : साध्यव्यापकीभूताभावप्रतियोगी हेतुः ।** અથવા **साध्याभावसाधको हेतुः ।**

**अयं पिण्डः गोत्ववान् अश्वत्वात् ।** અહીં અશ્વત્વ હેતુ એ ગોત્વ સાધ્યનો સાધક નથી કિન્તુ ગોત્વાભાવસ્વરૂપ સાધ્યાભાવનો સાધક છે માટે આ અશ્વત્વ હેતુ વિરૂદ્ધ કહેવાય.

'સાધ્યવત્માં જે હેતુ ન હોય તે હેતુ વિરૂદ્ધ કહેવાય' એમ કહીએ તો આ વિરૂદ્ધના લક્ષણની અસાધારણમાં અતિવ્યાપ્તિ થઈ જાય છે, કેમકે અસાધારણ હેતુ સપક્ષ(વિપક્ષ) વ્યાવૃત્ત હોય છે એટલે સાધ્યવત્ સપક્ષમાં તે નથી જ રહેતો.

એટલે આ અતિવ્યાપ્તિ દૂર કરવા સાધ્યવત્ત્વાવચ્છેદેન સાધ્યવત્માં જે હેતુ ન રહેતો હોય તેને વિરૂદ્ધ કહ્યો, અર્થાત્ સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગી હેતુને વિરૂદ્ધ કહ્યો. હવે અસાધારણમાં લક્ષણની અતિવ્યાપ્તિ નહિ થાય, કેમકે વિરૂદ્ધ હેતુ બધા સાધ્યવત્માં જ

નથી રહેતો, અર્થાત્ માત્ર સાધ્યાભાવવત્(વિપક્ષ)માં રહે છે, જ્યારે અસાધારણ બધા સાધ્યવત્માં જ નથી રહેતો એમ નથી, કેમકે એ તો સાધ્યાભાવવત્ = વિપક્ષમાં પણ ન રહે. ટૂંકમાં વિરૂદ્ધ એ માત્ર સપક્ષમાં જ નથી રહેતો, વિપક્ષમાં તો રહે છે, જ્યારે અસાધારણ તો સપક્ષમાં અને વિપક્ષમાં પણ નથી રહેતો, એટલે જે સપક્ષમાં જ ન રહે તે વિરુદ્ધ એવું લક્ષણ કરવાથી વિપક્ષમાં પણ ન રહેનાર અસાધારણમાં અતિવ્યાપ્તિ નહીં થાય.

---

**कारिकावली : आश्रयासिद्धिराद्या स्यात्स्वरूपासिद्धिरप्यथ ।**
**व्याप्यत्वासिद्धिरपरा स्यादसिद्धिरतस्त्रिधा ॥७५॥**
**पक्षासिद्धिर्यत्र पक्षो भवेन्मणिमयो गिरिः ।**
**ह्रदो द्रव्यं धूमवत्त्वादत्रासिद्धिरथापरा ॥७६॥**
**व्याप्यत्वासिद्धिरपरा नीलधूमादिके भवेत् ।**

---

**मुक्तावली : असिद्धिं विभजते-आश्रयासिद्धिरित्यादि । पक्षासिद्धिरिति । आश्रयासिद्धिरित्यर्थः । अपरेति । स्वरूपासिद्धिरित्यर्थः । नीलधूमादिक इति । नीलधूमत्वादिकं गुरुतया न हेतुतावच्छेदकं स्वसमानाधिकरणव्याप्यतावच्छेदकधर्मान्तराघटितस्यैव व्याप्यतावच्छेदकत्वात् । धूमप्रागभावत्वसङ्ग्रहाय स्वसमानाधिकरणेति ।**

---

**મુક્તાવલી :** કારિકાવલીમાં અસિદ્ધિના ત્રણ ભેદ બતાવ્યા છે અને તેના લક્ષણો તથા દૃષ્ટાન્તો આપ્યા છે. તે બધું પ્રાયઃ નવ્યોની સમાન છે. ફરક માત્ર વ્યાપ્યત્વાસિદ્ધિમાં પડે છે.

૧. **मणिमयो गिरिः वह्निमान् धूमात्** = પક્ષાસિદ્ધિ (આશ્રયાસિદ્ધિ).

૨. **ह्रदो द्रव्यं धूमात्** = સ્વરૂપાસિદ્ધિ.

૩. **पर्वतो वह्निमान् नीलधूमात्** = વ્યાપ્યત્વાસિદ્ધિ.

વ્યાપ્યત્વાસિદ્ધિનું નવ્યોનું લક્ષણ **सोपाधिको हेतुः** હતું. એથી અહીં **पर्वतो धूमवान् वह्नेः** દૃષ્ટાન્ત હતું. જ્યારે પ્રાચીનો કહે છે કે જો હેતુમાં ગુરૂભૂત ધર્મ હોય તો તે હેતુતા = વ્યાપ્યતાનો અવચ્છેદક બની શકે નહિ. **पर्वतो वह्निमान् नीलधूमात्** સ્થાને ધૂમત્વની

અપેક્ષાએ નીલધૂમત્વ એ ગુરૂભૂત ધર્મ હોવાથી હેતુનિષ્ઠ હેતુતા = વ્યાપ્યતાનો અવચ્છેદક બની શકે નહિ.

પ્રાચીનો કહે છે કે વ્યાપ્યતાનો અવચ્છેદક તે જ ધર્મ બની શકે જે સ્વસમાનાધિકરણ-વ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તરથી અઘટિત હોય.

નીલધૂમત્વ એ વ્યાપ્યતાનો અવચ્છેદક ન બની શકે, કેમકે સ્વ= નીલધૂમત્વ, એનો સમાનાધિકરણ જે વ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તર ધૂમત્વ, એનાથી આ નીલધૂમત્વ તો ઘટિત જ છે. આમ સ્વસમાનાધિકરણવ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તર ધૂમત્વથી સ્વ=નીલધૂમત્વ ધર્મ અઘટિત નથી માટે તે નીલધૂમત્વ વ્યાપ્યતાવચ્છેદક બની શકે નહિ.

અહીં જો 'સ્વસમાનાધિકરણ' પદનો નિવેશ ન કરત તો **पर्वतो वह्निमान् धूमप्रागभावात्** સ્થળે ધૂમપ્રાગભાવત્વ એ વ્યાપ્યતાવચ્છેદક નહિ બનવાની આપત્તિ આવે, કેમકે ધૂમપ્રાગભાવત્વ એ વ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તર જે ધૂમત્વ, એનાથી ઘટિત જ છે.

હવે સ્વસમાનાધિકરણ એવો વ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તર લેવાનો કહ્યો અને તેનાથી અઘટિત જોવાનું કહ્યું એટલે વાંધો નહિ આવે, કેમકે ધૂમત્વ એ ધૂમપ્રાગભાવત્વ(સ્વ)નો સમાનાધિકરણ એવો વ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તર તો નથી જ, કેમકે ધૂમપ્રાગભાવમાં ધૂમપ્રાગભાવત્વ રહે પણ ધૂમપ્રાગભાવમાં ધૂમત્વ ન જ રહે. એટલે હવે સ્વસમાનાધિકરણ-વ્યાપ્યતાવચ્છેદક ધર્માન્તરથી અઘટિત ધૂમપ્રાગભાવત્વ બની જવાથી તે વ્યાપ્યતાવચ્છેદક બની જશે.

---

**कारिकावली : विरुद्धयोः परामर्शे हेत्वोः सत्प्रतिपक्षता ॥७७॥**

**( श्रावणत्वादितो नित्योऽनित्यस्तु कार्यतादितः ॥ )**

---

**मुक्तावली : विरुद्धयोरिति । कपिसंयोगतदभावव्याप्यवत्तापरामर्शेऽपि न सत्प्रतिपक्षितत्वमत उक्तं विरुद्धयोरिति । तथा च स्वसाध्यविरुद्धसाध्याभावव्याप्यवत्तापरामर्शकालीनसाध्यव्याप्यवत्तापरामर्शविषय इत्यर्थः ॥**

---

**મુક્તાવલી : સત્પ્રતિપક્ષ :** વિરૂદ્ધ એવા બે સાધ્યના સાધક જે બે હેતુ, એમનો જે પરામર્શ, એમાં સન્= વિદ્યમાન છે **પ્રતિપક્ષરૂપ** સાધ્યાભાવનો સાધક અપર હેતુ જે હેતુનો, તે પ્રથમ હેતુ સત્પ્રતિપક્ષ કહેવાય. એ જ રીતે પ્રથમ હેતુની અપેક્ષાએ બીજો હેતુ સત્પ્રતિપક્ષ કહેવાય.

**ह्रदो वह्निमान् धूमात् ।**

**ह्रदो वह्न्यभाववान् जलात् ।**

આ બે અનુમિતિના બે પરામર્શ છે :

**वह्निव्याप्यधूमवान् ह्रदः ।**

**वह्न्यभावव्याप्यजलवान् ह्रदः ।**

અહીં વહ્નિ અને વહ્ન્યભાવ એ બે વિરૂદ્ધ સાધ્યો છે. એમના સાધક ધૂમ અને જલ બે હેતુઓ છે. એમાં ધૂમ હેતુ એવો છે કે જેનો પ્રતિપક્ષી = પોતાના સાધ્યના અભાવનો સાધક જલ હેતુ વિદ્યમાન છે, અને જલ હેતુ એવો છે કે જેનો પ્રતિપક્ષી = પોતાના સાધ્યના અભાવનો સાધક ધૂમ હેતુ વિદ્યમાન છે. માટે વિદ્યમાન છે પ્રતિપક્ષી જેમને તેવા તે બે ય હેતુને સત્પ્રતિપક્ષ કહેવાય.

આમ આવા બે સત્પ્રતિપક્ષ ઊભા થતાં બે ય પરામર્શથી થનારી અનુમિતિઓનો પ્રતિબંધ થઈ જાય.

'વિરૂદ્ધ એવા પરામર્શ લેવાના' એમ અમે કહ્યું છે એટલે **कपिसंयोगव्याप्य-वृक्षत्ववान् वृक्षः** અને **कपिसंयोगाभावव्याप्यवृक्षत्ववान् वृक्षः** એવા બે પરામર્શ ઊભા થવા છતાં અહીં સત્પ્રતિપક્ષ દોષ નહિ આવે, કેમકે આ બે પરામર્શ વિરૂદ્ધ નથી. શાખાવચ્છેદેન અને મૂલાવચ્છેદેન કપિસંયોગ અને તદભાવ બે ય રહી શકે છે. એટલે આ બે પરામર્શથી થનારી બે ય અનુમિતિ **शाखावच्छिन्नो वृक्षः कपिसंयोगवान्** અને **मूलावच्छिन्नो वृक्षः कपिसंयोगाभाववान्** થઈ શકે.

એટલે હવે નિષ્કર્ષ એ આવ્યો કે **स्वसाध्यविरुद्धसाध्याभावव्याप्यवत्तापरामर्श-कालीनसाध्यव्याप्यवत्तापरामर्शविषयो हेतुः सत्प्रतिपक्षः ।**

**ह्रदो वह्निमान् धूमात् ।**

**ह्रदो वह्न्यभाववान् जलात् ।**

આ બે અનુમિતિઓમાં ધૂમ અને જલ હેતુ સત્પ્રતિપક્ષ છે, માટે સ્વ= ધૂમ-જલ, તેમનું સાધ્ય અનુક્રમે વહ્નિ અને વહ્ન્યભાવ, એનો વિરૂદ્ધ જે સાધ્યાભાવ = વહ્ન્યભાવ, વહ્ન્યભાવાભાવ (વહ્નિ), એનો જે પરામર્શ = વહ્ન્યભાવવ્યાપ્યજલવત્તાનો અને વહ્ન્યભાવાભાવવ્યાપ્યધૂમવત્તાનો. એ પરામર્શકાલીન જે વહ્નિવ્યાપ્યવત્તાનો અને વહ્ન્યભાવવ્યાપ્યવત્તાનો પરામર્શ, તેનો વિષય ધૂમ-જલ, તે સત્પ્રતિપક્ષ બન્યા.

कारिकावली : साध्यशून्यो यत्र पक्षस्त्वसौ बाध उदाहृतः ।
उत्पत्तिकालीनघटे गन्धादिर्यत्र साध्यते ॥७८॥

मुक्तावली : साध्यशून्य इति । पक्षः पक्षतावच्छेदकविशिष्ट इत्यर्थः । तेन घटे गन्धसत्त्वेऽपि न क्षतिः । एवं मूलावच्छिन्नो वृक्षः कपिसंयोगीत्यत्रापि बोध्यम् ॥

इति श्रीविश्वनाथपञ्चाननभट्टाचार्यविरचितायां सिद्धान्तमुक्तावल्यामनुमानखण्डम् ।

મુક્તાવલી : બાધ : साध्याभाववान् पक्षः ।

उत्पत्तिकालीनो घटः गन्धवान् पृथ्वीत्वात् ।

અહીં પક્ષતાવચ્છેદક ઉત્પત્તિકાલીનત્વ, તદ્વિશિષ્ટ પક્ષ = ઉત્પત્તિકાલીન ઘટ. તેમાં ગંધ નથી માટે અહીં બાધ દોષ છે. જો પક્ષતાવચ્છેદક વિશિષ્ટને પક્ષ તરીકે ન લઈએ અને સામાન્યતઃ ઘટને જ પક્ષ તરીકે લઈએ તો બાધ દોષ ન આવે, કેમકે દ્વિતીયાદિ ક્ષણોમાં તો ઘટમાં ગંધ છે જ. આ તો કાળને પક્ષતાવચ્છેદક બનાવ્યો માટે બાધ દોષ આવ્યો. આ જ રીતે દેશને પણ પક્ષતાવચ્છેદક બનાવી શકાય.

मूलावच्छिन्नो वृक्षः कपिसंयोगी एतद्वृक्षत्वात् ।

અહીં પણ બાધ દોષ છે, કેમકે મૂલાવચ્છેદેન વૃક્ષમાં કપિસંયોગનો અભાવ છે.

અહીં પ્રાચીનોના મતે હેત્વાભાસના લક્ષણો પૂર્ણ થયા.

## નવ્યોના મતે


| દોષ | લક્ષણ | દૃષ્ટાન્ત | પ્રતિબધ્ય બનનાર |
|---|---|---|---|
| ૧. અનેકાન્ત | साधारणाद्यन्यतमत्वम् | | |
| (i) સાધારણ | साध्यवदन्यवृत्तिः हेतुः | पर्वतो धूमवान् वह्नेः | સાધ્યવદન્ય-અવૃત્તિત્વરૂપ વ્યાપ્તિજ્ઞાન |
| (ii) અસાધારણ | साध्यासमानाधिकरणो हेतुः | शब्दः नित्यः शब्दत्वात् | સાધ્યસામાના-ધિકરણ્યરૂપ વ્યા.જ્ઞાન |
| (iii) અનુપસંહારી | अत्यन्ताभावाप्रतियोगिपक्ष-साध्यहेतुको हेतुः | सर्वं अभिधेयं प्रमेयत्वात् | વ્યતિરેક-વ્યાપ્તિજ્ઞાન |
| ૨. વિરોધ (અહીં બે પ્રકારે લક્ષણ બતાવ્યા છે.) | (१)साध्यव्यापकीभूताभाव-प्रतियोगी हेतुः | शब्दः नित्यः कार्यत्वात् | અનુમિતિ |
| | (२) साध्याभावसाधको हेतुः | शब्दः नित्यः कार्यत्वात् | અનુમિતિ |
| ૩. અસિદ્ધિ | आश्रयासिद्ध्याद्यन्यतमत्वम् | | |
| (i) આશ્રયાસિદ્ધિ | पक्षतावच्छेदकाभाववान् पक्षः | काञ्चनमयः पर्वतो वह्निमान् धूमात् | પરામર્શ |
| (ii) સ્વરૂપાસિદ્ધિ | हेत्वभाववान् पक्षः | पर्वतो वह्निमान् जलात् | પરામર્શ |
| (iii) વ્યાપ્યત્વાસિદ્ધિ | सोपाधिको हेतुः | पर्वतो धूमवान् वह्नेः | પરામર્શ |
| (અ) સાધ્યાપ્રસિદ્ધિ | साध्यतावच्छेदकाभाववत् साध्यम् | पर्वतः काञ्चनमयवह्निमान् धूमात् | પરામર્શ |
| (બ) સાધનાપ્રસિદ્ધિ | हेतुतावच्छेदकाभाववान् हेतुः | पर्वतो वह्निमान् काञ्चनमय-धूमात् | વ્યાપ્તિજ્ઞાન |
| ૪. સત્પ્રતિપક્ષ | साध्याभावव्याप्यवान् पक्षः | ह्रदो वह्निमान् धूमात्<br>ह्रदो वह्न्यभाववान् जलात् | અનુમિતિ |
| ૫. બાધ | साध्याभाववान् पक्षः | ह्रदो वह्निमान् धूमात् | અનુમિતિ |

## પ્રાચીનોના મતે

| દોષ | લક્ષણ | દૃષ્ટાન્ત | પ્રતિબધ્ય બનનાર |
|---|---|---|---|
| ૧. **અનેકાન્ત** | साधारणाद्यन्यतमत्वम् | | |
| (i) સાધારણ | सपक्षविपक्षवृत्तिः हेतुः | धूमवान् वह्नेः | વ્યાપ્તિજ્ઞાન |
| (ii) અસાધારણ | १. सपक्षावृत्तिः हेतुः | १. शब्दः अनित्यः शब्दत्वात् (અનિત્ય-અસાધારણ) | વ્યાપ્તિજ્ઞાન |
| | २. सपक्षविपक्षव्यावृत्तो (अवृत्तिः) हेतुः | २. पृथ्वी नित्या गन्धवत्त्वात् (નિત્ય-અસાધારણ) | વ્યાપ્તિજ્ઞાન |
| (iii) અનુપસંહારી | केवलान्वयिपक्षको हेतुः | सर्वं अभिधेयं प्रमेयत्वात् | સપક્ષ-વિપક્ષની અપ્રસિદ્ધિ થતાં હેતુમાં સાધ્યસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિગ્રહ |
| ૨. **વિરોધ** | साध्यव्यापकीभूताभाव-प्रतियोगित्वम् | अयं गोत्ववान् अश्वत्वात् | અનુમિતિ |
| ૩. **અસિદ્ધિ** | आश्रयासिद्ध्याद्यन्यतमत्वम् | | |
| (i) આશ્રયાસિદ્ધિ | पक्षतावच्छेदकाभाववान् पक्षः | काञ्चनमयपर्वतो वह्निमान् धूमात् | પરામર્શ |
| (ii) સ્વરૂપાસિદ્ધિ | हेत्वभाववान् पक्षः | ह्रदो वह्निमान् धूमात् | પરામર્શ |
| (iii) વ્યાપ્યત્વાસિદ્ધિ | हेतुतानवच्छेदको धर्मः | पर्वतो वह्निमान् नीलधूमात् | પરામર્શ |
| (અ) સાધ્યાપ્રસિદ્ધિ | નવ્યો પ્રમાણે | નવ્યો પ્રમાણે | નવ્યો પ્રમાણે |
| (બ) સાધનાપ્રસિદ્ધિ | નવ્યો પ્રમાણે | નવ્યો પ્રમાણે | નવ્યો પ્રમાણે |

**વિશેષ :** પ્રાચીનો વહ્નિમાન્ નીલધૂમાત્ સ્થળે સાધનાસિદ્ધિ સાથે વ્યાપ્યત્વાસિદ્ધિ પણ કહે છે.

| | | | |
|---|---|---|---|
| ૪. સત્પ્રતિપક્ષ | अगृहीताप्रामाण्यकसाध्यव्याप्यवत्त्वोपस्थितिकालीनागृहीताप्रामाण्यकसाध्याभावव्याप्यवत्त्वोपस्थितिविषयो हेतुः | हृदो वह्निमान् धूमात् हृदो वह्न्यभाववान् जलात् | અનુમિતિ |
| ૫. બાધ | साध्याभाववान् पक्षः | उत्पत्तिकालीनो घटः गन्धवान् पृथ्वीत्वात् | અનુમિતિ |




## અનુમાન ખંડ સમાપ્ત

## હેત્વાભાસમાં વ્યાપ્યત્વાસિદ્ધિ અંગે વિશેષ સ્પષ્ટીકરણ

ન્યાયગ્રન્થોનું અન્વેષણ કરતાં વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ ત્રણ રીતે મળે છે : નવ્યોના મતે **सोपाधिको हेतुः** વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય છે. પ્રાચીનોના મતે **हेतुतानवच्छेदको धर्मः** વ્યાપ્યત્વાસિદ્ધિ કહેવાય છે. અને ત્રીજો એક મત છે જે વ્યાપ્તિગ્રાહકપ્રમાણાભાવપ્રયુક્ત વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ કહે છે. હવે આપણે ક્રમશઃ ત્રણેયનો વિચાર કરીશું.

**(૧) सोपाधिको हेतुः व्याप्यत्वासिद्धः ।**

**पर्वतो धूमवान् वह्नेः । स श्यामः मैत्रातनयत्वात् ।** ઇત્યાદિ આ સ્થળના ઉદાહરણો છે.

જ્યાં વહ્નિ છે ત્યાં ધૂમ છે એવી વ્યાપ્તિ નથી, કેમકે અયોગોલકમાં વ્યભિચાર આવે છે. એ જ રીતે જ્યાં મૈત્રા(કાગડી વિશેષ)તનયત્વ છે ત્યાં બધે શ્યામત્વ છે એવું નહિ, કેમકે તેના શ્વેતતનયમાં વ્યભિચાર આવે છે. એટલે વહ્નિ અને મૈત્રાતનયત્વમાં ધૂમ અને શ્યામત્વ સાધ્યની વ્યાપ્યતા (વ્યાપ્તિ) અસિદ્ધ છે.

હવે **पर्वतो धूमवान् वह्नेः** માં આર્દ્રેન્ધનસંયોગ એ ઉપાધિ છે અને તેને લીધે હેતુ વહ્નિમાં ધૂમની વ્યાપ્તિ આવી જાય છે, માટે એમ કહેવાય કે હેતુ વહ્નિમાં ધૂમની જે વ્યાપ્તિ છે તે સ્વાભાવિક નથી કિન્તુ ઔપાધિક છે : ઉપાધિને લીધે છે અને તેથી હેતુ સોપાધિક છે.

હવે આ વાત વિસ્તારથી વિચારીએ.

ધૂમ એ સાધ્ય છે. એનો પ્રયોજક વહ્નિ નથી કિન્તુ આર્દ્રેન્ધનસંયોગ છે, કેમકે વહ્નિ તો અયોગોલકમાં છે છતાં ત્યાં ધૂમ નથી, માટે ધૂમની પ્રયોજકતા હેતુભૂત વહ્નિમાં નથી એમ કહેવાય. પણ જ્યાં આર્દ્રેન્ધનસંયોગ છે ત્યાં ધૂમ જરૂર છે માટે ધૂમ સાધ્યનો પ્રયોજક આર્દ્રેન્ધનસંયોગ જ છે. આમ સાધ્યની પ્રયોજકતા ઉપાધિમાં રહી, હેતુમાં નહિ. ધૂમ સાધ્યનો આ પ્રયોજક આર્દ્રેન્ધનસંયોગ એ હેતુ = વહ્નિની સમીપ રહીને હેતુ = વહ્નિમાં પણ ધૂમ સાધ્યની પ્રયોજકતા લાવી દે છે, અર્થાત્ ભલે હેતુ વહ્નિમાં સાધ્ય ધૂમની પ્રયોજકતા નથી પરન્તુ આર્દ્રેન્ધનસંયોગવિશિષ્ટ વહ્નિરૂપ હેતુમાં ધૂમ સાધ્યની પ્રયોજકતા જરૂર છે, કેમકે જ્યાં આર્દ્રેન્ધનસંયોગવિશિષ્ટ વહ્નિ છે ત્યાં ધૂમ અવશ્ય છે. આથી જ **उप = सामीप्येन स्वप्रयोजकताया आधानं हेतौ यया क्रियते सा उपाधिः** એમ કહેવાય છે. હેતુની નજદીકમાં રહી જઈને હેતુમાં સાધ્યની વ્યાપ્તિને જે લાવી દે તે ઉપાધિ.

આ ઉપરથી જોઈ શકાય છે કે હેતુમાં ઉપાધિને કારણે વ્યાપ્યતા આવી, અર્થાત્

વસ્તુતઃ હેતુમાં સ્વરૂપતઃ તો વ્યાપ્યતા અસિદ્ધ છે એ જ વાત નક્કી થઈ. એટલે જે હેતુ સોપાધિક હોય ત્યાં વ્યાપ્યતા અસિદ્ધ હોય એ વાત સ્થિર થઈ જાય છે. માટે જ **सोपाधिको हेतुः व्याप्यत्वासिद्धः** કહ્યું.

**स श्यामो मैत्रातनयत्वात्** સ્થળે પણ આ જ હકીકત છે. અહીં શાકપાકજન્યત્વ એ ઉપાધિ છે. કાગડીના જે એક બચ્ચામાં શ્યામત્વ (સાધ્ય) છે તેનું પ્રયોજક મૈત્રાતનયત્વ નથી, અર્થાત્ એ મૈત્રાનું તનય છે માટે તે શ્યામ છે એમ નથી, કેમકે બીજું મૈત્રાતનય શ્વેત પણ છે. એટલે શ્યામત્વનું પ્રયોજક મૈત્રાતનયત્વ નથી એ વાત નક્કી થઈ.

તો શ્યામત્વનું પ્રયોજક કોણ ? એ પ્રશ્નના ઉત્તરમાં સમજવું કે શાકપાકજન્યત્વ એ શ્યામત્વનું પ્રયોજક છે. જે કાળે જે બચ્ચું મૈત્રાના ઉદરમાં હોય તે વખતે જો મૈત્રા ખૂબ શાક ખાય તો તેનાથી ઉદરસ્થ બચ્ચું શ્યામ વર્ણવાળું થાય અને જે બચ્ચું ઉદરમાં હોય ત્યારે જો મૈત્રા ખૂબ શાક ન ખાય તો તે બચ્ચું શ્યામ વર્ણવાળું ન થાય. એ ઉપરથી નક્કી થાય છે કે શ્યામત્વનું પ્રયોજક શાકપાકજન્યત્વ છે, નહિ કે મૈત્રાતનયત્વ. આમ સાધ્ય શ્યામત્વનો પ્રયોજક હેતુ = મૈત્રાતનયત્વ ન બનતાં ઉપાધિ શાકપાકજન્યત્વ બન્યો. આ ઉપાધિ હેતુની સાથે રહીને હેતુમાં સાધ્યની વ્યાપ્તિનું (પ્રયોજકતાનું) આધાન કરે છે. જ્યાં જ્યાં શાકપાકજન્ય મૈત્રાતનયત્વ છે ત્યાં ત્યાં જરૂર શ્યામત્વ છે જ.

આમ હેતુમાં ઉપાધિને લીધે સાધ્યની વ્યાપ્તિ આવી પણ સ્વરૂપતઃ તો વ્યાપ્યતા નથી માટે હેતુ એ વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય.

ઉપાધિ સહિત હેતુ એ દોષ છે માટે તાદાત્મ્યસંબંધથી એ હેતુ દુષ્ટ પણ બની જાય.

આ ઉપાધિ સ્વાભાવવદ્વૃત્તિત્વસંબંધથી હેતુમાં રહે છે માટે હેતુ એ સોપાધિક બને છે. સ્વ =આર્દ્રેન્ધનસંયોગ, સ્વાભાવવદ્ = અયોગોલક, તન્નિરૂપિતવૃત્તિતા વહ્નિ હેતુમાં છે માટે તાદૃશવૃત્તિત્વસંબંધથી સ્વ = ઉપાધિ હેતુમાં ગઈ.

**પ્રશ્ન : धूमवान् वह्नेः** સ્થળે વહ્નિ હેતુને વ્યાપ્યત્વાસિદ્ધ કેમ કહો છો ? વ્યભિચારી જ કહો ને ? આ બેમાં ભેદ શું છે ? બે ય વ્યાપ્તિજ્ઞાનના જ પ્રતિબંધક છે ને ? ઉપાધિ એ સાધ્યાભાવવદ્(અયોગોલક)માં હેતુની અવૃત્તિતાનો અભાવ જણાવે છે એનો અર્થ એ કે સાધ્યાભાવવદ્માં હેતુ વૃત્તિ છે એમ તે જણાવે છે. આમ સાધ્યાભાવવદ્-અવૃત્તિત્વાભાવ વ્યાપ્યત્વાસિદ્ધ દોષ અને સાધ્યાભાવવદ્વૃત્તિત્વ રૂપ વ્યભિચાર દોષ બે ય એક જ સ્વરૂપ છે તો બેયને જુદા કેમ માન્યા ?

**ઉત્તર :** બરોબર છે. બેય દોષ એક સ્વરૂપ હોવા છતાં બેયના દોષતાવચ્છેદક જુદા

છે. સાધ્યાભાવવદ્-અવૃત્તિત્વાભાવ એ વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ છે, તેનો દોષતાવચ્છેદક સાધ્યાભાવવદ્-અવૃત્તિત્વાભાવત્વ છે, જ્યારે સાધ્યાભાવવદ્વૃત્તિ એ વ્યભિચાર દોષ છે, એનો દોષતાવચ્છેદક સાધ્યાભાવવદ્વૃત્તિત્વ છે. આમ દોષ એક છતાં દોષતાવચ્છેદક-ભેદેન દોષ-ભેદ થઈ ગયો.

(૨) **हेतुतानवच्छेदको धर्मः व्याप्यत्वासिद्धिः ।**

**'सोपाधिको हेतुः व्याप्यत्वासिद्धः'** એ નવ્યોનું વ્યાપ્યત્વાસિદ્ધિનું લક્ષણ છે, જ્યારે પ્રાચીનો કહે છે કે **गुरुधर्मतया हेतुतानवच्छेदको धर्मः व्याप्यत्वासिद्धिः ।**

**पर्वतो वह्निमान् नीलधूमात् ।** અહીં ધૂમત્વાપેક્ષયા ગુરૂભૂત નીલધૂમત્વ ધર્મ છે. એ હેતુતાવચ્છેદક બની શકે નહિ માટે હેતુમાં વ્યાપ્યતાની અસિદ્ધિ થઈ.

**नीलधूमत्वं हेतुतानवच्छेदकम्** એવું જ્ઞાન **वह्निव्याप्यनीलधूमत्वावच्छिन्ननील-धूमवान् पर्वतः** એવા પરામર્શનું પ્રતિબંધક બને છે.

**नीलधूमत्वं नीलधूमश्च** એવા સમૂહાલંબન જ્ઞાનમાં સ્વ= નીલધૂમત્વ, તદ્વિષયક ઉક્ત જ્ઞાન, તદ્વિષય ધૂમ, તેમાં તાદશવિષયત્વ આવ્યું. એ સંબંધથી નીલધૂમત્વ દોષ ધૂમમાં જતાં તે દુષ્ટ બન્યો.

આની સામે નવ્યો કહે છે કે આ વાત બરોબર નથી. જ્યાં નીલધૂમ છે ત્યાં વહ્નિ છે જ, માટે નીલધૂમમાં પણ વહ્નિની વ્યાપ્તિ તો છે જ, માટે નીલધૂમમાં વ્યાપ્યતાની અસિદ્ધિ તો ન જ કહેવાય. એટલે **सोपाधिको हेतुः व्याप्यत्वासिद्धः** એમ જ કહેવું જોઈએ.

(૩) **व्याप्तिग्राहकप्रमाणाभावात् व्याप्यत्वासिद्धिः ।**

**शब्दः क्षणिकः सत्त्वात् जलधरपटलवत् ।**

અહીં જે સત્ હોય તે ક્ષણિક હોય તેવી વ્યાપ્તિનું ગ્રાહક કોઈ પ્રમાણ જ મળતું નથી. ઉલટું જે ઘટાદિ સત્ છે તે ક્ષણિક નથી એવી જ પ્રતીતિ થાય છે. માટે અહીં વ્યાપ્તિગ્રાહક-પ્રમાણ ન હોવાથી વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ છે એમ કેટલાક માને છે.


**कालो घटवान् कालपरिमाणात्** સ્થાને જે પ્રતિયોગિવ્યધિકરણ-અભાવની અપ્રસિદ્ધિ-પ્રયુક્ત અવ્યાપ્તિ આપી તેનો નિરાસ કેટલાકો આ રીતે કરે છે :

તેમનું કહેવું એ છે કે મહાકાલમાં મહાકાલનો ભેદ કાલિકસંબંધથી તો રહી શકે પરન્તુ સ્વરૂપસંબંધથી ન રહી શકે. (અભાવીયવિશેષણતા સંબંધ બે પ્રકારના છે : કાલિકસંબંધરૂપ અને સ્વરૂપસંબંધરૂપ. અહીં સ્વરૂપસંબંધરૂપ અભાવીયવિશેષણતા સંબંધ લેવો.) એટલે સ્વરૂપસંબંધથી તો મહાકાલનો ભેદ (અન્યોન્યાભાવ) ભૂતલાદિમાં જ રહે. હવે તે ભૂતલમાં ઘટ પણ સંયોગસંબંધથી છે એટલે ભૂતલમાં મહાકાલભેદ અને ઘટનું સામાનાધિકરણ્ય છે. આ સામાનાધિકરણ્ય સ્વરૂપસંબંધ અને સંયોગસંબંધથી ઘટિત છે. **स्वरूपसम्बन्धेन महाकालभेदसामानाधिकरण्यं संयोगेन घटे वर्तते ।**

હવે સ્વરૂપસંબંધથી મહાકાલભેદ ભૂતલમાં જ રહે. કાલિકસંબંધથી તો અલબત્ત મહાકાલભેદ મહાકાલમાં રહે. પણ એથી જ તે કાલિકસંબંધ ન લેતાં સ્વરૂપસંબંધથી મહાકાલભેદ લીધો કે જે મહાકાલમાં રહી શકે નહિ. હવે આ સ્વરૂપસંબંધથી મહાકાલભેદ જેમ મહાકાળમાં ન રહી શકે તેમ સ્વરૂપસંબંધથી મહાકાલભેદવિશિષ્ટ ઘટ પણ મહાકાળમાં ન રહી શકે.

**પ્રશ્ન :** કાલિકસંબંધથી તો મહાકાલભેદવિશિષ્ટ ઘટ મહાકાળમાં રહી શકશે ને ?

**ઉત્તર :** ના, મહાકાલભેદ = વિશેષણ, ઘટ = વિશેષ્ય, એ બે ય જ્યાં રહે ત્યાં તેમના સંબંધોએ પણ રહેવું જ જોઈએ. તેમના સંબંધોથી વિશિષ્ટ બનેલા તે બે ભૂતલાદિ ઉપર તો રહી શકે છે પણ મહાકાલમાં રહી શકે છે કે નહિ ? તે હવે જોઈએ. મહાકાલભેદવિશિષ્ટ જે ઘટ છે તેમાં મહાકાલભેદનો સ્વરૂપસંબંધ છે અને ઘટનો સંયોગસંબંધ છે. વિશિષ્ટઘટની અધિકરણતા ત્યાં જ મળે જ્યાં આ બે ય સંબંધથી વિશેષણ-વિશેષ્ય હાજર હોય. મહાકાલમાં સ્વરૂપથી મહાકાલભેદ અને સંયોગથી ઘટ રહી શકતા નથી માટે વિશિષ્ટઘટની અધિકરણતા કાલિકસંબંધથી પણ ન આવે. તાત્પર્ય એ છે કે સ્વરૂપસંબંધ-ઘટિત મહાકાલભેદનું સામાનાધિકરણ્ય ઘટમાં છે એટલે એ વિશિષ્ટ ઘટ મહાકાલમાં રહી શકે નહિ. તેમ થાય તો મહાકાલમાં સ્વરૂપસંબંધથી મહાકાલભેદ પણ રહી જવાની આપત્તિ ઊભી થાય.




આમ સ્વરૂપસંબંધ-ઘટિત સામાનાધિકરણ્ય-સંબંધથી મહાકાલભેદવિશિષ્ટ જે પ્રતિયોગી ઘટ છે તેનું અધિકરણ

મહાકાલ બની શકે નહિ, અર્થાત્ તે પ્રતિયોગીના અભાવનું જ મહાકાલ અધિકરણ બને, એટલે એ મહાકાલભેદવિશિષ્ટ ઘટાભાવ પ્રતિયોગિવ્યધિકરણ બની ગયો. તેથી પ્રતિયોગિતાવચ્છેદક મહાકાલભેદવિશિષ્ટઘટત્વ અને સાધ્યતાવચ્છેદક ઘટત્વ છે માટે પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

આ 'કેચિત્' મતમાં મુક્તાવલિકારને અસ્વરસ છે. તેમનું કહેવું એ છે કે સાધ્યતાવચ્છેદક સંબંધ કાલિકસંબંધ છે, તેનો અનુયોગી મહાકાલ છે અને પ્રતિયોગી ઘટ છે. (મહાકાલમાં કાલિકથી ઘટ વૃત્તિ છે.) એટલે અહીં મહાકાલાનુયોગિક કાલિક સંબંધ છે, અર્થાત્ મહાકાલમાત્રવૃત્તિ કાલિકસંબંધ એ સાધ્યતાવચ્છેદક સંબંધ છે. હવે આ મહાકાલવૃત્તિકાલિકસંબંધથી તો મહાકાલભેદવિશિષ્ટ ઘટ પ્રતિયોગીનું અધિકરણ કોઈ જ નહિ બની શકે, કેમકે મહાકાલમાત્રવૃત્તિ કાલિકસંબંધથી તો કોઈપણ વસ્તુ રહી શકે તો મહાકાલમાં જ રહી શકે, ભૂતલાદિ ઉપર નહિ. હવે **સ્વરૂપસંબંધઘટિત** મહાકાલભેદવિશિષ્ટ ઘટ મહાકાલમાત્રવૃત્તિકાલિકસંબંધથી ભૂતલ ઉપર તો રહી શકે જ નહિ અને મહાકાલમાં પણ રહી શકે નહિ, કેમકે **સ્વરૂપસંબંધઘટિત મહાકાલભેદ** લીધો છે માટે તે તો ઉક્ત સંબંધથી મહાકાલમાં પણ રહી ન શકે.

આમ મહાકાલભેદવિશિષ્ટ ઘટ = પ્રતિયોગીનું અધિકરણ જ અપ્રસિદ્ધ થઈ જતાં પ્રતિયોગિવ્યધિકરણ અભાવ અપ્રસિદ્ધ થઈ જાય. અને તેથી લક્ષણની અવ્યાપ્તિ થાય જ.

કાલિકસંબંધને સાધ્યતાવચ્છેદક સંબંધ લઈએ તો વિશિષ્ટ ઘટના અધિકરણની અપ્રસિદ્ધિરૂપ દોષ ન આવે, કેમકે કાલિકેન વિશિષ્ટઘટનું ભૂતલ અધિકરણ બની શકે છે (એક કાળમાં રહેલી બે વસ્તુમાં એક વસ્તુ બીજીમાં કાલિકસંબંધથી રહી શકે.) એટલે કેચિત્ મતમાં પ્રતિયોગીના અધિકરણની અપ્રસિદ્ધિ ન આવી. પણ હવે જ્યારે મહાકાલ-માત્રવૃત્તિ કાલિકસંબંધ લીધો ત્યારે પ્રતિયોગિ-અધિકરણની અપ્રસિદ્ધિ આવી ગઈ.

આ અસ્વરસ હોવાથી 'કેચિત્'નો મત ત્યાગવા સાથે **વસ્તુતસ્તુ** કરીને **प्रतियोगितावच्छेदकसम्बन्धेन...** ઇત્યાદિ નવું લક્ષણ કર્યું જેનો **कालो घटवान् कालपरिमाणात्** સ્થાને પણ સમન્વય થઈ ગયો.

कारिकावली : ग्रामीणस्य प्रथमतः पश्यतो गवयादिकम् ।
सादृश्यधीर्गवादीनां या स्यात् सा करणं मतम् ॥७९॥
वाक्यार्थस्यातिदेशस्य स्मृतिर्व्यापार उच्यते ।
गवयादिपदानां तु शक्तिधीरुपमा फलम् ॥८०॥

मुक्तावली : उपमितिं व्युत्पादयति-ग्रामीणस्येति । यत्रारण्यकेन केनचिद् ग्रामीणायोक्तं 'गोसदृशो गवयपदवाच्य' इति । पश्चाच्च ग्रामीणेन क्वचिदरण्यादौ गवयो दृष्टस्तत्र गोसादृश्यदर्शनं यज्जातं तदुपमितिकरणम् । तदनन्तरं 'गोसदृशो गवयपदवाच्य' इत्यतिदेशवाक्यार्थस्मरणं यज्जायते तदेव व्यापारः । तदनन्तरं 'गवयो गवयपदवाच्य' इति ज्ञानं यज्जायते तदुपमितिः ।

**મુક્તાવલી :** કોઈ એક ગ્રામીણ જંગલમાં જતો હતો. રસ્તામાં એક આરણ્યક (વનવાસી) મળ્યો. તેણે ગ્રામીણને કહ્યું કે જે ગોસદૃશ હોય તે ગવય કહેવાય, અર્થાત્ વનમાં તને ગોસદૃશ કોઈ પ્રાણી દેખાય તો તેને તારે ગવય સમજવું.

ત્યારબાદ વનમાં તે ગ્રામીણે ગોસદૃશ એક પશુપિણ્ડ જોયું. તેમાં તેને **ગોસાદૃશ્યનું** પ્રત્યક્ષ થયું. અને પછી તરત જ પેલા આરણ્યકે કહેલ **(અતિદિષ્ટ) વાક્યાર્થનું સ્મરણાત્મક જ્ઞાન** થયું કે **गोसदृशो गवयपदवाच्यः** । એટલે ઉત્તરક્ષણે તેને જ્ઞાન થયું કે **गवयः गवयपदवाच्यः** । અર્થાત્ જે કોઈ ગવય હોય તે 'ગવય' એવા પદથી કહેવાય.

૧. અહીં 'ગોસાદૃશ્યદર્શન' એ ઉપમિતિ-કરણ (ઉપમાન-પ્રમાણ) છે.

૨. **गोसदृशो गवयपदवाच्यः** એવું **અતિદિષ્ટ** (ઉપદિષ્ટ) **વાક્યાર્થસ્મરણ** તે **વ્યાપાર** છે.

૩. **गवयः गवयपदवाच्यः** એ ઉપમિતિ-પ્રમા છે.

मुक्तावली : न तु 'अयं गवयपदवाच्य' इत्युपमितिः, गवयान्तरे शक्ति-ग्रहाभावप्रसङ्गात् ॥

**મુક્તાવલી :** કેટલાક કહે છે કે '**अयं ( पुरोवर्ती पिण्डः ) गवयपदवाच्यः** એ

ઉપમિતિ-પ્રમા છે' પણ તે બરોબર નથી, કેમકે જો તેમ જ માનીએ તો ગવય-પદની શક્તિનો ગ્રહ માત્ર પુરોવર્તી ગવયમાં જ થયો એટલે બીજા અનુપસ્થિત ગવયોમાં ગવય-પદની શક્તિનો અગ્રહ થવાની આપત્તિ આવે. એટલે કે બીજા ગવયને જોઈને 'તે ગવય પણ ગવયપદવાચ્ય છે' તેવું ભાન નહિ થવાની આપત્તિ આવે, માટે તેમ ન માનતાં **ગવયઃ ગવયપદવાચ્યઃ** એ જ ઉપમિતિ-પ્રમા માનવી જોઈએ.

**ઉપમાન ખંડ સમાપ્ત**

कारिकावली : पदज्ञानं तु करणं द्वारं तत्र पदार्थधीः ।
शाब्दबोधः फलं तत्र शक्तिधीः सहकारिणी ॥८१॥

मुक्तावली : शाब्दबोधप्रकारं दर्शयति-पदज्ञानं त्विति । न तु ज्ञायमानं पदं करणं, पदाभावेऽपि मौनिश्लोकादौ शाब्दबोधात् ।

## ★ પદજ્ઞાન એ કરણ છે ★

**મુક્તાવલી** : હવે શબ્દખંડનું નિરૂપણ કરે છે.

પદજ્ઞાન = કરણ.

પદજ્ઞાનજન્યપદાર્થોપસ્થિતિ (સ્મરણ) = વ્યાપાર.

વાક્યાર્થ-બોધ = શાબ્દબોધ.

શક્તિજ્ઞાન = સહકારિકારણ.

વર્ણના સમૂહને પદ કહેવાય, પદોના સમૂહને વાક્ય કહેવાય.

(૧) **પદજ્ઞાન** બે પ્રકારના હોય છે : શ્રાવણપ્રત્યક્ષાત્મક અને સ્મરણાત્મક.

(i) ઘટ-પદનું શ્રવણ કરવાથી ઘટ-પદનું જે **શ્રાવણપ્રત્યક્ષાત્મક જ્ઞાન** થાય છે તે.

(ii) પુસ્તકમાં લખેલી ઘટ-પદાર્થનું સ્મરણ કરાવતી 'ઘ, ટ' એવી જે રેખા, તેને ઘ-ટ એવો ઉચ્ચાર કર્યા વિના જ્યારે જોવામાં આવે ત્યારે તે રેખાદર્શન ઘટ-પદનું ઉદ્‌બોધક (સ્મારક) બને અને તેથી તે વખતે અંતરમાં જે ઘટ-પદનું સ્મરણ થાય તે **સ્મરણાત્મક ઘટ-પદજ્ઞાન** કહેવાય.

એ જ રીતે કોઈ બે આંગળી બતાવે અને તે વખતે મૌન રહીને જોયા બાદ 'અંગુલિ-દ્વય' એવા પદનું જે સ્મરણ થાય તે પણ સ્મરણાત્મક પદ-જ્ઞાન કહેવાય.

આમ ટૂંકમાં બે પ્રકારના પદજ્ઞાન થયા : શ્રાવણપ્રત્યક્ષાત્મક અને સ્મરણાત્મક.

આમાંનું કોઈપણ પદજ્ઞાન એ શાબ્દબોધ પ્રત્યે કરણ છે.

પ્રાચીનો **પદજ્ઞાનને કરણ ન માનતાં જ્ઞાયમાન પદને** કરણ માને છે. તેનું ખંડન કરતાં મુક્તાવલિકાર કહે છે કે તે બરોબર નથી, કેમકે તેમ માનવામાં વ્યતિરેક-વ્યભિચાર આવે છે, અર્થાત્ જ્ઞાયમાન-પદ ન હોવા છતાં શાબ્દબોધ-કાર્ય થાય છે.

જ્ઞાયમાન પદ એટલે **વર્તમાનકાલીનશ્રાવણપ્રત્યક્ષજ્ઞાનવિષયીભૂત** પદ.

એક મૌની(મૌન ધારણ કરતા સંત)એ કેટલાક શ્લોકો બનાવ્યા. હવે તેને બોલ્યા વિના દેવદત્તે વાંચ્યા. હવે અહીં જો પૂર્વે મૌનીએ શ્લોકો બોલીને દેવદત્તને શ્રાવણપ્રત્યક્ષ કરાવ્યું હોત તો પણ હમણાં તે પદોનું સ્મરણાત્મક જ્ઞાન હોત અને તેના વિષયરૂપ તે શ્લોકના પદો હોત, અથવા જો દેવદત્ત પોતે જ બોલીને તે શ્લોકો વાંચતો હોત તો વર્તમાનકાલીન શ્રાવણ-પ્રત્યક્ષના વિષયીભૂત તે શ્લોકોના પદો બની જાત, અર્થાત્ તો તો તે પદો શ્રાવણપ્રત્યક્ષવિષય બની જાત. પણ તેમ તો નથી, એટલે કે પ્રત્યક્ષાત્મક શ્રાવણજ્ઞાન નથી, માટે પ્રત્યક્ષાત્મક શ્રાવણજ્ઞાનના વિષયીભૂત તે પદો નથી છતાં ત્યાં તે શ્લોકો વાંચવાથી શાબ્દબોધ થાય છે માટે વ્યતિરેક-વ્યભિચાર આવ્યો.

અમારે તો પદજ્ઞાનથી શાબ્દબોધ થવાનો નિયમ છે એટલે ત્યાં તે પદોની રેખાઓ જોવાથી તે રેખાદર્શન પદના સ્મરણનું ઉદ્બોધક બને એટલે તે પદોનું **સ્મરણાત્મક જ્ઞાન** થાય અને તેથી ત્યાં **શાબ્દબોધ** પણ અવશ્ય થાય.

માટે જ્ઞાયમાન પદને શાબ્દબોધ પ્રત્યે કરણ ન મનાય, પદજ્ઞાનને જ શાબ્દબોધ પ્રત્યે કરણ માનવું જોઈએ.

---

**मुक्तावली : पदार्थधीरिति । पदजन्यपदार्थस्मरणं व्यापारः । अन्यथा पदज्ञानवतः प्रत्यक्षादिना पदार्थोपस्थितावपि शाब्दबोधापत्तेः ।**

---

**મુક્તાવલી** : (૨) પદાર્થ-સ્મરણાત્મક જ્ઞાન એ વ્યાપાર છે.

**પ્રશ્ન** : જો શાબ્દબોધ કાર્ય પ્રત્યે પદાર્થ-સ્મરણાત્મક જ્ઞાનને વ્યાપાર માનશો તો અન્વય-વ્યભિચાર આવશે, કેમકે પદાર્થ-સ્મરણાત્મક જ્ઞાન હોવા છતાં શાબ્દબોધ થતો નથી. તે આ રીતે :

એક માણસને ઘટ એવું પદ સાંભળવાથી શ્રાવણપ્રત્યક્ષાત્મક પદ-જ્ઞાન થયું અથવા મનમાં ઘટ પદનું સ્મરણાત્મક જ્ઞાન થયું. ત્યારપછી સામે જ પડેલા ઘટ સાથે ચક્ષુ:સંનિકર્ષ થયો અથવા તો તેણે ભૂતલ ઉપર ઘટની અનુમિતિરૂપ જ્ઞાન કર્યું. આમ તેને **પ્રત્યક્ષાદિથી** ઘટ-પદાર્થનું સ્મરણાત્મક જ્ઞાન થયું. હવે ઉત્તરક્ષણે આ સ્થિતિમાં 'ઘટ'નું પ્રત્યક્ષ કે અનુમિતિરૂપ જ્ઞાન થાય છે પણ શાબ્દબોધ થતો નથી એ હકીકત છે, કેમકે ચક્ષુ:સંનિકર્ષાદિથી ઘટ-પદાર્થનું પ્રત્યક્ષ જ્ઞાન થાય તો તે ઘટપદાર્થના પ્રત્યક્ષ જ્ઞાન બાદ ઘટનો શાબ્દબોધ થઈ શકે નહિ. એટલે આમ ઘટ-પદાર્થનું સ્મરણાત્મક જ્ઞાન હોવા છતાં શાબ્દબોધ-કાર્ય ન થવાથી અન્વય-વ્યભિચાર દોષ આવ્યો.

**ઉત્તર** : સારું ત્યારે, અમે કહીશું કે તે જ પદાર્થ-સ્મરણાત્મક જ્ઞાન શાબ્દબોધ પ્રત્યે વ્યાપારાત્મક કારણ બને જે પદજ્ઞાનજન્ય હોય, અર્થાત્ પદજ્ઞાનજન્ય એવા પદાર્થસ્મરણાત્મક જ્ઞાનને જ અમે શાબ્દબોધનું વ્યાપારાત્મક કારણ કહીશું. હવે **ચક્ષુઃસંનિકર્ષ આદિથી** જન્ય પદાર્થ-સ્મરણાત્મક જ્ઞાન શાબ્દબોધ પ્રત્યે વ્યાપાર જ નથી માટે અન્વય-વ્યભિચાર દોષની આપત્તિ નથી.

---

**मुक्तावली : तत्रापि वृत्त्या पदजन्यत्वं बोध्यम् । अन्यथा घटादिपदात्समवायसम्बन्धेनाऽऽकाशस्मरणे जाते आकाशस्यापि शाब्दबोधापत्तेः । वृत्तिश्च शक्तिलक्षणान्यतरः सम्बन्धः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : સારું, તો ય હજી આપત્તિ છે.

દેવદત્તને ઘટ-પદનું જ્ઞાન થયું. ત્યાર પછી તેને મનમાં થયું કે, "ઘટ શબ્દ ? ઓહ, શબ્દ તો આકાશનો ગુણ છે." આમ તેને ઘટપદ-જ્ઞાનથી આકાશ-પદાર્થનું સ્મરણ થયું. ઘટ એ શબ્દ છે અને આકાશનો એ ગુણ છે, એટલે ઘટ શબ્દ (પદ) અને આકાશ વચ્ચે ગુણ-ગુણીભાવ સંબંધ છે. **'एकसम्बन्धिज्ञानं अपरसम्बन्धिस्मारकं भवति'** એ ન્યાયથી ઘટ-શબ્દાત્મક એક સંબંધીનું જ્ઞાન થતાં તરત જ તેના બીજા સંબંધી આકાશનું સ્મરણ થઈ જાય તેમાં કાંઈ નવાઈ નથી. એટલે દેવદત્તને ઘટ-પદના જ્ઞાનથી સમવાયસંબંધ દ્વારા આકાશ-પદાર્થનું સ્મરણ થયું. હવે આ આકાશ-પદાર્થનું સ્મરણ તો ઘટપદજ્ઞાન-જન્ય જ છે. એટલે હવે આ આકાશ-પદાર્થના સ્મરણ બાદ-ઉત્તરક્ષણે-'આકાશ'નો શાબ્દબોધ ( **आकाशः** ) થઈ જવાની આપત્તિ આવશે. વસ્તુતઃ આકાશનો શાબ્દબોધ થતો નથી.

**ઉત્તર** : સારું, તો અમે કહીશું કે પદજ્ઞાનથી જે પદાર્થસ્મરણ થાય તે પદાર્થસ્મરણ ત્યારે જ શાબ્દબોધ પ્રત્યે વ્યાપારાત્મક કારણ બને જ્યારે તે પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરવામાં પદજ્ઞાને વૃત્તિ-સંબંધનો સહકાર લીધો હોય.

કહેવાનો આશય એ છે કે **પદજ્ઞાન અને વૃત્તિ-સંબંધ** એ બે ય ભેગા થઈને જે પદાર્થ-સ્મરણને ઉત્પન્ન કરે તે જ પદાર્થ-સ્મરણ શાબ્દબોધ પ્રત્યે વ્યાપારાત્મક કારણ બને.

ઘટ-પદનું જ્ઞાન હોય અને સમવાયસંબંધ હોય (જે વૃત્તિ-સંબંધ નથી) અને એ બે ભેગા મળીને જે પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરે તેનાથી શાબ્દબોધ થાય નહિ.

ઘટપદ-જ્ઞાન હોય અને તેની સાથે વૃત્તિ-સંબંધનો સહકાર હોય અને એ બે ભેગા મળીને જે પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરે તે જ પદાર્થ-સ્મરણ શાબ્દબોધ પ્રત્યે વ્યાપારાત્મક કારણ બની શકે.

વૃત્તિ-સંબંધ એટલે શાબ્દબોધાનુકૂલ-સંબંધ.

**શાબ્દબોધને અનુકૂલ (જનક) શક્તિ અને લક્ષણા એમ બે સંબંધ છે માટે તે બેયને વૃત્તિ-સંબંધ કહેવાય.** એટલે ઘટપદનું જ્ઞાન એ શક્તિ કે લક્ષણા-અન્યતર કોઈપણ એક સંબંધના સહકાર સાથે જે પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરે તે પદાર્થ-સ્મરણ અવશ્ય શાબ્દબોધ પ્રત્યે વ્યાપાર બને.

પ્રસ્તુત સ્થળે ઘટપદ-જ્ઞાન પછી સમવાયસંબંધના સહકારથી આકાશ-પદાર્થનું સ્મરણ થયું છે માટે હવે તે આકાશ-પદાર્થના સ્મરણથી આકાશનો શાબ્દબોધ થવાની આપત્તિ નહિ આવે, કેમકે તે આકાશ-પદાર્થસ્મરણ પદજ્ઞાનથી ઉત્પન્ન થયું છે પણ અહીં પદજ્ઞાન સાથે શક્તિ-લક્ષણાન્યતર વૃત્તિ-સંબંધ નથી.

શક્તિ અને લક્ષણા-સંબંધના સ્વરૂપની વાત આગળ કહેવાના છે.

આમ એ વાત નક્કી થઈ કે વૃત્તિસમ્બન્ધ (શક્તિ-લક્ષણાન્યતરાત્મક) સહકૃત પદજ્ઞાન એ પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરે અને તે પદાર્થ-સ્મરણથી શાબ્દબોધ-કાર્ય થાય.

---

**मुक्तावली : अत्रैव शक्तिज्ञानस्योपयोगः । पूर्वं शक्तिग्रहाभावे पदज्ञानेऽपि तत्सम्बन्धेन तत्स्मरणानुत्पत्तेः । पदज्ञानस्य हि एकसम्बन्धिज्ञानविधया पदार्थोपस्थापकत्वम् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : તો પછી હવે વૃત્તિસંબંધ (શક્તિ-લક્ષણાન્યતર જ્ઞાન) એ પદાર્થસ્મરણ પ્રત્યે કારણ બને તેમ શાબ્દબોધ પ્રત્યે પણ કારણ બને ને?

**ઉત્તર** : ના, શક્તિજ્ઞાનનો તો પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરવા પૂરતો જ ઉપયોગ છે. શાબ્દબોધ પ્રત્યે તો તે અન્યથાસિદ્ધ છે, અર્થાત્ વૃત્તિજ્ઞાન પદાર્થ-સ્મરણ ઉત્પન્ન કરવામાં જ ચરિતાર્થ (નિષ્ઠિતાર્થ) બની જઈને શાબ્દબોધ પ્રત્યે અન્યથાસિદ્ધ બને છે. **શાબ્દબોધને** તો વૃત્તિજ્ઞાનથી ઉત્પન્ન થયેલું **પદાર્થસ્મરણ** જ ઉત્પન્ન કરી દે. ત્યાં વૃત્તિજ્ઞાનની જરૂર રહેતી નથી.


**પ્રશ્ન** : વૃત્તિજ્ઞાનને પદાર્થસ્મરણ પ્રત્યે કારણ શા માટે માનવું જોઈએ ?

**ઉત્તર** : આ તો બહુ સીધી વાત છે. ઘટપદનું શ્રવણાત્મક કે સ્મરણાત્મક જ્ઞાન થાય

એટલા માત્રથી-ઘટપદના જ્ઞાન દ્વારા-ઘટપદાર્થનું સ્મરણ થઈ શકતું નથી. ઘટપદનું જ્ઞાન હોય અને ઘટપદની વૃત્તિ (શક્તિ) ઘટ-પદાર્થમાં છે એવું પણ સાથે જ જ્ઞાન હોય ત્યારે જ ઘટ-પદાર્થનું સ્મરણ થઈ શકે છે. માટે ઘટપદાર્થનું સ્મરણ ઘટની વૃત્તિ-(શક્તિ)ના જ્ઞાન વિના થઈ શકતું જ નથી માટે વૃત્તિજ્ઞાનને પદાર્થ-સ્મરણનું તો કારણ માનવું જ જોઈએ.

**પ્રશ્ન :** તો એમ કરો, પદાર્થ-સ્મરણ પ્રત્યે વૃત્તિજ્ઞાનને જ કારણ માનો. પદજ્ઞાનને કારણ માનવાની શી જરૂર છે ? કેમકે જો વૃત્તિજ્ઞાન વિના પદાર્થ-સ્મરણ થઈ શકતું જ ન હોય તો તે વૃત્તિજ્ઞાનને જ પદાર્થ-સ્મરણ પ્રત્યે કારણ માનો અને તેનાથી જ પદજ્ઞાન અન્યથાસિદ્ધ બની જાય.

**ઉત્તર :** નહિ, પદાર્થ-સ્મરણ પ્રત્યે પદજ્ઞાન અને વૃત્તિજ્ઞાન બેયની આવશ્યકતા છે. એકેયના વિના ચાલે તેમ નથી. ઘટ અને ઘટ-પદાર્થ વચ્ચેના વૃત્તિ(શક્તિ)સંબંધનું જ્ઞાન હોય એટલા માત્રથી ઘટ-પદાર્થનું સ્મરણ ઉત્પન્ન ન થઈ જાય. **'एकसम्बन्धिज्ञानं अपरसम्बन्धिस्मारकं भवति'** એ ન્યાયે અપરસંબંધી ઘટપદાર્થ છે, તો તેનું સ્મરણ ત્યારે જ થાય જયારે તેના એક સંબંધી ઘટપદનું જ્ઞાન હોય. પદ અને પદાર્થ (ઘટપદ અને ઘટપદાર્થ) એ બે વચ્ચે વાચ્ય-વાચકભાવ સંબંધ છે. એટલે ઘટ-પદાર્થરૂપ સંબંધીનું સ્મરણ ત્યારે જ થાય જયારે તેના સંબંધી ઘટપદનું જ્ઞાન થાય. એટલે ઘટપદના જ્ઞાન વિના ઘટપદાર્થનું સ્મરણ થઈ શકે નહિ, માટે પદાર્થ-સ્મરણ પ્રત્યે પદજ્ઞાન અને વૃત્તિજ્ઞાન બે ય કારણ છે, એકેય અન્યથાસિદ્ધ નથી.




---

**मुक्तावली : शक्तिश्च पदेन सह पदार्थस्य सम्बन्धः । सा चास्मात्पदादयमर्थो बोद्धव्य इतीश्वरेच्छारूपा । आधुनिके नाम्नि शक्तिरस्त्येव, 'एकादशेऽहनि पिता नाम कुर्यात्' इतीश्वरेच्छायाः सत्त्वात् । आधुनिकसङ्केतिते तु न**

शक्तिरिति सम्प्रदायः । नव्यास्तु ईश्वरेच्छा न शक्तिः, किन्त्विच्छैव, तेन आधुनिकसङ्केतितेऽपि शक्तिरस्त्येवेत्याहुः ।

---

### ★ શક્તિ-નિરૂપણ ★

**મુક્તાવલી** : શક્તિ કે લક્ષણા એ પદના પદાર્થ સાથે સંબંધરૂપ છે. **अस्मात् पदात् अयमर्थो बोद्धव्यः** એવી જે ઈશ્વરેચ્છા તે જ શક્તિ છે.

**अस्मात् घटपदात् अयं पृथुबुध्नोदराद्यात्मकजात्याकृतिविशिष्टव्यक्तिरूपोऽर्थो ज्ञातव्य इत्यर्थः ।**

'ઘટપદથી ઘટપદાર્થનો બોધ થાઓ' એવી જે ઈશ્વરેચ્છા છે તે જ ઘટપદમાં રહેલી ઘટપદાર્થ-નિરૂપિત શક્તિ છે.

પદમાં શક્તિ રહે માટે પદ શક્ત કહેવાય અને પદાર્થ શક્ય કહેવાય.

**પ્રશ્ન** : અગિયારમા દિવસે પિતા પોતાના પુત્રનું રમેશ વિગેરે નામ પાડે છે. તે રમેશ પદમાં તો ઈશ્વરેચ્છા રૂપ શક્તિ નહિ રહે ને ? કેમકે ત્યાં ક્યાંથી ઈશ્વરેચ્છા આવે ?

**ઉત્તર** : '**एकादशेऽहनि पिता नाम कुर्यात्**' એવી શ્રુતિ છે, એટલે ઈશ્વરોચ્ચરિત આ શ્રુતિ હોવાથી ત્યાં પણ ઈશ્વરેચ્છા છે જ.

**પ્રશ્ન** : વ્યાકરણમાં નદી-વૃદ્ધિ-ઈત્-લુફ્ વિગેરે જે પાણિની આદિએ કરેલા **આધુનિક સંકેતો** છે તેમાં તો ઈશ્વરેચ્છારૂપ શક્તિ નથી જ. અને જો શક્તિ ન હોય તો નદી વિગેરે આધુનિક પદોથી જે પદાર્થનો બોધ થાય છે તે શી રીતે થાય છે ? કેમકે જો નદી વિગેરે આધુનિક પદો શક્ત ન બને તો તેનાથી પદાર્થનો બોધ પણ ન જ થાય.

**ઉત્તર** : તમારી વાત બરાબર છે. અમે તો ત્યાં ઈશ્વરેચ્છારૂપ શક્તિ માનતા નથી. છતાં તે તે નદી વિગેરે સંકેતોથી પદાર્થબોધ થાય છે તે નદી વિગેરે સંકેતોમાં શક્તિનો ભ્રમ થવાથી થાય છે.

અહીં નવ્યો તો કહે છે કે એમ કહેવું બરોબર નથી. સર્વત્ર ઈશ્વરીય ઈચ્છા એ જ શક્તિ પદાર્થ નથી કિન્તુ ઈચ્છા એ શક્તિ પદાર્થ છે. એટલે વેદ-પદોમાં ઈશ્વરેચ્છારૂપ શક્તિ છે, જ્યારે આધુનિક સંકેતોમાં સંકેત-કર્તાની ઈચ્છારૂપ શક્તિ છે એમ માનવું એ જ બરોબર છે.

---

**मुक्तावली : शक्तिग्रहस्तु व्याकरणादितः । तथाहि-**

**शक्तिग्रहं व्याकरणोपमानकोशाप्तवाक्याद् व्यवहारतश्च ।**
**वाक्यस्य शेषाद्विवृतेर्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः ॥**

---

**★ શક્તિગ્રહના ઉપાયો ★**

**મુક્તાવલી : પ્રશ્ન :** તે તે પદોમાં તે પદાર્થ-નિરૂપિત શક્તિ પડેલી છે એવો શક્તિગ્રહ (શક્તિજ્ઞાન) શી રીતે થાય ?

**ઉત્તર :** એવો શક્તિગ્રહ આઠ રીતે થાય.

(૧) વ્યાકરણથી (૨) ઉપમાનથી (૩) કોશથી (૪) આપ્તવાક્યથી (૫) વ્યવહારથી (૬) વાક્યશેષથી (૭) વિવૃત્તિથી (૮) સિદ્ધપદના સાન્નિધ્યથી.

---

**मुक्तावली : धातुप्रकृतिप्रत्ययादीनां शक्तिग्रहो व्याकरणाद्भवति । क्वचित् सति बाधके त्यज्यते । यथा वैयाकरणैराख्यातस्य कर्तरि शक्तिरुच्यते । चैत्रः पचतीत्यादौ कर्त्रा सह चैत्रस्याभेदान्वयः । तच्च गौरवात्त्यज्यते । किन्तु कृतौ शक्तिर्लाघवात् । कृतिश्चैत्रादौ प्रकारीभूय भासते ।**

---

**મુક્તાવલી : (૧) વ્યાકરણથી શક્તિગ્રહ :** (i) ધાતુ (ii) પ્રકૃતિ (રામ, પાચકાદિ નામ) તથા (iii) પ્રત્યયાદિનો શક્તિગ્રહ વ્યાકરણથી થાય છે. દા.ત. (i) **भू** ધાતુની શક્તિ સત્તાર્થમાં છે. (ii) 'રામ' પદની શક્તિ રામ પદાર્થમાં છે. (iii) '**ति**' પ્રત્યયની (ત્રીજો પુ. એ.વ.) શક્તિ કર્તા અર્થમાં છે.

ક્યાંક બાધક મળે તો વ્યાકરણોક્ત શક્તિગ્રહ ત્યાગવામાં આવે છે. જેમકે હમણાં જ કહ્યું કે '**ति**' વિગેરે પ્રત્યયની શક્તિનો ગ્રહ વૈયાકરણોની દૃષ્ટિએ કર્તાર્થમાં થાય છે, પણ નૈયાયિકો આમાં ગૌરવરૂપ બાધક જોઈને તેને ત્યાગીને તે '**ति**' વિગેરે પ્રત્યયની શક્તિ કૃતિ-અર્થમાં માને છે.

વૈયાકરણોના મતે '**ति**'નો અર્થ કર્તા છે.

**चैत्रः पचति** । અહીં '**ति**' = કર્તા. 'ચૈત્રાભિન્ન કર્તા પદાર્થમાં '**ति**'ની શક્તિ છે' એમ તેમનું કહેવું છે.

વ્યાકરણનો નિયમ એવો છે કે જ્યાં કર્તા અભિહિત થઈ જાય છે ત્યાં નામમાત્રની પ્રથમા વિભક્તિ આવે અને જો કર્તા અનભિહિત રહે તો કર્તાની તૃતીયા વિભક્તિ

આવે.

**चैत्रः पचति ।** અહીં **ति** પ્રત્યયથી કર્તા અભિહિત થઈ ગયો એટલે ચૈત્રની તૃતીયા વિભક્તિ ન આવી પણ નામમાત્રરૂપ ચૈત્રની પ્રથમા વિભક્તિ આવી. પરન્તુ **चैत्रेण पच्यते** સ્થળે **ति** પ્રત્યય નથી એટલે કર્તા અનભિહિત રહ્યો છે માટે ચૈત્ર કર્તાની તૃતીયા વિભક્તિ આવી.

નૈયાયિકો કહે છે કે **चैत्रः पचति** સ્થળે **ति** નો અર્થ ચૈત્રાભિન્ન કર્તા કરીએ એમાં ગૌરવ છે, કેમકે ત્યાં કર્તા એ **ति** નો શક્યાર્થ બન્યો માટે કર્તામાં શક્યતા રહી. શક્યતાનો અવચ્છેદક કર્તૃત્વ બન્યો. કર્તૃત્વ એટલે કૃતિ (કર્તામાં રહેનાર ધર્મ). કૃતિ તો અનંત છે એટલે શક્યતાવચ્છેદક અનંત બનવાથી ગૌરવાત્ **ति** નો અર્થ કર્તા ન મનાય કિન્તુ **ति** નો અર્થ કૃતિ જ માનવો જોઈએ. આથી કૃતિ શક્ય બને અને શક્યતાવચ્છેદક કૃતિત્વ (એક જ) જાતિ બને જેમાં લાઘવ છે.

આ કૃતિ ચૈત્રમાં પ્રકાર= વિશેષણ તરીકે ભાસે છે. **पाकानुकूलकृतिमान् चैत्रः**


---

**मुक्तावली : न च कर्तुरनभिधानाच्चैत्रादिपदानन्तरं तृतीया स्यादिति वाच्यम्, कर्तृसंख्यानभिधानस्य तत्र तन्त्रत्वात् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** જો આ રીતે **ति** થી કૃતિ અભિહિત બને અને કર્તા અભિહિત ન બને તો '**अनभिहिते कर्तरि तृतीया**' એ વ્યાકરણ-સૂત્રાનુસાર અનભિહિત કર્તા ચૈત્રની તૃતીયા વિભક્તિ આવવી જોઈશે, એટલે '**चैत्रः तण्डुलं पचति**' ને બદલે '**चैत्रेण तण्डुलं पचति**' પ્રયોગ થવાની આપત્તિ આવશે.

**નૈયાયિક :** વ્યાકરણ-સૂત્રનો તમે જે અર્થ કર્યો કે 'અનભિહિત કર્તા હોય તો ત્યાં ચૈત્રાદિની તૃતીયા વિભક્તિ આવે' તે બરોબર નથી. એ સૂત્રનો અર્થ એ છે કે જ્યાં કર્તૃસંખ્યા અનભિહિત હોય ત્યાં કર્તાની તૃતીયા વિભક્તિ આવે. **ति** પ્રત્યયથી કૃતિ અને કર્તૃસંખ્યા એ બે અભિહિત થાય છે. એટલે આમ કર્તૃસંખ્યા-એકત્વ-અભિહિત થઈ જવાથી કર્તા ચૈત્રની તૃતીયા વિભક્તિ આવી શકે નહિ.




**चैत्रेण तण्डुलः पच्यते ।** અહીં ચૈત્રની તૃતીયા વિભક્તિ જરૂર આવે, કેમકે '**ते**' આખ્યાતનો અર્થ અહીં કૃતિ નથી કિન્તુ કર્મત્વ છે. માટે કર્તાની સંખ્યા અહીં અનભિહિત હોવાથી ચૈત્ર-પદની કર્તાર્થમાં

તૃતીયા વિભક્તિ આવી અને '**તે**' આખ્યાતાર્થથી કર્મત્વ ઉક્ત બની જતાં તણ્ડુલ નામમાત્રની પ્રથમા વિભક્તિ આવી.

**મુક્તાવલી : संख्याभिधानयोग्यश्च कर्मत्वाद्यनवरुद्धः प्रथमान्तपदोपस्थाप्यः ।**

**મુક્તાવલી : પ્રશ્ન :** આખ્યાતાર્થથી કોની સંખ્યા અભિહિત બને ? કોની સંખ્યા અભિહિત ન બને ? એ તો તમે કહ્યું નથી. **चैत्रः तण्डुलं पचति** સ્થળે **ति** આખ્યાતથી કર્તા ચૈત્રગત સંખ્યા જ અભિહિત બને અને તેથી કર્તા ચૈત્રની તૃતીયા વિભક્તિ ન આવે તો તે જ રીતે **चैत्रेण तण्डुलः पच्यते** સ્થળે '**તે**' આખ્યાતથી તણ્ડુલની સંખ્યા અભિહિત બની એટલે તણ્ડુલ પદની તૃતીયા વિભક્તિ ન આવી. આવું શા માટે ? '**તે**' આખ્યાતાર્થથી ચૈત્રની સંખ્યા અભિહિત કેમ ન બને ? અને તેમ થતાં શા માટે ચૈત્રની પ્રથમા વિભક્તિ ન આવે ? તમે તો આખ્યાતાર્થથી તણ્ડુલની જ સંખ્યા અભિહિત કરી અને તેથી તણ્ડુલ પદની પ્રથમા વિભક્તિ મૂકી અને ચૈત્રની સંખ્યા આખ્યાતાર્થથી અનભિહિત કરીને ચૈત્રની તૃતીયા વિભક્તિ રાખી એમાં નિયામક કોણ ? ટૂંકમાં આખ્યાત દ્વારા સંખ્યાભિધાનયોગ્ય કોણ બને? તે કહો.

**ઉત્તર : कर्मत्वाद्यनवरुद्धः प्रथमान्तपदोपस्थाप्यः संख्याभिधानयोग्यः ।**

જે કર્મત્વ, કરણત્વાદિ ધર્મોથી અનાક્રાન્ત હોય અને પ્રથમાન્ત પદથી ઉપસ્થાપ્ય હોય તે પદ આખ્યાતાર્થ સંખ્યાભિધાનને યોગ્ય બને. **चैत्रस्तण्डुलं पचति** સ્થળે ચૈત્ર પદ જ કર્મત્વાદિથી અનાક્રાન્ત છે અને પ્રથમાન્તપદોપસ્થાપ્ય છે માટે ચૈત્રની જ સંખ્યા આખ્યાતાર્થથી અભિહિત થાય. તણ્ડુલ પદ તો કર્મત્વાવરુદ્ધ છે અને પ્રથમાન્ત-પદોપસ્થાપ્ય પણ નથી, માટે તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થાય નહિ.

**પ્રશ્ન :** તો પછી જે પ્રથમાન્તપદોપસ્થાપ્ય હોય તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થાય એટલું જ કહો ને ? **चैत्रः तण्डुलं पचति** સ્થળે ચૈત્ર એ પ્રથમાન્તપદોપસ્થાપ્ય પદ છે માટે તેની જ સંખ્યા આખ્યાતથી અભિહિત બની જશે.

**ઉત્તર :** 'કર્મત્વાદ્યનવરુદ્ધ' ન કહીએ તો ન ચાલે. તે આ રીતે :

**चैत्रः पचति तण्डुलः ।** અહીં કોઈએ કર્મત્વનો પ્રથમામાં લાક્ષણિક પ્રયોગ કર્યો. હવે આ તણ્ડુલ પદ પણ પ્રથમાન્તપદોપસ્થાપ્ય થઈ ગયું એટલે હવે તણ્ડુલની સંખ્યા આખ્યાતથી અભિહિત થઈ જવાની આપત્તિ આવે. વસ્તુતઃ ચૈત્રની સંખ્યા જ આખ્યાતથી અભિહિત થાય છે. આ આપત્તિ દૂર કરવા કર્મત્વાદ્યનવરુદ્ધ એવું

પ્રથમાન્તપદોપસ્થાપ્ય કહેવું જોઈએ. તણ્ડુલ પદ એ ભલે પ્રથમાન્તપદોપસ્થાપ્ય થયું પણ કર્મત્વથી તો આક્રાન્ત જ છે માટે તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થઈ શકે નહિ. ચૈત્ર પદ જ કર્મત્વાદ્યનવરુદ્ધ છે અને પ્રથમાન્તપદોપસ્થાપ્ય પણ છે માટે તેની જ સંખ્યા આખ્યાતથી અભિહિત બને. આમ ચૈત્ર કર્તાની સંખ્યા અભિહિત થઈ જવાથી ચૈત્રની તૃતીયા વિભક્તિ ન આવી. (**अनभिहिते कर्तरि तृतीया** ।)

---

**मुक्तावली : कर्मत्वादीत्यस्येतरविशेषणत्वेन तात्पर्याविषयत्वमर्थः, तेन चैत्र इव मैत्रो गच्छतीत्यादौ न चैत्रे संख्यान्वयः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** સારું, જે કર્મત્વાદ્યનવરુદ્ધ હોય અને પ્રથમાન્તપદોપસ્થાપ્ય હોય તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થાય એવું તમે કહ્યું તો પણ બે સ્થળે આપત્તિ આવે છે :

(૧) **चैत्र इव मैत्रो गच्छति** । અહીં વસ્તુતઃ મૈત્રની સંખ્યા આખ્યાતથી અભિહિત થાય છે, અર્થાત્ આખ્યાતથી સંખ્યાભિધાનયોગ્ય મૈત્ર જ છે. પણ જો કર્મત્વાદ્યનવરુદ્ધ અને પ્રથમાન્તપદોપસ્થાપ્ય પદને સંખ્યાભિધાનયોગ્ય કહો છો તો હવે 'ચૈત્ર' પણ તેવું જ પદ હોવાથી આખ્યાતથી ચૈત્રની પણ એકત્વ સંખ્યા અભિહિત થઈ જવાની આપત્તિ આવશે.

(૨) **पक्वं अन्नं भुज्यते** । અહીં આખ્યાતાર્થ એકત્વ સંખ્યાનો અન્વય વસ્તુતઃ 'અન્ન' પદ સાથે થાય છે પણ હવે તેમ નહિ થવાની આપત્તિ આવશે, કેમકે 'અન્ન' પ્રથમાન્તપદોપસ્થાપ્ય હોવા છતાં કર્મત્વથી અનાક્રાન્ત તો નથી જ.

**ઉત્તર :** સારું ત્યારે, 'કર્મત્વાદ્યનવરુદ્ધ'નો અર્થ અમે '**इतरविशेषणत्वेन तात्पर्याविषयत्वम्**' એવો કરીશું. કર્મત્વાદ્યનવરુદ્ધ તે જ કહેવાય જે કર્મત્વથી ઇતર વિશેષણોના તાત્પર્યનો વિષય ન હોય.

**चैत्र इव मैत्रो गच्छति** સ્થળે ચૈત્ર એ ઇતરવિશેષણત્વેન તાત્પર્યાવિષય નથી. કર્મત્વથી ઇતર '**इव**'નો અર્થ સાદૃશ્ય છે. આ સાદૃશ્યમાં (ઈતરમાં) ચૈત્ર એ વિશેષણ બને છે. તે આ રીતે : ચૈત્રનિરૂપિત સાદૃશ્ય છે માટે સાદૃશ્યમાં નિરૂપિતત્વ છે. એ નિરૂપિતત્વસંબંધથી ચૈત્ર એ સાદૃશ્યમાં જાય, અર્થાત્ ચૈત્રવત્ સાદૃશ્ય થાય. આમ ઈતર = સાદૃશ્યના વિશેષણ તરીકેના તાત્પર્યનો વિષય ચૈત્ર બની ગયો, ઇતરવિશેષણત્વેન તાત્પર્યાવિષય ન બન્યો માટે તે ચૈત્ર પદ કર્મત્વાદ્યનવરુદ્ધ ન રહ્યું એટલે તેની સંખ્યા

આખ્યાતથી અભિહિત બનવાની આપત્તિ ન જ આવે.

મૈત્ર પદ તો સાદશ્યાદિ ઇતરના વિશેષણ તરીકે તાત્પર્યનો વિષય નથી જ, માટે તે કર્મત્વાદ્યનવરુદ્ધ એવું પ્રથમાન્તપદોપસ્થાપ્ય છે જ, એટલે તેની સંખ્યા આખ્યાતથી અભિહિત બની જ જાય.

**पक्वं अन्नं भुज्यते ।** અહીં હવે **अन्नं** પદ કર્મત્વાદ્યનવરુદ્ધ= ઇતરવિશેષણત્વેન તાત્પર્યાવિષય બની જાય છે, કેમકે અન્ન પદ એ કર્મત્વથી ઇતર સાદશ્ય-કર્તૃત્વાદિનું વિશેષણ બને એવા તાત્પર્યનો (એવી વક્તાની ઈચ્છાનો) વિષય નથી જ. આ રીતે 'કર્મત્વાદ્યનવરુદ્ધ' પદના નિવેશનું ફળ કહ્યું.

---

**मुक्तावली : यत्र कर्मादौ न विशेषणत्वे तात्पर्यं तद्वारणाय प्रथमान्तेति । यद्वा धात्वर्थातिरिक्ताविशेषणत्वं प्रथमदलार्थः । तेन चैत्र इव मैत्रो गच्छतीत्यत्र चैत्रादेर्वारणम् ।**

---

**મુક્તાવલી :** હવે 'પ્રથમાન્તપદોપસ્થાપ્ય' કેમ કહ્યું ? તે કહે છે. જો આ નિવેશ ન કરે તો **चैत्रः तण्डुलं पचति** સ્થળે તણ્ડુલની સંખ્યા આખ્યાતથી અભિહિત થઈ જવાની આપત્તિ આવે, કેમકે તણ્ડુલ પદ એ કર્મત્વથી ઇતર સાદશ્યાદિનું વિશેષણ બને એવા તાત્પર્યનો અવિષય છે જ. આમ તે કર્મત્વાદ્યનવરુદ્ધ થઈ જાય. પણ હવે પ્રથમાન્ત-પદોપસ્થાપ્ય કહેવાથી તણ્ડુલ પદ પ્રથમાન્તપદોપસ્થાપ્ય નથી માટે તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થવાની આપત્તિ નહિ આવે.

વૈયાકરણો સર્વત્ર કર્તાને ધાત્વર્થનું વિશેષણ માને છે. એટલે તેમના મતે તો **चैत्रः तण्डुलं पचति** ઇત્યાદિ સ્થળે ચૈત્ર વિગેરે કર્તા એ કર્મત્વથી ઇતર જે ધાત્વર્થ, તેનું વિશેષણ બને છે.

વૈયાકરણોના મતે ધાત્વર્થમુખ્યવિશેષ્યક શાબ્દબોધ થાય છે.

**चैत्रः तण्डुलं पचति = चैत्राभिन्नकर्तृकतण्डुलकर्मकपाकः ।**

↓ ↓

વિશેષણ વિશેષ્ય

= **चैत्रकर्तृकतण्डुलकर्मकपाकः ।**

નૈયાયિકોના મતે પ્રથમાન્તાર્થમુખ્યવિશેષ્યક શાબ્દબોધ થાય છે.

**चैत्रः तण्डुलं पचति = तण्डुलकर्मकपाकानुकूलकृतिमान् चैत्रः ।**

એટલે વૈયાકરણોના મતમાં કર્તા એ કર્મત્વેતરવિશેષણત્વના તાત્પર્યનો અવિષય ન બનતાં કર્મત્વેતરવિશેષણત્વના તાત્પર્યનો વિષય જ બની જાય છે. આમ થતાં કર્તા એ કર્મત્વાદ્યનવરુદ્ધ નહિ રહેતાં તેની સંખ્યા આખ્યાતથી અભિહિત નહિ થવાની આપત્તિ આવે.

આ હકીકતને લક્ષ્યમાં લઈને હવે નવ્યો ઉભય-સંમત એવું 'કર્મત્વાદ્યનવરુદ્ધ' પદનું નિર્વચન કરતાં કહે છે કે **धात्वर्थातिरिक्ताऽविशेषणत्वं कर्मत्वाद्यनवरूद्धत्वम्** સમજવું. હવે **चैत्रः तण्डुलं पचति** સ્થળે ચૈત્ર એ કર્મત્વાદ્યનવરુદ્ધ બની જશે, કેમકે તે ધાત્વર્થનું જ વિશેષણ છે, ધાત્વર્થથી અતિરિક્ત અર્થનું તો અવિશેષણ જ છે.

**चैत्र इव मैत्रो गच्छति** સ્થળે ચૈત્ર એ ધાત્વર્થથી અતિરિક્ત સાદૃશ્યનું વિશેષણ છે માટે તે ચૈત્ર પદ કર્મત્વાદ્યનવરુદ્ધ ન રહ્યું, માટે તે પ્રથમાન્તપદોપસ્થાપ્ય હોવા છતાં તેની સંખ્યા આખ્યાતથી અભિહિત નહિ જ થાય.

---

**मुक्तावली : स्तोकं पचतीत्यादौ स्तोकादेर्वारणाय च द्वितीयदलम् । तस्य द्वितीयान्तपदोपस्थाप्यत्वाद्वारणमिति ।**

---

**मुक्तावली** : હવે જો 'પ્રથમાન્તપદોપસ્થાપ્ય' દ્વિતીય દલ ન કહે તો **स्तोकं पचति** સ્થળે સ્તોક પદની સંખ્યા આખ્યાતથી અભિહિત થવાની આપત્તિ આવે, કેમકે આ સ્તોક પદ એ ધાત્વર્થનું જ વિશેષણ (ક્રિયાવિશેષણ) છે એટલે ધાત્વર્થથી અતિરિક્ત અર્થનું તો અવિશેષણ છે, માટે તે કર્મત્વાદ્યનવરુદ્ધ થઈ ગયું. તેથી '**स्तोके पचतः, स्तोकानि पचन्ति**' એવા પ્રયોગ થવાની આપત્તિ આવે, કેમકે તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થાય. પણ તે દ્વિતીયાન્તપદોપસ્થાપ્ય છે એટલે પ્રથમાન્તપદોપસ્થાપ્ય પદના નિવેશથી તેની સંખ્યા આખ્યાતથી અભિહિત થવાની આપત્તિ નહિ આવે. કારણ કે '**क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकलिङ्गता च**' એ નિયમથી સ્તોકાદિ પદો દ્વિતીયાન્ત-પદોપસ્થાપ્ય જ હોય.

---

**मुक्तावली : एवं व्यापारेऽपि न शक्तिर्गौरवात् । रथो गच्छतीत्यादौ तु व्यापारे आश्रयत्वे वा लक्षणा । जानातीत्यादौ आश्रयत्वे, नश्यतीत्यादौ प्रतियोगित्वे निरूढलक्षणा ।**

---

## ★ વ્યાપારમાં શક્તિ નથી ★

**મુક્તાવલી :** આ રીતે નૈયાયિકોએ વૈયાકરણોની જે માન્યતા કે 'આખ્યાતાર્થની શક્તિ કર્તામાં છે' તેનો નિરાસ કરીને આખ્યાતાર્થની શક્તિ કૃતિમાં સાબિત કરી.

મીમાંસકો આખ્યાતની શક્તિ વ્યાપારમાં માને છે. તેમનું કહેવું એ છે કે જો આખ્યાતની શક્તિ કૃતિમાં માનીએ તો **रथो गच्छति** ઇત્યાદિ સ્થળે **उत्तरदेश-संयोगानुकूलकृतिमान् रथः** એવો અન્વય થાય જે બિલકુલ યોગ્ય નથી, કેમકે કૃતિ તો ચેતનમાં રહે, જડ રથમાં નહિ. એટલે કૃતિમાન્ રથ બોલાય જ નહિ. આ આપત્તિ દૂર કરવા તે નૈયાયિકોએ આવા સ્થળે કૃતિની વ્યાપારમાં લક્ષણા કરવી પડે અને **तादृशव्यापारवान् रथः** એવો અન્વય ઉપપન્ન કરવો પડે. આમ વ્યાપારમાં કૃતિની લક્ષણા કરવાનું ગૌરવ ઊભું કરવા કરતાં આખ્યાતની શક્તિ જ વ્યાપારમાં માની લેવાથી લક્ષણા ન કરવી પડે. એટલે આમ લાઘવાત્ આખ્યાતની શક્તિ વ્યાપારમાં જ માનવી જોઈએ.

આની સામે નૈયાયિકો કહે છે કે કૃતિને બદલે વ્યાપારમાં આખ્યાતની શક્તિ માનવામાં પણ ગૌરવ તો છે જ, કેમકે વ્યાપારત્વ એટલે **तज्जन्यत्वे सति तज्जन्य-जनकत्वम् ।** આમ વ્યાપારત્વ એ જન્યત્વથી ઘટિત થવાથી ગૌરવગ્રસ્ત છે માટે કૃતિમાં જ આખ્યાતની શક્તિ માનવી જોઈએ.

**મીમાંસક :** તો પછી **रथो गच्छति** સ્થળે શું કરશો ?

**નૈયાયિક : गमनानुकूलकृतिमान् रथः** એવા તાત્પર્યની અનુપપત્તિ હોવાથી કૃતિની વ્યાપારમાં લક્ષણા જ કરીશું. **गमनानुकूलव्यापारवान् रथः ।**

**મીમાંસક :** ગમનાનુકૂલવ્યાપાર તો તક્ષકાદિકર્તૃકવિલક્ષણસંયોગ છે. તે તો રથ ચાલતો ન હોય ત્યારે પણ હોય છે. એટલે તે વખતે પણ રથ ગમનાનુકૂલવ્યાપારવાન્ હોવાથી '**रथो गच्छति**' પ્રયોગ થવાની આપત્તિ આવે.

**નૈયાયિક :** તો પછી અમે વ્યાપારને બદલે 'આશ્રયત્વ'માં લક્ષણા કરીશું. રથ જ્યારે ચાલતો ન હોય ત્યારે તે ગમનાશ્રયતાવાળો નથી. માટે હવે **रथो गच्छति** પ્રયોગ થવાની આપત્તિ નહિ આવે.

**મીમાંસક :** તો તમને પણ લક્ષણા-કલ્પનાનું ગૌરવ તો આવ્યું ને ?

**નૈયાયિક :** એ ફલમુખગૌરવ છે માટે નિર્દુષ્ટ છે.

**મીમાંસક** : જો આખ્યાતની શક્તિ કૃતિમાં જ કહેશો તો **चैत्रः घटं जानाति** સ્થળે શી રીતે અન્વય કરશો ? કેમકે અહીં **घटज्ञानानुकूलकृतिमान् चैत्रः** એવો અન્વય તો થઈ શકે જ નહિ, કેમકે દરેક વ્યક્તિ પહેલા જાણે છે, પછી ઈચ્છે છે, પછી યત્ન (કૃતિ) કરે છે. એટલે જ્ઞાનાનુકૂલકૃતિ સંભવિત જ નથી. કૃત્યનુકૂલ ઈચ્છા હોય અને ઈચ્છાનુકૂલ જ્ઞાન હોય. (અનુકૂલ = જનક)

**નૈયાયિક** : અહીં આખ્યાતની આશ્રયત્વમાં નિરૂઢ લક્ષણા કરીશું. **चैत्रो घटं जानाति** એટલે **घटज्ञानाश्रयतावान् चैत्रः** એવો અન્વય કરવો.

**घटो नश्यति** ઇત્યાદિ સ્થળે આખ્યાતની 'પ્રતિયોગિત્વ'માં નિરૂઢ-લક્ષણા કરવી, કેમકે **नाशानुकूलकृतिमान् घटः** એવો અન્વય અનુપપન્ન છે માટે **नाशप्रतियोगितावान् घटः** એવો અન્વય કરવો. (નિરૂઢ-લક્ષણા કોને કહેવાય ? તે આગળ પ્રસંગે જણાવીશું.)

---

**मुक्तावली : उपमानाद्यथा शक्तिग्रहस्तथोक्तम् ।**

---

**મુક્તાવલી** : (૨) **ઉપમાનથી શક્તિગ્રહ** : **गवयः गवयपदवाच्यः** ઇત્યાદિ શક્તિગ્રહ-પ્રક્રિયા ઉપમાન-ખંડમાં જણાવી છે.

---

**मुक्तावली : एवं कोशादपि शक्तिग्रहः । सति बाधके क्वचित्त्यज्यते । यथा नीलादिपदानां नीलरूपादौ नीलादिविशिष्टे च शक्तिः कोशेन व्युत्पादिता, तथापि लाघवान्नीलादावेव शक्तिः । नीलादिविशिष्टे तु लक्षणेति ।**

---

**મુક્તાવલી** : (૩) **કોશથી શક્તિગ્રહ** : જિન-પદની શક્તિ જિન-પદાર્થમાં છે ઈત્યાદિ શક્તિગ્રહ કોશથી થાય છે. તેમાં કોઈ બાધક મળે તો તે શક્તિગ્રહનો નૈયાયિકો ત્યાગ કરે છે. દા.ત. કોશમાં નીલ-પદની શક્તિ નીલરૂપ અને નીલરૂપવિશિષ્ટ ઘટ એ બે ય પદાર્થમાં માની છે, પરન્તુ એમાં ગૌરવ છે. લાઘવાત્ નીલ-પદની શક્તિ નીલરૂપ અર્થમાં જ માનવી જોઈએ. નીલરૂપવિશિષ્ટ ઘટમાં લક્ષણા જ કરવી જોઈએ. જો નીલાદિરૂપવિશિષ્ટ ઘટમાં શક્તિ માનીએ તો નીલાદિરૂપવિશિષ્ટ ઘટ શક્ય બન્યો અને શક્યતાવચ્છેદક નીલાદિ રૂપો બન્યા જે અનન્ત છે માટે ગૌરવ આવ્યું. અને નીલાદિ રૂપમાં જ શક્તિ માનીએ તો નીલાદિ રૂપ શક્ય બને અને નીલત્વાદિ જાતિઓ જ શક્યતાવચ્છેદક બને. જાતિ તો એક છે માટે તેને શક્યતાવચ્છેદક માનવામાં લાઘવ છે.

નીલાદિરૂપવિશિષ્ટ ઘટાદિમાં લક્ષણા દ્વારા શાબ્દબોધ ઘટી શકે.

**मुक्तावली : एवमाप्तवाक्यादपि । यथा 'कोकिलः पिकपदवाच्य' इत्यादि-शब्दात्पिकादिपदानां कोकिले शक्तिग्रहः ।**

**મુક્તાવલી : (૪) આપ્તવાક્યથી શક્તિગ્રહ** : આપ્ત પુરૂષ બોલે છે કે **कोकिलः पिकपदवाच्यः** । આ વાક્ય સાંભળનાર બાળક જાણતું ન હતું કે પિક-પદથી કોકિલનું સંબોધન થાય. પણ હવે આ આપ્તવાક્યથી તેને તે વાત સમજાઈ કે પિક-પદની શક્તિ કોકિલમાં છે. આમ આપ્તવાક્યથી તે બાળકને શક્તિગ્રહ થયો.

**मुक्तावली : एवं व्यवहारादपि । यथा प्रयोजकवृद्धेन घटमानयेत्युक्तम्, तच्छ्रुत्वा प्रयोज्यवृद्धेन घट आनीतः, तदवधार्य पार्श्वस्थो बालो घटानयनरूपं कार्यं घटमानयेति शब्दप्रयोज्यमित्यवधारयति । ततश्च घटं नय गां आनयेत्यादिवाक्यादावापोद्वापाभ्यां घटादिपदानां कार्यान्वितघटादौ शक्तिं गृह्णाति । इत्थं च भूतले नीलो घट इत्यादिवाक्यान्न शाब्दबोधः । घटादि-पदानां कार्यान्वितघटादिबोधे सामर्थ्यावधारणात् कार्यताबोधं प्रति च लिङ्गादीनां सामर्थ्यात्तदभावान्न शाब्दबोध इति केचित् ।**

**મુક્તાવલી : (૫) વ્યવહારથી શક્તિગ્રહ** : (પ્રયોજકવૃદ્ધ = ગુરૂ, પ્રયોજયવૃદ્ધ = શિષ્ય)

ગુરૂએ શિષ્યને કહ્યું, **घटमानय** । શિષ્ય ઘટ લાવ્યો. એ જોતાં બાળકે અવધારણ કર્યું કે ઘટાનયનરૂપ કાર્ય **'घटमानय'** એવા શબ્દથી પ્રયોજય છે. આ નિર્ણય કર્યા બાદ **'घटं नय'**, **'गां आनय'** વિગેરે વાક્યોથી-**આવાપ** = કેટલાક પદોના ગ્રહણ, **ઉદ્વાપ** = કેટલાક પદોના ત્યાગપૂર્વક-તેણે ઘટ, ગો વિગેરે પદોની આનયનાદિ કાર્યાન્વિત ઘટાદિમાં શક્તિ છે એવો નિર્ણય કર્યો.

વસ્તુતઃ આવો મત મીમાંસકોનો છે, કેમકે તેઓ જ ઘટાદિ પદોની શક્તિ શુદ્ધ ઘટાદિમાં નથી માનતા પરન્તુ કાર્યાન્વિત ઘટાદિમાં માને છે. એમનો મત મૂકીને હવે મુક્તાવલીકાર એમના જ તરફથી પ્રશ્ન ઊભો કરે છે કે જો આનયનાદિ કાર્યાન્વિત ઘટાદિમાં ઘટાદિ-પદોની શક્તિ હોય તો **भूतले नीलो घटः** એ વાક્યથી શાબ્દબોધ નહિ

થવાની આપત્તિ આવશે, કેમકે અહીં કાર્યતા (કાર્ય) અન્વિત ઘટ પદ નથી. કાર્યતા તો લિઙ્, લોટ્ (આજ્ઞાર્થ, વિધ્યર્થાદિ) વગેરે પ્રત્યયોના પ્રયોગથી જન્ય છે. તે તો અહીં છે નહિ માટે કાર્યતા નથી. અને તેથી અહીં કાર્યાન્વિત ઘટ પદ નથી એટલે હવે શાબ્દબોધ નહિ થાય.

---

**मुक्तावली : तन्न, प्रथमतः कार्यान्वितघटादौ शक्त्यवधारणेऽपि लाघवेन पश्चात्तस्य परित्यागौचित्यात् ।**

---

**મુક્તાવલી :** આનું સમાધાન કરતાં નૈયાયિકો પોતાના તરફથી કહે છે કે માટે જ કાર્યાન્વિત ઘટાદિમાં જ ઘટાદિ-પદોની શક્તિ છે એવો સર્વત્ર નિયમ લાગુ કરાય નહિ. ભલે, પ્રથમતઃ બાળક કાર્યાન્વિત ઘટાદિમાં ઘટાદિ પદોની શક્તિનો ગ્રહ કરે પણ પછી હંમેશ તે રીતે જ શક્તિનો ગ્રહ માનવો તેમાં ગૌરવ છે. એના કરતાં લાઘવાત્ ઘટાદિ પદોની શક્તિનો શુદ્ધ ઘટાદિમાં ગ્રહ થાય એમ માનવું જ ઉચિત છે.

---

**मुक्तावली : अत एव-चैत्र ! पुत्रस्ते जातः, कन्या ते गर्भिणी जाता-इत्यादौ मुखप्रसादमुखमालिन्याभ्यां सुखदुःखे अनुमाय तत्कारणत्वेन पारिशेषाच्छा-ब्दबोधं निर्णीय तद्धेतुतया तं शब्दमवधारयति । तथा च व्यभिचारात् कार्यान्विते न शक्तिः ।**

---

**મુક્તાવલી :** અને વસ્તુસ્થિતિ પણ આમ જ છે, કેમકે **चैत्र ! पुत्रस्ते जातः, चैत्र! कन्या ते गर्भिणी जाता** ઈત્યાદિ સ્થળે આજ્ઞાર્થાદિના પ્રયોગના અભાવે પદો કાર્યાન્વિત ન હોવા છતાં આ વાક્યો સાંભળનાર બાળક, ચૈત્રના મુખ ઉપરના આનંદ કે શોકના ભાવ ઉપરથી સુખ-દુઃખનું અનુમાન કરી લઈને ( **चैत्रः सुखवान् प्रसन्नमुखवत्त्वात्** ઈત્યાદિ ) તે સુખાદિના કારણ તરીકે ચંદનવનિતાદિ કે કણ્ટકાદિનો સંબંધ તો છે નહિ, માટે ચંદનવનિતાદિ કે કણ્ટકાદિને તો સુખાદિ-કારણ ન મનાય, માટે પારિશેષાત્ તે સુખાદિ-કારણ 'ઉક્ત વાક્યદ્વયથી ચૈત્રને ઉત્પન્ન થયેલ શાબ્દબોધ જ છે' એવું અનુમાન કરીને **चैत्र ! पुत्रस्ते जातः, चैत्र ! कन्या ते गर्भिणी जाता** એ વાક્યોને સુખાદિ-જનક શાબ્દબોધના હેતુ તરીકે અનુમાન કરે છે. આમ સુખાદિ-જનક તાદૃશ શાબ્દબોધના પ્રયોજક તરીકે આ વાક્યો સિદ્ધ થઈ ગયા. આમ કાર્યતાબોધક પદ વિનાના પદોનો પણ શાબ્દબોધ થતો હોવાથી 'કાર્યાન્વિત પદાર્થોમાં જ પદની શક્તિ રહે છે' તેવું માની ન

શકાય.

---

**मुक्तावली : न च तत्र तं पश्येत्यादि शब्दान्तरमध्याहार्यं, मानाभावात् । चैत्र ! पुत्रस्ते जातो मृतश्चेत्यादौ तदभावाच्च । इत्थञ्च लाघवादन्वितघटेऽपि शक्तिं त्यक्त्वा घटपदस्य घटमात्रे शक्तिमवधारयति ।**

---

**મુક્તાવલી : મીમાંસક :** ઉક્ત વાક્યોમાં '**तं पश्य**' એ પદ અધ્યાહાર્ય છે, અર્થાત્ સમજી જ લેવાનું છે. એટલે અહીં પણ કાર્યતા (આજ્ઞાર્થ) છે જ. માટે કાર્યાન્વિત ઘટાદિમાં જ શક્તિગ્રહ થયો છે.

**નૈયાયિક :** ના, તેમ માનવામાં કોઈ પ્રમાણ નથી. વળી **चैत्र ! पुत्रस्ते जातो मृतश्च** એ સ્થળે તો '**तं पश्य**' વિગેરે કશુંય અધ્યાહાર નથી એટલે અહીં તો કાર્યાન્વિત ઘટાદિમાં શક્તિગ્રહ થતો જ નથી છતાં શાબ્દબોધ થાય છે માટે શુદ્ધ ઘટાદિમાં જ ઘટાદિ પદની શક્તિ માનવી જોઈએ.

કુમારિલ ભટ્ટ કાર્યાન્વિત ઘટાદિમાં શક્તિ માનતા નથી પણ અન્વિત ઘટાદિમાં શક્તિ માને છે. **घटः अस्ति** । અહીં ઘટ-પદની શક્તિ શુદ્ધ ઘટમાં નથી કિન્તુ સત્તાવિશિષ્ટ (અન્વિત) ઘટમાં જ છે. જો તેમ ન માનીએ તો **सत्तावान् घटः** એવો બોધ અનુપપન્ન થઈ જાય.

આ મતનો પણ નિરાસ કરતાં નૈયાયિકો કહે છે કે અન્વિત ઘટાદિમાં પણ ઘટાદિ પદોની શક્તિ નથી, કેમકે તેમાં ય ગૌરવ છે. માટે લાઘવાત્ શુદ્ધ ઘટાદિમાં જ ઘટાદિ-પદોની શક્તિ માનવી જોઈએ.

---

**मुक्तावली : एवं वाक्यशेषादपि शक्तिग्रहः । यथा यवमयश्चरुर्भवतीत्यत्र यवपदस्य दीर्घशूकविशेषे आर्याणां प्रयोगः कङ्गौ च म्लेच्छानाम् । तत्र हि "यदाऽन्या औषधयो म्लायन्तेऽथैते मोदमानास्तिष्ठन्ति" । "वसन्ते सर्वसस्यानां जायते पत्रशातनम् । मोदमानाश्च तिष्ठन्ति यवाः कणिशशालिनः" ॥ इति वाक्यशेषाद्दीर्घशूके शक्तिर्निर्णीयते, कङ्गौ तु शक्तिभ्रमात्प्रयोगः, नानाशक्तिकल्पने गौरवात् । हर्यादिपदे तु विनिगमकाभावान्नानाशक्ति-कल्पनम् ।**

---

**મુક્તાવલી : (૬) વાક્યશેષથી શક્તિગ્રહ : यवमयः चरुः भवति ।** ચરૂ એટલે ચરૂ નામના પાત્રમાં રહેલું દેવોને આપવા યોગ્ય હવિ. યવમય એટલે યવનો વિકાર. યવમાંથી યવનો ચરૂ (હવિ) બને છે. હવે અહીં 'યવ' પદની શક્તિ શેમાં સમજવી ? કેમકે આર્યો દીર્ઘશૂક(જવ)માં તેની શક્તિ કહે છે અને મ્લેચ્છો પ્રિયઙ્ગુતણ્ડુલમાં તેની શક્તિ કહે છે એટલે સંદેહ પડી જાય છે. આ વખતે અહીં શ્રુતિનું અને સ્મૃતિનું એમ બે વાક્યશેષ મળે છે અને તે ઉપરથી યવ-પદની શક્તિ દીર્ઘશૂકમાં છે એવો નિર્ણય થઈ જાય છે. તે વાક્યશેષ આ પ્રમાણે છે :

(૧) વસંતઋતુમાં બીજા ધાન્યો મ્લાન બને છે ત્યારે આ યવ (દીર્ઘશૂક) આનંદ પામતા રહે છે.

(૨) વસંતઋતુમાં બધા ધાન્યોના પાંદડાઓનો વિનાશ થાય, પણ કણિશ(બીજ)થી શોભતા જવ (દીર્ઘશૂક) આનંદ પામતા રહે છે.

આ બંને વાક્યશેષથી ખબર પડે છે કે યવ-પદની શક્તિ દીર્ઘશૂકમાં છે.

આવા સ્થાને કઙ્ગુ(પ્રિયઙ્ગુતણ્ડુલ)માં યવ-પદની શક્તિનો ગ્રહ કોઈ કરે તો તે ભ્રાન્ત સમજવો.

**પ્રશ્ન** : ભલે ને, દીર્ઘશૂક અને કઙ્ગુ બેયમાં યવ-પદની શક્તિ કેમ ન મનાય ?

**ઉત્તર** : જુદી જુદી બે શક્તિ માનવામાં ગૌરવ છે.

**પ્રશ્ન** : તો પછી કોશથી 'હરિ' પદની શક્તિ સિંહ, વાનર, ઈન્દ્ર વિગેરે અનેકમાં કેમ માનો છો?

**ઉત્તર** : હરિ-પદની શક્તિ સિંહમાં જ છે અને બીજા કોઈમાં નથી એમ કહેવામાં કોઈ વિનિગમક નથી, એટલે ત્યાં વિનિગમના-વિરહાત્ અનેકમાં શક્તિ માનવી પડે છે. જ્યારે યવ-પદની શક્તિ વાક્યશેષાત્મક પ્રમાણથી દીર્ઘશૂકમાં જ મનાય. કઙ્ગુમાં તેની શક્તિ માનવાનું કોઈ પ્રમાણ પણ નથી.

---

**मुक्तावली : एवं विवरणादपि शक्तिग्रहः । विवरणं तु तत्समानार्थकपदान्तरेण तदर्थकथनम्, यथा घटोऽस्तीत्यस्य कलशोऽस्तीत्यनेन विवरणाद्घटपदस्य कलशे शक्तिग्रहः । एवं पचतीत्यस्य पाकं करोतीत्यनेन विवरणादाख्यातस्य यत्नार्थकत्वं कल्प्यते ।**

---

**મુક્તાવલી : (૭) વિવરણથી શક્તિગ્રહ : 'तत्समानार्थकपदान्तर'થી तदर्थનું** કથન કરવું તે વિવરણ કહેવાય. '**घटोऽस्ति**'નું **कलशोऽस्ति** વાક્યથી વિવરણ કર્યું. તો આ વિવરણથી ખબર પડે છે કે ઘટ-પદની શક્તિ કલશમાં છે. એ જ રીતે '**पचति**'નું **पाकं करोति** એવું વિવરણ જાણવાથી આખ્યાત '**ति**'ની શક્તિ કૃતિમાં છે એમ સમજાય છે.

---

**मुक्तावली : एवं प्रसिद्धपदस्य सान्निध्यादपि शक्तिग्रहः । यथा इह सहकारतरौ मधुरं पिको रौतीत्यादौ पिकपदस्य कोकिले शक्तिग्रह इति ।**

---

**મુક્તાવલી : (૮) પ્રસિદ્ધપદસાન્નિધ્યથી શક્તિગ્રહ :** પ્રસિદ્ધ પદોના સાન્નિધ્યથી પણ શક્તિનો ગ્રહ થાય છે. દા.ત. **इह सहकारतरौ मधुरं पिको रौति ।**

અહીં સહકારતરુ અને મધુર શબ્દ એ બે પ્રસિદ્ધ પદો છે. એના સાન્નિધ્યને લીધે 'પિક' પદની શક્તિનો ગ્રહ કોયલમાં છે એ જણાય છે. આંબાનું ઝાડ હોય અને મધુર અવાજ કરતી હોય તે પિક એટલે બીજું કોણ હોય ? કોયલ જ હોવી જોઈએ. આમ પ્રસિદ્ધ પદના સાન્નિધ્યથી પિક-પદની શક્તિનો કોયલમાં ગ્રહ થયો.

આ પ્રમાણે શક્તિગ્રહના ઉપાયોનું નિરૂપણ પૂર્ણ થયું.

---

**मुक्तावली : तत्र जातावेव शक्तिर्न तु व्यक्तौ व्यभिचारादानन्त्याच्च । व्यक्तिं विना जातिभानस्यासम्भवाद्व्यक्तेरपि भानमिति केचित् । तन्न, शक्तिं विना व्यक्तिभानानुपपत्तेः ।**

---

### ★ શક્તિ શેમાં ? વ્યક્તિમાં કે જાતિમાં ? ★

**મુક્તાવલી :** નૈયાયિકો જાતિવિશિષ્ટવ્યક્તિમાં પદની શક્તિ માને છે, જ્યારે મીમાંસકો જાતિમાં જ પદની શક્તિ માને છે. મુક્તાવલીકાર પ્રથમ મીમાંસક મતનો નિર્દેશ કરે છે.

મીમાંસકો કહે છે કે જાતિવિશિષ્ટવ્યક્તિમાં શક્તિ માનનાર નૈયાયિકોને જાતિમાં તો શક્તિ માનવી જ પડે છે, કેમકે જાતિમાં શક્તિ માન્યા વિના જાતિવિશિષ્ટવ્યક્તિમાં શક્તિ માની શકાય જ નહીં, તો પછી જાતિમાં જ શક્તિ શા માટે ન માનવી ? વ્યક્તિમાં (જાતિવિશિષ્ટવ્યક્તિમાં) શક્તિ માનવાની શી જરૂર છે ? વળી જો જાતિવિશિષ્ટ વ્યક્તિમાં શક્તિ માનો તો અમે બે પ્રશ્નો પૂછીએ છીએ કે યત્કિઞ્ચિદ્વ્યક્તિમાં શક્તિ

માનશો ? કે સર્વવ્યક્તિમાં ? જો યત્કિઞ્ચિદ્વ્યક્તિમાં શક્તિ માનશો તો વ્યભિચાર દોષ આવશે, કેમકે હવે તો સો ઘટમાંથી કોઈપણ એકાદ ઘટમાં જ ઘટપદની શક્તિ માનવાની રહે અને તો પછી ઘટપદથી તે એક જ ઘટ-પદાર્થની ઉપસ્થિતિ માનવાની રહે. પરંતુ ઘટપદથી એક જ ઘટ-પદાર્થની ઉપસ્થિતિ થતી નથી, પણ તમામ ઘટ-પદાર્થની ઉપસ્થિતિ થાય છે. એટલે સર્વ ઘટ-પદાર્થોનો શાબ્દબોધ એ ઘટપદ-શક્તિગ્રહ વિના જ થયો હોવાથી વ્યતિરેક-વ્યભિચાર આવે.

હવે જો એમ કહો કે બધી ઘટવ્યક્તિમાં ઘટપદની શક્તિ છે તો ભલે ઉક્ત વ્યતિરેક વ્યભિચાર નહિ આવે કિન્તુ ઘટવ્યક્તિ અનન્ત હોવાથી શક્તિ પણ અનન્ત બની જશે. અમારે તો ઘટત્વ જાતિમાં જ ઘટપદની શક્તિ છે એટલે ઘટત્વ જાતિ એક હોવાથી ઘટપદની શક્તિ પણ એક જ રહેશે.

**નૈયાયિક** : તમે જો જાતિમાં જ શક્તિ માનશો તો વ્યક્તિનું ભાન શી રીતે થશે ? જો પદમાં વ્યક્તિની શક્તિ ન હોય તો પદથી વ્યક્તિનું ભાન નહિ જ થઈ શકે.

**મીમાંસક** : અમે કહીશું કે વ્યક્તિને વિષય કર્યા વિના વ્યક્તિનિષ્ઠજાતિની શક્તિનું ભાન થઈ શકતું જ નથી એટલે જાતિની શક્તિ માનવા છતાં ય વ્યક્તિનું ભાન તો થશે જ.

**નૈયાયિક** : નહિ, એ વાત બરોબર નથી. જો વ્યક્તિની શક્તિ પદમાં ન હોય તો તે પદથી વ્યક્તિનું ભાન થઈ શકે જ નહિ. 'ગો'પદ ગોત્વમાં શક્ત હોય તો તે 'ગો'પદ ગોત્વનું જ ભાન કરાવી શકે, 'ગો'-વ્યક્તિનું ભાન કરાવી શકે જ નહિ.

---

**मुक्तावली : न च व्यक्तौ लक्षणा, अनुपपत्तिप्रतिसन्धानं विनापि व्यक्ति-बोधात् । न च व्यक्तिशक्तावानन्त्यम्, सकलव्यक्तावेकस्या एव शक्तेः स्वीकारात् । न चाननुगमः, गोत्वादेरेवानुगमकत्वात् ।**

---

### ★ વ્યક્તિમાં લક્ષણા નથી ★

**મુક્તાવલી : મીમાંસક** : તો અમે એમ કહીશું કે 'ગો'પદમાં શક્તિ તો ગોત્વ જાતિની જ છે પણ 'ગો'વ્યક્તિમાં તેની લક્ષણા કરવી.

**નૈયાયિક** : લક્ષણા ક્યાં થાય ? જ્યાં શક્તિસંબંધ લેવા જતાં અન્વય અનુપપન્ન થતો હોય ત્યાં.

દા.ત. **गङ्गायां घोषः** સ્થળે ગઙ્ગા-પદની શક્તિ પ્રવાહમાં છે, પણ પ્રવાહમાં

ઘોષનો અન્વય અનુપપન્ન બને છે માટે ગઙ્ગા-પદની તીરમાં લક્ષણા કરીને તીરમાં ઘોષનો અન્વય ઉપપન્ન કર્યો. પ્રસ્તુતમાં તો તેવું છે નહિ. **घटोऽस्ति ।** આ સ્થળે ઘટ-પદની શક્તિ ઘટત્વ જાતિમાં માનીએ તો તેનો **'अस्ति'** પદાર્થ સત્તા સાથે અન્વય અનુપપન્ન નથી. 'ઘટત્વ છે' એ અન્વય યોગ્ય જ છે. તો પછી હવે શા માટે તમારે ઘટ-પદની ઘટવ્યક્તિમાં લક્ષણા કરવાનું કહેવું જોઈએ ? હવે આમ અહીં ઘટ-વ્યક્તિમાં લક્ષણાની જરૂર નથી અને ઘટપદમાં ઘટવ્યક્તિની શક્તિ પણ (તમારા મતે) નથી છતાં ઘટવ્યક્તિનો શાબ્દબોધ થાય છે માટે વ્યતિરેક-વ્યભિચાર આવ્યો. એટલે જાતિમાં શક્તિ ન માનવી જોઈએ કિન્તુ જાતિવિશિષ્ટવ્યક્તિમાં જ શક્તિ માનવી જોઈએ.

**મીમાંસક :** પણ જાતિવિશિષ્ટવ્યક્તિમાં શક્તિ માનવાથી વ્યક્તિ અનંત હોવાથી શક્તિ પણ અનન્ત માનવાનું ગૌરવ આવશે તેનું શું ?

**નૈયાયિક :** નહિ, અમે સકળ 'ગો'વ્યક્તિની એક જ શક્તિ 'ગો'પદમાં માનીશું.

**મીમાંસક :** તો પછી અનનુગમ દોષ આવશે. સકળ 'ગો'વ્યક્તિમાં એક જ અનુગત શક્તિ હોવા છતાં 'ગો'વ્યક્તિઓ તો અનનુગત છે ને ? એટલે શક્તિજ્ઞાન-કારણતાનો અવચ્છેદક અનનુગત 'ગો'વ્યક્તિ તો બની શકે નહિ. તો હવે અવચ્છેદકની અપ્રસિદ્ધિને લીધે શક્તિજ્ઞાનની કારણતા જ અનુપપન્ન થઈ જશે.

**નૈયાયિક :** નહિ, અનુગત ગોત્વને લઈને અમે અનુગમ કરી લઈશું. શક્તિજ્ઞાન એ શાબ્દબોધનું કારણ છે. શક્તિજ્ઞાનમાં કારણતા રહી. એ કારણતાનો અવચ્છેદક ગોત્વ બનશે. ગોત્વપ્રકારકગોવિશેષ્યકશાબ્દબોધ પ્રત્યે ગોત્વાવચ્છિન્નગોવિશેષ્યક-શક્તિજ્ઞાનને અમે કારણ કહીશું. આ કારણીભૂતજ્ઞાનમાં ગોત્વ વિશેષણ છે માટે તે કારણતાવચ્છેદક બને. આમ હવે અનનુગમ દોષ રહેતો નથી.

---

**मुक्तावली : किञ्च गौः शक्येति शक्तिग्रहो यदि तदा व्यक्तौ शक्तिः । यदि तु गोत्वं शक्यमिति शक्तिग्रहस्तदा गोत्वप्रकारकपदार्थस्मरणं शाब्दबोधश्च न स्यात् समानप्रकारकत्वेन शक्तिज्ञानस्य पदार्थस्मरणं शाब्दबोधं प्रति च हेतुत्वात् ।**

---

**મુક્તાવલી :** આ રીતે મુક્તાવલીકારે (જાતિવિશિષ્ટ) વ્યક્તિમાં શક્તિ માનવાનો નૈયાયિકનો મત સ્થિર કર્યો. હવે જાતિમાં શક્તિ માનવામાં દોષો પણ છે તે વાત બતાવવાની ભૂમિકા કરે છે.

**નૈયાયિક** : તમે મીમાંસકો જાતિમાં શક્તિ માનો છો તો અમે તમને પૂછીશું કે **गौः 'गो'पदशक्या ?** કે **गोत्वं 'गो'पदशक्यम् ?** બોલો, કયો શક્તિગ્રહ થાય છે ?

જો એમ કહો કે **गौः 'गो'पदशक्या** એવો શક્તિગ્રહ થાય છે તો તો હવે વ્યક્તિમાં જ શક્તિ સાબિત થઈ ગઈ. અને જો **गोत्वं 'गो'पदशक्यम्** એવો શક્તિગ્રહ કહો તો પછી ગોત્વપ્રકારક પદાર્થ-સ્મરણ કે ગોત્વપ્રકારક શાબ્દબોધ નહિ થવાની આપત્તિ આવશે. કેમકે **गोत्वं 'गो'पदशक्यम्** એ શક્તિગ્રહ તો ગોત્વત્વપ્રકારક ગોત્વવિશેષ્યક શક્તિગ્રહ છે, માટે તે તો ગોત્વત્વપ્રકારક ગોત્વવિશેષ્યક પદાર્થ-સ્મરણ કે શાબ્દબોધ પ્રત્યે જ કારણ બની શકે. આમ થતાં હવે **गोत्वप्रकारकगो-विशेष्यका अयं गौः** ઇત્યાદિ વાક્યનો શાબ્દબોધ નહિ થવાની આપત્તિ આવશે.

શક્તિજ્ઞાનમાં જે પ્રકાર અને વિશેષ્ય તરીકે ભાસે તે જ જો પદાર્થ-સ્મરણ કે શાબ્દબોધમાં પ્રકાર અને વિશેષ્ય તરીકે ભાસે તો જ તે પદાર્થ-સ્મરણ કે શાબ્દબોધ પ્રત્યે તે શક્તિગ્રહ કારણ બની શકે.

---

**मुक्तावली : किञ्च गोत्वे यदि शक्तिस्तदा गोत्वत्वं शक्यतावच्छेदकं वाच्यम्, गोत्वत्वं तु गवेतरासमवेतत्वे सति सकलगोसमवेतत्वम्, तथा च गोव्यक्तीनां शक्यतावच्छेदकेऽनुप्रवेशात्तवैव गौरवम् । तस्मात्तत्तज्जात्या-कृतिविशिष्टतत्तद्व्यक्तिबोधानुपपत्त्या कल्प्यमाना शक्तिर्जात्याकृतिविशिष्ट-व्यक्तौ विश्राम्यतीति ।**

---

**મુક્તાવલી** : વળી જો 'ગો'પદની શક્તિ ગોત્વમાં માનશો તો ગોત્વ એ શક્ય બનશે અને ગોત્વત્વ એ શક્યતાવચ્છેદક બનશે. હવે અમે પૂછીશું કે આ ગોત્વત્વ એટલે શું? તેના ઉત્તરમાં તમારે એ જ કહેવું પડશે કે **गवेतरासमवेतत्वे सति सकलगोव्यक्ति-समवेतत्वम् ।** (ગવેતરમાં અસમવેત હોઈને જે સકલ ગોમાં સમવેત હોય તે ગોત્વ કહેવાય.) હવે આમ શક્યતાવચ્છેદકમાં સકલ ગોવ્યક્તિનો તો સમાવેશ થઈ જ ગયો. એટલે અમે સકલ ગોવ્યક્તિમાં શક્તિની કલ્પના કરી અને તમારે સકલ ગોવ્યક્તિનો શક્યતાવચ્છેદકમાં પ્રવેશ થઈ ગયો એટલું ગૌરવ તો બેયને સમાન થયું, પણ અમારે વ્યક્તિ શક્ય બને છે માટે તન્નિષ્ઠ ગોત્વાદિ જાતિ જ શક્યતાવચ્છેદક બને છે, જ્યારે તમારે ઉક્તસ્વરૂપ ગુરૂભૂત ગોત્વત્વ ધર્મને શક્યતાવચ્છેદક કલ્પવો પડે છે એ તમારા

મતમાં વધારાનું ગૌરવ છે, માટે જાતિમાં શક્તિ માની શકાય નહિ.

જો જાતિ-આકૃતિવિશિષ્ટ તે તે ઘટાદિ વ્યક્તિમાં શક્તિ નહિ માનો તો તે તે ઘટાદિ પદોથી તે તે વ્યક્તિઓનો શાબ્દબોધ અનુપપન્ન થઈ જાય. એટલે તે તે વ્યક્તિમાં તે તે પદની શક્તિ માનવી જ જોઈએ અને તે શક્તિ માત્ર જાતિમાં નહિ, માત્ર વ્યક્તિમાં નહિ કિન્તુ જાત્યાદિવિશિષ્ટ વ્યક્તિમાં જ માનવી જોઈએ.

---

**मुक्तावली : शक्तं पदम्, तच्चतुर्विधम् । क्वचिद्यौगिकं, क्वचिद्रूढं, क्वचिद्योगरूढम्, क्वचिद्यौगिकरूढम् । तथाहि-यत्रावयवार्थ एव बुध्यते तद्यौगिकम्, यथा पाचकादिपदम् ।**

---

### ★ પદના ચાર પ્રકાર ★

**મુક્તાવલી :** પદમાં શક્તિ રહે છે માટે પદ શક્તિમાન્ = શક્ત કહેવાય. આ શક્ત પદ ચાર જાતના હોય છે : યૌગિક, રૂઢ, યોગરૂઢ, યૌગિકરૂઢ.

(૧) **યૌગિકપદ :** જે પદ પોતાના અવયવાર્થને જ જણાવે તે યૌગિક પદ કહેવાય, અર્થાત્ જે પદમાં અવયવાર્થનો બોધ કરાવવાની શક્તિ હોય તે પદ યૌગિક કહેવાય. દા.ત. 'પાચક' પદ. અહીં બે અવયવ છે : **पच्** પ્રકૃતિ અને **अक ( णक )** પ્રત્યય. બે ય અવયવોનો અર્થ 'પાકકર્તા' થાય છે. 'પાચક' પદ અવયવાર્થ પાકકર્તાનો બોધ કરાવે છે માટે 'પાચક' પદ યૌગિક કહેવાય. ટૂંકમાં અવયવની શક્તિથી જે પદ શાબ્દબોધ કરાવે તે પદ યૌગિક કહેવાય.

---

**मुक्तावली : यत्रावयवशक्तिनिरपेक्षया समुदायशक्त्या बुध्यते तद्रूढम्, यथा गोमण्डलादिपदम् ।**

---

(૨) **રૂઢપદ :** જ્યાં અવયવ-શક્તિની કોઈ અપેક્ષા જ નથી અને માત્ર સમુદાય-શક્તિ જ અપેક્ષિત છે, એટલે કે અવયવશક્તિનિરપેક્ષ એવી સમુદાયશક્તિથી જે પદ અર્થબોધ કરાવે તે પદ રૂઢ કહેવાય. દા.ત. 'ગો' પદ, 'મણ્ડલ' પદ વિગેરે.

'ગો'પદ રૂઢ કહેવાય. **गच्छतीति गौः** એવી અવયવશક્તિની અહીં અપેક્ષા નથી. જો તેમ હોત તો મનુષ્ય પણ ગો કહેવાત. અહીં તો પ્રકૃતિ-પ્રત્યયના સમુદાયરૂપ રૂઢિથી તાદૃશસંસ્થાનવિશિષ્ટ ગો પ્રાણીમાં જ 'ગો' પદની શક્તિ વ્યવસ્થિત થયેલી છે. એ જ

રીતે 'મણ્ડલ' પદ પણ રૂઢ છે.

મણ્ડલ પદ સૂર્યાદિરોધક કુણ્ડલાકાર પરિધિમાં જ રૂઢ છે પણ **मण्डं लाति** એવો અવયવાર્થ લઈને ઓદનને ગ્રહણ કરનાર વ્યક્તિનું બોધક નથી. આમ અહીં અવયવ-શક્તિનિરપેક્ષ એવી સમુદાયશક્તિથી 'મણ્ડલ' પદ શાબ્દબોધ કરાવે છે માટે તે રૂઢપદ કહેવાય.

---

**मुक्तावली : यत्र तु अवयवशक्तिविषये समुदायशक्तिरप्यस्ति तद्योगरूढम्, यथा पङ्कजादिपदम् । तथाहि-पङ्कजपदमवयवशक्त्या पङ्कजनिकर्तृरूपमर्थं बोधयति, समुदायशक्त्या च पद्मत्वेन रूपेण पद्मं बोधयति ।**

---

(૩) **યોગરૂઢ :** જ્યાં અવયવ-શક્તિ છે અને તેમાં જ સમુદાયશક્તિ પણ છે તે પદ યોગરૂઢ કહેવાય, અર્થાત્ જ્યાં બે ય શક્તિનું સામાનાધિકરણ્ય છે તેવું પદ યોગરૂઢ કહેવાય. દા.ત. 'પંકજ' પદ. અહીં '**पङ्कात् जायते इति पङ्कजम्**' એવી અવયવશક્તિ પઙ્કજનિકર્તૃત્વરૂપ અર્થનો બોધ કરાવે છે અને 'પઙ્કજ' એ આખા સમુદાયની શક્તિ પદ્મનો બોધ કરાવે છે. (પઙ્કજ એટલે પદ્મ) પદ્મ એ પંકમાંથી ઉત્પન્ન થયેલું પણ છે જ. એટલે અહીં અવયવશક્તિસહકૃત સમુદાયશક્તિથી 'પઙ્કજ' પદ પદ્મનો બોધ કરાવે છે માટે પઙ્કજ પદ યોગરૂઢ કહેવાય. (અવયવશક્તિને કારણે યોગ અને સમુદાયશક્તિને કારણે રૂઢ.)

---

**मुक्तावली : न च केवलयाऽवयवशक्त्या कुमुदे प्रयोगः स्यादिति वाच्यम्, रूढिज्ञानस्य केवलयौगिकार्थबुद्धौ प्रतिबन्धकत्वादिति प्राञ्चः ।**

---

**પ્રશ્ન :** પઙ્કજ પદ પોતાની એકલી અવયવશક્તિ દ્વારા (પંકમાંથી ઉત્પન્ન થનાર) કુમુદનો કે દેડકાનો બોધ કેમ ન કરાવી શકે ?

(કુમુદ એ ચન્દ્રવિકાસી કમળ છે, જ્યારે પઙ્કજ (પદ્મ જેનું બીજું નામ છે) એ સૂર્યવિકાસી કમળ છે એટલે પંકજથી પદ્મનો જ બોધ થાય, કુમુદનો નહિ. પણ અહીં પ્રશ્ન કરનારનો આશય એ છે કે પંકજની અવયવશક્તિ(પંકમાં ઉત્પન્ન થવું તે) તો કુમુદમાં પણ છે જ, કેમકે કુમુદ પણ પંકમાંથી જ ઉત્પન્ન થાય છે. વળી દેડકો પણ પંકમાં ઉત્પન્ન થાય છે તો પંકજ પદની એકલી અવયવશક્તિથી કુમુદ કે દેડકો કેમ વાચ્ય ન બને ? હા, પંકજ પદની સમુદાયશક્તિ ભલે પદ્મની જ વાચક બની શકે, કુમુદ કે દેડકાની

નહિ. પણ તેની એકલી અવયવશક્તિ તો કુમુદ કે દેડકાની વાચક કેમ ન બને ?)

**ઉત્તર** : રૂઢિનું જ્ઞાન (સમુદાયશક્તિનું જ્ઞાન) કેવળ યોગાર્થ (અવયવાર્થ) જ્ઞાનનું પ્રતિબંધક છે. 'પઙ્કજ પદની રૂઢિ પદ્મમાં જ છે' એવું જે જ્ઞાન છે તેથી હવે પંકજ પદની એકલી અવયવશક્તિથી થનારું કુમુદ કે દેડકાનું જ્ઞાન પ્રતિબધ્ય બની જાય.

---

**मुक्तावली : वस्तुतस्तु समुदायशक्त्युपस्थितपद्मेऽवयवार्थपङ्कजनिकर्तुरन्वयो भवति सान्निध्यात् । यत्र तु रूढ्यर्थस्य बाधः प्रतिसन्धीयते तत्र लक्षणया कुमुदादेर्बोधः ।**

---

**મુક્તાવલી** : ઉપરોક્ત જવાબ પ્રાચીનોનો છે, પણ નવ્યોને આમાં અસ્વરસ છે. તેમનું કહેવું એ છે કે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ તો તદભાવવ્યાપ્યવત્તા બુદ્ધિ અને તદ્વ્યાપ્યવત્તા-બુદ્ધિ વચ્ચે જ હોઈ શકે. રૂઢિજ્ઞાન અને યોગાર્થ-જ્ઞાન એ બે કાંઈ તદભાવવ્યાપ્યવત્તા-બુદ્ધિ અને તદ્વ્યાપ્યવત્તાબુદ્ધિરૂપ નથી, માટે તે બે વચ્ચે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ બની શકે નહિ. માટે આ જવાબ બરોબર નથી.

એટલે 'પંકજ' પદની અવયવશક્તિથી કુમુદ કે દેડકાનો બોધ કેમ ન થાય ? એનું સમાધાન આ જ આપવું જોઈએ કે અવયવાર્થનો અન્વય સમુદાયશક્તિથી ઉપસ્થિત થયેલા પદાર્થમાં જ થાય. 'પંકજ' પદનો જે પંકજનિકર્તૃત્વરૂપ અવયવાર્થ છે તેનો અન્વય ત્યાં જ થાય જ્યાં પંકજ પદની સમુદાયશક્તિનો અન્વય થતો હોય. હવે પંકજ પદની સમુદાયશક્તિ(રૂઢિ)થી પદ્મ જ ઉપસ્થિત થાય છે માટે તે પદ્મમાં જ પંકજનિકર્તૃત્વરૂપ અવયવાર્થનો અન્વય થઈ શકે. કુમુદ કે દેડકામાં પંકજ પદની સમુદાયશક્તિ(રૂઢિ)નો અન્વય નથી થતો માટે ત્યાં હવે પંકજનિકર્તૃત્વરૂપ અવયવાર્થ હોવા છતાં તેનો અન્વય ન થાય, કેમકે ત્યાં રૂઢ્યર્થનું સાન્નિધ્ય નથી. એટલે પંકજ પદથી પદ્મનો જ બોધ થાય, કુમુદ કે દેડકાનો નહિ.

**પ્રશ્ન** : જ્યાં કુમુદના તાત્પર્યથી જ **'अत्र पङ्कजमस्ति'** એવો વાક્યપ્રયોગ થયો હોય ત્યાં પંકજનો અન્વય રૂઢ્યર્થ એવા પદ્મમાં તો બાધિત છે, તો ત્યાં પંકજ પદથી યૌગિકાર્થ પંકજનિકર્તૃત્વને લઈને કુમુદનો બોધ થાય કે નહિ ? તમે તો સમુદાયશક્તિનો જ્યાં અન્વય નથી ત્યાં અવયવશક્તિનો પણ અન્વય કરતા નથી, તો પછી કુમુદમાં સમુદાયશક્તિ ન હોવાથી હવે પંકજનિકર્તૃત્વરૂપ અવયવશક્તિનો પણ અન્વય કરશો કે નહિ? ટૂંકમાં અહીં પંકજ પદનો યૌગિકાર્થ લઈને કુમુદનો બોધ માનશો કે નહિ ?

ઉત્તર : આવા સ્થાને પંકજ પદની કુમુદમાં શક્તિ ન લેતાં કુમુદમાં લક્ષણા લઈશું એટલે તેવા સ્થાને પંકજ પદની લક્ષણાથી કુમુદનો બોધ થઈ શકે. આથી હવે પંકજ પદની એકલી અવયવશક્તિ લઈને કુમુદનો બોધ કરવાની જરૂર નહિ રહે, એટલે જ્યાં સમુદાયશક્તિ હોય ત્યાં જ અવયવ-શક્તિથી બોધ થાય એ નિયમમાં હવે આપત્તિ નહિ આવે.

---

**मुक्तावली : यत्र तु कुमुदत्वेन रूपेण बोधे न तात्पर्यज्ञानं पद्मत्वस्य च बाधस्तत्रावयवशक्तिमात्रेण निर्वाह इत्यप्याहुः । यत्र तु स्थलपद्मादाव-वयवार्थबाधस्तत्र समुदायशक्त्या पद्मत्वेन रूपेण बोधः । यदि तु स्थलपद्मं विजातीयमेव तदा लक्षणयैवेति ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : પણ હવે **अत्र पङ्कजमस्ति** । આ વાક્યપ્રયોગમાં પંકજ પદથી કુમુદનો બોધ કરવાનું તાત્પર્ય નથી (જો તેમ હોત તો તો કુમુદમાં લક્ષણા કરી લેત) અને પદ્મત્વનો બાધ છે, કેમકે સામે જે પંકજ છે તે ચન્દ્રવિકાસી કુમુદ જ છે એટલે તેમાં સૂર્યવિકાસી પદ્મત્વનો બાધ પણ છે જ. અહીં પંકજનિકર્તૃત્વરૂપેણ બોધ કરવાનું જ તાત્પર્ય છે. હવે અહીં પંકજ પદથી કોનો બોધ કરશો ?

**ઉત્તર** : આવા સ્થળે તો પંકજ પદની એકલી અવયવશક્તિથી પંકજનિકર્તૃત્વરૂપ અર્થનો જ બોધ માનવો જ પડશે.

વળી સ્થલપદ્મ (ગુલાબ) કે ચિત્રમાં દોરેલું પદ્મ હોય તેને 'પંકજ' તરીકે સંબોધવામાં આવે ત્યારે ત્યાં પંકજનિકર્તૃત્વરૂપ અવયવાર્થનો તો બાધ જ છે (ગુલાબ કે ચિત્રિત પદ્મ પંકમાં ઉત્પન્ન થતું નથી.) એટલે ત્યાં તો અવયવશક્તિનિરપેક્ષ એકલી સમુદાયશક્તિ(રૂઢિ)થી જ પંકજ પદથી તે પદ્મનો બોધ માનવો જોઈએ.

**પ્રશ્ન** : સ્થલપદ્માદિ એ પંકોત્પન્ન પદ્મથી વિજાતીય છે માટે તેમાં વિજાતીય પદ્મત્વ છે, તેનો રૂઢિથી શી રીતે બોધ થાય ?

**ઉત્તર** : સારું, તો ત્યાં એકલી સમુદાયશક્તિથી બોધ ન લેતાં લક્ષણાથી બોધ માનવો. પંકજ પદની સ્થલપદ્માદિમાં લક્ષણા કરવી.

---

**मुक्तावली : यत्र तु यौगिकार्थरूढ्यर्थयोः स्वातन्त्र्येण बोधस्तद्यौगिक-रूढम्, यथोद्भिदादिपदम् । तत्र हि उद्भेदनकर्ता तरुगुल्मादिर्बुध्यते**

यागविशेषोऽपीति ॥

---

(૪) **યૌગિકરૂઢ** : જ્યાં યૌગિકાર્થ અને રૂઢ્યર્થનો સ્વાતન્ત્ર્યેણ બોધ થાય ત્યાં તે પદ યૌગિકરૂઢ કહેવાય.

યોગરૂઢમાં યોગાર્થ અને રૂઢ્યર્થનો સ્વાતન્ત્ર્યેણ બોધ ન હતો, બેયની એક જ સ્થાને પરસ્પરાપેક્ષા હતી. પંકજનો યોગાર્થ અને રૂઢ્યર્થ બે ય પદ્મમાં છે. જ્યારે અહીં બેયનો સ્વાતન્ત્ર્યેણ બોધ વિવક્ષિત છે. દા.ત. ઉદ્ભિદ્ પદ એ યૌગિકરૂઢ છે. **ऊर्ध्वं भिनत्ति इति उद्भिद् ।** આ અવયવાર્થથી ઉદ્ભેદનકર્તૃત્વવિશિષ્ટ તરુનો બોધ થાય છે અને સમુદાયશક્તિ(રૂઢિ)થી ઉદ્ભિદ્ નામના યજ્ઞનો બોધ થાય છે. એ જ રીતે 'મહારજત' પદ યૌગિકરૂઢ છે, કેમકે તેની અવયવાર્થ-શક્તિથી મોટી ચાંદીનો બોધ થાય છે, જ્યારે રૂઢિથી તો તે સુવર્ણનો બોધ કરાવે છે.

પંકજમાં જેમ પંકજનિકર્તૃ (યોગાર્થ) એ જ પદ્મ (રૂઢ્યર્થ) હતું તેમ અહીં મહારજત એ જ સોનું નથી, ઉદ્ભિદ્ (તરૂ) એ જ યજ્ઞવિશેષ નથી.

આમ આ ઉદ્ભિદ્ વિગેરે પદો ક્યારેક અવયવશક્તિથી તરૂમાં તો ક્યારેક સમુદાયશક્તિથી યજ્ઞવિશેષમાં પ્રયુક્ત થાય છે, અર્થાત્ અહીં બે શક્તિ પરસ્પર અપેક્ષા વિના વિભિન્ન બોધ કરાવે છે.

અહીં શક્તિ નામના એક સંબંધની વિચારણા પૂર્ણ થઈ. હવે મુક્તાવલિકાર લક્ષણા નામનો બીજો સંબંધ જણાવે છે.

**कारिकावली : लक्षणा शक्यसम्बन्धस्तात्पर्यानुपपत्तितः ।**

**मुक्तावली : लक्षणेति । गङ्गायां घोष इत्यादौ गङ्गापदस्य शक्यार्थे प्रवाहरूपे घोषस्यान्वयानुपपत्तिस्तात्पर्यानुपपत्तिर्वा यत्र प्रतिसन्धीयते तत्र लक्षणया तीरस्य बोध इति । सा च शक्यसम्बन्धरूपा । तथाहि-प्रवाहरूपशक्यार्थ-सम्बन्धस्य तीरे गृहीतत्वात्तीरस्य स्मरणम् । ततः शाब्दबोधः ।**

### ★ લક્ષણા-નિરૂપણ ★

**મુક્તાવલી : શક્યસમ્બન્ધ એ લક્ષણા છે.**

**गङ्गायां घोषः** સ્થળે ગઙ્ગા-પદની શક્તિ ગઙ્ગા-પ્રવાહમાં છે માટે પ્રવાહ એ શક્ય કહેવાય. તેનો સામીપ્યરૂપ સંબંધ તીરમાં છે. (પ્રવાહની સમીપ તીર છે માટે તીરમાં પ્રવાહ-સામીપ્ય છે.) આ શક્યનો સામીપ્યરૂપ જે સંબંધ તે જ લક્ષણા છે. ગઙ્ગા-પદમાં શક્તિસંબંધ છે તેમ લક્ષણાસંબંધ પણ છે. એટલે **गङ्गायां घोषः** વાક્ય સાંભળતાં શક્ય પ્રવાહ ઉપસ્થિત થાય છે, પણ જ્યારે તેનો **घोष** = આભીરપલ્લી સાથે અન્વય કે તાત્પર્ય ઉપપન્ન થતાં નથી ત્યારે તરત પ્રવાહના સંબંધી તીરનું સ્મરણ થાય છે અને તેથી **गङ्गायां** = **गङ्गातीरे** એવો બોધ થાય છે.

આમ જ્યારે એક શક્યનો બીજા શક્ય સાથે અન્વય અનુપપન્ન થાય કે તાત્પર્ય અનુપપન્ન થાય ત્યારે પદની શક્યસંબંધીમાં લક્ષણા કરવી પડે છે. એટલે લક્ષણાનું બીજ અન્વય કે તાત્પર્યની અનુપપત્તિ થયું.

**मुक्तावली : परन्तु यद्यन्वयानुपपत्तिर्लक्षणाबीजं स्यात्तदा यष्टीः प्रवेशयेत्यत्र लक्षणा न स्यात्, यष्टिषु प्रवेशान्वयस्यानुपपत्तेरभावात् । तेन यष्टिप्रवेशे भोजनतात्पर्यानुपपत्त्या यष्टिधरेषु लक्षणा ।**

**મુક્તાવલી :** આમ પ્રાચીનો તો અન્વયાનુપપત્તિથી પણ લક્ષણા માને છે, પણ નવ્યો તો માત્ર તાત્પર્યાનુપપત્તિથી જ લક્ષણા માને છે. તેમનું કહેવું એ છે કે જો અન્વયાનુપપત્તિને લક્ષણાનું બીજ (હેતુ) માનવામાં આવે તો **'यष्टीः प्रवेशय'** સ્થળે 'યષ્ટી'પદની યષ્ટિધરમાં લક્ષણા નહિ થવાની આપત્તિ આવે, કેમકે યષ્ટીનો પ્રવેશ સાથે

અન્વય અનુપપન્ન નથી, કેમકે યષ્ટીનો પ્રવેશ જરૂર થઈ શકે છે. માટે સર્વત્ર તાત્પર્યાનુપપત્તિને જ લક્ષણાનું બીજ માનવું જોઈએ. '**यष्टीः प्रवेशय**' એવું વાક્ય જે વક્તા બોલે છે તેની ઈચ્છા (તાત્પર્ય) યષ્ટિધરોને ભોજન કરાવવા માટેના પ્રવેશની છે. હવે યષ્ટિથી શક્યાર્થ યષ્ટિ = લાકડી જ લઈએ તો તેને તો ભોજનનું તાત્પર્ય અનુપપન્ન જ થઈ જાય છે. એટલે ભોજન-તાત્પર્યાનુપપત્ત્યા 'યષ્ટિ'-પદની યષ્ટિધરમાં લક્ષણા કરી દેવાય.

---

**मुक्तावली : एवं काकेभ्यो दधि रक्ष्यतामित्यादौ काकपदस्य दध्युपघातके लक्षणा, सर्वतो दधिरक्षायास्तात्पर्यविषयत्वात् । एवं छत्रिणो यान्तीत्यादौ छत्रिपदस्यैकसार्थवाहित्वे लक्षणा ।**

---

**મુક્તાવલી** : એ જ રીતે '**काकेभ्यो दधि रक्ष्यताम्**' સ્થળે 'કાક'પદની દધ્યુપઘાતકોમાં લક્ષણા થાય છે, કેમકે આ વાક્ય બોલનાર વક્તાનું તાત્પર્ય માત્ર કાકથી દધિ-રક્ષાનું નથી કિન્તુ કાક અને તેના જેવા બીજા બધા ય દધ્યુપઘાતકોથી દધિ-રક્ષાનું તાત્પર્ય છે. હવે 'કાક' પદથી જો શક્યાર્થ કાક જ લઈએ તો સર્વતઃ દધિરક્ષાનું વક્તાનું તાત્પર્ય અનુપપન્ન થઈ જાય છે. માટે તાત્પર્યાનુપપત્ત્યા 'કાક' પદની દધ્યુપઘાતક બિલાડાદિ બધાયમાં લક્ષણા કરવી જોઈએ. કાક જેમ અનિષ્ટકારક છે તેમ બિલાડાદિ પણ અનિષ્ટકારક છે માટે અનિષ્ટકારકત્વ સંબંધરૂપ આ લક્ષણા થઈ.

અથવા કાક જેમ દધિ-ઉપઘાતક છે તેમ બિલાડાદિ પણ દધિ-ઉપઘાતક છે. એટલે દધિ-ઉપઘાતકત્વ સંબંધથી પણ લક્ષણા થઈ શકે.

એ જ રીતે '**छत्रिणो यान्ति**' સ્થળે છત્રવાળા અને છત્ર વિનાના-એમ આખા ય સાર્થવાહને કહેવાનું વક્તાનું તાત્પર્ય છે. તે તાત્પર્ય છત્રિ પદથી શક્યાર્થ માત્ર છત્રિ (છત્રવાળા) લેવાથી અનુપપન્ન થઈ જાય છે માટે તાત્પર્યાનુપપત્ત્યા છત્રિ પદની છત્રિ-અછત્રિ ઉભયસાધારણ એકસાર્થવાહિત્વમાં લક્ષણા થાય.

---

**मुक्तावली : इयमेवाजहत्स्वार्था लक्षणेत्युच्यते । एकसार्थवाहित्वेन रूपेण छत्रितदन्ययोर्बोधात् ।**

---

**મુક્તાવલી** : લક્ષણા બે પ્રકારની છે : જહત્સ્વાર્થ લક્ષણા અને અજહત્સ્વાર્થ લક્ષણા. **गङ्गायां घोषः** સ્થળે જહત્ (ત્યાગી દેવાતો) સ્વાર્થ છે, અર્થાત્ શક્યપ્રવાહ એ ગઙ્ગા

પદનો સ્વાર્થ છે, તેના ત્યાગપૂર્વક તીરમાં લક્ષણા કરવામાં આવી છે.

જ્યારે **काकेभ्यो दधि रक्ष्यताम्, यष्टीः प्रवेशय, छत्रिणो यान्ति** સ્થળે અજહત્સ્વાર્થ લક્ષણા છે. કાક, યષ્ટિ કે છત્રિનો જે શક્યાર્થ છે તેને છોડ્યા વિના દધ્યુપઘાતકો, યષ્ટિધરો અને અછત્રિઓમાં લક્ષણા કરવામાં આવી છે. કાક અને બીજા દધ્યુપઘાતક બિલાડાદિથી દધિ રક્ષો, યષ્ટિ અને યષ્ટિધરોનો પ્રવેશ કરાવો, છત્રિ (છત્રવાળા) અને અછત્રિ બે ય જાય છે.

---

**मुक्तावली : यदि चान्वयानुपपत्तिर्लक्षणाबीजं स्यात्, तदा क्वचिद्गङ्गापदस्य तीरे, क्वचिद्घोषपदस्य मत्स्यादौ लक्षणेति नियमो न स्यात् ।**

---

### ★ લક્ષણાનું બીજ ★

**મુક્તાવલી** : અહીં નવ્યો કહે છે કે તાત્પર્યાનુપપત્તિને જ લક્ષણાનું બીજ કહેવું જોઈએ. જો અન્વયાનુપપત્તિને પણ લક્ષણાનું બીજ કહેવામાં આવે તો આપત્તિ આવે. **गङ्गायां घोषः** સ્થળે તમે પ્રાચીનો અન્વયાનુપપત્તિને લક્ષણાનું બીજ કહેશો તો એક વક્તા **तीरे आभीरपल्लिः** એવા શાબ્દબોધના તાત્પર્યથી આ વાક્યપ્રયોગ કરે છે તે વખતે ગઙ્ગાનો શક્યાર્થપ્રવાહ લેતાં ઘોષ = આભીરપલ્લી સાથે અન્વય અનુપપન્ન થતાં ગઙ્ગા-પદની તીરમાં લક્ષણા કરી લેવામાં આવે તો જાણે હમણાં તો કામ ચાલી જાય.

પણ ફરી તે જ વ્યક્તિ 'પ્રવાહમાં મત્સ્ય' (ઘોષ = મત્સ્ય) એ તાત્પર્યથી **गङ्गायां घोषः** વાક્ય બોલે તે વખતે પેલી સાંભળનાર વ્યક્તિ તો પૂર્વના સંસ્કારને લીધે પ્રવાહમાં આભીરપલ્લીના અન્વયની અનુપપત્તિને જ જુએ અને તેથી આ વખતે પણ તીરમાં જ ગઙ્ગા-પદની લક્ષણા કરે એટલે વક્તાના તાત્પર્યનો તો તેને શાબ્દબોધ ન જ થાય. હવે જો તાત્પર્યાનુપપત્તિને જ લક્ષણાનું બીજ કહીએ તો પહેલી વાર 'પ્રવાહમાં આભીરપલ્લી' અર્થ લેતાં વક્તાનું તાત્પર્ય 'તીરમાં આભીરપલ્લી' અનુપપન્ન થતું હતું માટે ગઙ્ગા-પદની તીરમાં લક્ષણા થાય. અને બીજી વાર 'પ્રવાહમાં આભીરપલ્લી' અર્થ લેતાં વક્તાનું તાત્પર્ય 'પ્રવાહમાં મત્સ્ય' અનુપપન્ન થતું હતું માટે ઘોષ-પદની મત્સ્યમાં લક્ષણા થઈ શકે.

આમ તાત્પર્યાનુપપત્તિને લક્ષણાનું બીજ માનવામાં આવે તો જ ક્યારેક ગઙ્ગા-પદની તીરમાં અને ક્યારેક ઘોષ-પદની મત્સ્યમાં લક્ષણા ઉપપન્ન થઈ શકે.

---

**मुक्तावली : इदन्तु बोध्यम् । शक्यार्थसम्बन्धो यदि तीरत्वेन रूपेण गृहीतस्तदा तीरत्वेन तीरबोधः । यदि तु गङ्गातीरत्वेन रूपेण गृहीतस्तदा तेनैव रूपेण स्मरणम् । अत एव लक्ष्यतावच्छेदके न लक्षणा, तत्प्रकारकबोधस्य तत्र लक्षणां विनाप्युपपत्तेः । परन्तु एवं क्रमेण शक्यतावच्छेदकेऽपि शक्तिर्न स्यात्, तत्प्रकारकशक्यार्थस्मरणं प्रति तत्पदस्य सामर्थ्यमित्यस्य सुवचत्वादिति विभावनीयम् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** ગઙ્ગા-પદની તીરમાં લક્ષણા કરી પણ તીરત્વ-સ્વરૂપ જે લક્ષ્યતાવચ્છેદક છે તેમાં કેમ લક્ષણા ન કરી ? તીર એ લક્ષ્ય છે માટે તીરત્વ લક્ષ્યતાવચ્છેદક છે.

**ઉત્તર :** તીરત્વમાં લક્ષણા કરવાની જરૂર નથી, કેમકે શક્યાર્થસંબંધ (લક્ષણા) જો તીરત્વેન રૂપેણ ગૃહીત કરેલ હોય તો ત્યાં તીરત્વેન તીરનો બોધ થશે અને શક્યાર્થસંબંધ (લક્ષણા) જો ગઙ્ગાતીરત્વેન ગૃહીત કરેલ હોય તો ત્યાં ગઙ્ગાતીરત્વેન રૂપેણ ગઙ્ગા-તીરનો બોધ (સ્મરણ) થશે.

આમ જે રૂપથી શક્યાર્થસંબંધ ગૃહીત હોય તે રૂપથી વિશિષ્ટનું જ સ્મરણ થાય, અર્થાત્ તીરમાં કે ગઙ્ગાતીરમાં લક્ષણા કરી તો ત્યાં તીરત્વેન જ તીરમાં કે ગઙ્ગાતીરત્વેન જ ગઙ્ગા-તીરમાં લક્ષણા થવાની, એટલે પછી હવે તીરત્વ કે ગઙ્ગાતીરત્વરૂપ લક્ષ્યતાવચ્છેદકમાં લક્ષણા કરવાની જરૂર રહેતી નથી, કેમકે તીરત્વપ્રકારક બોધ કે ગઙ્ગાતીરત્વપ્રકારક બોધ એ લક્ષ્યતાવચ્છેદકમાં લક્ષણા ન કરીએ તો પણ ઉપપન્ન થઈ જ જાય છે.

આ ઉપરથી હવે એ વાત પણ સમજી લેવી કે હવે શક્યતાવચ્છેદકમાં પદની શક્તિ પણ માનવાની રહેશે નહિ. ગઙ્ગા-પદની શક્તિ પ્રવાહમાં જ છે પરન્તુ પ્રવાહત્વમાં નથી, કેમકે અહીં પણ ગઙ્ગા-પદથી પ્રવાહત્વપ્રકારક પ્રવાહવિશેષ્યકનું જ સ્મરણ થઈ જશે, એકલા 'પ્રવાહ' અર્થનું નહિ.

---

**मुक्तावली : यत्र तु शक्यार्थस्य परम्परासम्बन्धरूपा लक्षणा सा लक्षित-लक्षणेत्युच्यते । यथा द्विरेफादिपदात् रेफद्वयसम्बन्धो भ्रमरपदे ज्ञायते भ्रमरपदस्य च सम्बन्धो भ्रमरे ज्ञायते इति तत्र लक्षितलक्षणा ।**

---

## ★ લક્ષિતલક્ષણા ★

**મુક્તાવલી :** શક્યાર્થનો સાક્ષાત્ સંબંધ જ્યાં હોય ત્યાં લક્ષણા કહેવાય, પરન્તુ શક્યાર્થ સાથે પરંપરા સંબંધ હોય ત્યાં લક્ષિત-લક્ષણા કહેવાય.

દા.ત. **गङ्गायां घोषः** સ્થળે ગઙ્ગા-પદનો શક્યાર્થ પ્રવાહ છે, તેનો તીર સાથે સાક્ષાત્ સંબંધ છે માટે ગઙ્ગા-પદની તીરમાં લક્ષણા કહેવાય. જ્યારે **द्विरेफो रौति** સ્થળે દ્વિરેફ પદની ભ્રમર અર્થમાં લક્ષિત-લક્ષણા છે, કેમકે દ્વિરેફનો ભ્રમર અર્થ સાથે પરંપરયા સંબંધ છે. દ્વિરેફ એટલે બે '**र**'કાર. આમ દ્વિરેફનો શક્યાર્થ છે રેફદ્વય, એનો સંબંધ છે 'ભ્રમર' એવા પદમાં, કેમકે ભ્રમર પદમાં બે '**र**'કાર છે. (બે '**र**'કારથી ઘટિત ભ્રમર પદ છે.) અને આ ભ્રમર પદનો વાચ્ય-વાચકભાવ સંબંધ ભ્રમર અર્થ સાથે છે, એટલે દ્વિરેફ પદથી લક્ષિત બન્યું ભ્રમર પદ અને પછી તે લક્ષિત પદ વડે દ્વિરેફ પદની ભ્રમરાર્થમાં લક્ષણા થઈ માટે આ લક્ષિત-લક્ષણા કહેવાય.

**द्विरेफो रौति ।** અહીં રેફદ્વયનો રૂદન સાથે અન્વય અનુપપન્ન છે અથવા વક્તાનું તાત્પર્ય અનુપપન્ન છે માટે દ્વિરેફની ભ્રમર પદમાં લક્ષણા કરી પણ તો ય ભ્રમર પદનો રૂદનમાં અન્વયાદિ અનુપપન્ન છે માટે ભ્રમર-પદથી ભ્રમર પદાર્થ લઈને તેમાં દ્વિરેફ પદની લક્ષણા કરી.

---

**मुक्तावली : किन्तु लाक्षणिकं पदं नानुभावकम् । लाक्षणिकार्थस्य शाब्दबोधे तु पदान्तरं कारणम्, शक्तिलक्षणान्यतरसम्बन्धेनेतरपदार्था-न्वितस्वशक्यार्थशाब्दबोधं प्रति पदानां सामर्थ्यावधारणात् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** પૂર્વે કહેવાઈ ગયું છે કે શાબ્દબોધ પ્રત્યે પદજ્ઞાન કારણ હોય છે. હવે પદ તો બે જાતના થયા : શક્ત અને લાક્ષણિક. તો આમાંથી કયું પદજ્ઞાન શાબ્દબોધરૂપ અનુભૂતિનું કારણ છે ? શક્ત-પદજ્ઞાન ? લાક્ષણિક-પદજ્ઞાન ? કે બે ય પ્રકારના પદજ્ઞાન ?

**ઉત્તર :** શક્ત-પદજ્ઞાન જ અનુભાવક (શાબ્દબોધરૂપ અનુભૂતિ-જનક) હોય છે, લાક્ષણિક-પદજ્ઞાન નહિ; અર્થાત્ લાક્ષણિક પદોનું જ્ઞાન એ શાબ્દબોધરૂપ અનુભૂતિનું જનક બની શકતું નથી.

**પ્રશ્ન :** તો પછી **गङ्गायां घोषः** ઇત્યાદિ સ્થળે લાક્ષણિક ગઙ્ગા વગેરે પદોથી તીરાદ્યર્થવિષયક શાબ્દબોધ શી રીતે થાય છે ?

ઉત્તર : લાક્ષણિક પદોમાં પદાર્થનો શાબ્દબોધ કરાવતી આનુભવિકી શક્તિ હોતી જ નથી, તેમાં તો માત્ર પદાર્થનું સ્મરણ જ કરાવવાની સ્મારિકા શક્તિ હોય છે. **गङ्गायां घोषः** ઇત્યાદિ સ્થળે પણ જે લાક્ષણિકાર્થનો શાબ્દબોધ થયો તેમાં લાક્ષણિક ગઙ્ગા-પદ અસાધારણ કારણ નથી કિન્તુ તેની સાથે રહેલું શક્ત એવું ઘોષ-પદ જ કારણ છે.

શક્તિ કે લક્ષણા-એતદન્યતર સંબંધથી ઉપસ્થિત થયેલ જે અન્ય પદાર્થ, એનાથી યુક્ત જે શક્યાર્થ, એના શાબ્દબોધ પ્રત્યે શક્ત-પદનું જ સામર્થ્ય છે.

દા.ત. **चैत्रो ग्रामं गच्छति** સ્થળે શક્તિસંબંધથી ચૈત્ર પદાર્થ ઉપસ્થિત થયો છે. તેનાથી અન્વિત જે સ્વશક્યાર્થ= ગ્રામ પદાર્થ અને ગચ્છતિ પદાર્થ, એના શાબ્દબોધ પ્રત્યે ગ્રામ-ગચ્છતિ શક્ત પદોનું સામર્થ્ય છે. એ જ રીતે અહીં શક્તિસંબંધથી ગ્રામ પદાર્થને ઉપસ્થિત થયેલો લઈને તેનાથી અન્વિત સ્વશક્યાર્થ = ચૈત્રાદિ પદાર્થ પણ લેવાય.

**गङ्गायां घोषः ।** અહીં લક્ષણાસંબંધથી ઉપસ્થિત જે તીર-પદાર્થ, એનાથી અન્વિત જે સ્વશક્યાર્થ = આભીરપલ્લી, એના શાબ્દબોધ પ્રત્યે તે શક્ત = ઘોષ-પદનું જ સામર્થ્ય છે.

---

**मुक्तावली : वाक्ये तु शक्तेरभावाच्छक्यसम्बन्धरूपा लक्षणाऽपि नास्ति । यत्र तु गभीरायां नद्यां घोष इत्युक्तं तत्र नदीपदस्य नदीतीरे लक्षणा । गभीर-पदार्थस्य नद्या सहाभेदेनान्वयः, क्वचिदेकदेशान्वयस्यापि स्वीकृतत्वात् ।**

---

### ★ વાક્યમાં શક્તિ-લક્ષણા નથી ★

**મુક્તાવલી :** નૈયાયિકો પદની લક્ષણા માને છે પણ વાક્યની તો લક્ષણા માનતા જ નથી, જ્યારે મીમાંસકો વાક્યની પણ લક્ષણા માને છે. તેમનું કહેવું એ છે કે જો વાક્યની લક્ષણા ન માનીએ તો **ચિત્રગુ** વાક્યની (પદનો સમૂહ તે વાક્ય કહેવાય માટે ચિત્રગુ એ 'ચિત્રા' અને 'ગો' પદના સમૂહરૂપ હોવાથી વાક્ય છે.) ચિત્રગોના સ્વામીમાં ( **चित्रा गावो यस्य सः चित्रगुः** ) લક્ષણા થશે શી રીતે ?

વળી **गभीरायां नद्यां घोषः** સ્થાને ગભીર-નદીતીરમાં ઘોષનો બોધ થાય છે. અહીં જો નદી-પદની જ તીરમાં લક્ષણા કરો તો તે નહિ ચાલે, કેમકે **गभीरायां तीरे घोषः** એવો અન્વય થઈ શકશે નહિ. વળી ગભીર પદની પણ ગભીર-નદીતીરમાં લક્ષણા નહિ

કરી શકાય, કેમકે તેમ થતાં **गभीरायां = गभीरनदीतीरे नद्यां घोषः** એવો અન્વય કરવો પડે જે થઈ શકે નહિ, કેમકે ગભીર-નદીતીરમાં નદીત્વ સંભવિત નથી.

**નૈયાયિક :** નદી-પદની નદીતીરમાં લક્ષણા કરીશું અને પછી ગભીર પદનો અન્વય નદીતીરરૂપ પદાર્થમાં નહિ કરતાં તેના એકદેશ નદી સાથે કરીશું.

**મીમાંસક :** નહિ, તેમ નહિ થાય. **पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन** એવો નિયમ છે. માટે 'નદીતીર'ના એકદેશભૂત 'નદી' સાથે 'ગભીર' પદનો અન્વય ન થઈ શકે. એટલે હવે અહીં કોઈપણ પદની લક્ષણા થઈ શકે તેમ નથી માટે આખું વાક્ય જ ગભીર-નદીતીરનું લક્ષક છે એમ માનવું જોઈએ, અર્થાત્ વાક્યની પણ લક્ષણા માનવી જોઈએ.

**નૈયાયિક :** પદમાં શક્તિ છે માટે પદાર્થ શક્ય બને છે અને તેથી જ શક્યાર્થનો સંબંધ એ લક્ષણા કહેવાય. વાક્યમાં તો શક્તિ જ નથી તો પછી શક્યાર્થ કોણ ? અને તો પછી શક્યાર્થસંબંધરૂપ લક્ષણા પણ ક્યાંથી થાય ? હવે પ્રશ્ન રહ્યો **गभीरायां नद्यां घोषः** સ્થળનો. તમે કહ્યું કે ત્યાં ગભીર કે નદી-પદની લક્ષણા કરવા જાઓ તો બીજા પદાર્થ સાથે અન્વય અનુપપન્ન થઈ જાય છે. પણ અમે તો '**पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन**' એવો નિયમ પ્રામાણિક માનતા જ નથી. '**चैत्रस्य गुरुकुलं**' સ્થળે ચૈત્રનો 'ગુરુકુલ' શબ્દના એકદેશ ગુરુ સાથે અન્વય ક્યાં નથી થતો ? એટલે એ જ રીતે નદી-પદની નદીતીરમાં લક્ષણા કરીને તેના એકદેશ નદી સાથે ગભીર પદનો અભેદેન અન્વય ઉપપન્ન કરી લઈશું. ગભીર =ગામ્ભીર્યવિશિષ્ટ, નદી=પ્રવાહ. **गाम्भीर्यविशिष्टाऽ-भिन्नप्रवाहसमीपतीरवृत्ति-आभीरपल्लीः ।** આમ વ્યુત્પત્તિવૈચિત્ર્યેણ પદાર્થના એકદેશ સાથે પણ અપર પદાર્થનો અન્વય ઉપપન્ન થઈ શકે છે.

---

**मुक्तावली : यदि तत्रैकदेशान्वयो न स्वीक्रियते तदा नदीपदस्य गभीर-नदीतीरे लक्षणा, गभीरपदं तात्पर्यग्राहकम् ।**

---

**મુક્તાવલી : મીમાંસક :** જ્યાં સસંબંધિક પદાર્થ હોય ત્યાં પદાર્થનો અપરપદાર્થૈકદેશ સાથે અન્વય હજી થઈ શકે અને તેથી જ '**चैत्रस्य गुरुकुलं**' સ્થાને એકદેશાન્વય થયો. પણ **गभीरायां नद्यां घोषः** વાક્ય-બોધિત કોઈપણ પદાર્થ સસંબંધિક નથી, માટે અહીં તો એકદેશાન્વય ન જ થઈ શકે. એટલે હવે અહીં પદની લક્ષણા તો શક્ય જ નથી માટે વાક્યની જ ગભીર-નદીતીરમાં લક્ષણા કરવી જોઈએ.

**નૈયાયિક** : જો અહીં એકદેશાન્વય ન જ સ્વીકારો તો પણ વાક્યની લક્ષણા માનવાની તો જરૂર રહેતી જ નથી. અમે તો પદની જ લક્ષણા કરીને કામ ચલાવીશું. તે આ રીતે : નદી-પદની ગભીરનદીતીર સ્વરૂપ સમુદિત અર્થમાં લક્ષણા કરીશું.

**મીમાંસક** : તો પછી જે 'ગભીર' પદ પડેલું છે તે નિરર્થક નહિ જાય ?

**નૈયાયિક** : ના, ગભીર પદ એ વક્તાની જે ઈચ્છા = તાત્પર્ય કે-**गभीरायां नद्यां घोषः** વાક્ય '**गभीरनदीतीरे घोषः**' એવા શાબ્દબોધનું જનક બનો-એનું ગ્રાહક છે. જો ગભીર પદ જ ન હોત તો 'ગભીરનદીતીરમાં ઘોષ' એવી વક્તાની ઈચ્છાનું જ્ઞાન ન થાત. એ તાત્પર્ય અનુપપન્ન થઈ જાત. માટે '**नद्याम्**' પદની ગભીરનદીતીરમાં લક્ષણા કરવી જોઈએ. અહીં તાત્પર્યનું ગ્રાહક ગભીર પદ બન્યું.

એટલે હવે નક્કી થઈ ગયું કે પદની જ લક્ષણા માનવાથી કામ ચાલી જાય છે માટે વાક્યની લક્ષણા માનવાની જરૂર નથી.

---

**मुक्तावली : बहुव्रीहावप्येवम् । तत्र हि चित्रगुपदादौ यद्येकदेशान्वयः स्वीक्रियते तदा गोपदस्य गोस्वामिनि लक्षणा, गवि चित्राभेदान्वयः, यदि तत्रैकदेशान्वयो न स्वीक्रियते तदा गोपदस्य चित्रगोस्वामिनि लक्षणा, चित्रपदं तात्पर्यग्राहकम् । एवमारूढवानरो वृक्ष इत्यत्र वानरपदस्य वानरारोहणकर्मणि लक्षणा, आरूढपदं तात्पर्यग्राहकम् । एवमन्यत्रापि बोध्यम् ।**

---

### ★ બહુવ્રીહિ-સમાસ ★

**મુક્તાવલી : મીમાંસક : ચિત્રગુ** વિગેરે સમસ્ત વાક્ય(બહુવ્રીહિ આદિ)માં શું કરશો? ત્યાં તો ચિત્રગુ વાક્યની ચિત્રગો-સ્વામીમાં લક્ષણા કરવી જ પડશે ને ?

**નૈયાયિક** : ના, અહીં પણ જો એકદેશાન્વય સ્વીકારીએ તો 'ગો'-પદની ગો-સ્વામીમાં લક્ષણા  કરવી અને ગો-સ્વામીના એકદેશ 'ગૌ'માં ચિત્ર-પદનો અભેદેન અન્વય કરી લેવાશે. અને જો આમ એકદેશાન્વય ન માનો તો 'ગો'પદની ચિત્રગો-સ્વામીમાં લક્ષણા કરવી અને પૂર્વવત્ ચિત્ર-પદ તાત્પર્યગ્રાહક સમજવું.

એ જ રીતે **आरूढवानरो वृक्षः** સ્થળે પણ વાનર-પદની વાનરારોહણકર્મમાં લક્ષણા કરી લઈશું અને 'આરૂઢ' પદને તાત્પર્યગ્રાહક કહીશું.

આ રીતે તમામ બહુવ્રીહિસમાસ રૂપ વાક્યમાં ઉત્તરપદમાં લક્ષણા થાય છે અને પૂર્વપદ તાત્પર્યગ્રાહક બને છે.

**मुक्तावली : तत्पुरुषे तु पूर्वपदे लक्षणा । तथाहि-राजपुरुष इत्यादौ राजपदार्थेन पुरुषपदार्थस्य साक्षान्नान्वयो, निपातातिरिक्तनामार्थयोर्भेदेनान्वयबोधस्याव्युत्पन्नत्वात् ।**

### ★ તત્પુરુષ-સમાસ ★

**મુક્તાવલી :** તત્પુરૂષ(સમસ્ત વાક્ય વિશેષ)માં પૂર્વપદમાં લક્ષણા કરવી, અર્થાત્ અહીં પણ સમસ્ત વાક્યમાં લક્ષણા માનવાની જરૂર નથી.

એક એવો નિયમ છે કે નિપાતથી અતિરિક્ત જે બે નામાર્થ હોય તે બે નો - વચ્ચે વિભક્ત્યર્થને દ્વાર કર્યા સિવાય - સાક્ષાત્ જો અન્વય કરવો હોય તો તે અભેદેન-તાદાત્મ્યસંબંધથી જ થાય, અર્થાત્ ભેદેન-નિરૂપિતત્વ, પ્રતિયોગિત્વ, સંયોગ, સમવાય, સ્વરૂપ, કાલિક વિગેરે સંબંધથી અન્વય ન જ થાય.

આ ઉપરથી એ વાત પણ નક્કી થઈ કે જો (૧) નિપાત નામ હોય તો તેનો સાક્ષાત્ અન્વય પણ ભેદેન થઈ શકે અને (૨) જો વિભક્ત્યર્થને દ્વાર કરવામાં આવે તો નિપાતાતિરિક્તમાં પણ ભેદેન અન્વય થઈ શકે.

હવે **राजपुरुषः** સ્થળે આ નિયમને વિચારીએ.

અહીં રાજન્ અને પુરુષ એ બે નામાર્થ છે, બે ય નિપાત(**नञ्, च** વિગેરે)થી અતિરિક્ત નામાર્થ છે. અહીં કોઈ વિભક્ત્યર્થ છે નહિ, અર્થાત્ વિભક્ત્યર્થ દ્વાર બની શકે તેમ નથી, એટલે હવે આ બે નામાર્થનો સાક્ષાત્ સંબંધ છે એટલે હવે એ બે નો અન્વય ભેદસંબંધ(નિરૂપિતત્વ વિગેરેરૂપ)થી ન જ થાય પણ અભેદેન (તાદાત્મ્ય-સંબંધથી) જ અન્વય કરવો જોઈએ.

**मुक्तावली : अन्यथा राजा पुरुष इत्यत्रापि तथान्वयबोधः स्यात् । 'घटो न पट' इत्यादौ घटपटाभ्यां नञः साक्षादेवान्वयान्निपातातिरिक्तेति ।**

**મીમાંસક :** અમે તો આ નિયમ નહિ માનીએ, અર્થાત્ નિપાતાતિરિક્ત બે નામાર્થનો 'ભેદેન અન્વય ન થાય' એમ નહિ માનીએ, પણ 'ભેદેન અન્વય થાય' એમ

માનીશું અને તેથી રાજન્ અને પુરૂષનો નિરૂપિતત્વસંબંધાત્મક ભેદસંબંધથી અન્વય કરી લઈશું. **राजनिरूपितस्वत्ववान् पुरुषः ।** રાજાનો પુરૂષ એટલે રાજા સ્વામી થયો, પુરૂષ એ સ્વ થયો, માટે રાજનિરૂપિતસ્વત્વવાન્ પુરુષ થઈ ગયો. આમ પૂર્વોક્ત 'નિપાતાતિરિક્ત'નો નિયમ નહિ માનવાથી આ રીતે ભેદેન અન્વય કરી લઈશું. હવે રાજ પદની રાજસંબંધીમાં તમે જે લક્ષણા કરવાના છો તેની જરૂર જ નહિ રહે.

**નૈયાયિક :** નહિ, જો એ નિયમ નહિ માનો તો **राजा पुरुषः** (રાજા એવો જે પુરૂષ) સ્થળે પણ બે ય નિપાતાતિરક્ત નામાર્થ છે છતાં તેનો અભેદેન અન્વય નહિ કરતાં ભેદેન - નિરૂપિતત્વસંબંધથી અન્વય કરી લેવો પડશે. એટલે **'પુરૂષ એ રાજા છે'** એવો શાબ્દબોધ અનુપપન્ન થશે અને **'राजनिरूपितस्वत्ववान् पुरुषः'** એવો શાબ્દબોધ થવાની આપત્તિ આવશે. આ આપત્તિ નિવારવા ઉક્ત નિયમ માનવો જ જોઈએ અને તેથી હવે **राजा पुरुषः** સ્થળે બે ય નિપાતાતિરિક્ત નામાર્થ છે માટે તેમનો સાક્ષાત્=તાદાત્મ્યેન જ અન્વય કરવાનો રહેશે જેથી **'પુરૂષ એ રાજા છે'** એવો શાબ્દબોધ ઉપપન્ન થઈ જશે.

આમ જ્યારે આ નિયમ માનવાનો નક્કી થયો એટલે **राजपुरुषः** (તત્પુરૂષ) સ્થળે ભેદસંબંધ-નિરૂપિતત્વસંબંધથી અન્વય થઈ શકશે જ નહિ, અર્થાત્ હવે આ બે નામાર્થનો અભેદેન જ અન્વય કરવો પડશે. હવે એમ યથાશ્રુત શક્યાર્થ લઈને અભેદેન અન્વય કરવા જઈએ તો 'રાજા એ પુરૂષ' એવો શાબ્દબોધ થવાની આપત્તિ આવે. વસ્તુતઃ અહીં **રાજસંબંધી જે પુરૂષ** એવો શાબ્દબોધ થાય છે. આથી જ રાજન્ પૂર્વપદની રાજસંબંધીમાં લક્ષણા કરવી જ જોઈએ.

**મીમાંસક :** પૂર્વોક્ત નિયમમાં નિપાતાતિરિક્ત કેમ કહ્યું ?

**નૈયાયિક :** નિપાત નામાર્થનો બીજા નામાર્થ સાથે સાક્ષાત્ સંબંધથી (વિભક્ત્યર્થ દ્વાર ન પડે તો ય) પણ અભેદેન અન્વય થઈ જવાની આપત્તિ આવે. આ આપત્તિ ન આવે માટે આમ કહ્યું, અર્થાત્ જો 'નિપાતાતિરિક્ત' ન કહીએ અને માત્ર સાક્ષાત્સંબંધથી રહેલા નામાર્થનો ભેદેન અન્વય ન થાય એટલું જ કહીએ તો **घटः पटो न** સ્થળે નઞ્ નિપાત-નામાર્થ સાથે પટ નામાર્થનો સાક્ષાત્ સંબંધ છે જ, અર્થાત્ તે બે નામાર્થ વચ્ચે કોઈ વિભક્ત્યર્થ દ્વાર નથી, એટલે હવે અભેદેન અન્વય થવાની આપત્તિ આવે. વસ્તુતઃ અહીં ભેદેન અન્વય થાય છે, **घटः पटप्रतियोगिताकभेदवान्** એવો શાબ્દબોધ થાય છે. અહીં પ્રતિયોગિતાત્મક ભેદસંબંધથી અન્વય થયો છે એટલે નિપાતાતિરિક્ત કહ્યું.

**मुक्तावली : नीलो घट इत्यादौ नामार्थयोरभेदसम्बन्धेनान्वयाद् भेदेनेति । न च राजपुरुष इत्यादौ लुप्तविभक्तेः स्मरणं कल्प्यमिति वाच्यम्, अस्मृतविभक्तेरपि ततो बोधोदयात् । तस्माद्राजपदादौ राजसम्बन्धिनि लक्षणा, तस्य च पुरुषेण सहाभेदान्वयः ।**

**મુક્તાવલી : મીમાંસક :** 'ભેદેન અન્વય ન થાય' એમ કેમ કહ્યું ? 'અન્વય જ ન થાય' એમ કેમ ન કહ્યું ? અર્થાત્ નિપાતાતિરિક્ત નામાર્થનો સાક્ષાત્ સંબંધથી અન્વય ન થાય એમ જ કહો ને ?

**નૈયાયિક : नीलो घटः** સ્થાને નીલ અને ઘટ એ બે નિપાતાતિરિક્ત નામાર્થ છે. અહીં બેયનો સાક્ષાત્ સંબંધ છે અને બેયનો અભેદથી તો અન્વય થાય જ છે. 'અન્વય જ ન થાય' એમ કહેત તો અભેદથી પણ અન્વય નહિ થવાની આપત્તિ આવત.

**મીમાંસક : राजपुरुषः** તત્પુરુષ સ્થળે જે ષષ્ઠી વિભક્તિ લુપ્ત થયેલી છે તેનું સ્મરણ થઈ જાય છે અને તેથી અહીં વિભક્ત્યર્થ દ્વાર બની જ જાય છે. આમ રાજન્ અને પુરૂષ એ બે નિપાતાતિરિક્ત નામાર્થનો સાક્ષાત્ સંબંધ છે જ નહિ, કેમકે વિભક્તિ દ્વાર બની જ જાય છે. એટલે હવે એ બે નામાર્થનો ભેદેન અન્વય જરૂર થઈ શકશે અને તેથી નિરૂપિતત્વ સંબંધાત્મક ભેદસંબંધથી અન્વય કરી લેતાં **राजनिरूपितस्वत्ववान् पुरुषः** એવો શાબ્દબોધ ઉપપન્ન થઈ જશે. એટલે હવે રાજન્ પદની રાજસંબંધીમાં લક્ષણા કરવાની જરૂર જ ક્યાં છે ?

**નૈયાયિક :** અરે ! આ રીતે જે વ્યક્તિને જ્યાં લુપ્તવિભક્તિનું સ્મરણ નથી થયું ત્યાં શું કરશો ? ત્યાં તો સાક્ષાત્ સંબંધ જ છે, કેમકે વિભકત્યર્થ દ્વાર બન્યું નથી. એટલે હવે ત્યાં તો અભેદેન જ અન્વય કરવો પડશે. હવે જો રાજન્ પદની રાજસંબંધીમાં લક્ષણા નહિ કરો તો ત્યાં અભેદેન શાબ્દબોધ જે થાય છે તે શી રીતે થશે ? માટે રાજન્ પદની રાજસંબંધીમાં લક્ષણા કરવી જ જોઈએ. અને તે રાજસંબંધીનો પુરૂષ સાથે અભેદેન અન્વય કરવો જોઈએ.

રાજન્ = રાજસમ્બન્ધી. **राजसम्बन्ध्यभिन्नः पुरुषः राजपुरुषः ।**

**मुक्तावली : द्वन्द्वे तु धवखदिरौ छिन्धीत्यादौ धवः खदिरश्च विभक्त्यर्थद्वित्वप्रकारेण बुध्यते तत्र न लक्षणा ।**

★ ઈતરેતર-દ્વન્દ્વ ★

**મુક્તાવલી** : હવે નૈયાયિક કહે છે કે દ્વન્દ્વ સમાસમાં ઇતરેતર દ્વન્દ્વ અને સમાહાર દ્વન્દ્વ એમ બે પ્રકાર છે. તેમાં ઇતરેતર દ્વન્દ્વ સમાસમાં એકેય પદની લક્ષણા કરવાની જરૂર નથી. મીમાંસકો તો અહીં સાહિત્યમાં લક્ષણા માને છે, તેનું ખંડન કરનારું આ વિધાન સમજવું.

**धवखदिरौ छिन्धि** । અહીં ઇતરેતર દ્વન્દ્વ છે. અહીં ધવ-પદથી ધવ-પદાર્થનો, ખદિર-પદથી ખદિર-પદાર્થનો અને **औ** વિભક્તિથી દ્વિત્વ અને કર્મત્વનો બોધ થાય છે, (ધવ અને ખદિર એ વિભક્તિના અર્થભૂત દ્વિત્વ અને કર્મત્વના પ્રકાર = વિશેષણ રૂપે જણાઈ જાય છે.) એટલે '**धवखदिरद्वयकर्मकछेदनानुकूलव्यापारानुकूलकृतिमान् त्वम्**' એવો શાબ્દબોધ ઉપપન્ન થઈ જાય છે માટે કોઈ પદની લક્ષણા માનવાની જરૂર જ નથી.

---

**मुक्तावली : न च साहित्ये लक्षणेति वाच्यम्, साहित्यशून्ययोरपि द्वन्द्व-दर्शनात्, न चैकक्रियान्वयित्वरूपं साहित्यमस्तीति वाच्यम्, क्रियाभेदेऽपि धवखदिरौ पश्य छिन्धीत्यादिदर्शनात्, साहित्यस्याननुभवाच्च ।**

---

**મુક્તાવલી : મીમાંસક** : અહીં 'સાહિત્ય'(સાથે રહેવાપણું)માં લક્ષણા કરવી જ પડશે, કેમકે 'સાથે રહેલા એવા ધવખદિરને તું છેદ' એવો શાબ્દબોધ થાય છે. માટે ખદિર-પદની સહવૃત્તિધવખદિરમાં લક્ષણા કરવી જોઈએ અને 'ધવ'-પદ પૂર્વવત્ તાત્પર્યગ્રાહક માનવું જોઈએ. **धवपदं तु 'खदिरपदं सहवृत्तिधवखदिरं बोधयतु' इतितात्पर्यग्राहकम् ।**

**નૈયાયિક** : સારું, જે સાહિત્યમાં લક્ષણા કરવાનું તમે કહો છો તે સાહિત્ય એટલે શું ? સહવૃત્તિત્વરૂપ સાહિત્ય ? કે એકક્રિયાન્વયિત્વ રૂપ સાહિત્ય ? જો પ્રથમ વિકલ્પ લો તો તે બરોબર નથી, કેમકે ધવ અને ખદિર ભિન્ન ભિન્ન સ્થળે રહેતા હોય તો પણ -તે બેનું સહવૃત્તિત્વ ન હોય તો પણ-તે બે પદનો દ્વન્દ્વ સમાસ થાય છે. માટે સાહિત્ય-શૂન્યનો પણ દ્વન્દ્વ સમાસ થઈ શકે છે એટલે સહવૃત્તિત્વરૂપ સાહિત્યમાં તો લક્ષણા થઈ શકે નહિ.

હવે જો એકક્રિયાન્વયિત્વરૂપ સાહિત્ય લો અને તેમાં લક્ષણા કરવાનું કહો તો તે ય બરોબર નથી, કેમકે ક્રિયાભેદ હોય, અર્થાત્ એક જ ક્રિયામાં બે ય પદોનો અન્વય

ન થતો હોય તો પણ તે બે પદોનો સમાસ થાય છે.

**धवखदिरौ पश्य छिन्धि ।** અહીં ધવને જો અને ખદિરને છેદ; એ રીતે બે પદોનું વિભિન્નક્રિયાન્વયિત્વ છે છતાં સમાસ થયો, માટે એકક્રિયાન્વયિત્વ રૂપ સાહિત્યમાં પણ લક્ષણા કરવાની જરૂર નથી. વળી એકશાબ્દબોધીયક્રિયાન્વયિત્વરૂપ સાહિત્ય કહો તો તેનો અનુભવ થતો નથી માટે તેને પ્રામાણિક માની શકાય નહિ.

---

**मुक्तावली : अत एव 'राजपुरोहितौ सायुज्यकामौ यजेयाताम्' इत्यत्र लक्षणाभावाद् द्वन्द्व आश्रीयते । तस्मात्साहित्यादिकं नार्थः, किन्तु वास्तवभेदो यत्र तत्र द्वन्द्वः । न च नीलघटयोरभेद इत्यादौ कथमिति वाच्यम्, तत्र नीलपदस्य नीलत्वे घटपदस्य घटत्वे लक्षणा । अभेद इत्यस्य चाश्रयाभेद इत्यर्थः ।**

---

**મુક્તાવલી** : આ રીતે ઈતરેતર દ્વન્દ્વમાં લક્ષણા કરવાની જરૂર નથી. નૈયાયિક આ વાતને હજી વધુ સ્થિર કરે છે.

જુઓ, **राजपुरोहितौ सायुज्यकामौ यजेयाताम्** સ્થળે '**राजपुरोहितौ**'માં ઈતરેતર દ્વન્દ્વ સમાસ લીધો છે. અહીં **पुरोहितश्च पुरोहितश्चेति पुरोहितौ । राज्ञः पुरोहितौ इति राजपुरोहितौ ।** આમ ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ થઈ શકે. વળી **राजा च पुरोहितश्चेति राजपुरोहितौ** એવો ઇતરેતર દ્વન્દ્વ પણ થઈ શકે. અહીં ઇતરેતર દ્વન્દ્વનો જ લાઘવાત્ સ્વીકાર કર્યો છે, કેમકે ઇતરેતર દ્વન્દ્વમાં લક્ષણા માનવાનું ગૌરવ નથી જે ગૌરવ તત્પુરુષ સમાસ માનવામાં આવે છે. હવે જો ઈતરેતર દ્વન્દ્વમાં પણ લક્ષણા થતી જ હોત તો પછી તત્પુરુષને છોડીને ઈતરેતર દ્વન્દ્વનો અહીં આશ્રય કરવામાં લાઘવ શું રહે ? એટલે આ ઉપરથી એ જ સાબિત થાય છે કે ઈતરેતર દ્વન્દ્વમાં લક્ષણા કરવાની નથી, અર્થાત્ સાહિત્ય એ કાંઈ ઈતરેતર દ્વન્દ્વ સમાસનું પ્રયોજક નથી કે જેથી તેમાં લક્ષણા કરવી પડે.

**મીમાંસક** : જો સાહિત્ય એ ઈતરેતર દ્વન્દ્વ સમાસનું પ્રયોજક ન હોય તો દ્વન્દ્વ સમાસનો પ્રયોજક કોણ ?

**નૈયાયિક** : જે બે પદાર્થનો વસ્તુતઃ ભેદ હોય તે ભેદ જ બે પદાર્થના વાચક એવા બે પદોના ઈતરેતર દ્વન્દ્વ સમાસનો પ્રયોજક છે. ધવ અને ખદિરનો પરસ્પર વાસ્તવભેદ છે માટે જ તે બેનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ થઈ શકે.

**મીમાંસક** : જે બે પદાર્થનો વાસ્તવભેદ હોય તે જ બે પદાર્થના વાચક બે પદોનો જો ઈતરેતર દ્વન્દ્વ સમાસ થઈ શકતો હોય તો હવે **नीलघटयोरभेदः** સ્થળે નીલ અને ઘટનો ઈતરેતર દ્વન્દ્વ સમાસ અનુપપન્ન થઈ જશે, કેમકે નીલ અને ઘટ એ બે વચ્ચે વાસ્તવભેદ નથી.

**નૈયાયિક** : આવા સ્થાને નીલ પદની નીલત્વમાં અને ઘટ પદની ઘટત્વમાં લક્ષણા માનીશું. આ નીલત્વ અને ઘટત્વ વચ્ચે તો જરૂર વાસ્તવભેદ છે જ.

**મીમાંસક** : પણ તો પછી બાજુમાં પડેલા '**अभेदः**' પદ સાથે અન્વય અનુપપન્ન થઈ જશે ને ? **नीलत्वघटत्वयोः अभेदः** એ શી રીતે બને ?

**નૈયાયિક** : તો 'અભેદ' પદની આશ્રયાભેદમાં લક્ષણા કરીશું. નીલત્વ અને ઘટત્વના આશ્રય એવા નીલ અને ઘટનો તો અભેદ ઉપપન્ન છે જ. **नीलत्वघटत्वयोः आश्रयाभेदः** = **नीलघटयोरभेदः** ।

---

**मुक्तावली : समाहारद्वन्द्वे तु यदि समाहारोऽप्यनुभूयत इत्युच्यते, तदाऽहिनकुलमित्यादौ परपदेऽहिनकुलसमाहारे लक्षणा, पूर्वपदं तु तात्पर्यग्राहकम् ।**

---

### ★ સમાહાર-દ્વન્દ્વ ★

**મુક્તાવલી** : સમાહાર દ્વન્દ્વમાં નવ્ય નૈયાયિકો સમૂહમાં લક્ષણા માનતા નથી. **अहिनकुलम्** ઇત્યાદિ સમાહાર દ્વન્દ્વમાં તેમનું કહેવું એ છે કે અહીં અહિ અને નકુલ એ બે નો જ બોધ થાય છે, તે બેયના સમાહારનો નહિ. માટે સમૂહમાં લક્ષણા કરવાની જરૂર નથી. પણ પ્રાચીનોની માન્યતા એવી છે કે '**अहिनकुलम्**' પદથી અહિ, નકુલના બોધ ઉપરાન્ત તે બે ના સમાહારનો પણ અનુભવ થાય જ છે તેથી ત્યાં નકુલ-પદની અહિનકુલ-સમાહારમાં લક્ષણા કરવી અને 'અહિ'-પદને તાત્પર્યગ્રાહક માનવું.

---

**मुक्तावली : न च भेरीमृदङ्गं वादयेत्यत्र कथं समाहारस्यान्वयः, अपेक्षाबुद्धिविशेषरूपस्य तस्य वादनासम्भवादिति वाच्यम्, परम्परासम्बन्धेन तदन्वयात् । एवं पञ्चमूलीत्यादावपि ।**

---

**મુક્તાવલી** : નવ્યો : '**भेरीमृदङ्गं वादय**' સ્થળે તમે એ જ રીતે મૃદઙ્ગ-પદની ભેરીમૃદઙ્ગ-સમાહારમાં લક્ષણા કરશો અને ભેરી-પદને તાત્પર્યગ્રાહક કહેશો. પણ હવે

ભેરીમૃદઙ્ગના સમૂહમાં વાદનકર્મત્વ(વાદ્ય)નો અન્વય શી રીતે થશે ? કેમકે સમૂહ શબ્દ એ અપેક્ષાબુદ્ધિ દ્વિત્વરૂપ છે અને તે ગુણરૂપ છે. ગુણમાં વાદનકર્મત્વ શી રીતે રહે ? કારણ કે કર્મ એ દ્રવ્યમાં રહે, ગુણમાં નહિ. તેથી ભેરીમૃદઙ્ગસમૂહ રૂપ ગુણમાં વાદન-કર્મત્વનો અન્વય ઉપપન્ન થશે નહિ.

**પ્રાચીનો** : પરમ્પરાસંબંધથી સમૂહમાં વાદનકર્મત્વનો અન્વય કરીશું, અર્થાત્ સ્વાશ્રયવૃત્તિત્વસંબંધથી આ અન્વય થઈ જશે. સ્વ= વાદનકર્મત્વ, તદાશ્રય= ભેરીમૃદઙ્ગ-દ્રવ્ય, તેમાં વૃત્તિ દ્વિત્વરૂપ સમૂહ, તે સમૂહમાં તાદૃશવૃત્તિત્વ. આ સ્વાશ્રયવૃત્તિત્વ સંબંધથી વાદનકર્મત્વનો સમૂહમાં અન્વય ઉપપન્ન થઈ જશે.

વળી જેમ સમાહાર-દ્વન્દ્વમાં લક્ષણા કરી તેમ દ્વિગુસમાહારમાં પણ લક્ષણા સમજી લેવી. **पञ्चानां मूलानां समाहारः पञ्चमूली** એ દ્વિગુસમાહાર છે. અહીં મૂલ-પદની પઞ્ચમૂલ-સમાહારમાં લક્ષણા થાય અને પઞ્ચ-પદ તાત્પર્યગ્રાહક બને.

---

**मुक्तावली : परे तु अहिनकुलमित्यादौ अहिर्नकुलश्च बुध्यते, प्रत्येक-मेकत्वान्वयः, समाहारसंज्ञा च यत्रैकत्वं नपुंसकत्वं च 'प्राणितूर्ये'त्यादि-सूत्रेणोक्तं तत्रैव, अन्यत्रैकवचनमसाध्वित्याहुः ।**

---

**મુક્તાવલી** : નવ્યો પૂર્વે કહ્યા મુજબ '**अहिनकुलं**' ઈત્યાદિ સ્થળે સમાહારનો અનુભવ માનતા જ નથી એટલે તેઓ અહીં લક્ષણા સ્વીકારતા નથી.

**પ્રાચીનો** : જો '**अहिनकुलं**' સ્થળે અહિ અને નકુલનો જ બોધ થતો હોય અને તેમના સમાહારનો બોધ ન થતો હોય તો અહિનકુલપદોત્તર જે એકત્વ છે તેનો ક્યાં અન્વય કરશો ? અહિ કે નકુલ પ્રત્યેકમાં તો તે અન્વય નહિ થાય, કેમકે બેયમાં દ્વિત્વ છે. અમારે પ્રાચીનોને આ આપત્તિ નથી, કેમકે અમે તો નકુલ-પદની અહિનકુલ-સમાહારમાં લક્ષણા કરીશું અને સમાહાર (સમૂહ) તો એક જ છે માટે તે સમાહારમાં એકત્વનો અન્વય કરી લઈશું.

**નવ્યો** : અમે તો લક્ષણા માનતા નથી એટલે એકત્વનો અન્વય અહિ અને નકુલ પ્રત્યેકમાં કરી લઈશું. અહિ એક અને નકુલ એક.

**પ્રાચીનો** : જો આ રીતે **अहिनकुलं** થી અહિ અને નકુલનો જ બોધ થતો હોય અને સમાહારનો બોધ થતો ન હોય તો પછી '**अहिनकुलं**'ની સમાહાર-સંજ્ઞા કેમ થઈ ?

**નવ્યો** : '**प्राणितूर्यसेनाङ्गाणाम्**' ઈત્યાદિ સૂત્રથી નિત્ય વૈરવાળા વિગેરે પદાર્થોના

બોધક પદોનો સમાહાર સમાસ થાય અને ત્યાં એકત્વ અને નપુંસકલિંગત્વ આવે. આમ અમારા મતે 'સમાહાર' સંજ્ઞા એ યૌગિક નથી કિન્તુ પારિભાષિક છે, અર્થાત્ અહિ-નકુલાદિનો સમાહાર ન હોવા છતાં ત્યાં પૂર્વોક્ત સૂત્ર લાગુ પડીને પારિભાષિક સમાહાર સંજ્ઞા કરે છે.

**પ્રાચીનો** : પારિભાષિક સમાહાર-સંજ્ઞાનું ફળ શું ?

**નવ્યો** : ત્યાં એકત્વ અને નપુંસકલિંગત્વ આવે એ જ એનું ફળ છે. વળી જ્યાં આ સમાહાર સંજ્ઞા લાગુ ન થાય ત્યાં કોઈ એકત્વ અને નપુંસકલિંગત્વ ન કરી દે તે પણ તેનું ફળ છે. આમ અન્યત્ર એકવચનાદિ અસાધુ છે એ વાત અહીં સમાહાર-સંજ્ઞાથી જણાય છે.

નવ્યોએ સમાહાર-સંજ્ઞાને પારિભાષિક માની એ વાતમાં મુક્તાવલીકારે '**इत्याहुः**' પદથી અસ્વરસ સૂચિત કર્યો છે.

---

**मुक्तावली : पितरौ श्वशुरावित्यादौ पितृपदे जनकदम्पत्योः, श्वशुरपदे स्त्रीजनकदम्पत्योर्लक्षणा । एवमन्यत्रापि । घटा इत्यादौ न लक्षणा, घटत्वेन रूपेण नानाघटोपस्थितिसम्भवात् ।**

---

**મુક્તાવલી** : એકશેષ દ્વન્દ્વ સમાસ સ્થળે લક્ષણા કરવી જોઈએ. દા.ત. **चैत्रस्य पितरौ।** અહીં ચૈત્રના બે પિતા તો સંભવી શકે નહિ, માટે પિતૃ-પદની માતા-પિતામાં લક્ષણા કરવી જોઈએ. એ રીતે **चैत्रस्य श्वशुरौ** સ્થળે શ્વશુર-પદની ચૈત્રની સ્ત્રીના માતા-પિતામાં લક્ષણા કરવી જોઈએ.

આ જ રીતે બહેન-ભાઈ વગેરેને જણાવવાના તાત્પર્યથી બોલાયેલા '**भ्रातरौ**' વગેરે પદોમાં લક્ષણા જાણવી.

**घटश्च घटश्च घटश्च घटाः** એવો જે સરૂપ એકશેષ થાય છે ત્યાં લક્ષણા કરવાની જરૂર નથી, કેમકે ઘટત્વેન રૂપેણ અનેક ઘટોની ઉપસ્થિતિ શક્તિસંબંધથી જ થઈ શકે છે.

---

**मुक्तावली : कर्मधारयस्थले तु नीलोत्पलमित्यादावभेदसम्बन्धेन नीलपदार्थ उत्पलपदार्थे प्रकारः । तत्र च न लक्षणा । अत एव 'निषादस्थपतिं याजयेत्'**

**इत्यत्र न तत्पुरुषः, लक्षणापत्तेः, किन्तु कर्मधारयो लक्षणाभावात् ।**

---

### ★ કર્મધારય અને અવ્યયીભાવ સમાસ ★

**મુક્તાવલી :** કર્મધારય સ્થળે લક્ષણા કરવાની જરૂર નથી. **नीलोत्पलं** ઇત્યાદિ સ્થળે અભેદસંબંધથી જ નીલ-પદાર્થ એ ઉત્પલ-પદાર્થમાં પ્રકાર=વિશેષણ બને, એટલે અહીં લક્ષણાની આવશ્યકતા જ નથી. અને તેથી જ **निषादस्थपतिं याजयेत्** સ્થળે તત્પુરૂષ સમાસ ન લેતાં લક્ષણાની અકલ્પના-પ્રયુક્ત લઘુભૂત કર્મધારય સમાસ કરાય છે. **निषादश्चासौ स्थपतिश्च** (મકાન બનાવનાર) **निषादस्थपतिः ।**

---

**मुक्तावली : न च निषादस्य सङ्करजातिविशेषस्य वेदानधिकाराद्याजना-सम्भव इति वाच्यम्, निषादस्य विद्याप्रयुक्तेस्तत एव कल्पनात् । लाघवेन मुख्यार्थस्यान्वये तदनुपपत्त्या तत्कल्पनायाः फलमुखगौरवतयाऽदोषत्वादिति।**

---

**મુક્તાવલી : શંકાકાર :** નિષાદ એ તો સङ्कર-જાતિવિશેષ છે, તેને વેદમાં યજ્ઞાદિનો અધિકાર જ નથી. **न स्त्रीशूद्रौ वेदमधीयतां** એ શ્રુતિ-વાક્ય છે અને **शूद्रवत् वर्णसङ्कराः** એ વાક્યથી વર્ણસંકર એ શૂદ્ર છે.

**નૈયાયિક : निषादस्थपतिं याजयेत्** એ પાઠથી જ સાબિત થાય છે કે તે યાગ (યજ્ઞ) કરી શકે છે અને યાગ પણ યાગકરણવિદ્યાપ્રાપ્તિ વિના ન કરી શકે, માટે એ પણ નિશ્ચિત થાય છે કે તે વિદ્યા પણ ભણી શકે છે. **निषादः आचार्योपदेशात् प्राप्तस्वविद्यया रौद्रं यागं कुर्यात् इति तात्पर्यम् ।**

**શંકાકાર :** કર્મધારયનો અહીં આશ્રય કરીને નિષાદને યાગાધિકારની કલ્પના અને વેદવિદ્યાધિકારની કલ્પના કરવી એ તો ગૌરવ છે, માટે કર્મધારયનો અહીં આશ્રય ન કરતાં તત્પુરુષનો જ આશ્રય કરવો જોઈએ.

**નૈયાયિક :** નહિ, તત્પુરૂષાદિ સમાસ સ્વીકારતાં લક્ષણા-કલ્પનાનું ગૌરવ આવે છે, માટે લાઘવાત્ કર્મધારય સમાસ જ અહીં કરવો જોઈએ. હવે નિષાદસ્થપતિ રૂપ મુખ્યાર્થનો યાજનાત્મક મુખ્યાર્થ સાથે અન્વય કરવા જતાં જો 'નિષાદ યાગોપયુક્તવેદ-વિદ્યાનું અધ્યયન ન કરી શકતો હોય' એ વાત સ્થિર હોય તો તે વિદ્યા વિના યાગ પણ ન કરી શકે, એટલે નિષાદ સાથે યાજનનો અન્વય અનુપપન્ન થઈ જાય. આ અન્વયાનુપપત્તિને લીધે નિષાદમાં વેદવિદ્યાધ્યયનની કલ્પના કરવી જ રહી. એટલે

નિષાદમાં યાગકર્તૃત્વાત્મક ફળની સિદ્ધિ કરવા માટે તેનામાં જે વિદ્યાધ્યયનની કલ્પનાનું ગૌરવ સ્વીકારવું પડ્યું તે ફલમુખગૌરવ હોવાથી નિર્દુષ્ટ છે, અર્થાત્ ઉક્ત વાક્યથી જ્યારે નિષાદમાં યાગકર્તૃત્વ સિદ્ધ છે ત્યારે તેનો અન્વય ઉપપન્ન કરવા માટે જે ગૌરવ વેઠવું પડે તે નિર્દુષ્ટ કહેવાય. હવે તે ગૌરવ નિષાદના યાગકર્તૃત્વનું વિઘટન કરી શકે નહિ.

---

**मुक्तावली : उपकुम्भमर्धपिप्पलीत्यादौ परपदे तत्सम्बन्धिनि लक्षणा, पूर्वपदार्थप्रधानतया चान्वयबोध इति । इत्थञ्च समासे न क्वापि शक्तिः, पदशक्त्यैव निर्वाहादिति ।**

---

**મુક્તાવલી :** અવ્યયીભાવ સમાસમાં પરપદની પરપદાર્થ-સંબંધીમાં લક્ષણા થાય. **उपकुम्भम्** । અહીં કુમ્ભ પદની કુમ્ભસંબંધીમાં લક્ષણા થાય. આ અવ્યયીભાવ સમાસ પૂર્વપદાર્થપ્રધાન હોય છે માટે પૂર્વપદાર્થ જે સમીપ છે તે વિશેષ્ય રહે તે રીતે શાબ્દબોધ થાય, એટલે **उपकुम्भं = कुम्भसम्बन्ध्यभिन्नसमीपम्** એવો અર્થ થાય.

**उपकुम्भं पुस्तकं वर्त्तते** । અહીં પુસ્તક એ કુંભસંબંધી છે અને તે જ પુસ્તક કુંભસમીપ છે. માટે કુંભસંબંધી જે (પુસ્તક) છે તેનાથી અભિન્ન 'સમીપ' પદાર્થ છે.

આ રીતે સર્વત્ર સમાસમાં-સમસ્તવાક્યમાં ક્યાંય શક્તિ નથી માટે વાક્યની લક્ષણા પણ મનાય નહિ. પદની શક્તિથી અને લક્ષણાથી જ કામ ચાલી જશે.

---

**कारिकावली : आसत्तियोग्यताकाङ्क्षातात्पर्यज्ञानमिष्यते ॥८२॥**
**कारणं सन्निधानं तु पदस्यासत्तिरुच्यते ।**

---

**मुक्तावली : आसत्तिरिति । आसत्तिज्ञानं योग्यताज्ञानमाकाङ्क्षाज्ञानं तात्पर्यज्ञानं च शाब्दबोधे कारणम् ।**

---

**મુક્તાવલી :** પદજ્ઞાન જેમ પદાર્થોપસ્થિતિ દ્વારા શાબ્દબોધ પ્રત્યે કારણ છે તેમ આસત્તિજ્ઞાન, યોગ્યતાજ્ઞાન, આકાંક્ષાજ્ઞાન અને તાત્પર્યજ્ઞાન પણ શાબ્દબોધ પ્રત્યે સહકારી કારણ છે.

**आसत्तिः : पदसमूहनिष्ठा, अव्यवधानेन पदोच्चारणप्रयुक्तसन्निधिरूपा ।**

योग्यता : अर्थनिष्ठा, एकपदार्थे अपरपदार्थवत्त्वरूपा ।

आकांक्षा : पदनिष्ठा, पदस्य यत्पदविरहप्रयोज्यशाब्दबोधाजनकत्वं तत्पदे तत्पदवत्त्वरूपा । प्रकृतिप्रत्यययोः साकांक्षत्वात् ।

पदवत्ता च अव्यवहितोत्तरत्वाऽव्यवहितपूर्वत्वान्यतरसम्बन्धेन ।

तात्पर्यम् : शब्दनिष्ठम्, तत्प्रतीतीच्छयोच्चरितत्वरूपम् ।

આ ચારેયનું જ્ઞાન શાબ્દબોધ પ્રત્યે કારણ છે.

---

**मुक्तावली : तत्रासत्तिपदार्थमाह-सन्निधानं त्विति । अन्वयप्रतियोग्यनुयोगिपदयोरव्यवधानमासत्तिः, तज्ज्ञानं शाब्दबोधे कारणम्, क्वचिद्व्यवहितेऽप्यव्यवधानभ्रमाच्छाब्दबोधादिति केचित् ।**

---

### ★ આસત્તિ ★

**મુક્તાવલી : (૧) આસત્તિ : पदानां सन्निधानं आसत्तिः ।**

સન્નિધાન એટલે અવ્યવધાન, અર્થાત્ જે બે પદનો પરસ્પર અન્વયબોધ થવાનું વિવક્ષિત હોય તે બે પદનું અવ્યવધાન તે આસત્તિ.

અહીં પ્રાચીનો કહે છે કે જો આ રીતે આવી આસત્તિ માત્રને શાબ્દબોધ પ્રત્યે સ્વરૂપસત્ કારણ માનીએ (એટલે કે આસત્તિના જ્ઞાનને કારણ ન માનીએ) તો **गिरिर्भुक्तं अग्निमान् देवदत्तेन** સ્થળે ગિરિ પદના અગ્નિમાન્ પદ સાથેના અને ભુક્તં પદના દેવદત્તેન પદ સાથેના અવ્યવધાનનો ભ્રમ થઈ જતાં જે શાબ્દબોધ થાય છે તે અનુપપન્ન થઈ જાય, કેમકે અહીં **गिरिः** અને **अग्निमान्** પદનું અવ્યવધાન (આસત્તિ) તો નથી જ. એટલે આ શાબ્દબોધ ઉપપન્ન કરવા માટે સ્વરૂપસત્ આસત્તિને શાબ્દબોધનું કારણ ન કહેતાં આસત્તિના ભ્રમાત્મક કે પ્રમાત્મક જ્ઞાનને શાબ્દબોધનું કારણ કહેવું જોઈએ.

અર્થાત્ જે બે પદ વચ્ચેનો અન્વય (સંબંધ) છે તે બે પદમાં એક પદ સંબંધનું અનુયોગી હોય, બીજું પદ પ્રતિયોગી હોય. આ અનુયોગી-પ્રતિયોગી પદનું જે અવ્યવધાન તે આસત્તિ અને એ આસત્તિનું પ્રમાત્મક કે ભ્રમાત્મક જે જ્ઞાન તે શાબ્દબોધમાં કારણ બને.

**गामानय** સ્થળે **गाम्** અને **आनय** પદનું અવ્યવધાન છે તે આસત્તિ છે અને તેનું પ્રમાત્મક જ્ઞાન છે, જ્યારે **गिरिर्भुक्तम्** ઇત્યાદિ સ્થળે ગિરિ અને અગ્નિમાન્ પદનું

અવ્યવધાન= આસત્તિ નથી છતાં તે બે ના અવ્યવધાનનું= આસત્તિનું ભ્રમાત્મક જ્ઞાન છે, એટલે બે ય સ્થળે આસત્તિજ્ઞાન હોવાથી શાબ્દબોધ થઈ જાય.

---

**मुक्तावली : वस्तुतस्तु अव्यवधानज्ञानस्यानपेक्षितत्वात् यत्पदार्थेन यत्पदार्थस्यान्वयोऽपेक्षितस्तयोरव्यवधानेनोपस्थितिः शाब्दबोधे कारणम् । तेन गिरिर्भुक्तमग्निमान्देवदत्तेनेत्यादौ न शाब्दबोधः ।**

---

**મુક્તાવલી :** પ્રાચીનોના આ મતમાં નવ્યોને અસ્વરસ છે. તેમનું કહેવું એ છે કે એવો કોઈ સર્વત્ર નિયમ નથી કે બધે શાબ્દબોધ થવા પૂર્વે બે પદોના અવ્યવધાનનું જ્ઞાન હોવું જ જોઈએ, કેમકે બે પદોના અવ્યવધાનરૂપ આસત્તિનું જ્ઞાન હોવા છતાં પણ શાબ્દબોધ નથી પણ થતો. અને બે પદોના અવ્યવધાન રૂપ આસત્તિનું જ્ઞાન ન હોવા છતાં પણ ઘણીવાર શાબ્દબોધ થાય પણ છે. **गिरिर्भुक्तम्...** માં ગિરિ અને ભુક્તમ્ પદોની આસત્તિનું જ્ઞાન હોવા છતાં શાબ્દબોધ થતો નથી. એટલે નક્કી એ થયું કે પદદ્વયના અવ્યવધાનનું જ્ઞાન ન હોય અને માત્ર પદદ્વયનું જ્ઞાન હોય તો તેનાથી પણ અવ્યવધાનેન પદાર્થદ્વયનું સ્મરણ થઈ જાય અને તેનાથી શાબ્દબોધ થઈ શકે છે. એટલે પદદ્વયની અવ્યવધાનેન ઉપસ્થિતિ (આસત્તિ જ્ઞાન) શાબ્દબોધ પ્રત્યે કારણ નથી કિન્તુ જે પદાર્થનો જે પદાર્થ સાથે અન્વય અપેક્ષિત છે તે બે પદાર્થોના વાચક એવા બે પદોનું જે અવ્યવધાન તે આસત્તિ અને તેનું જે સ્મરણ તે શાબ્દબોધમાં હેતુ બને. એટલે **गिरिर्भुक्तं अग्निमान् देवदत्तेन** સ્થળે શાબ્દબોધ થઈ શકે જ નહિ, કેમકે ગિરિ પદાર્થનો અગ્નિમાન્ પદાર્થ સાથે અન્વય અપેક્ષિત છે અને તેના વાચક બે પદોનું અવ્યવધાન નથી, અર્થાત્ આસત્તિ જ નથી.

---

**मुक्तावली : नीलो घटो द्रव्यं पट इत्यादावासत्तिभ्रमाच्छाब्दबोधः । आसत्तिभ्रमाच्छाब्दभ्रमाभावेऽपि न क्षतिः ।**

---

**મુક્તાવલી : नीलो घटो द्रव्यं पटः** આ સ્થળે શું બને છે ? તે જોઈએ. અહીં વક્તાનું તાત્પર્ય નીલ પદાર્થનો પટ પદાર્થ સાથે અને ઘટ પદાર્થનો દ્રવ્ય પદાર્થ સાથે અન્વયબોધ = શાબ્દબોધ કરાવવાનું છે. અહીં નીલ પદાર્થ અને પટ પદાર્થના વાચક એવા બે પદોની અવ્યવધાનરૂપ આસત્તિ નથી, અને જે નીલ પદ અને ઘટ-પદની અવ્યવધાનેન આસત્તિ છે ત્યાં તેવા અન્વયબોધનું તાત્પર્ય નથી. છતાં અન્યત્ર **'नीलो घटः'** એવા વાક્યમાં

રહેલી નીલ-પદના ઘટ-પદ સાથેના અન્વયબોધના તાત્પર્યપૂર્વકની જે આસત્તિ છે તે અહીં ન હોવા છતાં તેનો અહીં ભ્રમ (સ્મરણાત્મક જ્ઞાન) થઈ જાય તો **'नीलो घटः'** એવો શાબ્દબોધ થઈ જાય.

**પ્રાચીનો :** આસત્તિભ્રમથી થતો શાબ્દબોધ ભ્રમાત્મક જ હોય ને ? અમે તો તેમ જ માનીએ છીએ.

**નવ્યો :** ના, તેવું કાંઈ નહિ. આસત્તિભ્રમથી પ્રમાત્મક શાબ્દબોધ પણ થઈ શકે છે. અમે તો યોગ્યતાના ભ્રમથી જ ભ્રમાત્મક શાબ્દબોધ માનીએ છીએ. ઘટપદાર્થમાં નીલ-પદાર્થના સંબંધની યોગ્યતા તો છે જ. માટે **नीलो घटः** શાબ્દબોધ (આસત્તિભ્રમથી થવા છતાં) પ્રમાત્મક જ છે.

---

**मुक्तावली : ननु यत्र च्छत्री कुण्डली वासस्वी देवदत्त इत्याद्युक्तं तत्रोत्तर-पदस्मरणेन पूर्वपदस्मरणस्य नाशादव्यवधानेन तदुत्तरपदस्मरणासम्भव इति चेद् ? न, प्रत्येकपदानुभवजन्यसंस्कारैश्चरमस्य तावत्पदविषयकस्मरणस्य अव्यवधानेनोत्पत्तेः । नानासन्निकर्षैरेकप्रत्यक्षस्येव नानासंस्कारैरेकस्मरणोत्पत्तेरपि सम्भवात् । तावत्पदसंस्कारसहितचरमवर्णज्ञानस्योद्बोधकत्वात्, कथमन्यथा नानावर्णैरेकपदस्मरणम् ?**

---

**મુક્તાવલી : પ્રશ્ન : छत्री कुण्डली वासस्वी देवदत्तः ।** અનેક વિશેષણવાચક પદોથી યુક્ત આ વાક્યમાં ઉત્તરપદના (કુંડલી પદના) સ્મરણથી પૂર્વપદના (છત્રી પદના) સ્મરણનો **'योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिगुणनाश्यत्वम्'** નિયમથી અવશ્ય નાશ થાય છે. તેથી અવ્યવધાનેન તદુત્તરપદનું = વિશેષ્યવાચક 'દેવદત્ત' પદનું સ્મરણ અસંભવિત રહે છે. (દેવદત્ત પદમાં છત્રી એવા પ્રથમ પદની આસત્તિ ન હોવાથી તેનું સ્મરણ ન જ થાય.) છતાં ઉપરોક્ત વાક્યનો શાબ્દબોધ તો થાય જ છે. માટે આસત્તિ-સ્મરણ એ શાબ્દબોધનું કારણ નથી.

**ઉત્તર :** છત્રી, કુંડલી વગેરે પ્રત્યેક પદોના શ્રવણથી તે તે પ્રત્યેક પદોના જે સંસ્કારો પડ્યા તે બધા ય પદોના સંસ્કારોથી ચરમ દેવદત્ત પદના શ્રાવણપ્રત્યક્ષ થયા પછીના ઉત્તરકાળમાં તે બધા વિશેષણ-વિશેષ્યવાચક પદોના સમુદાયવિષયક એક સમૂહાલંબન સ્મરણ ઉત્પન્ન થઈ જાય છે. એટલે શાબ્દબોધની અવ્યવહિતપૂર્વક્ષણે યાવત્પદોનું સ્મરણ

હોવાથી યાવત્પદોના એક સમૂહાલંબન સ્મરણની અવ્યવધાનેન ઉપસ્થિતિ છે જ, માટે ઉત્તરક્ષણે શાબ્દબોધ જરૂર ઉપપન્ન થઈ જશે.

જેમ ઘટ સાથે ચક્ષુ:સંયોગ થાય અને પટ સાથે પણ ચક્ષુ:સંયોગ થાય તો **'घटपटौ'** એવું એક સમૂહાલંબન જ્ઞાન અનેક સંનિકર્ષોથી ઉત્પન્ન થાય છે તેમ યાવત્ પદોના અનેક સંસ્કારોથી એક સમૂહાલંબન સ્મરણની પણ ઉત્પત્તિ થઈ શકે છે.

**પ્રશ્ન** : સકલ સંસ્કારોના ઉદ્બોધક (સ્મારક) વિના સકલ સંસ્કારોનું એક સમૂહાલંબન સ્મરણ શી રીતે થાય ?

**ઉત્તર** : અન્તિમ 'દેવદત્ત' પદનું જ્ઞાન જ યાવત્પદોના સકલ સંસ્કારોનું ઉદ્બોધક બને છે. જો આમ ન માનીએ તો દે-વ-દ-ત્ત સ્થળે અનેક વર્ણોના જ્ઞાનનો નાશ થયા પછી અંતિમ 'ત્ત' વર્ણ તે વર્ણોના સંસ્કારોનો અનુદ્બોધક હોય તો દેવદત્ત પદનું સ્મરણ અનુપપન્ન થઈ જાય. અને તો પછી તદુત્તરક્ષણે શાબ્દબોધ પણ અનુપપન્ન થઈ જાય. માટે સર્વત્ર શાબ્દબોધની ઉપપત્તિ કરવા અન્તિમ વર્ણાદિને પૂર્વના યાવત્પદોના સકલ સંસ્કારોના ઉદ્બોધક માનવા જ જોઈએ.

એટલે પ્રત્યેક વર્ણસંસ્કારોથી સમૂહાલંબનાત્મક વર્ણસ્મરણ થાય અને પ્રત્યેક પદ-સંસ્કારોથી સમૂહાલંબનાત્મક પદસ્મરણ થાય અને પદસ્મરણથી ઉપસ્થિત પદાર્થ-સ્મરણથી શાબ્દબોધ થાય.

---

**मुक्तावली : परन्तु तावत्पदार्थानां स्मरणादेकदैव खले कपोतन्यायेन तावत्पदार्थानां क्रियाकारकभावेनान्वयरूपः शाब्दबोधो भवतीति केचित् ।**

**वृद्धा युवानः शिशवः कपोताः खले यथामी युगपत्पतन्ति ।**
**तथैव सर्वे युगपत्पदार्थाः परस्परेणान्वयिनो भवन्ति ।**

---

**મુક્તાવલી** : હવે અહીં મુક્તાવલીકાર પ્રાચીનમત રજુ કરે છે.

નવ્યોએ સમસ્તપદવિષયક સ્મૃતિને સમૂહાલંબનાત્મક કહી ત્યારે પ્રાચીનો કહે છે કે સમસ્તપદવિષયક સ્મૃતિ જ સમૂહાલંબનાત્મક છે એમ નહિ કિન્તુ સમસ્તપદજન્ય જે પદાર્થોપસ્થિતિ થાય છે તે પણ સમૂહાલંબનાત્મક છે એમ માનવું જોઈએ, કેમકે પદાર્થોપસ્થિતિ (સ્મરણ) પણ આશુતર વિનાશિની છે એટલે બધી પદજન્યપદાર્થોપસ્થિતિ એકસાથે ભેગી થઈ શકે નહિ, એટલે અંતિમ પદાર્થોપસ્થિતિ થતાં તે વખતે અન્ય

પદાર્થોપસ્થિતિ ન હોવાથી સમસ્તવાક્યનો શાબ્દબોધ નહિ થવાની આપત્તિ આવે, માટે પદાર્થોપસ્થિતિ પણ સમૂહાલંબનાત્મક જ માનવી જોઈએ.

ટૂંકમાં નવ્યોએ શાબ્દબોધ પ્રત્યે પદાર્થોપસ્થિતિને કારણ માની, જ્યારે પ્રાચીનો શાબ્દબોધ પ્રત્યે સમૂહાલંબનાત્મક પદાર્થોપસ્થિતિને કારણ કહે છે.

એટલે પ્રાચીન-મતે જેમ ખળામાં એકસાથે વૃદ્ધ, યુવાન અને શિશુ એમ બધા કબૂતરો ચરવા પડે તેમ પદજન્યપદાર્થોપસ્થિતિ એકસાથે દરેકની થાય અને તેથી તે તે પદોના ક્રિયા-કારકાદિ ભાવથી અન્વયરૂપ શાબ્દબોધ ઉત્તરક્ષણે થઈ જાય.

આ મતનો આશય એ છે કે **'घटमानय'** સ્થળે પહેલાં ઘટીયા કર્મતા(વિશિષ્ટ)નો બોધ થાય, પછી તેનો આનયન પદાર્થ સાથે અન્વય થાય. આ વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહી જ્ઞાનરીતિ છે, પણ તે રીતે અમે પ્રાચીનો શાબ્દબોધ માનતા નથી કિન્તુ એક વિશેષ્યમાં બધા વિશેષણો સાથે જ ભાસે તે '**विशेष्ये विशेषणम्**' રીત્યા શાબ્દબોધ માનીએ છીએ.

પ્રાચીનોના આ મતમાં નાનાપદાર્થવિષયક એક સમૂહાલંબન સ્મરણની કલ્પના વગેરે ગૌરવ હોવાથી **'केचित्'** એમ કહીને અસ્વરસ સૂચિત કર્યો છે.

---

**मुक्तावली : परे तु "यद्यदाकाङ्क्षितं योग्यं सन्निधानं प्रपद्यते । तेन तेनान्वितः स्वार्थः पदैरेवावगम्यते ।" तथा च खण्डवाक्यार्थबोधानन्तरं तथैव पदार्थस्मृत्या महावाक्यार्थबोध इत्याहुः ।**

---

બીજા કેટલાક (નવ્યો) કહે છે કે નહિ, વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહી જ્ઞાનરીત્યા જ શાબ્દબોધ થાય છે. **घटमानय** વાક્ય સાંભળતાં જ ઘટ-પદથી ઘટાર્થનું જ્ઞાન થયું. પછી આકાંક્ષા થઈ કે **'घटीयं किम् ?'** એના ઉત્તરમાં **अम्** પદાર્થ કર્મત્વનું જ્ઞાન થયું. હવે સ્વાર્થ એટલે ઘટાર્થ, એનાથી આકાંક્ષિત કર્મત્વાર્થ છે. અને એ કર્મત્વાર્થ, સ્વાર્થ જે ઘટાર્થ છે તેને યોગ્ય પણ છે, કેમકે ઘટીયકર્મતાનો બાધ નથી. એટલે સ્વાર્થ=ઘટાર્થથી આકાંક્ષિત અને યોગ્ય એવું કર્મત્વ ઘટાર્થના સન્નિધાનને પ્રાપ્ત કરે છે. એટલે તે કર્મત્વથી અન્વિત જે સ્વાર્થ= ઘટાર્થ તે પ્રથમ ઘટ-પદથી અનુભવાય છે. ટૂંકમાં ઘટ-પદ શુદ્ધ ઘટાર્થનો અનુભવ કરાવતું નથી કિન્તુ કર્મત્વસહિત ઘટાર્થનો અનુભવ કરાવે છે. આ રીતે પહેલાં કર્મત્વાન્વિત ઘટપદાર્થનું ખંડશાબ્દબોધાત્મક જ્ઞાન થાય, પછી **घटकर्मकं आनयनं** એવો મહાવાક્યાર્થબોધ થાય. આમ આ મતે પહેલા ખંડવાક્યાર્થ-બોધ થાય, પછી તેનાથી પદાર્થની સ્મૃતિ થાય અને પછી મહાવાક્યાર્થનો શાબ્દબોધ થાય.

**मुक्तावली : एतेन तावद्वर्णाभिव्यङ्ग्यः पदस्फोटोऽपि निरस्तः । तत्तद्वर्ण-संस्कारसहितचरमवर्णोपलम्भेन तद्व्यञ्जकेनैवोपपत्तेरिति ।**

### ★ પદસ્ફોટ-નિરાસ ★

**મુક્તાવલી :** વૈયાકરણોનો મત છે કે **घट ( घ् अ ट् अ )** આવો વર્ણોનો સમુદાય વાચક થઈ શકે નહીં, કેમકે વર્ણ-ઉત્પત્તિપક્ષે કે વર્ણની અભિવ્યક્તિપક્ષે વર્ણોના સમુદાયનું એક કાળમાં પ્રત્યક્ષ થવું સંભવિત નથી. વળી પ્રત્યેક વર્ણોને વાચક માનવા એ પણ બરાબર નથી, કેમકે પ્રત્યેક વર્ણોને વાચક માનવાથી તે પ્રથમ વર્ણનું ઉચ્ચારણ કર્યા પછી બીજા વર્ણોનું ઉચ્ચારણ કરવું જ વ્યર્થ બની જાય છે. **घ्** બોલવાથી જ ઘડો જણાઈ જતો હોય તો પછી બાકીના **अ-ट्-अ** વર્ણોનો ઉચ્ચાર કરવાની જરૂર જ ન રહે. આથી એમ માનવું જ જોઈએ કે પૂર્વ-પૂર્વવર્ણોના અનુભવથી જન્ય સંસ્કારોની સાથે અન્તિમ વર્ણના અનુભવજન્ય સંસ્કારથી અભિવ્યક્ત જે પદસ્ફોટ છે તે જ વાચક છે.

વૈયાકરણોનો ઉપરોક્ત મત (સર્વ વર્ણોથી અભિવ્યક્ત પદસ્ફોટ છે તે) પણ અમારા પૂર્વોક્ત કથનથી ખંડિત થઈ જાય છે, કેમકે તે તે વર્ણોના અનુભવથી જન્ય સંસ્કારો સહિત અંતિમ વર્ણના અનુભવથી જન્ય સંસ્કારથી ક્રમિક વર્ણવિશિષ્ટ પદોનું (ઘટ-પદનું) સ્મરણ થઈ જાય છે એટલે ઉપલંભ થઈ જાય છે અને તે વ્યંજક(અર્થ જણાવનાર શબ્દ)થી જ પદાર્થ(ઘટાર્થ)નો બોધ ઉપપન્ન થશે, માટે પદસ્ફોટ માનવો વ્યર્થ છે.

**मुक्तावली : इदन्तु बोध्यम् । यत्र द्वारमित्युक्तं तत्र पिधेहीत्यादिपदस्य ज्ञानादेव बोधो न तु पिधानादिरूपार्थज्ञानात्, पदजन्यतत्तत्पदार्थोपस्थिते-स्तत्तच्छाब्दबोधे हेतुत्वात् ।**

### ★ પ્રભાકરમત-ખંડન ★

**મુક્તાવલી :** અહીં મુક્તાવલીકાર મીમાંસકોનું ખંડન કરે છે. મીમાંસકો માને છે કે યત્કિઞ્ચિત્ પદથી પદાર્થોપસ્થિતિ થઈ જાય તો બધા પદાર્થોનું સ્મરણ થઈ શકે છે, એટલે પદાર્થ-સ્મરણના સમૂહથી શાબ્દબોધ થઈ શકે છે. આ ઉપરથી એ વાત નક્કી થાય છે કે મહાવાક્યાર્થના બોધમાં અવાન્તરવાક્યાર્થનું સ્મરણ જ કારણ છે પણ અવાન્તર-વાક્યાર્થનું સમૂહાલંબન-સ્મરણ કારણ નથી. એ જ રીતે લાઘવેન પદાર્થસ્મરણ જ

શાબ્દબોધ પ્રત્યે કારણ છે પણ પદજન્યપદાર્થસ્મરણ એ શાબ્દબોધ પ્રત્યે કારણ નથી. એટલે હવે કોઈ માણસ **'द्वारं'** એટલું જ વાક્ય બોલે તો ત્યાં **'पिधेहि'** પદનો અધ્યાહાર નથી કિન્તુ પિધાનાત્મક અર્થનો જ અધ્યાહાર છે.

આ મતના ખંડનમાં મુક્તાવલિકાર કહે છે કે અહીં **'पिधेहि'** પદનો જ અધ્યાહાર માનવો જોઈએ, કેમકે **'पिधेहि'** પદ અધ્યાહાર છે એવું અધ્યાહૃતપિધેહિપદજ્ઞાન જ પિધાનાર્થ-સ્મૃતિ કરાવી શકે અને ત્યારબાદ જ **द्वारकर्मकपिधानानुकूलकृतिमान् त्वम्** એવો શાબ્દબોધ થાય. માત્ર અધ્યાહૃતપિધાનાર્થની સ્મૃતિથી આ શાબ્દબોધ થઈ શકે નહિ, કેમકે તે જ પદાર્થોપસ્થિતિ શાબ્દબોધ પ્રત્યે કારણ બની શકે છે જે પદજ્ઞાનજન્ય હોય. (અન્યથા ઘટાદિ પદાર્થોના પ્રત્યક્ષાદિથી પણ ઘટાદિના શાબ્દબોધની આપત્તિ આવે.)

---

**मुक्तावली : किञ्च क्रियाकर्मपदानां तेन तेनैव पदेन सहाऽऽकाङ्क्षितत्वात्, तेन क्रियापदं विना कथं शाब्दबोधः स्यात् ? तथा पुष्पेभ्य इत्यादौ स्पृहयतीत्यादिपदाध्याहारं विना चतुर्थ्यनुपपत्तेः पदाध्याहार आवश्यकः ।**

---

**મુક્તાવલી** : વળી સાકાંક્ષ પદો જ શાબ્દબોધમાં કારણ છે. અને **'द्वारं'** પદને **'पिधेहि'** પદની આકાંક્ષા છે જ. માટે **पिधेहि** પદના અધ્યાહાર વિના તો શાબ્દબોધ થઈ શકે જ નહિ. એટલે પિધાનાર્થ-અધ્યાહારની સ્મૃતિ નહિ કિન્તુ **पिधेहि** પદ-અધ્યાહારની જ સ્મૃતિ માનવી જોઈએ.

એટલે જ **'पुष्पेभ्यः'** પદની ચતુર્થી વિભક્તિ **'स्पृहयति'** પદના અધ્યાહાર વિના અનુપપન્ન થઈ જાય છે, અર્થાત્ જો **पुष्पेभ्यः** એવા કર્મપદ બાદ **स्पृहयति** ક્રિયાપદનો અધ્યાહાર માનવામાં ન આવે તો પુષ્પને ચતુર્થી વિભક્તિ અનુપપન્ન થઈ જાય. **'स्पृहयति'**ના અર્થાધ્યાહારમાં પુષ્પને ચતુર્થી વિભક્તિ કહી નથી.

એટલે માત્ર પદાર્થસ્મૃતિને શાબ્દબોધ પ્રત્યે હેતુ માની શકાય નહિ કિન્તુ પદજ્ઞાનજન્યપદાર્થોપસ્થિતિને જ શાબ્દબોધ પ્રત્યે હેતુ માનવી જોઈએ.

---

**कारिकावली : पदार्थे तत्र तद्वत्ता योग्यता परिकीर्तिता ॥८३॥**

---

**मुक्तावली : योग्यतां निर्वक्ति-पदार्थे इत्यादिना । एकपदार्थेऽपरपदार्थ-**

**सम्बन्धो योग्यतेत्यर्थः । तज्ज्ञानाभावाच्च वह्निना सिञ्चतीत्यादौ न शाब्दबोधः ।**

---

**★ યોગ્યતા ★**

(૨) **યોગ્યતા** : એક પદાર્થમાં અપરપદાર્થનો જે સંબંધ તે યોગ્યતા છે. **घटमानय** સ્થળે ઘટકર્મત્વનો આનયન અર્થ સાથે નિરૂપકત્વ સંબંધ છે માટે તે યોગ્યતા કહેવાય. આ યોગ્યતાનું જે જ્ઞાન તે શાબ્દબોધ પ્રત્યે હેતુ બને છે.

**वह्निना सिञ्चति** સ્થળે વહ્નિકરણકત્વ અને સેક પદાર્થનો કોઈ સંબંધ નથી માટે અહીં યોગ્યતા નથી, અર્થાત્ સિંચન-ક્રિયામાં વહ્નિકરણકત્વની યોગ્યતા નથી માટે યોગ્યતાનું જ્ઞાન પણ નથી, તેથી આ વાક્યથી શાબ્દબોધ પણ ન જ થાય.

---

**मुक्तावली : नन्वेतस्या योग्यताया ज्ञानं शाब्दबोधात्प्राक्सर्वत्र न सम्भवति, वाक्यार्थस्यापूर्वत्वादिति चेद् ? न, तत्तत्पदार्थस्मरणे सति क्वचित्संशयरूपस्य क्वचिन्निश्चयरूपस्य योग्यताज्ञानस्य सम्भवात् ।**

---

**મુક્તાવલી : મીમાંસક** : જો યોગ્યતાનિશ્ચય શાબ્દબોધ પૂર્વે બધે થતો જ હોય તો તો યોગ્યતા-નિશ્ચયને કારણ માની શકાય, પણ અમારા મીમાંસકોના મતે વાક્ય-ઘટિતપદાર્થોનો પરસ્પર અન્વયબોધ અપૂર્વ હોય છે એટલે શાબ્દબોધ પૂર્વે યોગ્યતાનિશ્ચય સર્વત્ર ન મળે.

**પ્રાચીનો** : યોગ્યતાનો નિશ્ચય ન હોય તો પણ સંશય તો હોય જ છે. માટે અમે સંશયનિશ્ચયસાધારણ-યોગ્યતાજ્ઞાનને શાબ્દબોધ પ્રત્યે હેતુ કહીએ છીએ.

---

**मुक्तावली : नव्यास्तु योग्यताज्ञानं न शाब्दबोधे कारणम् । वह्निना सिञ्चतीत्यादौ सेके वह्निकरणकत्वाभावरूपायोग्यतानिश्चयेन प्रतिबन्धान्न शाब्दबोधः । तदभावनिश्चयस्य लौकिकसन्निकर्षाजन्यदोषविशेषाजन्यतज्ज्ञानमात्रे प्रतिबन्धकत्वाच्छाब्दबोधं प्रत्यपि प्रतिबन्धकत्वं सिद्धम् । योग्यताज्ञानविलम्बाच्च शाब्दबोधविलम्बोऽसिद्ध इत्याहुः ॥**

---

**મુક્તાવલી** : નવ્યો કહે છે કે શાબ્દબોધ પ્રત્યે યોગ્યતાજ્ઞાન કારણ નથી કિન્તુ જો

અયોગ્યતાનો નિશ્ચય થાય તો શાબ્દબોધ થતો નથી, માટે અયોગ્યતાનો નિશ્ચય એ પ્રતિબંધક છે અને પ્રતિબંધકાભાવ= અયોગ્યતાનિશ્ચયનો અભાવ એ શાબ્દબોધ પ્રત્યે હેતુ માનવો જોઈએ.

**પ્રાચીનો :** અયોગ્યતાનિશ્ચયાભાવને શાબ્દબોધ પ્રત્યે કારણ માનવામાં શરીરકૃત ગૌરવ છે. એના કરતાં લાઘવાત્ યોગ્યતાજ્ઞાનને જ શાબ્દબોધ પ્રત્યે કેમ કારણ ન મનાય?

**નવ્યો :** રત્નકોશકાર-મતની વિચારણામાં એ વાત નક્કી થઈ ગઈ છે કે તદભાવનો નિશ્ચય દોષવિશેષાજન્ય લૌકિકસંનિકર્ષ-અજન્ય એવા તદ્‌ના નિશ્ચયનો પ્રતિબંધક બને છે. પ્રસ્તુતમાં આ કલૃપ્ત પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવથી જ કામ ચાલે છે. વહ્નિમાં સેકકરણત્વ(યોગ્યતા)નો જે શાબ્દબોધ (નિશ્ચય) છે તે દોષવિશેષાજન્ય છે અને લૌકિક સંનિકર્ષ અજન્ય પણ છે. એટલે આની સામે વહ્નિમાં સેકકરણકત્વના અભાવનો = અયોગ્યતાનો જે નિશ્ચય, તે પ્રતિબંધક બની જ જશે. એટલે આ અયોગ્યતાના નિશ્ચય (પ્રતિબંધક)ના અભાવને જ શાબ્દબોધ પ્રત્યે હેતુ માનવો જોઈએ.

**પ્રાચીનો :** જ્યાં યોગ્યતાનું જ્ઞાન નથી અને અયોગ્યતાનો (યોગ્યતાના બાધનો) નિશ્ચય પણ નથી ત્યાં બાધનિશ્ચયાભાવ છે, અર્થાત્ અયોગ્યતાનિશ્ચયાભાવરૂપ કારણની હાજરી છે એટલે શાબ્દબોધ થવો જોઈએ. પણ અહીં શાબ્દબોધ થતો નથી માટે યોગ્યતાજ્ઞાનને જ શાબ્દબોધ પ્રત્યે કારણ માનવું જોઈએ. અહીં યોગ્યતાજ્ઞાન નથી માટે શાબ્દબોધ નહિ થાય. જ્યારે યોગ્યતાજ્ઞાન થશે ત્યારે જ શાબ્દબોધ થશે. આમ યોગ્યતાજ્ઞાનવિલમ્બાત્ શાબ્દબોધ-વિલંબ માનવો જોઈએ.

**નવ્યો :** નહિ, જો ઉક્ત સ્થળે બાધનિશ્ચયાભાવ છે તો શાબ્દબોધ થશે જ. અમને તેમાં ઈષ્ટાપત્તિ જ છે. અન્યથા પ્રતિબંધકાભાવરૂપ કલૃપ્ત કારણને છોડીને યોગ્યતા-જ્ઞાનને અતિરિક્ત કારણ માનવાની કલ્પનાનું ગૌરવ થાય. માટે યોગ્યતા-જ્ઞાન-વિલમ્બથી શાબ્દબોધ-વિલંબ અમે અપ્રામાણિક માનીએ છીએ.

યથાર્થબાધનિશ્ચયાભાવ હોય તો શાબ્દબોધ થાય.

યથાર્થબાધનિશ્ચય હોય તો શાબ્દબોધ ન થાય.

જ્યાં બાધનિશ્ચયનો ભ્રમ હોય ત્યાં ભ્રમ-દશામાં શાબ્દબોધ-વિલમ્બ થાય, ભ્રમ નિવૃત્ત થતાં શાબ્દબોધ થઈ જાય.

**'इत्याहुः'** એમ કહીને જે અસ્વરસ સૂચવ્યો છે તેનાથી એ સિદ્ધ થાય છે કે શાબ્દબોધ પ્રત્યે સર્વાનુભવસિદ્ધ યોગ્યતાજ્ઞાનને જ કારણ તરીકે માનવું જોઈએ.

**कारिकावली : यत्पदेन विना यस्याननुभावकता भवेत् ।**
**आकाङ्क्षा वक्तुरिच्छा तु तात्पर्यं परिकीर्तितम् ॥८४॥**

**मुक्तावली : आकाङ्क्षां निर्वक्ति-यत्पदेनेति । येन पदेन विना यत्पदस्या-न्वयाननुभावकत्वं तेन पदेन सह तस्याकाङ्क्षेत्यर्थः । क्रियापदं विना कारकपदं नान्वयबोधं जनयतीति तेन तस्याकाङ्क्षा ।**

### ★ આકાંક્ષા ★

**મુક્તાવલી : (૩) આકાંક્ષા :** જે પદ વિના જે પદનો શાબ્દબોધ થઈ શકતો ન હોય તે પદની તે પદ સાથે આકાંક્ષા કહેવાય. **तत्पदे अपरपदवत्त्वं आकांक्षा ।**

ક્રિયાપદ એ કારકપદ વિના અને કારકપદ એ ક્રિયાપદ વિના શાબ્દબોધ-જનક બનતું નથી માટે તે બે ને પરસ્પર આકાંક્ષા છે, અર્થાત્ અવ્યવહિતોત્તરત્વ કે અવ્યવહિત-પૂર્વત્વસંબંધથી એક પદ અપરપદવત્ બને છે, તે જ આકાંક્ષા છે.

**मुक्तावली : वस्तुतस्तु क्रियाकारकपदानां सन्निधानमासत्त्या चरितार्थम् । परन्तु घटकर्मताबोधं प्रति घटपदोत्तरद्वितीयारूपाकाङ्क्षाज्ञानं कारणम्, तेन घटः कर्मत्वमानयनं कृतिरित्यादौ न शाब्दबोधः ।**

**મુક્તાવલી :** અહીં જે 'અવ્યવહિતત્વ' અંશ કહ્યો તે તો આસત્તિથી જ ચરિતાર્થ થઈ જાય છે. અને પૂર્વત્વ કે ઉત્તરત્વનો નિયમ હોતો નથી. જેમ **चैत्रः पचति** બોલાય તેમ **पचति चैत्रः** પણ બોલી શકાય છે. એટલે આ રીતે **अव्यवहितपूर्वोत्तरान्यतरसम्बन्धेन एकपदस्यापरपदवत्त्वं आकांक्षा** કહેવાની જરૂર જ નથી.

આ અરૂચિને ખ્યાલમાં રાખીને **वस्तुतस्तु** કરીને મુક્તાવલિકાર કહે છે કે એ વાત બરોબર છે માટે જ ક્રિયાપદ અને કારકપદોની પરસ્પર આકાંક્ષા હોતી નથી એમ જ કહેવું જોઈએ. આકાંક્ષા તો પ્રકૃતિ અને પ્રત્યય પદો વચ્ચે હોય છે. ઘટકર્મતાના શાબ્દબોધ પ્રત્યે (**घटं** એવા શાબ્દબોધ પ્રત્યે) ઘટપદોત્તર દ્વિતીયા વિભક્તિ **अम्** પ્રત્યયની આકાંક્ષાનું જ્ઞાન તે કારણ છે. અહીં પણ ઘટપદની અવ્યવહિત ઉત્તરમાં **अम्** = કર્મત્વ જોઈએ એમ કહેવું જોઈએ, પણ તેમાં ય અવ્યવહિતત્વાંશ તો આસત્તિથી જ

ચરિતાર્થ થઈ જાય છે, પણ ઉત્તરત્વાંશ તો આકાંક્ષાથી જ મળે, એટલે **घटः कर्मत्वं आनयनं कृतिः** વિગેરેથી શાબ્દબોધ નહિ થાય, કેમકે ઘટ પદની અવ્યવહિત ઉત્તરમાં દ્વિતીયા-રૂપની જે આકાંક્ષા, તે જ નથી. ઘટ પદની અવ્યવહિત ઉત્તરમાં તો **सि** (પ્રથમા વિભક્તિનો **सि**) પ્રત્યય પડેલો છે.

---

**मुक्तावली : अयमेति पुत्रो राज्ञः पुरुषोऽपसार्यतामित्यादौ तु पुत्रेण सह राजपदस्य तात्पर्यग्रहसत्त्वात्तेनैवान्वयबोधः । पुरुषेण सह तात्पर्यग्रहे तु तेन सहान्वयबोधः स्यादेव ।**

---

**મુક્તાવલી : अयमेति पुत्रो राज्ञः पुरुषः अपसार्यताम् ।** અહીં પુત્રની સાથે રાજ પદનું તાત્પર્યજ્ઞાન હોવાથી તે જ રીતે અન્વયબોધ (શાબ્દબોધ) થાય. હા, જો રાજન્ પદનું પુરૂષ પદ સાથે તાત્પર્યજ્ઞાન હોય તો તે રીતે પણ શાબ્દબોધ થાય.

---

**मुक्तावली : तात्पर्यं निर्वक्ति-वक्तुरिच्छेति । यदि तात्पर्यज्ञानं कारणं न स्यात्तदा सैन्धवमानयेत्यादौ क्वचिदश्वस्य क्वचिल्लवणस्य बोध इति न स्यात् ।**

---

### ★ તાત્પર્ય ★

**મુક્તાવલી : (૪) તાત્પર્ય :** વક્તાની ઈચ્છા એ તાત્પર્ય છે. તેનું જ્ઞાન એ શાબ્દબોધમાં હેતુ છે. જો તાત્પર્યજ્ઞાનને કારણ જ ન માનીએ તો **'सैन्धवमानय'** વાક્યથી ક્યારેક સૈન્ધવ પદથી લવણનો અને ક્યારેક અશ્વનો જે શાબ્દબોધ થાય છે તે ન થાય. જ્યારે વક્તાના જે તાત્પર્યનું જ્ઞાન થાય ત્યારે તે જ અમુક નિશ્ચિત બોધ સૈન્ધવ પદથી થાય. માટે તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધ પ્રત્યે કારણ માનવું જોઈએ.

વક્તાના તાત્પર્યનું જ્ઞાન પ્રકરણ, વિશેષણ, યોગ, સાહચર્યાદિથી થાય, અર્થાત્ પ્રકરણાદિ તાત્પર્યજ્ઞાનને ઉત્પન્ન કરે અને તે તાત્પર્યજ્ઞાન શાબ્દબોધ ઉત્પન્ન કરે.

---

**मुक्तावली : न च तात्पर्यग्राहकप्रकरणादीनां शाब्दबोधे कारणत्वमस्त्विति वाच्यम्, तेषामननुगमात् । तात्पर्यज्ञानजनकत्वेन तेषामनुगमे तु तात्पर्यज्ञानमेव लाघवात्कारणमस्तु । इत्थं च वेदस्थलेऽपि तात्पर्यज्ञानार्थमीश्वरः कल्प्यते ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** તો પ્રકરણાદિને જ શાબ્દબોધ પ્રત્યે સાક્ષાત્ કારણ માની લો ને ? તાત્પર્ય-જ્ઞાનને કારણ માનવાની શી જરૂર છે ?

**ઉત્તર :** પ્રકરણાદિ અનનુગત છે માટે તેમાં અનુગતકારણતાવચ્છેદક ન મળે, એટલે પ્રકરણાદિને શાબ્દબોધના કારણ ન મનાય.

**પ્રશ્ન :** તાત્પર્યજ્ઞાનજનકત્વ ધર્મ તો તે બધામાં છે જ, માટે તેનાથી અનુગમ થઈ જશે.

**ઉત્તર :** તાત્પર્યજ્ઞાનજનકત્વેન પ્રકરણાદિને શાબ્દબોધનું કારણ માનવા કરતાં લાઘવાત્ તાત્પર્યજ્ઞાનત્વેન તાત્પર્યજ્ઞાનને જ શાબ્દબોધ પ્રત્યે કારણ માનવું ઉચિત છે.

હવે જ્યારે શાબ્દબોધસામાન્ય પ્રત્યે લાઘવાત્ તાત્પર્યજ્ઞાનની કારણતા સિદ્ધ થાય છે ત્યારે વેદવાક્યના શાબ્દબોધ પ્રત્યે પણ તાત્પર્યજ્ઞાનને કારણ માનવું જોઈએ અને ત્યાં ઈશ્વરનું તાત્પર્ય કલ્પવું જોઈએ. આમ તાત્પર્યાશ્રયતયા ઈશ્વરની સિદ્ધિ થઈ ગઈ.

આ વાત મીમાંસકોની સામે રજૂ કરી છે, કેમકે તેઓ ઈશ્વરને માનતા નથી.

---

**मुक्तावली : न च तत्राध्यापकतात्पर्यज्ञानं कारणमिति वाच्यम्, सर्गादावध्यापकाभावात् । न च प्रलय एव नास्ति कुतः सर्गादिरिति वाच्यम्, प्रलयस्यागमेषु प्रतिपाद्यत्वात् ।**

---

**મુક્તાવલી : મીમાંસક :** અમે ત્યાં વેદાધ્યેતાનું તાત્પર્ય લઈશું.

**નૈયાયિક :** સર્ગની આદિમાં ઈશ્વરાતિરિક્ત બીજો કયો અધ્યાપક હતો ? માટે તે વખતે તો ઈશ્વરનું જ તાત્પર્ય લેવું પડશે ને ?

**મીમાંસક :** અમે પ્રલય જ માનતા નથી તો સર્ગ અને તેની આદિની વાત જ ક્યાં રહી ?

**નૈયાયિક :** નહિ, પ્રલય આગમપ્રમાણથી સિદ્ધ છે માટે સર્ગાદિ પણ સિદ્ધ છે.

---

**मुक्तावली : इत्थं च शुकवाक्येऽपि ईश्वरीयतात्पर्यज्ञानं कारणम् । विसंवादिशुकवाक्ये तु शिक्षयितुरेव तात्पर्यज्ञानं कारणम् ।**

---

**મુક્તાવલી :** વળી જ્યારે આમ શાબ્દબોધ પ્રત્યે તાત્પર્યજ્ઞાનની કારણતા સિદ્ધ થઈ છે ત્યારે શુકના સંવાદિવાક્યથી (શુકનું સંવાદિવાક્ય એટલે શુકની પોતાની ભાષામાં ઉચ્ચરિત વાક્ય, કેમકે તે જ વાક્ય શુકને પોતાને શાબ્દબોધ રૂપ ફળની પ્રવૃત્તિનું જનક

છે. 'સીતારામ' એવું જે શુકવાક્ય છે તે વિસંવાદી-પ્રવૃત્તિજનક છે, કેમકે 'સીતારામ' પદથી શુકને શાબ્દબોધ રૂપ ફળ પ્રાપ્ત થતું નથી. શુકની પોતાની ભાષા તો ઈશ્વરે જ બનાવી છે, માટે તે ભાષાના તે તે વાક્ય પાછળ ઈશ્વરીય તાત્પર્ય માની શકાય, જ્યારે 'સીતારામ' વગેરે વાક્યમાં તો શિક્ષકનું તાત્પર્ય જ માનવું જોઈએ.) જે શાબ્દબોધ થાય છે ત્યાં પણ તાત્પર્યજ્ઞાન કારણ માનવું જ જોઈએ. એટલે ત્યાં ઈશ્વરનું તાત્પર્ય લેવું. તે તાત્પર્યનું જ્ઞાન શુકવાક્યજનિત શાબ્દબોધ પ્રત્યે હેતુ બને. અને જે વિસંવાદી (વિફલ-પ્રવૃત્તિજનક) શુકવાક્યો છે ત્યાં ઈશ્વરીય તાત્પર્ય તો સંભવે નહિ, એટલે શુકના શિક્ષકનું તાત્પર્ય લેવું. તે તાત્પર્યનું જ્ઞાન શાબ્દબોધ પ્રત્યે હેતુ બને.

---

**मुक्तावली : अन्ये तु नानार्थादौ क्वचिदेव तात्पर्यज्ञानं कारणम् । तथा च शुकवाक्ये विनैव तात्पर्यज्ञानं शाब्दबोधः, वेदे त्वनादिमीमांसापरिशोधित-तर्कैरर्थावधारणमित्याहुः ॥**

---

**મુક્તાવલી :** નવ્યો કહે છે કે શાબ્દબોધ-સામાન્ય પ્રત્યે તાત્પર્યજ્ઞાનને કારણ માની શકાય નહિ પરન્તુ જે નાનાર્થક (અનેકાર્થક) શબ્દો છે તે સૈન્ધવાદિપદ-પ્રયોગ સ્થળે જ તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધ પ્રત્યે હેતુ માનવું જોઈએ. એટલે શુકના બધા વાક્યમાં પણ તાત્પર્યજ્ઞાન વિના જ શાબ્દબોધ થાય એમ કહી શકાય. અને તેથી તે તાત્પર્યના આશ્રય તરીકે ઈશ્વરની કલ્પના કરવી એ અનુચિત છે.

**પ્રશ્ન :** જો આ રીતે તાત્પર્યાશ્રયતયા ઈશ્વર નહિ માનો તો વેદના કેટલાક વાક્યોમાં જે તાત્પર્ય પકડવાનું છે તેમાં કોનું તાત્પર્ય સમજવું ? જો ઈશ્વર જ ન હોય તો વેદવાક્યમાં બીજા કોઈનું તાત્પર્ય તો સંભવતું નથી તો પછી તાત્પર્યજ્ઞાન વિના તે તે પદોનો અમુક જ શાબ્દબોધ અનુપપન્ન થઈ જશે.

**ઉત્તર :** નહિ, ત્યાં અનાદિ જે ગૌતમ, જૈમિની આદિ મહર્ષિઓ, એમની જે મીમાંસા અને તર્કો, એનાથી જ તે તે પદના તે તે અર્થનો નિશ્ચય થઈ શકે છે, પછી ત્યાં તાત્પર્યજ્ઞાન કરવાની જરૂર જ નથી. એટલે તાત્પર્યના આશ્રયતયા ઈશ્વરની સિદ્ધિ થઈ શકતી નથી. ઈશ્વર તો '**क्षित्यादिकं सकर्तृकम्**' ઈત્યાદિ અનુમાનથી સિદ્ધ થાય છે.

અહીં શબ્દખંડનું વિવેચન પૂર્ણ થાય છે.

●

**मुक्तावली : पूर्वमनुभवस्मरणभेदाद् बुद्धेर्द्वैविध्यमुक्तम् । तत्रानुभवप्रकारा दर्शिताः, स्मरणं तु सुगमतया न दर्शितम् । तत्र हि पूर्वानुभवः कारणम् ।**

**મુક્તાવલી :** આત્મ દ્રવ્યની વિચારણામાં પ્રસંગોપાત બુદ્ધિનું નિરૂપણ કરતા હતા. તેમાં બુદ્ધિના બે પ્રકાર : અનુભવ અને સ્મરણ. તેમાંની અનુભવ-બુદ્ધિના ચાર પ્રકાર : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દબોધનું વિસ્તારથી વર્ણન કર્યું. હવે સ્મરણાત્મક બુદ્ધિનું વિવેચન અવસરને પ્રાપ્ત થયું છે, પણ તે સરળ હોવાથી કારિકાવલીકારે જણાવ્યું નથી.

સ્મરણ-બુદ્ધિ કાર્ય પ્રત્યે અનુભવ-જ્ઞાન કારણ છે. પૂર્વે જે અનુભવ્યું હોય તેનું જ સ્મરણ થાય, પણ જે અનુભવ્યું ન હોય તેનું સ્મરણ પણ ન જ થાય. માટે અનુભવ-જ્ઞાનને સ્મરણ પ્રત્યે કારણ માનવું જોઈએ.

**मुक्तावली : अत्र केचित्-अनुभवत्वेन न कारणत्वं, किन्तु ज्ञानत्वेनैव, अन्यथा स्मरणानन्तरं स्मरणं न स्यात्, समानप्रकारकस्मरणेन पूर्वसंस्कारस्य विनष्टत्वात् । मन्मते तु तेनैव स्मरणेन संस्कारान्तरद्वारा स्मरणान्तरं जन्यत इत्याहुः ।**

**મુક્તાવલી : શંકાકાર :** સ્મરણ પ્રત્યે અનુભવત્વેન માત્ર અનુભવને જ કારણ મનાય નહીં, પણ જ્ઞાનત્વેન જ્ઞાનને જ કારણ માનવું જોઈએ. જો તેમ નહીં માનો અને માત્ર અનુભવને જ કારણ માનશો તો એક વખત સ્મરણ થઈ ગયા પછી ફરીથી તેનું સ્મરણ ન થવાની આપત્તિ આવશે.

જેનો અનુભવ થયો તે અનુભવ જ્ઞાનરૂપ હોવાથી ક્ષણિક છે, માટે તે તો તરત જ નાશ પામી જશે. પરંતુ નાશ પામતાં પૂર્વે તેના સંસ્કાર આત્મામાં પડશે, ત્યારપછી ઉદ્‌બોધક મળતાં તે સંસ્કાર જાગ્રત થતાં પૂર્વાનુભવનું પ્રથમ સ્મરણ થશે.

અને સમાનપ્રકારકસ્મરણ અનુભવજન્ય સંસ્કારનું નાશક છે, તેથી આ પ્રથમ સ્મરણ અનુભવજન્ય સંસ્કારનો નાશ કરશે. હવે સ્મરણ પણ જ્ઞાનાત્મક હોવાથી નષ્ટ થઈ જશે.

હવે આત્મામાં અનુભવજ્ઞાનજન્ય સંસ્કાર જ ન હોવાથી ફરીથી સ્મરણ શી રીતે થશે? કેમકે તમે તો અનુભવત્વેન અનુભવજ્ઞાનને કારણ માનો છો. હવે અનુભવત્વેન

અનુભવજ્ઞાન હાજર નથી તેથી બીજી ત્રીજી વાર સ્મરણ ન થવાની આપત્તિ આવશે. પણ હકીકતમાં તો એક અનુભવના સંસ્કારોનું ઘણીવાર સ્મરણ થતું અનુભવાય જ છે, માટે અનુભવત્વેન અનુભવને સ્મરણનું કારણ ન મનાય.

**નવ્યો** : તો પછી તમે સ્મરણ પ્રત્યે કોને કારણ માનશો ?

**શંકાકાર** : અમે તો સ્મરણ પ્રત્યે સ્મરણને જ કારણ માનીએ છીએ, તેથી પ્રથમ સ્મરણ પોતે નાશ પામતાં પહેલા નવા સંસ્કાર મૂકી જશે, તેથી ઉદ્બોધક મળતાં બીજી વાર સ્મરણ થઈ શકશે. તે સ્મરણ ફરી સંસ્કારો મૂકીને નાશ પામશે. આમ પ્રત્યેક સ્મરણ નવા નવા સંસ્કારો મૂકશે જેના દ્વારા નવું નવું સ્મરણ થયા કરશે અને નવું નવું સ્મરણ સમાનપ્રકારક પૂર્વોક્ત સંસ્કારોનો નાશ કરતું જશે.

**નવ્યો** : જો સ્મરણ પ્રત્યે સ્મરણને જ કારણ માનો છો તો સૌપ્રથમ જે સ્મરણ થાય છે તેની પૂર્વે અનુભવજ્ઞાન હોવાથી ત્યાં તો તમારે અનુભવજ્ઞાનને કારણ માનવું પડશે ને ? કેમકે તેની પૂર્વે કોઈ સ્મરણ થયું જ નથી.

**શંકાકાર** : તો પછી અમે અનુભવજ્ઞાન અને સ્મરણ બંનેને કારણ માનીશું. સૌ પ્રથમ સ્મરણ પ્રત્યે અનુભવજ્ઞાન કારણ છે, અને અન્ય સ્મરણો પ્રત્યે સ્મરણ કારણ છે.

**નવ્યો** : તેમ માનવામાં તમારે બે કાર્ય-કારણ માનવાનું ગૌરવ છે. અમે પૂછીએ છીએ કે સ્મરણ-કાર્યનું એક અનુગત કારણ તમે કોને માનશો ?

**શંકાકાર** : અમારે ગૌરવ છે જ નહીં. અમે તો જ્ઞાનત્વેન અનુભવ અને સ્મરણ બંનેને કારણ માનીશું. અનુભવ જેમ જ્ઞાન છે તેમ સ્મરણ પણ જ્ઞાન જ છે. આમ જ્ઞાનત્વેન અનુભવ અને સ્મરણને સ્મરણનું કારણ માનવામાં કોઈ જ આપત્તિ નથી માટે અનુભવ અને સ્મરણ બંનેને જ્ઞાનત્વેન સ્મરણ પ્રત્યે કારણ માનવું જોઈએ એમ સિદ્ધ થાય છે.

---

**मुक्तावली : तन्न, यत्र समूहालम्बनोत्तरं घटपटादीनां क्रमेण स्मरणमजनिष्ट सकलविषयकस्मरणं तु नाऽभूत्, तत्र फलस्य संस्कारनाशकत्वाभावात् कालस्य रोगस्य चरमफलस्य वा संस्कारनाशकत्वं वाच्यम्, तथा च न क्रमिकस्मरणानुपपत्तिः ।**

---

**મુક્તાવલી : નવ્યો** : ના, તમારી આ વાત બિલકુલ માની શકાય તેમ નથી, કેમકે દેવદત્તને ઘટ-પટ-મઠનું સમૂહાલંબનાત્મક જ્ઞાન થયું. ત્યારપછી તેને ઘટનું સ્મરણ થયું,

પછી કેટલાક સમય પછી પટનું સ્મરણ પણ થયું અને ક્યારેક ઉદ્બોધક પ્રાપ્ત થતાં મઠનું પણ સ્મરણ થશે. પણ આ દેવદત્તને ઘટ, પટ અને મઠનું સમૂહાલંબનાત્મક સ્મરણ નથી થયું.

હવે જો તમે એમ કહો કે સમાનપ્રકારક સ્મરણ પૂર્વના સમાનપ્રકારક અનુભવજન્ય સંસ્કારનો નાશ કરે છે, તો ઘટનું સ્મરણ થતાં જ દેવદત્તમાં પડેલા સમૂહાલંબન-અનુભવજ્ઞાનજન્ય સંસ્કાર નષ્ટ થઈ જ જશે, તો પછી હવે સંસ્કાર ન હોવાથી પટનું સ્મરણ શી રીતે થશે ? નવા સ્મરણે તો માત્ર 'ઘટ'-સ્મરણના જ નવા સંસ્કાર ઊભા કર્યા છે, પણ સમૂહાલંબનાત્મક સ્મરણ થયું ન હોવાથી પટ-મઠાદિના તો નવા સંસ્કાર ઉત્પન્ન કર્યા જ નથી અને પૂર્વે પડેલા સંસ્કારો તો ઘટનું સ્મરણ થતાં જ નાશ પામી ગયા છે. આમ સંસ્કાર કે સ્મરણ ન હોવા છતાં પટનું ફરીથી સ્મરણ થતું હોવાથી માત્ર સ્મરણને સ્મરણનું કારણ માની શકાય નહીં.

**શંકાકાર :** ઘટનું સ્મરણ થયા પછી સમૂહાલંબનાત્મક અનુભવજન્ય સંસ્કાર પણ નષ્ટ થઈ ગયા છે, તો પછી અનુભવજન્ય સંસ્કાર ન હોવા છતાં પણ પટનું જ્ઞાન (સ્મરણાત્મક) થતું હોવાથી અનુભવજ્ઞાનને પણ શી રીતે કારણ મનાશે ?

**નવ્યો :** તમારી વાત સાચી છે. તેથી અમે કહીએ છીએ કે 'સ્મરણ સંસ્કારનો નાશક છે' તેવો તમારો નિયમ જ અપ્રામાણિક છે. સ્મરણ સંસ્કારનો નાશક છે જ નહીં અને તેથી જ સમૂહાલંબનાત્મક અનુભવજ્ઞાનના સંસ્કાર પડ્યા પછી ઘટનું સ્મરણ થવા છતાં તે સંસ્કાર નાશ પામતા નથી અને ફરી ક્યારેક ઉદ્બોધક હાજર થતાં પટ, મઠ વગેરેનું પણ સ્મરણ થઈ શકે છે, કેમકે સમૂહાલંબનાત્મક જ્ઞાનના સંસ્કારો હાજર છે.

**શંકાકાર :** જો આ રીતે તમે સંસ્કારના નાશક તરીકે સ્મરણને નહીં માનો તો સંસ્કારનો નાશક કોને માનશો ?

**નવ્યો :** સ્મરણથી સંસ્કાર નાશ પામતા નથી તે વાત તો સિદ્ધ થઈ જ ગઈ અને સંસ્કાર એ જન્ય છે માટે તેનો અવશ્ય નાશ તો છે જ, તેથી તેના નાશક તરીકે અમે રોગને માનીશું. રોગના કારણે તે સંસ્કારો નાશ પામે છે.

**શંકાકાર :** પણ જેને કોઈ રોગ જ ન થાય તેના તો સંસ્કાર ક્યારેય નાશ નહીં પામે ને ?

**નવ્યો :** ના, તેમ તો મનાય જ નહીં, કેમકે જન્ય સદા વિનાશી જ હોય, તેથી તેમના માટે અમે કાળને નાશક માનીશું.

**શંકાકાર :** તો તો તમારે તમામ સંસ્કારોને ક્ષણિક માનવાની આપત્તિ આવશે.

**નવ્યો :** તો પછી અંતિમ સ્મરણ અનુભવજન્ય સંસ્કારનું નાશક બનશે. જેના પછી હવે સ્મરણ થવાનું નથી તે છેલ્લું સ્મરણ જ અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કારનો નાશ કરશે, માટે તમામ સ્મરણને સંસ્કારોના નાશક માનવાની જરૂર નથી.

આમ અનુભવત્વેન અનુભવજ્ઞાનને જ સ્મરણનું કારણ માનવાથી પૂર્વે તમે ઉત્તરોત્તર સ્મરણની અનુપપત્તિ જણાવી હતી તે હવે નહીં થાય, કારણ કે નવું નવું સ્મરણ સંસ્કારનું નાશક નથી તેમ સિદ્ધ થયું છે, તેથી અનુભવજન્ય સંસ્કારથી પ્રથમ સ્મરણ ઉત્પન્ન થશે, પણ તે અનુભવજન્ય સંસ્કારનું નાશક ન હોવાથી આત્મામાં રહેલો તે અનુભવજન્ય સંસ્કાર જ બીજા, ત્રીજા, ચોથા વગેરે ક્રમિક સ્મરણોને ઉત્પન્ન કરી દેશે. માટે સ્મરણ પ્રત્યે જ્યારે માત્ર અનુભવજ્ઞાનને જ કારણ માનવાથી કાર્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે સ્મરણને પણ કારણ માનીને ગૌરવ કરવાની જરૂર નથી.

---

**मुक्तावली : न च पुनः पुनः स्मरणाद् दृढतरसंस्कारानुपपत्तिरिति वाच्यम्, झटित्युद्बोधकसमवधानस्य दार्ढ्यपदार्थत्वात् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** સામાન્યતઃ આપણો અનુભવ એવો છે કે એક જ પદાર્થનું વારંવાર સ્મરણ કરવામાં આવે તો તેના સંસ્કારો દૃઢ થાય છે અને તેથી જ આપણે વારંવાર પાઠ, સ્વાધ્યાય વગેરે કરીએ છીએ કે જેથી વારંવાર સ્મરણ દ્વારા તેના પડતાં સંસ્કારો દૃઢ બને.

પરંતુ તમારી વાત માનવાથી આ અનુભવસિદ્ધ હકીકત અનુપપન્ન બની જશે, કેમકે જો અનુભવજન્ય સંસ્કારથી જે સ્મરણ થયું તેનાથી જન્ય સંસ્કાર દ્વારા બીજી વાર સ્મરણ, ફરી તેનાથી જન્ય સંસ્કાર દ્વારા ત્રીજી વાર સ્મરણ... આમ વારંવાર થાય તો જ સંસ્કારો દૃઢતર થતાં જાય. પણ તમે તો સ્મરણજન્ય સંસ્કાર દ્વારા બીજું સ્મરણ માનતાં જ નથી તેથી સંસ્કાર દૃઢતર શી રીતે થશે? વળી તમે તો એક જ અનુભવજન્ય સંસ્કારને ચિરસ્થાયી માનો છો અને તેના દ્વારા જ બીજા, ત્રીજા, ચોથા વગેરે સ્મરણની ઉત્પત્તિ માનો છો પણ અનેક સંસ્કારોને માનતા નથી, એટલે અનેકવાર સ્મરણ થવા છતાં જુના અનુભવજન્ય એક જ સંસ્કાર દ્વારા સ્મરણ-ફળ થયા કરે તો તેમાં દૃઢતા શી રીતે આવે ?

**નવ્યો :** નવા નવા સંસ્કારોની ઉત્પત્તિ તે દૃઢતા નથી પણ જલ્દીથી ઉદ્‌બોધકનું સમવધાન તે જ દૃઢતા છે. સ્મરણ એ ઉદ્‌બોધક છે. તેનું એકદમ જલ્દીથી આવી જવું

તે જ દઢતા કહેવાય અને આવી દઢતા માટે નવા નવા સંસ્કારોની ઉત્પત્તિ માનવાની જરૂર નથી.

---

**मुक्तावली : न च विनिगमनाविरहादेव ज्ञानत्वेनापि जनकत्वं स्यादिति वाच्यम्, विशेषधर्मेण व्यभिचाराज्ञाने सामान्यधर्मेणाऽन्यथासिद्धत्वात् । कथमन्यथा दण्डस्य भ्रमिद्वारा द्रव्यत्वेन रूपेण न कारणत्वम् ?**

---

**મુક્તાવલી : શંકાકાર** : તમે અનુભવત્વેન અનુભવજ્ઞાનને સ્મરણનું કારણ માનો છો અને અમે જ્ઞાનત્વેન અનુભવ-સ્મરણને સ્મરણનું કારણ માનીએ છીએ, તેથી વિનિગમના-વિરહ આવ્યો. તેથી તમારે પણ જ્ઞાનત્વેન અનુભવ અને સ્મરણને સ્મરણનું કારણ માનવું જોઈએ.

**નવ્યો** : ના, અહીં વિનિગમના-વિરહ છે જ નહીં, કેમકે નિયમ છે કે વિશેષધર્મમાં જો વ્યભિચારનું જ્ઞાન ન હોય તો સામાન્યધર્મ અન્યથાસિદ્ધ બને છે, અર્થાત્ વિશેષ-ધર્મત્વેન કારણ માનવામાં કોઈપણ વ્યભિચાર આવતો ન હોય તો સામાન્યત્વેન કારણ માનવામાં ગૌરવ છે, તેથી વિશેષધર્મત્વેન જ કારણ માનવું જોઈએ.

પ્રસ્તુતમાં અનુભવજ્ઞાનત્વ એ વિશેષધર્મ છે અને જ્ઞાનત્વ સામાન્યધર્મ છે. હવે અનુભવત્વેન અનુભવજ્ઞાનને જ સ્મરણનું કારણ માનીએ તો કોઈપણ વ્યભિચાર જણાતો નથી. માટે હવે ઉક્ત નિયમથી જ્ઞાનત્વેન જ્ઞાનને સ્મરણનું કારણ મનાય નહીં, માટે અનુભવત્વેન જ કારણ માનવું જોઈએ.

**શંકાકાર** : તમારા નિયમમાં પ્રમાણ શું છે ?

**નવ્યો** : તમે પણ આ નિયમ ક્યાં નથી માનતા ? રક્તદંડમાં જેમ રક્તદંડત્વ છે તેમ દંડત્વ અને દ્રવ્યત્વ પણ છે, છતાં તમે ઘટ પ્રત્યે દંડને દંડત્વેન જ કારણ કેમ માનો છો ? અને રક્તદંડત્વેન કે દ્રવ્યત્વેન કારણ કેમ નથી માનતા ?

દંડત્વેન જ દંડને કારણ મનાય છે, કારણ કે શ્યામદંડથી પણ ઘટ બની શકે છે. હવે જો ત્યાં રક્તદંડત્વેન કારણ માનો તો રક્તદંડ હાજર ન હોવા છતાં ઘટકાર્ય થવાથી વ્યતિરેક-વ્યભિચાર આવ્યો. અહીં રક્તદંડત્વ વિશેષધર્મ છે અને દંડત્વ સામાન્યધર્મ છે. પણ વિશેષધર્મ રક્તદંડત્વેન કારણ માનવામાં વ્યભિચાર આવે છે માટે વિશેષધર્મ રક્તદંડત્વેન દંડને કારણ મનાતું નથી.

હવે દંડત્વ વિશેષધર્મ છે અને દ્રવ્યત્વ સામાન્યધર્મ છે, પણ વિશેષધર્મ દંડત્વેન દંડને

કારણ માનવામાં કોઈ વ્યભિચાર આવતો નથી માટે વિશેષધર્મ દંડત્વેન જ દંડને કારણ મનાય છે, પણ દ્રવ્યત્વેન દંડને કારણ માનવામાં વ્યભિચાર ન આવતો હોવા છતાં ગૌરવ હોવાથી દ્રવ્યત્વેન દંડને કારણ મનાતું નથી, તેથી અહીં સામાન્યધર્મ દ્રવ્યત્વેન દંડને કારણ માનવાને બદલે વિશેષધર્મ દંડત્વેન દંડને કારણ મનાય છે.

તેથી નક્કી થાય છે કે જો વ્યભિચારનું જ્ઞાન ન હોય તો વિશેષધર્મત્વેન જ કારણ મનાય, પણ સામાન્યધર્મત્વેન કારણ મનાય નહીં.

આમ પ્રસ્તુતમાં પણ અનુભવત્વેન કારણ માનવામાં વ્યભિચારનું જ્ઞાન થતું ન હોવાથી જ્ઞાનત્વ રૂપ સામાન્યધર્મત્વેન કારણ મનાય નહીં.

---

**मुक्तावली : न चान्तरालिकस्मरणानां संस्कारनाशकत्वसंशयाद् व्यभिचार-संशय इति वाच्यम्, अनन्तसंस्कारतन्नाशकल्पनापेक्षया चरमस्मरणस्यैव लाघवात् संस्कारनाशकत्वकल्पनेन व्यभिचारसंशयाभावात् ।**

**॥ इति स्मृतिप्रक्रिया ॥**

---

**મુક્તાવલી : શંકાકાર :** તમે સ્મરણને સંસ્કારનાશક ન માન્યું અને અમે સ્મરણને સંસ્કારનાશક માન્યું, તેથી કોઈને એમ થાય કે કદાચ સ્મરણથી સંસ્કાર નાશ પામતાં હશે તો ? અને તેથી અનુભવજન્ય સંસ્કાર પ્રથમ સ્મરણથી જ નાશ પામી ગયા પણ હોય અને તેથી તે સંસ્કારના અભાવે આ બીજું, ત્રીજું વગેરે સ્મરણ શી રીતે થયું ? આ તો વ્યભિચાર આવ્યો. આ રીતે બે મતાંતર સાંભળતાં જેને વ્યભિચારનો સંશય થયો તેને તો હવે વિશેષધર્મત્વેન અર્થાત્ અનુભવત્વેન કારણ ન જ મનાય ને ? તેને તો તમારા નિયમ પ્રમાણે જ્ઞાનત્વેન કારણ માનવું પડશે ને ?

**નવ્યો :** બંને મતાંતર જાણનારને પણ વ્યભિચારની શંકા નહીં થાય, કારણ કે તે 'સ્મરણથી સંસ્કારનો નાશ થાય છે' તેવો મત જ સ્વીકારશે નહીં, કેમકે તે મત સ્વીકારવામાં નવા નવા અનંતા સંસ્કારો ઉત્પન્ન થવાની, જુના સંસ્કારોનો નાશ થવાની અને નવા અનંતા સ્મરણોને જુના સંસ્કારોના નાશક માનવાની કલ્પના કરવાનું ગૌરવ છે. તેની અપેક્ષાએ તો છેલ્લા સ્મરણને જ સંસ્કારનાશક માનવામાં લાઘવ છે અને તેમ માનવામાં વ્યભિચારનો સંશય પણ પેદા થતો ન હોવાથી અનુભવત્વેન જ અનુભવ સ્મરણનું કારણ છે તેમ સિદ્ધ થાય છે.

**कारिकावली : साक्षात्कारे सुखादीनां करणं मन उच्यते ।**
**अयौगपद्याज्ज्ञानानां तस्याऽणुत्वमिहेष्यते ॥८५॥**

**मुक्तावली : इदानीं क्रमप्राप्तं मनो निरूपयितुमाह-साक्षात्कार इति । एतेन मनसि प्रमाणं दर्शितम् । तथाहि-सुखसाक्षात्कारः सकरणकः जन्य-साक्षात्कारत्वात् चाक्षुषसाक्षात्कारवदित्यनुमानेन मनसः करणत्वसिद्धिः ।**

**મુક્તાવલી :** આત્મ દ્રવ્યનું નિરૂપણ કર્યા પછી હવે મનોદ્રવ્યનું નિરૂપણ કરે છે.

**શંકાકાર :** મનોદ્રવ્ય નામનું કોઈ ભિન્ન દ્રવ્ય છે તેમ શી રીતે માની શકાય ? કેમકે પ્રત્યક્ષથી તો મનનું જ્ઞાન કોઈને ય થતું તો નથી જ.

**નૈયાયિક :** તમારી વાત સાચી છે કે મનોદ્રવ્યનું પ્રત્યક્ષ થતું જ નથી. પણ જેનું પ્રત્યક્ષ ન થાય તેનું અસ્તિત્વ પણ ન જ હોય તેમ કોણે કહ્યું ? શું પરમાણુનું પ્રત્યક્ષ થતું નથી તેથી તમે આ જગતમાં પરમાણુનું પણ અસ્તિત્વ નથી તેમ કહેશો ?

**શંકાકાર :** ના, પણ પરમાણુની અનુમાન-પ્રમાણથી તો સિદ્ધિ થાય છે ને ! તેથી પરમાણુનું અસ્તિત્વ તો માની શકાય.

**નૈયાયિક :** જેમ પરમાણુના અસ્તિત્વની અનુમાન-પ્રમાણથી સિદ્ધિ થાય છે તેમ મનોદ્રવ્યની પણ અનુમાન-પ્રમાણથી સિદ્ધિ થાય છે જ.

અનુમાનનો આકાર આ પ્રમાણે : **सुखसाक्षात्कारः सकरणको जन्यसाक्षात्कार-त्वात्, चाक्षुषसाक्षात्कारवत् ।**

જે જે જન્ય અર્થાત્ ઉત્પન્ન થયેલો સાક્ષાત્કાર હોય તે તે કરણથી=સાધનથી ઉત્પન્ન થયેલો જ હોય પણ સાધન વિના ઉત્પન્ન થયેલો ન જ હોય. ચાક્ષુષ-સાક્ષાત્કાર જન્ય છે તો તે ચક્ષુરિન્દ્રિયરૂપ કરણથી ઉત્પન્ન થયેલો પણ છે જ. તે રીતે સુખનો સાક્ષાત્કાર પણ જન્ય છે તેથી તે પણ કોઈક કરણથી ઉત્પન્ન થયેલો હોવો જ જોઈએ.

પણ ચક્ષુરિન્દ્રિય વગેરે પાંચમાંથી કોઈપણ ઈન્દ્રિયરૂપ કરણ વડે જન્યસુખનો સાક્ષાત્કાર થઈ શકતો નથી તેથી સુખના સાક્ષાત્કારના કરણ તરીકે મનોદ્રવ્યને માનવું જ જોઈએ.

**શંકાકાર :** તમે હેતુમાં નિરર્થક 'જન્ય' પદનો નિવેશ કરીને નાહક ગૌરવ શા માટે કર્યું ?

**નૈયાયિક** : જો જન્ય પદનો નિવેશ ન કરીએ તો ઈશ્વરને તો સુખનો સદા સાક્ષાત્કાર હોય છે. વળી તે નિત્ય હોય છે પણ જન્ય નહીં, તેથી ઈશ્વરના સુખ-સાક્ષાત્કારને પણ મનથી ઉત્પન્ન થયેલો માનવાની આપત્તિ આવે. પણ ઈશ્વરને તો મન જ નથી તેથી ઈશ્વરના નિત્ય સુખ-સાક્ષાત્કારમાં વ્યભિચાર આવી જતો હોવાથી તેના નિવારણ માટે 'જન્ય' પદનું ઉપાદાન કર્યું છે. હવે ઈશ્વરના નિત્ય સુખમાં હેતુ ન જવાથી વ્યભિચાર દોષ આવશે નહીં. તેથી અમે મૂકેલું 'જન્ય' પદ નિરર્થક છે જ નહીં માટે અમારે ગૌરવ પણ નથી.

---

**मुक्तावली : न चैवं दुःखादिसाक्षात्काराणामपि करणान्तराणि स्युरिति वाच्यम्, लाघवादेकस्यैव तादृशसकलसाक्षात्कारकरणतया सिद्धेः । एवं सुखादीनामसमवायिकारणसंयोगाश्रयतया मनसः सिद्धिर्बोद्धव्या ।**

---

**મુક્તાવલી : શંકાકાર** : આ રીતે સુખના સાક્ષાત્કારના કરણ તરીકે મનોદ્રવ્યની અનુમાનથી જ સિદ્ધિ કરશો તો તો તમારે અનેક મનો માનવાની આપત્તિ આવશે, કેમકે જુદા જુદા અનેક અનુમાન દ્વારા મનોની સિદ્ધિ થાય છે. જેમકે :

**दुःखसाक्षात्कारः सकरणकः, जन्यसाक्षात्कारत्वात् ।**

**इच्छासाक्षात्कारः सकरणकः, जन्यसाक्षात्कारत्वात् ।**

**द्वेषसाक्षात्कारः सकरणकः, जन्यसाक्षात्कारत्वात् ।**

આમ પ્રત્યેક આત્મગુણના સાક્ષાત્કાર માટે નવા નવા મનોદ્રવ્યો માનશો તો કેટલું બધું મોટું ગૌરવ થઈ જશે ?

**નૈયાયિક** : ના, તેવું ગૌરવ અમે થવા જ નહીં દઈએ. અમે તો કહીશું કે જે મનોદ્રવ્ય સુખનો સાક્ષાત્કાર કરાવે છે તે જ મનોદ્રવ્ય દુઃખ, પ્રયત્ન, ઈચ્છા, દ્વેષ વગેરે ગુણોનો સાક્ષાત્કાર કરાવે છે. આમ એક જ મનોદ્રવ્યથી જ્યારે સુખાદિ ગુણોના સાક્ષાત્કાર કરાવવાનું કાર્ય નિષ્પન્ન થઈ જતું હોય ત્યાં અનેક મનોદ્રવ્યો માનવાનું ગૌરવ શા માટે કરવું ? તેથી લાઘવાત્ અમે તો એક જ મનોદ્રવ્ય માનીશું.

જેમ સુખાદિના સાક્ષાત્કારના કરણ તરીકે મનોદ્રવ્યની સિદ્ધિ થાય છે તેમ સુખાદિના અસમવાયિકારણના આશ્રય તરીકે પણ મનોદ્રવ્યની સિદ્ધિ થાય છે.

જે જે ભાવાત્મક કાર્ય હોય તે દરેકના સમવાયિકારણ અને અસમવાયિકારણ હોય જ તેવો નિયમ છે. સુખ, દુઃખ વગેરે ગુણો હોવાથી ભાવાત્મક પદાર્થો છે, તેથી તેમનું

અસમવાયિકારણ તથા સમવાયિકારણ પણ હોવું જ જોઈએ.

સુખ-દુ:ખાદિનું સમવાયિકારણ તો આત્મા છે અને અસમવાયિકારણ સંયોગ છે. પણ સંયોગ તો દ્વિષ્ઠ હોય. તે સંયોગ જેમ આત્મામાં રહ્યો છે તેમ અન્ય પણ દ્રવ્યમાં રહ્યો હોવો જ જોઈએ, કેમકે **द्रव्यद्रव्ययोः संयोगः** । તેથી સુખાદિના અસમવાયિકારણ સંયોગનો એક સંબંધી જો આત્મા હોય તો અન્ય સંબંધી કોઈ હોવું જોઈએ. પૃથ્વ્યાદિ અન્ય કોઈ દ્રવ્ય સુખાદિના અસમવાયિકારણના સંબંધી ન હોવાથી તે સંયોગના સંબંધી = આશ્રય તરીકે મનોદ્રવ્યની સિદ્ધિ થાય છે.

---

**मुक्तावली : तत्र मनसोऽणुत्वे प्रमाणमाह-अयौगपद्यादिति । ज्ञानानां चाक्षुषरासनादीनाम् अयौगपद्यमेककालोत्पत्तिर्नास्तीत्यनुभवसिद्धम् । तत्र नानेन्द्रियाणां सत्यपि विषयसन्निधाने यत्सम्बन्धादेकेनेन्द्रियेण ज्ञानं जन्यते, यदसम्बन्धाच्च परैर्ज्ञानं नोत्पाद्यते तन्मनसो विभुत्वे चासन्निधानं न सम्भवतीति न विभु मनः ।**

---

**મુક્તાવલી :** આત્મા, આકાશ, કાળ, દિશા દ્રવ્યો વિભુ અર્થાત્ સર્વવ્યાપક અને પરમમહત્પરિમાણવાળા છે, પણ મનોદ્રવ્ય વિભુ નથી પણ અણુ છે.

**શંકાકાર :** મનોદ્રવ્ય અણુ છે તેમ માનવામાં શું પ્રમાણ છે ?

**નૈયાયિક :** જ્યારે પાંચે ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોનું સન્નિધાન હોય ત્યારે પણ પ્રત્યેક ક્ષણે એક જ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે, પણ તેથી વધારે ઈન્દ્રિયથી એકીસાથે પ્રત્યક્ષ થતું નથી તે વાત સૌ કોઈને અનુભવસિદ્ધ છે.

જ્યારે આપણને ઘટનું ચાક્ષુષપ્રત્યક્ષ થતું હોય છે તે સમયે ઘટ હાથમાં હોવા છતાં તેનું સ્પાર્શનપ્રત્યક્ષ તો થતું નથી જ.

કોઈપણ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ જ્ઞાન થવામાં ઈન્દ્રિય-વિષયસંયોગ, ઈન્દ્રિય-મન:સંયોગ અને આત્મ-મન:સંયોગ જોઈએ. તે વિના કોઈનું પ્રત્યક્ષ ન થાય.

હવે જ્યારે દેવદત્ત બરફી ખાઈ રહ્યો છે ત્યારે વિષય સાથે સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય-ચારેયનો સંબંધ છે, છતાં દેવદત્તને એક સમયે સ્પર્શનું અથવા તો મીઠાશનું અથવા તો સુગંધનું કે પછી તે બરફીના આકારનું, કોઈપણ એકનું જ પ્રત્યક્ષ થાય છે, પણ અન્યનું પ્રત્યક્ષ થતું નથી તેનું શું કારણ ?

જે સમયે તેને મીઠાશનું પ્રત્યક્ષ થતું હોય તે સમયે રસનેન્દ્રિયનો વિષય સાથે

સંયોગ છે, મનનો રસનેન્દ્રિય સાથે સંયોગ છે અને આત્માનો મન સાથે સંયોગ છે તેમ માનવું જ પડે. જો તેમ ન હોય તો મીઠાશનું રાસનપ્રત્યક્ષ થાય જ નહીં.

હવે તે જ વખતે વિષય સાથે સ્પર્શેન્દ્રિયનો કે ઘ્રાણેન્દ્રિયનો સંયોગ પણ છે જ. વળી આત્મા સર્વવ્યાપી હોવાથી રસનેન્દ્રિય સાથે સંયોગવાળા મનની સાથે પણ તેનો સંયોગ છે જ, છતાં તે વખતે સ્પાર્શન કે ઘ્રાણજ પ્રત્યક્ષ થતું નથી, માટે માનવું પડે કે ઈન્દ્રિય-વિષયસંયોગ અને આત્મ-મનઃસંયોગ હાજર હોવા છતાં અન્ય કોઈક કારણ ગેરહાજર છે કે જેના કારણે ઘ્રાણજાદિ-પ્રત્યક્ષ થતું નથી. તે અન્ય કારણ ઈન્દ્રિયમનઃસંયોગ છે કે જેની ગેરહાજરી છે. આમ જે સમયે રાસનપ્રત્યક્ષ થાય છે ત્યારે ઘ્રાણેન્દ્રિય અને મનના સંયોગની, સ્પર્શેન્દ્રિય અને મનના સંયોગની, ચક્ષુરિન્દ્રિય અને મનના સંયોગની ગેરહાજરી છે માટે ઘ્રાણજ, સ્પાર્શન કે ચાક્ષુષપ્રત્યક્ષ થતું નથી તેમ માનવું પડે.

પણ જો મન પણ સર્વવ્યાપી વિભુ હોય અને અણુ ન હોય તો તેનો સદાય બધી ઈન્દ્રિયો સાથે સંયોગ રહેવાનો જ. અને તો તો રાસનપ્રત્યક્ષ-સમયે જ ચાક્ષુષાદિ પ્રત્યક્ષ પણ થવું જ જોઈએ, પણ થતું તો નથી તે અનુભવસિદ્ધ વાત છે, માટે મનને સર્વવ્યાપી કે વિભુ દ્રવ્ય માની શકાય નહીં.

આમ એકીસાથે અનેક ઈન્દ્રિયથી પ્રત્યક્ષ જ્ઞાન થતું ન હોવાથી મનને વિભુ માની શકાય નહીં.

---

**मुक्तावली : न च तदानीमदृष्टविशेषोद्बोधकविलम्बादेव तज्ज्ञानविलम्ब इति वाच्यम्, तथा सति चक्षुरादीनामप्यकल्पनापत्तेः ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** મન વિભુ નથી માટે યુગપત્ = એકીસાથે અનેક ઇન્દ્રિયથી પ્રત્યક્ષ જ્ઞાન થતા નથી તેમ ન કહેવાય. મન તો વિભુ જ છે અને તેથી જ્યારે બધી ઇન્દ્રિયો સાથે વિષયસંયોગ છે ત્યારે ઈન્દ્રિય-મનઃસંયોગ અને આત્મ-મનઃસંયોગ પણ હાજર જ છે, પરંતુ તે વખતે રાસનપ્રત્યક્ષ થાય તેવું અદૃષ્ટ હાજર છે તેથી રાસનપ્રત્યક્ષ થાય છે, પણ અન્ય પ્રત્યક્ષ થતાં નથી. તેથી ઉદ્‌બોધક તરીકે જેવું અદૃષ્ટ હાજર હોય તેના અનુસાર તે તે પ્રત્યક્ષ થાય. તેથી જ્યારે ઘ્રાણજપ્રત્યક્ષ કરાવનારું અદૃષ્ટ હાજર હશે ત્યારે ઘ્રાણજપ્રત્યક્ષ થશે પણ અન્ય પ્રત્યક્ષ નહીં થાય. માટે એક સમયે એકથી વધારે પ્રત્યક્ષ-જ્ઞાન ન થતું હોય તો તેટલા માત્રથી મન વિભુ નથી તેમ ન મનાય, કેમકે હકીકતમાં તો મન વિભુ જ છે.

**નૈયાયિક :** ઈન્દ્રિય-પ્રત્યક્ષ તરત થવામાં કે મોડા થવામાં જો તમે અદૃષ્ટને જ કારણ માનવા માંગતા હો તો પછી ચક્ષુ વગેરે ઈન્દ્રિયોને કારણ માનવાની જરૂર જ શી છે ? જ્યારે રાસનપ્રત્યક્ષ કરાવનારું અદૃષ્ટ હાજર હશે ત્યારે રાસનપ્રત્યક્ષ થશે અને ઘ્રાણજપ્રત્યક્ષ કરાવનારું અદૃષ્ટ હાજર હશે ત્યારે ઘ્રાણજપ્રત્યક્ષ થશે. આમ અદૃષ્ટને કારણ માનવાથી ઇન્દ્રિયો વગેરેને કારણ ન માનવાની આપત્તિ આવશે. પણ ઇન્દ્રિયો વગેરેને તો કારણ તરીકે સ્વીકારેલી જ છે. તેથી માનવું જ પડે કે અદૃષ્ટ પોતે તે તે પ્રત્યક્ષ પ્રત્યે કારણ નથી પણ ઈન્દ્રિય-વિષયસંયોગ, ઈન્દ્રિય-મનઃસંયોગ અને આત્મમનઃસંયોગ જ કારણ છે. વિષય સાથે વધારે ઈન્દ્રિયોનો સંયોગ હોય છતાં એક જ ઈન્દ્રિયથી એક સમયે પ્રત્યક્ષ થાય છે તેથી માનવું જ જોઈએ કે ત્યાં બધી ઈન્દ્રિયો સાથે મનઃસંયોગ હાજર નથી. અને જો મન વિભુ હોય તો તેનો બધી ઈન્દ્રિયો સાથે સંયોગ પણ હોય જ, પણ સંયોગ નથી માટે માનવું જ પડે કે મન વિભુ નથી.

**શંકાકાર :** ચાલો ત્યારે, તમારી 'મન વિભુ નથી' તેવી વાત સ્વીકારી લઈએ, પણ તેથી કાંઈ 'મન અણુ છે' તેમ શી રીતે સિદ્ધ થાય ? મન મધ્યમ પરિમાણવાળું કેમ ન મનાય ?

**નૈયાયિક :** મનને અણુ જ મનાય પણ મધ્યમ પરિમાણવાળું ન જ મનાય. જો તેને અણુ ન માનો તો સાંશ (અંશ સહિત) માનવું જ પડે, કેમકે માત્ર અણુના જ અંશો હોતા નથી. હવે જ્યારે મનનો રસનેન્દ્રિય સાથે એક અંશથી સંયોગ હોય ત્યારે બીજા અંશથી તેનો સ્પર્શનેન્દ્રિય સાથે પણ સંયોગ કેમ ન થાય ? કારણ કે સ્પર્શેન્દ્રિય તો શરીર-વ્યાપી છે, અને તમે તો મનને અણુ-પરિમાણવાળું ન માનતા હોવાથી સાંશ માનો છો. હવે સાંશ માનવાથી જો એક અંશથી રસનેન્દ્રિય સાથે સંયોગ છે અને બીજા અંશથી અન્ય ઈન્દ્રિય સાથે સંયોગ છે તેમ કહેશો તો ઈન્દ્રિય-વિષયસંયોગ, ઈન્દ્રિય-મનઃસંયોગ અને આત્મમનઃસંયોગ ત્રણેય કારણ હાજર થઈ જતાં એકીસાથે એકથી વધારે પ્રત્યક્ષ થવાની આપત્તિ આવશે. પણ હકીકતમાં તો એક સમયે એક જ પ્રત્યક્ષ થાય છે, માટે મનને સાંશ મનાય નહીં. તેને એક જ અંશાત્મક અણુ માનવાથી જ્યારે તેનો એક ઈન્દ્રિય સાથે સંયોગ હોય ત્યારે બીજો અંશ જ ન હોવાથી શી રીતે તેનો બીજી ઈન્દ્રિય સાથે સંયોગ થાય ? પરિણામે એક જ ઈન્દ્રિય સાથે મનનો સંયોગ થવાથી એક સમયે એક જ ઈન્દ્રિય-પ્રત્યક્ષ થાય છે.

---

**मुक्तावली :** न च दीर्घशष्कुलीभक्षणादौ नानावधानभाजां च कथमेकदा-

ऽनेकेन्द्रियजन्यं ज्ञानमिति वाच्यम्, मनसोऽतिलाघवात् झटिति नानेन्द्रियसम्बन्धान्नानाज्ञानोत्पत्त्या उत्पलशतपत्रभेदादिव यौगपद्यप्रत्ययस्य भ्रान्तत्वात् ।

---

**મુક્તાવલી : શંકાકાર :** તમે જે એમ કહો છો કે એક સમયે એક જ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે તે વાત અમને માનવામાં આવતી નથી, કારણ કે જ્યારે દેવદત્ત દીર્ઘશષ્કુલી (ચકરી : જલેબી જેવી વસ્તુ) ખાતો હોય છે ત્યારે 'બડુક બડુક' ખાવાનો અવાજ થતો હોવાથી શ્રોત્રેન્દ્રિય-પ્રત્યક્ષ, તેનો આકાર, પીળો કલર વગેરે દેખાતો હોવાથી ચાક્ષુષ-પ્રત્યક્ષ, તેની સુગંધ આવતી હોવાથી ઘ્રાણજ-પ્રત્યક્ષ, તેનો સ્વાદ અનુભવાતો હોવાથી રાસન-પ્રત્યક્ષ અને હાથમાં રાખીને ખાતો હોવાથી સ્પાર્શન-પ્રત્યક્ષ, એમ એક કે બે ઈન્દ્રિય-પ્રત્યક્ષ નહીં પણ તેને પાંચેય ઈન્દ્રિયનું પ્રત્યક્ષ એક જ સમયે થતું દેખાય છે, પછી તમે એક સમયે એકથી વધારે ઈન્દ્રિયનું પ્રત્યક્ષ ન થાય તેમ કેમ કહ્યું ?

**નૈયાયિક :** મન વિભુ છે માટે એકીસાથે દેવદત્તને પાંચેય ઈન્દ્રિયનું પ્રત્યક્ષ થાય છે તે વાત માની શકાય જ નહીં, કેમકે જો તેમ માનો તો પૂર્વે જણાવ્યું તે પ્રમાણે મન વ્યાપક હોવાથી હંમેશા ઈન્દ્રિયમનઃસંયોગ અને આત્મમનઃસંયોગ રહેવાનો જ. અને બધી ઈન્દ્રિયોના વિષયો તો કોઈક ને કોઈક હંમેશા હાજર છે જ. તેથી હંમેશા દરેક વ્યક્તિને પાંચેય ઈન્દ્રિયોનું પ્રત્યેક સમયે પ્રત્યક્ષ માનવાની આપત્તિ આવશે. તેથી મનને વિભુ તો મનાય જ નહીં.

છતાં દીર્ઘશષ્કુલી ખાવાનો પ્રસંગ વગેરે સ્થાને પાંચેય પ્રત્યક્ષ એકીસાથે થતાં હોય તેવું જણાય છે ખરું, પરંતુ હકીકતમાં એક સમયે પાંચ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થતું જ નથી, માત્ર આપણને તેવો ભ્રમ જ થાય છે. મન ખૂબ જ તીવ્ર ગતિવાળું છે અને તેથી તે એક સમયે એક ઈન્દ્રિય સાથે સંયોગ કરીને તરત જ બીજા સમયે બીજી ઈન્દ્રિય સાથે સંયોગ કરે છે અને તરત જ ત્રીજા સમયે ત્રીજી ઈન્દ્રિય સાથે સંયોગ કરે છે. આમ મન તીવ્ર ગતિ વડે દોડાદોડ કરીને જુદા જુદા સમયે જુદી જુદી ઈન્દ્રિય સાથે સંયોગ કરીને જુદી જુદી ઈન્દ્રિયનું પ્રત્યક્ષ કરાવે છે.

પણ મનની ઝડપ એટલી બધી વધારે છે અને સમયનું પરિમાણ એટલું બધું સૂક્ષ્મ છે કે આપણને તેનો ખ્યાલ આવતો નથી, તેથી જુદા જુદા સમયે જુદી જુદી એકેક ઈન્દ્રિયનું પ્રત્યક્ષ થયું હોવા છતાં આપણને જાણે કે એક જ સમયે બધી ઈન્દ્રિયોનું પ્રત્યક્ષ થયું ન હોય ! તેવી ભ્રાન્તિ થાય છે.

જેમ કમળની સો પાંદડી ભેગી ગોઠવીને કોઈ તેના પર સોંય ખોંચે તો આપણને એક જ સમયમાં સો પાંદડીઓ વીંધાઈ ગઈ હોય તેવો ભ્રાન્તાનુભવ થાય છે, પણ હકીકતમાં તો સોંયે એક સમયમાં એક જ પાંદડી વીંધી છે ને ? બધી પાંદડીઓ ક્રમશઃ વીંધાતી હોવા છતાં સોંય ખોંચવાની ક્રિયા એટલી બધી ઝડપી છે કે આપણને એકીસાથે જ બધી પાંદડીઓ વીંધાઈ ગઈ હોય તેવી ભ્રાન્તિ થાય છે. બસ, તે જ રીતે બધી ઈન્દ્રિયોથી ક્રમશઃ પ્રત્યક્ષ થતું હોવા છતાં મનની જુદી જુદી ઈન્દ્રિય સાથે સંયોગ કરવાની ગતિ એટલી બધી ઝડપી છે કે જેથી આપણને મનનો બધી ઈન્દ્રિયો સાથે એકીસાથે સંયોગ હોઈને બધી ઈન્દ્રિયોનું એકીસાથે જ્ઞાન થતું હોય તેવી ભ્રાન્તિ થાય છે. પણ હકીકતમાં તો એક સમયે એક જ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે.

---

**मुक्तावली : न च मनसः सङ्कोचविकासशालित्वादुभयोपपत्तिरस्त्विति वाच्यम्, नानावयवतन्नाशादिकल्पने गौरवाल्लाघवान्निरवयवस्याऽणुरूपस्यैव मनसः कल्पनादिति सङ्क्षेपः ॥**

**॥ इति द्रव्यपदार्थो व्याख्यातः ॥**

---

**મુક્તાવલી : શંકાકાર :** મનને વિભુ માનવામાં પ્રત્યેક સમયે તમામ વ્યક્તિઓને બધી ઈન્દ્રિયોનું પ્રત્યક્ષ થવાની આપત્તિને તો અમે મનને સંકોચ-વિકાસશાલી માનીને દૂર કરી દઈશું. તે માટે કાંઈ મનને અણુ માનવાની જરૂર નથી. મન તો વિભુ જ છે. પણ તે જ્યારે સંકોચાય છે ત્યારે એક ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થાય છે અને જેટલા જેટલા પ્રમાણમાં વિકસે છે તેટલા તેટલા પ્રમાણમાં બે, ત્રણ, ચાર કે પાંચેય ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ-જ્ઞાન એકીસાથે થાય છે. આમ મનને વિભુ માનવાની સાથે સંકોચ-વિકાસશાલી માની લેવાથી પૂર્વોક્ત આપત્તિ આવશે નહીં.

**નૈયાયિક :** મનને સંકોચ-વિકાસશાલી માનવાથી જ્યારે મન સંકોચ પામે ત્યારે તેના વિવિધ અવયવોનો નાશ માનવો પડે. વળી જ્યારે મન વિકાસ પામે ત્યારે તેના વિવિધ અવયવોની ઉત્પત્તિ માનવી પડે. આમ અનંતા અવયવોના નાશની અને અનંતા અવયવોની ઉત્પત્તિની કલ્પના કરવાનું મોટું ગૌરવ થઈ જાય. વળી નાશ અને ઉત્પત્તિ માનો એટલે તેના નાશક અને ઉત્પાદક માનવા પડે. આ રીતે ઘણું મોટું બીજું પણ ગૌરવ આવી જાય. તેથી મનને સંકોચ-વિકાસશાલી તો મનાય જ નહીં.

તેથી લાઘવાત્ મનને અવયવો વિનાનું અણુ માનવું જ જોઈએ, કેમકે તેમ

માનવામાં કોઈ જ આપત્તિ આવતી નથી. મન અણુ હોવા છતાં અત્યન્ત ત્વરાથી જુદા જુદા સ્થાને દોડાદોડ કરી શકતું હોવાથી જુદી જુદી ઈન્દ્રિયો સાથે ખૂબ ઝડપથી સંયોગ કરીને જુદી જુદી ઈન્દ્રિયોનું પ્રત્યક્ષ પણ ઝડપથી કરાવી શકશે. તેથી મનને વિભુ દ્રવ્ય ન માનતાં અણુ દ્રવ્ય જ માનવું જોઈએ તેમ સિદ્ધ થાય છે.

મનોદ્રવ્યનું નિરૂપણ પૂર્ણ થતાં નવેય દ્રવ્યોનું નિરૂપણ પૂર્ણ થયું.

॥ इति द्रव्यनिरूपणम् ॥

**कारिकावली : अथ द्रव्याश्रिता ज्ञेया निर्गुणा निष्क्रिया गुणाः ।**

**मुक्तावली : द्रव्यं निरूप्य गुणान् निरूपयति-अथेत्यादिना । गुणत्वजातौ किं मानमिति चेत् ? इदम्-द्रव्यकर्मभिन्ने सामान्यवति या कारणता सा किञ्चिद्धर्मावच्छिन्ना, निरवच्छिन्नकारणताया असम्भवात् ।**

**મુક્તાવલી** : દ્રવ્યનિરૂપણ કર્યા પછી અવસર-સંગતિથી હવે ગુણનિરૂપણ કરે છે.

**શંકાકાર** : ગુણ કોને કહેવાય ?

**નૈયાયિક** : જેમાં સમવાયસંબંધથી ગુણત્વ જાતિ રહે તેને ગુણ કહેવાય. ગુણત્વ જાતિ તો પ્રત્યક્ષ છે જ. **गुणत्ववान् गुणः ।**

**શંકાકાર** : પણ ગુણત્વ જાતિ પ્રત્યક્ષથી સિદ્ધ છે જ ક્યાં ?

**નૈયાયિક** : સ્વસંયુક્તસમવેતસમવાયસંનિકર્ષથી ગુણત્વ જાતિ સિદ્ધ છે જ ને ! ચક્ષુરિન્દ્રિય-સંયુક્ત ઘટમાં સમવેત રૂપમાં સમવાયસંબંધથી રહેલી ગુણત્વ જાતિનું સ્વસંયુક્તસમવેતસમવાયસંનિકર્ષથી ક્યાં પ્રત્યક્ષ નથી થતું ?

**શંકાકાર** : પણ ઘટના પરમાણુ તો અતીન્દ્રિય છે ને ? તે પરમાણુમાં જે રૂપ રહ્યું છે તેમાં રહેલી ગુણત્વ જાતિનું પ્રત્યક્ષ ક્યાં થાય છે ?

**નૈયાયિક** : ઘટરૂપમાં તો ગુણત્વ સ્વ-સંયુક્તસમવેતસમવાય દ્વારા પ્રત્યક્ષ-સિદ્ધ છે જ, તેથી ઘટરૂપમાં રૂપત્વ અને ગુણત્વ બંને છે. અને ગંધમાં ગુણત્વ હોવા છતાં રૂપત્વ તો નથી જ. અને હવે જો તમે પરમાણુના અતીન્દ્રિય રૂપમાં ગુણત્વ ન માનો તો તેમાં રૂપત્વ હોવા છતાં ગુણત્વ ન રહ્યું કહેવાય. અને તેમ થતાં તો રૂપત્વ, ગુણત્વ બંને ઘટરૂપમાં સાથે રહ્યા હોવા છતાં ગંધમાં અને પરમાણુ-રૂપમાં સાથે ન રહેવાથી સાંકર્ય દોષ ઉત્પન્ન થાય. પણ હકીકતમાં સાંકર્ય તો છે જ નહીં. તેથી માનવું જ પડે કે ગંધમાં રૂપત્વ ન હોવાથી પરમાણુ-રૂપમાં ગુણત્વ છે જ. આમ પરમાણુ-રૂપાદિમાં પણ ગુણત્વ સિદ્ધ થઈ જાય છે.

**શંકાકાર** : રૂપ વગેરેમાં પણ ગુણત્વનું પ્રત્યક્ષ બધાને થતું નથી. 'આ રૂપ છે, આ રસ છે, આ ગંધ છે' એવી બુદ્ધિ હજુ થાય છે પણ રૂપાદિમાં 'આ ગુણ છે' તેવી આબાલવૃદ્ધ તમામને બુદ્ધિ થતી નથી. તેથી ઘટાદિ-રૂપમાં પણ ગુણત્વ સિદ્ધ થતું નથી, તેથી તમારે અનુમાન-પ્રમાણથી ગુણત્વની સિદ્ધિ કરવી જોઈએ.

**નૈયાયિક : द्रव्यकर्मभिन्ने सामान्यवति या कारणता, सा किञ्चिद्धर्मावच्छिन्ना, कारणतात्वात्, कपालनिष्ठकपालत्वावच्छिन्नकारणतावत् ।**

જે જે કારણતા હોય તે કોઈ ને કોઈ ધર્મથી અવચ્છિન્ન જ હોય, જેમકે કપાલમાં ઘટ પ્રત્યે સમવાયિકારણતા છે, તો તે કપાલત્વ-ધર્મથી અવચ્છિન્ન જ છે. તે જ રીતે જેમાં સત્તા રહી છે, સામાન્ય રહે છે અને જે દ્રવ્ય અને કર્મથી ભિન્ન છે તેવા ગુણોમાં જે કારણતા છે તે પણ કોઈ ને કોઈ ધર્મથી અવચ્છિન્ન હોવી જ જોઈએ, કેમકે કારણતા કદાપિ કોઈપણ ધર્મથી અવચ્છિન્ન ન હોય તેવું બનતું નથી. તેથી ગુણનિષ્ઠ જે કારણતા છે તે પણ જે ધર્મથી અવચ્છિન્ન છે તે ધર્મ ગુણત્વ છે.

(નવ્યો તો કહે છે કે આ રીતે ગુણત્વની સિદ્ધિ ન થાય, કેમકે બધા ગુણોમાં સાધારણ કોઈ કારણતા છે જ નહીં કે જેના અવચ્છેદક તરીકે ગુણત્વને સિદ્ધ કરાય. દ્રવ્યોમાં તો સામાન્ય સમવાયિકારણતા હતી, પણ ગુણમાં તેવું નથી, તો પછી ચોવીસ ગુણોમાં રહેલી જુદી જુદી કારણતાના અવચ્છેદક તરીકે ગુણત્વની સિદ્ધિ શી રીતે થાય ? અને જો તેમ માનશો તો રૂપ સિવાયના ત્રેવીસ ગુણોની કારણતાના અવચ્છેદક તરીકે બીજી પણ એક જાતિની સિદ્ધિ થશે. રૂપ, રસ સિવાયના બાવીસ ગુણોની કારણતાના અવચ્છેદક તરીકે પણ ત્રીજી એક જાતિની સિદ્ધિ થશે. આ રીતે તો ઘણી જાતિની સિદ્ધિ થવાની આપત્તિ આવે. **द्रव्यकर्मरूपभिन्ने सामान्यवति या कारणता, सा किञ्चिद्धर्मावच्छिन्ना, कारणतात्वात्, कपालनिष्ठकपालत्वावच्छिन्नकारणतावत् ।** વગેરે અનુમાન-પ્રયોગમાં રૂપની સાથે જુદા જુદા ગુણોનું નામ મૂકીને નવી નવી જાતિની સિદ્ધિ થઈ શકે. તેથી તે રીતે ગુણત્વની સિદ્ધિ ન થાય. વળી પારિમંડલ વગેરેમાં તો કારણતા જ નથી તો તેનામાં રહેલું ગુણત્વ કોનું અવચ્છેદક બનશે? આ બધા કારણોથી કારણતાવચ્છેદક તરીકે ગુણત્વની સિદ્ધિ ન થાય.)

---

**मुक्तावली : न हि रूपत्वादिकं सत्ता वा तत्रावच्छेदिका, न्यूनाधिकदेशवृत्तित्वात् । अतश्चतुर्विंशत्यनुगतं किञ्चिद्वाच्यं, तदेव गुणत्वमिति ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** ચોવીસ ગુણોમાં રહેલી કારણતાના અવચ્છેદક તરીકે રૂપત્વાદિને માનો ને ! નવી ગુણત્વ જાતિ માનવાનું શું કામ છે ?

**નૈયાયિક :** રૂપત્વ જાતિ માત્ર રૂપમાં જ રહે છે, રસાદિમાં નહીં. તે જ રીતે રસત્વ જાતિ રસમાં જ રહે છે, રૂપાદિમાં નહિ. આમ રૂપત્વાદિ જાતિ તમામ ગુણોમાં રહેતી

ન હોવાથી ન્યૂનવૃત્તિ થઈ, તેથી રૂપત્વાદિમાંથી કોઈને કારણતાવચ્છેદક ન મનાય.

**શંકાકાર :** જો રૂપત્વાદિમાંથી કોઈને કારણતાવચ્છેદક તરીકે ન મનાય તો કાંઈ નહીં, પણ સત્તા જાતિ તો રૂપ, રસ, ગંધ વગેરે તમામ ગુણોમાં રહે છે ને ? તેથી સત્તા જાતિ તો ન્યૂનવૃત્તિ છે જ નહીં, તો પછી સત્તા જાતિને જ કારણતાવચ્છેદક માનો ને! નાહક ગુણત્વરૂપ નવી જાતિને માનવાનું ગૌરવ કેમ કરો છો ?

**નૈયાયિક :** સત્તા જાતિ તમામ ગુણોમાં રહે છે તે તમારી વાત સાચી, પણ ગુણો સિવાય દ્રવ્ય અને કર્મમાં પણ સત્તા જાતિ રહે છે. આમ સત્તા જાતિ અધિકવૃત્તિ હોવાથી માત્ર ગુણોમાં જ રહેલી કારણતાના અવચ્છેદક તરીકે સત્તા જાતિને શી રીતે મનાય ?

આમ રૂપત્વાદિ કોઈપણ વિશેષ જાતિને અને સત્તારૂપ સામાન્ય જાતિને ગુણોમાં રહેલી કારણતાના અવચ્છેદક તરીકે માની શકાતી ન હોવાથી નવી ગુણત્વ જાતિ માનવી જ જોઈએ. આમ ચોવીસે ગુણોમાં હોય જ અને તે સિવાય અન્ય ક્યાંય ન જ હોય તેવા ગુણત્વ-ધર્મની કારણતાવચ્છેદક તરીકે સિદ્ધિ થવાથી ગુણત્વ જાતિની સિદ્ધિ થાય છે.

છતાં પૂર્વે જણાવ્યા પ્રમાણે તમામ ગુણોમાં કોઈ એક સામાન્યકારણતા ન હોવાથી નવ્યોને આ રીતની ગુણત્વ-સિદ્ધિમાં અસ્વરસ છે. તેથી હવે ગુણત્વ જાતિનું અન્ય લક્ષણ જણાવે છે.

---

**मुक्तावली : द्रव्याश्रिता इति । यद्यपि द्रव्याश्रितत्वं न लक्षणं, कर्मादावतिव्याप्तेः, तथापि द्रव्यत्वव्यापकतावच्छेदकसत्ताभिन्नजातिमत्त्वं तदर्थः । भवति हि गुणत्वं द्रव्यत्वव्यापकतावच्छेदकं तद्वत्ता च गुणानामिति । द्रव्यत्वं कर्मत्वं वा न द्रव्यत्वव्यापकतावच्छेदकं, गगनादौ द्रव्यकर्मणोरभावात्, द्रव्यत्वत्वं सामान्यत्वादिकं वा न जातिरिति तद्व्युदासः ।**

---

**મુક્તાવલી : ગુણત્વમ્ દ્રવ્યાશ્રિતત્વમ્ ।**

જે જે દ્રવ્યમાં આશ્રયીને રહે તે ગુણ હોય, જેમકે રૂપ ઘટમાં રહે છે માટે રૂપ ગુણ છે.

**શંકાકાર :** તમારું લક્ષણ તો અતિવ્યાપ્તિ દોષથી દુષ્ટ છે. દ્રવ્યમાં જેમ ગુણ રહે છે તેમ દ્રવ્ય, કર્મ અને સામાન્ય પણ રહે છે. ઘટ-અવયવોરૂપ દ્રવ્યમાં ઘટ દ્રવ્ય પણ રહે છે, તેથી તમારા લક્ષણની દ્રવ્યમાં અતિવ્યાપ્તિ થઈ. તે જ રીતે ઘટદ્રવ્યમાં

પતનક્રિયા અને ઘટત્વ-સામાન્ય પણ રહે છે, તેથી ક્રિયા અને સામાન્યમાં પણ **द्रव्याश्रितत्वम्** લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ દોષ આવ્યો.

**નૈયાયિક** : આ અતિવ્યાપ્તિ દૂર કરવા અમે કહીશું કે **द्रव्यत्वव्यापकतावच्छेदक-सत्ताभिन्नजातिमत्त्वम् गुणत्वम् ।** જ્યાં જ્યાં દ્રવ્યત્વ હોય ત્યાં ત્યાં ગુણ તો હોય જ છે, એટલે ગુણ એ દ્રવ્યત્વને વ્યાપક છે, એમાં વ્યાપકતા આવી. એની અવચ્છેદક સત્તાભિન્ન એવી જાતિ ગુણત્વ મળે અને એ જાતિવાળા તમામ ગુણો હોવાથી લક્ષણસમન્વય થઈ જાય. હવે આ લક્ષણની દ્રવ્ય કે કર્મમાં પૂર્વોક્ત અતિવ્યાપ્તિ આવતી નથી, કારણ કે દ્રવ્યત્વ તો આકાશમાં પણ રહેલું છે પરંતુ આકાશમાં સમવાયેન દ્રવ્ય કે કર્મ રહ્યા જ નથી. તેથી જ્યાં જ્યાં દ્રવ્યત્વ છે ત્યાં ત્યાં ક્રિયા અને દ્રવ્ય છે એવી વ્યાપ્તિ નથી માટે ક્રિયા અને દ્રવ્ય એ દ્રવ્યત્વવ્યાપક છે જ નહિ, એટલે દ્રવ્યત્વ-વ્યાપકતાની અવચ્છેદક એવી સત્તાભિન્ન જાતિ તરીકે દ્રવ્યત્વ કે ક્રિયાત્વ જાતિ ન જ આવે, તેથી દ્રવ્ય કે કર્મમાં આ લક્ષણ જતું ન હોવાથી અતિવ્યાપ્તિ આવતી નથી. આકાશમાં જેમ દ્રવ્યત્વ રહ્યું છે તેમ સંયોગાદિ ગુણો પણ રહ્યા છે, તેથી ગુણમાં લક્ષણ જતું હોવાથી અવ્યાપ્તિ પણ નથી.

**શંકાકાર** : માત્ર '**द्रव्यत्वव्यापकतावच्छेदकमत्त्वम्**' જ લક્ષણ કર્યું હોત તો ન ચાલત ? '**सत्ताभिन्नजाति**' પદનો નિવેશ કરીને ગૌરવ શા માટે ?

**નૈયાયિક** : જ્યાં જ્યાં દ્રવ્યત્વ છે ત્યાં ત્યાં દ્રવ્યત્વ છે તેવું કહી શકાય છે. તેથી દ્રવ્યત્વ પોતે પોતાનો જ એટલે કે દ્રવ્યત્વનો વ્યાપક બન્યો. તેથી દ્રવ્યત્વમાં દ્રવ્યત્વ-વ્યાપકતા આવી. તેથી દ્રવ્યત્વવ્યાપકતાનો અવચ્છેદક દ્રવ્યત્વત્વ બન્યો. તેથી દ્રવ્યત્વ-વ્યાપકતાવચ્છેદક દ્રવ્યત્વત્વવત્ દ્રવ્યત્વમાં લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ આવી.

તે જ રીતે દ્રવ્યમાં જેમ દ્રવ્યત્વ છે તેમ સત્તા વગેરે સામાન્ય પણ છે. તેથી દ્રવ્યત્વવ્યાપક સામાન્ય બન્યું. સામાન્યમાં દ્રવ્યત્વવ્યાપકતા આવી. તેથી દ્રવ્યત્વવ્યાપકતાવચ્છેદક સામાન્યત્વવત્ સત્તા વગેરે સામાન્યમાં લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ આવી.

આ બંને અતિવ્યાપ્તિને દૂર કરવા લક્ષણમાં 'જાતિ' પદનો નિવેશ કરવો જરૂરી છે. હવે દ્રવ્યત્વત્વ કે સામાન્યત્વ ધર્મ દ્રવ્યત્વવ્યાપકતાવચ્છેદક હોવા છતાં ય જાતિ તો નથી જ. તેથી હવે દ્રવ્યત્વ કે સામાન્યમાં અતિવ્યાપ્તિ નહિ આવે.

**શંકાકાર** : 'જાતિ' પદનું ઉપાદાન કરવાથી જ અતિવ્યાપ્તિ દૂર થઈ જાય છે, તો 'સત્તાભિન્ન' પદનો નિવેશ શા માટે કરો છો ?

**નૈયાયિક** : દ્રવ્યત્વ જેમ તમામ દ્રવ્યોમાં રહ્યું છે તેમ 'સત્' (દ્રવ્ય, ગુણ કે કર્મ પદાર્થ) પણ તમામ દ્રવ્યોમાં રહે છે. આકાશ દ્રવ્યમાં જેમ દ્રવ્યત્વ છે તેમ સમવાયેન દ્રવ્ય કે કર્મ ન હોવા છતાં ય સમવાયેન સંખ્યા, પૃથક્ત્વાદિ ગુણોરૂપી સત્ તો છે જ. તેથી સત્ દ્રવ્યત્વવ્યાપક બને. સત્માં દ્રવ્યત્વવ્યાપકતા આવી. માટે દ્રવ્યત્વવ્યાપકતાવચ્છેદક સત્તા જાતિ બને. અને સત્તા જાતિવાળા તો દ્રવ્ય, ગુણ, કર્મ ત્રણેય છે. અહીં ગુણ તો લક્ષ્ય છે, પણ તે સિવાયના અલક્ષ્ય દ્રવ્ય અને કર્મમાં પણ લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ આવી. આ અતિવ્યાપ્તિ દૂર કરવા 'સત્તાભિન્ન' પદનું ઉપાદાન કર્યું છે. હવે સત્તા જાતિ લઈ શકાતી ન હોવાથી સત્તા જાતિ લેવાના કારણે દ્રવ્ય અને કર્મમાં થતી અતિવ્યાપ્તિ દૂર થઈ ગઈ. માટે **द्रव्यत्वव्यापकतावच्छेदक-सत्ताभिन्नजातिमत्त्वम्** લક્ષણમાં કરાયેલું ગૌરવ અદુષ્ટ છે.

---

**मुक्तावली : निर्गुणा इति । यद्यपि निर्गुणत्वं कर्मादावप्यस्ति, तथापि सामान्यवत्त्वे सति कर्मान्यत्वे च सति निर्गुणत्वं बोध्यम् । जात्यादीनां न सामान्यवत्त्वं, कर्मणो न कर्मान्यत्वं, द्रव्यस्य न निर्गुणत्वमिति तत्र नातिव्याप्तिः । 'निष्क्रिया' इति स्वरूपकथनं, न तु लक्षणं, गगनादावतिव्याप्तेः ॥**

---

**મુક્તાવલી : નિર્ગુણ ગુણો** : ગુણો જેમ દ્રવ્યાશ્રયા છે તેમ નિર્ગુણા પણ છે, અર્થાત્ ગુણોમાં ગુણો રહેતા નથી. તેથી '**निर्गुणत्वम्**' ગુણનું લક્ષણ છે.

**શંકાકાર** : જો તમે માત્ર 'નિર્ગુણત્વ'ને જ ગુણનું લક્ષણ માનશો તો કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય વગેરેમાં પણ અતિવ્યાપ્તિ આવશે, કેમકે ગુણો માત્ર દ્રવ્યમાં રહે છે પરંતુ દ્રવ્ય સિવાય ક્યાંય રહેતા નથી. તેથી **निर्गुणत्वम्** લક્ષણ કર્માદિમાં ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ દોષ આવશે.

**નૈયાયિક** : તે આપત્તિને દૂર કરવા અમે લક્ષણમાં પરિષ્કાર કરીને કહીશું કે '**सामान्यवत्त्वे सति कर्मान्यत्वे च सति निर्गुणत्वम्**' ગુણનું લક્ષણ છે. જેનામાં સામાન્ય રહ્યું હોય, જે કર્મથી ભિન્ન હોય અને જેનામાં ગુણ રહ્યા ન હોય તે ગુણ કહેવાય.

હવે સાત પદાર્થોમાંથી સામાન્ય=સત્તા માત્ર દ્રવ્ય, ગુણ અને કર્મમાં જ છે, તેથી '**सामान्यवत्त्वे सति**' પદનું ઉપાદાન કરવાથી સામાન્ય, વિશેષ, સમવાય અને

અભાવનો તો વ્યવચ્છેદ જ થઈ ગયો, કેમકે તેમાં સામાન્ય=સત્તા જ નથી.

**'कर्मान्यत्वे सति'** પદથી દ્રવ્ય, ગુણ, કર્મમાંથી કર્મનો વ્યવચ્છેદ થઈ ગયો, છતાં પણ હજુ દ્રવ્ય અને ગુણ બંનેમાં લક્ષણ જતું હોવાથી દ્રવ્યમાં થતી અતિવ્યાપ્તિ નિવારવા નિર્ગુણત્વ પદ છે. ગુણો દ્રવ્યમાં રહેતા હોવાથી નિર્ગુણત્વ પદથી દ્રવ્યનો પણ વ્યવચ્છેદ થઈ ગયો, તેથી લક્ષણ માત્ર ગુણમાં જ ગયું. તેથી અતિવ્યાપ્ત્યાદિ દોષોથી રહિત ગુણનું લક્ષણ **'सामान्यवत्त्वे सति कर्मान्यत्वे च सति निर्गुणत्वम्'** બન્યું.

**નિષ્ક્રિય ગુણો** : ગુણો નિષ્ક્રિય છે, અર્થાત્ ગુણોમાં ક્રિયા રહેતી નથી.

**શંકાકાર** : ગુણોમાં ક્રિયા રહેતી નથી તેટલા માત્રથી તમે **'निष्क्रियत्वम्'** એવું ગુણનું લક્ષણ બનાવી ન શકો, કારણ કે આકાશ વગેરે દ્રવ્યોમાં તથા કર્મમાં અને સામાન્યાદિમાં પણ ક્રિયા રહેતી નથી, તેથી તેમાં પણ લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ આવશે.

**નૈયાયિક** : અમે **'निष्क्रियाः'** પદને સ્વરૂપદર્શક વિશેષણ તરીકે મૂક્યું છે પણ વ્યવચ્છેદાત્મક વિશેષણ તરીકે નહીં. તેથી અમે **'निष्क्रियाः'** પદથી ગુણનું લક્ષણ જણાવતાં નથી પણ ગુણનું માત્ર સ્વરૂપ જ જણાવીએ છીએ, તેથી અતિવ્યાપ્તિ વગેરે વિચારવાનો સવાલ જ નથી.

છતાં નિષ્ક્રિયત્વને લક્ષણ માનવું જ હોય તો તે બધી અતિવ્યાપ્તિ દૂર કરવા અમે **'सामान्यवत्त्वे सति कर्मान्यत्वे च सति कर्मवदवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वे सति निष्क्रियत्वम् ।'** કહીશું.

સામાન્યવત્ત્વ માત્ર દ્રવ્ય, ગુણ, કર્મમાં રહ્યું હોવાથી **सामान्यवत्त्वे सति** પદથી સામાન્યાદિ ચાર પદાર્થોનો વ્યવચ્છેદ થઈ ગયો. **कर्मान्यत्वे सति** પદથી કર્મનો વ્યવચ્છેદ થઈ ગયો. તેથી હવે તે સિવાયના દ્રવ્ય અને ગુણ રહ્યા. તેમાં તો દ્રવ્યત્વ, ગુણત્વ, પદાર્થત્વ, સત્તા વગેરે ઘણાં ધર્મો રહ્યા છે, પણ કર્મવદવૃત્તિપદાર્થવિભાજકોપાધિ ધર્મ તો માત્ર ગુણત્વ જ છે, કેમકે કર્મવાળા દ્રવ્યમાં તે ગુણત્વ ધર્મ તો નથી જ. અને દ્રવ્યત્વ, પદાર્થત્વ, સત્તા વગેરે તો કર્મવદ્‌માં વૃત્તિ ધર્મો છે, અવૃત્તિ નહિ. એટલે એ લેવાય જ નહિ, માટે દ્રવ્યાદિમાં અતિવ્યાપ્તિ ન આવે.

---

**कारिकावली : रूपं रसः स्पर्शगन्धौ परत्वमपरत्वकम् ॥८६॥**

**द्रवत्वस्नेहवेगाश्च मता मूर्तगुणा अमी ।**

धर्माधर्मौ भावना च शब्दो बुद्ध्यादयोऽपि च ॥८७॥

एतेऽमूर्तगुणाः सर्वे विद्वद्भिः परिकीर्तिताः ।

संख्यादयो विभागान्ता उभयेषां गुणा मताः ॥८८॥

---

**मुक्तावली :** रूपमिति । वेगा इति । वेगेन स्थितिस्थापकोऽप्युपलक्षणीयः । मूर्तगुणा इति । अमूर्तेषु न वर्तन्त इत्यर्थः । लक्षणं तु तावदन्यान्यत्वम् । एवमग्रेऽपि । अमूर्तगुणा इति । मूर्तेषु न वर्तन्त इत्यर्थः । उभयेषामिति । मूर्तामूर्तगुणा इत्यर्थः ॥

---

**મુક્તાવલી : મૂર્તગુણો :** રૂપ, રસ, સ્પર્શ, ગંધ, પરત્વ, અપરત્વ, દ્રવત્વ, સ્નેહ અને વેગ એ મૂર્તગુણો છે, અર્થાત્ મૂર્ત દ્રવ્યોના ગુણો છે. વેગ શબ્દથી સ્થિતિસ્થાપક ગુણ પણ સમજી લેવો.

જો કે સંખ્યાદિ ગુણો પણ મૂર્ત દ્રવ્યોમાં રહે છે, પણ તેઓ માત્ર મૂર્ત દ્રવ્યોમાં જ રહે છે એવું નથી પણ અમૂર્ત દ્રવ્યોમાં ય રહે છે, તેથી અમૂર્ત દ્રવ્યોમાં ન રહેતા હોય અને માત્ર મૂર્ત દ્રવ્યોમાં જ રહેતા હોય તેવા ગુણો ઉપરોક્ત દસ છે.

**અમૂર્તગુણો :** ધર્મ, અધર્મ, ભાવના, શબ્દ તથા બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન વગેરે દસ ગુણો અમૂર્ત દ્રવ્યોના છે, અર્થાત્ તેઓ મૂર્ત દ્રવ્યોમાં રહેતા જ નથી.

**ઉભયગુણો :** જે ગુણો મૂર્ત અને અમૂર્ત બંને પ્રકારના દ્રવ્યોમાં રહે તે ઉભયગુણો કહેવાય. સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ અને વિભાગ એ પાંચ ઉભય(વૃત્તિ)ગુણો છે.

આ બધાનું લક્ષણ '**तावदन्यान्यत्वम्**' સમજવું.

---

**कारिकावली :** संयोगश्च विभागश्च संख्या द्वित्वादिकास्तथा ।

द्विपृथक्त्वादयस्तद्वदेतेऽनेकाश्रिता गुणाः ॥८९॥

अतः शेषगुणाः सर्वे मता एकैकवृत्तयः ।

---

**मुक्तावली :** अनेकाश्रिता इति । संयोगविभागद्वित्वादीनि द्विवृत्तीनि । त्रित्वचतुष्ट्वादिकं त्रिचतुरादिवृत्तीति बोध्यम् । अत इति । रूपरसगन्ध-स्पर्शैकत्वपरिमाणैकपृथक्त्वपरत्वापरत्वबुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नगुरुत्व-

द्रवत्वस्नेहसंस्कारादृष्टशब्दा इत्यर्थः ॥

**મુક્તાવલી :** **અનેકમાં આશ્રયીને રહેલા ગુણો :** અનેક એટલે એક કરતાં વધારે દ્રવ્યોમાં આશ્રયીને રહેલા ગુણો. સંયોગ, વિભાગ, દ્વિત્વાદિ સંખ્યા, દ્વિપૃથક્ત્વ વગેરે. ત્યાં સંયોગ, વિભાગ, દ્વિત્વ, દ્વિપૃથક્ત્વ વગેરે બે દ્રવ્યોમાં રહ્યા છે, જ્યારે ત્રિત્વ, ચતુષ્ટ્વ વગેરે સંખ્યા અને ત્રિપૃથક્ત્વ વગેરે ત્રણ, ચાર વગેરે દ્રવ્યોમાં આશ્રયીને રહે છે.

**એકમાં આશ્રયીને રહેલા ગુણો :** રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એકત્વ, પરિમાણ, એકપૃથક્ત્વ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરૂત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, અદૃષ્ટ અને શબ્દ વગેરે ગુણો અનેક દ્રવ્યોમાં રહેતા નથી પણ એક એક દ્રવ્યમાં રહે છે.

---

कारिकावली : बुद्ध्यादिषट्कं स्पर्शान्ताः स्नेहः सांसिद्धिको द्रवः ॥९०॥
अदृष्टभावनाशब्दा अमी वैशेषिका गुणाः ।
संख्यादिरपरत्वान्तो द्रवोऽसांसिद्धिकस्तथा ॥९१॥
गुरुत्ववेगौ सामान्यगुणा एते प्रकीर्तिताः ।
संख्यादिरपरत्वान्तो द्रवत्वं स्नेह एव च ॥९२॥
एते तु द्वीन्द्रियग्राह्या अथ स्पर्शान्तशब्दकाः ।
बाह्यैकैकेन्द्रियग्राह्या गुरुत्वादृष्टभावनाः ॥९३॥
अतीन्द्रिया विभूनां तु ये स्युर्वैशेषिका गुणाः ।
अकारणगुणोत्पन्ना एते तु परिकीर्तिताः ॥९४॥

---

मुक्तावली : बुद्ध्यादीति । बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्ना इत्यर्थः । स्पर्शान्ताः रूपरसगन्धस्पर्शा इत्यर्थः । द्रवो द्रवत्वम् । वैशेषिकाः विशेषा एव वैशेषिकाः, स्वार्थे ठक्, विशेषगुणा इत्यर्थः । संख्येति । संख्यापरिमाण-पृथक्त्वसंयोगविभागपरत्वापरत्वानीत्यर्थः । द्वीन्द्रियेति । चक्षुषा त्वचापि ग्रहणयोग्यत्वात् । बाह्येति । रूपादीनां चक्षुरादिग्राह्यत्वात् । अतीन्द्रिया इति । लौकिकप्रत्यक्षाविषयजातिमन्त इत्यर्थः । विभूनामिति । बुद्धिसुख-

**दुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मभावनाशब्दा इत्यर्थः । अकारणेति । कारणगुणेन कार्ये ये गुणा उत्पाद्यन्ते ते कारणगुणपूर्वका रूपादयो वक्ष्यन्ते, बुद्ध्यादयस्तु न तादृशाः, आत्मादेः कारणाभावात् ॥**

---

**મુક્તાવલી : વિશેષગુણો** : બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સ્નેહ, સાંસિદ્ધિક દ્રવત્વ, અદૃષ્ટ, ભાવના અને શબ્દ એ પંદર વિશેષગુણો કહેવાય છે. (સાંસિદ્ધિક = સ્વાભાવિક)

**સામાન્યગુણો** : વિશેષગુણો સિવાયના સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, અસાંસિદ્ધિક દ્રવત્વ, ગુરૂત્વ, વેગ (સ્થિતિસ્થાપક) વગેરે સામાન્યગુણો છે.

**દ્વીન્દ્રિયગ્રાહ્ય ગુણો** : સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, દ્રવત્વ અને સ્નેહ ('ચ' શબ્દથી વેગ લેવો) બે ઈન્દ્રિયથી = સ્પર્શેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય છે.

**એક એક ઇન્દ્રિયથી ગ્રાહ્ય ગુણો** : શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અનુક્રમે કર્ણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય રૂપ એકેક ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે.

**અતીન્દ્રિય ગુણો** : ગુરૂત્વ, ભાવના (સ્થિતિસ્થાપક અને અણુ-પરિમાણ) તથા અદૃષ્ટ (ધર્મ અને અધર્મ) અતીન્દ્રિય છે, ઈન્દ્રિયથી અગ્રાહ્ય છે.

**અકારણગુણપૂર્વક ગુણો (વિભુ દ્રવ્યોના વિશેષ ગુણો)** : બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, ભાવના, શબ્દ; એ દસ ગુણો અકારણગુણપૂર્વક છે. કાર્યના સમવાયિકારણમાં રહેલા ગુણોના કારણે કાર્યમાં જે ગુણો ઉત્પન્ન થયા હોય તે કારણગુણપૂર્વક કહેવાય. પણ કાર્યના સમવાયિકારણાનુસાર કાર્યમાં ગુણ ઉત્પન્ન થયેલા ન હોય પણ તે સિવાયના અન્ય ગુણો ઉત્પન્ન થયા હોય તો તે અકારણગુણપૂર્વક કહેવાય.

આકાશનો ગુણ શબ્દ છે અને તે સિવાયના ઉપરોક્ત નવ વિશેષગુણો માત્ર આત્માના જ છે. હવે આકાશ અને આત્મા નિત્ય હોવાથી કાર્ય જ નથી, તેથી તેમના સમવાયિકારણ પણ ન જ હોય. તેથી બુદ્ધિ વગેરે ગુણો, આત્મા કે આકાશના સમવાયિકારણ જ ન હોવાથી કારણના ગુણના કારણે ઉત્પન્ન થયેલા નથી, અર્થાત્ કારણગુણપૂર્વક નથી, તેથી તેમને અકારણગુણપૂર્વક કહેવાય છે.

જ્યારે પટમાં રહેલું રૂપ કારણગુણપૂર્વક કહેવાય, કેમકે પટના સમવાયિકારણ તંતુમાં જે રૂપ રહ્યું છે તેના કારણે પટમાં પણ રૂપ ઉત્પન્ન થાય છે. આમ પટનું રૂપ

તેના સમવાયિકારણ તંતુના રૂપના કારણે હોવાથી પટનું રૂપ કારણગુણપૂર્વક કહેવાય.

**कारिकावली : अपाकजास्तु स्पर्शान्ता द्रवत्वं च तथाविधम् ।**
**स्नेहवेगगुरुत्वैकपृथक्त्वपरिमाणकम् ॥९५॥**
**स्थितिस्थापक इत्येते स्युः कारणगुणोद्भवाः ।**
**संयोगश्च विभागश्च वेगश्चैते तु कर्मजाः ॥९६॥**

**मुक्तावली : अपाकजास्त्विति । पाकजरूपादीनां कारणगुणपूर्वकत्वाभावात् अपाकजा इत्युक्तम् । तथाविधम् = अपाकजम् । तथैकत्वमपि बोध्यम् । संयोगश्चेति । कर्मजन्यत्वं यद्यपि न साधर्म्यं घटादावतिव्याप्तेः, संयोगजसंयोगेऽव्याप्तेश्च । तथापि कर्मजन्यवृत्तिगुणत्वव्याप्यजातिमत्त्वं बोध्यम् । एवमन्यत्राप्यूह्यम् ॥**

**મુક્તાવલી : કારણગુણપૂર્વક ગુણો :** સમવાયિકારણના ગુણોના કારણે કાર્યમાં ઉત્પન્ન થયેલા ગુણોને કારણગુણપૂર્વક કહેવાય છે. અપાકજ (અગ્નિસંયોગથી નહીં ઉત્પન્ન થયેલાં) રૂપ, રસ, ગંધ અને સ્પર્શ તથા સાંસિદ્ધિક દ્રવત્વ, સ્નેહ, વેગ, ગુરૂત્વ, એકત્વ, એકપૃથક્ત્વ, પરિમાણ અને સ્થિતિસ્થાપક કારણગુણપૂર્વક ગુણો છે.

જે પાકજ રૂપાદિ છે તે તો કારણગુણપૂર્વક નથી જ, કારણ કે કારણ પ્રમાણેના રૂપાદિ આવ્યા પછી પાક થઈ જતાં રૂપાન્તર થઈ જાય છે. પાકથી નવા રૂપાદિ ઉત્પન્ન થાય છે કે જે કદાચ કારણમાં હતા જ નહીં. તેથી અપાકજ રૂપાદિને કારણગુણપૂર્વક કહ્યા છે, પણ પાકજ રૂપાદિને નહીં.

**કર્મજન્ય ગુણો :** સંયોગ, વિભાગ અને વેગ કર્મ = ક્રિયાથી જન્ય = ઉત્પન્ન થનારા ગુણો છે. જો કે **कर्मजन्यत्वम्** આ ત્રણેમાં રહ્યું હોવા છતાં આ ત્રણેનું સાધર્મ્ય તો કર્મજન્યત્વ નથી જ, કેમકે ઘટાદિ પણ કર્મજન્ય જ છે, તેથી ઘટાદિમાં પણ કર્મજન્યત્વ રહેતું હોવાથી અતિવ્યાપ્તિ થાય. માટે કર્મજન્યત્વને સંયોગ, વિભાગ અને વેગ ગુણોનું સાધર્મ્ય ન કહેવાય.

વળી 'કર્મજન્યત્વ'ને સાધર્મ્ય માનવામાં સંયોગજન્ય સંયોગમાં અવ્યાપ્તિ આવે છે. સંયોગ જેમ કર્મથી જન્ય છે તેમ પૂર્વસંયોગથી પણ જન્ય હોઈ શકે છે. પાટ ઉપર પુસ્તકનો

સંયોગ કર્મજન્ય સંયોગ છે અને પુસ્તક ઉપર આપણે હાથ મૂકીએ તો પુસ્તક અને હાથનો સંયોગ પણ કર્મજન્ય જ છે, પરંતુ તેથી હાથ અને પાટનો જે સંયોગ થયો છે તે તો કર્મજન્ય નથી જ. આ હાથ અને પાટનો સંયોગ તો પુસ્તક અને પાટનો સંયોગ હોવાથી થયો છે માટે તે સંયોગથી જન્ય સંયોગ કહેવાય. આમ સંયોગજન્ય સંયોગ કર્મજન્ય ન હોવાથી તેમાં કર્મજન્યત્વ સાધર્મ્ય ન રહેતાં અવ્યાપ્તિ આવે છે.

આ અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષને દૂર કરવા સંયોગ, વિભાગ અને વેગનું સાધર્મ્ય '**कर्मजन्यवृत्तिगुणत्वव्याप्यजातिमत्त्वम्**' કહેવું જોઈએ. સંયોગ, વિભાગ અને વેગમાં રહેલી સંયોગત્વ, વિભાગત્વ અને વેગત્વ જાતિ એ ગુણત્વને વ્યાપ્ય જાતિ છે જ. કર્મથી ઉત્પન્ન થનારા જે સંયોગ, વિભાગ અને વેગ છે તેમાં રહેલી ગુણત્વવ્યાપ્યજાતિવાળાપણું તમામ સંયોગ, વિભાગ અને વેગમાં છે તેથી અવ્યાપ્તિ નથી. જે સંયોગ કર્મજન્ય છે તેમાં રહેલી ગુણત્વવ્યાપ્યસંયોગત્વ જાતિ સંયોગજન્ય સંયોગમાં પણ છે, તેથી હવે સંયોગજન્ય સંયોગમાં અવ્યાપ્તિ આવતી નથી. અને કર્મજન્ય આ ત્રણ ગુણો સિવાયના જે ઘટાદિ દ્રવ્યો છે તેમનામાં ગુણત્વવ્યાપ્યજાતિ રહેતી ન હોવાથી સાધર્મ્યનું લક્ષણ જતું ન હોવાથી ત્યાં અતિવ્યાપ્તિ પણ આવશે નહીં. તેથી સંયોગ, વિભાગ અને વેગનું સાધર્મ્ય '**कर्मजन्यवृत्तिगुणत्वव्याप्यजातिमत्त्वम्**' થયું.

આ રીતે અન્ય સાધર્મ્યો અંગે પણ વિચારી લેવું.

---

**कारिकावली : स्पर्शान्तपरिमाणैकपृथक्त्वस्नेहशब्दके ।**
**भवेदसमवायित्वमथ वैशेषिके गुणे ॥९७॥**

---

**मुक्तावली : स्पर्शान्तेति । एकपृथक्त्वमित्यत्र 'त्व' प्रत्ययस्य प्रत्येकमन्वयादेकत्वं पृथक्त्वं च ग्राह्यम् । पृथक्त्वपदेन चैकपृथक्त्वम् । भवेद् असमवायित्वमिति । घटादिरूपरसगन्धस्पर्शाः कपालादिरूपरसगन्धस्पर्शेभ्यो भवन्ति । एवं कपालादिपरिमाणादीनां घटादिपरिमाणाद्यसमवायिकारणत्वम् । शब्दस्यापि द्वितीयशब्दं प्रति । एवं स्थितिस्थापकैकपृथक्त्वयोरपि ज्ञेयम् ।**

---

**મુક્તાવલી : અસમવાયિકારણત્વ-સાધર્મ્ય :** રૂપ, રસ, ગંધ, સ્પર્શ (અનુષ્ણ), પરિમાણ, એકત્વ, એકપૃથક્ત્વ, સ્નેહ, શબ્દ વગેરે ગુણો અસમવાયિકારણ બને છે તેથી

તેમનામાં '**असमवायिकारणत्वम्**' રૂપ સાધર્મ્ય રહ્યું છે.

કાર્યગત રૂપાદિ ગુણો પ્રત્યે કારણગત રૂપાદિ ગુણો અસમવાયિકારણ બને જ છે. દા.ત. ઘટના રૂપાદિ ગુણોનું અસમવાયિકારણ કપાલના રૂપાદિ ગુણો બને છે. એ જ રીતે કપાલાદિનું પરિમાણ વગેરે ઘટાદિના પરિમાણ વગેરેનું અસમવાયિકારણ બને છે.

શબ્દનું સમવાયિકારણ આકાશ છે, તેમાં રહેલો પ્રથમ શબ્દ દ્વિતીય શબ્દ પ્રત્યે અસમવાયિકારણ બને છે.

તે જ રીતે કારણના સ્થિતિસ્થાપક અને એકપૃથક્ત્વ ગુણો કાર્યના તે તે ગુણોના અસમવાયિકારણ બને છે.

---

**कारिकावली : आत्मनः स्यान्निमित्तत्वमुष्णस्पर्शगुरुत्वयोः ।**
**वेगेऽपि च द्रवत्वे च संयोगादिद्वये तथा ॥९८॥**
**द्विधैव कारणत्वं स्यादथ प्रादेशिको भवेत् ।**
**वैशेषिको विभुगुणः संयोगादिद्वयं तथा ॥९९॥**

---

**मुक्तावली : निमित्तत्वमिति । बुद्ध्यादीनामिच्छादिनिमित्तत्वादिति भावः । द्विधैवेति । असमवायिकारणत्वं निमित्तकारणत्वं च । तथाहि-उष्णस्पर्श उष्णस्पर्शस्यासमवायिकारणं, पाकजे निमित्तम् । गुरुत्वं गुरुत्वपतनयोर-समवायिकारणम्, अभिघाते निमित्तम् । वेगो वेगस्पन्दनयोरसमवायी, अभिघाते निमित्तम् । द्रवत्वं द्रवत्वस्यन्दनयोरसमवायि, सङ्ग्रहे निमित्तम् । भेरीदण्डसंयोगः शब्दे निमित्तं, भेर्याकाशसंयोगेऽसमवायी । वंशदलद्वय-विभागः शब्दे निमित्तं, वंशदलाकाशविभागेऽसमवायीति । प्रादेशिकः = अव्याप्यवृत्तिः ॥**

---

મુક્તાવલી : **નિમિત્તકારણત્વ-સાધર્મ્ય** : આત્માના બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્માધર્મ, ભાવના વગેરે વિશેષગુણો કોઈના સમવાયિકારણ તો બનતા જ નથી, કેમકે સમવાયિકારણ તો દ્રવ્ય જ હોય. તથા તેઓ કોઈના અસમવાયિકારણ પણ નથી. તેથી તેઓ ઈચ્છાદિના નિમિત્તકારણ બને છે. જ્ઞાનથી ઈચ્છા થાય, ઈચ્છાથી પ્રયત્ન થાય, તેથી જ્ઞાન, ઈચ્છા વગેરે અન્યના નિમિત્તકારણ બન્યા. આમ આત્માના

વિશેષગુણોમાં નિમિત્તકારણત્વ રહ્યું છે.

**અસમવાયિકારણત્વ અને નિમિત્તકારણત્વ :** ઉષ્ણ સ્પર્શ, ગુરૂત્વ, વેગ, દ્રવત્વ, સંયોગ અને વિભાગ; આ છ ગુણોમાં અસમવાયિ અને નિમિત્ત એમ બંને પ્રકારનું કારણત્વ રહ્યું છે. તેઓ જેમ અસમવાયિકારણ બને છે તેમ નિમિત્તકારણ પણ બની શકે છે, તેથી તેમનામાં બંને પ્રકારની કારણતારૂપ સાધર્મ્ય છે.

| ગુણ | કોનું અસમવાયિકારણ ? | કોનું નિમિત્તકારણ ? |
|---|---|---|
| ઉષ્ણ સ્પર્શ | કાર્યના ઉષ્ણ સ્પર્શનું | પાકજ રૂપાદિનું |
| ગુરૂત્વ | કાર્યના ગુરૂત્વ અને પતનનું | અભિઘાત-સંયોગનું |
| વેગ | કાર્યના વેગ અને સ્પન્દનનું | અભિઘાત-સંયોગનું |
| દ્રવત્વ | કાર્યના દ્રવત્વ અને સ્યન્દનનું | સંગ્રહનું |
| ભેરીદંડ-સંયોગ | ભેરી-આકાશ-સંયોગનું | શબ્દનું |
| વંશદલદ્વયનો વિભાગ | વંશદલાકાશ-વિભાગનું | શબ્દનું |

(અહીં ક્યાંક **ભેર્યાકાશસંયોગો** અને **વંશદલાકાશવિભાગો** એમ પ્રથમાન્ત પ્રયોગ મળે છે. તો એ વખતે શબ્દ પ્રત્યે ભેરીદંડ-સંયોગ નિમિત્તકારણ છે અને ભેરી-આકાશસંયોગ અસમવાયિકારણ છે. તથા શબ્દ પ્રત્યે વંશદલદ્વયવિભાગ એ નિમિત્તકારણ છે અને વંશદલ-આકાશવિભાગ સમવાયિકારણ છે એવો અર્થ કરવો.)

**પ્રાદેશિક ગુણો :** અમુક પ્રદેશમાં જ રહે, અર્થાત્ આશ્રયના અમુક ભાગમાં જ વ્યાપીને જે ગુણો રહે તે પ્રાદેશિક કે અવ્યાપ્યવૃત્તિ ગુણો કહેવાય. વિભુગુણો બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ભાવના, ધર્મ, અધર્મ અને શબ્દ તથા સંયોગ અને વિભાગ અવ્યાપ્યવૃત્તિ ગુણો છે. આત્માના બુદ્ધિ વગેરે ગુણો શરીરાવચ્છેદેન રહેતા હોવાથી અવ્યાપ્યવૃત્તિ છે. શબ્દ પણ આકાશમાં કર્ણશષ્કુલી અવચ્છેદેન રહેતો હોવાથી અવ્યાપ્યવૃત્તિ છે તથા સંયોગ અને વિભાગ પણ એક જ દ્રવ્યમાં અમુક ભાગમાં જ રહેતા હોવાથી અવ્યાપ્યવૃત્તિ છે. તે સિવાયના ગુણો વ્યાપ્યવૃત્તિ છે.

कारिकावली : चक्षुर्ग्राह्यं भवेद्रूपं द्रव्यादेरुपलम्भकम् ।
चक्षुषः सहकारि स्याच्छुक्लादिकमनेकधा ॥१००॥

मुक्तावली : चक्षुरिति । रूपत्वजातिस्तु प्रत्यक्षसिद्धा । रूपशब्दोल्लेखिनी प्रतीतिर्नास्तीति चेत् ? माऽस्तु रूपशब्दप्रयोगः, तथापि नीलपीतादिष्वनुगत-जातिविशेषोऽनुभवसिद्ध एव । रूपशब्दाप्रयोगेऽपि नीलो वर्णः पीतो वर्ण इति वर्णशब्दोल्लेखिनी प्रतीतिरस्त्येव । एवं नीलत्वादिकमपि प्रत्यक्षसिद्धम् ।

**મુક્તાવલી : (૧) રૂપ-નિરૂપણ :** રૂપ ચક્ષુથી ગ્રાહ્ય છે તથા દ્રવ્યાદિના ચાક્ષુષ પ્રત્યક્ષમાં સહકારિકારણ છે અને તે શુક્લ વગેરે અનેક પ્રકારે છે.

**શંકાકાર :** રૂપ કોને કહેવાય ?

**નૈયાયિક : रूपत्ववत् रूपम् ।** અર્થાત્ રૂપત્વ જાતિ જેમાં રહે તે રૂપ કહેવાય.

**શંકાકાર :** પણ રૂપત્વ જાતિ છે તેવું ક્યાં સિદ્ધ છે ?

**નૈયાયિક :** 'આ રૂપ છે, આ રૂપ છે' એવી પ્રત્યક્ષ પ્રતીતિ તો થાય છે. તેથી રૂપત્વ જાતિ તો પ્રત્યક્ષસિદ્ધ છે.

**શંકાકાર :** ના, કોઈને ય 'આ રૂપ છે' તેવી પ્રત્યક્ષ પ્રતીતિ થતી જ નથી. 'આ લાલ ઘડો છે, આ લીલી પેન છે, આ સફેદ કાગળ છે' તેવી પ્રતીતિ થાય છે, પણ 'આ લાલ રૂપવાળો ઘડો છે, આ લીલા રૂપવાળી પેન છે' તેવી પ્રતીતિ કોઈને થતી નથી. વળી વ્યવહારમાં પણ લાલ, લીલા, પીળા શબ્દનો પ્રયોગ થતો જોવા મળે છે પણ રૂપ શબ્દનો પ્રયોગ જોવા મળતો નથી. તેથી રૂપત્વ જાતિને પ્રત્યક્ષસિદ્ધ તો શી રીતે માની શકાય ?

**નૈયાયિક :** વ્યવહારમાં રૂપ શબ્દનો પ્રયોગ ન થતો હોવા છતાં પણ રૂપત્વ જાતિ તો આપણને અનુભવસિદ્ધ છે જ. 'ઘડાનું રૂપ કેવું છે ?' તેવા સવાલનો જવાબ 'લાલ છે' તેવો અપાય છે. અને તે રૂપત્વ જાતિના અનુભવ વિના શી રીતે અપાય ? તેથી રૂપત્વ જાતિને અનુભવસિદ્ધ માનવી જ જોઈએ.

વળી લીલો વર્ણ, લાલ વર્ણ, પીળો વર્ણ એ રીતે વર્ણ = રંગવિશેષના ઉલ્લેખ વડે પણ રૂપત્વ જાતિની પ્રતીતિ થાય જ છે. તેથી રૂપત્વ જાતિ પ્રત્યક્ષસિદ્ધ છે તેમ માનવું જોઈએ. અને આમ જે રીતે રૂપત્વ જાતિ પ્રત્યક્ષસિદ્ધ છે તેમ નીલત્વ, પીતત્વ, રક્તત્વ

વગેરે જાતિ પણ પ્રત્યક્ષસિદ્ધ છે.

**मुक्तावली : न चैकैका एव नीलरूपादिव्यक्तय इत्येकव्यक्तिवृत्तित्वान्नील-त्वादिकं न जातिरिति वाच्यम्, नीलो नष्टो रक्त उत्पन्न इत्यादिप्रतीते-र्नीलादेरुत्पादविनाशशालितया नानात्वात्, अन्यथा एकनीलनाशे जगद् अनीलतामापद्येत ।**

**મુક્તાવલી : શંકાકાર :** આખા વિશ્વમાં નીલવર્ણ તો એક જ છે. તે રીતે પીતરૂપ, રક્તરૂપ વગેરે પણ બધા એક એક જ છે. અને એકવ્યક્તિવૃત્તિ કદાપિ જાતિ બની શકતી નથી. **व्यक्तेरभेदः** જાતિબાધક એક વ્યક્તિમાં જાતિ માનવા દેતો નથી, તેથી નીલત્વ, પીતત્વ, રક્તત્વ વગેરેને જાતિ માની શકાય નહીં.

**નૈયાયિક :** જો નીલ, પીત, રક્ત વગેરે એક એક જ વર્ણ હોય તો તો નીલત્વાદિને જાતિ ન જ મનાય, પરંતુ કોણે કહ્યું કે આખા વિશ્વમાં નીલવર્ણ એક જ છે ? જો નીલવર્ણ એક જ હોત તો 'શ્યામ રંગ નાશ પામ્યો અને લાલ રંગ ઉત્પન્ન થયો' તેવી પ્રતીતિ જે થાય છે તે કદાપિ થઈ શકે નહીં. આ પ્રતીતિ તો જણાવે છે કે નીલાદિ વર્ણો નાશ પામે છે અને ઉત્પન્ન પણ થાય છે. અને જે વખતે નીલવર્ણ એક ઘટમાં નાશ પામ્યો હોય છે ત્યારે અન્ય ઘટમાં જોવા પણ મળે જ છે. હવે જો નીલવર્ણ એક જ હોય તો એક ઘટમાં નીલવર્ણનો નાશ થતાં અન્ય ક્યાંય નીલવર્ણ રહેવો જોઈએ નહીં, કેમકે નીલવર્ણ તો એક જ છે ને ? આમ નીલવર્ણને એક માનતાં એક નીલ-ઘટનો નાશ થતાં તમારે જગતમાં તમામ નીલ-પદાર્થોનો નાશ માનવાની આપત્તિ આવશે. અત્યાર સુધીમાં તો ઘણાં નીલ-પદાર્થોનો નાશ અનુભવાયો છે તે શી રીતે ? અને નીલ-પદાર્થના નાશનો અનુભવ થયો હોવાથી હવે જગતમાં કોઈ નીલ વસ્તુઓ હોવી જ ન જોઈએ, પણ ઘણી નીલ વસ્તુઓ દેખાય તો છે જ. તેથી 'નીલવર્ણ આખા જગતમાં એક જ છે' તેમ શી રીતે મનાય ?

**मुक्तावली : न च नीलसमवायरक्तसमवाययोरेवोत्पादविनाशविषयकोऽसौ प्रत्यय इति वाच्यम्, प्रतीत्या समवायानुल्लेखात् ।**

**મુક્તાવલી : શંકાકાર :** નીલવર્ણ તો આખા જગતમાં એક જ છે, પરંતુ **नीलो नष्टो रक्त उत्पन्नः** વગેરે બુદ્ધિ જે થાય છે તે સમવાયસંબંધના ઉત્પત્તિ અને નાશના કારણે થાય

છે. જ્યારે ઘટમાં નીલરૂપને રહેવાનો સમવાયસંબંધ ઉત્પન્ન થાય છે ત્યારે નીલરૂપ ઉત્પન્ન થયાની પ્રતીતિ થાય છે અને જ્યારે તે સમવાયસંબંધ નાશ પામી જાય છે ત્યારે નીલરૂપ નાશ પામ્યું હોય તેવો ભ્રમ થાય છે અને રક્તવર્ણનો સમવાયસંબંધ ઉત્પન્ન થવાથી રક્તવર્ણ ઉત્પન્ન થયો હોય તેવો ભ્રમ થાય છે. બાકી હકીકતમાં તો નીલરૂપ, રક્તરૂપ વગેરે એક જ છે, નિત્ય છે, સર્વત્ર રહેલા છે. જ્યારે સમવાયસંબંધ ઉત્પન્ન કે નષ્ટ થાય છે ત્યારે તે તે રૂપ નાશ પામતું કે ઉત્પન્ન થતું હોય તેવી પ્રતીતિ થાય છે. અને તેથી જ એક નીલઘટ નાશ પામવાથી માત્ર ઘટમાં રહેલો નીલ-સમવાય નાશ પામ્યો હોવાથી અન્ય સ્થાને નીલરૂપ રહી જ શકે છે અને તેથી જગતમાં નીલ-પદાર્થોનો અભાવ થવાની આપત્તિ આવતી જ નથી.

**નૈયાયિક :** નીલસમવાય નાશ પામ્યો અને રક્તસમવાય ઉત્પન્ન થયો તેવી પ્રતીતિ જ ક્યાં કોઈને થાય છે ? વળી સમવાયસંબંધ તો એક અને નિત્ય છે, તેનો ઉત્પાદ અને વિનાશ સંભવી જ શી રીતે શકે ?

---

**मुक्तावली : न च स एवायं नील इति प्रत्यक्षबलाल्लाघवाच्चैक्यमिति वाच्यम्, उक्तप्रत्यक्षस्य तज्जातीयविषयकत्वात् सैवेयं गुर्जरीतिवत् । लाघवं तु प्रत्यक्षबाधितम्, अन्यथा घटादीनामप्यैक्यप्रसङ्गात् । उत्पादविनाशबुद्धेः समवायालम्बनत्वापत्तेरिति । एतेन रसादिकमपि व्याख्यातम् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** નીલવર્ણ નાશ પામ્યા પછી ફરીથી ઉત્પન્ન થયેલા નીલરૂપમાં 'આ તે જ નીલ છે' તેવી પ્રતીતિ તો આપણને થાય જ છે ને ! જો નીલરૂપ એક જ ન હોય તો આવી પ્રતીતિ થાય શી રીતે ? દીપકની જ્યોત પ્રત્યેક ક્ષણે આપણને એક જ હોય તેવી જણાય છે. તેથી માનવું જ પડે કે પ્રત્યેક ક્ષણે તેનું ભાસ્વર-શુક્લાદિ રૂપ હાજર જ છે. પણ તેના સમવાયનો ઉત્પાદ અને નાશ થાય છે અને તેથી જ આપણને જ્યોત એની એ જ હોય તેવી પ્રતીતિ થાય છે.

વળી નીલરૂપ, પીતરૂપ વગેરેને અનેક માનવાને બદલે એક જ માનવામાં લાઘવ પણ છે. તેથી લાઘવાત્ નીલાદિ તમામ રૂપને એકેક જ માનવા જોઈએ.

**નૈયાયિક :** 'આ તે જ નીલ છે' તેવી બુદ્ધિ થવામાત્રથી નીલાદિ રૂપને એક ન જ મનાય, કેમકે પૂર્વના નીલરૂપ અને પછીના નીલરૂપમાં સાદશ્ય હોવાથી જ 'આ તે જ નીલ છે' તેવી બુદ્ધિ થાય છે. બંનેમાં એક જ જાતિ રહી હોવાથી આવું પ્રત્યભિજ્ઞા જ્ઞાન

થાય છે. હકીકતમાં તો બંને જુદા જ છે. જેમ ગુજરાતની સ્ત્રીના પહેરવેશ, રહેણી-કરણી, બોલી વગેરે ઉપરથી નક્કી થયું કે આ ગુર્જરી સ્ત્રી છે. હવે ત્યારપછી ક્યારેક ગુજરાતની અન્ય સ્ત્રીને જોઈ. તેની રહેણીકરણી વગેરેમાં પૂર્વોક્ત સ્ત્રી સાથેના **સાદશ્યને** જોઈને 'આ તે જ ગુર્જરી છે' તેવી બુદ્ધિ થાય જ છે. આમ સાદશ્ય, સમાન જાતીયતા વગેરેને કારણે પ્રત્યભિજ્ઞા થતી હોવાથી નીલરૂપને એક માનવાની જરૂર જ નથી. હકીકતમાં તો નીલરૂપ અનેક છે પણ સાદશ્યાદિના કારણે જ 'આ તે જ નીલ છે' તેવું જ્ઞાન થાય છે.

વળી જો માત્ર 'લાઘવ'ના કારણે જ નીલને એક માનવા ઈચ્છો છો તે તો કોઈપણ રીતે યોગ્ય નથી, કારણ કે જ્યારે પ્રત્યક્ષબાધ આવતો હોય ત્યારે તેના નિવારણ માટે કરવું પડતું ગૌરવ એ હકીકતમાં ગૌરવ નહીં પણ લાઘવ જ છે. પ્રત્યક્ષથી જ નીલરૂપો અનેક દેખાય છે અને એક નીલરૂપનો નાશ થતાં સર્વ નીલરૂપોનો નાશ નથી થતો તે પણ પ્રત્યક્ષસિદ્ધ છે, માટે તેવી પ્રત્યક્ષસિદ્ધ 'નીલરૂપ અનેક છે' એવી વાતનો અપલાપ કરીને લાઘવાત્ 'નીલરૂપ એક છે' તેવું મનાય નહીં.

અને છતાં તમને બધે લાઘવ જ ઈષ્ટ જણાતું હોય અને તેથી તમારે નીલરૂપને એક જ માનવું હોય તો પછી લાઘવાત્ તમારે ઘટ-પદાર્થ પણ જગતમાં એક જ માનવો જોઈએ. અનેક ઘટ પદાર્થો માનવાની શી જરૂર છે ?

**શંકાકાર :** પણ એક ઘટ માનવામાં તો આપત્તિ છે. પ્રત્યક્ષથી જ અનેક ઘટો આપણને દેખાઈ રહ્યા છે. અને એક ઘટનો નાશ થશે ત્યારે બીજા ઘટો શી રીતે રહી શકશે ?

**નૈયાયિક :** અહીં પણ તમે ઘટનાશના સ્થાને સમવાયના નાશની અને ઉત્પત્તિની કલ્પના કરો ને ? સમવાયનો નાશ થાય છે તેથી આપણને 'ઘટ નાશ થયો' તેવી પ્રતીતિ થાય છે અને સમવાયની ઉત્પત્તિ થાય છે ત્યારે ઘટની ઉત્પત્તિ થઈ હોય તેવી પ્રતીતિ થાય છે તેમ માનો ને ?

પણ તેમાં પ્રત્યક્ષબાધ હોવાથી ઘટ એક માનવામાં લાઘવ હોવા છતાં જેમ અનેક ઘટ-પદાર્થો મનાય છે તેમ અહીં પણ પ્રત્યક્ષબાધ હોવાથી એક નીલરૂપ માનવાના બદલે અનેક નીલરૂપ માનવા જ જોઈએ.

આમ અનેક નીલરૂપ સિદ્ધ થવાથી તેમાં નીલત્વ જાતિ રહે છે તેમ સિદ્ધ થાય છે. **'एकव्यक्तिवृत्तिस्तु न जातिः'** નિયમથી નીલાદિમાં જાતિ ન મનાય તેવી તમારી વાત

ખોટી ઠરે છે. માટે નીલ, પીત, રક્ત વગેરેમાં નીલત્વાદિ જાતિ માનવી જ જોઈએ.

જેમ નીલાદિ રૂપમાં જાતિની સિદ્ધિ થઈ તે જ રીતે રસ, ગંધ, સ્પર્શ વગેરેમાં પણ જાતિની સિદ્ધિ થાય છે.

---

**मुक्तावली : चक्षुर्ग्राह्यमिति । चक्षुर्ग्राह्यविशेषगुण इत्यर्थः । एवमग्रेऽपि । द्रव्यादेरिति । उपलम्भकमुपलब्धिकारणम् । इदमेव विवृणोति - चक्षुष इति । द्रव्यगुणकर्मसामान्यानां चाक्षुषप्रत्यक्षं प्रति उद्भूतरूपं कारणम् । शुक्लादीति । तच्च रूपं शुक्लनीलपीतरक्तहरितकपिशकर्बुरभेदादनेकप्रकारकं भवति ।**

---

**મુક્તાવલી : ચક્ષુગ્રાહ્ય** : 'રૂપ એ ચક્ષુગ્રાહ્ય ગુણ છે' એમ કહેવામાં સંયોગાદિમાં અતિવ્યાપ્તિ આવે છે, કેમકે સંયોગાદિ ગુણો પણ ચક્ષુગ્રાહ્ય છે જ. તેથી અહીં પરિષ્કાર કરીને રૂપને ચક્ષુગ્રાહ્ય ન કહેતાં ચક્ષુગ્રાહ્યવિશેષગુણ કહેવું. સંયોગ વગેરે વિશેષગુણો ન હોવાથી 'વિશેષ' પદનું ઉપાદાન થવાથી સંયોગાદિમાં અતિવ્યાપ્તિ આવશે નહીં. પ્રભા પણ માત્ર ચક્ષુગ્રાહ્ય છે પણ તે ગુણ ન હોવાથી તેનામાં પણ અતિવ્યાપ્તિ આવતી નથી તેથી '**रूपत्वम्**'નો અર્થ ચક્ષુમાત્રગ્રાહ્યજાતિમદ્‌ગુણત્વ કરવો.

આ જ રીતે ગંધ, રસ, સ્પર્શ વગેરેના લક્ષણમાં પણ અતિવ્યાપ્તિ વગેરે દૂર કરવા પરિષ્કાર કરવો.

વળી ઉદ્‌ભૂતરૂપ એ દ્રવ્ય-ચાક્ષુષપ્રત્યક્ષનું સહકારિકારણ છે. જો દ્રવ્યમાં ઉદ્‌ભૂતરૂપ ન હોય તો તેનું ચાક્ષુષ-પ્રત્યક્ષ થઈ શકે નહીં. તે ઉદ્‌ભૂતરૂપ શુક્લ, નીલ, પીત, રક્ત, હરિત, કપિશ, કર્બુર વગેરે અનેક પ્રકારનું છે.

---

**मुक्तावली : ननु कथं कर्बुरमतिरिक्तरूपं भवति ? इत्थं नीलपीताद्यवयवारब्धोऽवयवी न तावन्नीरूपो, अप्रत्यक्षत्वप्रसङ्गात् । नापि व्याप्यवृत्तिनीलादिकमुत्पद्यते, पीतावच्छेदेनापि नीलोपलब्धिप्रसङ्गात् । नाप्यव्याप्यवृत्तिनीलादिकमुत्पद्यते, व्याप्यवृत्तिजातीयगुणानामव्याप्यवृत्तित्वे विरोधात् । तस्मान्नानाजातीयरूपैरवयविनि विजातीयं चित्रं रूपमारभ्यते ।**

---

**મુક્તાવલી : શંકાકાર** : નીલ, પીત, રક્ત, હરિત, કપિશ, શ્વેત રૂપ તો માની શકાય, પણ કર્બુર અર્થાત્ ચિત્ર રૂપ આ છથી પણ ભિન્ન છે તેમ શી રીતે માની શકાય?

માત્ર નીલાદિ છ જ રૂપ માનવામાં શું વાંધો છે ?

**નૈયાયિક :** નીલ, પીત, રક્ત વગેરે અનેક રૂપવાળા અવયવોથી જે એક અવયવી દ્રવ્ય બને છે તેમાં નીલ, પીત વગેરે અનેક રૂપ હોવાથી તેને માત્ર નીલ તો ન જ મનાય. તે રીતે તે અવયવીને માત્ર પીત પણ ન જ કહેવાય, કેમકે તેમાં રક્તાદિ રૂપ પણ છે જ. આમ કોઈ એક રૂપ ન હોવાથી તમે જો તેને 'નીરૂપ છે' તેમ કહેશો તો રૂપ એ ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે કારણ હોવાથી નીરૂપ થતાં તે અવયવી દ્રવ્યનું ચાક્ષુષ-પ્રત્યક્ષ ન થવાની આપત્તિ આવશે, તેથી તેને નીરૂપ પણ નહીં મનાય. આમ માત્ર નીલ, પીત, રક્ત, હરિત, કપિશ, શ્વેત કે નીરૂપ માની શકાતું ન હોવાથી તમારે તેને ચિત્ર-રૂપવાળું માનવું જ જોઈએ.

વળી નીલ, પીત વગેરે રૂપો વ્યાપ્યવૃત્તિગુણો છે, અર્થાત્ સર્વ દેશમાં રહેનારા છે, પણ અમુક દેશાવચ્છેદેન રહેનારા નથી. તેથી જુદા જુદા અનેક વર્ણના તંતુમાંથી ઉત્પન્ન થયેલા પટમાં તમે જો નીલરૂપ માનો તો જ્યાં પીતવર્ણી તંતુઓ છે ત્યાં પણ નીલરૂપની ઉપલબ્ધિ થવી જ જોઈએ, કેમકે નીલરૂપ તો વ્યાપ્યવૃત્તિ જ છે. પણ હકીકતમાં તો ત્યાં પીતરૂપ જ દેખાય છે, તેથી તેમાં નીલરૂપ ઉત્પન્ન થયું છે તેમ માની શકાય નહીં. તે જ રીતે પીત, રક્ત, શ્વેત કે શ્યામ રૂપ પણ ઉત્પન્ન થયું છે તેમ માની શકાશે નહીં.

**શંકાકાર :** તમે જણાવેલી આપત્તિ દૂર કરવા અમે કહીશું કે વ્યાપ્યવૃત્તિ નીલાદિ રૂપમાંથી આખા ય પટમાં વ્યાપ્યવૃત્તિ નીલરૂપ ઉત્પન્ન નહીં થાય પણ અવ્યાપ્યવૃત્તિ નીલરૂપ ઉત્પન્ન થશે. અને તેથી જ્યાં પીતરૂપ હશે ત્યાં પણ નીલરૂપની ઉપલબ્ધિ કેમ નથી થઈ ? તેવો સવાલ ઉપસ્થિત નહીં થાય, કારણ કે અમે તો અવ્યાપ્યવૃત્તિથી જ નીલરૂપની ઉત્પત્તિ માની છે.

**નૈયાયિક :** વ્યાપ્યવૃત્તિ ગુણથી વ્યાપ્યવૃત્તિ ગુણની જ ઉત્પત્તિ થાય પણ અવ્યાપ્યવૃત્તિ ગુણની ઉત્પત્તિ ન થાય, કેમકે વ્યાપ્યવૃત્તિ ગુણનો અવ્યાપ્યવૃત્તિ ગુણ સાથે વિરોધ છે. તેથી વ્યાપ્યવૃત્તિ નીલગુણથી અવ્યાપ્યવૃત્તિ નીલગુણ તો ઉત્પન્ન થશે જ નહીં. અને જો વ્યાપ્યવૃત્તિ નીલગુણ ઉત્પન્ન થાય છે તેમ માનો તો જ્યાં પીતરૂપ ઉત્પન્ન થયું છે ત્યાં નીલોપલબ્ધિ કેમ નથી થતી ? તેથી વ્યાપ્યવૃત્તિ કે અવ્યાપ્યવૃત્તિથી અનેકવર્ણી તંતુમાંથી ઉત્પન્ન થયેલા પટમાં નીલરૂપ ઉત્પન્ન નથી થતું તેમ સિદ્ધ થાય છે. તે જ રીતે વ્યાપ્ય કે અવ્યાપ્યવૃત્તિથી પીત, રક્ત, હરિત કે શ્વેત રૂપ પણ ઉત્પન્ન થઈ શકે નહીં. માટે માનવું જ પડે કે અનેકવર્ણી તંત્વાદિ અવયવોમાંથી બનેલા પટાદિ અવયવીમાં વ્યાપ્યવૃત્તિથી ચિત્ર-રૂપ ઉત્પન્ન થાય છે જે પૂર્વોક્ત છ રૂપથી ભિન્ન છે.

**શંકાકાર :** જેમ વ્યાપ્યવૃત્તિ ગુણથી વ્યાપ્યવૃત્તિ ગુણની જ ઉત્પત્તિ માનો છો તેમ સજાતીય ગુણમાંથી સજાતીય ગુણની જ ઉત્પત્તિ માનવી જોઈએ. અને તેથી નીલરૂપમાંથી નીલરૂપ જ ઉત્પન્ન થઈ શકે, પણ તેનાથી તદ્દન વિજાતીય એવું ચિત્ર રૂપ શી રીતે ઉત્પન્ન થઈ શકે ?

**નૈયાયિક :** જો અવયવો માત્ર નીલરૂપવાળા હોત તો અવયવીમાં જરૂર સજાતીય એવું નીલરૂપ જ ઉત્પન્ન થયું હોત પણ વિજાતીય ચિત્ર રૂપ તો ઉત્પન્ન ન જ થાત, પરંતુ અવયવો જ્યારે જુદા જુદા અનેક વર્ણવાળા છે ત્યારે તેમનાથી ઉત્પન્ન થયેલા દ્રવ્યમાં કયા રૂપવાળા અવયવનું સજાતીય રૂપ ઉત્પન્ન થાય ? જો નીલરૂપ ઉત્પન્ન થાય તેમ કહેશો તો પીત અવયવોનું સજાતીય પીતરૂપ કેમ ઉત્પન્ન ન થયું ? અને પીતરૂપ ઉત્પન્ન થાય તેમ કહો તો રક્તાવયવોનું સજાતીય રક્તરૂપ ઉત્પન્ન કેમ ન થયું ? તે સવાલ ઉપસ્થિત થશે. તેથી વિનિગમના-વિરહે તમે જો છએ રૂપ ઉત્પન્ન થાય તેમ કહેશો તો પૂર્વે જણાવ્યા પ્રમાણે વ્યાપ્યવૃત્તિથી અવ્યાપ્યવૃત્તિ ગુણો ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. અને જો અવયવી નીરૂપ ઉત્પન્ન થાય છે તેમ માનશો તો અવયવીનું અપ્રત્યક્ષ થઈ જવાની આપત્તિ આવશે.

પણ અવયવીનું પ્રત્યક્ષ થાય જ છે માટે તેમાં રૂપ ઉત્પન્ન થયું છે તેવું માનવું જ જોઈએ અને વળી તે વ્યાપ્યવૃત્તિથી જ ઉત્પન્ન થયેલું માનવું જોઈએ. નીલ, પીત વગેરેને વ્યાપ્યવૃત્તિથી ઉત્પન્ન થયેલા માનવામાં આપત્તિ આવતી હોવાથી વ્યાપ્યવૃત્તિથી 'ચિત્ર રૂપ' ઉત્પન્ન થાય છે તેમ માનવું જ જોઈએ.

---

**मुक्तावली : अत एवैकं चित्ररूपमित्यनुभवोऽपि, नानारूपकल्पने गौरवात्। इत्थं च नीलादीनां पीताद्यारम्भे प्रतिबन्धकत्वकल्पनादवयविनि न पीताद्युत्पत्तिः । एतेन स्पर्शोऽपि व्याख्यातः ।**

---

**મુક્તાવલી :** વળી જેમ અનેક વૃક્ષો હોવા છતાં 'અહીં એક વન છે' તેવી બુદ્ધિ થાય છે તેમ અનેક રૂપોવાળા અવયવો જેમાં છે તેવા અવયવીમાં માત્ર એક જ ચિત્ર રૂપ માનવામાં કોઈ જ આપત્તિ નથી બલ્કે તે તો અનુભવસિદ્ધ હકીકત છે.

વળી જ્યારે અનેક રૂપવાળા અવયવોમાંથી બનેલા એક અવયવીમાં માત્ર એક ચિત્ર રૂપ માનવાથી જ કામ પૂર્ણ થઈ જતું હોય તો તેમાં અનેક રૂપ માનવાની કલ્પના કરવાનું ગૌરવ કરવાની શી જરૂર છે ? માટે ચિત્ર રૂપ છ રૂપથી ભિન્ન છે અને તે અનેક

રૂપવાળા અવયવોથી ઉત્પન્ન થયેલા દ્રવ્યમાં હોય છે તેમ માનવું જોઈએ.

**શંકાકાર :** પણ જે અવયવો રક્ત વર્ણના છે તેઓ રક્તરૂપ ઉત્પન્ન ન કરતાં અવયવીમાં ચિત્ર રૂપ જ ઉત્પન્ન કેમ કરે છે ? અર્થાત્ રૂપ એ કારણગુણપૂર્વક ગુણ હોવાથી અવયવ પ્રમાણે જ અવયવીનું રૂપ હોવું જોઈએ, તો રક્તાવયવો અવયવીમાં રક્તરૂપ ઉત્પન્ન નથી કરતા તેનું શું કારણ ?

**નૈયાયિક :** તમારી વાત સાચી છે કે રૂપ એ કારણગુણપૂર્વક ગુણ છે અને તેથી કારણના ગુણને અનુરૂપ ગુણ કાર્યમાં ઉત્પન્ન થાય જ છે, પણ પ્રસ્તુતમાં પ્રતિબંધક હાજર હોવાથી તે પ્રતિબંધક કારણગુણને અનુરૂપ ગુણ કાર્યમાં ઉત્પન્ન થવા દેતો નથી, અર્થાત્ જ્યારે રક્ત અવયવો પટમાં રક્ત રૂપ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરે છે ત્યારે પટના અમુક અવયવોમાં રહેલું પીતરૂપ પ્રતિબંધક બનીને પટમાં રક્ત રૂપ ઉત્પન્ન થવા દેતું નથી. તે જ રીતે પીત અવયવોને પટમાં પીતરૂપ ઉત્પન્ન કરવામાં રક્ત અવયવોનું રક્તરૂપ પ્રતિબંધક બને છે, તેથી પટમાં પીતરૂપ પણ ઉત્પન્ન થતું નથી. આમ એક જ અવયવીના અવયવોમાં રહેલા જુદા જુદા રૂપો એકબીજા સજાતીય રૂપને ઉત્પન્ન થવામાં પ્રતિબંધક બનતાં હોવાથી રક્ત, નીલ વગેરે કોઈપણ સજાતીય રૂપ ઉત્પન્ન ન થતાં તે બધાથી વિજાતીય એવું ચિત્ર રૂપ ઉત્પન્ન થાય છે.

ઉપરના સમગ્ર વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે ચિત્ર નામનું એક ભિન્ન રૂપ પણ છે જ કે જે અનેક રૂપવાળા અવયવોથી ઉત્પન્ન થયેલા અવયવીમાં ઉત્પન્ન થાય છે.

આ જ રીતે 'ચિત્ર સ્પર્શ' પણ માનવો જોઈએ કે જે ભિન્ન સ્પર્શોથી યુક્ત અવયવોમાંથી બનેલા અવયવીમાં ઉત્પન્ન થાય છે.

---

**मुक्तावली : रसादिकमपि नाव्याप्यवृत्ति, किन्तु नानाजातीयरसवदवयवैरारब्धेऽवयविनि रसाभावेऽपि न क्षतिः । तत्र रसनयाऽवयवरस एव गृह्यते, रसनेन्द्रियादीनां द्रव्यग्रहे सामर्थ्याभावात् अवयविनो नीरसत्वेऽपि क्षतेरभावात् ।**

---

**મુક્તાવલી :** રૂપ અને સ્પર્શમાં ચિત્ર રૂપ અને ચિત્ર સ્પર્શ મનાય છે પણ રસના વિષયમાં ચિત્ર રસ માનવાની જરૂર નથી, કેમકે અહીં ચિત્ર રસ ન માનવા છતાં કોઈ આપત્તિ ન આવતી હોવાથી ચિત્ર રસ માનવાનું ગૌરવ કરવાની શી જરૂર ?

જો કે રસ પણ વ્યાપ્યવૃત્તિ છે અને તેથી વ્યાપ્યવૃત્તિ રસથી અવયવીમાં પણ

વ્યાપ્યવૃત્તિ રસ જ ઉત્પન્ન થવો જોઈએ, પણ જો જુદા જુદા અનેક રસવાળા અવયવોથી વ્યાપ્યવૃત્તિ મધુરરસ અવયવીમાં ઉત્પન્ન થાય છે તેમ માનો તો જ્યાં આમ્લરસ છે ત્યાં મધુરરસની ઉપલબ્ધિ કેમ થતી નથી ? તેવી પૂર્વોક્ત આપત્તિ આવે જ છે, તેથી ત્યાં મધુર, આમ્લ વગેરે રસને વ્યાપ્યવૃત્તિથી ઉત્પન્ન થયેલા તો મનાય જ નહીં. વળી અવયવનો મધુરરસ, અવયવીમાં આમ્લરસોત્પત્તિનો પ્રતિબંધક બને છે અને અવયવનો આમ્લરસ અવયવીમાં મધુરરસોત્પત્તિનો પ્રતિબંધક બને છે. આમ એકબીજા રસો એકબીજાના પ્રતિબંધક બની જવાથી એક પણ રસ ઉત્પન્ન નહીં થઈ શકે. છતાં પણ ત્યાં ચિત્રરસની ઉત્પત્તિ થાય છે તેમ માનવાની જરૂર નથી, કારણ કે ચિત્રરસોત્પત્તિ માનવામાં ગૌરવ છે. હવે જો ત્યાં ચિત્રરસોત્પત્તિ ન માનીએ તો અવયવીને નીરસ માનવો પડે. અવયવી= દ્રવ્યનું ચાક્ષુષ અને સ્પાર્શન-પ્રત્યક્ષ થતું હોવાથી જો અવયવીને નીરૂપ કે નિઃસ્પર્શ માનીએ તો દ્રવ્યનું અપ્રત્યક્ષ થવાની આપત્તિ આવતી હતી અને તેથી તેના નિવારણ માટે ચિત્રરૂપ અને ચિત્રસ્પર્શ માનવો પડતો હતો, પણ દ્રવ્યનું રાસન-પ્રત્યક્ષ થતું જ ન હોવાથી અવયવીમાં ચિત્રરસની ઉત્પત્તિ ન માનીએ તો પણ કોઈ આપત્તિ આવતી નથી તેથી ચિત્રરસ માનવાની જરૂર નથી.

હકીકતમાં રસનેન્દ્રિય વડે અવયવોના રસનું જ ગ્રહણ = પ્રત્યક્ષ થાય છે પણ અવયવીનું રાસન-પ્રત્યક્ષ થતું જ નથી, તેથી અવયવીમાં રસ ન માનવાથી પણ આપત્તિ આવતી નથી, તેથી ચિત્રરસ માનવાની જરૂર નથી.

તે જ રીતે અવયવોની ગંધનું ઘ્રાણજ-પ્રત્યક્ષ થાય છે, પણ દ્રવ્યનું ઘ્રાણજ-પ્રત્યક્ષ થતું ન હોવાથી અવયવીને નિર્ગંધ માનવામાં પણ આપત્તિ આવતી નથી અને તેથી ચિત્રગંધ માનવાની જરૂર નથી.

આમ દ્રવ્યનું ચાક્ષુષ-પ્રત્યક્ષ અને સ્પાર્શન-પ્રત્યક્ષ થતું હોવાથી ચિત્રરૂપ અને ચિત્રસ્પર્શ માનવા જોઈએ પણ દ્રવ્યનું ઘ્રાણજ કે રાસન-પ્રત્યક્ષ થતું ન હોવાથી ચિત્રરસ કે ચિત્રગંધ માનવાની જરૂર નથી.

---

**मुक्तावली : नव्यास्तु तत्राऽव्याप्यवृत्त्येव नानारूपं, नीलादेः पीतादि-प्रतिबन्धकत्वकल्पने गौरवात् । अत एव 'लोहितो यस्तु वर्णेन मुखे पुच्छे च पाण्डुरः । श्वेतः खुरविषाणाभ्यां स नीलो वृष उच्यते ।' इत्यादिशास्त्रमप्युपपद्यते ।**

---

**મુક્તાવલી : નવ્યો** : રૂપ અને સ્પર્શમાં પણ ચિત્રરૂપ અને ચિત્રસ્પર્શ માનવાની જરૂર નથી, કેમકે ચિત્ર રૂપ અને ચિત્ર સ્પર્શ માનવામાં તો ગૌરવ છે.

**પ્રાચીનો** : તો શું નીરસ અને નિર્ગંધ અવયવીની જેમ તમે નીરૂપ અને નિઃસ્પર્શ અવયવીને માનો છો ? તો પછી રૂપ વિનાના અવયવીનું ચાક્ષુષ-પ્રત્યક્ષ શી રીતે ઘશે? સ્પર્શ વિનાના અવયવીનું સ્પાર્શન-પ્રત્યક્ષ શી રીતે થશે ?

**નવ્યો** : અમે અનેક રૂપવાળા અવયવોમાંથી ઉત્પન્ન થયેલા અવયવીને નીરૂપ માનતાં જ નથી કે તેનું ચાક્ષુષ-પ્રત્યક્ષ ન થવાની આપત્તિ આવે. તે જ રીતે જુદા જુદા સ્પર્શ યુક્ત અવયવોમાંથી ઉત્પન્ન થયેલા અવયવીમાં સ્પર્શ ઉત્પન્ન થતો નથી તેમ પણ નથી કહેતા કે જેથી તેનું સ્પાર્શન-પ્રત્યક્ષ ન થવાની આપત્તિ આવે. અમે તો માત્ર એટલું જ કહીએ છીએ કે તે અવયવીમાં અવયવાનુસાર સજાતીય અનેક રૂપ અને અનેક સ્પર્શ ઉત્પન્ન થાય છે, પણ નવું કોઈ ચિત્રરૂપ અને ચિત્રસ્પર્શ ઉત્પન્ન થતા નથી.

**પ્રાચીનો** : પણ વ્યાપ્યવૃત્તિ ગુણો વ્યાપ્યવૃત્તિને જ ઉત્પન્ન કરતા હોવાથી જો વ્યાપ્યવૃત્તિ નીલ યુક્ત અવયવોથી વ્યાપ્યવૃત્તિ નીલપટ ઉત્પન્ન થયો માનશો તો જ્યાં પીતાવયવો છે ત્યાં નીલરૂપની અનુપલબ્ધિ થવાની આપત્તિ આવશે ને ?

**નવ્યો** : વ્યાપ્યવૃત્તિ ગુણોથી વ્યાપ્યવૃત્તિ ગુણો જ ઉત્પન્ન થાય અને અવ્યાપ્યવૃત્તિ ગુણો ઉત્પન્ન ન જ થાય તેવો નિયમ અમે માનતા જ નથી, કેમકે તેવા નિયમમાં પ્રમાણનો અભાવ છે. તેથી અમે તો કહીએ છીએ કે વ્યાપ્યવૃત્તિ નીલ, પીત, રક્ત, હરિત, શ્વેત વગેરે રૂપોવાળા અવયલોમાંથી ઉત્પન્ન થયેલા પટમાં અવ્યાપ્યવૃત્તિ નીલ, પીત, રક્ત, હરિત, શ્વેત વગેરે અનેક રૂપો ઉત્પન્ન થશે. અને તેથી જ્યાં પીતાવયવો હશે ત્યાં નીલોપલબ્ધિ નહીં થાય તો પણ આપત્તિ આવશે નહીં, કેમકે અવ્યાપ્યવૃત્તિ નીલરૂપ ઉત્પન્ન થયું છે તેથી તે પટમાં સર્વત્ર તો ન જ હોય ને !

**પ્રાચીનો** : પણ અવયવનું નીલરૂપ અન્ય અવયવોના પીતરૂપને પટમાં પીતરૂપ ઉત્પન્ન કરવામાં પ્રતિબંધક બને છે અને પીતરૂપ પટમાં નીલરૂપ ઉત્પન્ન થવામાં પ્રતિબંધક બને છે અને તેથી બધા રૂપો એકબીજાના પ્રતિબંધક બનતાં હોવાથી પટમાં અનેક રૂપો ઉત્પન્ન જ શી રીતે થશે ?

**નવ્યો** : તમારે ચિત્રરૂપ ઉત્પન્ન થાય છે તેવું માનવું હતું તેથી નીલ, પીતાદિ રૂપો પ્રતિબંધક બને છે તેવી કલ્પના કરવી પડતી હતી. પણ અમે તો કહીએ છીએ કે નીલ, પીત વગેરે રૂપોને એકબીજાના પ્રતિબંધક માનવાની કલ્પના પણ ગૌરવ નથી તો બીજું

શું છે ? તેથી આ ગૌરવ ન કરવા માટે પણ તમારે નવા ચિત્રરૂપને માનવાનું ગૌરવ કરવું જોઈએ નહીં.

વળી શાસ્ત્રમાં પણ દીધિતિકારે જે બળદનો વર્ણ રક્ત છે, ખરી અને શીંગડા સફેદ છે, મુખ અને પુચ્છ પાંડુર છે તેવા બળદને નીલ-બળદ કહ્યો છે પણ ચિત્ર-બળદ નથી કહ્યો. આમ અનેક રૂપ ઉત્પન્ન થતાં હોય ત્યાં ચિત્રરૂપની ઉત્પત્તિ થતી નથી તેમ નક્કી થાય છે.

---

**मुक्तावली : न च व्याप्यवृत्त्यव्याप्यवृत्तिजातीययोर्द्वयोर्विरोधः, मानाभावात्। न च लाघवादेकं रूपं, अननुभवात् । अन्यथा घटादेरपि लाघवादैक्यं स्यात्। एतेन स्पर्शादिकमपि व्याख्यातमिति वदन्ति ॥**

---

**મુક્તાવલી : પ્રાચીનો** : વ્યાપ્યવૃત્તિજાતીય અને અવ્યાપ્યવૃત્તિજાતીય રૂપાદિનો પરસ્પર વિરોધ છે, અર્થાત્ જે વ્યાપ્યવૃત્તિ મળે છે તે અવ્યાપ્યવૃત્તિ શી રીતે મળે ? ઘટાદિમાં નીલાદિ રૂપ વ્યાપ્યવૃત્તિ મળે જ છે એટલે હવે કોઈપણ સ્થાને નીલાદિ રૂપો અવ્યાપ્યવૃત્તિ ન જ મળે.

**નવ્યો** : આ રીતે તે બે વચ્ચે વિરોધ માનવામાં કોઈ જ પ્રમાણ નથી, અર્થાત્ જે વ્યાપ્યવૃત્તિ હોય, તજ્જાતીય પણ વ્યાપ્યવૃત્તિ જ હોય તેવો નિયમ માનવામાં કોઈ પ્રમાણ નથી.

**પ્રાચીનો** : પણ અનેક રૂપો માનવા કરતાં લાઘવાત્ ચિત્રરૂપ માનવું શું યોગ્ય નથી?

**નવ્યો** : ના, જ્યારે અનુભવથી પણ ચિત્રરૂપ જણાતું નથી પણ અનેક રૂપ જ જણાય છે ત્યારે નવા ચિત્રરૂપને શી રીતે માની શકાય ? વળી જ્યાં ત્યાં બધે લાઘવ-લાઘવ ન કરાય અને જો બધે જ લાઘવ માનવું હોય તો આખી દુનિયામાં લાઘવાત્ એક જ ઘટ માનો ને ! અરે ઘટ, પટ વગેરે બધાને લાઘવાત્ એક એક માનવાની પણ શું જરૂર છે ? આખા વિશ્વમાં લાઘવાત્ માત્ર એક જ પદાર્થને માનો ને ! અને તો તો પછી લાઘવાત્ સમગ્ર વિશ્વને એકમાત્ર વિજ્ઞાનમય માનતાં વેદાન્તીના મતનું તમારાથી ખંડન નહીં થઈ શકે.

માટે નવા ચિત્રરૂપને માનવાને બદલે જુદા જુદા રૂપવાળા અવયવોમાંથી નિષ્પન્ન અવયવીમાં અનેક રૂપ માનવું જોઈએ તેમ નક્કી થાય છે. અને તે જ રીતે ચિત્રસ્પર્શ માનવાને બદલે અવયવીમાં અનેક સ્પર્શ ઉત્પન્ન થાય છે તેમ માનવું જોઈએ.

ટૂંકસાર :

**અનેક અવયવથી નિષ્પન્ન અવયવીમાં**

| | રૂપ | રસ | ગંધ | સ્પર્શ |
|---|---|---|---|---|
| પ્રાચીનો : | ચિત્ર | નીરસ | નિર્ગન્ધ | ચિત્ર |
| નવ્યો : | અનેક | નીરસ | નિર્ગન્ધ | અનેક |

અંતમાં '**वदन्ति**' પદ દ્વારા મુક્તાવલીકારે નવ્યોના આ મતમાં પોતાનો અસ્વરસ સૂચિત કર્યો છે. તેઓ કહે છે કે જ્યારે ચિત્રરૂપની પ્રતીતિ થાય જ છે ત્યારે, લાઘવથી અનેક રૂપ માનવાને બદલે એક રૂપ માનવાનું સિદ્ધ થઈ જ જાય છે ત્યારે, પછીથી પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવની કલ્પના કરવાનું ગૌરવ એ ફલમુખગૌરવ હોવાથી દોષરૂપ નથી, માટે ચિત્ર રૂપ માનવું જ યોગ્ય લાગે છે.

---

**कारिकावली : जलादिपरमाणौ तन्नित्यमन्यत् सहेतुकम् ।**

---

**मुक्तावली : जलादीति । जलपरमाणौ तेजःपरमाणौ च रूपं नित्यम् । पृथिवीपरमाणुरूपं तु न नित्यं, तत्र पाकेन रूपान्तरोत्पत्तेः । न हि घटस्य पाकानन्तरं तदवयवोऽपक्व उपलभ्यते । न हि रक्तकपालस्य कपालिका नीलावयवा भवति । एवं क्रमेण परमाणावपि पाकसिद्धेः । अन्यत् = जलतेजःपरमाणुरूपभिन्नं रूपं सहेतुकं = जन्यम् ।**

---

**મુક્તાવલી** : જલ-પરમાણુ અને તેજસ-પરમાણુનું રૂપ નિત્ય છે અને તે સિવાયના પૃથ્વી-પરમાણુ અને તમામ અવયવીનું રૂપ અનિત્ય છે.

**શંકાકાર** : જલ-તેજસપરમાણુમાં નિત્ય રૂપ માનો છો તો પૃથ્વી-પરમાણુમાં નિત્ય રૂપ કેમ નથી માનતા ?

**નૈયાયિક** : ઘટનો પાક થયા પછી તેના અવયવો કાંઈ અપક્વ રહેતા નથી. તેથી જ્યારે ઘટનું શ્યામરૂપ નાશ પામે છે અને તેમાં રક્તરૂપ ઉત્પન્ન થાય છે ત્યારે તેના અવયવોમાં પણ શ્યામરૂપ નાશ પામીને રક્તરૂપ ઉત્પન્ન થાય જ છે. આમ પૃથ્વી-અવયવીમાં રૂપાન્તરની સાથે પૃથ્વી-અવયવોમાં પણ રૂપાન્તર થતું હોવાથી પૃથ્વી-અવયવીના અવયવ પરમાણુમાં પણ રૂપાન્તર થાય જ છે અને તેથી હવે શી રીતે પૃથ્વી-

પરમાણુમાં નિત્ય રૂપ માની શકાય ? આમ પૃથ્વી પરમાણુમાં પણ પૂર્વરૂપ નાશ પામીને અન્ય રૂપ ઉત્પન્ન થતું હોવાથી પૃથ્વી પરમાણુનું રૂપ નિત્ય ન મનાતા અનિત્ય જ મનાય છે, જ્યારે જલ-તેજો દ્રવ્યોમાં પાકાદિના કારણે રૂપાન્તર થતું ન હોવાથી તેના અવયવ પરમાણુમાં નિત્ય રૂપ જ મનાય છે. (ઘટ જ્યારે પાકથી રક્ત બન્યો હોય ત્યારે તેના કપાલ, કપાલિકા વગેરે શ્યામ ન હોય પણ રક્ત થયા જ હોય છે.)

જલ-તેજસપરમાણુના રૂપથી ભિન્ન જે જે રૂપો છે તે તમામ સહેતુક અર્થાત્ કોઈ ને કોઈ કારણથી ઉત્પન્ન થયેલાં હોવાથી અનિત્ય છે.

---

**कारिकावली : रसस्तु रसनाग्राह्यो मधुरादिरनेकधा ॥१०१॥**
**सहकारी रसज्ञाया नित्यतादि च पूर्ववत् ।**

---

**मुक्तावली : रसं निरूपयति-रसस्त्विति । सहकारीति । रासनज्ञाने रसः कारणमित्यर्थः । पूर्ववदिति । जलपरमाणौ रसो नित्योऽन्यः सर्वोऽपि रसोऽनित्य इत्यर्थः ।**

---

**મુક્તાવલી : (૨) રસ-નિરૂપણ :** રસ રસનેન્દ્રિયથી ગ્રાહ્ય ગુણ છે, તેથી રસનું લક્ષણ **रसनेन्द्रियग्राह्यत्वम्** બનશે.

**શંકાકાર :** જેમ રસનેન્દ્રિયથી ગ્રાહ્ય રસ છે તેમ રસત્વ જાતિ અને રસાભાવ પણ રસનેન્દ્રિયથી ગ્રાહ્ય છે જ. તેથી તમારા લક્ષણની રસાભાવ અને રસત્વમાં અતિવ્યાપ્તિ થશે.

**નૈયાયિક :** તે અતિવ્યાપ્તિ દૂર કરવા અમે **'रसनाग्राह्यगुणत्वम्'** કહીશું. હવે ગુણ પદનું ઉપાદાન કરવાથી અતિવ્યાપ્તિ નહીં થાય, કેમકે રસત્વ અને રસાભાવ ગુણ ન હોવાથી તેનામાં આ પરિષ્કૃત લક્ષણ જતું નથી.

રાસનપ્રત્યક્ષનું સહકારી કારણ રસ છે. જલપરમાણુમાં રહેલો રસ નિત્ય છે, પણ પૃથ્વી-પરમાણુમાં પાકથી રસ બદલાતો હોવાથી અનિત્ય છે. પૃથ્વી અને જલ અવયવીનો રસ તો હેતુજન્ય હોવાથી અનિત્ય જ છે.

---

**कारिकावली : घ्राणग्राह्यो भवेद्गन्धो घ्राणस्यैवोपकारकः ॥१०२॥**
**सौरभश्चासौरभश्च स द्वेधा परिकीर्तितः ।**

स्पर्शस्त्वगिन्द्रियग्राह्यस्त्वचः स्यादुपकारकः ॥१०३॥
अनुष्णाशीतशीतोष्णभेदात्स त्रिविधो मतः ।
काठिन्यादिक्षितावेव नित्यतादि च पूर्ववत् ॥१०४॥

---

मुक्तावली : गन्धं निरूपयति-घ्राणग्राह्य इति । उपकारक इति । घ्राणजन्य-ज्ञाने सहकारिकारणमित्यर्थः । सर्वोऽपि गन्धोऽनित्य एव । स्पर्शं निरूपयति - स्पर्श इति । उपकारक इति । स्पार्शनप्रत्यक्षे स्पर्शः कारणमित्यर्थः । अनुष्णाशीतेति । पृथिव्यां वायौ च स्पर्शोऽनुष्णाशीतः, जले शीतः, तेजस्युष्णः । काठिन्येति । कठिनसुकुमारस्पर्शौ पृथिव्यामे-वेत्यर्थः। कठिनत्वादिकं तु न संयोगनिष्ठो जातिविशेषः, चक्षुर्ग्राह्यत्वापत्तेः । पूर्ववदिति। जलतेजोवायुपरमाणुस्पर्शा नित्यास्तद्भिन्नास्त्वनित्या इत्यर्थः ॥

---

**મુક્તાવલી : (૩) ગંધ-નિરૂપણ : 'घ्राणेन्द्रियग्राह्यगुणत्वम्'** એ ગંધનું લક્ષણ છે. ગંધત્વ અને ગંધાભાવમાં થતી અતિવ્યાપ્તિ દૂર કરવા રસની જેમ અહીં પણ ગુણ પદનું ઉપાદાન કર્યું છે. આ ગંધ ઘ્રાણજ પ્રત્યક્ષ થવામાં સહકારી કારણ છે.

માત્ર પૃથ્વી દ્રવ્યોમાં જ ગંધ રહેતી હોવાથી અને પૃથ્વી-પરમાણુમાં પાકથી ગંધ બદલાતી હોવાથી તમામ ગંધ અનિત્ય જ છે, પણ કોઈ ગંધ નિત્ય નથી. આ ગંધ સુરભિ અને દુરભિ એમ બે પ્રકારની છે.

**(૪) સ્પર્શ-નિરૂપણ :** સ્પર્શ ગુણ સ્પર્શનેન્દ્રિયથી ગ્રાહ્ય છે, તેથી તેનું લક્ષણ પણ **'स्पर्शनेन्द्रियग्राह्यगुणत्वम्'** બનશે. અહીં સ્પર્શત્વ અને સ્પર્શાભાવમાં અતિવ્યાપ્તિ ન આવે તે માટે 'ગુણ' પદનું ઉપાદાન કર્યું છે.

**શંકાકાર :** 'સંયોગ' ગુણ પણ સ્પર્શનેન્દ્રિયગ્રાહ્ય છે જ, તેથી સ્પર્શનેન્દ્રિય-ગ્રાહ્યગુણત્વ સંયોગમાં પણ રહી ગયું, તેથી અતિવ્યાપ્તિ આવશે.

**નૈયાયિક :** તે અતિવ્યાપ્તિ દૂર કરવા **'स्पर्शनेन्द्रियमात्रग्राह्यगुणत्वम्'**ને સ્પર્શનું લક્ષણ કહીશું. સંયોગ, વિભાગ વગેરે માત્ર સ્પર્શનેન્દ્રિયગ્રાહ્ય ગુણો નથી, કેમકે તેઓ ચક્ષુરિન્દ્રિય વડે પણ ગ્રહણ થઈ શકે છે.

સ્પર્શ-ગુણ સ્પાર્શન-પ્રત્યક્ષનું સહકારી કારણ છે. આ સ્પર્શ ત્રણ પ્રકારના છે :

અનુષ્ણાશીત, શીત અને ઉષ્ણ. પૃથ્વીમાં અને વાયુમાં અનુષ્ણાશીત સ્પર્શ હોય છે, જ્યારે જલમાં શીત અને તેજોદ્રવ્યમાં ઉષ્ણ સ્પર્શ હોય છે.

કઠિન, કોમળ સ્પર્શો પૃથ્વી દ્રવ્યોમાં જ રહે છે પણ તે કઠિનત્વ, સુકુમારત્વ વગેરે સંયોગમાં રહેલી જાતિવિશેષ નથી, કેમકે જો તે જાતિવિશેષ હોત તો તેનું પણ ચાક્ષુષપ્રત્યક્ષ થાત, પરંતુ કઠિનત્વ, સુકુમારત્વ વગેરેનું ચાક્ષુષપ્રત્યક્ષ થતું ન હોવાથી તેમને જાતિવિશેષ મનાય નહીં.

જલ, તેજો, વાયુ-પરમાણુના સ્પર્શો નિત્ય છે અને તે સિવાયના પૃથ્વી-પરમાણુના અને તમામ અવયવી =દ્રવ્યોના સ્પર્શ અનિત્ય છે.

---

**कारिकावली : एतेषां पाकजत्वं तु क्षितौ नान्यत्र कुत्रचित् ।**
**तत्रापि परमाणौ स्यात्पाको वैशेषिके नये ॥१०५॥**

---

**मुक्तावली : एतेषामिति । एतेषां=रूपरसगन्धस्पर्शानाम् । नान्यत्रेति । पृथिव्यां हि रूप-रसगन्धस्पर्शपरावृत्तिरग्निसंयोगादुपलभ्यते । न हि शतधापि ध्मायमाने जले रूपादिकं परावर्तते । नीरे सौरभमौष्ण्यं चान्वयव्यतिरेका-भ्यामौपाधिकमेवेति निर्णीयते, पवनपृथिव्योः शीतस्पर्शादिवत् । तत्रापि = पृथिवीष्वपि परमाणावेव रूपादीनां पाक इति वैशेषिका वदन्ति । तेषामयमाशयः - अवयविनाऽवष्टब्धेष्ववयवेषु पाको न सम्भवति, परन्तु वह्निसंयोगेनावयविषु विनष्टेषु स्वतन्त्रेषु परमाणुष्वेव पाकः। पुनश्च पक्वपरमाणुसंयोगाद् द्व्यणुकादिक्रमेण पुनर्महावयविपर्यन्तमुत्पत्तिः । तेजसामतिशयित-वेगवशात्पूर्वव्यूहनाशो झटिति व्यूहान्तरोत्पत्तिश्चेति ।**

---

**મુક્તાવલી** : પૃથ્વી-પરમાણુના રૂપ, રસ, ગંધ, સ્પર્શ અનિત્ય કહ્યા અને જલાદિના નિત્ય કહ્યા તેનું કારણ એ છે કે માત્ર પૃથ્વી-દ્રવ્યોમાં જ અગ્નિસંયોગ થતાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શની પરાવૃત્તિ થાય છે : ફેરફાર થાય છે, પણ તે સિવાયના જલ વગેરે દ્રવ્યોને ગમે તેટલો અગ્નિસંયોગ કરાવવામાં આવે તો પણ તેમના રૂપાદિમાં પરાવૃત્તિ થતી નથી.

**શંકાકાર** : પાણી પણ ધોળું, કાળું વગેરે જુદા જુદા રૂપવાળું જણાય છે ને ! વળી

ગરમ કરતાં તેમાં ઉષ્ણ સ્પર્શ પણ ઉત્પન્ન થતો હોય છે, તેથી જલ-પરમાણુમાં પણ અનિત્ય રૂપાદિ માનો ને ?

**નૈયાયિક** : ના, જેમ વાયુ કે પૃથ્વીમાં જે શીત સ્પર્શ જણાય છે તે તેમાં ભળેલા જલ પરમાણુને આભારી છે : ઔપાધિક છે, તેમ જલમાં જણાતી સુગંધ, દુર્ગંધ, ઉષ્ણતા વગેરે પણ ઔપાધિક જ છે, પણ વાસ્તવિક રીત્યા પોતાની નથી, કેમકે તે તેમાં ભળેલા તેજોપરમાણુ અને પૃથ્વી-પરમાણુને આભારી છે.

આમ જલ, તેજો કે વાયુ દ્રવ્યોમાં અગ્નિસંયોગના કારણે પાકાદિ થતાં જ નથી અને તેથી તેમના રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં ફેરફાર થતો નથી, પરંતુ પૃથ્વી-દ્રવ્યોમાં અગ્નિસંયોગથી રૂપાદિની પરાવૃત્તિ થાય છે, માટે પૃથ્વી-પરમાણુના રૂપાદિ અનિત્ય છે.

પૃથ્વી-દ્રવ્યોમાં પાક શી રીતે થાય છે ? તે અંગે વૈશેષિકો અને નૈયાયિકોની માન્યતામાં ફરક છે. પ્રથમ આપણે વૈશેષિકોનો મત જોઈએ. આ વૈશેષિકો **પીલુપાકવાદી** તરીકે ઓળખાય છે. પીલુ એટલે પરમાણુ. **पीलौ एव पाक इति वादो यस्य सः पीलुपाकवादी ।** પરમાણુમાં જ જેઓ પાક માને છે પણ નૈયાયિકોની જેમ દ્વ્યણુકાદિ કોઈપણ અવયવીમાં જેઓ પાક માનતા નથી તે વૈશેષિકો પીલુપાકવાદી કહેવાય છે.

નૈયાયિકો કહે છે કે ઘટને પાક આપ્યો એટલે એના અવયવોનો પણ પાક થઈ જ જાય, તેનો છેલ્લામાં છેલ્લો અવયવ પરમાણુ પણ પક્વ બની જ જાય. જ્યારે પીલુપાકવાદી વૈશેષિકો કહે છે કે નહિ, અવયવીને પાક આપવાથી અવયવોમાં પાક થઈ શકે નહીં, કારણ કે અવયવોમાં પાક થવામાં અવયવી પ્રતિબંધક છે.

કપાલમાં પાક તો જ થાય કે જો તેના અવયવી ઘટની હાજરી ન હોય, કેમકે કપાલરૂપ અવયવના પાક પ્રત્યે ઘટરૂપ અવયવી પ્રતિબંધક છે, તેથી કપાલમાં પાક માનવા ઘટ રૂપ પ્રતિબંધકની ગેરહાજરી આવશ્યક છે, તેથી ઘટનો નાશ માનવો જ જોઈએ, અર્થાત્ જો ઘટનો નાશ થાય તો જ કપાલમાં પાક થાય તેમ નક્કી થયું.

તે જ રીતે કપાલિકામાં પાક થવામાં કપાલરૂપ અવયવી પ્રતિબંધક છે, તેથી કપાલિકામાં પાકોત્પત્તિ માટે કપાલાવયવીનો નાશ માનવો જોઈએ, નાની કપાલિકામાં પાકોત્પત્તિ માટે મોટી કપાલિકાનો નાશ માનવો જોઈએ, યાવત્ દ્વ્યણુકના પાક માટે ત્ર્યણુકનો અને પરમાણુના પાક માટે દ્વ્યણુકનો નાશ પણ માનવો જોઈએ. આમ જ્યારે દ્વ્યણુકનો નાશ થાય ત્યારે જ પરમાણુમાં પાકોત્પત્તિ થાય, પણ તે પૂર્વે પરમાણુમાં

પાકોત્પત્તિ ન જ થાય તેમ નક્કી થાય છે, કેમકે ત્યાં સુધી પરમાણુરૂપ અવયવના પાકમાં દ્વયણુકરૂપ અવયવી પ્રતિબંધક બને છે. દ્વયણુકનો નાશ થતાં પ્રતિબંધકાભાવ રૂપ કારણસામગ્રી હાજર થતાં પરમાણુમાં પાક થશે. આમ પરમાણુમાં પાક એટલે કે અગ્નિસંયોગ (દ્વયણુકનાશ થતાં) ઉત્પન્ન થયો. તેમ થતાં પરમાણુના નીલરૂપનો નાશ થયો અને પરમાણુમાં રક્તરૂપની ઉત્પત્તિ થઈ.

ત્યારપછી પરમાણુમાંથી દ્વયણુકની ઉત્પત્તિ થશે અને તેમાં પરમાણુના રૂપાનુસાર સજાતીય રક્તાદિ રૂપ ઉત્પન્ન થશે. એ દ્વયણુકમાંથી ત્ર્યણુકની ઉત્પત્તિ થાય અને તેમાં પણ સ્વસમવાયિકારણ દ્વયણુકનું રૂપ ઉત્પન્ન થાય, તેમ કરતાં કરતાં નાની કપાલિકામાંથી મોટી કપાલિકા ઉત્પન્ન થાય અને તેમાં સ્વસમવાયિકારણ નાની કપાલિકાનું રૂપ ઉત્પન્ન થાય. મોટી કપાલિકામાંથી કપાલ ઉત્પન્ન થાય અને તેમાં મોટી કપાલિકાનું રૂપ ઉત્પન્ન થાય. અને છેલ્લે કપાલમાંથી ઘટ ઉત્પન્ન થાય અને તે ઘટમાં સ્વસમવાયિકારણ કપાલનું રૂપ પણ ઉત્પન્ન થાય.

આમ આ દ્વયણુકાદિથી માંડીને ઘટ સુધીના અવયવીમાં રૂપની ઉત્પત્તિ **પાકજ** (અગ્નિસંયોગજન્ય) ન બની પણ **કારણગુણપૂર્વક** થઈ. આમ પાકજ રૂપાદિ તો માત્ર પરમાણુમાં જ ઉત્પન્ન થાય છે પણ દ્વયણુકાદિથી માંડીને ઘટ પર્યન્તના અવયવી દ્રવ્યોમાં નહીં તેમ નક્કી થાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ઘટમાં રૂપાન્તરની ઉત્પત્તિ ત્યારે જ થાય કે જ્યારે તેના અવયવમાં રૂપાન્તરોત્પત્તિ થઈ હોય અને અવયવમાં રૂપાન્તરોત્પત્તિ થવામાં ઘટાદિ અવયવી પ્રતિબંધક છે, એટલે તેમનો નાશ માનવો જ પડે. તે રીતે દ્વયણુક સુધીના બધા અવયવો કોઈના ને કોઈના અવયવી હોવાથી તેમનો નાશ માનતાં માનતાં છેવટે પરમાણુ કોઈનો અવયવી ન હોવાથી દ્વયણુકનો નાશ થતાં પરમાણુમાં પાક થાય અને તેથી તેમાં રૂપાન્તરોત્પત્તિ થાય. અને ત્યારપછી તો બીજા બીજા અવયવીઓમાં કારણગુણપૂર્વક જ રૂપાન્તરોત્પત્તિ થતાં થતાં છેવટે કપાલમાં રૂપાન્તરોત્પત્તિ થાય અને તેનાથી કારણગુણપૂર્વક જ ઘટમાં રૂપાન્તરોત્પત્તિ થાય.

આમ ઘટાદિ અવયવીમાં પાકજન્ય રૂપાન્તરોત્પત્તિ નથી થતી પણ કારણગુણપૂર્વક જ રૂપાન્તરોત્પત્તિ થાય છે અને માત્ર પરમાણુમાં જ પાકજ રૂપાન્તરોત્પત્તિ થાય છે.

**નૈયાયિક :** જો ઘટાદિ અવયવીનો નાશ થતાં થતાં પરમાણુ બની જતાં હોય અને પરમાણુમાં રૂપાન્તર થયા પછી જ જો ઘટ સુધીના અવયવીની ઉત્પત્તિ થતી હોય તો કોઈ માણસ નિભાડામાં ઘટને મુકીને અમુક ક્ષણ પછી જુએ તો તેને ઘટના અમુક

અવયવોનો નાશ થયા પછીની નીલ-કપાલિકાઓ દેખાવી જોઈએ. ત્યારપછી અમુક ક્ષણ પછી પરમાણુથી નિષ્પન્ન થયેલ રક્ત કપાલિકાદિનું પણ પ્રત્યક્ષ થવું જોઈએ. પણ તેવું કાંઇ ન દેખાતાં પૂર્વે શ્યામ ઘટ અને પછી રક્ત ઘટ દેખાય છે કિન્તુ તેના અવયવોનું પ્રત્યક્ષ તો ક્યારેય થતું નથી. તો પણ ઘટમાંથી પરમાણુ અને પરમાણુમાંથી ઘટ બનવાની ક્રિયાઓ થાય છે તેમ શી રીતે માની શકાય ?

**વૈશેષિક** : તેજઃસંયોગરૂપ પાકક્રિયાઓની એટલી જોરદાર ગતિ છે કે તેથી ઘટ, કપાલ, કપાલિકા યાવત્ દ્વયણુકસ્વરૂપ અવયવીઓનો ઝપાટાબંધ નાશ થતો જાય છે. અને વળી પરમાણુમાં પાક થતાં જ તેની તીવ્રતાને લીધે દ્વયણુકાદિ યાવત્ ઘટ સુધીના અવયવીઓની ઝપાટાબંધ ઉત્પત્તિ થઈ જાય છે. આમ નાશ અને ઉત્પત્તિની પ્રક્રિયા અતિઝડપી હોવાથી આપણને કપાલિકાદિ અવયવોનું પ્રત્યક્ષ થતું નથી.

પરમાણુમાં થયેલા પાકથી દ્વયણુક પેદા થાય અને અન્ય રક્તાદિ રૂપ પણ પેદા થાય. પછી દ્વયણુકની દ્વિત્વ સંખ્યાથી ત્ર્યણુક અને દ્વયણુકના રૂપમાંથી (કારણગુણપૂર્વક) ત્ર્યણુક-રૂપ પેદા થાય. આમ પાક તો માત્ર પરમાણુમાં જ થાય છે.

---

**मुक्तावली : अत्र द्व्यणुकादि स्वविनाशमारभ्य कतिभिः क्षणैः पुनरूत्पत्त्या रूपादिमद्भवतीति शिष्यबुद्धिवैशद्यार्थं क्षणप्रक्रिया । तत्र विभागज-विभागानङ्गीकारे नवक्षणा । तदङ्गीकारे तु विभागः किञ्चित्सापेक्षो विभागं जनयेत्, निरपेक्षस्य तत्त्वे कर्मत्वं स्यात् । 'संयोगविभागयोरनपेक्षं कारणं कर्मे'ति ( १।१।१७ ) वैशेषिकसूत्रम् । स्वोत्तरोत्पन्नभावान्तरानपेक्षत्वं तस्यार्थः, अन्यथा कर्मणोऽप्युत्तरसंयोगोत्पत्तौ पूर्वसंयोगनाशापेक्षणा-दव्याप्तिः स्यात् । तत्र यदि द्रव्यारम्भकसंयोगविनाशविशिष्टं कालमपेक्ष्य विभागजविभागः स्यात्तदा दशक्षणा । अथ द्रव्यनाशविशिष्टं कालमपेक्ष्य विभागजविभागः स्यात्तदैकादशक्षणा ।**

---

**★ ક્ષણ-પ્રક્રિયા ★**

**મુક્તાવલી** : પીલુપાકવાદીના મતે દ્વયણુકનો નાશ થયા પછી કેટલી ક્ષણોમાં દ્વયણુકની ઉત્પત્તિ થઈને તેમાં રૂપ ઉત્પન્ન થાય છે ? તે હવે શિષ્યબુદ્ધિવૈશદ્યાર્થ મુક્તાવલીકાર જણાવે છે.

સૌપ્રથમ અગ્નિસંયોગ થતાં દ્વ્યણુકના પરમાણુમાં કર્મ ઉત્પન્ન થાય, પછી વિભાગ ઉત્પન્ન થાય, પછી પૂર્વસંયોગનાશ થાય, પછી ઉત્તરસંયોગપ્રાપ્તિ થાય, અર્થાત્ દ્વ્યણુક અવયવી દ્રવ્યનો નાશ થાય અને હવે પરમાણુમાં પાક થાય.

આ દ્વ્યણુકનો નાશ થયા પછી નવ, દસ કે અગિયાર ક્ષણમાં દ્વ્યણુક ઉત્પન્ન થઈ જાય છે અને તેમાં રૂપ પણ ઉત્પન્ન થાય છે. ત્યાં જો વિભાગજન્યવિભાગ ન માનીએ તો નવ ક્ષણમાં અને જો વિભાગજન્યવિભાગ માનીએ તો દસ કે અગિયાર ક્ષણમાં દ્વ્યણુકની ઉત્પત્તિ થઈને તેમાં રૂપાન્તરોત્પત્તિ થાય છે.

પાટ ઉપર પુસ્તક પડ્યું હોય તો પાટ અને પુસ્તકનો સંયોગ છે તેમ કહેવાય. હવે પુસ્તક ઉપર હાથ મૂકીએ તો હાથ અને પુસ્તકનો જે સંયોગ થાય તે કર્મજન્ય સંયોગ કહેવાય. પણ તે વખતે પુસ્તક અને પાટનો પણ સંયોગ હોવાથી હાથ અને પાટનો પણ સંયોગ થયો કહેવાય જ. તે સંયોગ પૂર્વના સંયોગને આભારી છે. જો પૂર્વે પાટ અને પુસ્તકનો સંયોગ હોત જ નહીં તો હાથ અને પુસ્તકનો કર્મજન્ય સંયોગ થવા છતાં પણ હાથ અને પાટનો સંયોગ થાત નહીં. માટે હાથ અને પાટનો જે સંયોગ થયો તે સંયોગ-જન્ય સંયોગ કહેવાય.

હવે પુસ્તક ઉપરથી હાથ લઈ લઈએ તો પુસ્તકની સાથે હાથનો જે વિભાગ થયો તે કર્મજન્ય વિભાગ કહેવાય. પણ તે વખતે પાટથી પણ હાથનો વિભાગ થઈ જ ગયો છે પણ તેમાં કર્મ કારણ નથી પણ હાથનો પુસ્તકથી થયેલો વિભાગ જ કારણ છે, કેમકે પુસ્તકથી હાથનો વિભાગ થયો ન હોત તો પાટથી પણ હાથનો વિભાગ ન જ થાત, માટે હાથનો પાટથી જે વિભાગ થયો તે વિભાગજન્ય વિભાગ કહેવાય.

જો આ વિભાગજન્ય વિભાગને ન માનીએ તો નવ ક્ષણમાં દ્વ્યણુક ઉત્પન્ન થઈને પોતાનામાં રૂપને ઉત્પન્ન કરે, પણ જો વિભાગજન્ય વિભાગને માનીએ તો તે દસ કે અગિયાર ક્ષણમાં ઉત્પન્ન કરે છે. હકીકતમાં વિભાગજન્ય વિભાગ પણ બે પ્રકારના છે: (૧) કારણાકારણ વિભાગ અને (૨) કાર્યાકાર્ય વિભાગ.

**(૧) કારણાકારણ વિભાગ :** ઘટનું કારણ બે કપાલ છે. આ બે કપાલનો વિભાગ થયો અને તેથી ઘટનો નાશ થયો, અર્થાત્ ઘટનો આકાશ સાથેનો વિભાગ ઉત્પન્ન થયો. આમ ઘટનો આકાશથી જે વિભાગ થયો તેમાં ઘટના કારણ એવા બે કપાલનો વિભાગ કારણ બન્યો, અર્થાત્ ઘટનો ઘટના અકારણ એવા આકાશ સાથેનો વિભાગ ઘટના કારણ કપાલના વિભાગથી ઉત્પન્ન થયો. આમ ઘટના કારણના વિભાગથી જન્ય ઘટનો અકારણ = આકાશ સાથેનો વિભાગ બન્યો, તેથી ઘટ અને આકાશનો આ વિભાગ-

જન્ય વિભાગ કારણાકારણ વિભાગજન્ય વિભાગ કહેવાય, કેમકે તે કારણવિભાગથી જન્ય વિભાગ છે.

(૨) **કાર્યાકાર્ય વિભાગ** : અંગુલી એ શરીરનો અવયવ હોવાથી કારણ છે, શરીર કાર્ય છે. દિવાલ ઉપરથી અંગુલી દૂર કરતાં જેમ અંગુલીનો દિવાલથી વિભાગ થયો તેમ શરીરનો પણ દિવાલથી વિભાગ થયો જ. અહીં શરીરનો આકાશથી પણ વિભાગ થયો. પણ તે તો કારણાકારણ વિભાગ કહેવાય, કેમકે આંગળી શરીરનું કારણ છે. તેનો દિવાલ સાથે વિભાગ થવાથી શરીરનો આકાશ સાથેનો અકારણવિભાગ ઉત્પન્ન થયો છે.

પણ શરીરનો દિવાલ સાથે જે વિભાગ થયો છે તે કારણાકારણ વિભાગ નથી પણ કાર્યાકાર્ય વિભાગ છે, કેમકે આંગળીનું કાર્ય શરીર છે અને આંગળીનું અકાર્ય દિવાલ છે. આમ આંગળીના કાર્યનો અને આંગળીના અકાર્યનો વિભાગ થયો હોવાથી તે કાર્યાકાર્ય વિભાગ કહેવાય.

પ્રસ્તુતમાં કારણથી ઉત્પન્ન થયેલા કારણાકારણ વિભાગરૂપ વિભાગજન્ય વિભાગનું પ્રયોજન છે.

હવે જો વિભાગજન્ય વિભાગ માનીએ તો તે તો કોઈની અપેક્ષા રાખીને જ ઉત્પન્ન થાય છે, અર્થાત્ વિભાગ પોતે બીજાની સહાય લઈને જ વિભાગજન્ય વિભાગને ઉત્પન્ન કરે છે, તેથી બીજી ક્ષણે જે વિભાગ ઉત્પન્ન થયેલો છે તે વિભાગ ત્રીજી ક્ષણે થયેલા પૂર્વસંયોગનાશની સહાય લઈને જ ચોથી ક્ષણે નવા વિભાગને (વિભાગજન્ય વિભાગ) ઉત્પન્ન કરી શકે. આમ વિભાગ તૃતીયક્ષણીય પૂર્વદેશસંયોગનાશ રૂપ સહકારી સાથે નવા વિભાગને ઉત્પન્ન કરે છે.

**નૈયાયિક** : બીજી ક્ષણમાં રહેલો વિભાગ કોઈની સહાય વિના જ ત્રીજી ક્ષણમાં નવા વિભાગને શા માટે ઉત્પન્ન ન કરે ?

**વૈશેષિક** : '**संयोगविभागयोरनपेक्षं कारणं कर्म**' એવો નિયમ છે. આ નિયમનો અર્થ એ છે કે સંયોગ અને વિભાગનું નિરપેક્ષ જે કારણ હોય તે કર્મ કહેવાય. હવે જો દ્વિતીયક્ષણવૃત્તિવિભાગ તૃતીયક્ષણીય પૂર્વસંયોગનાશની અપેક્ષા વિના જ ત્રીજી ક્ષણે વિભાગને ઉત્પન્ન કરે છે તેમ માનો તો તેમાં કર્મનું લક્ષણ ચાલ્યું જતાં દ્વિતીયક્ષણીય વિભાગને કર્મ માનવાની આપત્તિ આવશે અને તૃતીયક્ષણમાં ઉત્પન્ન થતાં વિભાગને વિભાગજન્ય વિભાગ ન કહેતા કર્મજન્ય વિભાગ માનવો પડશે. આ આપત્તિઓને દૂર

કરવા દ્વિતીયક્ષણીય વિભાગ તૃતીયક્ષણીય પૂર્વસંયોગનાશની સહાયતાથી ચતુર્થક્ષણમાં વિભાગજ વિભાગને ઉત્પન્ન કરે છે તેમ માનવું જોઈએ.

**નૈયાયિક** : તમે જે કર્મનું લક્ષણ જણાવ્યું તે તો અસંભવ દોષથી દુષ્ટ હોવાથી શી રીતે સ્વીકારી શકાય ? પ્રથમ ક્ષણે જે કર્મ ઉત્પન્ન થયું તેણે બીજી ક્ષણે વિભાગ ઉત્પન્ન કર્યો, ત્રીજી ક્ષણે પૂર્વસંયોગનાશ કર્યો અને ચોથી ક્ષણે ઉત્તરસંયોગપ્રાપ્તિ કરાવી. હવે 'સંયોગ કે વિભાગ કાર્યનું અનપેક્ષ જે કારણ તે કર્મ' એ વ્યાખ્યાથી ચોથી ક્ષણે જે ઉત્તરસંયોગપ્રાપ્તિરૂપ કાર્ય થયું તેનું કારણ પ્રથમ ક્ષણીય કર્મ છે, તેથી તેમાં કર્મનું લક્ષણ જવું જોઈએ. પણ આ કર્મ અનપેક્ષ કારણ છે જ નહીં, કારણ કે ચતુર્થ ક્ષણીય ઉત્તરસંયોગપ્રાપ્તિરૂપ કાર્ય તૃતીયક્ષણીય પૂર્વસંયોગનાશની સહાયથી થાય છે, તેથી સંયોગ રૂપ કાર્યનું સાપેક્ષ કારણ કર્મ બન્યું પણ અનપેક્ષ કારણ ન બન્યું, તેથી અવ્યાપ્તિ કે અસંભવ દોષ આવ્યો.

**વૈશેષિક** : 'અનપેક્ષ' શબ્દનો અર્થ '**स्वोत्तरोत्पन्नभावानपेक्षत्वं**' કરવો, તેથી હવે અવ્યાપ્તિ કે અસંભવ દોષ આવશે નહીં. સ્વ=કર્મ, તે તેની ઉત્તરમાં રહેલા પૂર્વસંયોગ-નાશ રૂપ કાર્યની અપેક્ષા ઉત્તરસંયોગપ્રાપ્તિ રૂપ કાર્ય માટે જરૂર રાખે છે. પણ પૂર્વસંયોગનાશ એ સ્વોત્તર-અભાવાત્મક કાર્ય છે પણ ભાવાત્મક કાર્ય નથી. આમ અહીં કર્મ સ્વોત્તરાભાવાત્મકની અપેક્ષા રાખતું હોવા છતાં સ્વોત્તરભાવાત્મકની તો અપેક્ષા રાખતું જ નથી. તેથી '**स्वोत्तरोत्पन्नभावानपेक्षत्वम्**' લક્ષણ તેનામાં ઘટી જાય છે, તેથી અવ્યાપ્તિ કે અસંભવ દોષ આવશે નહીં.

તેથી નક્કી થયું કે જો વિભાગજન્ય વિભાગ માનો તો તે સાપેક્ષ જ હોય અને જો તે દ્રવ્યારંભકસંયોગનાશની સહાયથી ઉત્પન્ન થાય તો દસ ક્ષણ થાય અને જો તે દ્રવ્યનાશવિશિષ્ટકાળની અપેક્ષા રાખે તો અગિયાર ક્ષણ થાય.

---

**मुक्तावली : अथ नवक्षणा । तथाहि-अग्निसंयोगात् परमाणौ कर्म, ततः परमाण्वन्तरेण विभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशः १. ततः परमाणौ श्यामादिनाशः २. ततो रक्ताद्युत्पत्तिः ३. ततो द्रव्यारम्भानुगुणा क्रिया ४. ततो विभागः ५. ततः पूर्वसंयोगनाशः ६. तत आरम्भकसंयोगः ७. ततो द्व्यणुकोत्पत्तिः ८. ततो रक्ताद्युत्पत्तिः ९ ।**

---

**મુક્તાવલી : નવ ક્ષણની પ્રક્રિયા :** જો વિભાગજન્ય વિભાગ ન માનો તો :

વહ્નિસંયોગથી દ્વ્યણુકના પરમાણુમાં કર્મ (૧ ક્ષણ).

પછી દ્વ્યણુકના પરમાણુમાં વિભાગ (૨ ક્ષણ).

પછી દ્વ્યણુકના પરમાણુમાં પૂર્વસંયોગનાશ (૩ ક્ષણ).

પછી દ્વ્યણુકના પરમાણુની ઉત્તરસંયોગપ્રાપ્તિ (૪ ક્ષણ).

અને તે જ ક્ષણે દ્વ્યણુકનો નાશ થયો તેથી આ **પહેલી ક્ષણ** થઈ.

**બીજી ક્ષણે :** પરમાણુમાં શ્યામ રૂપનો નાશ અને કર્મનો નાશ.

**ત્રીજી ક્ષણે :** પરમાણુમાં રક્તગુણોત્પત્તિ.

**ચોથી ક્ષણે :** દ્વ્યણુક-આરંભક કર્મની ઉત્પત્તિ.

**પાંચમી ક્ષણે :** વિભાગ.

**છટ્ઠી ક્ષણે :** પૂર્વસંયોગનાશ.

**સાતમી ક્ષણે :** આરંભક-સંયોગોત્પત્તિ.

**આઠમી ક્ષણે :** દ્વ્યણુકોત્પત્તિ.

**નવમી ક્ષણે :** દ્વ્યણુકમાં રક્તાદ્યુત્પત્તિ.

આમ જે ક્ષણે દ્વ્યણુકનો નાશ થાય તે ક્ષણથી નવમી ક્ષણે નવા ઉત્પન્ન થયેલા દ્વ્યણુકમાં રક્તાદિની ઉત્પત્તિ થાય. અહીં પાંચમી ક્ષણે ઉત્પન્ન થયેલો વિભાગ એ વિભાગજન્ય વિભાગ નથી, પણ ચોથી ક્ષણે ઉત્પન્ન થયેલા કર્મથી જન્ય છે. તેથી ચોથી ક્ષણે ઉત્પન્ન થયેલા કર્મે તે વિભાગને સ્વોત્તરોત્પન્નભાવાનપેક્ષરીત્યા ઉત્પન્ન કર્યો છે.

---

**मुक्तावली : ननु श्यामादिनाशक्षणे रक्तोत्पत्तिक्षणे वा परमाणौ द्रव्यारम्भानुगुणा क्रियाऽस्त्विति चेत् ? न, अग्निसंयुक्ते परमाणौ यत्कर्म तद्विनाशमन्तरेण गुणोत्पत्तिमन्तरेण च परमाणौ क्रियान्तराभावात्, कर्मवति कर्मान्तरानुत्पत्तेर्निर्गुणे द्रव्ये द्रव्यारम्भानुगुणक्रियानुपपत्तेश्च ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** તમે તો ક્ષણ ક્ષણનું ઘણું મૂલ્ય માનો છો, એક ક્ષણ પણ ખોટી વેડફવામાં મહાગૌરવ સમજો છો તો પછી જે ક્ષણે શ્યામગુણનો નાશ માન્યો તે જ ક્ષણે દ્રવ્યારંભક કર્મની ઉત્પત્તિ માનવી હતી ને ? અર્થાત્ બીજી ક્ષણે જ શ્યામરૂપ

નાશની સાથે કર્મોત્પત્તિ માની હોત તો કર્મ માટે જુદી ચોથી ક્ષણ માનવી ન પડત અને તેથી આઠ ક્ષણમાં જ પ્રક્રિયા પૂર્ણ થઈ શકત.

**વૈશેષિક** : તમારી વાત સાચી છે, પણ શ્યામરૂપનાશની ક્ષણે કર્મોત્પત્તિ માની શકાતી નથી, કારણ કે અગ્નિસંયોગથી પરમાણુમાં ઉત્પન્ન થયેલી ક્રિયા જ્યાં સુધી નાશ પામે નહીં ત્યાં સુધી તે ક્રિયાના અધિકરણ પરમાણુમાં બીજી ક્રિયાની ઉત્પત્તિ મનાય નહીં.

ક્રિયાનો નાશ ઉત્તરસંયોગપ્રાપ્તિ પછી જ થાય પરન્તુ તે પૂર્વે થઈ શકે નહીં. તેથી જે કર્મ ઉત્પન્ન થયું છે તે ઉત્તરસંયોગપ્રાપ્તિ પછી એટલે કે પ્રસ્તુત પ્રક્રિયાની બીજી ક્ષણે જ નાશ પામી શકે, પરંતુ તે પૂર્વે નાશ પામે નહીં, કારણ કે જો પ્રથમ ક્ષણે નાશ પામેલું માનો તો પ્રથમ ક્ષણે ઉત્તરસંયોગપ્રાપ્તિ કે દ્વ્યણુકનો નાશ કોણે કર્યો ? તેથી ઉત્તરસંયોગપ્રાપ્તિ અને દ્વ્યણુકનાશ થયા પછી જ કર્મનો નાશ થાય અને તે જ ક્ષણે શ્યામરૂપનો નાશ થાય છે.

હવે પૂર્વકર્મનો નાશ એ ઉત્તરકર્મોત્પત્તિનો હેતુ છે. તેથી જો શ્યામરૂપનાશ-ક્ષણે કર્મોત્પત્તિ માનીએ તો તેની પૂર્વક્ષણમાં પૂર્વકર્મનાશ હોવો જ જોઈએ. પણ શ્યામરૂપ-નાશની પૂર્વક્ષણે તો પૂર્વકર્મનાશ થયો જ નથી, કેમકે તે ક્ષણે તો દ્વ્યણુકનો નાશ થવાનું કાર્ય થાય છે, અને તે વખતે પૂર્વકર્મનો નાશ થઈ ગયો છે તેમ તો માની જ ન શકાય, કેમકે કર્મ વિના દ્વ્યણુકનાશ જ શી રીતે થાય ?

આમ શ્યામ-નાશની પૂર્વક્ષણે કર્મનાશ ન થયો હોવાથી કર્માન્તરની ઉત્પત્તિનો હેતુ પૂર્વકર્મનાશ હાજર નથી અને કારણ વિના કાર્ય તો થઈ જ ન શકે. તેથી પૂર્વકર્મનાશ રૂપ હેતુ હાજર ન હોવાથી શ્યામાદિનાશ-ક્ષણે કર્માન્તરની ઉત્પત્તિ મનાય નહીં.

છતાં પણ જો તમે શ્યામનાશની દ્વિતીય ક્ષણે જ કર્માન્તરોત્પત્તિ માનીને એક ક્ષણ બચાવવા જશો તો તે કર્માન્તરોત્પત્તિનો હેતુ પૂર્વકર્મનાશ પ્રથમ ક્ષણે માનવો પડશે, અર્થાત્ દ્વ્યણુકનાશની ક્ષણે જ પૂર્વકર્મનો નાશ માનવો પડશે. અને તેમ થતાં પ્રથમ ક્ષણ જ નિષ્ક્રિય બની જશે. તેવી નિષ્ક્રય ક્ષણમાં તમારા મતે તો નવી ક્રિયા પણ ઉત્પન્ન થઈ શકશે, તેથી પ્રથમ ક્ષણમાં જ ક્રિયાન્તરોત્પત્તિ થઈ જશે. પણ હકીકતમાં પ્રથમ ક્ષણમાં દ્વ્યણુકનો નાશ થાય છે તેથી તે કાર્યનું કારણ કર્મ પણ હાજર જ છે. તેથી કર્મવાળી ક્ષણમાં નવું કર્મ ઉત્પન્ન થવાની આપત્તિ આવી, પણ 'કર્મવતિ ક્ષણમાં નવું કર્મ ઉત્પન્ન થઈ શકે નહીં' તેવો નિયમ છે, માટે શ્યામાદિનાશની ક્ષણે કર્માન્તરની ઉત્પત્તિ માની શકાય નહીં.

**નૈયાયિક :** સારું, તો પછી શ્યામાદિનાશ-ક્ષણે ક્રિયાન્તરોત્પત્તિ નહીં માનીએ, પણ શ્યામાદિનાશ-ક્ષણે ક્રિયાનાશ તો થઈ જ શકે, કેમકે તે ક્રિયાનું કાર્ય (ઉત્તરસંયોગ-પ્રાપ્તિરૂપ દ્વયણુકનાશનું) પ્રથમ ક્ષણે જ પૂર્ણ થઈ ગયું છે. આમ શ્યામાદિનાશ-ક્ષણે પૂર્વકર્મનાશ થઈ જવાથી ત્યાર પછીની રક્તોત્પત્તિ-ક્ષણે પૂર્વકર્મનાશ રૂપ કારણ હાજર હોવાથી કર્માન્તરોત્પત્તિ તૃતીય રક્તોત્પત્તિ-ક્ષણે જ માનવી જોઈએ. તેમ થતાં એક ક્ષણ ઓછી થવાથી લાઘવ થશે.

**વૈશેષિકો :** અગ્નિસંયોગજન્ય પૂર્વકર્મથી જ્યાં સુધી અન્ય રક્તાદિ ગુણોની ઉત્પત્તિ ન થાય ત્યાં સુધી તે પરમાણુમાં અન્ય ક્રિયા ઉત્પન્ન થઈ શકે નહીં. જે ક્ષણે શ્યામાદિ રૂપનો નાશ થયો છે તે ક્ષણે દ્રવ્ય નિર્ગુણ બન્યું છે અને ક્રિયા નાશ થવાથી નિષ્ક્રિય પણ છે. હવે 'નિર્ગુણ દ્રવ્યમાં ક્રિયા ઉત્પન્ન થઈ શકે નહીં' તેવો નિયમ છે. તેથી દ્વિતીય ક્ષણમાં ગુણનાશ થયો હોવાથી દ્વિતીય ક્ષણે તો નિર્ગુણ દ્રવ્ય છે. તેથી ત્રીજી ક્ષણે ક્રિયા ઉત્પન્ન થવા માટેનું કારણ 'ગુણવાન્ દ્રવ્ય' દ્વિતીય ક્ષણે હાજર નથી, માટે ત્રીજી ક્ષણે કારણાભાવે કર્માન્તરોત્પત્તિ રૂપ કાર્ય પણ થઈ શકે નહીં. તેથી ત્રીજી ક્ષણે રક્તગુણોત્પત્તિ થશે પણ કર્મ ઉત્પન્ન થશે નહીં. હવે ગુણવાન્ દ્રવ્યરૂપ કારણ હાજર થઈ જતાં ચોથી ક્ષણે કર્માન્તરની ઉત્પત્તિ થઈ જ જશે અને તેથી જ અમે ચોથી ક્ષણે કર્માન્તરોત્પત્તિ માની છે. તેથી રક્તાદ્યુત્પત્તિ-ક્ષણે કર્માન્તરોત્પત્તિ થઈ શકે નહીં.

---

**मुक्तावली : तथापि परमाणौ श्यामादिनिवृत्तिसमकालं रक्ताद्युत्पत्तिः स्यादिति चेत् ? न, पूर्वरूपादिध्वंसस्यापि रूपान्तरे हेतुत्वात् । इति नवक्षणा ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** કોઈપણ રીતે અન્ય કર્મોત્પત્તિની ચોથી ક્ષણનો બીજી કે ત્રીજી ક્ષણમાં સમાવેશ ન થવાથી ભલે સ્વતંત્ર ક્ષણમાં ક્રિયાન્તરોત્પત્તિ માનો, પણ જે ક્ષણે શ્યામાદિનાશ થાય છે તે જ ક્ષણે રક્તાદ્યુત્પત્તિ માનો તો ? તેમ થતાં તૃતીય ક્ષણે ગુણવાન્ દ્રવ્ય હાજર હોવાથી ક્રિયાન્તરોત્પત્તિ થઈ શકશે. આમ ક્રિયાન્તરોત્પત્તિનો કોઈ ક્ષણમાં અંતર્ભાવ ન થતો હોય તો શ્યામાદિનાશની ક્ષણમાં જ રક્તોત્પત્તિનો અંતર્ભાવ કરીને એક ક્ષણ કેમ ન બચાવાય ?

**વૈશેષિક :** ઉત્તરગુણોત્પત્તિમાં પૂર્વગુણનાશ કારણ છે, તેથી જ્યાં સુધી શ્યામાદિ ગુણોનો નાશ ન થાય ત્યાં સુધી રક્તાદિ-ગુણોત્પત્તિ થઈ શકે નહીં. જો પ્રથમ ક્ષણે જ શ્યામાદિ ગુણોનો નાશ થયો હોત તો બીજી ક્ષણે રક્તગુણોત્પત્તિ માની શકાત. પરંતુ

શ્યામાદિ ગુણનો નાશ તો બીજી ક્ષણે જ થાય છે, તેથી રક્તાદિ ગુણોત્પત્તિ ત્રીજી ક્ષણે જ થાય. અમારા મતે કારણ હંમેશા કાર્યની પૂર્વક્ષણે હાજર હોવું જોઈએ. તેથી પૂર્વક્ષણે શ્યામાદિ ગુણનો નાશ થાય તો જ ઉત્તરક્ષણે રક્તાદિ ગુણની ઉત્પત્તિ થાય, અન્યથા થાય નહીં. તેથી શ્યામનાશ અને રક્તોત્પત્તિરૂપ કાર્ય-કારણને સમકાળમાં માની શકાય નહીં. તેથી બીજી ક્ષણે શ્યામનાશ અને ત્રીજી ક્ષણે રક્તોત્પત્તિ માનવી જ જોઈએ. તેથી આ પ્રક્રિયા નવ ક્ષણથી ઓછા કાળમાં થઈ શકે નહીં.

---

**मुक्तावली : अथ दशक्षणा । सा चाऽऽरम्भकसंयोगविनाशविशिष्टं कालमपेक्ष्य विभागेन विभागजनने सति स्यात् । तथाहि-वह्निसंयोगात् द्व्यणुकारम्भके परमाणौ कर्म, ततो विभागः, तत आरम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशविभागजविभागौ १. ततः श्यामनाशपूर्वसंयोगनाशौ २. ततो रक्तोत्पत्त्युत्तरसंयोगौ ३. ततो वह्निनोदनजन्यपरमाणुकर्मणो नाशः ४. ततोऽदृष्टवदात्मसंयोगाद् द्रव्यारम्भानुगुणा क्रिया ५. ततो विभागः ६. ततः पूर्वसंयोगनाशः ७. तत आरम्भकसंयोगः ८. ततो द्व्यणुकोत्पत्तिः ९. ततो रक्तोत्पत्तिः १० । इति दशक्षणा ॥**

---

**મુક્તાવલી : દશ ક્ષણ-પ્રક્રિયા :** અન્ય કેટલાક કહે છે કે ચોથી ક્ષણે અન્ય સ્વતંત્ર કર્મ ઉત્પન્ન થાય છે અને પાંચમી ક્ષણે તે કર્મ નવા વિભાગને ઉત્પન્ન કરે છે તેવું નથી, પણ પૂર્વનો વિભાગ જ આ નવા વિભાગને ઉત્પન્ન કરે છે.

આ વિભાગજન્ય વિભાગ દ્રવ્યારંભકસંયોગવિનાશની અપેક્ષા રાખે ત્યારે દસ ક્ષણની પ્રક્રિયા થાય છે. તે આ પ્રમાણે :

અગ્નિસંયોગથી દ્વ્યણુકના પરમાણુમાં કર્મ (૧ ક્ષણ).

પછી દ્વ્યણુકના પરમાણુમાં વિભાગ (૨ ક્ષણ).

પછી દ્વ્યણુકના પરમાણુમાં પૂર્વસંયોગનાશ (૩ ક્ષણ).

ત્યારપછીની ક્ષણે દ્વ્યણુકનો નાશ થાય અને ઉત્તરસંયોગની પ્રાપ્તિ થાય. વળી પૂર્વસંયોગનાશ થઈ ગયો હોવાથી અને વિભાગજન્ય વિભાગ પૂર્વસંયોગનાશની અપેક્ષા રાખતો હોવાથી તેની અપેક્ષા પૂર્ણ થવાથી વિભાગજન્ય વિભાગ પણ ઉત્પન્ન થાય. આ ક્ષણમાં દ્વ્યણુકનાશ હોવાથી તે **પ્રથમ ક્ષણ** કહેવાય.

**પહેલી ક્ષણે** : દ્વયણુકનાશ, ઉત્તરસંયોગપ્રાપ્તિ, વિભાગજન્ય વિભાગ.

**બીજી ક્ષણે** : પરમાણુમાં શ્યામનાશ, પૂર્વસંયોગનાશ.

**ત્રીજી ક્ષણે** : પરમાણુમાં રક્તોપત્તિ, ઉત્તરદેશસંયોગ.

**ચોથી ક્ષણે** : પરમાણુમાં ક્રિયાનાશ.

નવક્ષણીય પ્રક્રિયામાં દ્વિતીય શ્યામનાશની ક્ષણમાં જ કર્મનાશ માન્યો હતો, પરંતુ અહીં તે પ્રમાણે ન મનાય, કેમકે ઉત્તરસંયોગપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કર્મનો નાશ થતો નથી અને વિભાગજન્ય વિભાગમાં ઉત્તરદેશસંયોગ ત્રીજી ક્ષણે જ થતો હોવાથી ક્રિયાનાશ ચોથી ક્ષણે મનાય પરંતુ શ્યામનાશની ક્ષણે મનાય નહીં.

પૂર્વે શ્યામનાશની ક્ષણમાં જ કર્મનાશની ક્ષણનો અંતર્ભાવ થઈ જતો હતો તેથી નવ ક્ષણ થતી હતી. અહીં કર્મનાશની નવી જુદી ક્ષણ માનવી પડી તેથી એક ક્ષણ વધી જતાં દશ ક્ષણની આ પ્રક્રિયા થાય છે.

**પાંચમી ક્ષણે** : કર્મોત્પત્તિ.

અદૃષ્ટવદાત્મસંયોગથી દ્રવ્યારંભક કર્મ=ક્રિયાની ઉત્પત્તિ પાંચમી ક્ષણમાં થાય છે. પરમાણુમાંથી દ્વયણુક કર્મ વિના તો થઈ જ ન શકે. અને પૂર્વકર્મ તો નાશ પામી ગયું છે. તેથી દ્વયણુકને ઉત્પન્ન કરવા માટે પાંચમી ક્ષણે ક્રિયોત્પત્તિ થાય છે. પરમાણુમાં થતી આ ક્રિયા કોઈના પ્રયત્નવિશેષથી તો જન્ય નથી જ, તેથી તેને અદૃષ્ટથી જન્ય માનવામાં આવી છે. પણ ધર્માધર્મ રૂપ અદૃષ્ટ પણ એકલા કોઈને જન્ય કરતા નથી પણ સ્વાશ્રય આત્માના સંબંધથી જન્ય કરે છે, માટે અદૃષ્ટવદાત્મસંયોગથી પાંચમી ક્ષણે કર્મોત્પત્તિ થાય છે તેમ કહ્યું.

**છટ્ઠી ક્ષણે** : પરમાણુમાં વિભાગ.

**સાતમી ક્ષણે** : પૂર્વસંયોગનાશ.

**આઠમી ક્ષણે** : ઉત્તરસંયોગપ્રાપ્તિ.

**નવમી ક્ષણે** : દ્વયણુકોત્પત્તિ.

**દસમી ક્ષણે** : દ્વયણુકમાં રક્તગુણોત્પત્તિ.

પૂર્વે જે વહ્નિનોદનજન્ય ક્રિયા પરમાણુમાં હતી તે ચોથી ક્ષણે નાશ પામી હતી, જ્યારે પાંચમી ક્ષણમાં અદૃષ્ટવદાત્મસંયોગ સંબંધથી પરમાણુમાં ક્રિયા ઉત્પન્ન થઈ છે, તેથી બંને ક્રિયાના ઉત્પાદક જુદા છે.

---

मुक्तावली : अथैकादशक्षणा । वह्निसंयोगात् परमाणौ कर्म, ततो विभागः, ततो द्रव्यारम्भकसंयोगनाशः, ततो द्व्यणुकनाशः १. ततो द्व्यणुकनाश-विशिष्टं कालमपेक्ष्य विभागजविभागश्यामनाशौ २. ततः पूर्वसंयोग-नाशरक्तोत्पत्ती ३. तत उत्तरदेशसंयोगः ४. ततो वह्निनोदनजन्यः परमाणुकर्मनाशः ५. ततोऽदृष्टवदात्मसंयोगाद् द्रव्यारम्भानुगुणा क्रिया ६. ततो विभागः ७. ततः पूर्वसंयोगनाशः ८. ततो द्रव्यारम्भकोत्तरसंयोगः ९. ततो द्व्यणुकोत्पत्तिः १०. ततो रक्ताद्युत्पत्तिः ११. इति । मध्यमशब्द-वदेकस्मादग्निसंयोगान्न रूपनाशोत्पादौ, तावत्कालमेकस्याग्नेरस्थिरत्वात् ।

---

**મુક્તાવલી : અગિયાર ક્ષણ પ્રક્રિયા :** કેટલાક કહે છે કે વિભાગ પોતે પૂર્વ-સંયોગનાશની સહાયથી નહીં પણ દ્વ્યણુકનાશની સહાયથી વિભાગને ઉત્પન્ન કરે છે, અર્થાત્ દ્વ્યણુકનાશની ક્ષણે વિભાગજન્ય વિભાગ ઉત્પન્ન નથી થતો પણ તેના પછીની શ્યામનાશની ક્ષણે ઉત્પન્ન થાય છે. અને આમ વિભાગજન્ય વિભાગ એક ક્ષણ મોડો ઉત્પન્ન થતાં રક્તાદિગુણની ઉત્પત્તિ દસમી ક્ષણના બદલે અગિયારમી ક્ષણે થશે. તેથી આ મતે પ્રક્રિયા અગિયાર ક્ષણની થાય છે.

વહ્નિસંયોગથી દ્વ્યણુકના પરમાણુમાં કર્મ (૧ ક્ષણ)

પછી દ્વ્યણુકના પરમાણુમાં વિભાગ (૨ ક્ષણ)

પછી દ્વ્યણુકના પરમાણુમાં પૂર્વસંયોગનાશ. (૩ ક્ષણ)

**પ્રથમ ક્ષણે :** દ્વ્યણુકનાશ.

**બીજી ક્ષણે :** શ્યામનાશ, વિભાગજન્ય વિભાગોત્પત્તિ.

**ત્રીજી ક્ષણે :** રક્તોત્પત્તિ, પૂર્વસંયોગનાશ.

**ચોથી ક્ષણે :** ઉત્તરદેશસંયોગ.

**પાંચમી ક્ષણે :** ક્રિયાનાશ.

અહીં પણ ઉત્તરદેશસંયોગ ન થાય ત્યાં સુધી પૂર્વકર્મનો નાશ તો થાય જ નહીં. અને તેથી ચોથી ક્ષણે કર્મનાશ ન માનતા પાંચમી ક્ષણે જ કર્મનાશ માનવો પડે. દસ ક્ષણની પ્રક્રિયા કરતાં અહીં ચોથી ક્ષણ વધી ગઈ, કેમકે ત્યાં રક્તાદ્યુત્પત્તિ-ક્ષણમાં જ ઉત્તરદેશસંયોગ થતો હતો, જ્યારે અહીં ઉત્તરદેશસંયોગ માટે એક સ્વતંત્ર ચોથી ક્ષણ માનવી

પડી અને તેથી આ મતે પ્રક્રિયા અગિયાર ક્ષણની થાય.

**છટ્ઠી ક્ષણે :** દ્વ્યણુકારંભક કર્મોત્પત્તિ.

**સાતમી ક્ષણે :** વિભાગ.

**આઠમી ક્ષણે :** પૂર્વસંયોગનાશ.

**નવમી ક્ષણે :** ઉત્તરસંયોગપ્રાપ્તિ.

**દસમી ક્ષણે :** દ્વ્યણુકોત્પત્તિ.

**અગીયારમી ક્ષણે :** દ્વ્યણુકમાં રક્તાદિગુણોત્પત્તિ.

**નૈયાયિક :** મધ્યમશબ્દવત્ એક જ અગ્નિસંયોગને પૂર્વરૂપનાશક અને ઉત્તરરૂપોત્પાદક કેમ ન મનાય ? જેમકે '**अ**' શબ્દ ઉત્પન્ન થયો. બીજી ક્ષણે '**ब**' શબ્દ ઉત્પન્ન થયો. પણ તે વખતે '**अ**' શબ્દ નાશ નથી પામ્યો, કેમકે તે ક્ષણ તો '**अ**' શબ્દની સ્થિતિક્ષણ છે. ત્યાર પછીની ક્ષણ '**ब**' શબ્દની સ્થિતિક્ષણ બનશે, ત્યારે '**अ**' શબ્દનો નાશ થશે અને '**क**' શબ્દ ઉત્પન્ન થશે. આમ '**ब**'ની સ્થિતિક્ષણે '**अ**' શબ્દનો નાશ કર્યો અને '**क**' શબ્દને ઉત્પન્ન કર્યો.

| | | |
|---|---|---|
| **अ** શબ્દોત્પત્તિ | | |
| **अ** શબ્દસ્થિતિ | **ब** શબ્દોત્પત્તિ | |
| **अ** શબ્દનાશ | **ब** શબ્દસ્થિતિ | **क** શબ્દોત્પત્તિ |

આમ જેમ '**ब**' શબ્દસ્થિતિની ક્ષણ '**अ**' શબ્દનો નાશ કરે છે અને '**क**' શબ્દની ઉત્પત્તિ કરે છે તેમ એક જ અગ્નિસંયોગ દ્વ્યણુકનો નાશ કરીને શ્યામરૂપનો નાશ કરીને રક્તરૂપ ઉત્પન્ન શા માટે ન કરે ?

**વૈશેષિક :** અગ્નિસંયોગથી પરમાણુમાં જે કર્મ ઉત્પન્ન થાય છે તે તો દ્વ્યણુકનું નાશક છે. કારણ હંમેશા કાર્યની પૂર્વક્ષણમાં હાજર રહેતું હોવાથી દ્વ્યણુકનાશક અગ્નિસંયોગને તો દ્વ્યણુકનાશની પૂર્વક્ષણમાં માનવો જ પડશે. એટલે દ્વ્યણુકનાશની પૂર્વની ક્ષણ તે અગ્નિસંયોગની પહેલી ક્ષણ બની અને દ્વ્યણુકનાશની ક્ષણ તે અગ્નિસંયોગની બીજી ક્ષણ બની. અને આ અગ્નિસંયોગ હાજર હોવાથી માની લો કે તે કારણ બનીને ત્યાર પછીની ક્ષણમાં શ્યામનાશક બને છે. હવે જો તે જ અગ્નિસંયોગને રક્તાદ્યુત્પાદક પણ માનવો હોય તો રક્તાદ્યુત્પત્તિની પૂર્વક્ષણમાં તેને રહેવું જોઈએ,

અર્થાત્ શ્યામનાશ-ક્ષણમાં પણ તેને રહેવું જોઈએ. તેથી અગ્નિસંયોગે દ્વ્યણુકનાશ-પૂર્વક્ષણમાં, દ્વ્યણુકનાશ-ક્ષણમાં અને શ્યામનાશ-ક્ષણમાં એમ ત્રણ ક્ષણમાં રહેવું જોઈએ. પરંતુ અગ્નિસંયોગ તો ક્ષણિક છે. તે ત્રણ ક્ષણ સુધી રહી શકે જ નહીં, વધુમાં વધુ બે ક્ષણ જ રહી શકે. તમામ ક્ષણિક વસ્તુઓની પ્રથમ ક્ષણે ઉત્પત્તિ, બીજી ક્ષણે સ્થિતિ અને ત્રીજી ક્ષણે નાશ હોય જ. તેથી જે અગ્નિસંયોગથી દ્વ્યણુકનાશ થયો છે તે જ અગ્નિસંયોગથી રક્તગુણની ઉત્પત્તિ થઈ છે તેમ માની ન શકાય.

આમ દ્વ્યણુકનાશક અગ્નિસંયોગ તો રક્તરૂપનો ઉત્પાદક નથી જ તેમ નક્કી થાય છે. તેથી દ્વ્યણુકનાશક અગ્નિસંયોગથી જ જો શ્યામરૂપનો નાશ થયો હોય તો, જો દ્વ્યણુક-નાશક અગ્નિસંયોગ રક્તરૂપનો ઉત્પાદક ન હોય તો શ્યામરૂપનો નાશક અગ્નિસંયોગ પણ રક્તરૂપનો ઉત્પાદક ન જ હોય, કેમકે શ્યામરૂપનો નાશક અને દ્વ્યણુકનાશક અગ્નિસંયોગ એક જ છે.

---

**मुक्तावली : किञ्च नाशक एव यद्युत्पादकः, तदा नष्टे रूपादावग्निनाशे नीरूपश्चिरं परमाणुः स्यात् । उत्पादकश्चेन्नाशकः, तदा रक्तोत्पत्तौ तदग्निनाशे रक्ततरता न स्यात् । इत्येकादशक्षणा ॥**

---

**મુક્તાવલી** : જો શ્યામનાશક અગ્નિસંયોગથી જ રક્તાદ્યુત્પત્તિ થાય છે તેમ માનો તો પરમાણુમાં રક્તાદ્યુત્પત્તિનો જ અભાવ માનવાની આપત્તિ આવશે, કેમકે શ્યામરૂપનાશક અગ્નિસંયોગ તો શ્યામરૂપનું નાશ કરીને ક્ષય પામી ગયો છે, કેમકે તે તો દ્વ્યણુકનાશની પૂર્વક્ષણે ઉત્પન્ન થયેલો હતો. આમ શ્યામરૂપનાશ ક્ષણે જ તે ક્ષય થઈ ગયો હોવાથી તેનામાં રક્તોત્પત્તિનું સામર્થ્ય હોવા છતાં તે શ્યામનાશની ઉત્તરક્ષણે રક્તોત્પત્તિ શી રીતે કરે ? કેમકે શ્યામનાશ-ક્ષણે જ તે હાજર નથી. આમ શ્યામનાશક અગ્નિસંયોગને જ રક્તોત્પત્તિનું કારણ માનવામાં તો રક્તોત્પત્તિની પૂર્વક્ષણમાં તે કારણની ગેરહાજરી હોવાથી પરમાણુમાં રક્તરૂપ જ ઉત્પન્ન નહીં થાય. માટે શ્યામરૂપનાશક અગ્નિસંયોગને જ રક્તરૂપોત્પાદક મનાય નહીં.

**નૈયાયિક** : જો શ્યામનાશક અગ્નિસંયોગને રક્તરૂપોત્પાદક માનવામાં પરમાણુ નીરૂપ બની જવાની આપત્તિ આવતી હોય તો રક્તરૂપોત્પાદક અગ્નિસંયોગને શ્યામરૂપનાશક માનો ને ? હવે દ્વ્યણુકનાશ-ક્ષણે જે અગ્નિસંયોગ ઉત્પન્ન થશે તે પછીની ક્ષણે શ્યામરૂપનો નાશક બનશે અને શ્યામરૂપનાશ-ક્ષણે તે અગ્નિસંયોગની

દ્વિતીય સ્થિતિક્ષણ હોવાથી તે નાશ તો પામશે જ નહીં અને તેથી ત્યારપછીની ક્ષણે રક્તરૂપ પણ ઉત્પન્ન કરી દેશે. આમ રક્તરૂપના ઉત્પાદક અગ્નિસંયોગને શ્યામરૂપનો નાશક માનવો જોઈએ. આમ કરવાથી શ્યામનાશક અને રક્તોત્પાદક જુદા જુદા અગ્નિસંયોગ માનવાના બદલે એક જ અગ્નિસંયોગને રક્તોત્પાદક અને શ્યામનાશક માનવા માત્રથી કાર્ય ચાલી જતું હોવાથી એક અગ્નિસંયોગ ઓછો માનવાનું લાઘવ પણ થશે.

આમ રક્તોત્પાદક જે અગ્નિસંયોગ છે તે જ શ્યામરૂપનાશક છે માટે બંને જુદા માનવાની શી જરૂર છે ?

**વૈશેષિક** : જો રક્તોપાદક અગ્નિસંયોગને જ શ્યામનાશક માનવામાં આવે તો રક્તતર, રક્તતમ વગેરે પ્રતીતિ થશે નહીં, કેમકે જે રક્તોત્પાદક છે તે જ તમારા મતે તો શ્યામનાશક છે, તેથી અગ્નિસંયોગે પોતાની બે ક્ષણના કાળમાં પ્રથમ ક્ષણમાં શ્યામનાશ કર્યો અને બીજી ક્ષણમાં રક્તોત્પત્તિ કરી. હવે ત્રીજી ક્ષણ તો તેની સ્થિતિ છે જ નહીં, માટે રક્તતર, રક્તતમ વગેરે રૂપનો ઉત્પાદ તો નહીં થઈ શકે ને ?

સામાન્યતઃ ઘટમાં પ્રથમ રક્તરૂપ થાય છે, પછી રક્તતર, રક્તતમ વગેરે ઉત્પન્ન થાય છે. પણ અહીં તો અગ્નિસંયોગ રક્તરૂપને જ ઉત્પન્ન કરીને નાશ પામી ગયો, તેથી ત્યાં હવે રક્તતર કે રક્તતમ રૂપ ઉત્પન્ન ન થવાની આપત્તિ આવશે.

તેથી જે અગ્નિસંયોગ રક્તરૂપોત્પાદક છે તેને જ શ્યામનાશક મનાય નહીં, અર્થાત્ શ્યામનાશક અગ્નિસંયોગ રક્તાદ્યુત્પાદક નથી અને રક્તાદ્યુત્પાદક અગ્નિસંયોગ શ્યામનાશક પણ નથી, પરંતુ શ્યામનાશક અને રક્તાદ્યુત્પાદક અગ્નિસંયોગો પરસ્પર ભિન્ન જ છે તેમ સિદ્ધ થાય છે.

---

**मुक्तावली : अथ परमाण्वन्तरे कर्मचिन्तनात् पञ्चमादिक्षणेऽपि गुणोत्पत्तिः । तथाहि-एकत्र परमाणौ कर्म, ततो विभागः, तत आरम्भकसंयोग-नाशपरमाण्वन्तरकर्मणी, ततस्तु द्व्यणुकनाशः, परमाण्वन्तरकर्मजश्च विभाग इत्येकः कालः १. ततः श्यामादिनाशो विभागाच्च पूर्वसंयोगनाश इत्येकः कालः २. ततो रक्तोत्पत्तिर्द्रव्यारम्भकसंयोगश्चेत्येकः कालः ३. अथ द्व्यणुकोत्पत्तिः ४. ततो रक्तोत्पत्तिः ५. इति पञ्चक्षणा ।**

---

**મુક્તાવલી : પાંચ ક્ષણ-પ્રક્રિયા :** દ્વ્યણુકના બંને પરમાણુમાં સમાન કાળે સમાન પ્રક્રિયા થાય છે તેવું માનીને આપણે નવ, દસ અને અગિયાર ક્ષણની પ્રક્રિયાઓ જોઈ. પરંતુ ક્યારેક એવું પણ બને છે કે દ્વ્યણુકના એક જ પરમાણુમાં કર્મ ઉત્પન્ન થાય અને તેથી બીજો પરમાણુ નિષ્ક્રિય હોય. પૂર્વે બંનેમાં સમાન ક્રિયા લેતાં હતા તેથી જ્યાં સુધી કર્મનો નાશ ન થાય ત્યાં સુધી નવા કર્મની ઉત્પત્તિ માની શકાતી ન હતી, કેમકે એકમાં બે ક્રિયા સાથે રહી શકતી નથી. તેથી બીજા કર્મને ઉત્પન્ન થવામાં વિલંબ માનવો પડતો હતો. પરંતુ હવે એક પરમાણુમાં જ જ્યારે ક્રિયા ઉત્પન્ન થાય છે ત્યારે બીજો પરમાણુ તો નિષ્ક્રિય જ હોય છે અને તેથી તે બીજા પરમાણુમાં વહેલી ક્રિયા ઉત્પન્ન થઈ શકે છે. માટે જ બીજા કર્મને પ્રથમ પરમાણુમાં રહેલી ક્રિયાનો નાશ થવાની રાહ જોવી પડતી નથી અને તેથી પૂર્વોક્ત પ્રક્રિયા અહીં માત્ર પાંચ ક્ષણમાં જ પૂર્ણ થઈ જાય છે. **જેમકે**

| **ક્ષણ** | **પ્રથમ પરમાણુમાં** | **બીજા પરમાણુમાં** |
|---|---|---|
| | ક્રિયા | – |
| પછી | વિભાગ (એક પરમાણુથી બીજા પરમાણુનો) | – |
| પછી | પૂર્વસંયોગનાશ | કર્મોત્પત્તિ |
| ૧. | દ્વ્યણુકનાશ | કર્મજન્ય વિભાગ (આકાશથી બીજા પરમાણુનો) |
| ૨. | પરમાણુમાં શ્યામાદિ-નાશ | પૂર્વસંયોગનાશ |
| ૩. | પરમાણુમાં રક્તાદ્યુત્પત્તિ | ઉત્તરદેશસંયોગ |
| ૪. | દ્વ્યણુકોત્પત્તિ | કર્મનાશ |
| ૫. | દ્વ્યણુકમાં રક્તોત્પત્તિ | |

ઉપરોક્ત પ્રક્રિયામાં વિભાગજન્ય વિભાગ નથી માન્યો પણ કર્મજન્ય વિભાગ માન્યો છે તેથી ક્ષણો ઓછી થઈ છે. પાંચ ક્ષણથી ઓછી ક્ષણોમાં તો ઉપરોક્ત પ્રક્રિયા થઈ જ ન શકે.

---

**मुक्तावली : द्रव्यनाशसमकालं परमाण्वन्तरे कर्मचिन्तनात् षष्ठक्षणे गुणोत्पत्तिः । तथाहि-परमाणुकर्मणा परमाण्वन्तरविभागः, तत आरम्भक-संयोगनाशः, अथ द्व्यणुकनाशपरमाण्वन्तरकर्मणी १. अथ श्यामादिनाशः परमाण्वन्तरकर्मजो विभागश्च २. ततो रक्तोत्पत्तिः परमाण्वन्तरे**

पूर्वसंयोगनाशश्च ३. ततः परमाण्वन्तरसंयोगः ४. ततो द्व्यणुकोत्पत्तिः ५. अथ रक्तोत्पत्तिः ६. । इति षट्क्षणा ॥

**મુક્તાવલી :** દ્વ્યણુકનાશની પૂર્વક્ષણે બીજા પરમાણુમાં જો કર્મ ઉત્પન્ન થાય તો પાંચ ક્ષણમાં પ્રક્રિયા પૂર્ણ થાય છે તે પૂર્વે આપણે જોયું. હવે જો દ્વ્યણુકનાશની પૂર્વક્ષણે બીજા પરમાણુમાં કર્મ ઉત્પન્ન ન થાય, પણ દ્વ્યણુકનાશની ક્ષણે જ જો બીજા પરમાણુમાં કર્મ ઉત્પન્ન થાય તો છ ક્ષણ થાય. જો દ્વ્યણુકનાશની પછીની ક્ષણે અર્થાત્ પરમાણુમાં શ્યામનાશની ક્ષણે બીજા પરમાણુમાં કર્મ ઉત્પન્ન થાય તો સાત ક્ષણની પ્રક્રિયા થાય અને ત્યારપછીની અર્થાત્ પરમાણુમાં રક્તગુણ ઉત્પન્ન થાય તે જ ક્ષણે જો બીજા પરમાણુમાં કર્મ ઉત્પન્ન થાય તો આઠ ક્ષણમાં પ્રક્રિયા પૂર્ણ થાય. પરમાણુમાં રક્તગુણ ઉત્પન્ન થયા પછી કર્મ ગમે તે પરમાણુમાં ઉત્પન્ન થઈ શકે છે અને ત્યારે નવ ક્ષણ થાય છે, જે પ્રક્રિયા પૂર્વે જણાવી છે અને વિભાગજન્ય વિભાગ હોય તો દસ ક્ષણ કે અગિયાર ક્ષણની જે પ્રક્રિયા થાય છે તે પણ પૂર્વે જણાવી દીધી છે. હવે છ, સાત, આઠ ક્ષણમાં જે પ્રક્રિયા થાય છે તે નીચે પ્રમાણે છે.

**છ ક્ષણ પ્રક્રિયા :** દ્વ્યણુકનાશની સાથે અન્ય પરમાણુમાં કર્મોત્પત્તિ માનતાં :

એક પરમાણુંમાં કર્મ, પરમાણ્વન્તરમાં વિભાગ, આરંભકસંયોગનાશ.

| | | |
|---|---|---|
| ૧. | દ્વ્યણુકનાશ | કર્મોત્પત્તિ |
| ૨. | પરમાણુમાં શ્યામાદિનાશ | કર્મજન્ય વિભાગ |
| ૩. | પરમાણુમાં રક્તાદ્યુત્પત્તિ | પૂર્વસંયોગનાશ |
| ૪. | – | ઉત્તરદેશસંયોગ |
| ૫. | દ્વ્યણુકોત્પત્તિ | ( આ કાર્ય અહીં સ્વતંત્રક્ષણીય બન્યું |
| ૬. | દ્વયણુકમાં રક્તાદ્યુત્પત્તિ | તેથી આ ક્ષણ વધતાં છ ક્ષણ થઈ.) |

**मुक्तावली :** एवं श्यामनाशक्षणे परमाण्वन्तरे कर्मचिन्तनात् सप्तक्षणा । तथाहि-परमाणौ कर्म, ततः परमाण्वन्तरेण विभागः, तत आरम्भकसंयोग-नाशः, ततो द्व्यणुकनाशः १. ततः श्यामादिनाशपरमाण्वन्तरकर्मणी २. ततो रक्तोत्पत्तिः परमाण्वन्तरे कर्मजविभागश्च ३. ततः परमाण्वन्तरेण पूर्वसंयोगनाशः ४. ततः परमाण्वन्तरसंयोगः ५. ततो द्व्यणुकोत्पत्तिः ६. ततो

रक्तोत्पत्तिः ७. इति सप्तक्षणा ।

**મુક્તાવલી : સાત ક્ષણ પ્રક્રિયા :** શ્યામનાશક્ષણે પરમાણ્વન્તરમાં કર્મોત્પત્તિ માનતાં:

એક પરમાણુમાં કર્મ, વિભાગ, આરંભકસંયોગનાશ.

| | | |
|---|---|---|
| ૧. | દ્વ્યણુકનાશ | |
| ૨. | પરમાણુમાં શ્યામનાશ | પરમાણ્વન્તરમાં કર્મ |
| ૩. | પરમાણુમાં રક્તાદ્યુત્પત્તિ | કર્મજન્ય વિભાગ |
| ૪. | – | પૂર્વસંયોગનાશ |
| ૫. | – | ઉત્તરદેશસંયોગ |
| ૬. | દ્વ્યણુકોત્પત્તિ | (ઉપરોક્ત બંને કાર્ય સ્વતંત્ર ક્ષણીય થતાં |
| ૭. | દ્વ્યણુકમાં રક્તાદ્યુત્પત્તિ. | બે ક્ષણ વધી તેથી સાત ક્ષણ થઈ.) |

ઉત્તરદેશસંયોગ થયા પછી જ દ્વ્યણુકોત્પત્તિ થાય, પણ તે પૂર્વે થઈ શકે નહીં.

**मुक्तावली : एवं रक्तोत्पत्तिसमकालं परमाण्वन्तरे कर्मचिन्तनादष्टक्षणा । तथाहि-परमाणौ कर्म, ततः परमाण्वन्तरविभागः, तत आरम्भकसंयोग-नाशः, ततो द्व्यणुकनाशः १. ततः श्यामनाशः २. ततो रक्तोत्पत्तिपरमा-ण्वन्तरकर्मणी ३. ततः परमाण्वन्तरकर्मजविभागः ४. ततः परमाण्वन्तरे पूर्वसंयोगनाशः ५. ततः परमाण्वन्तरसंयोगः ६. ततो द्व्यणुकोत्पत्तिः ७. अथ रक्तोत्पत्तिः ८. इत्यष्टक्षणा ॥**

**મુક્તાવલી : આઠ ક્ષણ પ્રક્રિયા :** પરમાણુમાં રક્તોત્પત્તિ થાય છે તે જ સમયે પરમાણ્વન્તરમાં કર્મોત્પત્તિ થાય છે તેમ માનો તો :

એક પરમાણુમાં કર્મ, વિભાગ, પૂર્વસંયોગનાશ.

| | | |
|---|---|---|
| ૧. | દ્વ્યણુકનાશ | |
| ૨. | પરમાણુમાં શ્યામનાશ | |
| ૩. | પરમાણુમાં રક્તોત્પત્તિ | પરમાણ્વન્તરમાં કર્મ |
| ૪. | – | કર્મજન્ય વિભાગ |
| ૫. | – | પૂર્વસંયોગનાશ |

૬. — ઉત્તરદેશસંયોગ

૭. દ્વ્યણુકોત્પત્તિ (ઉપરોક્ત ત્રણ કાર્યો સ્વતંત્ર

૮. દ્વ્યણુકમાં રક્તાદ્યુત્પત્તિ ક્ષણીય થવાથી પાંચમાં ત્રણ ક્ષણ વધી.)

આમ જુદી જુદી રીતે પાંચ, છ, સાત, આઠ, નવ, દસ કે અગિયાર ક્ષણોમાં દ્વ્યણુકનો નાશ થઈને નવા ઉત્પન્ન થયેલા દ્વ્યણુકમાં રક્તાદિ રૂપાન્તરની કારણગુણપૂર્વક ઉત્પત્તિ થાય છે તેવું પીલુપાકવાદી વૈશેષિકો માને છે. તેઓ દ્વ્યણુકાદિમાં પાકથી રૂપાન્તરની ઉત્પત્તિ થાય છે તેવું માનતા નથી પણ માત્ર પરમાણુમાં જ પાકથી રૂપાન્તર માને છે તે આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

---

**कारिकावली : नैयायिकानां तु नये द्व्यणुकादावपीष्यते ।**

---

**मुक्तावली : नैयायिकानामिति । नैयायिकानां मते द्व्यणुकादाववयविन्यपि पाको भवति । तेषामयमाशयः-अवयविनां सच्छिद्रत्वाद् वह्नेः सूक्ष्मावयवैरन्तःप्रविष्टैरवयवेष्ववष्टब्धेष्वपि पाको न विरुद्ध्यते । वैशेषिकमते अनन्तावयवितन्नाशकल्पने गौरवम् । इत्थं च सोऽयं घट इत्यादिप्रत्यभिज्ञापि सङ्गच्छते । यत्र तु न प्रत्यभिज्ञा तत्रावयविनाशोऽपि स्वीक्रियत इति ।**

---

**મુક્તાવલી** : નૈયાયિકો કહે છે કે માત્ર પરમાણુમાં જ પાક ન મનાય. જેમ પરમાણુમાં પાકથી રૂપાન્તરોત્પત્તિ થાય છે તેમ અવયવીમાં પણ પાકથી રૂપાન્તરોત્પત્તિ થાય જ છે, માટે દ્વ્યણુકાદિ અવયવી દ્રવ્યોમાં પણ પાક માનવો જોઈએ.

**વૈશેષિકો** : પણ અવયવોમાં પાક થવામાં અવયવી પ્રતિબંધક બનતો હોવાથી ઘટ વગેરે અવયવીની હાજરી હોવાથી કપાલ વગેરે ઘટના અવયવો રૂપ અવયવીમાં પાક શી રીતે સંભવી શકે ?

**નૈયાયિકો** : અવયવોમાં પાક થવામાં અવયવી પ્રતિબંધક છે તેવા નિયમમાં શું પ્રમાણ છે? અમે તેવા નિયમને માનતા નથી, તેથી અવયવીની હાજરીમાં પણ અવયવોમાં પાક થવામાં કોઈ આપત્તિ નથી.

**વૈશેષિકો** : પણ ઘટાદિ અવયવીમાં અગ્નિ પ્રવેશી જ શી રીતે શકે ? અને અગ્નિ જો પ્રવેશી જ ન શકે તો પછી અવયવીમાં પાક થઈ જ શી રીતે શકે ?

**નૈયાયિકો :** ઘટાદિ અવયવીમાં પણ સૂક્ષ્મ છિદ્રો હોય છે, એટલે એ છિદ્રો દ્વારા અગ્નિ ઘટના અવયવો રૂપ તમામ અવયવીઓમાં પ્રવેશી શકે છે અને તેથી પરમાણુથી માંડીને ઘટ સુધીના તમામ અવયવો અને અવયવીઓમાં પાક થઈ શકે છે. માટે ઘટથી દ્વ્યણુક સુધીના તમામ અવયવીઓના નાશની અને ત્યાર પછી રૂપાન્તર થયા બાદ દ્વ્યણુકથી માંડીને ઘટ સુધીના તમામ અવયવીઓની ફરીથી ઉત્પત્તિ માનવામાં તો મોટું ગૌરવ છે, કેમકે તેમાં અનંતા અવયવીઓના નાશની અને અનંતા નવા અવયવીઓની ઉત્પત્તિની કલ્પના કરવી પડે છે.

વળી જ્યારે ઘટને નિભાડામાં મૂકીને પાક થયા પછી બહાર કાઢવામાં આવે ત્યારે 'આ તે જ ઘડો છે' તેવી પ્રત્યભિજ્ઞા થાય છે. જો તે ઘડો તૂટીને, પરમાણુમાં પાક થઈને ફરી નવો ઘડો બન્યો હોત તો 'આ તે જ ઘડો છે' તેવી પ્રત્યભિજ્ઞા થાત નહીં. પરંતુ તેવી જે પ્રત્યભિજ્ઞા થાય છે તે એમ જ સૂચવે છે કે ઘડારૂપ અવયવીમાં જ સીધો પાક થયો છે, પણ તેના અવયવીનો નાશ થઈને પરમાણુમાં રૂપાન્તર થયા પછી પાક થઈને નવા ઘડાની ઉત્પત્તિ થઈ નથી.

પણ જો પાક માટે મૂકેલો ઘડો ફૂટી જાય તો તેના અવયવોમાં પણ પાક થઈ શકે છે.

આમ અનંતા અવયવીઓનો નાશ અને અનંતા નવા અવયવીઓની ઉત્પત્તિ માનવાનું ગૌરવ તથા પ્રત્યભિજ્ઞા ન થવાની પરિસ્થિતિ વગેરે આપત્તિઓ આવતી હોવાથી માત્ર પરમાણુમાં જ પાકક્રિયા ન મનાય પણ પરમાણુઓની સાથે દ્વ્યણુકાદિ અવયવીમાં પણ પાક-ક્રિયા થાય છે તેમ માનવું જોઈએ.

વૈશેષિક મત માનવામાં બીજી પણ કેટલીક આપત્તિઓ છે :

(૧) તેઓએ અવયવમાં પાક થવામાં અવયવીને પ્રતિબંધક માન્યો છે. જ્યાં સુધી અવયવીની હાજરી હોય ત્યાં સુધી અવયવોમાં પાક થઈ શકે નહીં. તેનો અર્થ એ થયો કે પ્રતિબંધક અવયવીની ગેરહાજરી થતાં પ્રતિબંધકાભાવ રૂપ ખૂટતી કારણસામગ્રી હાજર થતાં પાકરૂપ કાર્ય થવું જ જોઈએ. હવે કપાલમાં પાક થવામાં ઘટ અવયવી પ્રતિબંધક છે તેથી ઘટનો નાશ થયો. હવે અવયવી હાજર નથી તેથી કપાલમાં પાક થાય છે તેમ માનવું જ જોઈએ. અને તેથી કપાલમાં પાક માનતાં, કપાલ પણ અવયવી હોવાથી અવયવીમાં પણ પાક થાય છે તેવી અમારી વાત જ સિદ્ધ થાય છે.

(૨) વળી પરમાણુમાં પાક થયા પછી દ્વ્યણુકની ઉત્પત્તિ થઈ. હવે તેમાં

કારણગુણપૂર્વક રૂપોત્પત્તિ થાય છે તેમ તમે કહ્યું. પણ તે દ્વ્યણુકમાં પાકજ રૂપોત્પત્તિ થાય છે તેમ કેમ ન મનાય ? કારણ કે જ્યારે દ્વ્યણુક ઉત્પન્ન થાય છે ત્યારે ત્ર્યણુકાદિ અવયવી તો ઉત્પન્ન થયા જ નથી કે જે દ્વ્યણુકમાં પાક ઉત્પન્ન થવાના કાર્યમાં પ્રતિબંધક બને ! આમ પ્રતિબંધકની ગેરહાજરી હોવાથી દ્વ્યણુકમાં પણ પાકજ રૂપ ઉત્પન્ન થવું જોઈએ. તે જ રીતે ચતુરણુક ઉત્પન્ન થયા પૂર્વે ત્ર્યણુકમાં પાકજ રૂપ ઉત્પન્ન થવું જોઈએ. એ રીતે કરતાં કરતાં અંતે ઘટ ઉત્પન્ન થયા પૂર્વે કપાલમાં પાકજ રૂપ ઉત્પન્ન થવું જોઈએ. આમ તમારા મતે પણ દ્વ્યણુકથી માંડીને કપાલ સુધીના તમામ અવયવીઓમાં પાકજ રૂપ માનવામાં કોઈ આપત્તિ નથી.

(૩) વળી ઘટ તો અંતિમ અવયવી છે, તેમાં પાકજ રૂપ ઉત્પન્ન કરવામાં કયો અવયવી પ્રતિબંધક છે કે જેના કારણે તેમાં પાક થઈ શકતો નથી ? ઘટ અવયવી પછી કોઈ અવયવી ન હોવાથી 'અવયવના પાકમાં અવયવી પ્રતિબંધક બને છે' તેવો તમારો નિયમ સ્વીકારવા છતાં ઘટમાં પાક થવામાં કોઈ આપત્તિ આવતી નથી અને તેથી ઘટ અવયવીમાં પાક થઈ શકે છે.

આમ ઘટાદિ તમામ અવયવીમાં પાક થઈ શકતો હોવાથી અવયવોના પાકમાં અવયવી પ્રતિબંધક બને છે તેવો નિયમ માનવાનું, અનંતા અવયવીઓનો નાશ, તેનો નાશક, અનંતા અવયવીઓની ઉત્પત્તિ, તેના ઉત્પાદક વગેરે માનવાનું મહાગૌરવ કરીને માત્ર પરમાણુમાં જ પાક માનવો યોગ્ય નથી. તેના કરતાં અવયવીમાં પણ પાક માનવામાં કોઈ આપત્તિ તો છે નહીં બલ્કે લાઘવ છે. તેથી નૈયાયિકોએ માનેલો, 'અવયવીમાં પાક થાય છે' તેવો મત વધુ યોગ્ય લાગે છે.

રૂપની જેમ રસ, ગંધ, સ્પર્શમાં પણ પાકજન્યતા સમજવી.

આ ચાર ગુણોનું નિરૂપણ અહીં પૂર્ણ થયું.

कारिकावली : गणनाव्यवहारे तु हेतुः संख्याऽभिधीयते ॥१०६॥

मुक्तावली : संख्यां निरूपयितुमाह - गणनेति । गणनाव्यवहारासाधारण-कारणं संख्येत्यर्थः ॥

कारिकावली : नित्येषु नित्यमेकत्वमनित्येऽनित्यमिष्यते ।
द्वित्वादयः परार्धान्ता अपेक्षाबुद्धिजा मताः ॥१०७॥

मुक्तावली : नित्येष्विति । नित्येषु परमाण्वादिषु एकत्वं नित्यम् । अनित्ये घटादावेकत्वमनित्यमित्यर्थः । द्वित्वादयो व्यासज्यवृत्तिसंख्या अपेक्षाबुद्धि-जन्याः ॥

कारिकावली : अनेकाश्रयपर्याप्ता एते तु परिकीर्तिताः ।
अपेक्षाबुद्धिनाशाच्च नाशस्तेषां निरूपितः ॥१०८॥

मुक्तावली : अनेकेति । यद्यपि द्वित्वादिसमवायः प्रत्येकं घटादावपि वर्तते तथापि एको द्वाविति प्रत्ययाभावात् एको न द्वाविति प्रत्ययसद्भावाच्च द्वित्वादीनां पर्याप्तिलक्षणः कश्चन सम्बन्धोऽनेकाश्रयोऽभ्युपगम्यते । अपेक्षाबुद्धिनाशादिति । प्रथममपेक्षाबुद्धिः, ततो द्वित्वोत्पत्तिः, ततो विशेषणज्ञानं द्वित्वत्वनिर्विकल्पात्मकं, ततो द्वित्वत्वविशिष्टप्रत्यक्षमपेक्षा-बुद्धिनाशश्च, ततो द्वित्वनाश इति ।

**મુક્તાવલી : (૫) સંખ્યા-નિરૂપણ :** સંખ્યાત્વ જાતિ જેમાં રહે તે સંખ્યા. તેનું લક્ષણ છે; **गणनाव्यवहारासाधारणहेतुत्वम् ।** ગણત્રી કરવામાં અસાધારણ કારણ સંખ્યા છે. જો અસાધારણ પદનું ઉપાદાન ન કરીએ તો આકાશ વગેરે સાધારણ કારણોમાં અતિવ્યાપ્તિ થાય. તેથી તે અતિવ્યાપ્તિ દૂર કરવા અસાધારણ પદનું ઉપાદાન કર્યું છે.

એકત્વ, દ્વિત્વથી માંડીને પરાર્ધત્વ સુધીના ધર્મો એક, બે વગેરે સંખ્યામાં રહે છે. ત્યાં પરમાણુ વગેરે નિત્ય દ્રવ્યોમાં રહેલું એકત્વ નિત્ય છે અને ઘટાદિ અનિત્ય દ્રવ્યોમાં

રહેલું એકત્વ અનિત્ય છે. દ્વિત્વથી માંડીને પરાર્ધત્વ સુધીના બધા અનિત્ય જ છે, કેમકે તેઓ અપેક્ષાબુદ્ધિથી જન્ય છે. અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થાય તો તેઓ ઉત્પન્ન થાય છે અને અપેક્ષાબુદ્ધિનો નાશ થતાં તેમનો પણ નાશ થાય છે.

બે ઘડા જ્યારે સાથે પડ્યા હોય ત્યારે તે બંનેમાં સમવાયસંબંધથી દ્વિત્વ ઉત્પન્ન થાય છે. **अयम् एको घटः, अयम् एको घटः, इमौ द्वौ घटौ** એવી અપેક્ષાબુદ્ધિથી બંને ઘટમાં સમવાયેન દ્વિત્વ તો ઉત્પન્ન થાય જ છે પણ જ્યારે એક જ ઘટ દેખાય છે ત્યારે **अयम् एकः, न द्वौ** અર્થાત્ 'આ એક ઘડો છે, બે ઘડા નથી' તેવી બુદ્ધિ પેદા થાય છે, પણ એક જ ઘડામાં બે ઘડાની બુદ્ધિ તો થતી નથી જ. તો અહીં દ્વિત્વ સમવાયસંબંધથી હાજર હોવા છતાં '**इमौ द्वौ घटौ**' એવી બુદ્ધિ કેમ નથી થતી ? અને 'આ એક ઘટ છે' તેવી બુદ્ધિ કેમ થાય છે ? તેથી માનવું જ પડે કે સમવાયસંબંધ સિવાયનો અન્ય એક સંબંધ પાસે પડેલા આ બંને ઘડામાં રહ્યો છે. જ્યારે તે સંબંધનું જ્ઞાન થાય છે ત્યારે **इमौ द्वौ घटौ** એવી બુદ્ધિ થાય છે અને જ્યારે તે સંબંધનું જ્ઞાન થતું નથી ત્યારે **अयम् एकः** એવી બુદ્ધિ થાય છે. જે સંબંધના જ્ઞાનથી આ બુદ્ધિ થાય છે તેને પર્યાપ્તિ સંબંધ કહેવાય છે. આ પર્યાપ્તિસંબંધથી દ્વિત્વ વગેરે ઘટાદિમાં રહે છે. જ્યાં સુધી આ પર્યાપ્તિસંબંધનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી આપણને **इमौ द्वौ घटौ** વગેરે પ્રતીતિ થતી નથી.

આ પર્યાપ્તિસંબંધ અનેકમાં રહેલો છે. પર્યાપ્તિસંબંધ એટલે જે બધામાં પર્યાપ્ત થઈને અનેકમાં આશ્રયીને રહે તે સંબંધ. જો પંદર ઘડા સાથે પડ્યા હોય તો બધામાં પઞ્ચદશત્વ સમવાયસંબંધથી રહેલું જ છે, છતાં જ્યાં સુધી પર્યાપ્તિસંબંધનું જ્ઞાન નહીં થાય ત્યાં સુધી 'આ પંદર ઘડા છે' તેવી બુદ્ધિ પણ થશે નહીં. પણ જેવો પર્યાપ્તિસંબંધ ઉપસ્થિત થશે કે તરત જ આપણને **इमे पञ्चदश घटाः** બુદ્ધિ થઈ જ જશે.

જ્યારે અપેક્ષાબુદ્ધિનો નાશ થાય ત્યારે દ્વિત્વ, ત્રિત્વ વગેરેનો પણ નાશ થાય છે. બધા યોગ્યવિભુ ગુણો તૃતીય ક્ષણમાં નાશ પામતાં હોવા છતાં આ અપેક્ષાબુદ્ધિ રૂપ યોગ્યવિભુ ગુણ તૃતીય ક્ષણમાં નાશ ન પામતાં ચતુર્થ ક્ષણમાં નાશ પામે છે અને તેથી દ્વિત્વાદિનો નાશ પાંચમી ક્ષણમાં થાય છે.

સૌપ્રથમ **अयम् एकः, अयम् एकः इति इमौ दौ** ઇત્યાકારક અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી બીજી ક્ષણે તે બંને વસ્તુમાં દ્વિત્વ ઉત્પન્ન થાય છે. તેથી તેના પછીની ત્રીજી ક્ષણમાં દ્વિત્વનું 'દ્વિત્વ દ્વિત્વત્વે' એવું નિર્વિકલ્પક જ્ઞાન થશે. (જેમ ઘટનું પ્રત્યક્ષ થતાં પૂર્વે 'ઘટ ઘટત્વે' એવું નિર્વિકલ્પક જ્ઞાન થાય છે તેમ.) ત્યાર પછીની ચોથી ક્ષણમાં

દ્વિત્વત્વવિશિષ્ટ દ્વિત્વનું (વિશેષણવિશિષ્ટ વિશેષ્યનું) સવિકલ્પક પ્રત્યક્ષ થાય છે અને તે જ વખતે અપેક્ષાબુદ્ધિનો નાશ થાય છે. અપેક્ષાબુદ્ધિનો નાશ થતાં જ ત્યાર પછીની પાંચમી ક્ષણે દ્વિત્વાદિનો પણ નાશ થઈ જાય છે.

---

**मुक्तावली : यद्यपि ज्ञानानां द्विक्षणमात्रस्थायित्वं, योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिविशेषगुणनाश्यत्वात्, तथाप्यपेक्षाबुद्धेस्त्रिक्षणावस्थायित्वं कल्प्यते । अन्यथा निर्विकल्पककालेऽपेक्षाबुद्धिनाशानन्तरं द्वित्वस्यैव नाशः स्यात्, न तु द्वित्वप्रत्यक्षं, तदानीं विषयाभावात्, विद्यमानस्यैव चक्षुरादिना ज्ञानजननोपगमात् । तस्माद्द्वित्वप्रत्यक्षादिकमपेक्षाबुद्धेर्नाशकं कल्प्यते । न चापेक्षाबुद्धिनाशात् कथं द्वित्वनाश इति वाच्यम्, कालान्तरे द्वित्वप्रत्यक्षाभावात्, अपेक्षाबुद्धिस्तदुत्पादिका, तन्नाशात्तन्नाश इति कल्पनात् । अत एव तत्पुरुषीयापेक्षाबुद्धिजन्यद्वित्वादिकं तेनैव गृह्यत इति कल्प्यते । न चापेक्षाबुद्धेर्द्वित्वप्रत्यक्षे कारणत्वमस्त्विति वाच्यम्, लाघवेन द्वित्वं प्रत्येव कारणत्वस्योचितत्वात् ।**

---

મુક્તાવલી : શંકાકાર : '**योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिविशेषगुणनाश्यत्वात्**' નિયમથી અપેક્ષાબુદ્ધિ યોગ્યવિભુ વિશેષગુણ હોવાથી તેનો નાશ તૃતીય ક્ષણમાં થવો જ જોઈએ. છતાં પણ તમે તેનો તૃતીય ક્ષણમાં નાશ માનવાના બદલે ચતુર્થ ક્ષણમાં નાશ માનીને અપેક્ષાબુદ્ધિને ત્રિક્ષણસ્થાયી માનો છો તેનું શું કારણ ? તેને પણ દ્વિક્ષણસ્થાયી માની હોત તો શું આપત્તિ આવત ? કે જેના કારણે તમે એક ક્ષણ વધારે માનવાના ગૌરવને પણ દોષ માન્યો નહીં ?

**નૈયાયિક** : '**योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिविशेषगुणनाश्यत्वात्**' નિયમથી જો અપેક્ષાબુદ્ધિને પણ દ્વિક્ષણસ્થાયી માનીએ તો તૃતીય ક્ષણમાં તેનો નાશ માનવો પડે, અર્થાત્ જે ક્ષણમાં દ્વિત્વનું નિર્વિકલ્પક પ્રત્યક્ષ થાય છે તે જ ક્ષણમાં અપેક્ષાબુદ્ધિનો નાશ માનવો પડે અને તેથી ત્યાર પછીની ચોથી ક્ષણમાં દ્વિત્વાદિનો પણ નાશ માનવો પડે, કેમકે દ્વિત્વનાશમાં અપેક્ષાબુદ્ધિનાશ કારણ છે. કારણ હાજર થતાં કાર્ય થવું જ જોઈએ. તેથી ચોથી ક્ષણમાં જ દ્વિત્વનો નાશ માનવો પડશે.

હકીકતમાં આ ચોથી ક્ષણમાં દ્વિત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ થાય છે. પણ દ્વિત્વનો નાશ

થઈ જવાથી હવે ચોથી ક્ષણમાં દ્વિત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ જ ન થવાની આપત્તિ આવશે, કારણ કે ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પોતાના વિષય સાથે સંનિકર્ષ કરીને જ ચાક્ષુષાદિ પ્રત્યક્ષ કરે છે, અર્થાત્ વિષયની હાજરીમાં જ વિષયનું પ્રત્યક્ષ થઈ શકે છે પણ વિષયની ગેરહાજરીમાં વિષયનું પ્રત્યક્ષ થઈ શકતું નથી. તેથી ચોથી ક્ષણે જો દ્વિત્વ વિષય જ હાજર ન હોય તો તે ક્ષણે દ્વિત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ જ શી રીતે થાય ?

પણ હકીકતમાં તો દ્વિત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ થાય જ છે. તેથી માનવું જ પડે કે ચોથી ક્ષણમાં દ્વિત્વ હાજર છે પણ નાશ પામ્યું નથી અને તેથી તૃતીય ક્ષણમાં અપેક્ષાબુદ્ધિ પણ હાજર છે તેમ માનવું જ રહ્યું, કેમકે ત્રીજી ક્ષણમાં અપેક્ષાબુદ્ધિનો નાશ થાય તો ચોથી ક્ષણમાં દ્વિત્વાદિનો પણ નાશ થઈ જ જાય, અને તો તો દ્વિત્વાદિનું સવિકલ્પક પ્રત્યક્ષ જ ન થાય. માટે ત્રીજી ક્ષણમાં અપેક્ષાબુદ્ધિની હાજરી માનવી જ જોઈએ, અર્થાત્ અપેક્ષાબુદ્ધિને દ્વિક્ષણસ્થાયી ન માનતાં ત્રિક્ષણસ્થાયી માનવી જોઈએ.

**શંકાકાર :** તો પછી અપેક્ષાબુદ્ધિનો નાશ કોણ કરશે ? પૂર્વે તો સ્વોત્તરવૃત્તિવિશેષ-ગુણને નાશક માન્યો હતો, પણ તે તો ત્રીજી ક્ષણે જ નાશ કરે. પરંતુ જો અપેક્ષાબુદ્ધિ તેના દ્વારા ત્રીજી ક્ષણે નાશ પામતી ન હોય તો હવે તેનો નાશક ન હોવાથી અપેક્ષાબુદ્ધિનો ચોથી ક્ષણે પણ નાશ શી રીતે થશે ?

**નૈયાયિક :** જે જન્ય હોય તે વિનાશી જ હોય. તેથી અપેક્ષાબુદ્ધિ જન્ય હોવાથી તેનો નાશ તો માનવો જ પડે. તેથી દ્વિત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ પોતે જ અપેક્ષાબુદ્ધિનું નાશક બને છે તેમ માનવું જોઈએ. પ્રથમ ક્ષણે જે અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થશે તે બીજી ક્ષણે દ્વિત્વ ઉત્પન્ન કરશે, તેનાથી ત્રીજી ક્ષણે દ્વિત્વનું નિર્વિકલ્પક જ્ઞાન થશે અને ચોથી ક્ષણે દ્વિત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ થશે. અને તે સવિકલ્પક પ્રત્યક્ષ જ ચોથી ક્ષણે અપેક્ષાબુદ્ધિનો નાશ કરશે. અને તેની પાંચમી ક્ષણે દ્વિત્વનો પણ નાશ થઈ જશે.

**શંકાકાર :** ચોથી ક્ષણે અપેક્ષાબુદ્ધિનો ભલે નાશ થાય, પણ તેથી કાંઈ દ્વિત્વને નાશ પામવાની શું જરૂર છે ? શું ઉત્પાદકનો નાશ થાય તો તેનાથી ઉત્પન્ન થયેલી વસ્તુ પણ નાશ પામી જાય ? જે દંડે ઘટને ઉત્પન્ન કર્યો તે દંડનો નાશ થવા છતાં ઘટનો નાશ થયો ન હોય તેવું પણ બને તો છે જ. તો પછી જે અપેક્ષાબુદ્ધિએ દ્વિત્વને ઉત્પન્ન કર્યું તે અપેક્ષાબુદ્ધિનો નાશ થવાથી તેની ઉત્તરક્ષણે દ્વિત્વનો પણ નાશ થઈ જ જાય છે તેમ શા માટે માનો છો ?

**નૈયાયિક :** જો અપેક્ષાબુદ્ધિનો નાશ થવા છતાં દ્વિત્વનો નાશ થાય છે તેવું ન માનો તો ચોથી ક્ષણે અપેક્ષાબુદ્ધિનો નાશ થઈ ગયા પછી પણ કાલાન્તરે દ્વિત્વનું પ્રત્યક્ષ થવાની

આપત્તિ આવશે, કેમકે દ્વિત્વ-પ્રત્યક્ષનું કારણ દ્વિત્વ નાશ પામ્યું નથી. પણ હકીકતમાં તો આપણને પ્રત્યેક ક્ષણે દ્વિત્વની બુદ્ધિ થતી નથી, તેથી માનવું જ જોઈએ કે દ્વિત્વનો નાશ થઈ ગયો છે. તે દ્વિત્વનો નાશક અન્ય કોઈ ન હોવાથી જેણે દ્વિત્વને ઉત્પન્ન કર્યું છે તે અપેક્ષાબુદ્ધિના નાશને જ દ્વિત્વનાશક માનવો જોઈએ.

અને તેથી જ તત્પુરુષીય અપેક્ષાબુદ્ધિથી ઉત્પન્ન થયેલ દ્વિત્વ તે પુરુષથી જ ગ્રાહ્ય બને છે પણ અન્ય પુરુષથી નહીં. જો ત્રિક્ષણસ્થાયી અપેક્ષાબુદ્ધિનાશે દ્વિત્વનાશ થતો ન હોત તો એકવાર અપેક્ષાબુદ્ધિથી દ્વિત્વ ઉત્પન્ન થયા પછી તે દ્વિત્વનો નાશ ન થવાથી ગમે ત્યારે દ્વિત્વની બુદ્ધિ ગમે તે વ્યક્તિને ઉત્પન્ન થઈ જવી જોઈએ. પણ તેમ થતું તો નથી પણ અપેક્ષાબુદ્ધિથી ફરી દ્વિત્વ ઉત્પન્ન થાય પછી જ દ્વિત્વબુદ્ધિ પેદા થાય છે. માટે દ્વિત્વનો નાશ અપેક્ષાબુદ્ધિનાશની ઉત્તરક્ષણે માનવો જ જોઈએ.

**શંકાકાર** : પણ દ્વિત્વની ઉત્પત્તિમાં અપેક્ષાબુદ્ધિની ઉત્પત્તિને અને દ્વિત્વનાશમાં અપેક્ષાબુદ્ધિના નાશને કારણ માનવા કરતાં દ્વિત્વપ્રત્યક્ષમાં જ અપેક્ષાબુદ્ધિને કારણ કેમ ન માનવું જોઈએ ? અર્થાત્ પદાર્થમાં દ્વિત્વની સત્તા તો સદા છે જ, પણ જ્યાં સુધી અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થતી નથી ત્યાં સુધી તેનું પ્રત્યક્ષ થતું નથી અને જ્યારે અપેક્ષાબુદ્ધિનો નાશ થાય છે ત્યારે દ્વિત્વનું પ્રત્યક્ષ થવાનું પણ બંધ થાય છે. આમ માનવાથી અપેક્ષાબુદ્ધિના નાશે દ્વિત્વનો નાશ માનવો જરૂરી નહીં રહે.

**નૈયાયિક : तद्धेतोः किं तेन ?** ન્યાયે જ્યારે કારણથી જ પતી જતું હોય ત્યારે કાર્યને માનવાની શી જરૂર છે ? અહીં દ્વિત્વરૂપ કારણ પ્રત્યે અપેક્ષાબુદ્ધિને કારણ માનવાથી કોઈ આપત્તિ આવતી નથી તો દ્વિત્વના કાર્ય દ્વિત્વપ્રત્યક્ષના કારણ તરીકે અપેક્ષાબુદ્ધિને માનવાની જરૂર નથી, કેમકે તેમ માનવામાં શરીરકૃતગૌરવ થાય છે. જો દ્વિત્વને કાર્ય માનો તો કાર્યતાવચ્છેદક દ્વિત્વત્વ બનશે અને દ્વિત્વપ્રત્યક્ષને કાર્ય માનશો તો કાર્યતાવચ્છેદક દ્વિત્વપ્રત્યક્ષત્વ બનશે. અહીં દ્વિત્વત્વને કાર્યતાવચ્છેદક માનવામાં લાઘવ હોવાથી અપેક્ષાબુદ્ધિને દ્વિત્વનું કારણ માનવું જોઈએ.

---

**मुक्तावली : अतीन्द्रिये द्व्यणुकादावपेक्षाबुद्धिर्योगिनां सर्गादिकालीन-परमाण्वादावीश्वरीयापेक्षाबुद्धिः ब्रह्माण्डान्तरवर्तियोगिनामपेक्षाबुद्धिर्वा द्वित्वादिकारणमिति ॥**

---

**મુક્તાવલી : શંકાકાર** : દ્વિત્વ તો પદાર્થમાં હોય જ છે. તેના પ્રત્યક્ષ પ્રત્યે જ

અપેક્ષાબુદ્ધિને કારણ માનવી જોઈએ, કેમકે તેમ ન માનો તો કારણ વિના કાર્ય ઉત્પન્ન થવાથી વ્યતિરેકવ્યભિચાર આવે છે. જેમકે દ્વયણુક તો અતીન્દ્રિય છે. તેથી તેના બે પરમાણુમાં જે દ્વિત્વોત્પત્તિ રૂપ કાર્ય થાય છે તેમાં કોઈની અપેક્ષાબુદ્ધિ કારણ ન હોવાથી કારણ વિના પણ કાર્ય થવાની આપત્તિ આવી. પરમાણુનું પ્રત્યક્ષ જ થતું ન હોવાથી અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન શી રીતે થશે ?

**નૈયાયિક** : દ્વયણુકના પરમાણુમાં દ્વિત્વ પણ ઉત્પન્ન નહીં થાય તેમ માનો ને ?

**શંકાકાર** : ના, તેમ તો માની શકાય તેમ જ નથી, કેમકે દ્વયણુકના પરમાણુમાં રહેલા દ્વિત્વથી દ્વયણુકના પરિમાણની અને દ્વયણુકમાં રહેલા ત્રિત્વથી ત્ર્યણુકના પરિમાણની ઉત્પત્તિ થાય છે. હવે જો દ્વયણુકાદિમાં દ્વિત્વાદિ ઉત્પન્ન જ ન થતાં હોય તો દ્વયણુકાદિના પરિમાણની ઉત્પત્તિ શી રીતે થશે ?

**નૈયાયિક** : તમારી વાત સાચી છે પણ યોગીઓને પરમાણુ વગેરે અતીન્દ્રિયોનું પ્રત્યક્ષ હોવાથી તેમની અપેક્ષાબુદ્ધિથી તેવા અતીન્દ્રિય પદાર્થોમાં પણ દ્વિત્વાદિ ઉત્પન્ન થઈ જશે અને તેથી દ્વયણુકાદિના પરિમાણની ઉત્પત્તિ થવામાં પણ કોઈ આપત્તિ આવશે નહીં.

**શંકાકાર** : પણ સર્ગાદ્યકાલે તો કોઈ યોગીઓ હતા જ નહીં તો ત્યારે અપેક્ષાબુદ્ધિ ન હોવાથી પરમાણુ વગેરેમાં દ્વિત્વોત્પત્તિ કેવી રીતે થઈ ?

**નૈયાયિક** : સર્ગાદિકાલીન પરમાણુ વગેરેમાં દ્વિત્વની ઉત્પત્તિ યોગીઓ ન હોવાથી ઈશ્વરીય અપેક્ષાબુદ્ધિથી થશે અથવા તો બ્રહ્માંડ અનંત છે, તેથી એક બ્રહ્માંડનો પ્રલય થવા છતાં બ્રહ્માંડાન્તરમાં રહેલા યોગીઓની અપેક્ષાબુદ્ધિથી સર્ગાદ્યકાલીન પરમાણુમાં દ્વિત્વોત્પત્તિ થશે.

---

**कारिकावली : अनेकैकत्वबुद्धिर्या साऽपेक्षाबुद्धिरिष्यते ।**

---

**मुक्तावली : अपेक्षाबुद्धिः केत्यत आह - अनेकैकत्वेति । अयमेकोऽयमेक इत्याकारिकेत्यर्थः । इदं तु बोध्यम्-यत्राऽनियतैकत्वज्ञानं तत्र त्रित्वादिभिन्ना बहुत्वसंख्योत्पद्यते, यथा सेनावनादाविति कन्दलीकारः । आचार्यास्तु त्रित्वादिकमेव बहुत्वं मन्यन्ते, तथा च त्रित्वत्वादिव्यापिका बहुत्वत्व-जातिर्नाऽतिरिच्यते । सेनावनादावुत्पन्नेऽपि त्रित्वादौ त्रित्वत्वाद्यग्रहो दोषात् ।**

**इत्थं चेतो बहुतरेयं सेनेति प्रतीतिरुपपद्यते । बहुत्वस्य संख्यान्तरत्वे तु तत्तारतम्याभावान्नोपपद्येतेत्यवधेयम् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** આ અપેક્ષાબુદ્ધિ શું છે ?

**નૈયાયિક : 'अयम् एकः, अयम् एकः'** એવી જે બુદ્ધિ છે તેને અપેક્ષાબુદ્ધિ કહેવાય છે.

**કન્દલીકાર :** જ્યાં અનિયતરૂપે એકત્વનું જ્ઞાન છે ત્યાં ત્રિત્વાદિથી ભિન્ન એવી એક બહુત્વ સંખ્યા ઉત્પન્ન થાય છે તેમ માનવું જોઈએ. જ્યાં સો માણસોનો સમૂહ છે ત્યાં આ એક, આ એક, આ એક, એમ બધાયમાં એકત્વનું જ્ઞાન છે પણ તે અનિયત છે, એટલે કે ૫૦ એક એક છે, ૬૦ એક એક છે કે ૧૦૦ એક એક છે એવું નિયત જ્ઞાન નથી, અર્થાત્ જ્યાં આવું અનિયત એકત્વ જ્ઞાન હોય ત્યાં બહુત્વ-સંખ્યાની ઉત્પત્તિ થાય છે. અને તેથી બહુત્વનું પ્રત્યક્ષ થતાં આ બહુ (ઘણા) માણસો છે તેવું જ આપણને જ્ઞાન થાય છે. (ઉદયનાચાર્ય તો ત્રિત્વાદિને જ બહુત્વ કહે છે. એટલે અહીં ત્રિત્વાદિથી ભિન્ન બહુત્વસંખ્યા સ્વતંત્ર કહી.)

સેનાવન = સેના અને વન. 'આ મોટી (બહુ) સેના છે' 'આ મોટું વન છે' 'આ ઘણા સૈનિકો છે' વગેરેમાં તેઓમાં રહેલા બહુત્વનું પ્રત્યક્ષ થયું છે.

**ઉદયનાચાર્ય :** ત્રિત્વાદિ સંખ્યા જ બહુત્વ છે. ત્રિત્વાદિની વ્યાપક બહુત્વસંખ્યા છે. જ્યાં ત્રિત્વાદિ હોય ત્યાં બહુત્વ હોય. આમ ત્રિત્વત્વવ્યાપક બહુત્વત્વ જાતિ બની. તેથી ત્રિત્વાદિ સંખ્યા જ બહુત્વરૂપ છે, માટે તુલ્યત્વ જાતિબાધકથી બહુત્વત્વ એ અતિરિક્ત જાતિ બની શકશે નહીં, કેમકે જેમ ઘટત્વ અને કળશત્વમાં તુલ્યતા છે તેમ ત્રિત્વત્વ અને બહુત્વત્વમાં પણ તુલ્યતા છે.

**શંકાકાર :** સેનાના સમૂહમાં, વનમાં રહેલા વૃક્ષોના સમૂહમાં ત્રિત્વાદિ તો ઉત્પન્ન થાય જ છે, તો પછી ત્યાં ત્રિત્વાદિનો ગ્રહ ન થતાં બહુત્વનો ગ્રહ થવાનું શું કારણ? આપણને તો ઘણા સૈનિકોવાળી સેના છે કે ઘણા વૃક્ષોનો સમૂહ છે તેવી જ બુદ્ધિ થાય છે. તેનું કારણ શું ?

**નૈયાયિક : दोषात् ।** નિયતૈકત્વજ્ઞાનાભાવ રૂપ દોષ હાજર હોવાથી તે ત્રિત્વાદિનો ગ્રહ કરાવતો નથી પણ બહુત્વનું જ્ઞાન જ કરાવે છે. નિશ્ચિત સો વગેરેની સંખ્યાનો જ્ઞાનાભાવ હોવાથી ત્રિત્વાદિની ઉત્પત્તિ થવાને બદલે બહુત્વની જ ઉત્પત્તિ થાય છે.

તેથી ત્રિત્વાદિથી બહુત્વ કોઈ ભિન્ન સંખ્યા નથી પણ એક જ છે. જો તમે ત્રિત્વાદિથી બહુત્વને ભિન્ન માનશો તો 'આ સેના કરતાં આ સેના બહુતર છે' તેવી જે પ્રતીતિ થાય છે તે અનુપપન્ન થવાની આપત્તિ આવશે. જો બહુત્વને ત્રિત્વાદિથી ભિન્ન એક સ્વતંત્ર સંખ્યા માનવામાં આવે તો બે ય સેનામાં બહુત્વ રહ્યું હોવાથી આ બે સેના બહુ છે, અર્થાત્ મોટી છે એટલું જ જ્ઞાન થાય, પણ આ સેનાથી આ સેના મોટી છે તેવી બહુ-બહુતરની પ્રતીતિ થઈ શકે નહીં.

અમારા મતે તો ત્રિત્વાદિ સંખ્યાઓ જ બહુત્વસંખ્યા છે. એટલે ત્રિત્વાદિના તારતમ્યથી બહુ-બહુતરનું તારતમ્ય પણ ઉપપન્ન થઈ જ જશે. તેથી બહુત્વને ત્રિત્વાદિથી ભિન્ન સંખ્યા મનાય નહીં.

## પરિમાણ-નિરૂપણ


**कारिकावली :** परिमाणं भवेन्मानव्यवहारस्य कारणम् ॥१०९॥
अणु दीर्घं महद्ह्रस्वमिति तद्भेद ईरितः ।
अनित्ये तदनित्यं स्यान्नित्ये नित्यमुदाहृतम् ॥११०॥
सङ्ख्यातः परिमाणाच्च प्रचयादपि जायते ।

**मुक्तावली :** परिमाणं निरूपयति-परिमाणमिति । परिमितिव्यवहारासाधारणं कारणं परिमाणमित्यर्थः ॥ तच्चतुर्विधम्-अणु महद्दीर्घं ह्रस्वं चेति। तत्= परिमाणम्। नित्यमित्यत्र परिमाणमित्यनुषज्यते । जायत इत्यत्रापि परिमाणमित्यनुवर्तते । अनित्यमिति पूर्वेणान्वितम् । तथा चानित्यपरिमाणं संख्याजन्यं परिमाणजन्यं प्रचयजन्यं चेत्यर्थः ।

**મુક્તાવલી : (૬) પરિમાણ-નિરૂપણ :** માપવાનું અસાધારણ કારણ તે પરિમાણ. આકાશાદિમાં અતિવ્યાપ્તિ નિવારવા અસાધારણ પદનું ઉપાદાન કર્યું છે. આ પરિમાણ ચાર પ્રકારનું છે : (૧) અણુ = નાનું (૨) મહત્ = મોટું (૩) દીર્ઘ = લાંબુ અને (૪) હ્રસ્વ = ટૂંકું.

આ પરિમાણ નિત્ય પદાર્થોમાં નિત્ય છે અને અનિત્ય પદાર્થોમાં અનિત્ય છે.

આ અનિત્ય પરિમાણ ત્રણ પ્રકારનું છે : (૧) સંખ્યાજન્ય પરિમાણ (૨) પરિમાણજન્ય પરિમાણ અને (૩) પ્રચયજન્ય પરિમાણ.



कारिकावली : अनित्यं द्व्यणुकादौ तु संख्याजन्यमुदाहृतम् ॥१११॥

मुक्तावली : तत्र संख्याजन्यमुदाहरति-द्व्यणुकादाविति । द्व्यणुकस्य त्रसरेणोश्च परिमाणं प्रति परमाणुपरिमाणं द्व्यणुकपरिमाणं वा न कारणम् । परिमाणस्य स्वसमानजातीयोत्कृष्टपरिमाणजनकत्वनियमात् । द्व्यणुकस्याणुपरिमाणं तु परमाण्वणुत्वापेक्षया नोत्कृष्टम् । त्रसरेणुपरिमाणं तु न सजातीयम् । अतः परमाणौ द्वित्वसंख्या द्व्यणुकपरिमाणस्य, द्व्यणुके त्रित्वसंख्या च त्रसरेणुपरिमाणस्याऽसमवायिकारणमित्यर्थः ॥

**મુક્તાવલી : (૧) સંખ્યાજન્ય પરિમાણ :** દ્વયણુકાદિનું પરિમાણ સંખ્યાજન્ય પરિમાણ છે, કારણ કે તે દ્વિત્વ, ત્રિત્વ વગેરે સંખ્યાઓ વડે ઉત્પન્ન થાય છે.

**શંકાકાર :** પરમાણુના પરિમાણથી દ્વયણુકનું પરિમાણ અને દ્વયણુકના પરિમાણથી ત્રસરેણુનું પરિમાણ ઉત્પન્ન થાય છે તેમ માનો ને ? તેમ માનવાથી તેઓ પરિમાણજન્ય પરિમાણ બનતાં માત્ર બે જ પ્રકાર માનવાનું લાઘવ થશે.

**નૈયાયિક :** પરમાણુનું પરિમાણ દ્વયણુકના પરિમાણને કે દ્વયણુકનું પરિમાણ ત્રસરેણુના પરિમાણને ઉત્પન્ન કરી શકતું જ નથી, કારણ કે આપણે પૂર્વે પ્રત્યક્ષખંડના સાધર્મ્ય-પ્રકરણમાં જોઈ ગયા તે પ્રમાણે કોઈપણ પરિમાણ સ્વસમાનજાતીય અને સ્વાપેક્ષયા ઉત્કૃષ્ટ પરિમાણને જ ઉત્પન્ન કરી શકે છે તેવો નિયમ છે.

હવે જો પરમાણુનું પરિમાણ દ્વયણુકના પરિમાણને ઉત્પન્ન કરે છે તેમ માનીએ તો પરમાણુનું પરિમાણ અણુ હોવાથી તેના વડે અણુપરિમાણ (સ્વસમાનજાતીય) જ ઉત્પન્ન થવું જોઈએ અને વળી તે પોતાના કરતાં ઉત્કૃષ્ટ હોવું જોઈએ. દ્વયણુકનું પરિમાણ પણ અણુ જ હોવાથી પરમાણુના પરિમાણથી સ્વસમાનજાતીય દ્વયણુકનું અણુપરિમાણ ઉત્પન્ન થયું હોવાથી કોઈ જ આપત્તિ નથી. પણ પરમાણુના પરિમાણથી દ્વયણુકનું પરિમાણ ઉત્કૃષ્ટ હોવું જોઈએ. પણ તે ઉત્કૃષ્ટ હોતું નથી, કેમકે પરમાણુનું પરિમાણ અણુ હોવાથી તેના વડે ઉત્પન્ન થયેલા દ્વયણુકનું પરિમાણ અણુતર=સૂક્ષ્મતર થાય છે, અર્થાત્ પરમાણુના પરિમાણ કરતાં દ્વયણુકનું પરિમાણ વધુ સૂક્ષ્મ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે.

વળી દ્વયણુકના પરિમાણને ત્રસરેણુના પરિમાણનું કારણ માનશો તો દ્વયણુકના પરિમાણથી સ્વસમાનજાતીય એવું અણુપરિમાણ ઉત્પન્ન થવું જોઈએ, કેમકે દ્વયણુકનું

અણુપરિમાણ છે, પણ તેનાથી ઉત્પન્ન થતાં ત્રસરેણુનું તો મહત્પરિમાણ છે. તેથી અણુપરિમાણે સ્વસમાનજાતીય નહીં પણ સ્વવિજાતીય મહત્પરિમાણને ઉત્પન્ન કર્યાની આપત્તિ આવી. તેથી દ્વ્યણુકના પરિમાણને ત્રસરેણુના પરિમાણનું કારણ શી રીતે માની શકાય ?

વળી પૂર્વે જોયા પ્રમાણે પરમાણુના પરિમાણથી ઉત્પન્ન થયેલા દ્વ્યણુકનું પરિમાણ સૂક્ષ્મતર ઉત્પન્ન થશે અને આ દ્વ્યણુકના પરિમાણથી ઉત્પન્ન થનાર ત્રસરેણુનું પરિમાણ પોતાના કરતાં ઉત્કૃષ્ટ અર્થાત્ અણુતમ=સૂક્ષ્મતમ ઉત્પન્ન થશે. અને પછી ત્ર્યણુકના પરિમાણથી ઉત્પન્ન થનાર ચતુરણુકનું પરિમાણ તેનાથી ય સૂક્ષ્મ થશે. એમ કરતાં કરતાં છેલ્લે કપાલના પરિમાણથી ઉત્પન્ન થનારા ઘટનું પરિમાણ કપાલના અતિસૂક્ષ્મ પરિમાણ કરતાં ય સૂક્ષ્મતર માનવું પડશે. આ રીતે કપાલિકા, કપાલ, ઘટ વગેરે તમામ અવયવીઓનું પરિમાણ પરમાણુના પરિમાણ કરતાં ય અત્યંત સૂક્ષ્મ બની જતાં જગતની તમામ વસ્તુઓનું અપ્રત્યક્ષ થઈ જવાની આપત્તિ આવશે, કેમકે મહત્પરિમાણ દ્રવ્ય-ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે કારણ છે. તે મહત્પરિમાણનો જ અભાવ થઈ જતાં કોઈપણ દ્રવ્યનું ચાક્ષુષપ્રત્યક્ષ ન થવાની આપત્તિ આવશે.

આ આપત્તિના નિવારણ માટે જ પરમાણુના પરિમાણને દ્વ્યણુકના પરિમાણનું કારણ મનાતું નથી કે દ્વ્યણુકના પરિમાણને ત્રસરેણુના પરિમાણનું કારણ મનાતું નથી. તેથી દ્વ્યણુકનું અને ત્રસરેણુનું પરિમાણ એ પરિમાણજન્ય પરિમાણ માની શકાય નહીં.

**શંકાકાર :** જો દ્વ્યણુક અને ત્રસરેણુનું પરિમાણ એ પરિમાણજન્ય પરિમાણ નથી તો કોનાથી જન્ય પરિમાણ છે ?

**નૈયાયિક :** દ્વ્યણુકનું પરિમાણ પરમાણુદ્વયમાં રહેલી દ્વિત્વ સંખ્યાથી જન્ય માનવું જોઈએ અને ત્ર્યણુક=ત્રસરેણુનું પરિમાણ દ્વ્યણુકમાં રહેલી ત્રિત્વ સંખ્યાથી જન્ય માનવું જોઈએ. ત્રિત્વ એ બહુત્વ સંખ્યા છે, તેથી ત્રિત્વ સંખ્યાથી ઉત્પન્ન થયેલા પરિમાણને મહત્પરિમાણ કહેવાય છે. આમ દ્વ્યણુક અને ત્ર્યણુકનું પરિમાણ દ્વિત્વ-ત્રિત્વ સંખ્યાથી જન્ય હોવાથી તેમને સંખ્યાજન્ય પરિમાણ કહેવાય છે.

---

**कारिकावली : परिमाणं घटादौ तु परिमाणजमुच्यते ।**

**प्रचयः शिथिलाख्यो यः संयोगस्तेन जन्यते ॥११२॥**

**परिमाणं तूलकादौ नाशस्त्वाश्रयनाशतः ।**

---

**मुक्तावली : परिमाणजन्यं परिमाणमुदाहरति-परिमाणं घटादाविति । घटादिपरिमाणं कपालादिपरिमाणजन्यम् । प्रचयजन्यमुदाहर्तुं प्रचयं निर्वक्ति-प्रचय इति । परिमाणं चाश्रयनाशादेव नश्यतीत्याह-नाश इति । अर्थात्परिमाणस्यैव।**

---

**મુક્તાવલી : (૨) પરિમાણજન્ય પરિમાણ :** ત્ર્યણુકના પરિમાણથી ચતુરણુકનું પરિમાણ ઉત્પન્ન થઈ શકે છે, કેમકે ત્ર્યણુકનું મહત્પરિમાણ છે અને તેનાથી સ્વસજાતીય મહત્પરિમાણ જ ચતુરણુકનું ઉત્પન્ન થાય છે અને તે ત્ર્યણુક-પરિમાણથી ઉત્કૃષ્ટ અર્થાત્ મહત્તર હોય જ છે, તેથી ચતુરણુક વગેરેના પરિમાણને પરિમાણથી જન્ય માનવામાં કોઈ આપત્તિ નથી. તે રીતે કરતાં કરતાં કપાલિકાના પરિમાણથી કપાલનું પરિમાણ અને કપાલના પરિમાણથી ઘટનું પરિમાણ ઉત્પન્ન થાય છે. તેથી આ બધા પરિમાણને પરિમાણજન્ય પરિમાણ કહેવાય છે.

(૩) **પ્રચયજન્ય પરિમાણ :** પ્રચય = શિથીલ એવો જે સંયોગ. આવા શિથીલ સંયોગથી જે પરિમાણ ઉત્પન્ન થાય તે પ્રચયજન્ય પરિમાણ કહેવાય. રૂનું પરિમાણ પ્રચયજન્ય કહેવાય છે, કેમકે તેને પીંજવાથી તેનો સંયોગ અત્યંત શિથિલ બની જાય છે, અને તેનાથી તેનું પરિમાણ ઉત્પન્ન થાય છે.

આ પરિમાણ ગુણ પોતાના આશ્રયનો નાશ થવાથી નાશ પામે છે અને જ્યાં સુધી પોતાના આશ્રયનો નાશ થતો નથી ત્યાં સુધી નાશ પામતો નથી.

---

**मुक्तावली : न चावयविनाशः कथं परिमाणनाशकः ? सत्यप्यवयविनि त्रिचतुरादिपरमाणुविश्लेषे तदुपचये वावयविनः प्रत्यभिज्ञानेऽपि परिमाणान्तरस्य प्रत्यक्षसिद्धत्वादिति वाच्यम्, परमाणुविश्लेषे हि द्व्यणुकस्य नाशोऽवश्यमभ्युपेयस्तन्नाशे च त्र्यणुकनाशः, एवं क्रमेण महावयविनो नाशस्यावश्यकत्वात् । सति च नाशकेऽनभ्युपगममात्रेण नाशस्यापलपितु-मशक्यत्वात् । शरीरादाववयवोपचयेऽसमवायिकारणनाशस्यावश्यकत्वाद-वयविनाश आवश्यकः ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** આશ્રય અર્થાત્ અવયવીનો નાશ થવા માત્રથી તેના

પરિમાણનો પણ નાશ થાય છે તેવી તમારી વાત માની શકાય તેમ નથી, કારણ કે જ્યારે ઘટ અવયવી વિદ્યમાન છે ત્યારે તેમાંથી ત્રણ-ચાર પરમાણુ કાઢી લઈએ કે તેમાં ત્રણ-ચાર નવા પરમાણુ ઉમેરી દઈએ તો ઘટનું પરિમાણ ઓછું થતાં કે વધારે થતાં ઘટના પૂર્વ પરિમાણનો તો નાશ થયો જ, પરંતુ તે પરિમાણનો આશ્રય ઘટ હજુ વિદ્યમાન હોવાથી તે ઘટનો તો નાશ થયો નથી જ. આમ આશ્રયનાશ થયા વિના પરિમાણનાશ થતો જોવા મળવાથી તમારી વાતમાં વ્યતિરેક વ્યભિચાર આવ્યો.

**નૈયાયિક :** ના, અમારી વાતમાં વ્યતિરેક વ્યભિચાર છે જ નહીં, કેમકે ત્યાં પણ ઘટનો નાશ થયો જ છે અને ઘટનો નાશ થવાથી જ પરિમાણનો નાશ થયો છે.

ત્રણ-ચાર પરમાણુઓ કાઢી લીધા તેનો અર્થ એ થયો કે દ્વ્યણુકનો નાશ થયો. તે દ્વ્યણુકનો નાશ થવાથી ત્ર્યણુકનો નાશ થાય. એમ કરતાં કરતાં કપાલનો અને યાવત્ ઘટનો નાશ પણ થાય જ છે અને તેથી ત્રણ-ચાર પરમાણુ વિનાનો નવો ઘડો ઉત્પન્ન થાય છે.

**શંકાકાર :** પણ પૂર્વે જે ઘટ હતો તે જ ઘટ (ત્રણ-ચાર પરમાણુ કાઢી લીધા પછી પણ) આ છે તેવી પ્રત્યભિજ્ઞા તો થાય જ છે, તેથી જુનો ઘટ નાશ પામીને નવો ઘટ ઉત્પન્ન થયો છે તેમ શી રીતે માની શકાય ?

**નૈયાયિક :** જુનો ઘટ નાશ પામ્યો નથી અને નવો ઘટ ઉત્પન્ન થયો નથી માટે 'આ તે જ ઘટ છે' તેવી પ્રત્યભિજ્ઞા થાય છે તેવું માનવાની જરાય જરૂર નથી, કેમકે પૂર્વે જણાવ્યા પ્રમાણે ત્રણ-ચાર પરમાણુ દૂર થતાં જ જુના મહાવયવી ઘટનો તો નાશ થઈ જ જાય છે અને પછી ત્રણ-ચાર પરમાણુ રહિતનો નવો ઘડો ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી પણ 'આ તે જ ઘટ છે' એવી પ્રત્યભિજ્ઞા સાજાત્યના કારણે થાય છે. પૂર્વઘટ અને નૂતન ઘટમાં ઘણું સાજાત્ય હોવાથી આપણને 'આ ઘટ પણ તે જ ઘટ છે' તેવી ભ્રાન્ત પ્રત્યભિજ્ઞા થાય છે.

તેથી ઘટરૂપ મહાવયવીનો નાશ આપણી નજરમાં ન આવતો હોવા માત્રથી ઘટનો નાશ થતો જ નથી તેવો અપલાપ કરી શકાય નહીં.

નિયમ છે કે અસમવાયિકારણ નાશ પામતાં કાર્યનો પણ અવશ્ય નાશ થાય જ.

શરીર પણ ખોરાક ખાવાથી વધતું જ જાય છે ત્યાં પણ શરીરના અસમવાયિકારણ અવયવસંયોગનો નાશ થવાથી જુના શરીરનો નાશ થાય છે. જો તેમ ન માનો તો જુનું નાનું શરીર નાશ પામ્યા વિના જ નવું મોટું શરીર શી રીતે ઉત્પન્ન થઈ શકે ?

પ્રસ્તુતમાં પણ ત્રણ-ચાર પરમાણુ ઓછા કરતાં ક્રમશઃ દ્વ્યણુકાદિનો નાશ થતાં

ઘટનું અસમવાયિકારણ કપાલદ્વયસંયોગ નાશ પામ્યો. અને અસમવાયિકારણ-નાશે કાર્યનો પણ નાશ અવશ્ય થતો હોવાથી પૂર્વઘટનો નાશ થયો છે તેમ માનવું જ જોઈએ. અને હજુ ઘટ તો દેખાય છે તેથી માનવું જ જોઈએ કે પૂર્વઘટનો નાશ થયા પછી આ નવો ઘટ ઉત્પન્ન થયો છે જેમાં પૂર્વઘટનું ઘણું સાજાત્ય હોવાથી આપણને 'આ તે જ ઘટ છે' તેવી ભ્રાન્ત પ્રત્યભિજ્ઞા થાય છે.

તેથી પરિમાણનો નાશ તેના આશ્રય એવા અવયવીના નાશથી થાય છે તેમ સિદ્ધ થાય છે.

---

**मुक्तावली : न च पटाद्यनाशेऽपि तन्त्वन्तरसंयोगात्परिमाणाधिक्यं न स्यादिति वाच्यम्, तत्रापि वेमाद्यभिघातेनाऽसमवायिकारणतन्तुसंयोग-नाशात् पटनाशस्यावश्यकत्वात् । किञ्च तन्त्वन्तरस्य तत्पटावयवत्वे पूर्वं तत्पट एव न स्यात्, तन्त्वन्तररूपकारणाभावात्, तन्त्वन्तरस्यावयवत्वाभावे च न तेन परिमाणाधिक्यं संयुक्तद्रव्यान्तरवत् । तस्मात्तत्र तन्त्वन्तरसंयोगे सति पूर्वं पटनाशस्ततः पटान्तरोत्पत्तिरित्यवश्यं स्वीकार्यम् । अवयविनः प्रत्यभिज्ञानं तु साजात्येन दीपकलिकादिवत् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** તમારા મતે તો પરિમાણાશ્રયનો નાશ થાય તો જ પરિમાણનો નાશ થાય, અન્યથા ન જ થાય અને તેથી જો પટાદિનો નાશ થાય તો પરિમાણાધિક્ય થાય અને પટાદિનો નાશ ન થાય તો પટાદિ-પરિમાણાધિક્ય પણ ન જ થાય.

પરંતુ હવે જુઓ; એક આખો પટ છે. તેની સાથે તન્ત્વન્તરનો સંયોગ કર્યો. હવે અહીં પટનો નાશ તો થયો જ નથી અને છતાં પટનું પરિમાણ વધ્યું છે તેવું તો સ્પષ્ટ રીતે પ્રત્યક્ષ થાય જ છે. તેથી પૂર્વ પરિમાણનો નાશ થયો અને નવું પરિમાણ ઉત્પન્ન થયું. પરંતુ તમે તો પટાદિ-નાશે જ પરિમાણનાશ માનો છો, જ્યારે અહીં તો પટાદિનો નાશ થયા વિના જ પરિમાણનો નાશ થયો અને નવા પરિમાણની ઉત્પત્તિ થઈ, માટે કારણ ન હોવા છતાં કાર્ય થવાથી વ્યતિરેકવ્યભિચાર આવ્યો.

**નૈયાયિક :** ના, પટનો નાશ થવાથી જ પૂર્વપરિમાણનો નાશ થયો છે. તેથી કારણ હાજર હોવાથી જ કાર્ય થયું હોવાથી વ્યતિરેકવ્યભિચાર છે જ નહીં.

પટ જયારે વણવાના મશીન ઉપર છે ત્યારે તેમાં નવા તંતુઓ ઉમેરતાં તે વેમા(મશીન)નો જુના તંતુઓ ઉપર ધક્કો લાગશે. તેથી જુના તંતુઓનો સંયોગ ઢીલો થશે અને આગળ ધકેલાતા નષ્ટ થઈ જશે. પણ તંતુસંયોગ તો પટનું અસમવાયિકારણ છે. અને અસમવાયિકારણનો નાશ થતાં જ કાર્યનો પણ નાશ થઈ જાય તેવો નિયમ છે. તેથી તંતુસંયોગનાશ થતાં જ જુના પટનો પણ નાશ થઈ જ જશે અને પછી વેમા દ્વારા નવા તંતુઓ સાથે સંયોગ થતાં નવા પટની ઉત્પત્તિ થશે. આમ પટ નાશ પામવાથી જ પટનું પૂર્વપરિમાણ નાશ પામ્યું છે અને નવા પટની ઉત્પત્તિ થવાથી જ નવું મોટું પરિમાણ ઉત્પન્ન થયું છે તેમ માનવું જોઈએ.

**શંકાકાર :** આવી નાંખી દેવા જેવી વાત કરવાથી કાંઈ અમે નાના બાળક નથી કે તમારી વાત માની લઈએ. શું નવા તંતુઓ ઉમેરવા માત્રથી મશીન જુના તંતુસંયોગનો નાશ કરી દેતો હશે ? નાના છોકરાઓને મનાવવા જેવી આ વાત અમને બિલકુલ માન્ય નથી.

**નૈયાયિક :** સારું, તો પછી અમારું તમને કહેવું એ છે કે નવા ઉમેરેલા ત્રણ-ચાર તંતુઓ તે પટના જ અવયવો છે કે અન્ય છે ?

(૧) જો નવા ઉમેરાતા તંતુઓ તે પટના જ અવયવો છે તેમ કહો તો તે ત્રણ-ચાર તન્ત્વન્તરના સંયોગ પૂર્વે તે પટને પટ જ નહીં કહી શકાય, કેમકે પટના યાવત્ અવયવ તંતુઓના સંયોગ પૂર્વે પટોત્પત્તિ થાય જ નહીં. આમ તન્ત્વન્તરના સંયોગ પૂર્વે પટ જ ઉત્પન્ન થયો ન હોવાથી પરિમાણાધિક્ય થવાની વાત જ શી રીતે ઘટે ?

(૨) અને આ આપત્તિ દૂર કરવા કહો કે પટ તો સંપૂર્ણ ઉત્પન્ન થઈ જ ગયો છે અને ત્યાર પછી તેના અવયવો ન હોય તેવા અન્ય તન્ત્વન્તરનું જોડાણ કરવામાં આવે છે, તો તેથી પણ તે પટના પરિમાણનું આધિક્ય સંભવતું નથી, કેમકે નવા તંતુઓના જોડાણથી તો એક નવો જ સંયુક્ત પટ તૈયાર થયો છે, પણ પૂર્વનો પટ તો નાશ પામી ગયો છે.

આમ ત્યાં નવા તંતુઓનું જોડાણ થતાં પૂર્વપટ નાશ પામી ગયો હોવાથી પૂર્વપરિમાણ નાશ પામીને નવું પરિમાણ ઉત્પન્ન થયું હોય તો તેમાં અમને કોઈ જ આપત્તિ નથી.

નવા તંતુઓનો સંયોગ થવા છતાં પણ 'આ તે જ પટ છે' તેવી જે પ્રત્યભિજ્ઞા થાય છે તે તો સાજાત્યના કારણે ઉત્પન્ન થયેલી હોવાથી ભ્રાન્ત છે. જેમ રાત્રે દીપક સળગાવીને સૂઈ જનારને બે કલાક પછી ઊઠતા પણ તે દીપકની જ્વાળા એ પ્રમાણે જ સળગતી દેખાતાં 'આ તે જ જ્વાળા છે' '**सेयं दीपकलिका**' એવી ભ્રાન્તિ થાય જ છે, પણ હકીકતમાં તો તે બે કલાક દરમ્યાન દીપકની અનેક જ્વાળાઓ બદલાઈ ગઈ છે,

પણ તે જ્વાળાઓમાં ખૂબ જ સાજાત્ય હોવાથી આવી ભ્રાન્તિ થાય છે તેમ અહીં પણ સાજાત્ય હોવાથી 'આ તે જ પટ છે' તેવી ભ્રાન્ત પ્રત્યભિજ્ઞા થાય છે.

---

**मुक्तावली : न च पूर्वतन्तव एव तन्त्वन्तरसहकारात्पूर्वपटे सत्येव पटान्तरमारभन्तामिति वाच्यम्, मूर्तयोः समानदेशताविरोधात् तत्र पटद्वयासम्भवात्, एकदा नानाद्रव्यस्य तत्रोपलम्भस्य बाधिततत्वाच्च । तस्मात्पूर्वस्य द्रव्यस्य प्रतिबन्धकस्य विनाशे द्रव्यान्तरोत्पत्तिरित्यस्यावश्यमभ्युपेयत्वात् ॥**

---

**મુક્તાવલી : શંકાકાર :** પૂર્વપટનો નાશ થાય છે અને તન્ત્વન્તરથી નવો પટ ઉત્પન્ન થાય છે તેના બદલે અમે કહીશું કે પૂર્વના તંતુઓ જ અન્ય તંતુઓના સહકારથી પૂર્વના પટમાં જ પટાન્તરનો આરંભ કરે છે અને તેથી પૂર્વપટનો નાશ થતો જ નથી. આમ પૂર્વપટનો નાશ થયા વિના જ પરિમાણાધિક્ય થવાથી આશ્રયનાશ વિના જ પરિમાણ-નાશ થવાની આપત્તિ આવે છે.

**નૈયાયિક :** પૂર્વના તંતુઓ જ નવા તંતુઓની સહાયથી પૂર્વપટમાં જ નવો પટ ઉત્પન્ન કરે છે અને તેથી જુનો પટ નાશ પામ્યા વિના જ તેનામાં નવો પટ ઉત્પન્ન થાય છે તેવી તમારી વાત માની શકાય તેમ નથી, કારણ કે મૂર્ત વસ્તુઓ સમાન દેશમાં સાથે રહી શકતી નથી તેવો નિયમ છે. જ્યાં ભૂતલમાં ઘટ પડ્યો છે ત્યાં પટ રહી શકતો નથી અને જ્યાં પટ છે ત્યાં જ ઘટ રહી શકતો નથી. આમ એક જ દેશમાં બે મૂર્ત વસ્તુઓ સાથે રહી શકતી ન હોવાથી જ્યાં જુનો પટ હાજર છે ત્યાં જ નવો પટ પણ ઉત્પન્ન થઈ શકે નહીં, કેમકે બંને પટો મૂર્ત દ્રવ્યો છે. તેઓ એક સ્થાને સાથે રહી શકે જ નહીં. પૂર્વપટનો નાશ થયા પછી જ તે તંતુઓમાં નવો પટ ઉત્પન્ન થઈ શકે પણ તે પૂર્વે તો ઉત્પન્ન ન જ થાય.

જે તન્ત્વધિકરણમાં એક પટ છે તે અધિકરણમાં જ નવો મોટો પટ ઉત્પન્ન થઈ શકે નહિ. એક સ્થાને અનેક દ્રવ્યનો એક જ કાળે ઉપલંભ બાધિત બને છે માટે પૂર્વનો પટ જે પટાન્તરોત્પત્તિમાં પ્રતિબંધક છે તેનો નાશ થયા પછી જ પટાન્તરોત્પત્તિ થઈ શકે, પણ તે પૂર્વે પટાન્તરોત્પત્તિ થઈ શકે નહીં.

આમ પૂર્વપટનો નાશ થવાથી જ પૂર્વપરિમાણનો નાશ થયો હોવાથી આશ્રયનાશથી જ પરિમાણનાશ થાય છે તે વાત સિદ્ધ થાય છે.

कारिकावली : संख्यावत्तु पृथक्त्वं स्यात्पृथक्प्रत्ययकारणम् ॥११३॥
अन्योन्याभावतो नास्य चरितार्थत्वमिष्यते ।
अस्मात्पृथगिदं नेति प्रतीतिर्हि विलक्षणा ॥११४॥

मुक्तावली : पृथक्त्वं निरूपयति - संख्यावदिति । पृथक्प्रत्ययासाधारणं कारणं पृथक्त्वम् । तन्नित्यतादिकं संख्यावत् । तथाहि-नित्येष्वेकत्वं नित्यम्, अनित्येष्वनित्यम् । अनित्यमेकत्वमाश्रयद्वितीयक्षणे चोत्पद्यते, आश्रयनाशात् नश्यति, तथैकपृथक्त्वमपि, द्वित्वादिवच्च द्विपृथक्त्वादिकमपीत्यर्थः ।

**મુક્તાવલી : (૭) પૃથક્ત્વ-નિરૂપણ :** 'આ આનાથી પૃથક્ (ભિન્ન) છે' તેવા પ્રત્યયનું (જ્ઞાનનું) જે અસાધારણ કારણ છે તે પૃથક્ત્વ છે. આકાશાદિમાં અતિવ્યાપ્તિ નિવારવા અસાધારણ પદનું ઉપાદાન કર્યું છે.

નિત્ય દ્રવ્યોમાં રહેલું પૃથક્ત્વ નિત્ય છે અને અનિત્ય દ્રવ્યોમાં રહેલું પૃથક્ત્વ અનિત્ય છે.

અનિત્ય પૃથક્ત્વ તેના આશ્રયની ઉત્પત્તિ થયા પછીની ક્ષણે પોતાના આશ્રયમાં ઉત્પન્ન થાય છે, કેમકે પ્રથમ ક્ષણે તો તમામ અવયવી દ્રવ્યો નિર્ગુણ અને નિષ્ક્રિય હોય છે. તેથી ઉત્પત્તિની ઉત્તરક્ષણમાં તેનામાં પૃથક્ત્વ ગુણની ઉત્પત્તિ થાય છે. અને આશ્રયનો નાશ થવાથી પૃથક્ત્વ ગુણનો પણ નાશ થાય છે, અર્થાત્ આશ્રયરૂપ અવયવી દ્રવ્યના નાશની ઉત્તરક્ષણે પૃથક્ત્વનો નાશ થાય છે.

દ્વિત્વાદિ સંખ્યાની જેમ દ્વિપૃથક્ત્વાદિ જાણવા.

એકપૃથક્ત્વ પણ દ્વિત્વાદિની જેમ દ્વિષ્ઠ છે. બે ઘડા પડ્યા હોય તો ત્યાં એક ઘટનું બીજા ઘટ સાથે એકપૃથક્ત્વ છે, અર્થાત્ એકપ્રતિયોગિકૈકાનુયોગિકપૃથક્ત્વ છે.

એ જ રીતે દ્વિપૃથક્ત્વાદિ પણ દ્વિષ્ઠ છે. ત્રણ ઘડા પડ્યા હોય ત્યાં એક ઘડાનું બાકીના બે ઘડા સાથે દ્વિપૃથક્ત્વ છે, અર્થાત્ એકપ્રતિયોગિકદ્વયનુયોગિકપૃથક્ત્વ છે.

**એકપૃથક્ત્વ :** આ એક વસ્તુ આનાથી પૃથક્ છે.

**દ્વિપૃથક્ત્વ :** આ બે વસ્તુઓ આનાથી પૃથક્ છે.

मुक्तावली : नन्वयमस्मात् पृथगित्यादावन्योन्याभावो भासते तत्कथं

पृथक्त्वं गुणान्तरं स्वीक्रियते ? न चास्तु पृथक्त्वं न त्वन्योन्याभाव इति वाच्यम्, रूपं न घट इति प्रतीत्यनापत्तेः । न हि रूपे घटावधिकं पृथक्त्वं गुणान्तरमस्ति न वा घटे घटावधिकं पृथक्त्वमस्ति येन परम्परासम्बन्धः कल्प्येत इत्यत आह-अस्मादिति ।

---

**મુક્તાવલી :** શંકાકાર : '**अयं अस्मात् पृथक्**' અર્થાત્ '**घटः पटात् पृथक्**' આવી જે પ્રતીતિ થાય છે તે **अयं असौ न,** અર્થાત્ **घटो न पटः** એવી જે અન્યોન્યાભાવની જે પ્રતીતિ થાય છે તેનાથી જરાય ભિન્ન જણાતી નથી. આમ પૃથક્ત્વની અને અન્યોન્યાભાવની પ્રતીતિ સમાન હોવાથી તમારે પૃથક્ત્વ નામના નવા ગુણને માનવાની જરૂર નથી. જે અન્યોન્યાભાવની પ્રતીતિ છે. તે જ પૃથક્ત્વની પ્રતીતિ છે અને જે પૃથક્ત્વની પ્રતીતિ છે તે જ અન્યોન્યાભાવની પ્રતીતિ છે. તેથી નવા પૃથક્ત્વ નામના ગુણ-પદાર્થને માનીને ગૌરવ કરવાની જરૂર નથી. તેમ છતાં પણ જો તમારે પૃથક્ત્વ નામના ભિન્ન ગુણપદાર્થને માનવો જ હોય તો અન્યોન્યાભાવને માનવાની જરૂર નથી, કેમકે અન્યોન્યાભાવનું કાર્ય પૃથક્ત્વ ગુણ દ્વારા જ થઈ જશે. તેથી બેમાંથી કોઈપણ એક પદાર્થને માનવો જોઈએ.

**અન્ય શંકાકાર :** જો પૃથક્ત્વથી અન્યોન્યાભાવને ભિન્ન નહીં માનો તો **रूपं न घटः** એવી જે પ્રતીતિ વાસ્તવિક રીતે થાય છે તે અનુપપન્ન થઈ જવાની આપત્તિ આવશે. રૂપ એ ઘટથી પૃથક્ નથી. જો પૃથક્ હોત તો જ તમે અન્યોન્યાભાવ લઈ શકત. પણ હવે તો પૃથક્ત્વ ન હોવા છતાં ય **रूपं न घटः** એવી અન્યોન્યાભાવની પ્રતીતિ તો થાય જ છે. તેથી અન્યોન્યાભાવને જ પૃથક્ત્વ રૂપ માની શકાય નહીં.

વળી **गुणे गुणानङ्गीकारात्** નિયમથી રૂપ એ ગુણ હોવાથી તેમાં પૃથક્ત્વ ગુણ રહી શકે નહીં. આમ ઘટપ્રતિયોગિક પૃથક્ત્વવદ્ રૂપ ન બની શકતું હોવાથી અહીં ઘટપ્રતિયોગિકભેદવદ્ રૂપ માનવું પડશે. ભેદ = અન્યોન્યાભાવ. રૂપમાં ઘટ-પ્રતિયોગિકભેદ રહી શકશે પણ ઘટપ્રતિયોગિક પૃથક્ત્વ રહી શકશે નહીં.

**શંકાકાર :** જેમ ઘટમાં રૂપ અને સ્પર્શ બંને રહે જ છે અને તેથી સમાનાધિકરણ ઘટમાં ઘટીય સ્પર્શ અને ઘટીય રૂપ રહેતા હોવાથી સામાનાધિકરણ્ય સંબંધથી ઘટીય રૂપમાં ઘટીય સ્પર્શ પણ રહે જ છે તે રીતે સામાનાધિકરણ્ય સંબંધથી ઘટપ્રતિયોગિક પૃથક્ત્વ પણ ઘટીય રૂપમાં શા માટે ન રહી શકે ? આમ ઘટરૂપમાં સામાનાધિકરણ્ય

સંબંધથી પૃથક્ત્વ રહી જવાથી **रूपं न घटः** એવી સત્ પ્રતિપત્તિ ઉપપન્ન થઈ જ જશે, તેથી ભિન્ન એવા અન્યોન્યાભાવને માનવાની જરૂર નહીં રહે.

**નૈયાયિક** : પણ અમે પૂર્વે જણાવ્યું તેમ ગુણમાં તો ગુણ કદાપિ રહે જ નહીં અને તેથી સામાનાધિકરણ્ય રૂપ પરંપરાસંબંધ શોધવાની જરૂર જ નથી. જો સીધા સંબંધથી જ પૃથક્ત્વ રૂપમાં રહે તો જ તે પૃથક્ત્વથી **रूपं न घटः** એવી બુદ્ધિ થઈ શકે, પણ પરંપરાસંબંધથી રૂપમાં રહેલા પૃથક્ત્વથી તેવી બુદ્ધિ થાય નહીં.

**શંકાકાર** : ચાલો ત્યારે, ભલે ઘટના રૂપમાં પરંપરાસંબંધથી રહેલા પૃથક્ત્વથી **रूपं न घटः** બુદ્ધિ ન થતી હોય, પણ ઘટમાં તો સીધા સંબંધથી = સમવાયેન પૃથક્ત્વ રહે જ છે ને ? તે ઘટાવધિક પૃથક્ત્વથી (જેનાથી પૃથક્ હોય તે અવધિક કહેવાય) **रूपं न घटः** એવી પ્રતીતિ ઉપપન્ન થઈ જ જશે.

**નૈયાયિક** : જો ઘટમાં તમે ઘટાવધિક પૃથક્ત્વ માનો તો રૂપમાં પણ તમારે પૃથક્ત્વ માનવું જ પડશે, કેમકે પૃથક્ત્વ દ્વિષ્ઠ છે. તે તો અનુયોગી, પ્રતિયોગી બંનેમાં રહે છે અને તેથી તમારે ફરી ગુણ(રૂપ)માં અન્ય ગુણ પૃથક્ત્વને માનવાની આપત્તિ આવશે. પણ ગુણમાં તો ગુણ રહી શકતા જ નથી તેથી **रूपं न घटः** એવી પ્રતીતિ પૃથક્ત્વ ગુણથી તો શી રીતે થઈ શકે ? તેથી તે પ્રતીતિ માટે તમારે અન્યોન્યાભાવને પૃથક્ત્વથી ભિન્ન માનવો જ પડશે.

**શંકાકાર** : પણ ગુણમાં ગુણ ન રહે તેવી વાત પણ અમે માનતા નથી, તેથી અન્યોન્યાભાવને માનવો નહીં પડે.

**નૈયાયિક** : ગુણમાં ગુણ રહેતો જ નથી તે વાત સૌને વિદિત છે. છતાં તમારો તેવો ખોટો દુરાગ્રહ જ હોય તો અમે પૂછીએ છીએ કે ઘટમાં ઘટાવધિક પૃથક્ત્વ જ શી રીતે રહેશે ? સ્વમાં સ્વનો ભેદ કદાપિ રહી શકે નહીં. ઘટપ્રતિયોગિક પૃથક્ત્વ અર્થાત્ ઘટપ્રતિયોગિકનું ભિન્નત્વ પટ, મઠ વગેરેમાં રહી શકે પણ ઘટમાં શી રીતે રહી શકે? જેનાથી પૃથક્ત્વ છે તે જ પાછો અવધિમાન પણ શી રીતે બની શકે ?

તેથી પૃથક્ત્વથી **रूपं न घटः** એવી પ્રતીતિ થઈ શકતી જ નથી. પણ હકીકતમાં તો **रूपं न घटः** એ તો સત્પ્રતીતિ છે. તેથી આ સત્પ્રતીતિ જેનાથી થાય છે તે અન્યોન્યાભાવને માનવો જોઈએ.

ટૂંકમાં, પૃથક્ત્વ ગુણ માત્રને માનવાથી અન્યોન્યાભાવથી થતી **रूपं न घटः** પ્રતીતિ અનુપપન્ન થઈ જવાની આપત્તિ આવે છે, તેથી પૃથક્ત્વ ગુણથી ભિન્ન

એવા અન્યોન્યાભાવને માનવો જ જોઈએ. તેથી અન્યોન્યાભાવ અને પૃથક્ત્વ ભિન્ન પદાર્થ છે તેમ સિદ્ધ થાય છે.

---

**मुक्तावली : ननु शब्दवैलक्षण्यमेव न त्वर्थवैलक्षण्यमिति चेत् ? न, विनार्थभेदं घटात्पृथगितिवद् घटो न पट इत्यत्रापि पञ्चमीप्रसङ्गात् । तस्माद्यदर्थयोगे पञ्चमी सोऽर्थो नञर्थान्योन्याभावतो भिन्नो गुणान्तरं कल्प्यत इति ॥**

---

**મુક્તાવલી : શંકાકાર :** અરે, આ તો શબ્દોની વિલક્ષણતા છે પણ અર્થમાં તો કોઈ જ વિલક્ષણતા નથી. 'ઘટ પટથી જુદો છે, અને ઘટ પટ નથી' '**घटः पटात् पृथक्** અને **घटो न पटः**' તે બે વાક્યોમાં માત્ર શબ્દો જ જુદા જુદા છે પણ બંનેનું કહેવાનું તાત્પર્ય તો એ જ છે કે ઘટ અને પટ એક નથી. આમ બંનેના અર્થ સમાન હોવાથી પૃથક્ત્વની પ્રતીતિ અને અન્યોન્યાભાવની પ્રતીતિને જુદી જુદી માનવાની જરૂર નથી. તેથી પૃથક્ત્વ અને અન્યોન્યાભાવને ભિન્ન પદાર્થો માનવાના બદલે એક જ માનવા જોઈએ.

**નૈયાયિક :** માત્ર શબ્દવૈલક્ષણ્ય નહીં પણ અર્થવૈલક્ષણ્ય પણ અહીં છે જ. જો અર્થવૈલક્ષણ્ય પણ અહીં ન હોત તો '**अयं घटः अस्मात् पटात् पृथक्**' સ્થળમાં પટને પંચમી વિભક્તિ થાય છે અને '**अयं घटः पटो न**' સ્થળે પટને પ્રથમા વિભક્તિ થાય છે તેનું શું કારણ ?

જો બંને અર્થથી વિલક્ષણ ન હોત તો **अयं घटः पटो न** સ્થાને પણ '**अयं घटः पटात् न**' કહેવા દ્વારા પટને પણ પંચમી વિભક્તિ કરવાની આપત્તિ આવશે. પણ તેવું તો થતું જ નથી. '**घटो न पटः**' માં પ્રથમા વિભક્તિ જ થાય છે પણ પંચમી થતી નથી તે જણાવે છે કે પૃથક્ત્વ અને અન્યોન્યાભાવ ભિન્ન જ છે.


તેથી જેના અર્થના યોગમાં પંચમી વિભક્તિ થતી હોય તેને નञ્ કે અન્યોન્યાભાવના અર્થથી ભિન્ન માનવું જોઈએ, કેમકે નञ્ કે અન્યોન્યાભાવના અર્થમાં તો પ્રથમા વિભક્તિ જ થાય છે. તેથી જેના અર્થના યોગમાં પંચમી વિભક્તિ થાય છે તેને અન્યોન્યાભાવથી ભિન્ન પૃથક્ત્વ માનવું જોઈએ.

આમ સિદ્ધ થાય છે કે અન્યોન્યાભાવ અને પૃથક્ત્વ બંને એકબીજાથી ભિન્ન પદાર્થો છે.

कारिकावली : अप्राप्तयोस्तु या प्राप्तिः सैव संयोग ईरितः ।
कीर्तितस्त्रिविधस्त्वेष आद्योऽन्यतरकर्मजः ॥११५॥
तथोभयक्रियाजन्यो भवेत्संयोगजोऽपरः ।
आदिमः श्येनशैलादिसंयोगः परिकीर्तितः ॥११६॥
मेषयोः सन्निपातो यः स द्वितीय उदाहृतः ।
कपालतरुसंयोगात्संयोगस्तरुकुम्भयोः ॥११७॥
तृतीयः स्यात्कर्मजोऽपि द्विधैव परिकीर्तितः ।
अभिघातो नोदनं च शब्दहेतुरिहादिमः ॥११८॥
शब्दाहेतुर्द्वितीयः स्यात्

मुक्तावली : संयोगं निरूपयति-अप्राप्तयोरिति । तं विभजते-कीर्तित इति । एषः= संयोगः । सन्निपातः=संयोगः । द्वितीयः उभयकर्मजः । तृतीय इति । संयोगजसंयोग इत्यर्थः । तृतीयः स्यादिति पूर्वेणाऽन्वितम् । आदिमः= अभिघातः। द्वितीयो नोदनाख्यः संयोग इति ।

મુક્તાવલી : (૮) સંયોગ-નિરૂપણ : અપ્રાપ્ત વસ્તુની જે પ્રાપ્તિ તે સંયોગ કહેવાય. સંયોગ બે દ્રવ્યનો જ હોય છે. 'द्रव्यद्रव्ययोः संयोग इति नियमात् ।' આ સંયોગ ગુણ દ્વિષ્ઠ હોય છે.



સંયોગ ત્રણ પ્રકારનો છે :

**(૧) અન્યતરકર્મજ સંયોગ** : બે વસ્તુમાંથી કોઈપણ એક વસ્તુમાં કર્મ ઉત્પન્ન થવાથી જે બે વસ્તુનો સંયોગ થાય તે અન્યતરકર્મજ (જન્ય) સંયોગ કહેવાય. પર્વત તો સ્થિર છે. પક્ષી ઊડતું ઊડતું આવીને પર્વત ઉપર બેસે તો તે પર્વત અને પક્ષીનો સંયોગ અન્યતરકર્મજ સંયોગ કહેવાય, કેમકે માત્ર પક્ષીમાં જ કર્મ છે.

**(૨) ઉભયકર્મજ સંયોગ** : બંને વસ્તુમાં કર્મ ઉત્પન્ન થવાથી જે સંયોગ થાય તે ઉભયકર્મજ સંયોગ કહેવાય. બે પાડા સામસામા અથડાય તો ત્યાં બંનેમાં કર્મ હોવાથી તેમનો થયેલો સંયોગ ઉભયકર્મજ સંયોગ કહેવાય.

**(૩) સંયોગજન્ય સંયોગ** : વૃક્ષ્ સાથે ઘટના અવયવ કપાલદ્વયનો અન્યતરકર્મજ સંયોગ થાય છે. પણ તે વૃક્ષ-કપાલનો સંયોગ થતાં જ વૃક્ષ-ઘટનો પણ સંયોગ થઈ જાય છે. આ વૃક્ષ-ઘટનો જે સંયોગ છે તે સંયોગજન્ય સંયોગ છે, કેમકે કપાલ-વૃક્ષનો સંયોગ એ વૃક્ષ-ઘટના સંયોગનું કારણ છે.

અન્યતરકર્મજ અને ઉભયકર્મજ સંયોગો કર્મથી જન્ય સંયોગો છે. તેમાં જે સંયોગ થતાં શબ્દની ઉત્પત્તિ થાય છે તે શબ્દના કારણરૂપ સંયોગને 'અભિઘાત' કહેવાય છે અને જે સંયોગ થતાં શબ્દની ઉત્પત્તિ થતી નથી તે શબ્દના અકારણ સંયોગને 'નોદન' સંયોગ કહેવાય છે.

कारिकावली : विभागोऽपि त्रिधा भवेत् ।


एककर्मोद्भवस्त्वाद्यो द्वयकर्मोद्भवोऽपरः ॥११९॥

विभागजस्तृतीयः स्यात्तृतीयोऽपि द्विधा भवेत् ।

हेतुमात्रविभागोत्थो हेत्वहेतुविभागजः ॥१२०॥

मुक्तावली : विभक्तप्रत्ययासाधारणं कारणं विभागं निरूपयति-विभाग इति । एककर्मेति । तदुदाहरणं तु श्येनशैलविभागादिकं पूर्ववद् बोध्यम् । तृतीयोऽपि=विभागजविभागः कारणमात्रविभागजन्यः कारणाकारण-विभागजन्यश्चेति द्विविधः । आद्यस्तावद्यत्र कपाले कर्म, ततः कपाल-द्वयविभागः, ततो घटारम्भकसंयोगनाशः, ततो घटनाशः, ततस्तेनैव कपालविभागेन सकर्मणः कपालस्याकाशविभागो जन्यते, तत आकाशसंयोगनाशः, तत उत्तरदेशसंयोगः, ततः कर्मनाश इति ।

**મુક્તાવલી : (૯) વિભાગ-નિરૂપણ :** 'આ આનાથી વિભક્ત છે' તેવો જે પ્રત્યય થાય છે તેનું કારણ વિભાગ છે. આ વિભાગ ત્રણ પ્રકારનો છે : (૧) એકકર્મોદ્ભવ (૨) દ્વયકર્મોદ્ભવ અને (૩) વિભાગજન્ય વિભાગ.




**(૧) એકકર્મજ વિભાગ :** પર્વત ઉપરથી પક્ષી ઊડી જતાં પર્વત અને પક્ષીનો જે વિભાગ થયો તે એકકર્મજ વિભાગ કહેવાય, કેમકે માત્ર પક્ષીમાં જ કર્મ છે પણ પર્વતમાં

કર્મ નથી.

(૨) **દ્વયકર્મજ વિભાગ :** બે પાડા અથડાઈને છૂટા પડે ત્યારે તેમનો થયેલો વિભાગ દ્વયકર્મજન્ય કહેવાય, કેમકે બંને પાડામાં કર્મ ઉત્પન્ન થવાથી આ વિભાગ ઉત્પન્ન થયો છે.

(૩) **વિભાગજન્ય વિભાગ :** પાટ ઉપર પુસ્તક છે અને પુસ્તક ઉપર હાથ છે. હવે જ્યારે પુસ્તક ઉપરથી હાથને ઊઠાવી લેવામાં આવે ત્યારે પુસ્તક અને હાથનો જે વિભાગ થયો તે એકકર્મજ વિભાગ કહેવાય, કેમકે હાથમાં કર્મ ઉત્પન્ન થવાથી આ વિભાગ ઉત્પન્ન થયો છે. પરંતુ આ વિભાગ થતાં જ હાથ અને પાટનો પણ વિભાગ થઈ જાય છે. તે વિભાગ ઉત્પન્ન થવાનું કારણ હાથ અને પુસ્તકનો વિભાગ છે, તેથી હાથ અને પાટનો થયેલો આ વિભાગ વિભાગજન્ય વિભાગ કહેવાય.

આ વિભાગજન્ય વિભાગ બે પ્રકારનો છે : (i) કારણમાત્ર વિભાગજન્ય વિભાગ અને (ii) કારણાકારણ વિભાગજન્ય વિભાગ.

(i) **કારણમાત્ર વિભાગજન્ય વિભાગ :** બે કારણોનો (કપાલોનો) વિભાગ થવાથી તેનો આકાશ સાથેનો જે વિભાગ થાય તે કારણમાત્ર વિભાગજન્ય વિભાગ કહેવાય છે.

ઘટના બે કપાલનો વિભાગ થયા પછી તે વિભાગ વડે કપાલનો આકાશ-પ્રદેશો સાથે જે વિભાગ થાય છે તે હેતુમાત્ર વિભાગજન્ય વિભાગ કહેવાય છે, કેમકે ઘટના કારણ કપાલોનો વિભાગ થવાથી આ વિભાગ ઉત્પન્ન થયો છે.

પ્રથમ ક્ષણે : કપાલમાં કર્મ ઉત્પન્ન થયું.

બીજી ક્ષણે : તેનાથી એક કપાલમાં બીજા કપાલનો વિભાગ થયો.

ત્રીજી ક્ષણે : પૂર્વસંયોગનો-કપાલદ્વયસંયોગનો-નાશ થયો.

ચોથી ક્ષણે : કપાલદ્વયસંયોગનાશે ઘટનાશ થયો.

પાંચમી ક્ષણે : કર્મયુક્ત કપાલનો આકાશથી વિભાગ (વિભાગજન્ય વિભાગ).

છઠ્ઠી ક્ષણે : કર્મયુક્ત કપાલનો આકાશ સાથેનો સંયોગ નાશ થયો.

સાતમી ક્ષણે : કર્મયુક્ત કપાલનો ઉત્તરદેશસંયોગ થયો.

આઠમી ક્ષણે : કપાલમાં કર્મનો નાશ.

અહીં પાંચમી ક્ષણે કપાલનો આકાશપ્રદેશથી જે વિભાગ થાય છે તે બીજી ક્ષણે ઉત્પન્ન થયેલા કપાલદ્વયના વિભાગથી જન્ય છે તેથી તે કારણમાત્ર વિભાગજન્ય વિભાગ કહેવાય છે.

**मुक्तावली : न च तेन कर्मणैव कथं देशान्तरविभागो न जन्यत इति वाच्यम्, एकस्य कर्मण आरम्भकसंयोगप्रतिद्वन्द्विविभागजनकत्वस्याना-रम्भकसंयोगप्रतिद्वन्द्विविभागजनकत्वस्य च विरोधात् । अन्यथा विकसत्क-मलकुड्मलभङ्गप्रसङ्गात् । तस्माद्यदीदमनारम्भकसंयोगप्रतिद्वन्द्विविभागं जनयेत्तदारम्भकसंयोगप्रतिद्वन्द्विविभागं न जनयेत् ।**

**મુક્તાવલી : શંકાકાર** : કપાલના વિભાગથી કપાલ-આકાશનો વિભાગ થાય છે તેમ શા માટે કહો છો ? કપાલમાં ઉત્પન્ન થયેલી ક્રિયાથી જ આકાશ-કપાલવિભાગ થાય છે તેમ માનો ને ? કેમકે તેમ માનવાથી અન્યતર કર્મજન્ય વિભાગ માનેલો હોવાથી વિભાગજન્ય વિભાગ નામના ત્રીજા પ્રકારના વિભાગને માનવાનું ગૌરવ કરવું નહીં પડે.

**નૈયાયિક** : ના, તે રીતે કર્મને કપાલ-આકાશના વિભાગનો હેતુ માની શકાય નહીં, કેમકે કપાલમાં ઉત્પન્ન થયેલી ક્રિયાથી જે વિભાગ ઉત્પન્ન થાય છે તે ઘટ દ્રવ્યના આરંભક કપાલદ્વયસંયોગનો વિરોધી છે, કેમકે આ વિભાગ કપાલદ્વયના સંયોગનો નાશ કરીને ઘટનો નાશ કરે છે, અર્થાત્ કપાલમાં જે કર્મ ઉત્પન્ન થયું છે તે અવયવનો જે સંયોગ છે તેના વિરોધી એવા વિભાગનું જનક = ઉત્પાદક છે. તેથી તે ક્રિયા દ્રવ્યના અનારંભક સંયોગ = કપાલ-આકાશસંયોગવિરોધી વિભાગની જનક બની શકે નહીં.

બીજી રીતે કહીએ તો જે ક્રિયા અનારંભક સંયોગવિરોધી વિભાગની જનક હોય તે જ ક્રિયા આરંભક સંયોગવિરોધી વિભાગની જનક ન જ બને. તેથી કપાલમાં ઉત્પન્ન થયેલા કર્મથી કપાલ-આકાશનો વિભાગ માની શકાય નહીં. પણ કપાલ-આકાશનો પણ વિભાગ તો થયો જ છે, તેથી પૂર્વે થયેલા કપાલદ્વયના વિભાગે આ વિભાગને ઉત્પન્ન કર્યો છે તેમ માનવું જ પડે. તેથી કપાલના વિભાગથી જન્ય કપાલ-આકાશ વિભાગ છે તેમ કહ્યું છે.

**શંકાકાર** : દ્રવ્ય-આરંભક સંયોગવિરોધી વિભાગ-જનક કર્મ દ્રવ્ય-અનારંભક સંયોગ-વિરોધી વિભાગ-જનક ન જ બની શકે તેવો તમારો નિયમ શી રીતે માની શકાય?

**નૈયાયિક** : જો ઉપરોક્ત નિયમ ન માનો તો વિકસેલા કમળની કળીઓના વિકાસ સાથે જ તેનો ભંગ થઈ જવાની આપત્તિ આવે. જુઓ; સૂર્યનો ઉદય થતાંની સાથે

બીડાયેલી - પરસ્પર સંયુક્ત થયેલી-કળી ખીલે છે, અર્થાત્ જે આકાશપ્રદેશમાં કળીઓનો અગ્ર ભાગ બીડાયેલો છે ત્યાંથી તે બધાનો વિભાગ થાય છે. આ વિભાગ દલ (કમળની પાંદડીઓના અગ્રભાગો) અને આકાશપ્રદેશોનો છે, તેથી તે અનારંભક સંયોગવિરોધી વિભાગ છે. આ વિભાગની જનક જે સૂર્યના પ્રકાશને પ્રાપ્ત કરાવનારી ક્રિયા છે તે જ ક્રિયાને જો આરંભક દલ અવયવ સંયોગવિરોધી વિભાગજનક કહીએ તો દલોના અવયવોનો પરસ્પર જે સંયોગ છે તેનો વિરોધી વિભાગ પણ તે ક્રિયા ઉત્પન્ન કરે, એટલે તરત જ દલાવયવસંયોગ નષ્ટ થઈ જાય અને તેથી બધી કળીઓ નીચે તૂટી પડે. આમ વિકાસ પામતાં કમળની કળીઓના ભંગનો પ્રસંગ આવી જાય. તેથી આરંભક સંયોગ-વિરોધી વિભાગજનક કર્મ અનારંભક સંયોગવિરોધી વિભાગ-જનક હોઈ શકે નહીં તેવો નિયમ માનવો જ જોઈએ. અને તેથી પ્રસ્તુતમાં પણ કપાલદ્વયસંયોગવિરોધી વિભાગની જનક ક્રિયા કપાલ-આકાશસંયોગ રૂપ અનારંભક સંયોગવિરોધી વિભાગની જનક બની શકે નહીં. તેથી કપાલ-આકાશનો વિભાગ કપાલ-વિભાગથી જન્ય જ માનવો જોઈએ.

---

**मुक्तावली : न च कारणविभागेनैव द्रव्यनाशात् पूर्वं कुतो देशान्तरविभागो न जन्यत इति वाच्यम्, आरम्भकसंयोगप्रतिद्वन्द्विविभागवतोऽवयवस्य सति द्रव्ये देशान्तरविभागाऽसम्भवात् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** વિભાગ (કપાલસંયોગ-વિરોધી) વડે (કપાલ-આકાશ) વિભાગ ઉત્પન્ન થાય છે તેમ માની પણ લઈએ, પરંતુ તે વિભાગજન્ય વિભાગ દ્રવ્યનો નાશ થયા પૂર્વે કેમ ન થાય ?

**નૈયાયિક :** જ્યાં સુધી દ્રવ્ય વિદ્યમાન હોય ત્યાં સુધી આરંભક દ્રવ્યસંયોગ-વિરોધી વિભાગવાળા અવયવોનો દેશાન્તર વિભાગ થઈ શકે નહીં. તેથી અહીં પણ આરંભક દ્રવ્યસંયોગ-વિરોધી વિભાગવાળા કપાલનો દેશાન્તર (આકાશ) સાથે વિભાગ (કપાલાકાશ વિભાગ) થઈ શકે નહીં, તેથી દ્રવ્યનાશ પૂર્વે ન માનતાં દ્રવ્યનાશ પછીની ક્ષણે વિભાગજન્ય વિભાગ માન્યો છે.

---

**मुक्तावली : द्वितीयस्तावद्यत्र हस्तक्रियया हस्ततरुविभागस्ततः शरीरेऽपि विभक्तप्रत्ययो भवति, तत्र च शरीरतरुविभागे हस्तक्रिया न कारणं, व्यधिकरणत्वात् । शरीरे तु क्रिया नास्त्येव, अवयविकर्मणो यावद-**

वयवकर्मनियतत्वात् । अतस्तत्र कारणाकारणविभागेन कार्याकार्यविभागो जन्यत इति । अत एव विभागो गुणान्तरं, अन्यथा शरीरे विभक्तप्रत्ययो न स्यात् । अतः संयोगनाशेन विभागो नान्यथासिद्धो भवति ॥

---

**મુક્તાવલી : (ii) હેત્વહેતુ (કારણાકારણ) વિભાગજન્ય વિભાગ :** કારણ અને અકારણનો વિભાગ થવાથી કાર્ય-અકાર્યનો જે વિભાગ થાય તે હેત્વહેતુ વિભાગ કહેવાય. વૃક્ષ અને હસ્તનો સંયોગ હોવાથી વૃક્ષ અને શરીરનો પણ સંયોગજન્ય સંયોગ છે. હવે હસ્તમાં ક્રિયા થઈ, તેથી શરીરના કારણ એવા હસ્તનો શરીરના અકારણ એવા વૃક્ષ સાથે વિભાગ થયો, તેથી તે કારણાકારણ વિભાગ થયો. પણ હાથ અને વૃક્ષનો વિભાગ થતાં જ શરીર અને વૃક્ષનો પણ વિભાગ થઈ જ ગયો છે. આ શરીર અને વૃક્ષનો વિભાગ થવામાં હાથ અને વૃક્ષનો વિભાગ કારણ છે, અર્થાત્ હાથ અને વૃક્ષના વિભાગરૂપ કારણાકારણ વિભાગથી જન્ય શરીર અને વૃક્ષનો વિભાગ છે. શરીર એ હાથનું કાર્ય છે પણ વૃક્ષ એ અકાર્ય છે, તેથી કાર્યાકાર્ય વિભાગ થયો. આમ વૃક્ષ-શરીરનો જે વિભાગ થયો તે કારણાકારણ વિભાગથી જન્ય કાર્યાકાર્ય વિભાગ થયો કહેવાય.

આ શરીર-વૃક્ષનો વિભાગ કર્મજન્ય ન કહેવાય, કેમકે કર્મ તો હાથમાં છે પણ વૃક્ષ કે શરીર, બેમાંથી કોઈનામાં નથી, અર્થાત્ હસ્તમાં રહેલી ક્રિયા વ્યધિકરણ છે, તેવી હસ્તક્રિયાથી હસ્તનો અન્ય કોઈ સાથે વિભાગ થઈ શકે પણ શરીર-વૃક્ષનો વિભાગ તો ન જ થાય.

**શંકાકાર :** હાથ એ શરીરનો જ અવયવ છે ને ? તેથી જો હાથમાં કર્મ છે તો શરીરમાં પણ કર્મ છે જ. અને તેથી શરીરમાં રહેલા કર્મથી શરીરનો વૃક્ષ સાથે વિભાગ થયો હોવાથી તે કર્મજન્ય વિભાગ કહેવાય પણ વિભાગજન્ય વિભાગ શી રીતે કહેવાય ?

**નૈયાયિક :** અવયવીના તમામ અવયવોમાં ક્રિયા થાય તો જ અવયવીમાં ક્રિયા થઈ કહેવાય, પણ એકાદ અવયવની ક્રિયાથી અવયવીમાં ક્રિયા મનાય નહીં. તેથી હાથમાં ક્રિયા હોવા માત્રથી અવયવી શરીરમાં ક્રિયા મનાતી ન હોવાથી વૃક્ષ-શરીરનો વિભાગ કર્મજન્ય માની શકાય નહીં પણ હસ્ત-વૃક્ષના વિભાગથી જન્ય જ મનાય.

હવે આ રીતે વિભાગથી જન્ય વિભાગ સિદ્ધ થયો તેથી વિભાગ નામના ગુણાન્તરની પણ સિદ્ધિ થઈ ગઈ. કેટલાક કહે છે કે 'વિભાગ નામનો કોઈ ભિન્ન ગુણ છે જ નહીં, સંયોગનાશ તે જ વિભાગ છે. આમ સંયોગનાશને વિભાગ માની લેવાથી

એક વધારે ગુણાન્તર માનવાનું ગૌરવ મટી જાય છે.' પણ હવે વિભાગજન્ય વિભાગ સિદ્ધ થવાથી વિભાગની અન્ય ગુણ તરીકે સિદ્ધિ થઈ જાય છે.

સંયોગનાશને વિભાગ માનશો તો વિભાગનાશને સંયોગ કેમ નહિ મનાય ? તેથી વિનિગમના-વિરહ આવતો હોવાથી સંયોગ-વિભાગ બંનેને જુદા જુદા ગુણો માનવા જોઈએ. તથા છોકરા લડતાં હોય ત્યારે મમ્મી તેને છૂટા પાડે તે વખતે બંનેના સંયોગનો નાશ થયો તેવી પ્રતીતિ થતી નથી પણ બે છૂટા પડ્યા તેવી જ પ્રતીતિ થાય છે. આમ જે વિભક્ત પ્રતીતિ છે તેના બળે પણ વિભાગને અતિરિક્ત ગુણ માનવો જોઈએ.

શરીર-વૃક્ષનો વિભાગ થયો ત્યારે શરીરમાં તો ક્રિયા છે જ નહીં. અને જો ક્રિયા નથી તો સંયોગ પણ નથી જ અને તેથી સંયોગનો નાશ પણ નથી. હવે જો સંયોગનાશને જ વિભાગ કહેવામાં આવે તો અહીં શરીર-વૃક્ષનો સંયોગનાશ જ ન હોવાથી શરીર-વૃક્ષનો વિભાગ થયો છે તેવું કહેવાય જ શી રીતે ? પણ શરીર-વૃક્ષનો વિભાગ થયો છે તેવું કહેવાય તો છે જ. માટે સંયોગનાશને વિભાગ કહી શકાય નહીં. તેથી શરીર-વૃક્ષનો વિભાગ થયો છે તેવું જે કહેવાય છે તે વિભાગને તમારે ગુણાન્તર માનવો જ જોઈએ.

આમ સંયોગનાશથી વિભાગ અન્યથાસિદ્ધ થતો નથી પણ વિભાગ એ ભિન્ન ગુણ છે જ.

कारिकावली : परत्वं चापरत्वं च द्विविधं परिकीर्तितम् ।
दैशिकं कालिकं चापि मूर्त्त एव तु दैशिकम् ॥१२१॥
परत्वं मूर्तसंयोगभूयस्त्वज्ञानतो भवेत् ।
अपरत्वं तदल्पत्वबुद्धितः स्यादितीरितम् ॥१२२॥
तयोरसमवायी तु दिक्संयोगस्तदाश्रये ।
दिवाकरपरिस्पन्दभूयस्त्वज्ञानतो भवेत् ॥१२३॥
परत्वमपरत्वं तु तदीयाल्पत्वबुद्धितः ।
अत्र त्वसमवायी स्यात्संयोगः कालपिण्डयोः ॥१२४॥
अपेक्षाबुद्धिनाशेन नाशस्तेषां निरूपितः ।

मुक्तावली : परापरव्यवहारनिमित्ते परत्वापरत्वे निरूपयति-परत्वमपरत्वं चेति । दैशिकमिति । दैशिकपरत्वं बहुतरमूर्तसंयोगान्तरितत्वज्ञानादुत्पद्यते, एवं तदल्पीयस्त्वज्ञानादपरत्वमुत्पद्यते । अत्रावधित्वार्थं पञ्चम्यपेक्षा, यथा पाटलिपुत्रात् काशीमपेक्ष्य प्रयागः परः, पाटलिपुत्रात् कुरुक्षेत्रमपेक्ष्य प्रयागोऽपर इति । तयोः दैशिकपरत्वापरत्वयोः । असमवायी=असमवायिकारणम् । तदाश्रये=दैशिकपरत्वापरत्वाश्रये । दिवाकरेति । अत्र परत्वमपरत्वं च कालिकं ग्राह्यम् । यस्य सूर्यपरिस्पन्दापेक्षया यस्य सूर्यपरिस्पन्दोऽधिकः स ज्येष्ठः, यस्य न्यूनः स कनिष्ठः । कालिकपरत्वापरत्वे जन्यद्रव्ये एव । अत्र=कालिकपरत्वापरत्वयोः । तेषां=कालिकदैशिकपरत्वापरत्वानाम् ।

**મુક્તાવલી : (૧૦-૧૧) પરત્વાપરત્વ-નિરૂપણ** : પર અને અપરનો જે વ્યવહાર થાય છે તેનું અસાધારણ કારણ પરત્વ અને અપરત્વ ગુણ છે. તે બે પ્રકારના છે : દૈશિક અને કાલિક.

**દૈશિક પરત્વાપરત્વ** : મૂર્ત વસ્તુઓમાં જ દૈશિક પરત્વાપરત્વ ઘટી શકે છે. મૂર્ત-સંયોગના ભૂયસ્ત્વના જ્ઞાનથી તેમાં દૈશિક પરત્વ ઉત્પન્ન થાય છે અને અલ્પીયસ્ત્વના

જ્ઞાનથી તેમાં દૈશિક અપરત્વ ઉત્પન્ન થાય છે, અર્થાત્ વિવક્ષિત વસ્તુથી જે વ્યક્તિને ઘણાં મૂર્ત દ્રવ્યોનો સંયોગ હોય તે વસ્તુમાં પરત્વ ઉત્પન્ન થાય છે અને જે વસ્તુને તેનાથી ઓછા મૂર્ત દ્રવ્યોનો સંયોગ હોય તે વસ્તુમાં દૈશિક અપરત્વ ઉત્પન્ન થાય છે.

કાશીની અપેક્ષાએ પાટલીપુત્રથી પ્રયાગ પર (દૂર) છે અને કુરૂક્ષેત્રની અપેક્ષાએ પાટલીપુત્રથી પ્રયાગ અપર (નજીક) છે. આમ પર અને અપર સાપેક્ષ સંજ્ઞા છે.

દૈશિક પરત્વ અને અપરત્વનું સમવાયિકારણ તે તે દ્રવ્ય છે જેમાં તે ઉત્પન્ન થાય છે અને અસમવાયિકારણ દિશા સાથે દ્રવ્યાદિકનો સંયોગ છે.

**કાલિક પરત્વાપરત્વ :** સૂર્યના પરિસ્પન્દ = પરિભ્રમણના બાહુલ્યના જ્ઞાનથી કાલિક પરત્વનું અને અલ્પત્વના જ્ઞાનથી કાલિક અપરત્વનું જ્ઞાન થાય છે.

સૂર્યના પરિભ્રમણ જે વસ્તુ ઉત્પન્ન થયા પછી અધિક થયા હોય તે વસ્તુમાં કાલિક પરત્વ ઉત્પન્ન થાય છે અને જે વસ્તુ ઉત્પન્ન થયા પછી ઓછા થયા હોય તેમાં કાલિક અપરત્વ ઉત્પન્ન થાય છે અને તેઓ ક્રમશઃ જ્યેષ્ઠ અને કનિષ્ઠ તરીકે ઓળખાય છે.

કાલિક પરત્વાપરત્વ જન્ય એવા ઘટ-પટાદિમાં જ સંભવે છે પણ નિત્ય દ્રવ્યોમાં સંભવતું નથી.

કાલિક પરત્વ અને અપરત્વનું સમવાયિકારણ તેનું આશ્રય દ્રવ્ય છે અને અસમવાયિકારણ તે દ્રવ્ય અને કાળનો સંયોગ છે.


અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થવાથી પરત્વ કે અપરત્વ ઉત્પન્ન થાય છે અને અપેક્ષાબુદ્ધિનો નાશ થતાં તે પરત્વાપરત્વ પણ નાશ પામે છે.

कारिकावली : बुद्धेः प्रपञ्चः प्रागेव प्रायशो विनिरूपितः ॥१२५॥
अथावशिष्टोऽप्यपरः प्रकारः परिदर्श्यते ।
अप्रमा च प्रमा चेति ज्ञानं द्विविधमिष्यते ॥१२६॥
तच्छून्ये तन्मतिर्या स्यादप्रमा सा निरूपिता ।
तत्प्रपञ्चो विपर्यासः संशयोऽपि प्रकीर्तितः ॥१२७॥

मुक्तावली : क्रमप्राप्तां बुद्धिं निरूपयितुमाह-बुद्धेरिति । तत्राऽप्रमां निरूपयति-तच्छून्य इति । तदभाववति तत्प्रकारकं ज्ञानं भ्रम इत्यर्थः । तत्प्रपञ्चः=अप्रमाप्रपञ्चः ॥

**મુક્તાવલી : (૧૨) બુદ્ધિ-નિરૂપણ :** બુદ્ધિનું વિસ્તારથી વર્ણન પૂર્વે કરી જ દીધું છે છતાં પણ જે બાકી રહ્યું છે તેનું હવે નિરૂપણ કરે છે.

બુદ્ધિ = જ્ઞાન બે પ્રકારના છે : (૧) પ્રમા અને (૨) અપ્રમા. અપ્રમા = ભ્રમાત્મક જ્ઞાન. પ્રમાનું નિરૂપણ પૂર્વે થઈ ગયું છે.




**અપ્રમા : तच्छून्ये तन्मतिः । तदभाववति तत्प्रकारकं ज्ञानं । रजतत्वाभाववति ( शुक्तौ ) रजतत्वप्रकारकं ज्ञानं अप्रमा ।**

જે વસ્તુમાં જે ન હોય તે વસ્તુમાં તદ્વત્તાની (તેના હોવાપણાની) બુદ્ધિ તે અપ્રમા છે, અર્થાત્ ભ્રમાત્મક = અયથાર્થ જ્ઞાન છે. તત્પ્રકારના અભાવવાળી વસ્તુમાં તત્પ્રકારક જ્ઞાન એ અપ્રમા છે.

છીપમાં રજતત્વ છે જ નહીં છતાં છીપમાં રજતત્વવત્તાનું, અર્થાત્ **रजतत्वप्रकारकं** જ્ઞાન જે થાય છે તે અપ્રમાત્મક = ભ્રમાત્મક છે.

**શંકાકાર : 'तदभाववति'** પદનું ઉપાદાન ન કરો તો ?

**નૈયાયિક :** તો પ્રમામાં લક્ષણ ચાલ્યું જતાં અતિવ્યાપ્તિ દોષ આવે, કેમકે

'**तदभाववति**' પદનું ઉપાદાન ન કરવાથી '**तत्प्रकारकं ज्ञानं अप्रमा**' લક્ષણ બનશે. પ્રમાત્મક જ્ઞાન પણ '**तद्वति तत्प्रकारकं**' જ્ઞાન છે. રજતમાં રજતત્વ-પ્રકારક બુદ્ધિ થવી તે પ્રમા જ છે, તેથી તેમાં પણ લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે 'તદભાવવતિ' પદનું ઉપાદાન કર્યું છે. તદ્વતિમાં તત્પ્રકારક જ્ઞાન જ પ્રમા છે પણ તદભાવવતિમાં તત્પ્રકારક જ્ઞાન પ્રમા નથી. તેથી હવે અતિવ્યાપ્તિ આવશે નહીં.

**શંકાકાર** : **तत्प्रकारकम्** પદનું ઉપાદન ન કરીએ તો ?

**નૈયાયિક** : રજતમાં રજતત્વપ્રકારક જ્ઞાન કરવું તે જેમ પ્રમા છે, અર્થાત્ તદ્વતિમાં તત્પ્રકારક જ્ઞાન જેમ પ્રમા છે તેમ જે રજત નથી તેમાં રજતત્વાભાવપ્રકારક જ્ઞાન થવું તે પણ પ્રમા છે, અર્થાત્ '**तदभाववति तदभावप्रकारकं ज्ञानं प्रमा ।**' આ પ્રમાત્મક જ્ઞાન તદભાવવતિ તદભાવપ્રકારક છે. તેથી હવે જો 'તદભાવવતિ'ને જ લક્ષણ માનીએ અને **तत्प्रकारकं** પદનું ઉપાદાન ન કરીએ તો આ **तदभाववति तदभावप्रकारकं ज्ञानं** માં લક્ષણ ચાલ્યું જવાથી અતિવ્યાપ્તિ આવે છે. તેને નિવારવા **तत्प्रकारकं** પદનું ઉપાદાન કરવું જરૂરી છે.

**શંકાકાર** : તમે તો '**तदभाववति तत्प्रकारकं ज्ञानं अप्रमा**' એવું લક્ષણ કર્યું છે. હવે શુક્તિ હોવા છતાં 'આ શુક્તિ નથી' તેવું અપ્રમાત્મક જ્ઞાન જ્યારે થાય છે ત્યારે તમારું લક્ષણ તેમાં ઘટી શકશે નહીં, તેથી અવ્યાપ્તિ આવશે.

**નૈયાયિક** : શુક્તિમાં 'આ શુક્તિ નથી' તેવું જ્ઞાન થવું એટલે જ શુક્તિમાં અર્થાત્ શુક્તિના ભેદનો જેમાં અભાવ છે તેવી વસ્તુમાં 'આ શુક્તિ નથી' તેવું અર્થાત્ આ શુક્તિના ભેદનું પ્રકારક છે તેવું જ્ઞાન થવું. તેથી અહીં **शुक्तिभेदाभाववति शुक्तिभेद-प्रकारकं ज्ञानं** થયું. અને તે તો **तदभाववति तत्प्रकारकं** રૂપ જ છે. તેથી શુક્તિમાં આ શુક્તિ નથી તેવું જે જ્ઞાન થાય છે તેમાં પણ અપ્રમાનું લક્ષણ ઘટી જતાં અવ્યાપ્તિ દોષ છે જ નહીં.

**શંકાકાર** : 'જ્ઞાન' પદનું ઉપાદાન ન કરીએ તો ?

**નૈયાયિક** : તો ઈચ્છામાં અતિવ્યાપ્તિ આવી જાય.

આમ **तद्वति तत्प्रकारकं ज्ञानं प्रमा** માં અતિવ્યાપ્તિ દૂર કરવા **तदभाववति** પદનું, **तदभाववति तदभावप्रकारकं ज्ञानं प्रमा** માં અતિવ્યાપ્તિ દૂર કરવા **तत्प्रकारकं** પદનું અને ઈચ્છાદિમાં અતિવ્યાપ્તિ નિવારવા 'જ્ઞાન' પદનું ઉપાદાન કર્યું હોવાથી અપ્રમાનું નિર્દોષ લક્ષણ '**तदभाववति तत्प्रकारकं ज्ञानं अप्रमा**' બન્યું.

कारिकावली : आद्यो देहेष्वात्मबुद्धिः शङ्खादौ पीततामतिः ।
भवेन्निश्चयरूपा या संशयोऽथ प्रदर्श्यते ॥१२८॥
किंस्विन्नरो वा स्थाणुर्वेत्यादिबुद्धिस्तु संशयः ।
तदभावाप्रकारा धीस्तत्प्रकारा तु निश्चयः ॥१२९॥

मुक्तावली : आद्य इति । विपर्यास इत्यर्थः । शरीरादौ निश्चयरूपं यदात्मत्वप्रकारकं ज्ञानं गौरोऽहमित्याकारकम् । एवं शङ्खादौ 'पीतः शङ्ख' इत्याकारकं यज्ज्ञानं निश्चयरूपं तद् भ्रम इति । किंस्विदिति वितर्के । निश्चयस्य लक्षणमाह-तदभावेति । तदभावाप्रकारकं तत्प्रकारकं ज्ञानं निश्चयः ॥

**મુક્તાવલી** : આ અપ્રમાત્મક જ્ઞાનના બે પ્રકાર છે : (૧) વિપર્યાસ અને (૨) સંશય.

**(૧) વિપર્યાસ** : નિશ્ચયાત્મક ભ્રમને વિપર્યાસ કહેવાય છે. શરીર વગેરેમાં **गौरोऽहम्** એવી જે આત્મત્વની નિશ્ચયાત્મક બુદ્ધિ થાય છે તે વિપર્યાસ કહેવાય છે. તે જ રીતે જે શંખ ખરેખર શ્વેત છે તેમાં પીતત્વપ્રકારક બુદ્ધિ થાય છે તે નિશ્ચયાત્મક બુદ્ધિ વિપર્યાસ છે. ટૂંકમાં નિશ્ચયાત્મક જે ભ્રમજ્ઞાન હોય તે વિપર્યાસ કહેવાય છે.

**શંકાકાર** : નિશ્ચયાત્મક ભ્રમજ્ઞાનને વિપર્યાસ કહેવાય છે તો ત્યાં નિશ્ચય એટલે શું?

**નૈયાયિક : तदभावाप्रकारकं तत्प्रकारकं ज्ञानं निश्चयः** । જે તદભાવનું અપ્રકારક હોય અને તદ્ભાવપ્રકારક હોય તે જ નિશ્ચય કહેવાય. ઘટનું જ્ઞાન જો નિશ્ચયાત્મક હોય તો તે ઘટત્વાભાવ-અપ્રકારક હોય અને ઘટત્વપ્રકારક હોય, અર્થાત્ અહીં ઘટત્વનો અભાવ નથી પણ ઘટત્વ પ્રકાર તરીકે ભાસે છે. તેવું જે જ્ઞાન છે તે નિશ્ચયજ્ઞાન કહેવાય.

માત્ર '**तत्प्रकारकं ज्ञानं निश्चयः**' એવું લક્ષણ બનાવી શકાય નહીં, કેમકે સંશયમાં પણ તત્પ્રકારક જ્ઞાન તો થાય જ છે, કેમકે **अयं स्थाणुर्वा पुरुषः ?** માં સ્થાણુત્વપ્રકારક અને પુરૂષત્વપ્રકારક જ્ઞાન છે જ. તેથી સંશયમાં અતિવ્યાપ્તિ થાય છે. તે અતિવ્યાપ્તિ નિવારવા **तदभावाप्रकारकं** પદનું ઉપાદાન કર્યું છે. સંશય તો ભાવ અને અભાવપ્રકારક જ્ઞાન છે પણ તદભાવપ્રકારક નથી, તેથી હવે અતિવ્યાપ્તિ નહીં આવે.

कारिकावली : स संशयो मतिर्या स्यादेकत्राभावभावयोः ।
साधारणादिधर्मस्य ज्ञानं संशयकारणम् ॥१३०॥

मुक्तावली : संशयं लक्षयति-स संशय इति । एकधर्मिकविरुद्धभावाभावप्रकारकं ज्ञानं संशय इत्यर्थः । साधारणेति । उभयसाधारणो यो धर्मः, तज्ज्ञानं संशयकारणम् । यथा उच्चैस्तरत्वं स्थाणुपुरुषसाधारणं ज्ञात्वाऽयं स्थाणुर्न वेति संदिग्धे । एवमसाधारणधर्मज्ञानमपि कारणम् । यथा शब्दत्वस्य नित्यानित्यव्यावृत्तत्वं शब्दे गृहीत्वा शब्दो नित्यो न वेति संदिग्धे ।

**મુક્તાવલી :** (૨) સંશય : **एकधर्मिकविरुद्धभावाभावप्रकारकज्ञानं संशयः** । એક જ ધર્મી વસ્તુમાં ભાવ અને અભાવપ્રકારક જે જ્ઞાન થાય તે સંશય કહેવાય. વૃક્ષમાં વૃક્ષત્વ અને વૃક્ષત્વાભાવ (પુરૂષત્વ) પ્રકારક જ્ઞાન તે સંશય કહેવાય.

ધર્મી એ પુરોવર્તી પદાર્થ હોય. અને પુરોવર્તી જે પદાર્થ હોય તેમાં સંશય હોઈ શકે નહીં, કેમકે તેના નિશ્ચય વિના અર્થાત્ 'આ પુરોવર્તી પદાર્થ છે' તેવા નિશ્ચય વિના તો તે પુરોવર્તી પદાર્થમાં સંશય જ શી રીતે થઈ શકે ? તેથી પુરોવર્તી પદાર્થમાં સંશય કદાપિ હોઈ શકે નહીં પણ તેના પ્રકારમાં સંશય હોય છે, અર્થાત્ 'આ પુરોવર્તી પદાર્થ એ પુરુષત્વવત્ છે કે સ્થાણુત્વવત્ ?' તેવો સંશય પડે છે. તેથી કહ્યું છે કે પુરોવર્તી પદાર્થમાં રહેલા ભાવ અને અભાવપ્રકારક જ્ઞાનને સંશય કહેવાય છે.

જો 'એકધર્મી' પદનું ઉપાદાન કરવામાં ન આવે તો પ્રમારૂપ નિશ્ચયાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવે છે. પર્વતમાં વહ્નિપ્રકારક જ્ઞાન અને હ્રદમાં વહ્ન્યભાવપ્રકારક જ્ઞાન થાય છે. આમ તે વિરુદ્ધભાવાભાવપ્રકારક જ્ઞાન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ થઈ, કેમકે આ જ્ઞાન સંશયાત્મક નથી. આ અતિવ્યાપ્તિ નિવારવા એકધર્મી પદનું ઉપાદાન કર્યું છે. હવે એક જ ધર્મીમાં વિરુદ્ધભાવાભાવપ્રકારક જ્ઞાન સંશયાત્મક હોવાથી અતિવ્યાપ્તિ નથી.

વૃક્ષમાં કપિસંયોગ શાખાવચ્છેદેન હોય છે અને મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવ હોય છે. તેથી એક જ ધર્મી વૃક્ષમાં કપિસંયોગત્વ અને કપિસંયોગાભાવત્વરૂપ ભાવાભાવપ્રકારક જ્ઞાન થઈ શકે છે અને તે તો નિશ્ચયાત્મક જ છે. તેથી જો વિરુદ્ધ પદનું ઉપાદાન ન કરો તો નિશ્ચયાત્મક જ્ઞાનમાં સંશયનું લક્ષણ ઘટી જવાથી અતિવ્યાપ્તિ

આવી, પણ વિરુદ્ધ પદનું ઉપાદાન કરવાથી હવે તે અતિવ્યાપ્તિ આવશે નહીં.

વળી **घटोऽद्रव्यं पृथ्वी च** એવું જ્ઞાન થઈ શકતું હોવાથી જો ભાવાભાવ પદનું ઉપાદાન ન કરો તો સંશયનું લક્ષણ તેમાં પણ ઘટી જતાં અતિવ્યાપ્તિ આવશે, કેમકે ઘટરૂપ એક ધર્મીમાં અદ્રવ્યત્વ અને પૃથ્વીત્વરૂપ વિરુદ્ધપ્રકારક જ્ઞાન થયું છે. આમ એકધર્મીવિરુદ્ધપ્રકારકજ્ઞાન રૂપ સંશયનું લક્ષણ ઘટી જવાથી આવતી અતિવ્યાપ્તિને નિવારવા 'ભાવાભાવ' પદનું ઉપાદાન કર્યું છે. અદ્રવ્ય અને પૃથ્વી એ પરસ્પર અભાવરૂપ ન હોવાથી ભાવાભાવ પદના ઉપાદાન સહિતનું લક્ષણ તેમાં હવે ન જવાથી અતિવ્યાપ્તિ આવશે નહીં. ઈચ્છામાં અતિવ્યાપ્તિ નિવારવા 'જ્ઞાન' પદનું ઉપાદાન કર્યું છે. તેથી સંશયનું લક્ષણ : **'एकधर्मिकविरुद्धभावाभावप्रकारकं ज्ञानं'** બન્યું.

આ પુરૂષ છે કે ઠુંઠું ? તેવું જે સંશયાત્મક જ્ઞાન થાય છે તેમાં બંને વસ્તુમાં રહેલા સાધારણ ધર્મનું જ્ઞાન કારણ છે. જેમકે ઉચ્ચૈસ્તરત્વ = ઊંચાપણું તે વૃક્ષ અને માણસનો સાધારણ ધર્મ છે. જો સામે રહેલી વસ્તુમાં બે વસ્તુમાં રહેલા સાધારણ ઉચ્ચત્વ ધર્મનું જ્ઞાન થાય તો સંશય થાય છે કે સામે દેખાતી વસ્તુ વૃક્ષ હશે કે માણસ ? પણ જેને 'વૃક્ષ અને માણસમાં ઊંચાઈ હોય છે' તેવું તેમના ઉચ્ચત્વ ધર્મનું જ્ઞાન જ ન હોય તેને વૃક્ષ દૂરથી અંધકારમાં જોવા છતાં 'આ વૃક્ષ છે કે માણસ ?' તેવો સંશય પેદા પણ નહીં જ થાય. તેથી ઉભયમાં રહેલા સામાન્ય ધર્મના જ્ઞાનથી સંશય-જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ નક્કી થાય છે. પણ જો કોઈ વિશેષ ધર્મનું પણ જ્ઞાન થઈ જાય તો પછી સંશય રહે નહીં. **पुरुषत्वव्याप्यकरचरणादिमानयं** એવું વિશેષધર્મવાન્ વસ્તુનું જ્ઞાન થઈ જાય તો સામાન્ય ધર્મનું જ્ઞાન હોવા છતાં પણ સંશયાત્મક જ્ઞાન થવાને બદલે 'આ માણસ છે' તેવું નિશ્ચયાત્મક જ્ઞાન થઈ જ જાય. તે જ રીતે વૃક્ષ અને માણસના સાધારણ ધર્મ ઉચ્ચત્વનું જ્ઞાન હોવા છતાં પણ જો **वृक्षत्वव्याप्यशाखादिमानयं** એવું વિશેષધર્મનું જ્ઞાન થાય તો સંશય થવાને બદલે 'આ વૃક્ષ છે' તેવું નિશ્ચયાત્મક જ્ઞાન થઈ જાય છે.

**શંકાકાર** : સાધારણ (સામાન્ય) ધર્મનું જ્ઞાન હોવા છતાં પણ અહીં માણસ અને વૃક્ષનું નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે તેમ તમે કહ્યું, તેથી અહીં કારણ હાજર હોવા છતાં સંશય ઉત્પન્ન ન થવાથી કારણની હાજરીમાં કાર્ય ન થતાં અન્વયવ્યભિચાર આવ્યો.

**નૈયાયિક** : ના, અમારે અન્વયવ્યભિચાર આવતો જ નથી. જો તમામ કારણ-સામગ્રી હાજર હોવા છતાં પણ કાર્ય ન થાય તો જ અન્વયવ્યભિચાર આવ્યો કહેવાય. પણ અહીં સાધારણ ધર્મના જ્ઞાનરૂપ કારણ હાજર હોવા છતાં પ્રતિબંધકાભાવરૂપ કારણ

હાજર ન હોવાથી સંશયાત્મક જ્ઞાન થવા રૂપ કાર્ય થતું નથી, તેથી અન્વયવ્યભિચાર છે જ નહીં. વિશેષ ધર્મનું જ્ઞાન એ સંશયાત્મક જ્ઞાન થવામાં પ્રતિબંધક બને છે. તેથી પ્રતિબંધક એવા વિશેષ ધર્મના જ્ઞાનનો અભાવ ન હોવાથી જ અહીં સંશય ન થતાં નિશ્ચય થાય છે.

સાધારણ ધર્મનું જ્ઞાન જેમ સંશય પ્રત્યે કારણ છે તેમ અસાધારણ ધર્મનું જ્ઞાન પણ સંશય પ્રત્યે કારણ છે. શબ્દત્વ એ શબ્દનો અસાધારણ ધર્મ છે. આ શબ્દત્વ ધર્મ આકાશ, આત્મા, દિશા વગેરે નિત્ય પદાર્થોમાં જેમ રહેતો નથી (આકાશમાં શબ્દ રહે છે, શબ્દત્વ નહીં. તે તો શબ્દમાં જ રહે.) તેમ ઘટ, પટ વગેરે અનિત્ય પદાર્થોમાં પણ રહેતો નથી. આ અસાધારણ શબ્દત્વ ધર્મ માત્ર શબ્દમાં જ રહે છે અને તેથી જ **शब्दो नित्यो न वा ?** ઇત્યાકારક સંશય ઉત્પન્ન થાય છે.

---

**मुक्तावली : विप्रतिपत्तिस्तु शब्दो नित्यो न वेत्यादिशब्दात्मिका न संशयकारणम् । शब्दव्याप्तिज्ञानादीनां निश्चयमात्रजनकत्वस्वभावात्, किन्तु तत्र शब्देन कोटिद्वयज्ञानं जन्यते संशयस्तु मानस एवेति । एवं ज्ञाने प्रामाण्यसंशयाद् विषयसंशय इति । एवं व्याप्यसंशयादपि व्यापकसंशय इत्यादिकं बोध्यम् । किन्तु संशये धर्मिज्ञानं धर्मीन्द्रियसन्निकर्षो वा कारणमिति ॥**

---

**મુક્તાવલી :** સાધારણ ધર્મ અને અસાધારણ ધર્મ સંશયજ્ઞાનના કારણ હોવા છતાં વિપ્રતિપત્તિ જ્ઞાન સંશયનું કારણ નથી. વિરોધીમતબોધક વાક્યને વિપ્રતિપત્તિ કહેવાય. ન્યાયસૂત્રમાં તો વિપ્રતિપત્તિને પણ સંશયનું કારણ માન્યું છે પરંતુ તે બરાબર નથી, કારણ કે વિપ્રતિપત્તિથી નિશ્ચયાત્મક જ્ઞાન જ થાય છે પણ સંશયાત્મક જ્ઞાન થતું નથી.

એકે કહ્યું કે **शब्दो नित्यः शब्दत्वात् ।** જે આ વાક્ય બોલ્યો છે તેને તો 'શબ્દ નિત્ય છે' તેવો નિશ્ચય જ છે. આ સાંભળીને બીજી વ્યક્તિએ નિશ્ચયપૂર્વક વિરોધ કર્યો કે **शब्दोऽनित्यः कार्यत्वात् ।** શ્રોતાએ આ બે ય વિરોધી વાક્યો સાંભળ્યા. આ બંને વાક્યો 'વિરુદ્ધાર્થબોધક' છે છતાં નિશ્ચયપૂર્વક બોલાયેલા છે, તો શબ્દાત્મિકા આ બે વિરોધી વાક્યોરૂપ વિપ્રતિપત્તિ સાંભળવાથી સંશયાત્મક બોધ શી રીતે થઈ શકે ? નિશ્ચયાત્મક વાક્યથી શાબ્દબોધ પણ નિશ્ચયાત્મક જ થાય.

શબ્દ અને વ્યાપ્તિજ્ઞાન એ માત્ર નિશ્ચયના જ જનક હોય છે પણ સંશયના નહીં.

તેથી વિપ્રતિપત્તિ વાક્યને સંશયજનક કહી શકાય નહીં.

**શંકાકાર** : પણ પરસ્પર વિરોધી બે નિશ્ચયાત્મક વાક્યો સાંભળ્યા પછી શ્રોતાને સંશય તો ઉત્પન્ન થાય જ છે તો તે વિપ્રતિપત્તિથી જો ઉત્પન્ન ન થયો હોય તો શેનાથી ઉત્પન્ન થયેલો માનશો ?

**નૈયાયિક** : વક્તા જ્યારે નિશ્ચયાત્મક **शब्दो नित्यः** બોલશે ત્યારે શ્રોતાને નિશ્ચયાત્મક રીતે જ 'શબ્દ નિત્ય છે' તેવો શાબ્દબોધ થશે. અને જ્યારે વક્તા **शब्दोऽनित्यः** બોલશે ત્યારે તે જ શ્રોતાને 'શબ્દ અનિત્ય છે' તેવો નિશ્ચયાત્મક બોધ જ થશે. આમ વિપ્રતિપત્તિ (શબ્દાત્મિકા) શ્રવણથી તો શ્રોતાને નિશ્ચયાત્મક શાબ્દબોધ જ થશે. પણ પછી તે શ્રોતાને 'શબ્દ નિત્ય હશે કે અનિત્ય ?' એવો જે સંશય ઉત્પન્ન થાય છે તે તો મનથી જ થાય છે, અર્થાત્ આ સંશય મનોજન્ય છે પણ વિપ્રતિપત્તિજન્ય નહીં. તેથી આ સંશય પ્રત્યે મન કારણ છે પણ વિપ્રતિપત્તિ જ્ઞાન નહીં.

બે જાતના વિરોધી વાક્યો સાંભળવાથી ભાવાત્મક અને અભાવાત્મક જે બે કોટિનું જ્ઞાન થાય તે તો શબ્દથી થાય છે, જ્યારે સંશય તો મનથી ઉત્પન્ન થાય છે.

હવે આ રીતે જ્ઞાનમાં પ્રામાણ્યનો સંશય ઉત્પન્ન થાય તો તે જ્ઞાનના વિષયમાં પણ સંશય પેદા થયો. દૂર પાણી હોય તેવું જ્ઞાન થયું, પણ પછી સંશય પેદા થયો કે મને જે પાણીનું જ્ઞાન થયું છે તે બરાબર છે કે નહીં ? અર્થાત્ પોતાને થયેલા જ્ઞાનમાં પ્રામાણ્યનો સંશય પેદા થયો. અને તેમ થતાં તરત જ તેના વિષય પાણીમાં પણ સંશય પડે, અર્થાત્ ત્યાં પાણી હશે કે નહિ? તેવો વિષય-સંશય પણ પડે.

તે જ રીતે વ્યાપ્યના સંશયથી વ્યાપકનો સંશય ઉત્પન્ન થાય છે. 'પર્વત ઉપર ધૂમ છે' તેવું દેવદત્તને જ્ઞાન થયું, પણ પછી તેને સંશય પડ્યો કે 'પર્વત ઉપર ધૂમ છે' તેવું મને જ્ઞાન થયું કે નથી થયું ? તો તેને તરત જ પર્વત ઉપર અગ્નિ હશે કે નહિ તેવો પણ સંશય પડે, કેમકે ધૂમનું વ્યાપક વહ્નિ છે. ધૂમનું જ્ઞાન થતાં વહ્નિનું જ્ઞાન થાય છે. પણ પછી ધૂમના જ્ઞાનમાં જ સંશય પડતાં, જેના કારણે વહ્નિનું જ્ઞાન થયું છે તેમાં જ સંશય પડતાં વ્યાપક વહ્નિનું પણ સંશયાત્મક જ્ઞાન જ થાય પણ નિશ્ચયાત્મક જ્ઞાન થઈ શકે નહીં.

**શંકાકાર** : શું સાધારણ ધર્મ કે અસાધારણ ધર્મના જ્ઞાનથી જ સંશય થાય ? અને તે સિવાય ધર્મીજ્ઞાનથી સંશય ન થાય ? અર્થાત્ ધર્મીનું જ્ઞાન સંશયમાં કારણ નથી ?

**નૈયાયિક** : સાધારણ ધર્મના જ્ઞાનથી સંશય થતો હોય કે અસાધારણ ધર્મના જ્ઞાનથી

સંશય થતો હોય, પણ ધર્મીજ્ઞાન તો પ્રત્યેક સંશયમાં જોઈએ જ, અર્થાત્ ધર્મીનું જ્ઞાન તો પ્રત્યેક સંશયમાં કારણ છે.

**શંકાકાર :** ધર્મીના જ્ઞાન વિના પણ સંશય કેમ ન થઈ શકે ? માત્ર ચક્ષુરિન્દ્રિયાદિના ધર્મી સાથેના સન્નિકર્ષથી જ સંશય ઉત્પન્ન ન થાય ?

**નૈયાયિક :** તમારી વાત સાચી છે. તેથી **तद्धेतोः किं तेन ?** ન્યાયથી ધર્મી-ઈન્દ્રિય સંબંધ જ સંશયનું કારણ બની જાય છે. તેથી અમે ધર્મીજ્ઞાનને કારણ ન માનતાં ધર્મી-ઈન્દ્રિયસંબંધને જ સંશય પ્રત્યે કારણ માનીશું.

---

**कारिकावली : दोषोऽप्रमाया जनकः प्रमायास्तु गुणो भवेत् ।**
**पित्तदूरत्वादिरूपो दोषो नानाविधः स्मृतः ॥१३१॥**

---

**मुक्तावली : दोष इति । अप्रमां प्रति दोषः कारणं, प्रमां प्रति गुणः कारणम्। तत्रापि पित्तादिरूपा दोषा अननुगताः, तेषां कारणत्वमन्वयव्यतिरेकाभ्यां सिद्धम् । गुणस्य प्रमाजनकत्वं त्वनुमानात् सिद्धम् । यथा प्रमा ज्ञान-सामान्यकारणभिन्नकारणजन्या, जन्यज्ञानत्वात्, अप्रमावत् ।**

---

**મુક્તાવલી : પ્રમા-અપ્રમા કારણ વિચાર :** અપ્રમાનો જનક દોષ છે, જ્યારે પ્રમાનો જનક ગુણ છે. અપ્રમાના જનક દોષો અનેક પ્રકારના છે, જેમ કે પિત્ત, દૂરપણું, અંજન વગેરે.

અપ્રમા દોષથી જન્ય છે, તેથી દોષ એ અપ્રમાનું કારણ છે. અન્વય-વ્યતિરેક મળતાં હોવાથી દોષ અને અપ્રમા વચ્ચે કાર્ય-કારણભાવ માનવામાં કોઈ આપત્તિ નથી. **दोषसत्त्वे अप्रमासत्त्वं**, અને **दोषाऽसत्त्वे अप्रमाऽसत्त्वं** રૂપ અન્વય-વ્યતિરેક મળતાં હોવાથી પિત્તાદિ દોષોમાં અપ્રમા-કારણતા સિદ્ધ થાય છે.

પિત્તાદિ દોષો અપ્રમાના જનક છે એ તો પ્રત્યક્ષ સિદ્ધ છે, એટલે તેમાં રહેલી અપ્રમા-કારણતા અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થઈ શકે છે. પણ તેવું ગુણમાં ન હોવાથી ગુણમાં રહેલી પ્રમા-કારણતા અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થઈ શકતી નથી, તેથી તે અનુમાનથી સિદ્ધ કરવી જોઈએ :

**प्रमा ज्ञानसामान्यकारणभिन्नकारणजन्या जन्यज्ञानत्वात्, अप्रमाज्ञानवत् ।**

જે જે જન્ય જ્ઞાન હોય તે તે જ્ઞાનના સામાન્ય કારણ આત્મ-મનઃસંયોગથી ભિન્ન

અન્ય કારણથી પણ જન્ય હોય. અપ્રમા જન્ય જ્ઞાન છે તો તે જ્ઞાનસામાન્ય કારણ જે આત્મ-મનઃસંયોગ છે તેનાથી ભિન્ન કારણ પિત્તાદિ દોષથી પણ જન્ય છે જ, તે રીતે પ્રમા પણ જન્ય જ્ઞાન હોવાથી જ્ઞાનસામાન્ય કારણથી ભિન્ન એવા કોઈ કારણથી જન્ય છે તેમ માનવું જોઈએ. તે ભિન્ન કારણને અમે ગુણ કહીએ છીએ. આમ પ્રમાના કારણ તરીકે અનુમાનથી ગુણની સિદ્ધિ થાય છે.

---

**मुक्तावली : न च दोषाभाव एव कारणमस्त्विति वाच्यम्, पीतः शङ्ख इति ज्ञानस्थले पित्तदोषसत्त्वाच्छङ्खत्वप्रमानुत्पत्तिप्रसङ्गात्, विनिगमना-विरहात् अनन्तदोषाभावस्य कारणत्वमपेक्ष्य गुणस्य कारणताया न्याय्यत्वात् । न च गुणसत्त्वेऽपि पित्तेन प्रतिबन्धाच्छङ्खे न श्वैत्यज्ञानमतः पित्तादिदोषाभावानां कारणत्वमवश्यं वाच्यं, तथा च किं गुणस्य हेतुत्वकल्पनयेति वाच्यम्, तथाप्यन्वयव्यतिरेकाभ्यां गुणस्यापि हेतुत्वसिद्धेः । एवं भ्रमं प्रति गुणाभावः कारणमित्यस्यापि सुवचत्वात् । तत्र दोषाः के इत्याकाङ्क्षायामाह-पित्तेति । क्वचित् पीतादिभ्रमे पित्तं दोषः, क्वचिच्चन्द्रादेः स्वल्पपरिमाणभ्रमे दूरत्वं दोषः, क्वचिच्च वंशोरगभ्रमे मण्डूकवसाञ्जनमित्येवंरूपा दोषा अननुगता एव भ्रान्तिजनका इत्यर्थः ॥**

---

**મુક્તાવલી : શંકાકાર :** અપ્રમા પ્રત્યે દોષ કારણ છે તે તો પ્રત્યક્ષ સિદ્ધ જ છે તેમ તો તમે પણ માનો છો. તો હવે પ્રમા પ્રત્યે ગુણને કારણ માનવા કરતાં દોષાભાવને જ કારણ માનો ને ? તેમ માનવામાં ગુણ નામના નવા પદાર્થને ન માનવાનું લાઘવ છે.

**નૈયાયિક :** ના, દોષાભાવને પ્રમાનું કારણ માની શકાય નહીં, કેમકે જેને પિત્ત દોષ છે તે વ્યક્તિને શંખમાં પિત્ત શંખની બુદ્ધિ થાય છે. ત્યાં જે પીતાંશનું જ્ઞાન અપ્રમા છે પણ શઙ્ખત્વેન શંખનું જે જ્ઞાન થયું છે તે તો પ્રમા જ છે. હવે જો દોષાભાવને જ પ્રમાનું કારણ માનો તો અહીં પિત્ત દોષ હાજર હોવાથી પિત્તાદિ દોષાભાવ તો નથી જ, અર્થાત્ પ્રમાનું કારણ હાજર નથી છતાં શઙ્ખત્વેન શંખનું પ્રમા-જ્ઞાન તો થયું જ છે. તેથી કારણ વિના પણ કાર્ય થવાથી વ્યતિરેકવ્યભિચાર આવ્યો. માટે દોષાભાવને કારણ માની શકાય નહીં પણ ગુણને જ કારણ માનવું જોઈએ.

**શંકાકાર** : અમે દોષાભાવને પ્રમાનું કારણ માનીએ છીએ. તમે ગુણને પ્રમાનું કારણ કહો છો. તેથી વિનિગમના-વિરહ આવી ગયો. તેથી દોષાભાવ પ્રમાનું કારણ નથી તેમ તો તમારાથી નહીં જ કહી શકાય.

**નૈયાયિક** : વિનિગમના-વિરહ છે જ નહીં. લાઘવતર્કથી ગુણને જ પ્રમાનું કારણ માની શકાય છે. દોષ અનેક હોવાથી પ્રમાના કારણ તરીકે તમારે દોષાભાવ પણ અનેક માનવા પડશે. અને તેથી કારણતાવચ્છેદક પણ અનંતા માનવાનું ગૌરવ થશે. તેના કરતાં માત્ર ગુણને જ કારણ માનવામાં લાઘવ છે. તેથી પ્રમા પ્રત્યે દોષાભાવને કારણ ન માનતાં ગુણને કારણ માનવું જોઈએ. ગુણને કારણ માનવાથી દોષાભાવને કારણ માનતાં આવતો વ્યતિરેક વ્યભિચાર હવે નહીં આવે, કેમકે શંખત્વ વિશેષણવાળા શંખ વિશેષ્ય સાથે ઈન્દ્રિય-સંનિકર્ષ રૂપ ગુણ હાજર છે. તેથી શંખત્વેન શંખનું પ્રમા-જ્ઞાન થયું છે તેમાં કારણ હાજર હોવાથી જ કાર્ય થયું છે. તેથી વ્યતિરેકવ્યભિચાર છે જ નહીં.

**શંકાકાર** : શ્વેત વિશેષણવત્ શંખ વિશેષ્ય સાથે ઈન્દ્રિયસંનિકર્ષ રૂપ ગુણ હાજર હોવા છતાં ય પિત્તાદિ દોષવાળાને શ્વૈત્યનું જ્ઞાન થતું નથી. તેથી ત્યાં તમારે પિત્તાદિ દોષોને પ્રતિબંધક માનવા જ પડશે. અને પ્રતિબંધકાભાવ એ પણ એક કારણ છે. તેથી પિત્તાદિ દોષાભાવને જ તમારે પ્રમા પ્રત્યે કારણ માનવું જોઈએ. અહીં ગુણ હાજર હોવા છતાં પ્રમા-જ્ઞાન ન થવાથી **कारणसत्त्वे कार्यासत्त्वं** રૂપ અન્વય-વ્યભિચાર છે જ. તેથી ગુણને તો કારણ મનાય જ નહીં. તેથી દોષાભાવને જ પ્રમા પ્રત્યે કારણ મનાય.

**નૈયાયિક** : જ્યાં દોષાભાવ હોય છે અને ગુણની હાજરી નથી હોતી ત્યાં પ્રમા-જ્ઞાન નથી પણ થતું. જેમકે પિત્તાદિ દોષ નથી અને જેને શ્વેતત્વેન શ્વૈત્ય સાથે સંનિકર્ષ થવારૂપ ગુણ હાજર નથી તેને શંખમાં શ્વૈત્યની પ્રમા પણ થતી નથી જ. હવે જો દોષાભાવ જ કારણ હોય તો દોષાભાવ હાજર હોવાથી કેમ તેને શ્વૈત્યનું જ્ઞાન નથી થતું ? તેથી માનવું જ જોઈએ કે અહીં ગુણ હાજર ન હોવાથી પ્રમા થતી નથી. માટે પ્રમા પ્રત્યે ગુણ કારણ છે. અને છતાં જો પ્રમા પ્રત્યે દોષાભાવને કારણ માનવાનો આગ્રહ હોય તો અમે કહીશું કે અપ્રમા પ્રત્યે દોષને કારણ માનવાની પણ જરૂર નથી. ત્યાં પણ તમે ગુણાભાવને જ અપ્રમા પ્રત્યે કારણ માનો ને ? અપ્રમા પ્રત્યે ગુણાભાવને કારણ ન માનતાં જેમ દોષને કારણ માનીએ છીએ તેમ પ્રમા પ્રત્યે પણ દોષાભાવને કારણ ન માનતાં ગુણને જ કારણ માનવું જોઈએ.

વળી **गुणसत्त्वे प्रमासत्त्वं** અને **गुणाऽसत्त्वे प्रमाऽसत्त्वं** રૂપ અન્વય-વ્યતિરેક પણ મળતાં હોવાથી પ્રમા પ્રત્યે ગુણને જ કારણ માનવું યોગ્ય છે. તમે જે અન્વય-વ્યભિચાર

આપ્યો છે ત્યાં કારણ હોવા છતાં પ્રતિબંધક પિત્તાદિ દોષની હાજરી હોવાથી જ કાર્ય થયું નથી. પણ તેથી કાંઈ ગુણની કારણતા દૂર થતી નથી.

**દોષો** : દોષો અનેક છે : પિત્ત, દૂરત્વ, મંડૂકવસાંજનાદિ. શંખમાં પીતત્વની બુદ્ધિ થાય છે તેમાં પિત્ત દોષ કારણ છે. ચન્દ્રાદિમાં સ્વલ્પ પરિમાણનો ભ્રમ થાય છે તેમાં દૂરત્વ દોષ કારણ છે. વાંસને જોતાં ક્યારેક સર્પનું ભ્રમાત્મક જ્ઞાન થાય છે તેમાં દેડકાંના ચૂર્ણનું અંજન કારણ છે. આ બધા અપ્રમા-જનક દોષો છે.

---

**कारिकावली : प्रत्यक्षे तु विशेष्येण विशेषणवता समम् ।**
**सन्निकर्षो गुणस्तु स्यादथ त्वनुमितौ पुनः ॥१३२॥**
**पक्षे साध्यविशिष्टे तु परामर्शो गुणो भवेत् ।**
**शक्ये सादृश्यबुद्धिस्तु भवेदुपमितौ गुणः ॥१३३॥**
**शाब्दबोधे योग्यतायास्तात्पर्यस्याथ वा प्रमा ।**
**गुणः स्याद् भ्रमभिन्नं तु ज्ञानमत्रोच्यते प्रमा ॥१३४॥**

---

**मुक्तावली : अथ के गुणा इत्याकाङ्क्षायां प्रत्यक्षादौ क्रमशो गुणान् दर्शयति-प्रत्यक्षे त्विति । प्रत्यक्षे विशेषणवद्विशेष्यसंनिकर्षो गुणः । अनुमितौ साध्यवति साध्यव्याप्यवैशिष्ट्यज्ञानं गुणः । एवमग्रेऽपि उह्यम् । प्रमां निरूपयति-भ्रमभिन्नमिति ॥**

---

**મુક્તાવલી : ગુણો** : પ્રમા-જ્ઞાનનું જનક ગુણ છે.

પ્રત્યક્ષના પ્રમા-જ્ઞાનમાં **विशेषणवद्विशेष्यसंनिकर्षो गुणः ।**

**पीतः शङ्खः** સ્થળે **शङ्खत्ववत्शङ्खः** સાથે સંનિકર્ષ છે માટે શંખનું તો પ્રમાત્મક જ્ઞાન થાય જ છે, કેમકે અહીં વિશેષણવત્ વિશેષ્ય સાથેનો સંનિકર્ષ હાજર છે. પણ સંશયાત્મક સ્થળે પુરોવર્તી પદાર્થની સાથે જે સંનિકર્ષ છે તે સીધો ધર્મી સાથે છે, અર્થાત્ વિશેષણવદ્ વિશેષ્ય સાથે સંનિકર્ષ નથી. એટલે જ પુરોવર્તી પદાર્થમાં વૃક્ષત્વ છે કે પુરુષત્વ ? તેવો સંશય થવા રૂપ અપ્રમાત્મક જ્ઞાન થાય છે. પણ જો અહીં પુરોવર્તી પદાર્થમાં (વૃક્ષમાં) વિશેષણવદ્ વિશેષ્ય સાથે અર્થાત્ વૃક્ષત્વવદ્ વૃક્ષ સાથે સંનિકર્ષ હોત તો પ્રમા જ થાત કે આ વૃક્ષ છે. પણ વૃક્ષત્વવદ્ વૃક્ષનું જ્ઞાન નથી માટે જ અપ્રમા=સંશયાત્મક બુદ્ધિ થાય

છે. (વિશેષ્ય સાથે સંનિકર્ષનું ભાન (જ્ઞાન) છે પણ વિશેષણવદ્ વિશેષ્ય સાથે મારો સંનિકર્ષ છે તેવું જ્ઞાન નથી.)

અનુમિતિમાં પરામર્શ એ ગુણ છે. ઉપમિતિમાં શક્યમાં સાદશ્યની જે બુદ્ધિ થાય છે તે ગુણ છે. તથા શાબ્દબોધમાં યોગ્યતાજ્ઞાન અને તાત્પર્યજ્ઞાન ગુણ છે.

**શંકાકાર :** '**तदभाववति तत्प्रकारकं ज्ञानं अप्रमा**' એમ તો તમે કહ્યું પણ પ્રમા કોને કહેવાય? અપ્રમાનું લક્ષણ જણાવ્યું પણ પ્રમાનું લક્ષણ તો હજુ જણાવ્યું જ નથી.

**નૈયાયિક :** '**भ्रमभिन्नज्ञानं प्रमा ।**' ભ્રમ ન હોય તેવું જ્ઞાન પ્રમા કહેવાય છે.

---

**कारिकावली : अथवा तत्प्रकारं यज्ज्ञानं तद्वद्विशेष्यकम् ।**
**तत्प्रमा न प्रमा नापि भ्रमः स्यान्निर्विकल्पकम् ॥१३५॥**
**प्रकारतादिशून्यं हि सम्बन्धानवगाहि तत् ।**

---

**मुक्तावली : ननु यत्र शुक्तिरजतयोरिमे रजते इति ज्ञानं जातं तत्र रजतांशेऽपि प्रमा न स्यात्, तज्ज्ञानस्य भ्रमभिन्नत्वाभावादत आह-अथवेति। तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकं ज्ञानं प्रमेत्यर्थः । अथैवं स्मृतेरपि प्रमात्वं स्यात्, ततः किमिति चेत् ? तथासति तत्करणस्यापि प्रमाणान्तरत्वं स्यादिति चेत् ? न, यथार्थानुभवकरणस्यैव प्रमाणत्वेन विवक्षितत्वात् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** શુક્તિ અને રજત સામે પડેલા છે. તેમાં કોઈકને 'આ બે રજત છે' તેવું જ્ઞાન થયું. આ જ્ઞાન હકીકતમાં ભ્રમાત્મક છે, કેમકે હકીકતમાં બંને રજત છે જ નહીં. પણ તેમાં ય રજતમાં જે રજતનું જ્ઞાન છે તે તો પ્રમા જ છે ને ? પણ તમે તો ભ્રમથી ભિન્ન જ્ઞાનને પ્રમા માનો છો, તેથી રજતમાં રજતની બુદ્ધિ થઈ હોવા છતાં તમારાથી તેને પ્રમા ન માનવાની આપત્તિ આવશે.

**નૈયાયિક :** આ આપત્તિ નિવારણાર્થે અમે કહીશું કે '**तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकं ज्ञानं प्रमा ।**' ઘટત્વવત્ ઘટવિશેષ્યકત્વે સતિ ઘટત્વપ્રકારક જ્ઞાન તે પ્રમા છે. '**इमे रजते**' એ રજતત્વવદ્ રજતવિશેષ્યક જ્ઞાન છે. તેથી રજતાંશમાં હવે તે જ્ઞાન પ્રમાત્મક બની ગયું.

**શંકાકાર :** તો પછી જે નિર્વિકલ્પક જ્ઞાન 'ઘટ-ઘટત્વે' થાય છે તેમાં **तद्वद्विशेष्यकत्वे**

**सति तत्प्रकारकं ज्ञानं** લક્ષણ જતું ન હોવાથી અવ્યાપ્તિ દોષ આવશે.

**નૈયાયિક** : ના, તેવું નિર્વિકલ્પક જ્ઞાન પ્રકારવદ્વિશેષ્યાભાવવાળું હોવાથી પ્રમા પણ નથી અને ભ્રમ પણ નથી. કિન્તુ તે નિર્વિકલ્પક જ્ઞાન તો પ્રકારતાદિ-શૂન્ય અને સંબંધનું અવગાહન નહીં કરનારું જ્ઞાન છે. તેથી '**तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकं ज्ञानं प्रमा**' લક્ષણ છે.

જો '**तद्वद्विशेष्यकत्वे सति**'નું ઉપાદાન ન કરાય તો રજત-શુક્તિમાં શુક્તિ-રજતનું જે ભ્રમાત્મક જ્ઞાન થયું તે પણ રજતત્વ અને શુક્તિત્વ-પ્રકારક હોવાથી તત્પ્રકારક બની ગયું માટે અતિવ્યાપ્તિ આવે. પણ તદ્વદ્વિશેષ્યકત્વ અહીં નથી, કેમકે રજતત્વપ્રકારક શુક્તિનું અને શુક્તિત્વ-પ્રકારક રજતનું જ્ઞાન થયું છે. તેથી તદ્વદ્વિશેષ્યકત્વ ન હોવાથી તદ્વદ્વિશેષ્યકત્વનું ઉપાદાન કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. ઈચ્છાદિમાં અતિવ્યાપ્તિ નિવારવા 'જ્ઞાન' પદનું ઉપાદાન કર્યું છે.

**શંકાકાર** : તમારું આ લક્ષણ સ્મૃત્યાત્મક જ્ઞાનમાં પણ ચાલ્યું જતું હોવાથી સ્મૃતિને પણ પ્રમા માનવાની આપત્તિ આવશે. પૂર્વે કોઈવાર શુક્તિત્વ-પ્રકારક શુક્તિ-વિશેષ્યક જ્ઞાન થયું હતું, તેના સંસ્કાર પડ્યા. તેનાથી આજે શુક્તિનું સ્મરણ થયું તે પણ શુક્તિત્વ-પ્રકારક શુક્તિ-વિશેષ્યક જ્ઞાન જ થયું છે. તેથી તેમાં પ્રમાનું લક્ષણ ઘટી ગયું માટે હવે અતિવ્યાપ્તિ દોષ આવશે.

**નૈયાયિક** : પણ સ્મરણાત્મક જ્ઞાનમાં પ્રમાનું લક્ષણ જાય તો ભલે ને જાય. તેમાં અતિવ્યાપ્તિ શી રીતે ? સ્મરણાત્મક જ્ઞાનને પણ પ્રમા માનવામાં વાંધો નથી.

**શંકાકાર** : પણ જો તમે સ્મરણાત્મક જ્ઞાનને પ્રમા માનશો તો **प्रमाकरणं प्रमाणम्** ન્યાયથી સ્મરણાત્મક જ્ઞાનના કરણ સંસ્કારને તમારે પ્રમાણ માનવું પડશે. પણ તમે તો પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દબોધ એમ ચાર જ પ્રમાણ માનો છો. તો હવે સંસ્કારને પણ પ્રમાણ માનવું પડતું હોવાથી તમારે પાંચ પ્રમાણ માનવાની આપત્તિ આવશે.

**નૈયાયિક** : ના, યથાર્થ (અભ્રમાત્મક = પ્રમા) અનુભવાત્મક જ્ઞાનના કરણને જ અમે પ્રમાણ માનીએ છીએ. અને સ્મરણાત્મક જ્ઞાન અનુભવાત્મક જ્ઞાન તો નથી જ, કેમકે પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દબોધ જ અનુભવાત્મક જ્ઞાન છે. તેથી સ્મરણાત્મક જ્ઞાન પણ પ્રમા હોવા છતાં તેનું પ્રમાણ માનવું જરૂરી નથી.

---

**मुक्तावली : इदं तु बोध्यम्-येन सम्बन्धेन यद्वत्ता तेन सम्बन्धेन**

तद्वद्विशेष्यकत्वं तेन सम्बन्धेन तत्प्रकारकत्वं च वाच्यम्, तेन कपालादौ संयोगादिना घटादिज्ञाने नातिव्याप्तिः । एवं सति निर्विकल्पकं प्रमा न स्यात् तस्य सप्रकारकत्वाभावादत आह–न प्रमेति ।

---

**મુક્તાવલી : શંકાકાર :** હજુ પણ તમારા પ્રમાના લક્ષણમાં અતિવ્યાપ્તિ આવે છે. જુઓ; કોઈને **संयोगेन घटवत्कपालः** એવું ભ્રમ જ્ઞાન થયું. આ જ્ઞાન ભ્રમાત્મક હોવાથી તેમાં પ્રમાનું લક્ષણ તો ન જ જવું જોઈએ ને ? પણ અહીં ઘટવદ્વિશેષ્યક અને ઘટપ્રકારક જ્ઞાન હાજર છે તેથી **तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकं** રૂપ પ્રમાનું લક્ષણ ઘટી જવાથી અતિવ્યાપ્તિ દોષ આવ્યો.

**નૈયાયિક :** અમે કહીશું કે **येन सम्बन्धेन यद्वत्ता तेन सम्बन्धेन तद्वद्विशेष्यकत्वं तेन सम्बन्धेन तत्प्रकारकत्वं वाच्यम् ।** એટલે કે જે સંબંધથી જેનાવાળાપણું છે તે જ સંબંધ વડે તેનાવાળા વિશેષ્યને અને તે જ સંબંધથી તે વિશેષણને જણાવનારું જ્ઞાન પ્રમા કહેવાય. વસ્તુતઃ કપાલમાં ઘટવત્તા સમવાયેન છે તેથી સમવાયેન ઘટવદ્વિશેષ્યકતા અને સમવાયેન ઘટપ્રકારકતાવાળું જ્ઞાન પ્રમાત્મક બને. પણ પ્રસ્તુતમાં તો સંયોગેન ઘટવદ્વિશેષ્યકતા અને ઘટપ્રકારકતા છે માટે લક્ષણ તેમાં ગયું નહીં. તેથી અતિવ્યાપ્તિ દોષ નથી.

નિર્વિકલ્પક જ્ઞાન તો સપ્રકારક જ નથી તેથી પ્રકારકતા કે વિશેષ્યકતા જ ન મળે. તેથી પ્રમાનું લક્ષણ તેમાં જાય નહીં. તેથી તે પ્રમાત્મક કે ભ્રમાત્મક બની શકે નહીં. તેથી તેને પ્રમા પણ નહીં, અપ્રમા પણ નહીં તેવું નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય છે.

જેને શુક્તિમાં રજતનો ભ્રમ થયો છે તેને પ્રકારમાં જ ભ્રમ થયો છે, વિશેષ્યાંશમાં ભ્રમ નથી, અર્થાત્ તેને શુક્તિત્વવદ્ શુક્તિમાં રજતત્વ-પ્રકારક જ્ઞાન થયું છે. અને તેથી શુક્તિમાં રજતનો ભ્રમ થવાથી તે રજત માટે પ્રવૃત્તિ કરે છે.

હવે જો પ્રમાના લક્ષણમાં **तत्प्रकारकं** પદનું ઉપાદાન ન કરાય તો લક્ષણ **तद्वद्विशेष्यकत्वं** બને. અને જેને શુક્તિમાં રજતનું ભ્રમાત્મક જ્ઞાન થયું છે તેને રજતત્વવદ્ રજતનું જ્ઞાન થતું હોવાથી તે ભ્રમાત્મક જ્ઞાનમાં પણ **तद्वद्विशेष्यकत्वं** લક્ષણ ઘટી જવાથી અતિવ્યાપ્તિ આવે છે. તેને દૂર કરવા **तत्प्रकारकं** પદનું ઉપાદાન કર્યું છે.

---

**मुक्तावली :** ननु वृक्षे कपिसंयोगज्ञानं भ्रमः प्रमा च स्यादिति चेत् ? न,

**प्रतियोगिव्यधिकरणसंयोगाभाववति संयोगज्ञानस्य भ्रमत्वात् । न च वृक्षे कपिसंयोगाभावावच्छेदेन संयोगज्ञानं भ्रमो न स्यात्तत्र संयोगाभावस्य प्रतियोगिसमानाधिकरणत्वादिति वाच्यम्, तत्र संयोगाभावावच्छेदेन संयोगज्ञानस्य भ्रमत्वात् । लक्ष्यस्याननुगमाल्लक्षणस्याननुगमेऽपि न क्षतिः ॥**

---

**મુક્તાવલી : શંકાકાર** : 'વૃક્ષમાં કપિસંયોગ છે' તેવું જે જ્ઞાન થયું તેમાં પ્રમા અને અપ્રમા બંનેનું લક્ષણ ઘટી જવાથી એક જ જ્ઞાનને પ્રમા અને અપ્રમા માનવાની આપત્તિ આવશે, કેમકે શાખાવચ્છેદેન વૃક્ષમાં કપિસંયોગ હોવાથી તે જ્ઞાન તદ્વદ્(કપિસંયોગવદ્)વિશેષ્યકત્વે સતિ તત્પ્રકારક (કપિસંયોગપ્રકારક) છે, તેથી પ્રમાત્મક છે અને તે જ વૃક્ષમાં મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવ હોવાથી કપિસંયોગાભાવવતિ વૃક્ષે કપિસંયોગપ્રકારક જ્ઞાન પણ છે, અર્થાત્ આ જ્ઞાન તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાન છે તેથી અપ્રમાનું લક્ષણ પણ ઘટી ગયું. પણ એક જ જ્ઞાન પ્રમા અને ભ્રમ બંને શી રીતે બની શકે ?

**નૈયાયિક** : આ આપત્તિને દૂર કરવા અમે કહીશું કે **प्रतियोगिव्यधिकरणाभाववति तत्प्रकारकं ज्ञानं अप्रमा ।** અહીં જ્યાં અભાવ રહેતો હોય ત્યાં તેનો પ્રતિયોગી જો ન રહેતો હોય તો તે પ્રતિયોગિવ્યધિકરણાભાવ કહેવાય. હવે વૃક્ષમાં જેમ કપિસંયોગાભાવ રહે છે તેમ તેનો પ્રતિયોગી કપિસંયોગ પણ વૃક્ષમાં રહે જ છે. તેથી વૃક્ષમાં રહેલો મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવ એ પ્રતિયોગિવ્યધિકરણ અભાવ ન કહેવાય. **प्रतियोगि-व्यधिकरणाभाववति तत्प्रकारकं ज्ञानं** ભ્રમ છે. અહીં તો વૃક્ષ પ્રતિયોગિવ્યધિકરણા-ભાવવાળું જ નથી. તેથી પ્રતિયોગિવ્યધિકરણાભાવવતિ તત્પ્રકારક જ્ઞાન જ નથી. તેથી લક્ષણ જતું ન હોવાથી તે ભ્રમાત્મક જ્ઞાન નથી પણ પ્રમાત્મક જ્ઞાન જ છે.

કપિસંયોગનો અભાવ ગુણ-કર્મમાં રહે અને ત્યાં પ્રતિયોગી કપિસંયોગ રહેતો નથી, તેથી ગુણ-કર્મ તો સદા પ્રતિયોગિવ્યધિકરણાભાવવાન્ જ હોય. તેથી ત્યાં કોઈને એવું જ્ઞાન થાય કે **गुणः संयोगेन कपिसंयोगवान्** તો તે પ્રતિયોગિવ્યધિકરણાભાવવતિ તત્પ્રકારક (કપિસંયોગ-પ્રકારક) જ્ઞાન હોવાથી ભ્રમ જ છે પણ પ્રમા નથી.

**શંકાકાર** : સારું, વૃક્ષમાં રહેલો કપિસંયોગાભાવ એ પ્રતિયોગિવ્યધિકરણાભાવ ન હોવાથી '**वृक्षः कपिसंयोगी**' જ્ઞાન ભલે ભ્રમાત્મક ન બને, પણ હવે મૂલાવચ્છેદેન જે કપિસંયોગાભાવ છે ત્યાં જ કોઈને '**वृक्षः कपिसंयोगी**' એવું ભ્રમાત્મક જ્ઞાન થયું. હવે

વૃક્ષ એ પ્રતિયોગિવ્યધિકરણાભાવવાન્ ન હોવાથી ભ્રમનું લક્ષણ તેમાં પણ ન જવાથી તમારે '**वृक्षः कपिसंयोगी**' એવું જે જ્ઞાન થયું છે તેને ભ્રમાત્મક નહીં મનાય ને ?

**નૈયાયિક** : ના, અમે તેવા સ્થળે '**तदभाववति तत्प्रकारकं ज्ञानं अप्रमा**' એવું લક્ષણ લઈશું. **मूलावच्छेदेन कपिसंयोगाभाववति वृक्षे कपिसंयोगप्रकारक** જ્ઞાન થયું છે તેથી ત્યાં ભ્રમનું લક્ષણ ઘટી જવાથી તેને પણ ભ્રમાત્મક માની શકાશે.

**શંકાકાર** : આ તો તમારે અનનુગમ દોષ આવી ગયો. અમુકમાં જુદું લક્ષણ અને અમુકમાં જુદું લક્ષણ માનવાથી કોઈ અનુગત લક્ષણ ન રહ્યું.

**નૈયાયિક** : લક્ષ્યના અનનુગમથી લક્ષણનો અનનુગમ થતો હોય તો તેમાં કોઈ દોષ નથી. તેથી અમારે લક્ષણમાં અનનુગમ હોવા છતાં કોઈ દોષ નથી.

कारिकावली : प्रमात्वं न स्वतोग्राह्यं संशयानुपपत्तितः ॥१३६॥

मुक्तावली : प्रमात्वमिति । मीमांसका हि प्रमात्वं स्वतोग्राह्यमिति वदन्ति । तत्र गुरूणां मते ज्ञानस्य स्वप्रकाशरूपत्वात्तज्ज्ञानप्रामाण्यं तेनैव गृह्यते । भाट्टानां मते ज्ञानमतीन्द्रियम्, ज्ञानजन्या ज्ञातता प्रत्यक्षा, तया च ज्ञानमनुमीयते । मुरारिमिश्राणां मतेऽनुव्यवसायेन ज्ञानं गृह्यते । सर्वेषामपि मते तज्ज्ञानविषयकज्ञानेन तज्ज्ञानप्रामाण्यं गृह्यते, विषयनिरूप्यं हि ज्ञानमतो ज्ञानवित्तिवेद्यो विषयः । तन्मतं दूषयति-न स्वतोग्राह्यमिति ।

**મુક્તાવલી : प्रमात्वं न स्वतोग्राह्यम् ।**

નૈયાયિકો જ્ઞાનનું પ્રત્યક્ષ માને છે પણ જ્ઞાનગત પ્રામાણ્યનું અનુમાન માને છે, જ્યારે મીમાંસકો તો જ્ઞાનગત પ્રામાણ્યને પણ સ્વતોગ્રાહ્ય માને છે.

મીમાંસકોના ત્રણ ભેદ છે : (૧) ગુરૂ= પ્રભાકરો (૨) કુમારિલ ભટ્ટ અને (૩) મુરારિમિશ્ર.

પ્રમાત્વ (પ્રામાણ્ય) જ્ઞાનમાં રહે. જ્ઞાન સ્વતોગ્રાહ્ય છે તેથી તેમાં રહેલું પ્રમાત્વ પણ સ્વતોગ્રાહ્ય છે. સ્વતોગ્રાહ્યત્વ એટલે **ज्ञानज्ञापकसामान्यसामग्रीग्राह्यत्वम् ।** જ્ઞાનજ્ઞાપક જે સામાન્યસામગ્રી છે તેનાથી જન્ય જે વિષય હોય તે સ્વતોગ્રાહ્ય કહેવાય. ત્રણે મત જુદી જુદી રીતે પ્રામાણ્યને સ્વતઃ ગ્રાહ્ય માને છે.

**(i) પ્રભાકરમત** : જ્ઞાન એ સ્વપ્રકાશક છે, અર્થાત્ જ્ઞાન જેમ સ્વવિષયનો પ્રકાશ કરે તેમ સ્વનો પણ પ્રકાશ કરે જ. જેમ દીપક પોતાના વિષયને જણાવે છે તેમ પોતાને પણ જણાવે જ છે. પોતાને જણાવવા દીપકને બીજા દીપકની કે પ્રકાશની જરૂર પડતી નથી તેમ જ્ઞાનને પણ પોતાને જણાવવા અન્ય જ્ઞાનની જરૂર પડતી નથી. આમ જ્ઞાન સ્વરૂપેણ જ સ્વપ્રકાશક હોવાથી તદ્ગત પ્રમાત્વ પણ સ્વરૂપેણ જ સ્વપ્રકાશક છે.

કોઈપણ જ્ઞાન થાય કે તરત જ જ્ઞાનવિષયક જ્ઞાન થઈ જ જાય. તેથી જ્ઞાનવિષયક જ્ઞાન એ જ્ઞાનથી જન્ય થયું. **अयं घटः** એવું જ્ઞાન થતાંની સાથે જ તે જ્ઞાનથી જન્ય **घटज्ञानवानहम्** એવું જ્ઞાનવિષયક જ્ઞાન પણ થાય જ છે. આમ આ જ્ઞાનવિષયક જ્ઞાન એ જ્ઞાનજ્ઞાપકસામાન્યસામગ્રીજ્ઞાનથી જન્ય છે અને તેનો વિષય જ્ઞાન (પ્રમાત્મક) બન્યું. તેથી જ્ઞાનજ્ઞાપકસામાન્યસામગ્રી જે જ્ઞાનસ્વરૂપ, તેના પ્રત્યક્ષનું વિષય પ્રમાત્વ

હોવાથી તે સ્વતોગ્રાહ્ય છે.

**(ii) કુમારિલ ભટ્ટ-મત** : જ્યારે જ્ઞાનનું પ્રત્યક્ષ જ નથી થતું તો પછી સ્વતોગ્રાહ્યત્વ કે પરતોગ્રાહ્યત્વ જ ક્યાં રહ્યું ? જ્ઞાનગત પ્રમાત્વની તો જ્ઞાતતાલિંગક અનુમિતિ થાય છે, અર્થાત્ પ્રમાત્વ એ અનુમિતિગ્રાહ્ય છે.

જે વસ્તુ જ્ઞાત થાય તે વસ્તુમાં જ્ઞાતતા રહે. આ જ્ઞાતતા પૂર્વે તે વસ્તુમાં નહોતી પણ હવે તેમાં ઉત્પન્ન થઈ, તેથી તેને ઉત્પન્ન કરનાર અન્ય કોઈ નહીં પણ તે વસ્તુના થયેલા જ્ઞાનને માનવું જોઈએ. અને તે કારણ રૂપ જ્ઞાનનું અનુમાન થતાં તેમાં રહેલા પ્રમાત્વની પણ અનુમિતિ થઈ ગઈ.

**मया ज्ञातो घटः** એટલે '**घटज्ञानवानहम् ।**' તેથી **मया ज्ञातो घटः** એ પણ જ્ઞાનવિષયક જ્ઞાન છે. આ જ્ઞાતતાત્મક (**ज्ञातो घटः**) જ્ઞાનથી જ, અર્થાત્ તદ્જ્ઞાન-વિષયક જ્ઞાનથી જ પ્રામાણ્યનું અનુમિતિ-જ્ઞાન થયું.

**અનુમાન : इयं ज्ञातता घटत्वप्रकारकघटविशेष्यकज्ञानजन्या, घटसमवेत-घटत्वप्रकारकज्ञाततान्तरत्वात्, पटज्ञाततावत् ।**

આ મતાનુસાર જ્ઞાનનું જ્ઞાન થાય એટલે તેમાં ત્રણનું જ્ઞાન થાય : (૧) જ્ઞાનનું (૨) જ્ઞાતતાનું અને (૩) વિષયનું. વિષય જ્ઞાનવિષયક જ્ઞાનથી જ વેદ્ય છે માટે પ્રથમ જ્ઞાનથી વિષયનું જ્ઞાન ન થાય પણ જ્ઞાનવિષયક જ્ઞાનથી જ વિષયજ્ઞાન થાય.

**શંકાકાર** : પણ આમાં પ્રમાત્વ જ્ઞાન સ્વતોગ્રાહ્ય શી રીતે બન્યું ?

**મીમાંસક** : જ્ઞાનજ્ઞાપકસામાન્યસામગ્રી અનુમિતિથી જન્ય જે જ્ઞાનવિષયક જ્ઞાન છે તેનો વિષય જ્ઞાન છે માટે તે સ્વતોગ્રાહ્ય છે.

**(iii) મુરારિ-મત** : અનુવ્યવસાયાત્મક (પ્રત્યક્ષરૂપ) જ્ઞાનવિષયક જ્ઞાનથી પ્રમાત્વનો ગ્રહ થાય.

પ્રભાકર-મતે જ્ઞાનવિષયક જ્ઞાન એ અનુવ્યવસાયાત્મક રૂપ નથી, કેમકે તેમના મતે **अयं घटः** જ્ઞાન સાથે જ જ્ઞાનવિષયક જ્ઞાન થાય છે પણ **अयं घटः** જ્ઞાન થયા પછીની ક્ષણે અનુવ્યવસાયાત્મક જ્ઞાન થાય છે તેવું નહીં. ભટ્ટના મતે જ્ઞાનવિષયક જ્ઞાનથી પ્રમાત્વની અનુમિતિ થાય છે, જ્યારે મુરારિના મતે **अयं घटः** જ્ઞાનની અનંતર ક્ષણે થતાં અનુવ્યવસાયાત્મક જ્ઞાનવિષયક જ્ઞાનથી પ્રમાત્વનો ગ્રહ થાય છે.

મુરારિ કહે છે કે જ્ઞાન સ્વપ્રકાશક નથી અને અનુમિતિનો વિષય પણ નથી. જ્ઞાનવિષયક જ્ઞાનથી જ્ઞાનનું પ્રત્યક્ષ થાય છે, અર્થાત્ જ્ઞાન સ્વતોવેદ્ય નથી પણ

અનુવ્યવસાયાત્મક જ્ઞાનાન્તરવેદ્ય છે.

**શંકાકાર** : તો પછી પ્રમાત્વ સ્વતોગ્રાહ્ય શી રીતે બને ?

**ઉત્તર** : જ્ઞાનજ્ઞાપકસામાન્યસામગ્રી અનુવ્યવસાયાત્મક છે. તેનાથી જન્ય જ્ઞાનનો વિષય પ્રથમ જ્ઞાન છે માટે તે સ્વતોગ્રાહ્ય છે અને તેથી તેમાં રહેલું પ્રામાણ્ય પણ સ્વતોગ્રાહ્ય બની જ જાય. આમ સામાન્યસામગ્રી અનુવ્યવસાયાત્મક રૂપ લઈને સ્વતોગ્રાહ્યત્વનું લક્ષણ ઘટી ગયું.

આ રીતે પ્રભાકર, ભટ્ટ અને મુરારિ-ત્રણેયના મતે જ્ઞાનવિષયક જ્ઞાનથી ('**घटज्ञानवानहम्**' ઈત્યાકારક જ્ઞાન) જ્ઞાનમાં (**अयं घटः**) પ્રામાણ્યનો ગ્રહ થઈ જાય.

ટૂંકમાં **પ્રભાકર મતે अयं घटः** અને **घटज्ञानवानहम्** - બે ય પ્રકારક એક જ જ્ઞાન એકીસાથે ઉત્પન્ન થતું હોવાથી તે બે જ્ઞાન જુદા નથી, માટે જ્ઞાનનું જ્ઞાન-પ્રત્યક્ષાત્મક-પ્રથમ જ્ઞાનમાં પ્રમાત્વને ગ્રહણ કરે છે. **કુમારિલ્લ મતે अयं घटः** જ્ઞાનની પછીની ક્ષણે '**ज्ञातो घटः**' જ્ઞાન થાય. તેમાં જે જ્ઞાતતા છે તેની અનુમિતિ થાય. આમ '**अयं घटः**' જ્ઞાન પછી થયેલા '**ज्ञातो घटः**' જ્ઞાનની જ્ઞાતતાનું અનુમિતિ રૂપ જ્ઞાન થાય અને તેનાથી પ્રામાણ્યગ્રહ થાય. **મુરારિ મતે** અનુવ્યવસાયાત્મક જ્ઞાન થાય, તેનાથી પ્રમાત્વગ્રહ થાય.

આ ત્રણેય મતે પ્રમાત્વ સ્વતોગ્રાહ્ય બને છે, કારણ કે સ્વતોગ્રાહ્યત્વ એટલે જ્ઞાનજ્ઞાપકસામાન્યસામગ્રી જે જ્ઞાન, તેનાથી જન્ય જે વિષય = પ્રમાત્વ, તે સ્વતોગ્રાહ્ય બને. જ્ઞાનજ્ઞાપકસામાન્યસામગ્રી પ્રભાકર-મતે પ્રત્યક્ષાત્મક, ભટ્ટ-મતે અનુમિત્યાત્મક અને મુરારિ-મતે અનુવ્યવસાયાત્મક બને છે.

**શંકાકાર** : '**अयं घटः**' જ્ઞાનનો વિષય ઘટ બને અને **घटज्ञानवानहम्** જ્ઞાનવિષયક જ્ઞાનનો વિષય જ્ઞાન (**अयं घटः**) બને છે, પણ ઘટ પોતે **घटज्ञानवानहम्** જ્ઞાનવિષયક જ્ઞાનનો વિષય બની શકતો નથી તો પછી તે જ્ઞાનવિષયક જ્ઞાનથી **अयं घटः** એવા જ્ઞાનમાં પ્રામાણ્યનો ગ્રહ થાય જ શી રીતે ? વિષય હોય તો વિષયના જ્ઞાનમાં પ્રામાણ્યનો ગ્રહ થાય, પણ જ્યાં જ્ઞાનવિષયક જ્ઞાનનો ઘટ વિષય જ નથી ત્યાં જ્ઞાનવિષયક જ્ઞાનથી **अयं घटः** જ્ઞાનમાં પ્રામાણ્યનો ગ્રહ શી રીતે થઈ શકે ?

**ઉત્તર** : જ્ઞાન હંમેશા વિષયથી નિરુપિત જ હોય, પણ તે ક્યારેય નિર્વિષયક હોતું જ નથી. **ज्ञानं सविषयं, प्रकाशकत्वात् दीपवत् ।**

આમ તમામ જ્ઞાન સવિષયક જ હોવાથી જ્ઞાનવિષયક જ્ઞાનનો વિષય પણ એકલું

જ્ઞાન ન બનતાં વિષય સહિત જ્ઞાન (**अयं घटः** જ્ઞાન) જ્ઞાનવિષયક જ્ઞાનનો વિષય બને. અને તેમ થતાં જ્ઞાનવિષયક જ્ઞાનમાં ઘટ પણ વિષય બની ગયો. અને તેથી જ્ઞાનવિષયક જ્ઞાનથી **अयं घटः** જ્ઞાનમાં પ્રામાણ્યનો પણ ગ્રહ થઈ શકે છે.

જ્ઞાનવિષયક જ્ઞાનમાં '**अयं घटः**' વિષય બનવાથી જ જ્ઞાનવિષયક જ્ઞાનથી વેદ્ય વિષય બને, અર્થાત્ વિષય એ વિષયના જ્ઞાનમાત્રથી વેદ્ય નથી પણ જ્ઞાનવિષયક જ્ઞાનથી વેદ્ય છે. તે ત્યારે જ બન્યું જ્યારે જ્ઞાનવિષયક જ્ઞાનમાં **अयं घटः** વિષય બની ગયો. '**अयं घटः**' એટલા જ્ઞાનમાત્રથી વિષયનું પ્રત્યક્ષ ન થાય પણ જ્ઞાનવિષયક જ્ઞાન થાય ત્યારે જ વિષય વેદ્ય બને. આમ જ્ઞાનવિષયક જ્ઞાનમાં વિષય **अयं घटः** બની ગયો. તેથી જ જ્ઞાનવિષયક જ્ઞાનથી વિષય એ વેદ્ય બની શક્યો, પણ જો જ્ઞાનવિષયક જ્ઞાનથી **अयं घटः** વિષય જ ન બનત તો જ્ઞાનવિષયક જ્ઞાનથી પણ વિષય વેદ્ય ન બનત.

---

**मुक्तावली : संशयेति । यदि ज्ञानस्य प्रामाण्यं स्वतोग्राह्यं स्यात्, तदाऽनभ्यासदशापन्नज्ञाने प्रामाण्यसंशयो न स्यात् । तत्र हि यदि ज्ञानं ज्ञातं तदा त्वन्मते प्रामाण्यं ज्ञातमेवेति कथं संशयः ? यदि तु ज्ञानं न ज्ञातं तदा धर्मिज्ञानाभावात् कथं संशयः ? तस्माज्ज्ञाने प्रामाण्यमनुमेयम् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક** : જ્ઞાનના પ્રામાણ્યને સ્વતોગ્રાહ્ય માની જ શકાય નહીં, કેમકે જો તેને સ્વતોગ્રાહ્ય માનવામાં આવે તો અનભ્યાસદશાપન્ન જ્ઞાનમાં અર્થાત્ વારંવાર જેનો અભ્યાસ થયો ન હોય તેવા જ્ઞાનમાં પ્રામાણ્યનો સંશય પડી નહીં શકે. ('મારા આ ગુરૂ મહારાજ છે' એ જ્ઞાન અભ્યસ્તદશાપન્ન છે, કેમકે તેમનામાં ગુરૂત્વબુદ્ધિનો વારંવાર અભ્યાસ થયેલો છે. આવા જ્ઞાનમાં તો પ્રામાણ્ય હોય જ. પણ વારંવાર ન જોયેલું, દૂર દૂર રહેલું વૃક્ષ એ વડનું છે એવું જે જ્ઞાન છે તે અનભ્યસ્તદશાપન્ન છે, તેમાં પ્રામાણ્યનો સંશય પડી શકે છે.) પરંતુ વસ્તુતઃ તો તેમાં પણ પ્રામાણ્યનો સંશય તો પડે જ છે. પણ તમે પ્રામાણ્યને સ્વતોગ્રાહ્ય માનો છો તેથી આ જ્ઞાનનું પ્રામાણ્ય પણ સ્વતોગ્રાહ્ય બની જતાં સંશયજ્ઞાનની તો અનુપપત્તિ થઈ જશે ને ? કેમકે ત્યાં **ज्ञानं ज्ञातं** એટલે **प्रामाण्यं ज्ञातमेव** । તો પછી સંશય શી રીતે થાય ?

જો એમ કહો કે જ્ઞાન જ જ્ઞાત નથી થયું તો પછી પ્રામાણ્ય શી રીતે જ્ઞાત થયું કહેવાય? તો તેવું પણ તમારાથી નહીં કહી શકાય, કેમકે જો ધર્મીનું જ્ઞાન જ ન થયું હોય તો પછી તે ધર્મીમાં સંશય જ શી રીતે પડી શકે ? ધર્મીજ્ઞાન હોય તો તેમાં તેનો

સંશય પડી શકે અન્યથા શી રીતે પડે ?

આમ જ્ઞાનમાં સ્વતોગ્રાહ્ય પ્રામાણ્ય માની શકાય નહીં. હા, **જ્ઞાનનું પ્રત્યક્ષ થાય, પણ જ્ઞાનગત પ્રામાણ્યની તો અનુમિતિ જ થાય.**

કુમારિલ્લ ભટ્ટે જ્ઞાનનું પ્રત્યક્ષ નથી માન્યું પણ અનુમિતિ માની છે. તેના વિરોધમાં નૈયાયિકો કહે છે કે **જ્ઞાનનું તો મનથી જ પ્રત્યક્ષ થઈ જાય છે, તેની અનુમિતિનું શું ?** વળી તેઓ જ્ઞાતતા નામનો એક જુદો ધર્મ માને છે અને તેનાથી જ્ઞાન-પ્રામાણ્યની અનુમિતિ કરે છે તે પણ બરાબર નથી, કેમકે જ્ઞાતતા એટલે જ્ઞાનવિષયતા જ. એ કોઈ અતિરિક્ત પદાર્થ જ નથી.

પ્રામાણ્યનું જ્ઞાન જો સ્વતઃ જ ગૃહીત થઈ જાય તો સંદેહ જ ન થાત. સંદેહ થાય છે એ જ બતાવે છે કે જ્ઞાનનું પ્રત્યક્ષ થવા છતાં પ્રમાત્વનું પ્રત્યક્ષાત્મક ગ્રહણ થતું નથી પણ અનુમિતિ જ થાય છે. કુમારિલ્લ ભટ્ટે પણ પ્રમાત્વની અનુમિતિ જ કહી છે. પણ તેમાં જ્ઞાતતા હેતુ છે જે નૈયાયિકોને માન્ય નથી. તેઓ સંવાદિપ્રવૃત્તિજનકત્વ હેતુથી જ્ઞાનમાં પ્રામાણ્યનું અનુમાન કરે છે.

જલ-જ્ઞાન કે ભોજનાદિ-જ્ઞાન એ સંવાદિ(સફલ)પ્રવૃત્તિના જનક છે માટે તેમાં પ્રામાણ્ય છે.

---

**मुक्तावली : तथाहि-'इदं ज्ञानं प्रमा, संवादिप्रवृत्तिजनकत्वात्, यन्नैवं तन्नैवं, यथाऽप्रमा ।' इदं पृथिवीत्वप्रकारकं ज्ञानं प्रमा, गन्धवति पृथिवीत्वप्रकारकज्ञानत्वात्। एवमिदं जलत्वप्रकारकं ज्ञानं प्रमा, स्नेहवति जलत्वप्रकारकज्ञानत्वात् । न च हेतुज्ञानं कथं जातमिति वाच्यम्, पृथिवीत्वप्रकारकत्वस्य स्वतोग्राह्यत्वात् । तत्र गन्धग्रहेण गन्धवद्विशेष्यकत्वस्यापि सुग्रहत्वात् । तत्प्रकारकत्वावच्छिन्नतद्वद्विशेष्यकत्वं परं न गृह्यते संशयानुरोधात्।**

---

**મુક્તાવલી : इदं ज्ञानं प्रमा, संवादिप्रवृत्तिजनकत्वात्, यन्नैवं तन्नैवं, यथाऽप्रमा ।**

જે જે જ્ઞાન સંવાદિપ્રવૃત્તિનું જનક હોય તે તે પ્રમાત્મક જ હોય અને જે જે જ્ઞાન પ્રમાત્મક ન હોય, અર્થાત્ અપ્રમા હોય તે સંવાદિપ્રવૃત્તિનું જનક પણ ન જ હોય.

**શંકાકાર : गन्धवती पृथ्वी** જ્ઞાનમાં પ્રમાત્વ શી રીતે સિદ્ધ થશે ? કેમકે અહીં કોઈ

સંવાદિપ્રવૃત્તિ નથી. તેથી હેત્વભાવે અનુમિતિ ન થઈ શકે અને તેથી અનુમિતિથી તમે માનેલો પ્રામાણ્ય-નિશ્ચય શી રીતે થઈ શકે ? અમે તો અનુવ્યવસાયાત્મક જ્ઞાનથી પ્રામાણ્ય-નિશ્ચય કહીએ છીએ, એટલે કે **गन्धवती पृथ्वी** જ્ઞાનનું અનુવ્યવસાયાત્મક જ્ઞાન **गन्धवतिपृथ्वीत्वज्ञानवानहम्** થાય, અર્થાત્ **गन्धवद्विशेष्यकपृथ्वीत्वप्रकारक-ज्ञानवानहम्** થાય. આ અનુવ્યવસાયાત્મક જ્ઞાનનો વિષય ગન્ધવદ્વિશેષ્યકપૃથ્વીત્વપ્રકારક જ્ઞાન બને અને તેથી ગન્ધવદ્વિશેષ્યકપૃથ્વીત્વપ્રકારકતા પણ અનુવ્યવસાયાત્મક જ્ઞાનનો વિષય બને. આમ આ વિષય મળી જવાથી **गन्धवती पृथ्वी** જ્ઞાનમાં પ્રામાણ્યનો નિશ્ચય અનુવ્યવસાયાત્મક જ્ઞાનથી થઈ જાય.

તમે તો અનુવ્યવસાયાત્મક જ્ઞાન દ્વારા **गन्धवती पृथिवी** જ્ઞાનમાં પ્રામાણ્ય-નિશ્ચય માનતાં નથી અને પ્રસ્તુતમાં સંવાદિપ્રવૃત્તિજનકત્વ હેતુ જ નથી તેથી તલ્લિંગક અનુમિતિ દ્વારા પણ પ્રામાણ્ય-નિશ્ચય થઈ શકે નહીં. તેથી **गन्धवती पृथ्वी** જ્ઞાનમાં સંદેહની ઉત્પત્તિ થઈ શકે છે.

**નૈયાયિક :** માત્ર સંવાદિપ્રવૃત્તિજનકત્વ હેતુની અનુમિતિથી જ પ્રામાણ્ય-નિશ્ચય થઈ જાય તેવું નહીં, તેથી અન્યલિંગક અનુમિતિથી પણ પ્રામાણ્ય-નિશ્ચય થઈ શકે છે.

**પક્ષ : इदं गन्धवति पृथ्वीत्वप्रकारकं ज्ञानम् ।**

**સાધ્ય :** પ્રમાત્વ.

**હેતુ : गन्धवति पृथ्वीत्वप्रकारकज्ञानत्वात् ।**

આ **गन्धवती पृथ्वी** જ્ઞાન પ્રમા છે, કેમકે ગન્ધવદ્વિશેષ્યકમાં પૃથ્વીત્વપ્રકારક જ્ઞાન છે.

**શંકાકાર :** હેતુનું જ્ઞાન કેવી રીતે થયું ? પક્ષમાં હેતુનું જ્ઞાન સિદ્ધ હોય તો તેનાથી અનુમિતિ થઈ શકે અન્યથા શી રીતે થાય ?

**નૈયાયિક :** પૃથ્વીત્વપ્રકારક જ્ઞાન (હેત્વંશ) એ સ્વતોગ્રાહ્ય છે, કેમકે **सर्वं ज्ञानं धर्म्यभ्रान्तम्** એ નિયમાનુસાર બધા ધર્મીનું જ્ઞાન તો અભ્રાન્ત જ હોય છે. 'મને ઘટનું જ્ઞાન થયું' અહીં ધર્મીનું જ્ઞાન અભ્રાન્ત છે, અર્થાત્ મને ઘટનું જ્ઞાન થયું કે નથી થયું? તેવો સંશય પડતો નથી. 'શુક્તિમાં મને રજતનું જ્ઞાન થયું' અહીં પણ 'જ્ઞાન થયું કે નહીં ?' તેવો તો સંશય પડતો નથી જ. આમ ધર્મી-અંશનું પ્રામાણ્ય સ્વતોગ્રાહ્ય હોય છે. શુક્તિમાં રજતનું થયેલું જ્ઞાન જ્ઞાનસ્વરૂપથી તો પ્રમાત્મક જ છે, પણ તદભાવવત્‌માં તત્પ્રકારક (ધર્મી) જ્ઞાન થઈ જવાથી તે ભ્રમરૂપે જણાય છે.

આ જ રીતે **પૃથ્વીત્વપ્રકારક જ્ઞાન** રૂપ હેત્વંશ એ સ્વતોગ્રાહ્ય છે. (ધર્મી અંશમાં - બધા ય - જ્ઞાનવિષયક જ્ઞાનથી જ્ઞાનને સ્વતોગ્રાહ્ય માને છે. એટલે નૈયાયિકો પણ **गन्धवती पृथ्वी** જ્ઞાનવિષયક - **गन्धवतिपृथ्वीत्वज्ञानवानहम्** રૂપ જ્ઞાનવિષયક જ્ઞાનથી ગન્ધવતિપૃથ્વીત્વ જ્ઞાનને સ્વતોગ્રાહ્ય માને છે.)

હવે ગન્ધવતિ એ બીજો હેત્વંશ લઈએ.

ગન્ધવતિ જ્ઞાન એટલે ગન્ધવદ્વિશેષ્યકતાનું જ્ઞાન ગંધનું પ્રત્યક્ષ છે અને પુરોવર્તી પદાર્થ ગન્ધવત્ છે માટે તેનું પણ પ્રત્યક્ષ છે. હવે તેમાં પૃથ્વીત્વપ્રકારકતાનું જ્ઞાન છે એટલે ગન્ધવત્‌માં વિશેષ્યકતાનું જ્ઞાન પણ સ્વતોગ્રાહ્ય બની જ જાય. આમ બે ય હેત્વંશ-જ્ઞાન સ્વતોગ્રાહ્ય છે. આમ હેતુજ્ઞાન સ્વતોગ્રાહ્ય છે. આ રીતે હેતુજ્ઞાન થવાથી '**इदं गन्धवति पृथ्वीत्वप्रकारकं**' જ્ઞાન પ્રમા છે.

**શંકાકાર** : ગન્ધવદ્વિશેષ્યકપૃથ્વીત્વપ્રકારકતાનું જ્ઞાન એ હેતુ છે અને તે જ સાધ્ય છે (મીમાંસકો ગન્ધવદ્વિશેષ્યકપૃથ્વીત્વપ્રકારક જ્ઞાનમાં પૃથ્વીત્વવદ્વિશેષ્યક-પૃથ્વીત્વપ્રકારક-જ્ઞાન (પ્રમા) માને છે.) તેથી તમને અહીં હેતુ-સાધ્ય-ઐક્યનો પ્રસંગ આવ્યો. તો હવે હેતુજ્ઞાન તો પૂર્વ રીતે સ્વતોગ્રાહ્ય બની ગયું, તેથી સાધ્ય પણ સ્વતોગ્રાહ્ય બની ગયું. તો પછી હવે અનુમિતિ કરવાની જરૂર શી ?

**નૈયાયિક** : તત્પ્રકારકતદ્વદ્વિશેષ્યક જ્ઞાનને પ્રમા કહેવાય છે, અર્થાત્ પૃથ્વીત્વપ્રકારક પૃથ્વીવિશેષ્યક જ્ઞાન પ્રમા કહેવાય. અહીં અમારા મતે પણ ગન્ધવદ્વિશેષ્યક-પૃથ્વીત્વપ્રકારક જ્ઞાન સ્વતોગ્રાહ્ય બની ગયું, અર્થાત્ **गन्धवती पृथ्वी** જ્ઞાન સ્વતોગ્રાહ્ય થતાં તેમાં પ્રામાણ્ય આવી ગયું, પણ **पृथ्वीत्ववती पृथ्वी** એ જ્ઞાન પ્રમા છે અને તેમાં પ્રામાણ્ય છે તે વાત ક્યાં સિદ્ધ થઈ છે? તેને સિદ્ધ કરવા માટે તો અનુમિતિ કરવી જ પડશે.

આમ, પૃથ્વીત્વપ્રકારકગન્ધવદ્વિશેષ્યક જ્ઞાન સ્વતોગ્રાહ્ય હોઈને તેમાં તો પ્રામાણ્ય સ્વીકૃત છે જ, એટલે કે 'ગન્ધવાન્ એ પૃથ્વીત્વવાન્ છે' એ જ્ઞાન સ્વતોગ્રાહ્ય જરૂર છે પણ 'પૃથ્વીત્વવતી પૃથ્વી છે' એ જ્ઞાન સ્વતોગ્રાહ્ય નથી, માટે તેમાં પ્રામાણ્ય-જ્ઞાન માટે અનુમિતિ કરવી પડે. તે આ પ્રમાણે:

**गन्धवद्विशेष्यकपृथ्वीत्वप्रकारकं ज्ञानं प्रमा = पृथ्वीत्ववत्पृथ्वीविशेष्यकं, गन्धवति पृथ्वीत्वप्रकारकताज्ञानत्वात् ।**

મીમાંસકે પ્રમાનો અર્થ તદ્વદ્વિશેષ્યકતદ્વદ્પ્રકારક = ગન્ધવદ્વિશેષ્યકગન્ધપ્રકારક કર્યો

અને તે તો હેતુરૂપ સિદ્ધ જ છે તેથી આપત્તિ આવી. પણ નૈયાયિક પૃથ્વીત્વપ્રકારક પૃથ્વીવિશેષ્યક જ્ઞાનને પ્રમા માને છે. અને તે કાંઈ હેતુરૂપ નથી. ગન્ધવદ્વિશેષ્યક પૃથ્વીત્વપ્રકારક હેતુજ્ઞાન-નિશ્ચયમાં પૃથ્વીત્વવદ્વિશેષ્યકપૃથ્વીત્વપ્રકારક જ્ઞાન પણ ગ્રાહ્ય બની જ જાય, કેમકે તે બે ય અભિન્ન છે એવા મીમાંસકના મતની સામે નૈયાયિકો તે બંનેને ભિન્ન માને છે. તેથી ગન્ધવદ્વિશેષ્યકપૃથ્વીત્વપ્રકારક હેતુજ્ઞાન સ્વતોગ્રાહ્ય હોવા છતાં પૃથ્વીત્વપ્રકારક પૃથ્વી-જ્ઞાનમાં પ્રામાણ્ય સિદ્ધ થઈ શકતું નથી. તેથી તે માટે અનુમિતિ કરવી જરૂરી છે. જો અનુમિતિ ન કરીએ તો તે જ્ઞાનમાં પ્રામાણ્ય ન આવવાથી સંશય ઉત્પન્ન થઈ જાય. **गन्धवतिपृथ्वीत्वज्ञानवानहम्** એવા અનુવ્યવસાયમાં પૃથ્વીત્વવદ્ પૃથ્વી વિષય જ નથી માટે તેમાં અનુવ્યવસાય જ્ઞાનથી પણ પ્રામાણ્ય-નિશ્ચય થાય નહીં એટલે સંશય-ઉત્પત્તિ સંભવે. તેથી અનુમિતિથી જ તેમાં પ્રામાણ્યનો નિશ્ચય માનવો જોઈએ. જો ગન્ધવત્ એ પૃથ્વીત્વવત્ (પક્ષ) ગન્ધવતિ પૃથ્વીત્વ-પ્રકારકતાના જ્ઞાનને (હેતુ) લીધે છે તો તે પૃથ્વીત્વવતી પૃથ્વી છે (સાધ્ય).

(હવેનો **न च** થી માંડીને **संक्षेपः** સુધીનો પાઠ નૃસિંહાચાર્યકૃત પ્રભા ટીકાવાળા પુસ્તકમાં જ જોવા મળે છે પણ અન્યત્ર જોવા મળતો નથી. સંભવ છે કે કોઈ અતિ જુની પ્રતમાંથી તેમને મળ્યો હોય. આથી એ પાઠ અહીં જોડ્યો છે.)

---

**मुक्तावली : न च प्रमात्वस्य साध्यस्य प्रसिद्धिः कथमिति वाच्यम्, इदं ज्ञानप्रमात्वस्य स्वतोग्राह्यत्वात् । न च प्रकारभेदेन प्रामाण्यभेदात् घटत्वप्रकारकत्वादेः कथं प्रसिद्धिरिति वाच्यम्, घटत्वप्रकारकत्वस्य स्वविशेष्यकत्वस्य च स्वतोग्राह्यत्वात् । घटस्य च पूर्वमुपस्थितत्वात् घटविशेष्यकं घटत्वप्रकारकमिति ज्ञाने प्रामाण्यस्य बाधकाभावः । व्यवसायपरन्तु प्रामाण्यं न गृह्यते तत्र संशयसामग्रीसत्त्वे संशयस्यैवोपपत्तेः। किञ्चाऽभ्यासदशायां तृतीयानुव्यवसायादिना प्रामाण्यस्य स्वत एव ग्रहसम्भवात् प्रथमानुव्यवसायपरं न तद्ग्राहकमिति कल्प्यते संशयानुरोधात्। अथ प्रामाण्यानुमितौ प्रामाण्यग्रहेण तस्या विषयनिश्चयरूपत्वार्थं तत्र प्रामाण्यग्रहो वाच्यः, सोऽप्यनुमित्यन्तरेणेति फलमुखी कारणमुखी वानवस्थेति चेत् ? न, अगृहीताप्रामाण्यग्रहकस्यैव निश्चयरूपत्वात् । यत्र च प्रामाण्य-**

**संशयस्तत्रैव परं प्रामाण्यानुमितेरपेक्षा, यावदाशङ्कं प्रामाण्यानुमितिरिष्यत एव । सर्वत्र तु न संशयः । क्वचित्कोट्यनुपस्थितेः, क्वचिद्विशेषदर्शनादितः, क्वचिद्विषयान्तरसञ्चारादिति सङ्क्षेपः ।**

---

**મુક્તાવલી : શંકાકાર : 'इदं ज्ञानं प्रमा ।'** આવી પ્રતિજ્ઞામાં પ્રમાત્વ સાધ્યની પ્રસિદ્ધિ પૂર્વે ક્યાં હતી ?

**નૈયાયિક : इदं रजतम्** કે **इदं शुक्ति** એવું પણ જે જ્ઞાન થાય છે તેમાં **इदं** અંશ તો પ્રમાત્મક જ છે, કેમકે **इदं अनिदं वा ?** અર્થાત્ 'આ આ છે કે નહીં ?' તેવો સંશય ક્યારેય પડતો નથી. આથી '**इदं**' એવું જે જ્ઞાન છે તે પ્રમાત્મક અને સ્વતોગ્રાહ્ય છે.

**શંકાકાર :** ઘટત્વપ્રકારક, પટત્વપ્રકારક, મઠત્વપ્રકારક એમ પ્રકારભેદ થવાથી અર્થાત્ વિશેષણભેદ થવાથી વિષયગત પ્રામાણ્યનો ભેદ પણ થઈ જ જાય છે તો પછી ઘટત્વ-પ્રકારનું અવગાહન કરનારા જ્ઞાનમાં રહેલા ધર્મની પ્રસિદ્ધિ કઈ રીતે થશે ?

અહીં કહેવું એમ છે કે ઘટત્વ છે વિશેષણ જેમાં, પટત્વ છે વિશેષણ જેમાં, એવા અનેક પ્રકારના વિશેષણવાળા જ્ઞાન ભિન્ન ભિન્ન થાય છે, તેથી અહીં પ્રામાણ્યનો પણ ભેદ થઈ જ જાય. ઘટગત, પટગત, મઠગત-બધા ય પ્રામાણ્યો જુદા જુદા થયા. આથી હવે એ બધા ભિન્ન ભિન્ન પ્રામાણ્યો હોતે છતે ઘટત્વ-પ્રકારના અવગાહિ જ્ઞાનમાં રહેલા ધર્મની પ્રસિદ્ધિ શી રીતે થશે ?

**નૈયાયિક :** ઘટત્વપ્રકારક અને ઘટત્વવદ્‌ઘટવિશેષ્યક જ્ઞાન એ સ્વતોગ્રાહ્ય છે, અર્થાત્ ઘટત્વ છે પ્રકાર જેમાં અને ઘટત્વવાન્ ઘટ છે વિશેષ્ય જેમાં એવું જ્ઞાન સ્વતોગ્રાહ્ય છે, કેમકે તે ઘટ પૂર્વે ઉપસ્થિત થાય છે. આથી ઘટવિશેષ્યક અને ઘટત્વપ્રકારક જ્ઞાનના પ્રામાણ્યમાં કોઈ બાધક નથી, અર્થાત્ ઘટમાં રહેનાર વિશેષ્યતાનું અવગાહન કરનારા જ્ઞાનમાં રહેનાર પ્રમાત્વનો ગ્રહ કરવામાં તથા ઘટત્વમાં રહેલી પ્રકારતાનું અવગાહન કરનારા જ્ઞાનમાં રહેલા પ્રમાત્વનો ગ્રહ કરવામાં અમે કોઈ બાધક જોતાં નથી. વિશકલિત વિશેષણ અને વિશેષ્યનું અવગાહન કરનારા જ્ઞાનમાં રહેલા પ્રમાત્વનું અમે સ્વતઃ જ ગ્રહણ માનીએ છીએ.

પરંતુ વિશેષ્ય અને વિશેષણ ઉભયવિશિષ્ટનું અવગાહન કરનારા જ્ઞાનમાં રહેલું પ્રમાત્વ સ્વતોગ્રાહ્ય નથી, કારણ કે ત્યાં **इदं ज्ञानं प्रमा न वा ?** આવા પ્રકારની સંશયસામગ્રી હાજર હોવાથી સંશય ઊભો થાય છે.

વળી અભ્યાસદશામાં તૃતીય અનુવ્યવસાયાદિ જ્ઞાન વડે પ્રામાણ્યનો સ્વતઃ ગ્રહ થવાનો સંભવ છે, અર્થાત્ તૃતીય અનુવ્યવસાયાદિ જ્ઞાનથી પ્રામાણ્ય સ્વતોગ્રાહ્ય બને છે, પરંતુ માત્ર પ્રથમ અનુવ્યવસાય જ્ઞાન એ પ્રામાણ્યનું ગ્રાહક બનતું નથી, કેમકે ત્યાં સંશયની વિદ્યમાનતા હોય છે.

**શંકાકાર** : પ્રમાત્વનો ગ્રહ તો અનુમાનથી જ થાય. પ્રથમ અનુમિતિમાં અર્થાત્ પ્રથમ પ્રામાણ્યની અનુમિતિમાં પ્રમાત્વનો ગ્રહ કરવા માટે દ્વિતીય અનુમિતિની અપેક્ષા રહેશે અને એ દ્વિતીય અનુમિતિમાં પણ પ્રામાણ્યનો ગ્રહ કરવા માટે તૃતીય અનુમિતિની અપેક્ષા રહેશે. આ પ્રમાણે ઉત્તરોત્તર ફલમુખી અર્થાત્ પ્રમાત્વના ગ્રહરૂપ ફલપ્રધાન એવી અનવસ્થા થશે. અથવા કારણમુખી અર્થાત્ પ્રથમ અનુમિતિના જ્ઞાનરૂપ કારણની પુષ્ટિ માટે દ્વિતીય અનુમિતિના જ્ઞાનના કારણની અપેક્ષા રહેશે, એ પ્રમાણે દ્વિતીય અનુમિતિના કારણની પુષ્ટિ માટે તૃતીય અનુમિતિના જ્ઞાનના કારણની અપેક્ષા રહેશે. આમ અનુમિતિના જ્ઞાનસ્વરૂપ કારણપ્રધાન એવી અનવસ્થા ઊભી થશે. તેથી પ્રામાણ્યને પરતોગ્રાહ્ય માની શકાય જ નહીં. તેથી પ્રામાણ્ય પરતોગ્રાહ્ય નહીં પણ સ્વતોગ્રાહ્ય જ છે.

**નૈયાયિક** : ના, આવી અનવસ્થા ઊભી થવાની કલ્પના નિરર્થક છે. જ્યાં '**इदं ज्ञानमप्रमा**' આવા પ્રકારનો અપ્રમાત્વનો ગ્રહ થયો નથી ત્યાં આગળ જ અમે તે જ્ઞાનને નિશ્ચયરૂપ કહીએ છીએ.

જ્યાં જ્ઞાનનિષ્ઠ પ્રમાત્વમાં સંશય ઊભો થયો છે ત્યાં પ્રામાણ્યને ગ્રહણ કરનારી અનુમિતિની સામગ્રીની અપેક્ષા છે, બીજે નહિ. તેથી અનવસ્થાની અહીં સંભાવના જ નથી, કેમકે અંતે તો ક્યાંક નિશ્ચય ઊભો જ રહેવાનો છે.

વળી સર્વત્ર સંશય પણ થતો નથી, કેમકે ક્યાંક ઉભયકોટિક જ્ઞાનનો (સંશય માટે જે આવશ્યક છે) જ અભાવ છે, તો વળી ક્યાંક વિશેષદર્શન થઈ જાય છે, તો વળી ક્યાંક મનનો વિષયાન્તરમાં સંચાર થઈ જાય છે.

દૂર ઝાડનું ઠુંઠું છે. હવે જે વ્યક્તિને ઠુંઠું કે પુરૂષનું જ્ઞાન હોય તેને તો તેમાં પુરૂષ કે ઝાડના ઠુંઠાનો સંશય થઈ શકે, પણ જેને તેનું જ્ઞાન જ નથી તેને ઠુંઠું હોવા છતાં સંશય શી રીતે પડે?

વળી ઉભયકોટિક સ્થાણુ અને પુરૂષનું જ્ઞાન હોવા છતાં ગમે તે એકનું વિશેષદર્શન (નિશ્ચયાત્મક જ્ઞાન) થઈ જાય તો પણ સંશય પડે નહીં.

વળી ઠુંઠાને જોતાં જોતાં સ્થાણુ અને પુરૂષનો વિચાર કરવાના બદલે મનનો સંચાર

બીજે જ થઈ ગયો, અર્થાત્ વૃક્ષ ઉપર રહેલા પંખી વગેરેને જોવામાં મન દોડી જાય તો પણ **स्थाणुर्वा पुरुषोऽयम् ?** એવો સંશય પડતો નથી. તેથી જ્યાં સંશય નથી પડતો ત્યાં નિશ્ચયાત્મક જ્ઞાન થતાં જ અનવસ્થા અટકી જશે, તેથી અનવસ્થા દોષ પણ આવશે નહીં.

**मुक्तावली : ननु सर्वेषां ज्ञानानां यथार्थत्वात् प्रमालक्षणे तद्वद्विशेष्यकत्वं विशेषणं व्यर्थम् । न च रङ्गे रजतार्थिनः प्रवृत्तिर्भ्रमजन्या न स्यात्, तव मते भ्रमस्याभावादिति वाच्यम्, तत्र हि दोषाधीनस्य पुरोवर्तिनि स्वतन्त्रोपस्थित-रजतभेदाग्रहस्य हेतुत्वात् । सत्यरजतस्थले तु विशिष्टज्ञानस्य सत्त्वात्तदेव कारणम् । अस्तु वा तत्रापि रजतभेदाग्रह एव कारणमिति ।**

**મુક્તાવલી :** મીમાંસકો બધા જ્ઞાનને પ્રમાત્મક જ માને છે. તેમના મતે ભ્રમ જેવી કોઈ વસ્તુ જ નથી. જ્ઞાન તે વળી કદાપિ ભ્રમાત્મક હોઈ શકે ખરું ? તેથી તેઓ કહે છે કે બધા જ્ઞાનો પ્રમાત્મક હોવાથી પ્રમાનું લક્ષણ **तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकम्** કરવાની શી જરૂર છે ? '**तत्प्रकारकम् ज्ञानं प्रमा**' એટલું જ લક્ષણ કરો ને ? **तद्वद्विशेष्यकत्वम्** પદોપાદન કરીને ગૌરવ શા માટે ?

**નૈયાયિક :** જો '**तद्वद्विशेष्यकत्वम्**' પદનો નિવેશ નહીં કરો તો રંગ(સીસું)માં રજતના અર્થીની ભ્રમજન્ય પ્રવૃત્તિ થશે નહીં, અર્થાત્ રજતાર્થી કોકવાર જે રજતના ભ્રમથી રંગમાં પ્રવૃત્તિ કરે છે તે હવે માની શકાશે નહીં, કેમકે તમે ભ્રમને તો માનતા જ નથી. તમારા મતે તો જ્ઞાન પ્રમાત્મક જ હોય, તેથી સર્વદા રજતમાં જ રજતાર્થીની પ્રવૃત્તિ થવી જોઈએ, પણ રંગમાં ન થવી જોઈએ. પણ હકીકતમાં તો રજતાર્થીની પણ ક્યારેક રંગમાં પ્રવૃત્તિ થાય જ છે તો તેનું શું ?

**મીમાંસક :** રજતાર્થીની રંગમાં ક્યારેક પ્રવૃત્તિ થાય છે તે તમારી વાત સાચી જ છે, પણ તેનું કારણ ભ્રમાત્મક જ્ઞાન નહીં પણ ભેદાગ્રહ છે. રંગ હોવા છતાં એને **इदं** એવું પુરોવર્તી પદાર્થનું અનુભવાત્મક જ્ઞાન થાય છે. આ તો પ્રમાત્મક જ છે. પણ ત્યાર પછી 'રજત'નું સ્મૃત્યાત્મક જ્ઞાન થાય છે. સામે રહેલા પદાર્થમાંના સાદૃશ્યાદિ ધર્માદિને કારણે સંસ્કારો ઉદ્બુધ થતાં રજતનું સ્મરણ થાય છે. આમ અનુભવાત્મક અને સ્મરણાત્મક બંને જ્ઞાન સ્વતંત્ર રીતે જ ઉપસ્થિત થાય છે અને બંને ય જ્ઞાન પ્રમાત્મક જ છે.

હવે રંગમાં **अयं पुरोवर्ती पदार्थः रजतम्** એવું જે જ્ઞાન થાય છે તે અનુભવાત્મક અને સ્મરણાત્મક જ્ઞાનના ભેદના અગ્રહને લીધે થાય છે, અર્થાત્ આ બે ય જ્ઞાનને ભિન્ન ન સમજતાં વ્યક્તિ તે બંનેને અભિન્ન અનુભવાત્મક સમજી લે છે. એટલે તે જ્ઞાનોમાં રહેલા ભેદનો અગ્રહ થવાથી જ્ઞાનના વિષયનો પણ ભેદાગ્રહ થાય છે અને

તેથી **इदं रजतम्** એવું જ્ઞાન થાય છે. આમ બે ય જ્ઞાનો પ્રમાત્મક હોવા છતાં તેમના વચ્ચેના ભેદનું ગ્રહણ ન થવાને કારણે **इदं रजतम्** એવું જ્ઞાન થાય છે.

**નૈયાયિક** : અનુભવાત્મક અને સ્મરણાત્મક જ્ઞાનના ભેદનો અગ્રહ થવાનું શું કારણ?

**મીમાંસક** : પ્રમાતૃગત લોભાદિ દોષ, ચક્ષુરાદિ પ્રમાણગત પિત્તત્વ, દૂરત્વાદિ દોષ તથા પ્રમેય-પદાર્થગત સાદશ્યાદિ દોષને કારણે ભેદાગ્રહ થાય છે.

**નૈયાયિક** : ભલે ત્યારે, રંગમાં રજતની બુદ્ધિ થતી હોય ત્યાં તમે ભલે અનુભવાત્મક અને સ્મરણાત્મક જ્ઞાનના ભેદાગ્રહને કારણ માનો, પણ જ્યાં રજત છે અને તેમાં રજતની જ બુદ્ધિ થાય છે ત્યાં તો એક જ અનુભવાત્મક જ્ઞાન છે. જેમ પુરોવર્તી પદાર્થનું '**इदं**' એવું જ્ઞાન અનુભવાત્મક છે તેમ '**रजतम्**' જ્ઞાન પણ અનુભવાત્મક જ છે. આમ બંને જ્ઞાન અનુભવાત્મક જ હોવાથી અહીં ભેદાગ્રહ પણ છે જ. તેથી અહીં ભેદાગ્રહરૂપ કારણ હાજર હોવાથી અમે કહ્યું તેવું ભ્રમજ્ઞાનરૂપ કાર્ય પણ થવું જોઈએ ને ?

**મીમાંસક** : ના, સત્યરજતસ્થળે અમે ભેદાગ્રહને કારણ ન માનતાં વિશિષ્ટજ્ઞાનને કારણ માનીશું. સત્યરજતસ્થળે રજતત્વવદ્ રજત જ્ઞાન હોવાથી જ સત્યરજતજ્ઞાન થાય છે.

**નૈયાયિક** : આમ એક સ્થાને ભેદાગ્રહને કારણ માન્યું અને અન્ય સ્થળે વિશિષ્ટ-જ્ઞાનને કારણ માન્યું તેથી તમારે કાર્ય-કારણભાવ બે માનવા પડ્યા, તેથી અનનુગત દોષ આવ્યો.

**મીમાંસક** : તો પછી સત્યરજતસ્થળે પણ અમે ભેદાગ્રહને જ કારણ કહીશું અને તેથી ભેદાગ્રહ રૂપ એક જ કારણ માનવાથી અનનુગત દોષ નહીં આવે.

સત્યરજતમાં જે રજતની બુદ્ધિ થાય છે તેનું કારણ પણ ભેદાગ્રહ જ છે. રજતમાં તે વળી રજતનો ભેદ રહેતો હશે ? સ્વમાં સ્વનો ભેદ કદાપિ રહી શકે નહીં. આમ રજતમાં ભેદ જ નથી તો પછી ભેદનો ગ્રહ શી રીતે થઈ શકે ? તેથી ભેદનો અગ્રહ છે જ. આ ભેદના અગ્રહને કારણે જ રજતમાં રજતની બુદ્ધિ થાય છે. તેથી સત્યરજત-સ્થળે પણ ભેદાગ્રહને કારણ માનીશું. અને તેથી જ **इदं रजतम्** એવું જ્ઞાન થાય છે.

---

**मुक्तावली : न चान्यथाख्यातिः सम्भवति, रजतप्रत्यक्षकारणस्य रजतेन्द्रिय-सन्निकर्षस्याभावाद्रङ्गे रजतबुद्धेरनुपपत्तेरिति चेत् ? न, सत्यरजतस्थले प्रवृत्तिं**

प्रति विशिष्टज्ञानस्य हेतुतायाः क्लृप्तत्वादन्यत्रापि तत्कल्पनात् । न च संवादिप्रवृत्तौ तत्कारणं, विसंवादिप्रवृत्तौ च भेदाग्रहः कारणमिति वाच्यम्, लाघवेन प्रवृत्तिमात्रे तस्य हेतुत्वकल्पनात् ।

---

**નૈયાયિક** : ભલે, સત્યરજતસ્થળે તો રજતત્વપ્રકારક રજતમાં રજતત્વપ્રકારક જ્ઞાન જ થયું છે એટલે પ્રમાનું લક્ષણ તેમાં ઘટી જાય છે, પણ રંગમાં ભેદાગ્રહને કારણે **इदं रजतम्** જ્ઞાન થયું તે તો ભ્રમાત્મક જ કહેવું જોઈએ, કેમકે તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાનને ભ્રમ કહેવાય છે. રંગમાં રજતત્વનો અભાવ છે, તેમાં જ રજતત્વપ્રકારક રજતનું જ્ઞાન થાય છે. તેથી જ્યાં ભેદ છે ત્યાં જ ભેદાગ્રહનું (જ્યાં રજતત્વાભાવ છે ત્યાં રજતત્વ-પ્રકારક) જ્ઞાન થયું એટલે તે તો અન્યથાખ્યાતિ = ભ્રમ જ બની ગયું.

**મીમાંસક** : અરે ! જ્યાં જે નથી, અર્થાત્ જે જ્યાં છે જ નહીં ત્યાં તેનું જ્ઞાન થાય જ શી રીતે ? જ્ઞાન એ ઈન્દ્રિયના સંનિકર્ષથી જન્ય છે. રજતનું પ્રત્યક્ષાત્મક જ્ઞાન રજત અને ઈન્દ્રિયના સંબંધથી થાય. પણ જ્યારે રંગમાં રજતની બુદ્ધિ થાય છે ત્યારે ઈન્દ્રિયનો રજત સાથે તો સંનિકર્ષ છે જ નહીં, તો પછી રજત-ઇન્દ્રિયસંનિકર્ષ વિના રંગમાં રજતનું પ્રત્યક્ષ થઈ જ શી રીતે શકે ? આમ રંગમાં તો રજતબુદ્ધિની અનુપપત્તિ જ છે, તેથી તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાન થતું જ નથી માટે અન્યથાખ્યાતિ કે ભ્રમ જેવી કોઈ વસ્તુ વિદ્યમાન જ નથી.

અને ઈન્દ્રિય-રજતસંનિકર્ષ ન હોવાથી ત્યાં જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ છે તેમ ન મનાય, કેમકે તેમ માનવામાં તો ઘણું ગૌરવ છે. તેથી અન્યથાખ્યાતિ જેવી કોઈ વસ્તુ જ નથી. ભેદાગ્રહને કારણે જ તેવું પ્રમાત્મક જ્ઞાન થાય છે.

**નૈયાયિક** : અન્યથાખ્યાતિ (ભ્રમ) જેવી કોઈ વસ્તુ જ નથી તેવી તમારી વાત જરાય યોગ્ય નથી, કેમકે સત્યરજતમાં જે રજતની બુદ્ધિ થાય છે અને તે માટે પ્રવૃત્તિ પણ થાય. છે તેના પ્રત્યે રજતત્વવત્ રજતના વિશિષ્ટજ્ઞાનની કલ્પના જ ક્લૃપ્ત (સમર્થ : નક્કી થયેલી) છે. માટે રંગમાં જ્યાં રજતબુદ્ધિ થાય છે ત્યાં પણ વિશિષ્ટ બુદ્ધિને જ કારણ માનવું જોઈએ. અને તેમ થતાં રજતત્વાભાવવત્‌માં રજતત્વપ્રકારક જ્ઞાન થઈ ગયું કહેવાય. અને **तदभाववति तत्प्रकारकं ज्ञानम्** તો ભ્રમ છે, તેથી તે ભ્રમરૂપ અન્યથાખ્યાતિને માનવી જ જોઈએ.

**મીમાંસક** : ના, તેવું માનવા કરતાં જો સંવાદિપ્રવૃત્તિ (રજતમાં રજતબુદ્ધિ) પ્રત્યે

વિશિષ્ટ જ્ઞાન જ કારણ તરીકે સિદ્ધ હોય તો સંવાદિપ્રવૃત્તિ પ્રત્યે વિશિષ્ટ જ્ઞાનને કારણ ભલે માનો, પણ વિસંવાદિપ્રવૃત્તિ (રંગમાં રજતની બુદ્ધિરૂપ) પ્રત્યે તો તમારે ભેદાગ્રહને જ કારણ માનવું જોઈએ.

**નૈયાયિક** : સંવાદિપ્રવૃત્તિ પ્રત્યે વિશિષ્ટજ્ઞાનને અને વિસંવાદિપ્રવૃત્તિ પ્રત્યે ભેદાગ્રહને કારણ માનવામાં બે કાર્ય-કારણભાવ માનવા પડતા હોવાથી ગૌરવ છે. તેના કરતાં લાઘવાત્ વિશિષ્ટજ્ઞાનને પ્રવૃત્તિમાત્ર પ્રત્યે કારણ માનવું જોઈએ.

---

**मुक्तावली : इत्थं च रङ्गे रजतत्वविशिष्टबुद्ध्यनुरोधेन ज्ञानलक्षणाप्रत्यासत्तिकल्पनेऽपि न क्षतिः, फलमुखगौरवस्यादोषत्वात् । किञ्च यत्र रङ्गरजतयोरिमे रजते रङ्गे वेति ज्ञानं जातं तत्र न कारणबाधोऽपि । अपि च यत्र रङ्गरजतयोरिमे रजतरङ्गे इति ज्ञानं तत्रोभयत्र युगपत्प्रवृत्तिनिवृत्ती स्याताम् । रङ्गे रङ्गभेदग्रहे रजते रजतभेदग्रहे चान्यथाख्यातिभयात् त्वन्मते दोषादेव रङ्गे रजतभेदाग्रहस्य रजते रङ्गभेदाग्रहस्य च सत्त्वात् ।**

---

**મુક્તાવલી : મીમાંસક** : રંગમાં રજતત્વ છે જ નહીં તો પછી રજતત્વવત્ રજતની બુદ્ધિ જ શી રીતે થશે ? આમ વિશિષ્ટજ્ઞાન રૂપ કારણ જ ન હોવાથી રંગમાં રજતની બુદ્ધિ શી રીતે થશે ?

**નૈયાયિક** : જ્યારે પ્રવૃત્તિમાત્ર પ્રત્યે વિશિષ્ટજ્ઞાનની હેતુતા સિદ્ધ થઈ જ ગઈ છે ત્યારે તે વિશિષ્ટજ્ઞાન થાય તો છે જ તેમ માનવું જ જોઈએ અને રંગમાં રજતત્વ હાજર જ ન હોવાથી સ્વસંયુક્તસમવેતત્વ સંબંધથી રજતત્વનું પ્રત્યક્ષ જ ન થતું હોવાથી રજતત્વવદ્ રજતનું પ્રત્યક્ષ તો થતું જ નથી. તેથી ત્યાં જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિથી વિશિષ્ટજ્ઞાન થાય છે તેમ માનવું જોઈએ.

(જ્યાં ઈન્દ્રિયને યોગ્ય પદાર્થની સાથે ઈન્દ્રિયસંનિકર્ષના કાળમાં જ અયોગ્ય પદાર્થનું પણ સ્મરણ થઈ શકે છે ત્યાં ઈન્દ્રિયસંબદ્ધ પદાર્થની સ્મૃતિના વિષયભૂત પદાર્થનું અભિન્ન= એકરૂપ જ્ઞાન થાય છે આવો નિયમ છે, તેથી સ્મરણાંશમાં તે જ્ઞાન અલૌકિક સંનિકર્ષથી જન્ય છે અને ઈન્દ્રિયસંબંધના અંશમાં લૌકિક છે એવી વ્યવસ્થા છે.)

પ્રસ્તુતમાં પણ પૂર્વાનુભવજન્ય '**रजतम्**' એવું પ્રત્યક્ષાત્મક જ્ઞાન જ્યાં થાય છે ત્યાં પણ અન્વય-વ્યતિરેક થાય છે. આથી જ રંગમાં **इदं रजतम्** એવા પ્રકારના ચાક્ષુષજ્ઞાન પ્રત્યે રજતના અનુભવથી જન્ય એવા સંસ્કારથી જન્ય સ્મૃતિ જ કારણ છે.

આ જ રીતે આવા પ્રકારના સ્થળોમાં ચક્ષુ:સંયુક્તમન:સંયુક્ત-આત્મસમવેત-સ્મૃતિજ્ઞાનવિષયત્વ રૂપ જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિથી વિશિષ્ટજ્ઞાન થાય છે તેમ માનવું જોઈએ, જેમ સુરભિ ચંદનમાં થાય છે તેમ.

અહીં કાર્ય-કારણભાવ સિદ્ધ થઈ ગયા પછી વિશિષ્ટજ્ઞાન માટે જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિને જે માનવી પડે છે તે ફલમુખગૌરવ હોવાથી નિર્દુષ્ટ છે.

આમ નક્કી થાય છે કે **तदभाववति तत्प्रकारकं ज्ञानं** જે છે તે અન્યથાખ્યાતિ અર્થાત્ ભ્રમાત્મક જ છે.

વળી જ્યાં રંગ અને રજત છે ત્યાં કોઈને **इमे रजते रङ्गे वा** એવું જ્ઞાન થયું. તમે સંવાદિપ્રવૃત્તિ પ્રત્યે તો વિશિષ્ટજ્ઞાનને કારણ માનો જ છો ને ? તો અહીં પણ રઙ્ગત્વવદ્ રજત અને રજતત્વવદ્ રઙ્ગરૂપ વિશિષ્ટજ્ઞાન હાજર જ છે. વળી અહીં કારણસામગ્રીનો અભાવ હોવારૂપ બાધ છે તેમ તમે નહીં કહી શકો, કેમકે સ્વસંયુક્ત રજતમાં સમવેત રઙ્ગત્વનું જ્ઞાન થયું છે અને સ્વસંયુક્ત રંગમાં સમવેત રજતત્વનું જ્ઞાન થયું છે. અને તે જ્ઞાનમાં કારણભૂત સ્વસંયુક્તસમવેતત્વ સંબંધરૂપ કારણ હાજર છે. આમ અહીં વિશિષ્ટબુદ્ધિ હોવાથી તમારા મતે સંવાદિપ્રવૃત્તિ જ થવી જોઈએ. પણ હકીકતમાં તો અહીં રજતત્વવદ્ રજત અને રઙ્ગત્વવદ્ રઙ્ગનું જ્ઞાન થવાને બદલે રજતત્વવદ્ રંગ અને રંગત્વવદ્ રજત રૂપ વિસંવાદી જ્ઞાન થયું છે.

તેથી વિસંવાદિપ્રવૃત્તિ પ્રત્યે પણ વિશિષ્ટબુદ્ધિ કારણ છે તેમ નક્કી થાય છે. અને તે માટે જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ માનવાનું ગૌરવ ન કરીએ તો પણ આવા સ્થળોએ તમારે વિશિષ્ટબુદ્ધિને અપ્રમા પ્રત્યે કારણ માનવું જ જોઈએ.

આમ વિશિષ્ટબુદ્ધિ હોવા છતાં પ્રમાત્મક જ્ઞાન થતું ન હોવાથી તમારે અન્યથા-ખ્યાતિને પણ આવા સ્થળે માનવી જ જોઈએ.

વળી જ્યારે રજત અને રંગમાં 'આ રંગ અને રજત છે' તેવું જ્ઞાન થશે ત્યારે ત્યાં વિશિષ્ટજ્ઞાનને કારણ નહીં માનો અને ભેદાગ્રહને કારણ માનશો તો એકીસાથે એક જ વસ્તુમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ થવાની આપત્તિ આવશે, કેમકે તમે અન્યથાખ્યાતિ જેવી વસ્તુ તો માનતા જ નથી.

જ્યારે રજત-રંગમાં 'આ રંગ-રજત છે' તેવું જ્ઞાન થયું છે ત્યારે રંગમાં રજતભેદનો તો અગ્રહ છે, કેમકે રંગને રજત જ માનેલું છે. તેથી રંગમાં રજત સમજીને પ્રવૃત્તિ થશે. વળી રંગમાં રંગભેદનો પણ અગ્રહ છે, કેમકે રંગ એ રજત છે એટલું જ જ્ઞાન છે, પણ

'આ રંગ એ રંગ નથી' એવું જ્ઞાન નથી, તેથી એમ જ કહેવાય કે રંગમાં રંગભેદનો અગ્રહ છે, તેથી રંગમાં નિવૃત્તિ પણ થશે. આમ એક જ રંગમાં એકીસાથે પ્રવૃત્તિ અને નિવૃત્તિ થવાની આપત્તિ આવશે.

તે જ રીતે રજતમાં રંગભેદનો અગ્રહ છે, કેમકે રજતને રંગ જ માન્યું છે તેથી તેની નિવૃત્તિ થશે. વળી રજતમાં રજતભેદનો પણ અગ્રહ જ છે, કેમકે 'રજત એ રંગ છે' તેવું જ્ઞાન થયું છે પણ 'રજત એ રજત નથી' તેવું તો જ્ઞાન થયું જ નથી, તેથી રજતમાં રજતભેદાગ્રહ પણ છે, તેથી રજતમાં પ્રવૃત્તિ પણ થશે. આમ રંગ અને રજત બંનેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ થવાની આપત્તિ આવશે.

**મીમાંસક :** અમે એમ કહીશું કે રંગમાં રંગભેદનો ગ્રહ છે અને રજતમાં રજતભેદનો પણ ગ્રહ છે જ, અર્થાત્ રંગમાં રંગભેદાગ્રહ નથી તેથી રંગમાં પ્રવૃત્તિ થશે પણ નિવૃત્તિ નહીં થાય અને રજતમાં રજતભેદાગ્રહ નથી તેથી રજતમાં નિવૃત્તિ થશે પણ પ્રવૃત્તિ નહીં થાય. આમ રંગમાં માત્ર પ્રવૃત્તિ અને રજતમાં માત્ર નિવૃત્તિ જ થતી હોવાથી એકીસાથે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને થવાની આપત્તિ છે જ નહીં.

**નૈયાયિક :** રંગમાં રંગભેદાગ્રહ નથી તેનો અર્થ તો એમ થયો કે રંગમાં રંગભેદનો ગ્રહ છે. તે જ રીતે રજતમાં રજતભેદાગ્રહ નથી, અર્થાત્ રજતમાં રજતના ભેદનો ગ્રહ છે. આમ રંગમાં રંગભેદ ન હોવા છતાં રંગભેદનો અને રજતમાં રજતભેદ ન હોવા છતાં રજતભેદનો ગ્રહ થાય છે, કેમકે રંગમાં રંગભેદ અને રજતમાં રજતભેદ તો રહી શકે જ નહીં, કેમકે સ્વમાં સ્વનો ભેદ શી રીતે રહે ? તેથી રંગમાં રંગભેદ ન હોવા છતાં રંગભેદનું ગ્રહણ થતું હોવાથી તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાન થયું. તે જ રીતે રજતમાં રજતભેદ ન હોવા છતાં રજતભેદનું ગ્રહણ થતું હોવાથી તે પણ તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાન થયું. આમ તમે છેલ્લે અન્યથાખ્યાતિ તો સ્વીકારી જ ને? કેમકે **तदभाववति तत्प्रकारकं ज्ञानं** એ અન્યથાખ્યાતિ સિવાય શું છે ?

અને જો તમે અન્યથાખ્યાતિને સ્વીકારવા તૈયાર જ ન હો તો તમારે રંગમાં રંગભેદાગ્રહ અને રજતમાં રજતભેદાગ્રહ થાય છે તેમ માનવું પડશે. અને તેમ માનવાથી રંગમાં નિવૃત્તિ અને રજતમાં પ્રવૃત્તિ થશે જ. વળી રંગમાં રજતની બુદ્ધિ થઈ છે અને રજતમાં રંગની બુદ્ધિ થઈ છે તેથી રંગમાં પ્રવૃત્તિ અને રજતમાં નિવૃત્તિ પણ થશે જ. તેથી તમારે રંગમાં અને રજતમાં બંનેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભય એકીસાથે માનવી પડશે.

અર્થાત્ જો તમારે પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભય એક સમયે ન માનવી હોય તો અન્યથાખ્યાતિને સ્વીકારવી જ જોઈએ, કેમકે તે સ્વીકારવાથી પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભય એકીસાથે માનવાની આપત્તિ આવતી નથી.

---

**मुक्तावली : किञ्चाऽनुमितिं प्रति भेदाग्रहस्य हेतुत्वे जलह्रदे वह्निव्याप्यधूमवद्भेदाग्रहादनुमितिर्निराबाधा । यदि च विशिष्टज्ञानं कारणं, तदाऽयोगोलके वह्निव्याप्यधूमज्ञानमनुमित्यनुरोधादापतितम् । सेयमुभयतः पाशारज्जुः । इत्थं चाऽन्यथाख्यातौ प्रत्यक्षमेव प्रमाणं, रङ्गं रजततयाऽवेदिषमित्यनुभवादिति संक्षेपः ॥**

---

**મુક્તાવલી** : વળી અનુમિતિ પ્રત્યે ભેદાગ્રહને જ હેતુ માનશો તો વહ્નિવ્યાપ્યધૂમવત્(પર્વત)ના ભેદનો જલહ્રદમાં તો અગ્રહ જ છે, અર્થાત્ વહ્નિવ્યાપ્યધૂમવત્ એવું પર્વતમાં જ્ઞાન થયું અને તે જ વખતે જલહ્રદનું પણ જ્ઞાન થયું. આમ બંને જ્ઞાન સાથે થયા, પરંતુ બંનેના ભેદનો અગ્રહ છે તેથી **वह्निव्याप्यधूमवत्जलह्रदः** એવું પરામર્શાત્મક જ્ઞાન થઈ જવાથી **'जलह्रदो वह्निमान्'** એવી અનુમિતિ થઈ જશે. હકીકતમાં તો જલહ્રદ વહ્નિમાન્ છે જ નહીં, એટલે વહ્ન્યભાવવતિ જલહ્રદે વહ્નિત્વપ્રકારક જ્ઞાન થવાથી તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાન થયું. અને તે તો અન્યથાખ્યાતિનું લક્ષણ છે. તેથી ભેદાગ્રહને કારણ માનો તો પણ તમારે અન્યથાખ્યાતિને માન્યા વિના ચાલવાનું નથી.

અને તેથી કદાચ તમે વિશિષ્ટજ્ઞાનને કારણ માનો અને ભેદાગ્રહને કારણ ન માનો તો પણ તમારે અન્યથાખ્યાતિ માન્યા વિના તો ચાલવાનું જ નથી, કેમકે વહ્નિવ્યાપ્યધૂમવત્ એ વિશિષ્ટજ્ઞાન છે. કોઈને અયોગોલકમાં **वह्निव्याप्यधूमवान् अयम्** એવું વિશિષ્ટજ્ઞાન થયું, તેથી તરત જ તેને **अयोगोलकः वह्निमान्** એવી અનુમિતિ થશે. જો કે અયોગોલક તો વહ્નિમાન્ હોય પણ છે તેથી ત્યાં અન્યથાખ્યાતિ માનવી પડતી નથી, પરંતુ તે અયોગોલક વહ્નિવ્યાપ્યધૂમવાન્ તો નથી જ, કેમકે અયોગોલકમાં વહ્નિ હોવા છતાં ધૂમ તો નથી જ. તેથી આ પરામર્શાત્મક જ્ઞાન ધૂમત્વપ્રકારક છે, પણ અયોગોલકમાં ધૂમત્વ તો છે જ નહીં. તેથી તદભાવવતિ તત્પ્રકારક જ્ઞાન હોવાથી પરામર્શનું જ્ઞાન તો અન્યથાખ્યાતિરૂપ જ છે. આમ વિશિષ્ટજ્ઞાનને કારણ માનો તો પણ તમારે અન્યથાખ્યાતિને તો માન્યા સિવાય છૂટકો જ નથી.

આમ ભેદાગ્રહને કારણ માનો કે વિશિષ્ટજ્ઞાનને કારણ માનો, અન્યથાખ્યાતિ તો તમારે માનવી જ પડશે. આમ બે ય બાજુ પાશમાં તમે ફસાઈ ગયા છો તેથી તમારે અન્યથાખ્યાતિને માન્યા વિના ચાલશે નહીં.

વળી અન્યથાખ્યાતિ તો પ્રત્યક્ષ-પ્રમાણથી જ સિદ્ધ છે. રંગમાં જેને રજતની બુદ્ધિ થઈ છે તે તરત જ રજત સમજીને રંગમાં પ્રવૃત્તિ કરશે. પણ હાથમાં આવ્યા પછી તેને જ્યારે ખ્યાલ આવશે કે 'આ તો રંગ છે પણ રજત નથી' ત્યારે તેને 'મેં રંગને રજત માન્યું' તેવું અનુવ્યવસાય જ્ઞાન થાય છે. આ અનુવ્યવસાયાત્મક પ્રત્યક્ષ જ્ઞાનથી જ અન્યથાખ્યાતિની સિદ્ધિ થઈ ગઈ, કેમકે 'મેં રંગને રજત માન્યું' તે અન્યથાખ્યાતિ જ્ઞાન સિવાય શું છે ? અને 'મેં રંગને રજત માન્યું' તેવું અનુવ્યવસાયાત્મક જ્ઞાન તો સૌને અનુભવસિદ્ધ જ છે. તેથી પ્રત્યક્ષથી પણ અન્યથાખ્યાતિની સિદ્ધિ થાય છે.

कारिकावली : व्यभिचारस्याग्रहोऽपि सहचारग्रहस्तथा ।
हेतुर्व्याप्तिग्रहे, तर्कः क्वचिच्छङ्कानिवर्तकः ॥१३७॥

मुक्तावली : पूर्वं व्याप्तिरुक्ता, तद्ग्रहोपायस्तु न दर्शित इत्यतस्तं दर्शयति- व्यभिचारस्येति। व्यभिचाराग्रहः सहचारग्रहश्च व्याप्तिग्रहे कारणम् । व्यभिचारग्रहस्य व्याप्तिग्रहे प्रतिबन्धकत्वात्तदभावः कारणमित्यर्थः । एवमन्वयव्यतिरेकाभ्यां सहचारग्रहस्यापि हेतुता । भूयोदर्शनं तु न कारणं, व्यभिचारास्फूर्तौ सकृद्दर्शनेऽपि क्वचिद्व्याप्तिग्रहात् । क्वचिद्व्यभिचार-शङ्काविधूननद्वारा भूयोदर्शनमुपयुज्यते ।

**મુક્તાવલી** : પૂર્વે વ્યાપ્તિનું નિરૂપણ અનુમાન-ખંડમાં થઈ ગયું છે પરંતુ તે વ્યાપ્તિઓનો ગ્રહ કેવી રીતે થાય ? તેનું નિરૂપણ કર્યું નહોતું, તેથી હવે વ્યાપ્તિગ્રહના ઉપાયોનું નિરૂપણ કરે છે.

વ્યભિચારનો અગ્રહ અને સહચારનો ગ્રહ એ વ્યાપ્તિગ્રહના કારણો-ઉપાયો છે. અને તર્ક ક્યારેક શંકાને દૂર કરનારો બને છે.

હેતુ હોવા છતાં સાધ્યનો પક્ષમાં અભાવ હોવો અથવા પક્ષમાં સાધ્ય હોવા છતાં હેતુનું ન હોવું તે વ્યભિચાર છે અને હેતુની સાથે સાધ્યનું પક્ષમાં સમાનાધિકરણ હોવું તે સહચાર છે. તેનો ગ્રહ અર્થાત્ સહચારનું જ્ઞાન અને વ્યભિચારનો અગ્રહ અર્થાત્ વ્યભિચારનું અજ્ઞાન એ વ્યાપ્તિગ્રહનું કારણ છે.

વ્યભિચાર એ વ્યાપ્તિનો વિઘટક છે, તેથી કારણની કોટિમાં વ્યભિચારાગ્રહ એ આદરણીય છે, અર્થાત્ વ્યભિચાર-અગ્રહને વ્યાપ્તિનું કારણ માનવું જોઈએ.

વ્યભિચારના ગ્રહની જેમ વ્યભિચારની શંકા પણ વ્યાપ્તિજ્ઞાનમાં પ્રતિબંધક છે અને પ્રતિબંધકાભાવ એ પણ કાર્યનું એક કારણ છે, તેથી વ્યભિચારાગ્રહ એ વ્યાપ્તિજ્ઞાનનું કારણ મનાય છે.

વળી **सहचारग्रहे व्याप्तिग्रहः** અને **सहचाराग्रहे व्याप्त्यग्रहः** એવા અન્વય-વ્યતિરેક પણ મળે છે તેથી સહચાર વ્યાપ્તિજ્ઞાનનું કારણ છે.

**શંકાકાર** : જેમ વ્યભિચારાગ્રહ અને સહચારગ્રહ વ્યાપ્તિજ્ઞાનના કારણ છે તેમ

ભૂયોદર્શનને પણ વ્યાપ્તિજ્ઞાનનું કારણ માનવું જોઈએ, કેમકે મહાનસમાં વારંવાર વહ્નિ અને ધૂમને જોવાથી **वह्निव्याप्यो धूमः** એવું વ્યાપ્તિજ્ઞાન પણ થાય જ છે.

**નૈયાયિક :** કારણ તેને જ કહેવાય કે જેની હાજરી ન હોય તો કાર્ય પણ ન જ થાય. પરંતુ ક્યારેક વ્યભિચારનું જ્ઞાન ન થાય તો બે-ત્રણ કે એકવારના દર્શનથી પણ વ્યાપ્તિગ્રહ થઈ જાય છે. આમ જ્યારે એકવારના દર્શનથી વ્યાપ્તિગ્રહ થાય છે ત્યારે ભૂયોદર્શન તો હાજર નથી જ, છતાં વ્યાપ્તિગ્રહ તો થયો જ છે, માટે ભૂયોદર્શનને કારણ માનવામાં વ્યતિરેક-વ્યભિચાર આવે, તેથી ભૂયોદર્શનને હેતુ માની શકાય નહીં.

વળી ક્યારેક વારંવાર મહાનસમાં ધૂમ અને વહ્નિને જોવા છતાં વ્યાપ્તિગ્રહ નથી પણ થતો, કેમકે મહાનસમાં વારંવાર ધૂમ-વહ્નિ જોવા છતાં 'વહ્નિ પ્રત્યે ધૂમ જ્ઞાપક કારણ હશે કે નહીં ?' તેવી વ્યભિચાર-શંકા વારંવાર થતી હોય તો ભૂયોદર્શન હોવા છતાં વ્યભિચાર-અગ્રહ ન હોવાથી વ્યાપ્તિગ્રહ થતો નથી, માટે ભૂયોદર્શનને કારણ માની શકાય નહીં.

છતાં જ્યારે વ્યભિચારની શંકા પડી હોય ત્યારે વારંવાર સહચાર જોવાથી તે વ્યભિચારની શંકા દૂર થાય છે અને તેથી વ્યભિચારાગ્રહરૂપ કારણ હાજર થતાં વ્યાપ્તિગ્રહ પણ થઈ જાય છે, તેથી વ્યભિચારની શંકા દૂર કરવા ભૂયોદર્શન પણ ઉપયોગી છે, પરંતુ તે કારણ નથી.

---

**मुक्तावली : यत्र तु भूयोदर्शनादपि शङ्का नापैति तत्र विपक्षे बाधकस्तर्कोऽपेक्षितः । तथाहि-वह्निविरहिण्यपि धूमः स्यादिति यद्याशङ्का भवति, तदा सा वह्निधूमयोः कार्यकारणभावस्य प्रतिसन्धानान्निवर्तते । यद्ययं वह्निमान्न स्यात्तदा धूमवान्न स्यात्, कारणं विना कार्यानुत्पत्तेः । यदि च क्वचित्कारणं विनापि कार्यं भविष्यति, तदाऽहेतुक एव भविष्यति इति, तत्राप्याशङ्का भवेत्, तदा सा व्याघातादपसारणीया। यदि हि कारणं विना कार्यं स्यात्, तदा धूमार्थं वह्नेस्तृप्त्यर्थं भोजनस्य वा नियमत उपादानं तवैव न स्यादिति । यत्र स्वत एव शङ्का नावतरति तत्र न तर्कापेक्षापीति तदिदमुक्तम्-तर्कः क्वचिच्छङ्कानिवर्तक इति ॥**

---

**મુક્તાવલી :** જો ભૂયોદર્શનથી પણ વ્યભિચાર-શંકા દૂર ન થાય તો તે શંકા દૂર

કરવા વ્યભિચાર-શંકારૂપ વિપક્ષનો બાધક તર્ક ઊભો કરવો પડે છે, જેમકે કોઈને શંકા પડે કે વહ્નિ ન હોય ત્યાં પણ ધૂમ રહે છે, અર્થાત્ વહ્નિવિરહે પણ ધૂમ હોઈ શકે છે. આવી આશંકાના નિવર્તન માટે વહ્નિ-ધૂમના કાર્ય-કારણભાવ રૂપ તર્ક મૂકવો જરૂરી છે. વહ્નિ-ધૂમના કાર્ય-કારણભાવથી તે આશંકા દૂર થઈ જશે.

**यद्ययं वह्निमान् न स्यात् तदा धूमवानपि न स्यात् ।**

**यदि धूमो वह्निव्यभिचारी स्यात् तर्हि वह्निजन्योऽपि न स्यात् ।**

અર્થાત્ વહ્નિ-ધૂમના કાર્ય-કારણભાવનો જ ભંગ થઈ જાય, અર્થાત્ કારણ વિના કાર્યની અનુત્પત્તિ જ હોય. એટલે જો વહ્નિમાન્ ન હોય તો ધૂમવાન્ પણ ન જ હોય.

**શંકાકાર** : પણ કારણ વિના ય કાર્ય થાય છે તેમ માનવામાં શું વાંધો છે ?

**નૈયાયિક** : કારણ વિના પણ જો કાર્ય થતું હોય તો તે કાર્ય અહેતુક બની જાય.

આમ પ્રથમ શંકા કાર્ય-કારણભંગના તર્કથી દૂર કરવી. પણ જો આ તર્કમાં પણ શંકા પડે કે કારણ વિના શું કાર્યની અનુત્પત્તિ જ રહે ? તો તેના નિવર્તન માટે પોતાની ક્રિયાનો વ્યાઘાત બતાવવો. તે આ પ્રમાણે : જો કારણ વિના પણ કાર્ય થઈ શકતું હોય તો ધૂમ માટે વહ્નિ ગ્રહણ કરવાની અને તૃપ્તિ માટે ભોજન ગ્રહણ કરવાની આવશ્યકતા નહીં રહે. પણ તૃપ્તિ માટે ભોજનનું અને ધૂમ માટે વહ્નિનું તો નિયત ઉપાદાનપણું છે જ, તેથી તેનો વ્યાઘાત ન થાય તે માટે પણ કારણ વિના કાર્યની ઉત્પત્તિ મનાય નહીં.

આમ કાર્ય-કારણભાવ-ભંગના તર્કથી કે છેલ્લે વ્યાઘાત-તર્કથી વ્યભિચારની શંકાનું નિવર્તન કરી શકાય છે. પરંતુ જ્યાં વ્યભિચારની શંકા જ નથી પડતી ત્યાં તો તર્કની અપેક્ષા પણ રહેતી નથી. જેમકે **एतद्रूपवान् एतद्रसात् । पर्वतो एतद्वह्निमान् एतद्धूमात् ।**

આમ તમામ વ્યાપ્તિજ્ઞાન પ્રત્યે તર્કની જરૂર ન હોવાથી તર્કને વ્યાપ્તિજ્ઞાનનું કારણ મનાતું નથી, પણ જ્યારે વ્યભિચારની શંકા પડે ત્યારે તેના નિવર્તન માટે તેનો ઉપયોગ થાય છે, તેથી તેને 'ક્વચિત્ શંકાનિવર્તક' કહ્યું છે.

નૈયાયિકોએ અહીં એવું દૃષ્ટાંત આપ્યું કે જ્યાં એક જ વ્યક્તિ (**एतद्**) લેવાથી ભૂયોદર્શન થાય જ નહીં. પાશ્ચાત્યો તો એમ માને છે કે જ્યાં ભૂયોદર્શન થઈ શકતું હોય ત્યાં પણ એકના દર્શને તેમાં શંકા ન થાય, અર્થાત્ અનેક વ્યક્તિ સ્થળે પણ એકના જ દર્શને પણ શંકા ઉપસ્થિત ન થાય. જેમ આ માણસ પોતાની કાંધ ઉપર બેસી શકતો નથી તો કોઈપણ માણસ પોતાની કાંધ ઉપર બેસી શકે નહીં. અહીં અનેક વ્યક્તિ હોવા છતાં એક વ્યક્તિના દર્શનમાં પણ નિર્ણય થઈ જાય છે. તે જ રીતે બે ને બે મળતાં જો

ડબ્બલ (ચાર) થતાં હોય તો ચાર ને ચાર મળતાં, આઠ ને આઠ મળતાં, સોળ ને સોળ મળતાં પણ ડબ્બલ થઈ જ જાય. અહીં પણ બીજા સ્થાનો હોવા છતાં એક જ સ્થાને નિર્ણય થતાં શંકા જ ન થવાથી ભૂયોદર્શનની જરૂર પડતી નથી.

**તર્ક** : વ્યાપ્યના આરોપપૂર્વક વ્યાપકના આરોપને તર્ક કહેવાય. એ જ રીતે આહાર્યના આરોપવિશેષ '**तर्कयामि**' આવા અનુભવની જિજ્ઞાસાવિશેષનો નિવર્તક માનસત્વવ્યાપ્યજાતિવિશેષ પણ તર્ક કહેવાય.

તે તર્કના સામાન્યતઃ બે પ્રકાર છે : (૧) વિષયપરિશોધક અને (૨) વ્યાપ્તિગ્રાહક.

**(૧) વિષયપરિશોધક તર્ક : निर्वह्निर्स्यात्, निर्धूमोऽपि स्यात्** । પર્વતમાં જો વહ્નિ ન હોય તો ધૂમ પણ ન જ હોય.

આ તર્ક દ્વારા પર્વતમાં વહ્નિરૂપ વિષયની પરિશુદ્ધિ થાય છે, આથી અહીં વહ્નિનો અભાવ વ્યાપ્ય છે અને ધૂમાભાવ વ્યાપક છે.

જલહ્રદમાં વહ્ન્યભાવ વર્તે છે આથી ત્યાં ધૂમાભાવ પણ વર્તે છે. પરંતુ અહીં પર્વતમાં એવું નથી. તેથી જ 'ધૂમના દર્શનથી અહીં અગ્નિ છે' એ પ્રમાણે તર્ક દ્વારા વાદી જીતે છે.

**(૨) વ્યાપ્તિગ્રાહક તર્ક : धूमो यदि वह्निव्यभिचारी स्यात् तदा वह्निजन्योऽपि न स्यात्।** આ પ્રમાણે વ્યભિચાર-શંકાની નિવૃત્તિ કરવા દ્વારા અનુમાન-પ્રમાણનો અનુગ્રાહક આ તર્ક છે.

પરમર્ષિનું સૂત્ર છે : '**अविज्ञाततत्त्वेऽर्थे कारणोपपत्तितस्तत्त्वज्ञानार्थमूहस्तर्कः** । (ન્યા-૧।૧।૪૦).

આ તર્ક પાંચ પ્રકારના છે : (૧) આત્માશ્રય (૨) અન્યોન્યાશ્રય (૩) ચક્રક (૪) અનવસ્થા અને (૫) તદન્યબાધિતાર્થ પ્રસંગ.

**(૧) આત્માશ્રય** : પોતે પોતાની અપેક્ષામાં જે અનિષ્ટ કરે તે **આત્માશ્રય** કહેવાય. તે ઉત્પત્તિ, સ્થિતિ અને જ્ઞપ્તિ એમ ત્રણ પ્રકારે છે.

(૧) જો આ ઘટ આ ઘટથી જન્ય હોય તો આ ઘટ આ ઘટના અનધિકરણના ક્ષણની ઉત્તરવર્તી ન હોવો જોઈએ.

(૨) જો આ ઘટ આ ઘટમાં વૃત્તિ હોય તો આ ઘટ આ ઘટનો વ્યાપ્ય ન હોવો જોઈએ.

(૩) જો આ ઘટ આ ઘટના જ્ઞાનથી અભિન્ન હોય તો તે જ્ઞાનસામગ્રીથી જન્ય હોવો જોઈએ.

**(૨) અન્યોન્યાશ્રય :** પરસ્પર એકબીજાની અપેક્ષાથી પરસ્પર એકબીજાને અનિષ્ટ કરે તે અન્યોન્યાશ્રય કહેવાય. તે પણ ઉત્પત્તિ, સ્થિતિ, જ્ઞપ્તિ દ્વારા ત્રણ પ્રકારે છે.

(૧) જો આ બીજ-વૃક્ષ એકબીજાથી જન્ય હોય તો બન્ને ભિન્ન હોવા જોઈએ અથવા એકની સિદ્ધિ ન થવાથી બન્ને ન થવા જોઈએ અથવા જો સુખ-દુઃખ પરસ્પર એકબીજાના અભાવસ્વરૂપ હોય તો એકની અસિદ્ધિથી બન્ને ન થવા જોઈએ.

(૨) જો સુખ-દુઃખની સ્થિતિ પરસ્પર એકબીજાના અસાધારણ કારણ(અદૃષ્ટ)થી જન્ય હોય તો પરસ્પર વિજાતીય પ્રતિયોગિતાવાળી ન હોવી જોઈએ.

(૩) જો સુખ-દુ:ખ પરસ્પર એકબીજાના અભાવજ્ઞાનથી અભિન્ન હોય તો જ્ઞાનસામગ્રીથી જન્ય હોવા જોઈએ.

**(૩) ચક્રક :** ત્રણ વસ્તુ હોય અને બીજી વસ્તુને પ્રથમ વસ્તુની અપેક્ષા હોય, ત્રીજી વસ્તુને બીજી વસ્તુની અપેક્ષા હોય, પ્રથમ વસ્તુને ત્રીજી વસ્તુની અપેક્ષા હોય, તેથી જે અનિષ્ટ પ્રસંગ આવે તે ચક્રક કહેવાય.

આ પણ ઉત્પત્તિ, સ્થિતિ, જ્ઞપ્તિ ભેદથી ત્રણ પ્રકારે છે.

(૧) જો વ્યાપ્તિજ્ઞાનને સંસર્ગાભાવના જ્ઞાનની અપેક્ષા હોય, સંસર્ગાભાવના જ્ઞાનને જન્યતાના જ્ઞાનની અપેક્ષા હોય અને જન્યતાજ્ઞાનને વ્યાપ્તિજ્ઞાનની અપેક્ષા હોય તો વ્યાપ્તિજ્ઞાન પોતાનાથી ભિન્ન હોવું જોઈએ.

(૨) જો ઘટને ઉત્પત્તિમાં (અ) કારણની અપેક્ષા હોય, (અ) કારણને (બ) કારણની અપેક્ષા હોય અને (બ) કારણને ઘટની અપેક્ષા હોય તો ઘટ પોતાનાથી ભિન્ન હોવો જોઈએ.

(૩) જો ઘટને સ્થિતિમાં 'અ'ની અપેક્ષા હોય, 'અ'ને સ્થિતિમાં 'બ'ની અપેક્ષા હોય, અને 'બ'ને સ્થિતિમાં ઘટની અપેક્ષા હોય તો ઘટ પોતાનાથી ભિન્ન હોવો જોઈએ.

**(૪) અનવસ્થા :** અવ્યવસ્થિત પરંપરાના આરોપથી થતો અનિષ્ટ પ્રસંગ તે અનવસ્થા કહેવાય. જો ઘટત્વ એ ઘટજન્યત્વનું વ્યાપ્ય હોય તો એ કપાલસમવેતત્વનું વ્યાપ્ય ન થાય.

**(૫) તદન્યબાધિતાર્થપ્રસંગ :** ઉપરોક્ત ચાર સિવાયનો જે બાધિત અર્થથી થતો પ્રસંગ તે તદન્યબાધિતાર્થપ્રસંગ કહેવાય.

જો ધૂમ વહ્નિવ્યભિચારી હોય તો વહ્નિજન્ય ન હોવો જોઈએ.

कारिकावली : साध्यस्य व्यापको यस्तु हेतोरव्यापकस्तथा ।
स उपाधिर्भवेत्तस्य निष्कर्षोऽयं प्रदर्श्यते ॥१३८॥

मुक्तावली : इदानीं परकीयव्याप्तिग्रहप्रतिबन्धार्थमुपाधिं निरूपयति-साध्यस्येति । साध्यत्वाभिमतव्यापकत्वे सति साधनत्वाभिमताव्यापकत्वमुपाधित्वमित्यर्थः । ननु स श्यामो मित्रातनयत्वादित्यत्र शाकपाकजन्यत्वं नोपाधिः स्यात्, तस्य साध्यव्यापकत्वाभावात् श्यामत्वस्य घटादावपि सत्त्वात्, एवं वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वादित्यत्रोद्भूतरूपवत्त्वं नोपाधिः स्यात्, प्रत्यक्षत्वस्यात्मादिषु सत्त्वात् तत्र च रूपाभावात् । एवं ध्वंसो विनाशी जन्यत्वादित्यत्र भावत्वं नोपाधिः स्यात्, विनाशित्वस्य प्रागभावेऽपि सत्त्वात् तत्र च भावत्वाभावादिति चेत् ?

**મુક્તાવલી** : વ્યાપ્તિગ્રહનો પ્રતિબંધ કરનારી ઉપાધિ હોય છે. વ્યાપ્તિગ્રહમાં વ્યભિચારનું અનુમાન ઉપાધિગ્રહથી થાય છે. હેતુ અને સાધ્યનો જે વ્યાપ્ય-વ્યાપકભાવ છે તેને લઈને વ્યાપ્તિનું જ્ઞાન થાય છે, પણ ઉપાધિનું જ્ઞાન થતાં તે વ્યાપ્ય-વ્યાપકભાવ જણાવતી વ્યાપ્તિનો પ્રતિબંધ થાય છે.

જ્યારે એક વાદી કોઈ અનુમાન રજુ કરે ત્યારે તે વ્યાપ્તિનો પ્રતિબંધ કરવો જરૂરી છે. જો તેના અનુમાનમાં બાધ, સત્પ્રતિપક્ષ વગેરે કોઈપણ હેત્વાભાસો ન જણાય તો છેલ્લે વ્યભિચારની શંકાથી તેની વ્યાપ્તિ તોડવાની હોય છે. ત્યાં જો ઉપાધિનું જ્ઞાન થઈ જાય તો તરત જ વ્યભિચારની શંકા કરીને વાદીનું અનુમાન પ્રતિબંધિત કરી શકાય છે. તેથી વાદીની વાતને તોડી નાંખવા ઉપાધિનું જ્ઞાન જરૂરી છે. **पर्वतो धूमवान् वह्नेः** માં ધૂમ સાધ્ય છે અને વહ્નિ હેતુ છે. વાદી જ્યારે ઉપરોક્ત અનુમાન રજુ કરે ત્યારે તેમાં બાધાદિ કોઈ હેત્વાભાસો ન મળવાથી છેલ્લે વ્યભિચારની શંકા કરવાની છે. તેથી ઉપાધિ શોધવી જરૂરી છે.

**'साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वम्'** એ ઉપાધિનું લક્ષણ છે, અર્થાત્ જે સાધ્યને વ્યાપક હોઈને સાધન= હેતુને અવ્યાપક હોય તે ઉપાધિ છે. જો કે અસત્સ્થળમાં જ ઉપાધિ મૂકવાની હોય છે. અને તેથી તે અસત્સ્થળમાં સાધ્ય સાધ્ય નથી હોતું અને

હેતુ હેતુ નથી હોતો, તેથી 'અભિમત' પદનો પ્રયોગ કરવો જરૂરી છે, અર્થાત્ અનુમાન-પ્રયોગમાં જે સાધ્ય તરીકે અભિમત હોય તેને જે વ્યાપક હોય અને હેતુ તરીકે જે અભિમત હોય તેને અવ્યાપક હોય તે ઉપાધિ કહેવાય.

**साध्याभिमतव्यापकत्वे सति साधनाभिमताव्यापकत्वम् उपाधित्वम् ।**

**पर्वतो धूमवान् वह्नेः** માં 'આર્દ્રેન્ધનસંયોગ' ઉપાધિ છે. જ્યાં જ્યાં વહ્નિ છે ત્યાં ત્યાં ધૂમ હોય જ તેવું નથી, કેમકે અયોગોલકમાં વહ્નિ હોવા છતાં ધૂમ નથી. પણ હવે આર્દ્રેન્ધનસંયોગને અમે ઉપાધિ કહી છે, કેમકે તે સાધ્યને વ્યાપક અને હેતુને અવ્યાપક છે જ. પ્રસ્તુતમાં સાધ્યાભિમત ધૂમ છે, અને જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં આર્દ્રેન્ધન-સંયોગત્વ પણ છે જ. અને આર્દ્રેન્ધનસંયોગ હેતુને અવ્યાપક પણ છે, કેમકે હેતુ અગ્નિ અયોગોલકમાં છે પણ ત્યાં આર્દ્રેન્ધનસંયોગ નથી. આમ **साध्याभिमतव्यापकत्वे सति साधनाभिमताव्यापकत्वम्** એ ઉપાધિનું લક્ષણ 'આર્દ્રેન્ધનસંયોગ'માં ઘટી જાય છે.

**स श्यामः मित्रातनयत्वात् ।** મિત્રા કાગડીના બે બચ્ચાં કાળા હોવા છતાં ત્રીજું બચ્ચું ધોળું જન્મ્યું છે, કેમકે બે બચ્ચાં જ્યારે ગર્ભમાં હતા ત્યારે તે શાક ખૂબ ખાતી હતી, જ્યારે ત્રીજું બચ્ચું ગર્ભમાં હતું ત્યારે તેણીએ શાક ખાવાનું બંધ કરીને ક્ષીર ખાવાની ચાલુ કરી હતી. તેથી આ ત્રીજું બચ્ચું સફેદ હોવાથી ઉપરોક્ત અસત્સ્થળ છે, તેથી ઉપાધિ શોધવી જરૂરી છે. 'શાકપાકજન્યત્વ' એ અહીં ઉપાધિ છે. તેમાં ઉપાધિનું લક્ષણ ઘટી જાય છે. સાધ્યાભિમત શ્યામત્વને વ્યાપક શાકપાકજન્યત્વ છે જ. અને હેત્વભિમત મિત્રાતનયત્વ જ્યાં જ્યાં છે ત્યાં શાકપાકજન્યત્વ નથી જ, કેમકે જે ત્રીજું બચ્ચું જન્મ્યું છે તેનામાં શાકપાકજન્યત્વ નથી. આમ શાકપાકજન્યત્વ એ સાધ્યાભિમત-વ્યાપક હોઈને હેત્વભિમતાવ્યાપક પણ છે. તેથી શાકપાકજન્યત્વમાં લક્ષણની અવ્યાપ્તિ થતી નથી.

**पर्वतो वह्निमान् धूमात्** એ સત્સ્થળ છે તેથી ત્યાં ઉપાધિની જરૂર નથી. તેથી નીલમાં ઉપાધિનું લક્ષણ અતિવ્યાપ્ત થવું જોઈએ નહીં. પ્રસ્તુતમાં સાધ્યાભિમત વહ્નિ છે (નીલને ઉપાધિ માની છે) પણ જ્યાં જ્યાં વહ્નિ છે ત્યાં ત્યાં નીલત્વ નથી. આમ નીલત્વ સાધ્યાભિમતવ્યાપક નથી માટે તેમાં ઉપાધિનું લક્ષણ ઘટતું નથી, તેથી નીલને ઉપાધિ માની શકાય નહીં. જો વહ્નિત્વને ઉપાધિ માનો તો તે સાધ્યાભિમત વહ્નિને જેમ વ્યાપક છે તેમ હેત્વભિમત ધૂમને પણ વ્યાપક જ છે, પણ અવ્યાપક નથી. તેથી **हेत्वभिमता-व्यापकत्वम्** લક્ષણાંશ ન જવાથી વહ્નિત્વને પણ ઉપાધિ ન મનાય. આમ સત્સ્થળમાં

લક્ષણની અતિવ્યાપ્તિ પણ થતી નથી.

હવે જો **साध्याभिमतव्यापकत्वम्** પદનું ઉપાદાન ન કરાય તો **हेत्वभिमता-व्यापकत्वम्** લક્ષણ બનશે. **घटो द्रव्यं द्रव्यत्वात् ।** હવે અહીં પૃથ્વીત્વ એ હેતુ-અભિમત દ્રવ્યત્વને અવ્યાપક છે તેથી પૃથ્વીત્વમાં લક્ષણ ઘટી જતાં તેને ઉપાધિ માનવાની આપત્તિ આવશે, પણ સાધ્યાભિમત દ્રવ્યને પૃથ્વીત્વ વ્યાપક નથી તેથી સાધ્યાભિમતવ્યાપકત્વ તેમાં ન જવાથી હવે અતિવ્યાપ્તિ નહીં આવે.

હવે જો **साधनाभिमताव्यापकत्वम्** પદનું ઉપાદાન ન કરો તો લક્ષણ દ્રવ્યત્વમાં ચાલ્યું જતાં તેને ઉપાધિ માનવાની આપત્તિ આવશે. જ્યાં જ્યાં વહ્નિ છે ત્યાં ત્યાં દ્રવ્યત્વ છે જ. તેથી તે સાધ્યવ્યાપક હોવાથી તેનામાં **साध्याभिमतव्यापकत्वम्** લક્ષણ આવી જશે. તે અતિવ્યાપ્તિ નિવારવા **साधनाभिमताव्यापकत्वम्** મૂક્યું છે. દ્રવ્યત્વ ધૂમને અવ્યાપક નથી પણ વ્યાપક છે. તેથી હવે દ્રવ્યત્વને ઉપાધિ માનવાની આપત્તિ નહીં આવે. તેથી '**साध्याभिमतव्यापकत्वे सति साधनाभिमताव्यापकत्वम्**' એ ઉપાધિનું નિર્દોષ લક્ષણ બન્યું.

**શંકાકાર :** તમારું ઉપાધિનું લક્ષણ બરાબર નથી, કેમકે તેમાં ઘણાં સ્થાને અવ્યાપ્તિ આવે છે. જેમકે :

(૧) સાધનાવચ્છિન્નસાધ્યના વ્યાપક શાકપાકજન્યત્વ રૂપ ઉપાધિમાં અવ્યાપ્તિ આવે છે. શાકપાકજન્યત્વ એ ઉપાધિ છે અને તે સાધ્યાભિમત શ્યામત્વને વ્યાપક નથી, કેમકે કોયલ, ઘટ વગેરેમાં પણ શ્યામત્વ હોવા છતાં શાકપાકજન્યત્વ નથી. આમ શાકપાકજન્યત્વ એ સાધ્યાભિમતવ્યાપક ન હોવાથી તેમાં ઉપાધિનું લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ દોષ આવ્યો.

(૨) પક્ષધર્માવચ્છિન્નસાધ્યના વ્યાપક **उद्भूतरूपवत्त्वम्** ઉપાધિમાં અવ્યાપ્તિ આવે છે.

**वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वात् ।** પ્રાચીનો વાયુનું પ્રત્યક્ષ માનતા નથી તેથી તેમણે ઉપરના અનુમાનનો વિરોધ કરવો જરૂરી છે. તેમના મતે આ અનુમાન સોપાધિક છે. તે ઉપાધિ છે, ઉદ્ભૂતરૂપવત્ત્વ. પ્રત્યક્ષ માટે જરૂરી કારણ ઈન્દ્રિયવિષયસંનિકર્ષ છે તેમ મહત્ત્વ અને ઉદ્ભૂત રૂપ પણ છે. મહત્ત્વ તો વાયુમાં પણ રહ્યું છે, પણ ઉદ્ભૂત રૂપ વાયુમાં રહ્યું નથી. તેથી '**उद्भूतरूपवत्त्वम्**'ને ઉપાધિ માનવી પડે છે. જો આ ઉપાધિ ન માનીએ તો વાયુ પણ પ્રત્યક્ષ સ્પર્શનો આશ્રય હોવાથી વાયુનું પ્રત્યક્ષ માનવાની

આપત્તિ આવે. માટે પ્રાચીનો અહીં **उद्भूतरूपवत्त्वम्** ને ઉપાધિ માને છે. હવે વાયુમાં **उद्भूतरूपवत्त्वम्** ન હોવાથી તેનું પ્રત્યક્ષ માનવાની આપત્તિ આવશે નહીં, તેથી **उद्भूतरूपवत्त्वम्** એ ઉપાધિ છે. તેથી તેમાં ઉપાધિનું લક્ષણ ઘટવું જોઈએ.

**उद्भूतरूपवत्त्वम्** હેતુને અવ્યાપક તો છે જ, કેમકે હેતુ વાયુમાં રહ્યો છે પણ ઉદ્ભૂત રૂપ વાયુમાં નથી રહ્યું. પરંતુ સાથે સાથે તે સાધ્યને પણ અવ્યાપક છે કિન્તુ વ્યાપક નથી, કેમકે **प्रत्यक्षत्वम्** રૂપ સાધ્ય આત્મામાં પણ રહ્યું છે, કેમકે આત્માનું માનસપ્રત્યક્ષ થાય છે, પરંતુ આત્મામાં **उद्भूतरूपवत्त्वम्** નથી રહ્યું. આમ **साध्याभिमतव्यापकत्वम्** લક્ષણાંશ **उद्भूतरूपवत्त्वम्** રૂપ ઉપાધિમાં ન જવાથી અવ્યાપ્તિ દોષ આવ્યો.

વળી (૩) **ध्वंसो विनाशी जन्यत्वात् ।** જે જે જન્ય હોય તે વિનાશી હોય. ધ્વંસ પણ જન્ય છે તેથી તેને વિનાશી માનવો પડે. પણ ધ્વંસ તો નિત્ય છે, અવિનાશી છે. તેથી પ્રસ્તુત અનુમાનમાં ઉપાધિ તરીકે **भावत्वम्** માનવું પડે. ભાવત્વેન જન્ય હોય તે વિનાશી હોય. ધ્વંસ એ ભાવત્વેન જન્ય નથી, તેથી તે વિનાશી પણ નથી. (ધ્વંસ અભાવાત્મક છે.)

આમ **भावत्वम्** ઉપાધિ બનતાં તેમાં ઉપાધિનું લક્ષણ જવું જોઈએ. **जन्यत्वम्** ધ્વંસમાં રહેતું હોવા છતાં **भावत्वम्** ધ્વંસમાં નથી રહેતું તેથી **भावत्वम्** એ **हेत्वभिमता-व्यापकत्वम्** છે પણ **साध्यव्यापकत्वम्** નથી, કેમકે સાધ્ય વિનાશિત્વ અર્થાત્ વિનાશ પ્રાગભાવમાં પણ રહ્યો છે પણ ત્યાં **भावत्वम्** ઉપાધિ રહી નથી. આમ **भावत्वम्** એ સાધ્યવ્યાપક નહીં પણ સાધ્ય-અવ્યાપક છે તેથી તેમાં ઉપાધિના લક્ષણનો **साध्याभिमतव्यापकत्वम्** અંશ ન જવાથી અવ્યાપ્તિ દોષ આવ્યો. આમ તમારા લક્ષણની **शाकपाकजन्यत्वम्, उद्भूतरूपवत्त्वम्** અને **भावत्वम्** ઉપાધિઓમાં અવ્યાપ્તિ થાય છે.

---

**मुक्तावली : न, यद्धर्मावच्छिन्नसाध्यव्यापकत्वं तद्धर्मावच्छिन्नसाधनाव्यापकत्वमित्यर्थे तात्पर्यात् । मित्रातनयत्वावच्छिन्नश्यामत्वस्य व्यापकं शाकपाकजत्वं, तदवच्छिन्नसाधनाव्यापकं च । एवं पक्षधर्मबहिर्द्रव्यत्वावच्छिन्नप्रत्यक्षत्वस्य व्यापकमुद्भूतरूपवत्त्वम्, बहिर्द्रव्यत्वावच्छिन्नसाधनस्याव्यापकं च । एवं ध्वंसो विनाशी जन्यत्वादित्यत्र जन्यत्वावच्छिन्नसाध्यव्यापकं भावत्वं**

बोध्यम् ।

---

**मुक्तावली :** નૈયાયિક : **'साध्याभिमतव्यापकत्वे सति साधनाभिमताव्यापकत्वम्'** લક્ષણમાં અમારું તાત્પર્ય એવું છે કે યદ્ધર્માવચ્છિન્ન સાધ્યનું વ્યાપક હોય તદ્ધર્માવચ્છિન્ન સાધનનું અવ્યાપક હોય તે ઉપાધિ કહેવાય, અર્થાત્ યાદશધર્મથી વિશિષ્ટ સાધ્યની સાથે ઉપાધિનો સહચાર હોય તાદશધર્મથી વિશિષ્ટ હેતુની સાથે જો ઉપાધિનો વ્યભિચાર હોય તો જ તે ઉપાધિ કહેવાય.

**स श्यामो मित्रातनयत्वात् ।** અહીં યદ્ધર્મ તરીકે પક્ષધર્મ લેવો. (પક્ષધર્મ= મિત્રાતનયત્વ લેવો. ક્યાંક પક્ષધર્મ લેવાય અને ક્યાંક હેતુધર્મ લેવાય. તદવચ્છિન્ન હેતુની અવ્યાપકતા અને સાધ્યની વ્યાપકતા લેવાની છે.) મિત્રાતનયત્વાવચ્છિન્ન શ્યામત્વનું શાકપાકજન્યત્વ તો વ્યાપક જ છે, કેમકે જ્યાં જ્યાં મિત્રાતનયત્વવિશિષ્ટ શ્યામત્વ છે ત્યાં ત્યાં શાકપાકજન્યત્વ પણ છે જ. અહીં સ્વરૂપસમવાયોભયઘટિત સામાનાધિકરણ્યેન મિત્રાતનયત્વવિશિષ્ટ શ્યામત્વ છે, તેથી શાકપાકજન્યત્વ એ મિત્રાતનયત્વાવચ્છિન્ન શ્યામત્વને વ્યાપક છે જ. અને છેલ્લા ત્રીજા મિત્રાતનયમાં શાકપાકજન્યત્વ નથી, તેથી મિત્રાતનયત્વાવચ્છિન્ન મિત્રાતનયત્વ (તાદાત્મ્યેન) હોવા છતાં ત્યાં શાકપાકજન્યત્વ ન હોવાથી શાકપાકજન્યત્વ હેતુને અવ્યાપક પણ છે. તેથી ઉપાધિનું લક્ષણ ઘટી ગયું. ઘટ કે કોયલમાં મિત્રાતનયત્વાવચ્છિન્ન શ્યામત્વ ન હોવાથી યદ્ધર્માવચ્છિન્ન **साध्यव्यापकत्वम्** અંશ ઘટી જાય છે.

તે જ રીતે **वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वात्** સ્થળે પક્ષધર્મ બહિર્દ્રવ્યત્વ છે, (વાયુ= બહિર્દ્રવ્ય) તેથી યદ્ધર્માવચ્છિન્ન સાધ્ય બહિર્દ્રવ્યત્વાવચ્છિન્ન પ્રત્યક્ષત્વ બનશે. તેને વ્યાપક ઉદ્‌ભૂતરૂપવત્ત્વ છે જ, કેમકે જ્યાં જ્યાં બહિર્દ્રવ્યત્વવિશિષ્ટ પ્રત્યક્ષત્વ છે ત્યાં ઉદ્‌ભૂતરૂપવત્ત્વ પણ છે જ. બહિર્દ્રવ્યત્વવિશિષ્ટ પ્રત્યક્ષત્વ આત્મામાં છે જ નહીં, તેથી આત્મામાં ઉદ્‌ભૂતરૂપવત્ત્વ પણ ભલે ને ન હોય. આમ હવે સાધ્યનું વ્યાપક ઉદ્‌ભૂત-રૂપવત્ત્વ બની જાય છે, તેથી **'उद्भूतरूपवत्त्वम्'**માં લક્ષણ ઘટી જતાં અવ્યાપ્તિ નથી.

વાયુમાં બહિર્દ્રવ્યત્વવિશિષ્ટ પ્રત્યક્ષસ્પર્શાશ્રયત્વ છે પણ ઉદ્‌ભૂતરૂપવત્ત્વ નથી, તેથી **उद्भूतरूपवत्त्वम्** એ હેતુને અવ્યાપક પણ છે. તેથી સંપૂર્ણ લક્ષણ તેમાં ઘટી જાય છે.

**ध्वंसो विनाशी जन्यत्वात्** સ્થળે હેતુ જન્ય હોવાથી હેતુધર્મ જન્યત્વ બન્યો. તેનાથી અવચ્છિન્ન સાધ્ય અર્થાત્ જન્યત્વાવચ્છિન્ન વિનાશિત્વને વ્યાપક ભાવત્વ છે જ. ઘટ, પટ વગેરેમાં જન્યત્વાવચ્છિન્ન વિનાશિત્વ રહ્યું છે અને ત્યાં **भावत्वम्** પણ રહ્યું છે.

અને જયાં તાદાત્મ્યેન જન્યત્વાવચ્છિન્ન જન્યત્વ હેતુ રહ્યો છે ત્યાં બધે જ ભાવત્વ રહ્યું નથી. ધ્વંસમાં જન્યત્વાવચ્છિન્ન જન્યત્વ છે પણ ભાવત્વ નથી, તેથી હેતુનો અવ્યાપક ધર્મ ભાવત્વ છે. તેથી ભાવત્વમાં ઉપાધિનું લક્ષણ ઘટી જાય છે. પ્રાગભાવ વિનાશી હોવા છતાં તે જન્યત્વાવચ્છિન્ન વિનાશી નથી, તેથી પ્રાગભાવમાં વિનાશિત્વ હોઈને ભાવત્વ ન હોય તો પણ આપત્તિ નથી, કેમકે તેમાં જન્યત્વાવચ્છિન્ન વિનાશિત્વ છે જ નહિ.

આમ '**यद्धर्मावच्छिन्नसाध्यव्यापकं तद्धर्मावच्छिन्नसाधनाव्यापकं**' રૂપ પરિષ્કાર કરવાથી હવે ક્યાંય અવ્યાપ્તિ આવતી નથી.

---

**मुक्तावली : सद्धेतौ तु एतादृशो धर्मो नास्ति यदवच्छिन्नस्य साध्यस्य व्यापकं तदवच्छिन्नस्य साधनस्य चाव्यापकं किञ्चित् स्यात् । व्यभिचारिणि तु उपाध्यधिकरणं यत्साध्याधिकरणं यच्चोपाधिशून्यं साध्यव्यभिचार-निरूपकमधिकरणं तदन्यतरत्वावच्छिन्नस्य साध्यस्य व्यापकत्वं साधनस्य चाव्यापकत्वमुपाधेरन्ततः सम्भवतीति ।**

---

**મુક્તાવલી :** યદવચ્છિન્ન સાધ્યનું વ્યાપક હોય અને તદવચ્છિન્ન સાધનનું અવ્યાપક હોય તેવો કોઈ ધર્મ સદ્ધેતુમાં રહેતો નથી. તેથી સદ્ધેતુમાં ઉપાધિ માનવી પડતી નથી.

**पर्वतो वह्निमान् धूमात्** સત્સ્થળ હોવાથી અહીં ધૂમ સદ્ધેતુ છે. સાધ્ય વહ્નિને વ્યાપક ધર્મ તરીકે (ઉપાધિ) તૈજસ્ત્વ લઈએ, કેમકે જયાં જયાં વહ્નિ છે ત્યાં દરેક સ્થાને તૈજસ્ત્વ પણ છે જ. પણ તે ધૂમ રૂપ હેતુનો પણ વ્યાપક છે કિન્તુ અવ્યાપક નથી, તેથી તેમાં ઉપાધિનું લક્ષણ જશે નહિ, કેમકે જયાં જયાં ધૂમ હોય ત્યાં ત્યાં વહ્નિ પણ હોય જ, અને જયાં જયાં વહ્નિ હોય ત્યાં ત્યાં તૈજસ્ત્વ પણ હોય જ.

આમ તૈજસ્ત્વ જેમ સાધ્યને વ્યાપક છે તેમ ધૂમ હેતુનું પણ વ્યાપક છે, પરંતુ અવ્યાપક નથી. તેથી ઉપાધિનું લક્ષણ તેમાં જતું નથી. તેથી સત્સ્થળમાં ઉપાધિ-ધર્મ રહેતો નથી.

**શંકાકાર :** તમે ઉપાધિના લક્ષણમાં ક્યાંક **पक्षधर्मावच्छिन्न-साध्यव्यापकत्वम्** અને **पक्षधर्मावच्छिन्नसाधनाव्यापकत्वम्** લીધું, જયારે ક્યાંક **हेतुधर्मावच्छिन्नसाध्य-व्यापकत्वम्** અને **हेतुधर्मावच्छिन्नसाधनाव्यापकत्वम्** લીધું. આ તો અનનુગત થયું. શું કોઈ અનુગત ધર્મ લઈને ઉપાધિનું લક્ષણ ન બાંધી શકાય ?

**નૈયાયિક** : તમારી વાત સાચી છે. '**सः श्यामो मित्रातनयत्वात्**'માં અમે મિત્રાતનયત્વરૂપ હેતુધર્મથી અવચ્છિન્ન લક્ષણ બનાવ્યું હતું અને **वायुः प्रत्यक्षः प्रत्यक्ष-स्पर्शाश्रयत्वात्** માં અમે પક્ષધર્મ બહિર્દ્રવ્યત્વાવચ્છિન્ન લઈને લક્ષણસમન્વય કર્યો હતો. વળી ક્યાંક પક્ષહેતૂભય ધર્મ લઈને પણ લક્ષણસમન્વય થઈ શકે છે, અને તેથી અનનુગત ધર્મની આપત્તિ આવી. પણ હવે અમે એક અનુગત ધર્મ લઈને પણ ઉપાધિમાં લક્ષણસમન્વય કરીશું.

અસત્સ્થળમાં ઉપાધિ હોય છે. ત્યાં (૧) જે ઉપાધિનું અધિકરણ હોય છે તે સાધ્યનું પણ અધિકરણ હોય છે અને (૨) જે ઉપાધિનું અનધિકરણ હોય છે તે સાધ્યના વ્યભિચારનું અધિકરણ હોય છે.

આ બેમાંથી કોઈ એક ધર્મથી વિશિષ્ટ સાધ્યનું વ્યાપક થવું અને સાધનાવ્યાપક થવું તે ઉપાધિ.


**पर्वतो धूमवान् वह्नेः** એ અસત્સ્થળ છે અને અહીં આર્દ્રેન્ધનસંયોગ એ ઉપાધિ છે. અહીં (૧) આર્દ્રેન્ધનસંયોગનું અધિકરણ પર્વત છે અને સાધ્ય ધૂમનું અધિકરણ પણ તે જ પર્વત છે. (૨) આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિનું અનધિકરણ અયોગોલક છે તો તે સાધ્ય ધૂમના વ્યભિચારનું (અભાવનું) અધિકરણ છે જ.

આ બંનેમાં અન્યતરત્વ ધર્મ રહ્યો છે તેથી પર્વતાયોગોલકાન્યતરત્વ ધર્મથી અવચ્છિન્ન સાધ્યવ્યાપકત્વ અને સાધનાવ્યાપકત્વ ઉપાધિ કહેવાય. પર્વતનિષ્ઠાન્યતરત્વ-વિશિષ્ટ સાધ્ય ધૂમનું વ્યાપક આર્દ્રેન્ધનસંયોગ છે. અને તે જ આર્દ્રેન્ધનસંયોગ અયોગોલકનિષ્ઠાન્યતરત્વ ધર્મ વિશિષ્ટ સાધન વહ્નિનું અવ્યાપક છે. આમ આર્દ્રેન્ધનસંયોગમાં લક્ષણ ઘટી જાય છે.

**सः श्यामो मित्रातनयत्वात्** સ્થળે **शाकपाकजन्यत्वम्** ઉપાધિ છે.

(૧) ઉપાધિ અને સાધ્ય બંનેનું અધિકરણ શ્યામમિત્રાતનય.

(૨) ઉપાધિના અભાવનું અધિકરણ અને સાધ્યશૂન્ય(વ્યભિચાર)નું અધિકરણ ગૌરમિત્રાતનય.



શ્યામમિત્રાતનયમાં રહેલા અન્યતરત્વ ધર્મથી વિશિષ્ટ શ્યામત્વનું (સાધ્યનું) શાકપાકજન્યત્વ વ્યાપક છે અને ગૌરમિત્રાતનયમાં રહેલા અન્યતરત્વ ધર્મથી વિશિષ્ટ મિત્રાતનયત્વનું (હેતુનું) શાકપાકજન્યત્વ અવ્યાપક છે.

અહીં યદ્યપિ શ્યામમિત્રાતનયનિષ્ઠાન્યતરત્વવિશિષ્ટ મિત્રાતનયત્વ સાધન છે ખરું, પણ તેથી સાધનનું અવ્યાપક શાકપાકજન્યત્વ ન બને, એટલે ગૌરમિત્રાતનયનિષ્ઠાન્યતરત્વવિશિષ્ટ મિત્રાતનયત્વ (હેતુ) લેવું જેથી તે સાધનનું અવ્યાપક શાકપાકજન્યત્વ બની જાય.

આવું લક્ષણ કર્યું તેથી હવે ઉપાધિરૂપ લક્ષ્ય પણ જણાવે છે.

---


**कारिकावली : सर्वे साध्यसमानाधिकरणाः स्युरुपाधयः ।**
**हेतोरेकाश्रये येषां स्वसाध्यव्यभिचारिता ॥१३९॥**

---

**मुक्तावली : अत एव लक्ष्यमप्युपाधिरूपमेतदनुसारेण दर्शयति-सर्व इत्यादिना । स्वसाध्येति । स्वम्-उपाधिः, स्वं च साध्यं च स्वसाध्ये, तयोर्व्यभिचारितेत्यर्थः ॥**

---

**મુક્તાવલી :** બધી ઉપાધિ સાધ્યની સમાનાધિકરણ હોય છે અને હેતુના એકાશ્રયમાં બેયનો (સ્વનો અને સાધ્યનો) વ્યભિચાર હોય છે. અહીં સ્વના સાધ્યનો વ્યભિચાર નહીં પણ સ્વ (ઉપાધિ) અને સાધ્યનો વ્યભિચાર લેવો. આમ સ્વ (ઉપાધિ) અને સાધ્ય(ધૂમ)નું સમાનાધિકરણ મળી ગયું.




વળી હેતુ વહ્નિનો એક આશ્રય અયોગોલક છે. તેમાં ધૂમ અને આર્દ્રેન્ધનસંયોગ - બંનેનો વ્યભિચાર પણ મળે જ છે, તેથી આર્દ્રેન્ધનસંયોગ એ ઉપાધિ છે.

હેતુ મિત્રાતનયત્વનો એક આશ્રય ગૌરમિત્રાતનય પણ છે અને તેમાં શાકપાકજન્યત્વ અને શ્યામત્વ રહેતા નથી તેથી તે બંનેનો વ્યભિચાર મળે છે, તેથી શાકપાકજન્યત્વ એ ઉપાધિ છે.

कारिकावली : व्यभिचारस्यानुमानमुपाधेस्तु प्रयोजनम् ।

मुक्तावली : उपाधेर्दूषकताबीजमाह-व्यभिचारस्येति । उपाधिव्यभिचारेण हेतौ साध्यव्यभिचारानुमानमुपाधेः प्रयोजनमित्यर्थः । तथाहि-यत्र शुद्ध-साध्यव्यापक उपाधिस्तत्र शुद्धेनैवोपाधिव्यभिचारेण साध्यव्यभिचारा-नुमानम्, यथा धूमवान् वह्नेरित्यादौ वह्निर्धूमव्यभिचारी तद्व्यापकार्द्रेन्धन-संयोगव्यभिचारित्वादिति, व्यापकव्यभिचारिणो व्याप्यव्यभिचारावश्य-कत्वात्।

**મુક્તાવલી :** શંકાકાર : આવી ઉપાધિ માનવાનું પ્રયોજન શું છે ?

**નૈયાયિક : ઉપાધિના વ્યભિચારથી હેતુમાં સાધ્યના વ્યભિચારનું અનુમાન થાય છે.**

જ્યાં શુદ્ધ સાધ્યનો વ્યાપક ઉપાધિ ધર્મ છે ત્યાં શુદ્ધ જ ઉપાધિના વ્યભિચારથી સાધ્યના વ્યભિચારનું અનુમાન થાય છે. જે વ્યાપકનો વ્યભિચારી હોય તે વ્યાપ્યનો પણ વ્યભિચારી હોય જ છે. ઘટત્વ વ્યાપ્ય છે, પૃથ્વીત્વ વ્યાપક છે. દ્રવ્યત્વ પૃથ્વીત્વનો વ્યભિચારી છે, કેમકે દ્રવ્યત્વ હોવા છતાં જલમાં પૃથ્વીત્વ હોતું નથી. તે જ રીતે ઘટત્વનો પણ દ્રવ્યત્વ વ્યભિચારી છે, કેમકે પટમાં દ્રવ્યત્વ હોવા છતાં ઘટત્વ હોતું નથી. આમ દ્રવ્યત્વ જો પૃથ્વીત્વનો વ્યભિચારી છે તો તે પૃથ્વીત્વને વ્યાપ્ય એવા ઘટત્વનો પણ વ્યભિચારી છે જ. તેથી જે વ્યાપકનો વ્યભિચારી હોય તે વ્યાપ્યનો પણ વ્યભિચારી હોય જ તેવો નિયમ થયો.

હવે **साध्याभिमतव्यापकत्वे सति साधनाभिमताव्यापकत्वम्** ઉપાધિનું લક્ષણ હોવાથી ઉપાધિ એ સાધ્યનું વ્યાપક છે, અર્થાત્ સાધ્ય એ ઉપાધિને વ્યાપ્ય છે તેમ નક્કી થાય છે, તેથી ઉપાધિ વ્યાપક છે, સાધ્ય વ્યાપ્ય છે.

અને જ્યાં હેતુ હોય ત્યાં ઉપાધિ નથી પણ હોતી, કેમકે ઉપાધિ હેતુને અવ્યાપક હોય છે. તેથી હેતુ હોવા છતાં ઉપાધિ ન હોવાથી હેતુ ઉપાધિનો વ્યભિચારી બન્યો.

પણ ઉપાધિ તો વ્યાપક છે. જે વ્યાપકનો વ્યભિચારી હોય તે વ્યાપ્યનો પણ વ્યભિચારી હોય જ. તેથી હેતુ ઉપાધિનો વ્યભિચારી છે તો ઉપાધિને વ્યાપ્ય એવા સાધ્યનો પણ વ્યભિચારી બને જ. આમ ઉપાધિ દ્વારા હેતુ સાધ્યનો વ્યભિચારી છે તેવું સિદ્ધ કરી શકાય છે.

**धूमवान् वह्नेः** માં વહ્નિ હેતુ છે તે આર્દ્રેન્ધનસંયોગરૂપ ઉપાધિનો વ્યભિચારી છે, કેમકે અયોગોલકમાં વહ્નિ હોવા છતાં આર્દ્રેન્ધનસંયોગ નથી. અને જ્યાં જ્યાં આર્દ્રેન્ધનસંયોગ છે ત્યાં ત્યાં સાધ્ય ધૂમ છે જ, તેથી આર્દ્રેન્ધનસંયોગને ધૂમ વ્યાપ્ય છે. અને જે વ્યાપકનો વ્યભિચારી હોય તે વ્યાપ્યનો પણ વ્યભિચારી હોય છે તે નિયમથી વહ્નિ હેતુ આર્દ્રેન્ધનસંયોગરૂપ ઉપાધિનો વ્યભિચારી છે તો તે ઉપાધિના વ્યાપ્ય સાધ્ય ધૂમનો પણ વ્યભિચારી છે તેમ નક્કી થાય છે.

આમ આર્દ્રેન્ધનસંયોગના વ્યભિચારના જ્ઞાનથી અનુમાન થાય છે કે **वह्निः धूमव्यभिचारी तद्व्यापकार्द्रेन्धनसंयोगव्यभिचारित्वात् ।**

વહ્નિ ધૂમનો વ્યભિચારી છે, કેમકે વહ્નિ એ ધૂમના વ્યાપક એવા આર્દ્રેન્ધનસંયોગનો પણ વ્યભિચારી છે અને જે વ્યાપકનો વ્યભિચારી હોય તે વ્યાપ્યનો પણ વ્યભિચારી હોય છે તેવો નિયમ છે.

---

**मुक्तावली : यत्र तु किञ्चिद्धर्मावच्छिन्नसाध्यस्य व्यापक उपाधिस्तत्र तद्धर्मवति उपाधिव्यभिचारेण साध्यव्यभिचारानुमानम् । यथा सः श्यामो मित्रातनयत्वादित्यादौ मित्रातनयत्वं श्यामत्वव्यभिचारि मित्रातनये शाकपाकजत्वव्यभिचारित्वादिति । बाधानुन्नीतपक्षेतरस्तु साध्यव्यापकताग्राहकप्रमाणाभावात् स्वव्याघातकत्वाच्च नोपाधिः । बाधोन्नीतस्तूपाधिर्भवत्येव यथा वह्निरनुष्णः कृतकत्वादित्यादौ प्रत्यक्षेण वह्नेरुष्णत्वग्रहे वह्नीतरत्वमुपाधिः । यस्य तूपाधेः साध्यव्यापकता सन्दिह्यते स सन्दिग्धोपाधिः । पक्षेतरस्तु सन्दिग्धोपाधिरपि नोद्भावनीयः, कथकसम्प्रदायानुरोधादिति ।**

---

**મુક્તાવલી :** વળી જ્યાં કિંચિદ્ધર્મથી અવચ્છિન્ન એવા સાધ્યનો વ્યાપક ઉપાધિ-ધર્મ હોય ત્યાં તે ધર્મવાળા પદાર્થમાં ઉપાધિના વ્યભિચારથી સાધ્યના વ્યભિચારનું અનુમિતિ જ્ઞાન થાય છે. દા.ત. **सः श्यामो मित्रातनयत्वात्** । અહીં મિત્રાતનયત્વ એ શ્યામત્વનો વ્યભિચારી હેતુ છે, કેમકે તે શાકપાકજન્યત્વ રૂપ ઉપાધિનો પણ વ્યભિચારી છે. અને શ્યામત્વ એ શાકપાકજન્યત્વનું વ્યાપ્ય છે.

**सः श्यामो मित्रातनयत्वात्, शाकपाकजन्यत्वम् उपाधिः, मित्रातनयत्वं**

**मित्रातनयत्वावच्छिन्नश्यामत्वव्यभिचारि, मित्रातनयत्वावच्छिन्नमित्रातनये शाकपाकजन्यत्वव्यभिचारित्वात् ।**

**શંકાકાર** : ઉપાધિ જો વ્યાપ્તિમાં વ્યભિચારને પ્રગટ કરતી હોય અને તેથી જો અનુમિતિ દૂષિત થતી હોય તો તો બધા ય સત્સ્થળરૂપ અનુમાનોમાં પક્ષેતરત્વ ઉપાધિ તો છે જ અને તેથી બધા ય અનુમાનો દૂષિત થઈ જવાની આપત્તિ આવશે અને કોઈ સદ્ધેતુ રહેશે જ નહીં અને તેમ થતાં અનુમિતિનો જ વ્યવચ્છેદ થઈ જશે.

**पर्वतो वह्निमान् धूमात्** એ સત્સ્થળ છે. અહીં પક્ષ= પર્વત, તેથી પક્ષેતર = પર્વત સિવાયના જલહ્રદાદિ સર્વ બનશે. તેમનામાં પક્ષેતરત્વ અર્થાત્ પર્વતભેદત્વ રહે. આ પર્વતભેદત્વ ઉપાધિ બનશે, કેમકે તેનામાં ઉપાધિનું લક્ષણ ઘટી જાય છે.

સાધ્ય વહ્નિ છે અને જ્યાં જ્યાં વહ્નિ છે તે ચત્વર, મહાનસ વગેરેમાં પર્વતભેદ પણ છે જ. આમ પક્ષેતરત્વ= પર્વતભેદ સાધ્ય એવા વહ્નિનો વ્યાપક બન્યો, તેથી તેમાં સાધ્યવ્યાપકત્વ રૂપ લક્ષણાંશ ઘટી ગયો.

વળી જ્યાં જ્યાં ધૂમ હેતુ છે ત્યાં ત્યાં પક્ષેતરત્વ નથી, કેમકે ધૂમ તો પર્વતમાં સિદ્ધ જ છે, જ્યારે પક્ષેતરત્વ અર્થાત્ પર્વતભેદ પર્વતમાં નથી, કેમકે સ્વમાં સ્વનો ભેદ રહે નહીં. તેથી પક્ષેતરત્વ સાધનાવ્યાપક છે, અર્થાત્ જ્યાં જ્યાં સાધન (હેતુ) છે ત્યાં દરેક સ્થાને પક્ષેતરત્વ નથી. તેથી તેનામાં સાધનાવ્યાપકત્વ અંશ પણ ઘટી ગયો.

આમ **वह्निमान् धूमात्** સત્સ્થળે પણ પક્ષેતરત્વ ઉપાધિ બનશે અને તેથી સદ્ધેતુ ધૂમ પણ વ્યભિચારી બની જવાની આપત્તિ આવશે.

**धूमो वह्निव्यभिचारी, तद्व्यापकपक्षेतरत्वव्यभिचारित्वात् ।**

આમ ઉપરોક્ત હેતુથી તમામ સદ્ધેતુ સાધ્યવ્યભિચારી બની જતાં કોઈપણ પ્રકારની અનુમિતિ ન થવાની આપત્તિ આવશે.

**નૈયાયિક** : જ્યાં બાધનો નિશ્ચય હોય ત્યાં જ પક્ષેતરત્વ ઉપાધિ બની શકે, પણ જ્યાં બાધનો નિશ્ચય ન હોય ત્યાં પક્ષેતરત્વ ઉપાધિ બની શકે નહીં, (**पर्वतो वह्निमान् धूमात्** સ્થાને **पर्वतो वह्न्यभाववान्** એ બાધ-જ્ઞાન ભ્રમાત્મક છે પણ નિશ્ચયાત્મક નથી.) કેમકે ત્યાં પક્ષમાં પણ સાધ્ય હોઈ શકે છે, કેમકે પક્ષમાં સાધ્ય નથી તેવો નિશ્ચય તો થયો નથી જ. અને જો પક્ષમાં સાધ્ય હોય તો પક્ષમાં પક્ષેતરત્વ ન હોવાથી પક્ષેતરત્વ સાધ્યવ્યાપક ન બનતાં ઉપાધિ જ શી રીતે બનશે? આમ જ્યાં બાધનો નિશ્ચય ન થયો હોય ત્યાં પક્ષમાં સાધ્ય હોઈ શકે છે, અને તેમ હોવાથી પક્ષેતરત્વ સાધ્યવ્યાપક ન બને,

તેથી ઉપાધિ પણ બની શકે નહીં. અને તેથી કોઈપણ સત્સ્થળની અનુમિતિ અટકે નહીં.

જ્યાં બાધનિશ્ચય નથી ત્યાં 'પક્ષેતરત્વ એ સાધ્યવ્યાપક છે' એમાં કોઈ પ્રમાણ જ મળતું નથી, તેથી પક્ષેતરત્વ સાધ્યવ્યાપક બનતું નથી.

**શંકાકાર :** પર્વત રૂપ પક્ષમાં ભલે બાધનો નિશ્ચય ન હોય, પણ વહ્નિનો સંશય તો છે જ ને ? કેમકે જો સંશય જ ન હોય તો અનુમાન કરવાની જ શી જરૂર છે ? તેથી જ્યાં જ્યાં વહ્નિનો નિશ્ચય છે ત્યાં ત્યાં પર્વતભેદ અર્થાત્ પક્ષેતરત્વ પણ છે જ. તેથી પક્ષેતરત્વ સાધ્યવ્યાપક માનવામાં કોઈ આપત્તિ નથી.

**નૈયાયિક :** નહિ, પક્ષમાં સાધ્યાભાવનો નિશ્ચય હોય તો જ પક્ષેતરત્વ સાધ્યવ્યાપક બની શકે. પણ જ્યારે સાધ્યાભાવનો સંદેહ જ હોય ત્યારે તે સાધ્યવ્યાપક શી રીતે બની શકે ?

**શંકાકાર :** ચાલો ત્યારે, એટલું તો નક્કી ને કે પક્ષમાં સાધ્યનો સંદેહ છે તેથી પક્ષેતરત્વ પણ સાધ્યને વ્યાપક હોઈ શકે છે. આમ સાધ્યવ્યાપકત્વની સંદિગ્ધતા પક્ષેતરત્વમાં છે, તેથી પક્ષેતરત્વ સંદિગ્ધ ઉપાધિ તો બનશે ને ? માટે તમારે સત્સ્થળમાં પણ પક્ષેતરત્વને સંદિગ્ધોપાધિ માનવી પડશે.

**નૈયાયિક :** જો આ રીતે સત્સ્થળમાં પણ સંદિગ્ધોપાધિ માની લેશો તો ઉપાધિના સ્વરૂપનો જ વ્યાઘાત થઈ જશે, અર્થાત્ પક્ષેતરત્વ પોતે પોતાને જ ઉપાધિ બનતું અટકાવી દેશે. જેમકે :

ઉપાધિ દ્વારા હેતુમાં સાધ્યના વ્યભિચારનું અનુમાન કરાય છે. **हेतुः साध्यव्यभिचारी उपाधिव्यभिचारित्वात् ।**

પક્ષેતરત્વ= ઉપાધિ.

ઉપરોક્ત અનુમાન દ્વારા તમે હેતુમાં સાધ્યનો વ્યભિચાર પ્રગટ કરવા માંગો છો. હવે આ અનુમાન પણ સત્સ્થળ છે અને તેમાં પણ પક્ષેતરત્વ ઉપાધિ બની શકે છે. પક્ષ હેતુ છે તેથી પક્ષેતરત્વ હેતુભેદ બનશે, અર્થાત્ આ અનુમાનમાં હેતુભેદ ઉપાધિ બનશે.

અહીં **यत्र साध्यव्यभिचारित्वम् तत्र हेतुभेदः अस्ति ।** તેથી જ્યાં સાધ્ય છે ત્યાં ઉપાધિ પણ છે. તેથી હેતુભેદ સાધ્યવ્યાપક છે. પણ જ્યાં ઉપાધિવ્યભિચાર (હેતુ) છે ત્યાં (ઉપાધિ) હેતુભેદ નથી, કેમકે હેતુમાં હેતુભેદ તો રહી શકે જ નહીં. આમ આ હેતુભેદ હેતુને અવ્યાપક છે. આમ હેતુભેદ સાધ્યવ્યાપક અને સાધનાવ્યાપક હોવાથી તેમાં ઉપાધિનું લક્ષણ ઘટી ગયું, તેથી તે ઉપરોક્ત અનુમિતિનું પ્રતિબંધક બની જશે.

આમ જે '**हेतुः साध्यव्यभिचारी उपाधिव्यभिचारित्वात्**' રૂપ અનુમિતિથી તમે ઉપાધિ દ્વારા હેતુમાં સાધ્યનો વ્યભિચાર પ્રગટ કરવા ગયા તે જ અનુમાનમાં પક્ષેતરત્વ ઉપાધિ મૂકી તો તે અનુમાન પણ દૂષિત બની ગયું. હવે આ અનુમાનથી ઉપાધિ દ્વારા હેતુમાં સાધ્યનો વ્યભિચાર પ્રગટ કરવાની વાત જ શી રીતે થાય ? આમ ઉપાધિના સ્વરૂપનો જ વ્યાઘાત થઈ ગયો.

**અનુમાન : उपाधिव्यभिचारित्वहेतुः साध्यव्यभिचारिव्यभिचारी, हेतुभेद-व्यभिचारित्वात् । ( उपाधिव्यभिचारित्वात् )**

| २ | १ | ३ |
|---|---|---|
| **सः श्यामो** | **मित्रातनयत्वात् ।** | **शाकपाकजत्वम् = उपाधिः** |
| २ | १ | ३ |
| **हेतुः साध्यव्यभिचारी** | **उपाधिव्यभिचारित्वात् ।** | **हेतुभेदः= उपाधिः ( पक्षेतरत्वम् )** |
| १ | २ | ३ |
| **मित्रातनयत्वं** | **श्यामत्वव्यभिचारि** | **शाकपाकजत्वव्यभिचारित्वात् ।** |
| १ | २ | ३ |
| **उपाधिव्यभिचारित्वं** | **साध्यव्यभिचारिव्यभिचारि** | **हेतुभेदव्यभिचारात् ।** |

આ રીતે ઉપાધિનું સ્વરૂપ હેતુમાં વ્યભિચારની અનુમિતિ કરવાનું હતું પણ તે અનુમિતિમાં જ પાછી ઉપાધિ આવી ગઈ એટલે તે અનુમિતિના ઉપાધિ-સ્વરૂપનો વ્યાઘાત થઈ ગયો, કેમકે ઉપાધિમાં જ પક્ષભેદ રૂપ ઉપાધિ થઈ ગઈ. એટલે **हेतुः साध्यव्यभिचारी उपाधिव्यभिचारात्** । એ અનુમિતિ જ ન થાય. તેથી ઉપાધિના સ્વરૂપનો જ વ્યાઘાત થઈ ગયો.

હા, પણ જ્યાં બાધનો નિર્ણય હોય ત્યાં પક્ષેતરત્વ ઉપાધિ બની જાય ખરી, કેમકે ત્યાં તો પક્ષમાં સાધ્યાભાવનો નિશ્ચય જ થઈ ગયો છે. તેથી જ્યાં જ્યાં સાધ્ય છે ત્યાં ત્યાં પક્ષેતરત્વ છે જ. પક્ષેતરત્વ માત્ર પક્ષમાં જ નથી, પણ ત્યાં તો સાધ્ય પણ નથી જ. તેથી બાધસ્થળે પક્ષેતરત્વ ઉપાધિ બનશે અને તેથી ત્યાં અનુમિતિ અટકી જશે.

જેમકે : **वह्निः अनुष्णः कृतकत्वात् ।**

અહીં **वह्निः अनुष्णाभाववान्** અર્થાત્ **उष्णः** એવો બાધનો નિશ્ચય થઈ ગયો છે તેથી અહીં પક્ષેતરત્વ ઉપાધિ બનશે. પક્ષ વહ્નિ છે તેથી પક્ષેતરત્વ વહ્નિભેદ બનશે.

હવે જ્યાં જ્યાં અનુષ્ણત્વ છે ત્યાં ત્યાં વહ્નિભેદ પણ છે જ, તેથી વહ્નિભેદ સાધ્યવ્યાપક છે અને જ્યાં જ્યાં કૃતકત્વ છે ત્યાં ત્યાં વહ્નિભેદ નથી, કેમકે વહ્નિમાં પણ કૃતકત્વ છે, પણ ત્યાં વહ્નિભેદ નથી. તેથી વહ્નિભેદ કૃતકત્વરૂપ સાધનનો વ્યાપક નથી. આમ **साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वम्** લક્ષણ વહ્નિભેદમાં ઘટી જવાથી વહ્નિભેદ ઉપાધિ બની ગયું અને તેથી અનુમિતિનો પ્રતિબંધ થઈ જશે.

જ્યાં ઉપાધિમાં સાધ્યવ્યાપકતાનો સંદેહ થાય ત્યાં તે સંદિગ્ધોપાધિ કહેવાય. જેમકે **धूमवान् वह्नेः** સ્થળમાં આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિ છે. પણ કોઈને દોષવશાત્ ધૂમ હોય ત્યાં આર્દ્રેન્ધનસંયોગ હોય કે નહીં ? એવો સંદેહ થયો, તો અહીં નિશ્ચયાત્મક ઉપાધિ નથી, એટલે તે રીતે તો હેતુમાં સાધ્યનો વ્યભિચાર પ્રગટ ન કરી શકે. પણ અમે કહીશું કે સંદિગ્ધોપાધિ પણ વ્યભિચારને પ્રગટ કરે, પણ તે વ્યભિચાર પણ સંદિગ્ધ હોય. ઉપાધિના સંદેહ પછી **हेतुः संदिग्धसाध्यव्यभिचारी, संदिग्धसाध्यव्यापकोपाधि-व्यभिचारात् ।** અનુમાનથી સંદિગ્ધ વ્યભિચારની પણ અનુમિતિ થઈ શકે.

**શંકાકાર** : તો પછી બાધનિશ્ચયાભાવ જ્યાં છે ત્યાં પણ પક્ષેતરત્વને સંદિગ્ધ ઉપાધિ તરીકે માનો ને ?

**કથકસંપ્રદાય** : ના, વાદી-પ્રતિવાદીનો એ સંપ્રદાય છે કે બાધ સિવાયના સ્થળે પક્ષેતરત્વને સંદિગ્ધ ઉપાધિ માની શકાય નહીં, કેમકે પક્ષેતરત્વને ત્યાં પણ સંદિગ્ધ ઉપાધિ માનતાં પૂર્વે જણાવ્યા પ્રમાણે તમામ અનુમિતિનો જ વ્યવચ્છેદ થઈ જવાની આપત્તિ છે.

પરંતુ **शब्दोऽनित्यः कृतकत्वात्** અનુમિતિનો પ્રતિબંધ કરવો હોય ત્યારે અહીં જ્યાં જ્યાં કૃતકત્વ છે ત્યાં ત્યાં અનિત્યત્વ હોવા છતાં શબ્દરૂપ પક્ષમાં અનિત્યત્વનો સંશય છે અને તેથી અહીં શબ્દત્વ કે એવી કોઈ ઉપાધિ લેવામાં આવે તો પણ સંદિગ્ધોપાધિ થશે.

---

**मुक्तावली : केचित्तु सत्प्रतिपक्षोत्थापनमुपाधिफलम् । तथाहि-अयोगोलकं धूमवद्वह्नेरित्यादावयोगोलकं धूमाभाववदार्द्रेन्धनसंयोगाभावादिति सत्प्रतिपक्षसम्भवात् । इत्थं च साधनव्यापकोऽपि क्वचिदुपाधिः यथा करका पृथिवी कठिनसंयोगवत्त्वादित्यादावनुष्णाशीतस्पर्शवत्त्वम् । न चात्र स्वरूपासिद्धिरेव दूषणमिति वाच्यम्, सर्वत्रोपाधेर्दूषणान्तरसाङ्कर्यात् । अत्र च**

**साध्यव्यापकः पक्षावृत्तिरुपाधिरित्याहुः ।**

---

**મુક્તાવલી** : કેટલાક એમ કહે છે કે વ્યભિચાર દોષનું ઉત્થાન કરવું તે નહીં પણ સત્પ્રતિપક્ષનું ઉત્થાન કરવું તે ઉપાધિનું પ્રયોજન છે. **अयोगोलकं धूमवद् वह्नेः** સામે આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિ છે. તે ઉપાધિથી તરત જ સત્પ્રતિપક્ષ ખડો થઈ શકે છે કે **अयोगोलकं धूमाभाववद् आर्द्रेन्धनसंयोगाभावात्** । તેથી આર્દ્રેન્ધનસંયોગરૂપ ઉપાધિનું ફળ સત્પ્રતિપક્ષ ખડો કરવાનું છે.

અને તેથી જ ક્યારેક સાધનને વ્યાપક હોય તે પણ ઉપાધિ બની શકે છે. જેમકે **करका पृथिवी कठिनसंयोगवत्त्वात्** । ઉપાધિ = **अनुष्णाशीतस्पर्शवत्त्वम्** । જ્યાં જ્યાં કઠિનસંયોગ હોય છે ત્યાં ત્યાં અનુષ્ણાશીત સ્પર્શ પણ હોય છે, તેથી અનુષ્ણાશીત સ્પર્શરૂપ ઉપાધિ કઠિનસંયોગરૂપ હેતુને વ્યાપક બની. અને જ્યાં જ્યાં પૃથ્વીત્વ છે ત્યાં ત્યાં અનુષ્ણાશીત સ્પર્શ પણ છે, તેથી ઉપાધિ સાધ્યને પણ વ્યાપક છે.

**શંકાકાર** : કઠિનસંયોગ તો કરા, બરફમાં પણ છે પરંતુ ત્યાં પૃથ્વીત્વ નથી અને તેથી અનુષ્ણાશીત સ્પર્શ પણ નથી, કેમકે બરફમાં શીતસ્પર્શનો અનુભવ સ્પષ્ટ છે.

**નૈયાયિક** : ના, બરફ તો જલીયપદાર્થ છે, તેમાં કઠિનસંયોગત્વ જ નથી. તેમાં રહેલા પાર્થિવ પરમાણુના કારણે તેમાં કઠિનસંયોગત્વ હોય તેવી ભ્રમાત્મક પ્રતીતિ થાય છે અને તેથી જ અનુષ્ણાશીતસ્પર્શવત્ત્વ ઉપાધિથી અમે સત્પ્રતિપક્ષ ખડો કરીશું કે **करकाः पृथिवीत्वाभाववन्तः कठिनसंयोगव्यापकीभूतानुष्णाशीतस्पर्शवत्त्वाभावात् ।**

આમ ઉપાધિથી સત્પ્રતિપક્ષ પણ ખડો થાય છે.

**શંકાકાર** : પણ જો કરકામાં કઠિનસંયોગત્વનો અભાવ જ હોય તો તો સ્વરૂપાસિદ્ધિ દોષ જ આવી ગયો, કેમકે પક્ષમાં જ હેતુનો અભાવ છે. આમ જ્યારે સ્વરૂપાસિદ્ધિ હેત્વાભાસ સ્પષ્ટ જ છે ત્યારે અનુષ્ણાશીતસ્પર્શવત્ત્વરૂપ ઉપાધિને માનવાની જરૂર જ શું છે ?

**નૈયાયિક** : તમારી એ વાત સાચી છે કે અહીં સ્વરૂપાસિદ્ધિ દોષ છે. પણ અમારે તો એ કહેવું છે કે જ્યાં જ્યાં ઉપાધિ હોય ત્યાં ત્યાં અન્ય કોઈ દોષ પણ હોય છે, અર્થાત્ ઉપાધિ હોય ત્યાં અન્ય દોષનું સાંકર્ય પણ હોય. પરંતુ બીજા દોષની સાથે ઉપાધિ પણ હોવાથી તેનું પ્રતિપાદન તો કરવું જ જોઈએ ને ?

**શંકાકાર** : પણ ઉપાધિનું લક્ષણ તો **साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वम्** છે.

જયારે અહીં તો અનુષ્ણાશીતસ્પર્શવત્ત્વ ઉપાધિ કઠિનસંયોગવત્ત્વ સાધનને વ્યાપક છે, તેથી **साधनाव्यापकत्वम्** રૂપ લક્ષણાંશ ન ઘટવાથી લક્ષણની અવ્યાપ્તિ થઈ ગઈ ને ?

**નૈયાયિક :** જયાં ઉપાધિ સાધનને પણ વ્યાપક જ હોય ત્યાં '**साध्यव्यापकत्वे सति पक्षावृत्तित्वम्**' ઉપાધિનું લક્ષણ કરવું, કેમકે જો હેતુ પક્ષમાં રહી જતો હોય તો સાધનવ્યાપક ઉપાધિ બને જ નહીં. એટલે સાધનવ્યાપક જે ઉપાધિ બને તે સાધ્યવ્યાપક પક્ષાવૃત્તિધર્મ હોય. વળી સાધનવ્યાપક ઉપાધિના સ્થળે સાધન પક્ષમાં ન રહે તેથી સ્વરૂપાસિદ્ધિ દોષ હોય જ. હવે સાધન એ વ્યાપ્ય છે અને ઉપાધિ તેની વ્યાપક છે માટે ઉપાધિ જો વ્યાપ્ય પક્ષમાં અવૃત્તિ છે તો વ્યાપક (ઉપાધિ) પણ પક્ષમાં અવૃત્તિ જ હોય.

**कारिकावली :** शब्दोपमानयोर्नैव पृथक्प्रामाण्यमिष्यते ॥१४०॥
अनुमानगतार्थत्वादिति वैशेषिकं मतम् ।
तन्न सम्यग्विना व्याप्तिबोधं शाब्दादिबोधतः ॥१४१॥

**मुक्तावली :** शब्दोपमानयोरिति । वैशेषिकाणां मते प्रत्यक्षमनुमानं च प्रमाणम् । शब्दोपमानयोस्तु अनुमानविधयैव प्रामाण्यम् । तथाहि-दण्डेन गामानयेत्यादिलौकिकपदानि यजेतेत्यादिवैदिकपदानि वा, तात्पर्यविषय-स्मारितपदार्थसंसर्गप्रमापूर्वकाणि, आकाङ्क्षादिमत्पदकदम्बत्वात्, घट-मानयेतिपदकदम्बवत् । यद्वा एते पदार्था मिथः संसर्गवन्तः, योग्यतादि-मत्पदोपस्थापितत्वात्, तादृशपदार्थवत् । दृष्टान्तेऽपि दृष्टान्तान्तरेण साध्यसिद्धिरिति ।

**મુક્તાવલી :** નૈયાયિકો પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દબોધ - એમ ચાર પ્રમાણ માને છે, જ્યારે વૈશેષિકો માત્ર પ્રત્યક્ષ અને અનુમાન-એમ બે જ પ્રમાણ માને છે, પણ ઉપમાન કે શબ્દપ્રમાણને જુદા માનતા નથી. તેમના મતે ઉપમાન અને શબ્દપ્રમાણનો પણ અનુમાન-પ્રમાણમાં જ સમાવેશ થાય છે.

**વૈશેષિકો :** ઉપમાન અને શબ્દપ્રમાણ એ પ્રમાણ જ નથી, કેમકે તેમાં અનુમાનની વિધિ જ પ્રામાણ્ય મનાયું છે. જેમકે :

જ્યારે પદજ્ઞાન થાય છે ત્યારે તે પદાર્થ ઉપસ્થિત થાય છે અને તેનાથી અનુમાન થાય છે કે 'આ આવું બોલ્યા તેનો આ અર્થ થવો જોઈએ, કેમકે આવા પદનો આવો અર્થ થાય છે.' આમ અનુમાનથી જ શાબ્દબોધ સિદ્ધ થઈ જશે. તે અનુમાનપ્રયોગ આ પ્રમાણે : (પક્ષ) **'दण्डेन गामानय' इत्यादिलौकिकपदानि यजेतेत्यादिवैदिकपदानि वा।** (સાધ્ય) **तात्पर्यविषयस्मारितपदार्थसंसर्गप्रमापूर्वकाणि ।** (હેતુ) **आकाङ्क्षादिमत्पद-कदम्बत्वात् ।** (દષ્ટાંત) **घटमानयेतिपदकदम्बवत् ।**

'દંડ વડે ગાયને લાવો' તેવા લૌકિક પદો કે 'યજ્ઞ કરો' વગેરે વૈદિક પદો એ વક્તાના તાત્પર્યના વિષયભૂત સ્મરણ કરાયેલા (શક્તિ કે લક્ષણા ગમે તે સંબંધથી ઉપસ્થાપિત) પદાર્થોના પરસ્પર સંસર્ગના પ્રમાત્મક જ્ઞાનપૂર્વક હોય છે, કેમકે તે બધા

આકાંક્ષાદિમાન્ પદોના સમૂહરૂપ છે. જેમ **'घटमानय'** વગેરે પદોનો સમૂહ વક્તાના તાત્પર્યના વિષયભૂત સ્મારિત પદાર્થના સંસર્ગના યથાર્થ જ્ઞાનરૂપ છે. તેમ.

આમ અનુમાનથી તે તે પદનો શાબ્દબોધ થઈ જ જતો હોવાથી શાબ્દબોધને ભિન્ન પ્રમાણ માનવાની જરૂર નથી.

વળી **एते पदार्था मिथः संसर्गवन्तः, योग्यतादिमत्पदोपस्थापितत्वात्, तादृश-पदार्थवत् ।** અનુમાનથી પણ શાબ્દબોધ થઈ શકે છે તેમ નક્કી થાય છે. જેમકે આ બધા પદાર્થો પરસ્પર સંસર્ગવાળા હોય છે, કેમકે તે યોગ્યતાદિમાન્ પદોથી ઉપસ્થાપિત હોય છે, તેવા પ્રકારના પદાર્થોની જેમ.

**'गामानय'** યોગ્યતાદિમાન્ પદોથી ઉપસ્થાપિત જે ગાય અને આનયન રૂપ પદાર્થો છે તે પરસ્પર સંસર્ગવાળા પણ છે જ. જેમ **घटमानय** પદોથી ઘટ અને આનયન પરસ્પર સંસર્ગવાળા છે તેમ.

આ રીતે અનુમાનથી જ શાબ્દબોધ થાય છે તેથી શાબ્દબોધને જુદું પ્રમાણ માનવાની જરૂર નથી.

**શંકાકાર :** તમે અનુમાનપ્રયોગમાં દૃષ્ટાંત આપ્યું છે; તેવા પ્રકારના પદાર્થોની જેમ, ત્યાં **घटमानय** દૃષ્ટાંત તમે **गामानय** માટે આપો તો **घटमानय** પદોનો બોધ શી રીતે થશે ?

**વૈશેષિકો :** તે પણ તેવા જ અનુમાનથી થશે, પણ ત્યાં અમે **पुस्तकमानय** જેવું દૃષ્ટાંત કહીશું. **पुस्तकमानय** બોધના અનુમાનમાં અન્ય કોઈ દૃષ્ટાંત કહીશું. આમ દૃષ્ટાન્તરથી સાધ્યસિદ્ધિ થઈ શકશે.

---

**मुक्तावली : एवं गवयव्यक्तिप्रत्यक्षानन्तरं गवयपदं गवयत्वप्रवृत्ति-निमित्तकम्, असति वृत्त्यन्तरे वृद्धैस्तत्र प्रयुज्यमानत्वात् । असति च वृत्त्यन्तरे वृद्धैर्यत्र यत्प्रयुज्यते तत्र तत्तत्प्रवृत्तिनिमित्तकम्, यथा गोपदं गोत्वप्रवृत्ति-निमित्तकम् । यद्वा गवयपदं सप्रवृत्तिनिमित्तकं, साधुपदत्वादित्यनुमानेन पक्षधर्मताबलाद्गवयत्वप्रवृत्तिनिमित्तकत्वं सिध्यति ।**

---

**મુક્તાવલી :** તે જ રીતે ઉપમિતિ-જ્ઞાનની પણ અનુમાન-પ્રમાણથી જાણકારી થાય છે. ગવયાદિ વ્યક્તિના પ્રત્યક્ષ પછી **गवयपदं गवयत्वप्रवृत्तिनिमित्तकम्, असति**

**वृत्त्यन्तरे वृद्धैस्तत्र प्रयुज्यमानत्वात्।**

ગવયપદ એ ગવયત્વપ્રવૃત્તિનિમિત્તક છે, કેમકે અન્ય સંબંધ નહીં હોવા છતાં વૃદ્ધો વડે ત્યાં પ્રયોગ કરાય છે.

જ્યાં આગળ કોઈ વૃત્ત્યન્તર = અન્ય સંબંધ પ્રાપ્ત થતો ન હોય ત્યાં વૃદ્ધો વડે જે પ્રયોગ કરાતો હોય ત્યાં તે તે વસ્તુ માટે પ્રવૃત્તિનિમિત્તક કહેવાય, જેવી રીતે ગોપદ ગોત્વપ્રવૃત્તિમાં નિમિત્તક છે. વૃદ્ધો વડે ગોપદ દ્વારા ગોત્વપ્રવૃત્તિ કરાય છે તેથી આપણે પણ ગોપદ દ્વારા ગોત્વપ્રવૃત્તિ કરવી.

અથવા ગવયપદ (પક્ષ) એ સપ્રવૃત્તિનિમિત્તક = કોઈપણ પ્રવૃત્તિ સહિત નિમિત્ત કરાવનાર છે (સાધ્ય), કેમકે તે સાધુ= સુયોગ્ય પદ છે (હેતુ). આવા અનુમાન દ્વારા પક્ષધર્મતાના જોરે ગવયત્વ-પ્રવૃત્તિનું નિમિત્તકપણું સિદ્ધ થાય છે, અર્થાત્ ગવયપદ એ ગવયત્વ-પ્રવૃત્તિમાં નિમિત્તક છે એ વાત સિદ્ધ થાય છે.

આમ શાબ્દબોધ અને ઉપમિતિ અનુમાનથી સિદ્ધ થતી હોવાથી તેમના માટે ભિન્ન પ્રમાણ માનવાની જરૂર નથી.

---

**मुक्तावली : तन्मतं दूषयति-तन्न सम्यगिति । व्याप्तिज्ञानं विनापि शाब्दबोधस्यानुभवसिद्धत्वात् । न हि सर्वत्र शब्दश्रवणानन्तरं व्याप्तिज्ञाने प्रमाणमस्तीति । किञ्च सर्वत्र शब्दस्थले यदि व्याप्तिज्ञानं कल्प्यते तदा सर्वत्रानुमितिस्थले पदज्ञानं कल्पयित्वा शाब्दबोध एव किं न स्वीक्रियतामिति ध्येयम् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** ના, તમારી વાત બરાબર નથી, કેમકે અનુમાન કરવા માટે તો વ્યાપ્તિજ્ઞાનની જરૂર પડે જ. પણ વ્યાપ્તિજ્ઞાન વિના પણ શાબ્દબોધ અને ઉપમિતિ થઈ શકે છે, તેથી ત્યાં અનુમિતિ ન હોવાથી તે જ્ઞાનના કરણ તરીકે કોને માનશો ? તેથી તમારે વ્યાપ્તિજ્ઞાન વિના થતાં શાબ્દબોધ અને ઉપમિતિને અનુમાન પ્રમાણથી ભિન્ન પ્રમાણ માનવા જ જોઈએ.

ગવયમાં ગોસાદશ્યનું દર્શન થયા પછી અતિદેશવાક્યના અર્થનું સ્મરણ થયા પછી વ્યતિરેક-વ્યાપ્તિના જ્ઞાનનું અનુસંધાન કર્યા વિના પણ **अयं पुरोवर्ती पिण्डो गवयशब्दवाच्यः** એવા પ્રકારનું જ્ઞાન થઈ જ જાય છે. અને તે જ પ્રમાણે શબ્દ અને તેના

અર્થનું ભાન થવામાં વ્યાપ્તિજ્ઞાન ન હોય તો પણ ચાલે છે.

આમ વ્યાપ્તિજ્ઞાન વિના પણ શાબ્દબોધ અને ઉપમિતિ થતી હોવાથી અનુમાનથી ભિન્ન ઉપમાન-શાબ્દબોધને પ્રમાણ તરીકે માનવા જોઈએ.

વળી ગવયાદિ શબ્દ આકાશમાં રહે છે અને ગવય પદાર્થ (પિંડ) વનમાં રહે છે, તેથી **यत्र यत्र गवयशब्दः तत्र तत्र गवयपिण्डः** એવી વ્યાપ્તિ તો રહી જ નહીં, છતાં ગવય પદથી ગવય પિંડનો બોધ થાય છે, તેથી માનવું જ પડે કે વ્યાપ્તિજ્ઞાન વિના પણ બોધ થાય છે.

**શંકાકાર** : શબ્દશ્રવણ થયા પછી અનુમિતિ થાય છે તેમ માનો ને !

**નૈયાયિક** : શબ્દશ્રવણ થયા પછી તમામ સ્થળે વ્યાપ્તિજ્ઞાન થાય જ છે તે વાતમાં કોઈ જ પ્રમાણ નથી. વળી સર્વત્ર શાબ્દબોધ સ્થાને વ્યાપ્તિજ્ઞાનની કલ્પના કરવા કરતાં સર્વત્ર અનુમિતિ-સ્થળે પદજ્ઞાનની કલ્પના કરીને અનુમાન-પ્રમાણ માનવાના બદલે તેનો શાબ્દબોધમાં જ સમાવેશ કરી લો ને ?

જેમ અનુમાનનો શાબ્દબોધમાં સમાવેશ ન થાય તેમ શાબ્દબોધનો કે ઉપમાનનો અનુમાનમાં પણ સમાવેશ ન થાય. તેથી પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દબોધ એમ ચારેયને ભિન્ન ભિન્ન પ્રમાણ માનવા જોઈએ.

कारिकावली : त्रैविध्यमनुमानस्य केवलान्वयिभेदतः ।
द्वैविध्यं तु भवेद् व्याप्तेरन्वयव्यतिरेकतः ॥१४२॥
अन्वयव्याप्तिरुक्तैव व्यतिरेकादिहोच्यते ।

मुक्तावली : त्रैविध्यमिति । अनुमानं हि त्रिविधं केवलान्वयिकेवलव्यतिरेक्यन्वयव्यतिरेकिभेदात् । तत्रासद्विपक्षः केवलान्वयी, यथा घटोऽभिधेयः प्रमेयत्वादित्यादौ, तत्र हि सर्वस्यैवाभिधेयत्वाद्विपक्षासत्त्वम् । असत्सपक्षः केवलव्यतिरेकी, यथा पृथिवी इतरेभ्यो भिद्यते गन्धवत्त्वात् इत्यादौ, तत्र हि जलादित्रयोदशभेदस्य पूर्वमनिश्चिततया निश्चितसाध्यवतः सपक्षस्याभाव इति । सत्सपक्षविपक्षोऽन्वयव्यतिरेकी, यथा वह्निमान् धूमादित्यादौ, तत्र सपक्षस्य महानसादेर्विपक्षस्य जलह्रदादेश्च सत्त्वमिति ।

**મુક્તાવલી** : અનુમાન ત્રણ પ્રકારના છે : (૧) કેવલાન્વયી (૨) કેવલવ્યતિરેકી અને (૩) અન્વયવ્યતિરેકી.

(૧) **કેવલાન્વયી** : જેને વિપક્ષ હોય જ નહીં તે કેવલાન્વયી કહેવાય. **घटोऽभिधेयः प्रमेयत्वात्** એ કેવલાન્વયી અનુમાન છે, કેમકે જે જે પ્રમેય છે તે તમામ અભિધેય તો છે, પણ પ્રમેય સિવાયની કોઈ વસ્તુઓ આ જગતમાં છે જ નહીં. જગતની તમામ વસ્તુઓ પ્રમેય અને અભિધેય હોવાથી ક્યાંય પ્રમેયાભાવ કે અભિધેયાભાવ મળતો નથી, તેથી બધી વસ્તુઓ સપક્ષ બને છે પણ વિપક્ષ કોઈ જ બનતું નથી. તેથી આ અનુમાન કેવલાન્વયી કહેવાય.

(૨) **કેવલવ્યતિરેકી** : જેને સપક્ષ જ ન હોય તે કેવલવ્યતિરેકી અનુમાન કહેવાય. **पृथ्वी इतरेभ्यो भिद्यते गन्धवत्त्वात्** । એ અનુમાન કરીએ તે પૂર્વે તો જલાદિ આઠ દ્રવ્યો અને ગુણાદિ પાંચ ભાવાત્મક પદાર્થો એ તેરમાં ઈતરભેદ તો અનિશ્ચિત છે, તેથી અહીં કોઈ એવું સાધ્યવાન્ મળતું નથી કે જેમાં સાધ્યનો નિશ્ચય હોય. તેરમાં તો સાધ્યનો નિશ્ચય નથી અને પૃથ્વીનું અનુમાન થતું હોવાથી તેમાં પણ નિશ્ચય નથી. આમ નિશ્ચિતસાધ્યવાન્ કોઈ ન હોવાથી સપક્ષ અહીં નથી માટે આ કેવલવ્યતિરેકી અનુમાન છે.

(૩) **અન્વય-વ્યતિરેકી** : જેમાં સપક્ષ અને વિપક્ષ બંનેની સિદ્ધિ થઈ ગઈ હોય તે અનુમાન અન્વયવ્યતિરેકી કહેવાય. '**पर्वतो वह्निमान् धूमात्**' માં મહાનસમાં નિશ્ચિત સાધ્યસિદ્ધિ છે તેથી મહાનસ, ચત્વર વગેરે સપક્ષ છે. જલહ્રદાદિમાં સાધ્ય વહ્નિના અભાવનો પણ નિશ્ચય છે તેથી જલહ્રદાદિ વિપક્ષ છે. આમ અહીં સપક્ષ અને વિપક્ષ બંને હાજર છે તેથી આ અનુમાન અન્વય-વ્યતિરેકી કહેવાય. ટૂંકમાં જ્યાં માત્ર અન્વય-વ્યાપ્તિ જ ઘટતી હોય તે કેવલાન્વયી, માત્ર વ્યતિરેક-વ્યાપ્તિ જ ઘટતી હોય તે કેવલવ્યતિરેકી અને જ્યાં અન્વય, વ્યતિરેક બંને વ્યાપ્તિ ઘટતી હોય તે અન્વયવ્યતિરેકી અનુમાન કહેવાય.

---

**कारिकावली : साध्याभावव्यापकत्वं हेत्वभावस्य यद्भवेत् ॥१४३॥**

---

**मुक्तावली : तत्र व्यतिरेकिणि व्यतिरेकव्याप्तिज्ञानं कारणं, तदर्थं व्यतिरेकव्याप्तिं निर्वक्ति-साध्याभावेति । साध्याभावव्यापकीभूताभाव-प्रतियोगित्वमित्यर्थः । अत्रेदं बोध्यम्-यत्सम्बन्धेन यदवच्छिन्नं प्रति येन सम्बन्धेन येन रूपेण व्यापकता गृह्यते तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताक-तद्धर्मावच्छिन्नाऽभाववत्ताज्ञानात् तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकतद्धर्मा-वच्छिन्नाभावस्य सिद्धिरिति । इत्थं च यत्र विशेषणतादिसम्बन्धेनेतरत्व-व्यापकत्वं गन्धात्यन्ताभावे गृह्यते तत्र गन्धाभावाभावेनेतरत्वात्यन्ताभावः सिद्ध्यति ।**

---

**મુક્તાવલી** : વ્યતિરેક-વ્યાપ્તિનું જ્ઞાન વ્યતિરેકી અનુમાનમાં કારણ છે. પૂર્વે અન્વયવ્યાપ્તિ-જ્ઞાનનું નિરૂપણ અનુમાન-ખંડમાં થઈ ગયું છે તેથી હવે વ્યતિરેકવ્યાપ્તિનું નિરૂપણ કરે છે.

'સાધ્યાભાવનો વ્યાપક એવો હેત્વભાવ' વ્યતિરેકવ્યાપ્તિ છે, અર્થાત્ સાધ્યના અભાવનો વ્યાપકીભૂત જે અભાવ, તેનો પ્રતિયોગી જે હેતુ, તે જ વ્યતિરેકવ્યાપ્તિ.


'**वह्निमान् धूमात्**' માં વહ્ન્યભાવ એ સાધ્યાભાવ છે, તેનો વ્યાપકીભૂત અભાવ ધૂમાભાવ છે, કેમકે જ્યાં જ્યાં વહ્ન્યભાવ હોય ત્યાં ત્યાં ધૂમાભાવ પણ છે જ. આ ધૂમાભાવનો પ્રતિયોગી ધૂમ છે, તેથી **वह्निमान् धूमात्** માં વ્યતિરેકવ્યાપ્તિનું લક્ષણ સમન્વિત થઈ જાય છે.

સાધ્યાભાવનો વ્યાપક એવો હેત્વભાવ, અર્થાત્ સાધ્યના અભાવના વ્યાપકીભૂત અભાવનો પ્રતિયોગી હેતુ વ્યતિરેકવ્યાપ્તિ છે તેવું કહેવાનો તાત્પર્યાર્થ એ છે કે **यत्सम्बन्धेन यदवच्छिन्नं प्रति येन सम्बन्धेन येन रूपेण व्यापकता गृह्यते तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकतद्धर्मावच्छिन्नाभाववत्ताज्ञानात् तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकतद्धर्मावच्छिन्नाभावः** સિદ્ધ થાય, અર્થાત્ જે સંબંધથી જે ધર્માવચ્છિન્ન (વ્યાપ્ય) પ્રત્યે જે સંબંધથી અને જે રૂપે (વ્યાપકની) વ્યાપકતા ગૃહીત થઈ હોય તે જ સંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગી છે જેનો એવા અને તે જ ધર્મથી અવચ્છિન્ન અભાવવત્તાના જ્ઞાનથી તે જ સંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતાક એવા તે જ ધર્મથી અવચ્છિન્ન અભાવની સિદ્ધિ થશે.

દા.ત. **पर्वतो वह्निमान् धूमात्** । અહીં વ્યાપ્ય ધૂમ છે અને વ્યાપક વહ્નિ છે. અહીં સંયોગસંબંધાવચ્છિન્નધૂમત્વધર્માવચ્છિન્ન ધૂમ વ્યાપ્ય પ્રતિ વહ્નિ વ્યાપકની વ્યાપકતા સંયોગસંબંધાવચ્છિન્નવહ્નિત્વધર્માવચ્છિન્ન ગૃહીત થઈ છે.


હવે અહીં પક્ષમાં '**वह्निर्नास्ति**' એવો અભાવ લેવો છે અને એનો ધૂમાભાવ સાથે વ્યાપ્ય-વ્યાપકભાવ ઘટાવવો છે તો તે અભાવ કેવી રીતે ગ્રહણ કરવો ? તે જણાવે છે કે જે સંબંધથી અને જે ધર્મથી અવચ્છિન્ન વ્યાપ્ય પ્રત્યે જે સંબંધ અને જે ધર્મથી અવચ્છિન્ન વ્યાપકની વ્યાપકતા ગૃહીત થઈ હોય તે જ સંબંધથી અવચ્છિન્ન એવો પ્રતિયોગિતાક અને તે જ ધર્મથી અવચ્છિન્ન એવા અભાવનું જ્ઞાન કરવાનું અને એનો અન્વય તે જ સંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતાક અને તે જ ધર્મથી અવચ્છિન્ન એવા અભાવ સાથે જોડવાનું.

**वह्निमान् धूमात्** સ્થળે સંયોગસંબંધાવચ્છિન્ન અને ધૂમત્વાવચ્છિન્ન ધૂમ વ્યાપ્ય પ્રત્યે સંયોગસંબંધાવચ્છિન્ન અને વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિ-વ્યાપકની વ્યાપકતા ગૃહીત થઈ છે તેથી **वह्निर्नास्ति** એવો જલહ્રદમાં રહેલો અભાવ પણ સંયોગસંબંધાવચ્છિન્ન એવો પ્રતિયોગી વહ્નિ છે જેનો એવો અને વહ્નિત્વધર્માવચ્છિન્ન બનશે. અને એના જ્ઞાનથી સંયોગસંબંધાવચ્છિન્ન પ્રતિયોગી ધૂમ છે જેનો એવા અને ધૂમત્વધર્માવચ્છિન્ન એવા ધૂમાભાવની સિદ્ધિ થશે. તેથી સંયોગસંબંધાવચ્છિન્ન વહ્નિ છે પ્રતિયોગી જેનો તેવા અને વહ્નિત્વધર્માવચ્છિન્ન એવા જલહ્રદમાં રહેલા વહ્ન્યભાવની વ્યાપકતા સંયોગસંબંધાવચ્છિન્ન એવો ધૂમ છે પ્રતિયોગી જેનો તેવા અને ધૂમત્વાવચ્છિન્ન એવા ધૂમાભાવમાં ગ્રહણ થશે.




આ જ પ્રમાણે જ્યાં વિશેષણતાદિ સ્વરૂપસંબંધથી ઇતરત્વની વ્યાપકતા ગંધાત્યન્તાભાવમાં ગૃહીત થતી હોય ત્યાં ગંધાભાવાભાવથી ઇતરત્વનો અત્યન્તાભાવ સિદ્ધ થશે.

દા.ત. **पृथ्वी इतरेभ्यो भिद्यते गन्धवत्त्वात् ।** અહીં સાધ્ય છે ઇતરભેદ અને સાધ્યાભાવ છે ઇતરભેદાભાવ = ઇતરત્વ. ઇતરત્વ રૂપ સાધ્યાભાવની વ્યાપકતા વિશેષણતા સંબંધથી ગંધાભાવમાં છે, અર્થાત્ જ્યાં જ્યાં પૃથ્વીથી ઇતરત્વ છે ત્યાં ત્યાં ગંધાભાવ પણ છે જ. આમ ઈતરત્વ અને ગંધાભાવનો વ્યાપ્ય-વ્યાપકભાવ વિશેષણતા સંબંધથી છે, અર્થાત્ ગંધાભાવ રૂપ વ્યાપકની પ્રત્યે ઈતરત્વ વિશેષણતા સંબંધેન વ્યાપ્ય બને છે. આથી અહીં એ જ વિશેષણતા સંબંધથી ગંધાભાવના અભાવથી સ્વેતરત્વનો અત્યંતાભાવ પક્ષ પૃથ્વીમાં ગૃહીત થશે, અર્થાત્ પૃથ્વીરૂપ પક્ષમાં ઈતરત્વનો ભેદ છે, અર્થાત્ અભાવ છે, કારણ કે વિશેષણતા સંબંધથી ગંધના અભાવનો અભાવ પક્ષ પૃથ્વીમાં છે. ગંધાભાવનો અભાવ = ગંધનો સદ્ભાવ પક્ષ પૃથ્વીમાં વિશેષણતા સંબંધથી છે માટે પૃથ્વીરૂપ પક્ષમાં ઈતરત્વનો જે અભાવ છે તે અત્યંતાભાવ કહેવાશે.




---

**मुक्तावली :** यत्र तु तादात्म्यसम्बन्धेनेतरव्यापकता गन्धाभावस्य गृह्यते तत्र तादात्म्यसम्बन्धेनेतरस्याभावः सिद्ध्यति, स एवान्योन्याभावः । एवं यत्र

संयोगसम्बन्धेन धूमं प्रति संयोगसम्बन्धेन वह्नेर्व्यापकता गृह्यते, तत्र संयोगसम्बन्धावच्छिन्नप्रतियोगिताकवह्न्यभावेन जलह्रदे संयोगसम्बन्धावच्छिन्नप्रतियोगिताकधूमाभावः सिद्ध्यति ।

---

**મુક્તાવલી :** જ્યાં તાદાત્મ્યસંબંધથી ઇતરત્વ રૂપ સાધ્યાભાવની વ્યાપકતા ગંધાભાવ= હેત્વભાવમાં ગૃહીત થતી હોય ત્યાં વ્યાપક = ગંધાભાવના અભાવથી તાદાત્મ્યસંબંધથી ઈતરત્વનો અન્યોન્યાભાવ પૃથ્વીરૂપ પક્ષમાં સિદ્ધ થશે, અર્થાત્ '**पृथ्वी स्वेतरेभ्यो भिद्यते**' સ્થળમાં સાધ્ય છે ઇતરભેદ, તેથી સાધ્યાભાવ = ઇતરભેદાભાવ = ઇતરત્વ.

હવે જો આ સાધ્યાભાવ ઇતરત્વની વ્યાપકતા ગંધાભાવમાં તાદાત્મ્યસંબંધથી ગૃહીત થતી હોય તો પૃથ્વીરૂપ પક્ષમાં ઇતરત્વનો જે અભાવ છે તે અન્યોન્યાભાવ ગણાશે, કેમકે તાદાત્મ્યેન અભાવ અન્યોન્યાભાવ હોય. જ્યાં સંયોગસંબંધથી ધૂમ પ્રત્યે સંયોગસંબંધથી વહ્નિની વ્યાપકતા ગ્રહણ થાય છે ત્યાં સંયોગસંબંધાવચ્છિન્ન જ પ્રતિયોગી છે જેનો તેવા જલહ્રદમાં રહેલા વહ્ન્યભાવનો વ્યાપકીભૂત જલહ્રદમાં રહેલો સંયોગસંબંધાવચ્છિન્ન ધૂમાભાવ છે.

---

**मुक्तावली : अत्र च व्यतिरेकव्याप्तिग्रहे व्यतिरेकसहचारज्ञानं कारणम् । केचित्तु व्यतिरेकसहचारेणान्वयव्याप्तिरेव गृह्यते, न तु व्यतिरेकव्याप्तिज्ञानमपि कारणम् । यत्र व्यतिरेकसहचाराद्व्याप्तिग्रहस्तत्र व्यतिरेकीत्युच्यते । साध्यप्रसिद्धिस्तु घटादावेव जायते पश्चात् पृथिवीत्वावच्छेदेन साध्यत इति वदन्ति ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** સાધ્ય અને સાધનના સહચારના જ્ઞાનના અભાવથી વ્યતિરેકવ્યાપ્તિનો ગ્રહ શી રીતે થઈ શકે ?

**નૈયાયિક :** જ્યાં જ્યાં સાધ્યાભાવ હોય છે ત્યાં ત્યાં હેત્વભાવ પણ હોય જ છે. આવા પ્રકારના વ્યતિરેકવ્યાપ્તિના સહચારના જ્ઞાનથી વ્યતિરેકવ્યાપ્તિનો ગ્રહ થાય છે.

વ્યતિરેકવ્યાપ્તિના ગ્રહ માટે અન્વય-સહચારનું જ્ઞાન અનાવશ્યક છે પરંતુ વ્યતિરેકસહચારનું જ્ઞાન આવશ્યક છે.

ઉદયનાચાર્ય : વ્યતિરેકના સહચારના જ્ઞાનથી પણ અન્વયવ્યાપ્તિ જ ગૃહીત થાય છે પણ વ્યતિરેકવ્યાપ્તિનું જ્ઞાન અનુમિતિનું કારણ નથી.

શંકાકાર : વ્યતિરેક-સહચારથી જો અન્વય-વ્યાપ્તિ-ગ્રહ જ થતો હોય અને વ્યતિરેકવ્યાપ્તિ-ગ્રહ ન થતો હોય તો વ્યતિરેકવ્યાપ્તિનો ગ્રહ ન થવાથી કારણાસત્ત્વે કાર્યાસત્ત્વ થવાથી વ્યતિરેકી અનુમિતિ પણ નહીં થઈ શકે ને ? કેમકે વ્યતિરેક-વ્યાપ્તિ ગ્રહ જ નથી તો અનુમિતિ શી રીતે થાય? તેથી કેવલવ્યતિરેકી અનુમાનોની અનુપપત્તિ થઈ જવાની આપત્તિ આવશે.

ઉદયનાચાર્ય : ના, વ્યતિરેકી અનુમિતિ પ્રત્યે વ્યતિરેક-વ્યાપ્તિગ્રહ કારણ જ નથી. તેથી વ્યતિરેક-વ્યાપ્તિગ્રહ ન થવાથી કેવલવ્યતિરેકી અનુમાનોની અનુપપત્તિ થવાની આપત્તિ છે જ નહીં.

જ્યાં અન્વય-સહચારથી વ્યાપ્તિનો ગ્રહ થાય ત્યાં અન્વયી અનુમાન જાણવું અને જ્યાં વ્યતિરેક-સહચારથી વ્યાપ્તિનો ગ્રહ થાય ત્યાં વ્યતિરેકી અનુમાન જાણવું.

**वह्निमान् धूमात्** સ્થળે **यत्र यत्र धूमः तत्र तत्र वह्निः** એવા અન્વય-સહચારગ્રહથી વહ્નિનિરૂપિત વ્યાપ્તિ ધૂમમાં ગ્રહણ થાય છે તે અન્વય-વ્યાપ્તિ છે અને **यत्र यत्र वह्न्यभावः तत्र तत्र धूमाभावः** રૂપ વ્યતિરેક-સહચારગ્રહથી ધૂમાભાવનિરૂપિત વ્યાપ્તિ વહ્ન્યભાવમાં ગૃહીત થાય છે તે વ્યતિરેકી-વ્યાપ્તિ કહેવાય છે.

શંકાકાર : **पृथ्वी स्वेतरेभ्यो भिद्यते गन्धवत्त्वात्** માં સાધ્ય = ઇતરભેદ એ અન્યત્ર તો ક્યાંય દૃષ્ટાંત તરીકે ઉપલબ્ધ થતો જ નથી તો પછી વ્યતિરેક-સહચારનો ગ્રહ શી રીતે કરશો ?

ઉદયનાચાર્ય : ઘટાદિરૂપ પૃથ્વીના અમુક દેશાદિમાં સાધ્ય ઇતરભેદનો ગ્રહ કરી લેવો, અર્થાત્ ઘટાદિ પૃથ્વીમાં સ્વેતરભેદનો નિર્ણય કરી લેવો. ત્યારપછી ઘટ પાર્થિવ છે માટે પૃથ્વીત્વાવચ્છેદેન સકલ પૃથ્વીમાં પણ ઇતરભેદનો ગ્રહ કરી લેવો, કેમકે ત્યાં પણ ગંધની ઉપલબ્ધિ થાય જ છે.

**कारिकावली :** अर्थापत्तिस्तु नैवेह प्रमाणान्तरमिष्यते ।
व्यतिरेकव्याप्तिबुद्ध्या चरितार्था हि सा यतः ॥१४४॥

**मुक्तावली :** अर्थापत्तिरिति । अर्थापत्तिः प्रमाणान्तरमिति केचन मन्यन्ते । तथाहि-यत्र देवदत्तस्य शतवर्षजीवित्वं ज्योतिःशास्त्रादवगतं जीविनो गृहासत्त्वं च प्रत्यक्षादवगतं, तत्र शतवर्षजीविनो गृहासत्त्वं बहिःसत्त्वं विनाऽनुपपन्नमिति बहिःसत्त्वं कल्प्यते इति, तदप्यनुमानेन गतार्थत्वान्नेष्यते । तथाहि-यत्र जीवित्वस्य बहिःसत्त्वगृहसत्त्वान्यतरव्याप्यत्वं गृहीतं तत्र अन्यतरसिद्धौ जायमानायां गृहसत्त्वबाधाद्बहिःसत्त्वमनुमितौ भासते । एवं 'पीनो देवदत्तो दिवा न भुङ्क्ते' इत्यादौ पीनत्वस्य भोजनव्याप्यत्वावगमाद्भोजनसिद्धौ दिवाभोजनबाधे रात्रिभोजनं सिद्ध्यतीति ।

**મુક્તાવલી :** નૈયાયિકો પ્રત્યક્ષાદિ ચાર જ પ્રમાણને માને છે પણ અર્થાપત્તિ જેવા કોઈ પ્રમાણને માનતા નથી, જ્યારે મીમાંસકો અર્થાપત્તિને પણ પ્રમાણ માને છે. તેઓ કહે છે કે દેવદત્તનું સો વર્ષનું આયુષ્ય છે તેવી વાત જ્યોતિષ ગ્રન્થોથી સિદ્ધ થઈ ચૂકી છે. અને દેવદત્તની ઉંમર જ્યારે પચ્ચીસ વર્ષની છે ત્યારે કોઈકે પૂછ્યું કે દેવદત્ત ઘરમાં છે ? ત્યારે દેવદત્તની પત્નીએ કહ્યું કે 'નથી.'

અહીં દેવદત્તનું ઘરમાં ન હોવાપણું એ પ્રત્યક્ષથી સિદ્ધ છે. દેવદત્ત મરી ગયો છે તેવું તો મનાય તેમ નથી, કેમકે તેનું સો વર્ષનું આયુષ્ય જ્યોતિષ ગ્રન્થોથી સિદ્ધ જ છે. તેથી અહીં અર્થાપત્તિ પ્રમાણથી માનવું જ જોઈએ કે દેવદત્ત ઘરમાં નથી તો ઘરની બહાર ક્યાંક તો છે જ, કેમકે જો તેમ ન માનો તો દેવદત્ત ઘરમાં ય નથી અને ઘરની બહાર પણ નથી તેમ નક્કી થતાં દેવદત્તનું શતવર્ષજીવિત્વ અનુપપન્ન થઈ જાય. તેથી અહીં અર્થાપત્તિ પ્રમાણથી દેવદત્તનું ઘરની બહાર હોવાનું સિદ્ધ થાય છે. જો અહીં અર્થાપત્તિ પ્રમાણ નહીં માનો તો દેવદત્તનું ઘરની બહાર હોવાનું શી રીતે સિદ્ધ થશે? તેથી અર્થાપત્તિ પ્રમાણને પણ ભિન્ન પ્રમાણ માનવું જોઈએ.

**નૈયાયિક :** દેવદત્તનું ઘરની બહાર હોવાનું પણ અનુમાન-પ્રમાણથી સિદ્ધ થઈ જ જાય છે તેથી નવું અર્થાપત્તિ પ્રમાણ માનવાનું ગૌરવ કરવાની શી જરૂર છે ? કેમકે

જીવિત્વ બહિઃસત્ત્વગૃહસત્ત્વાન્યતરત્વને વ્યાપ્ય છે, અર્થાત્ શતવર્ષજીવી દેવદત્ત ઘરની બહાર કે ઘરમાં, બેમાંથી એક જગ્યાએ તો અવશ્ય હોય જ.

પણ હવે પ્રત્યક્ષથી દેવદત્ત ઘરમાં નથી તેવું સિદ્ધ થઈ ગયું છે તેથી દેવદત્ત ઘરની બહાર જ છે તેમ અનુમાનથી સિદ્ધ થઈ જાય છે.

તે જ રીતે જાડો દેવદત્ત દિવસે ખાતો નથી તેવું સાંભળતાં જ અર્થાપત્તિથી નહીં પણ અનુમાનથી સિદ્ધ થઈ જાય છે કે તે રાત્રે ખાતો હોવો જોઈએ, કેમકે પીનત્વ એ ભોજનને વ્યાપ્ય છે, અર્થાત્ જ્યાં જ્યાં પીનત્વ હોય ત્યાં ત્યાં ભોજન પણ હોય જ. તેથી જો દેવદત્તમાં પીનત્વ = જાડીયાપણું છે તો તે ભોજન પણ કરતો હોવો જ જોઈએ. હવે તે દિવસે ભોજન કરતો નથી તેવું સિદ્ધ છે તેથી તે રાત્રે ભોજન કરતો હોવો જોઈએ તેવું અનુમાનથી સિદ્ધ થાય છે. તેથી અર્થાપત્તિ જેવા પ્રમાણાન્તરને માનવાની જરૂર નથી.

**मुक्तावली : अभावप्रत्यक्षस्यानुभविकत्वादनुपलम्भोऽपि न प्रमाणान्तरम् । किञ्चानुपलम्भस्याज्ञातस्य हेतुत्वे ज्ञानाकरणकत्वात् प्रत्यक्षत्वम्, ज्ञातस्य हेतुत्वे तु तत्राप्यनुपलम्भान्तरापेक्षेत्यनवस्था । एवं चेष्टाऽपि न प्रमाणान्तरं, तस्याः सङ्केतग्राहकशब्दस्मारकत्वेन लिप्यादिसमशीलत्वाच्छब्द एव अन्तर्भावात् । यत्र च व्याप्त्यादिग्रहस्तत्रानुमितिरेवेति ।**

**મુક્તાવલી :** મીમાંસકો અભાવને પણ સ્વતંત્ર પ્રમાણ માને છે તેની સામે :

**નૈયાયિક :** અભાવને પણ સ્વતંત્ર પ્રમાણ માનવાની જરૂર નથી, કેમકે અભાવ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. ભૂતલ ઉપર ઘટાભાવ હોય તો તે પ્રત્યક્ષથી જ ગ્રહણ થાય છે તો પછી અનુપલબ્ધિ(અભાવ)ને નવું પ્રમાણ માનવાની શી જરૂર છે ?

વળી જો તમે અનુપલબ્ધિને પણ જ્ઞાનનો હેતુ (પ્રમાણ = કરણ) માનતા હો તો અનુપલંભ જ્ઞાત હોઈને અભાવ પ્રત્યે કારણ બને છે કે અજ્ઞાત હોઈને કારણ બને છે?

જો અજ્ઞાત અનુપલંભને અભાવ પ્રત્યે હેતુ = કરણ કહો તો તે અકરણક જ્ઞાન બની ગયું. અને **अकरणकज्ञानं प्रत्यक्षम्** લક્ષણ તેમાં ઘટી જતાં અનુપલંભ પોતે પ્રત્યક્ષ જ બની જશે.

અને જો અનુપલંભ જ્ઞાત હોઈને અભાવ પ્રત્યે હેતુ બને છે તેમ કહો તો જ્ઞાત એવા અનુપલંભનું જ્ઞાન શી રીતે થયું ? તે અનુપલબ્ધિના જ્ઞાનના કરણ તરીકેના અનુપલંભને અજ્ઞાત તો નહીં મનાય, કેમકે તેમ માનવાથી તેને પ્રત્યક્ષ માનવાની જ આપત્તિ આવે.

તેથી જ્ઞાત અનુપલંભને કારણ માનશો તો તે જ્ઞાત અનુપલંભનું જ્ઞાન શી રીતે થયું? જ્ઞાત અનુપલંભના જ્ઞાનથી. તે જ્ઞાત અનુપલંભનું જ્ઞાન શી રીતે થયું? બસ, આ રીતે તો અનવસ્થા ચાલ્યા જ કરશે. તેથી અભાવના કારણ અનુપલંભને જ્ઞાત પણ માની શકાશે નહીં. આમ જ્ઞાત અનુપલંભ કે અજ્ઞાત અનુપલંભ, બેમાંથી કોઈપણ અભાવ પ્રત્યે હેતુ નથી તેમ સિદ્ધ થાય છે. તેથી અનુપલબ્ધિને પ્રમાણાન્તર માની શકાય નહીં.

તે જ રીતે ચેષ્ટાને પણ પ્રમાણાન્તર માની શકાય નહીં, કેમકે ચેષ્ટા એ સંકેતગ્રાહક શબ્દોની સ્મારિકા છે, અર્થાત્ જેમ લિપી વગેરેને વાંચતાં તેના સંકેતગ્રાહક શબ્દોનું

સ્મરણ થાય છે તેમ અહીં પણ તેવા પ્રકારની ચેષ્ટાને જોતાં તેના સાંકેતિક શબ્દોનું સ્મરણ થાય છે. તેથી ચેષ્ટાથી થતું જ્ઞાન શાબ્દબોધ જ છે અને તેના માટે શાબ્દબોધ પ્રમાણ માનેલું જ છે. તેથી ચેષ્ટા નામના નવા પ્રમાણને માનવાની જરૂર નથી.

અને વ્યાપ્તિગ્રહથી જ્યાં ચેષ્ટાનું જ્ઞાન થતું હોય ત્યાં તે ચેષ્ટા અનુમિત્યાત્મક બની જશે. અમુક ચેષ્ટા હોય તો અમુક અર્થ થાય. જેમકે **यत्र हस्ताकुञ्चनं तत्र आह्वानम् ।**

कारिकावली : सुखं तु जगतामेव काम्यं धर्मेण जायते ।
अधर्मजन्यं दुःखं स्यात्प्रतिकूलं सचेतसाम् ॥१४५॥

मुक्तावली : सुखं निरूपयति-सुखं त्विति । काम्यम्=अभिलाषविषयः । धर्मेणेति। धर्मत्वेन सुखत्वेन कार्यकारणभाव इत्यर्थः । दुःखं निरूपयति- अधर्मेति । अधर्मत्वेन दुःखत्वेन कार्यकारणभाव इत्यर्थः । प्रतिकूलमिति । दुःखत्वज्ञानादेव सर्वेषां स्वाभाविकद्वेषविषय इत्यर्थः ॥

**મુક્તાવલી : (૧૩-૧૪) સુખ-દુઃખ-નિરૂપણ :** જે કામનાને યોગ્ય હોય તે સુખ કહેવાય છે. તે સુખ ધર્મ વડે ઉત્પન્ન થાય છે, અર્થાત્ સુખ અને ધર્મ વચ્ચે કાર્યકારણભાવ છે.

તે જ રીતે જે જગતના જીવોને પ્રતિકૂળ છે તે દુઃખનું કારણ અધર્મ છે. દુઃખ અને અધર્મ વચ્ચે કાર્ય-કારણભાવ છે. દુઃખના જ્ઞાનથી સ્વાભાવિક રીતે જ દ્વેષની લાગણી ઉત્પન્ન થાય છે.

कारिकावली : निर्दुःखत्वे सुखे चेच्छा तज्ज्ञानादेव जायते ।
इच्छा तु तदुपाये स्यादिष्टोपायत्वधीर्यदि ॥१४६॥

मुक्तावली : इच्छां निरूपयति-निर्दुःखत्व इति । इच्छा द्विविधा फल-विषयिणी उपायविषयिणी च । फलं तु सुखं दुःखाभावश्च । तत्र फलेच्छां प्रति फलज्ञानं कारणम् । अत एव पुरुषार्थः सम्भवति । यज्ज्ञातं सत्स्व-वृत्तितयेष्यते स पुरुषार्थ इति तल्लक्षणात् । इतरेच्छानधीनेच्छाविषयत्वं पुरुषार्थत्वम् इति फलितोऽर्थः । उपायेच्छां प्रतीष्टसाधनताज्ञानं कारणम् ॥

**મુક્તાવલી : (૧૫) ઈચ્છા-નિરૂપણ :** દુઃખાભાવ અને સુખના જ્ઞાનથી ઈચ્છા ઉત્પન્ન થાય છે. આ ઈચ્છાનો વિષય દુઃખાભાવ કે સુખરૂપ ફળ બને છે અથવા તો દુઃખાભાવ કે સુખના સાધન - ઉપાય બને છે. આથી ઈચ્છા બે પ્રકારની થઈ: (૧) ફલવિષયિણી અને (૨) ઉપાયવિષયિણી.

સુખ એ ફળ છે. સુખની ઈચ્છા જે થાય છે તે ફલવિષયિણી કહેવાય અને તે સુખના ઉપાય તરીકે ધન, ધાન્ય, લાડુ વગેરેની જે ઈચ્છા થાય તે ઉપાય-વિષયિણી ઈચ્છા કહેવાય.

ત્યાં ફળની ઈચ્છા પ્રત્યે ફળનું જ્ઞાન કારણ છે અને તે જ્ઞાન થવાથી ફળની ઈચ્છાથી પુરૂષાર્થ કરાય છે. જે વસ્તુ મારા જાણવામાં આવી છે તે વસ્તુ મારામાં વૃત્તિ બનીને રહે તેવું ઈચ્છાય છે અને તે માટે જે કરાય છે તે પુરૂષાર્થ છે.

પુરૂષાર્થ એટલે '**इतरेच्छानधीनेच्छाविषयत्वम् ।**'

બીજી ઈચ્છાને આધીન થયા વિનાની ઈચ્છાનો જે વિષય હોય તે પુરૂષાર્થ કહેવાય. ધનની જે ઈચ્છા છે તે સુખની ઈચ્છાને આધીન છે, કેમકે સુખની ઈચ્છા હોય તો જ તેના ઉપાયરૂપ ધનની ઈચ્છા થાય છે. માટે સુખની ઈચ્છાને આધીન એવી ધન, ધાન્ય, કુટુંબ વગેરેની ઈચ્છાના વિષય ધનાદિને પુરૂષાર્થ કહેવાય નહીં, પણ જે સુખની ઈચ્છા છે તે કોઈ ઈચ્છાને આધીન નથી. તેથી સુખની ઈચ્છા ઇતરેચ્છાનધીનેચ્છા હોવાથી તેનો જે વિષય બને તે પુરૂષાર્થ કહેવાય.

ફળની ઈચ્છા પ્રત્યે સાધનની ઈચ્છા કારણ છે અને સાધનની ઈચ્છા પ્રત્યે ઈષ્ટસાધનતા-જ્ઞાન કારણ છે, અર્થાત્ 'આ વસ્તુ મારા ઈષ્ટનું સાધન છે' તેવું ઈષ્ટ-સાધનતાનું જ્ઞાન હોય તો જ તે વસ્તુ(ઉપાય)માં ઈચ્છા થાય. તેથી ઉપાયેચ્છા પ્રત્યે ઈષ્ટસાધનતા-જ્ઞાન કારણ છે.

---

**कारिकावली : चिकीर्षा कृतिसाध्यत्वप्रकारेच्छा च या भवेत् ।**
**तद्धेतुः कृतिसाध्येष्टसाधनत्वमतिर्भवेत् ॥१४७॥**

---

**मुक्तावली : चिकीर्षेति । कृतिसाध्यत्वप्रकारिका कृतिसाध्यविषयिणीच्छा चिकीर्षा, पाकं कृत्या साधयामीति तदनुभवात् । चिकीर्षा प्रति कृतिसाध्यताज्ञानमिष्टसाधनताज्ञानं च कारणम् । तद्धेतुरिति । अत एव वृष्ट्यादौ कृतिसाध्यताज्ञानाभावान्न चिकीर्षा ॥**

---

મુક્તાવલી : **कृतिसाध्यत्वप्रकारिका कृतिसाध्यविषयिणीच्छा चिकीर्षा ।**

જે વસ્તુ ક્રિયાથી સાધ્ય હોય તે કૃતિસાધ્ય કહેવાય. કૃતિસાધ્યત્વ છે પ્રકાર જેમાં તેવી ઈચ્છા કૃતિસાધ્યત્વપ્રકારિકા કહેવાય અને કૃતિસાધ્ય છે વિષય જેનો તેવી ઈચ્છા

કૃતિસાધ્યવિષયિણી કહેવાય. આવી કૃતિસાધ્યત્વપ્રકારિકા અને કૃતિસાધ્યવિષયિણી ઈચ્છાને ચિકીર્ષા કહેવાય.

પાકની ઈચ્છા થઈ. પાક એ કૃતિસાધ્ય છે તેવા જ્ઞાનથી **पाकं कृत्या (प्रयत्नेन) साधयामि** થયું. તેથી ઈચ્છાનો વિષય કૃતિસાધ્ય પાક બન્યો અને કૃતિસાધ્યત્વ એ ઈચ્છામાં પ્રકાર બન્યો. **कृतिसाध्यत्ववतः पाकस्य इच्छा ।**

આ ચિકીર્ષા પ્રત્યે માત્ર ઈષ્ટસાધનતાનું જ્ઞાન નહીં પણ ઈષ્ટસાધનતાનું જ્ઞાન અને કૃતિસાધ્યતાનું જ્ઞાન બંને કારણ છે. રસ્તામાં પડેલી વિષ્ઠામાં **'इदं मत्कृत्येन साध्यम्'** એવું કૃતિસાધ્યતાનું જ્ઞાન છે, પણ 'આ મારા ઈષ્ટનું સાધન છે' તેવું ઈષ્ટસાધનતાનું જ્ઞાન નથી તેથી વિષ્ઠા લેવાની ઈચ્છા થતી નથી, તેથી ઈષ્ટસાધનતાનું જ્ઞાન પણ ચિકીર્ષા પ્રત્યે કારણ છે. તે જ રીતે વૃષ્ટિ=વરસાદમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન છે પરંતુ 'વરસાદ મારા પ્રયત્ન વડે સાધ્ય છે' તેવું કૃતિસાધ્યતાનું જ્ઞાન નથી, તેથી હું વરસાદ પાડું તેવી ઈચ્છા થતી નથી. આમ ચિકીર્ષા પ્રત્યે માત્ર ઈષ્ટસાધનતાનું જ્ઞાન કે માત્ર કૃતિસાધ્યતાનું જ્ઞાન કારણ નથી પણ બંને જ્ઞાન કારણ છે.

---

**कारिकावली : बलवद्द्विष्टहेतुत्वमतिः स्यात् प्रतिबन्धिका ।**
**तदहेतुत्वबुद्धेस्तु हेतुत्वं कस्यचिन्मते ॥१४८॥**

---

**मुक्तावली : बलवदिति । बलवद्द्विष्टसाधनताज्ञानं तत्र प्रतिबन्धकम्, अतो मधुविषसंपृक्तान्नभोजने न चिकीर्षा । बलवद्द्वेषः प्रतिबन्धक इत्यन्ये । तदहेतुत्वेति। बलवदनिष्टाजनकत्वज्ञानं कारणमित्यर्थः ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** ઝેર-મિશ્રિત દૂધપાક પડ્યો છે. હવે તેમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન પણ છે, કેમકે તૃપ્તિરૂપ ઈષ્ટનું દૂધપાક સાધન છે જ. વળી તેનામાં કૃતિસાધ્યતાનું જ્ઞાન પણ છે, કેમકે પ્રયત્ન વડે તે પી શકાય તેમ છે, છતાં પણ તે ઝેરમિશ્રિત દૂધપાક પીવાની કોઈને ઈચ્છા થતી નથી. આમ અહીં ઈષ્ટસાધનતા-જ્ઞાન અને કૃતિસાધ્યતા-જ્ઞાન બંને કારણ હાજર હોવા છતાં ઈચ્છા કેમ થતી નથી ?

**નૈયાયિક :** ચિકીર્ષા પ્રત્યે બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન પ્રતિબંધક છે, અર્થાત્ અત્યંત દ્વેષની બુદ્ધિ એ ચિકીર્ષા પ્રત્યે પ્રતિબંધક છે. બલવદ્દ્વેષજન્ય બલવદ્દ્વિષ્ટ-સાધનતાનું જ્ઞાન પ્રતિબંધક બનીને ચિકીર્ષા થવા દેતું નથી.

કેટલાક કહે છે કે બલવદ્દ્વેષજન્ય બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન પ્રતિબંધક નથી પણ બલવદ્દ્વેષ જ પ્રતિબંધક છે. **तद्धेतोः किं तेन ?** ન્યાયે બલવદ્દ્વેષને જ પ્રતિબંધક માનવાથી કામ સરી જતું હોય તો બલવદ્દ્વિષ્ટસાધનતાના જ્ઞાનને કારણ માનીને ગૌરવ કરવાની જરૂર નથી.

કેટલાક કહે છે કે ઈષ્ટસાધનતા-જ્ઞાન તથા કૃતિસાધ્યતા-જ્ઞાન હોવા છતાં ઈચ્છા નથી થતી ત્યાં 'બલવદનિષ્ટનું અજનક આ છે' તેવું જ્ઞાન કારણ છે. બલવદનિષ્ટાજનકત્વજ્ઞાન જ સ્વતંત્ર રીતે ચિકીર્ષાનું કારણ છે. વિષમિશ્રિત દૂધપાકમાં બળવાન અનિષ્ટનું અજનકત્વ છે તેવું જ્ઞાન નથી માટે ત્યાં બંને કારણ હાજર હોવા છતાં આ ત્રીજું કારણ હાજર ન હોવાથી પ્રવૃત્તિ થતી નથી. જ્યારે બરફીમાં ઈષ્ટસાધનતાનું અને કૃતિસાધ્યતાનું જ્ઞાન છે તેમ બલવદનિષ્ટાજનકત્વનું પણ જ્ઞાન છે, તેથી બરફી ખાવાની ઈચ્છા થાય છે. આમ સ્વતંત્ર અન્વય-વ્યતિરેક મળતાં હોવાથી બલવદ-નિષ્ટાજનકત્વના જ્ઞાનને પણ ચિકીર્ષા પ્રત્યે સ્વતંત્ર કારણ માનવું જોઈએ.

---

**कारिकावली : द्विष्टसाधनताबुद्धिर्भवेद् द्वेषस्य कारणम् ।**

---

**मुक्तावली : द्वेषं निरूपयति – द्विष्टसाधनतेति । दुःखोपायविषयकं द्वेषं प्रति बलवद्द्विष्टसाधनताज्ञानं कारणमित्यर्थः । बलवदिष्टसाधनताज्ञानं च प्रतिबन्धकम्, तेन नान्तरीयकदुःखजनके पाकादौ न द्वेषः ।**

---

**મુક્તાવલી : (૧૬) દ્વેષ-નિરૂપણ :** દુઃખના સાધનો તરફ જે દ્વેષની લાગણી થાય છે તેના પ્રત્યે બલવાન દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. 'આ વસ્તુ મારા દુઃખના વિષયનું સાધન છે' તેવું જો જ્ઞાન થઈ જાય તો આપણને તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે, પણ સાથે સાથે જો તે વસ્તુ આપણી ઈષ્ટ વસ્તુનું સાધન છે તેવું જ્ઞાન થઈ જાય તો તે વસ્તુ પ્રત્યે દ્વેષ થતો નથી. તેથી બળવાન ઈષ્ટસાધનતા-જ્ઞાન ત્યાં પ્રતિબંધક છે તેમ માનવું જોઈએ. અને તેથી જ (નાન્તરીયક=અપરિહાર્ય) પાકાદિ કાર્યમાં સગડીનો તાપ વગેરે અપરિહાર્ય અનેક મુશ્કેલીઓનું દ્વિષ્ટસાધનતા-જ્ઞાન હોવા છતાં તેમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન છે તેથી આપણને પાકાદિ ક્રિયામાં દ્વેષ થતો નથી, કેમકે બાહ્ય દૃષ્ટિએ ત્યાં દુઃખ હોવા છતાં આપણા ભોજનરૂપ ઈષ્ટના સાધનનું જ્ઞાન તેનામાં છે જે દ્વેષ થવામાં પ્રતિબંધક બને છે.

આમ દ્વેષ પ્રત્યે દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે અને બળવાન ઈષ્ટસાધનતાનું જ્ઞાન

તેમાં પ્રતિબંધક છે. 'બળવાન' પદ જરૂરી છે, કેમકે જો તે મૂકવામાં ન આવે તો માત્ર ઈષ્ટસાધનતાનું જ્ઞાન પ્રતિબંધક નથી. ઝેરમિશ્રિત દૂધપાકમાં પણ ઈષ્ટસાધનતાનું જ્ઞાન છે પણ તે દ્વિષ્ટસાધનતા-જ્ઞાન કરતાં બળવાન નથી માટે ઈષ્ટસાધનતાનું જ્ઞાન ત્યાં પ્રતિબંધક બનતું ન હોવાથી તે દ્વેષનો વિષય બને છે અને તેથી ઝેરમિશ્રિત દૂધપાકની ઈચ્છા થતી નથી.

कारिकावली : प्रवृत्तिश्च निवृत्तिश्च तथा जीवनकारणम् ॥१४९॥
एवं प्रयत्नत्रैविध्यं तान्त्रिकैः परिकीर्तितम् ।
चिकीर्षा कृतिसाध्येष्टसाधनत्वमतिस्तथा ॥१५०॥
उपादानस्य चाध्यक्षं प्रवृत्तौ जनकं भवेत् ।

मुक्तावली : प्रयत्नं निरूपयति - प्रवृत्तिश्चेति । प्रवृत्तिनिवृत्तिजीवनयोनियत्नभेदात् प्रयत्नस्त्रिविध इत्यर्थः । चिकीर्षेत्यादि । मधुविषसम्पृक्तान्नभोजनादौ बलवदनिष्टानुबन्धित्वज्ञानेन चिकीर्षाभावान्न प्रवृत्तिरिति भावः । कृतिसाध्यताज्ञानादिवत् बलवदनिष्टाननुबन्धित्वज्ञानमपि स्वतन्त्रान्वयव्यतिरेकाभ्यां प्रवृत्तौ कारणमित्यपि वदन्ति ।

**મુક્તાવલી : (૧૭) પ્રયત્ન-નિરૂપણ :** પ્રયત્ન ત્રણ પ્રકારે છે : (૧) પ્રવૃત્તિરૂપ (૨) નિવૃત્તિરૂપ અને (૩) જીવનયોનિરૂપ.

**(૧) પ્રવૃત્તિરૂપ પ્રયત્ન :** પ્રવૃત્તિ પ્રત્યે (૧) ચિકીર્ષા (૨) કૃતિસાધ્યતાનું જ્ઞાન (૩) ઈષ્ટસાધનતાનું જ્ઞાન અને (૪) સમવાયિકારણનું પ્રત્યક્ષ એ ચાર કારણ બને છે અને ચિકીર્ષા પ્રત્યે બલવદ્દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન પ્રતિબંધક બને છે તે આપણે પૂર્વે જોઈ ગયા છીએ, અર્થાત્ બલવદનિષ્ટાનનુબંધિનું જ્ઞાન હોય તો ચિકીર્ષા થાય.

(૧) હવે વિષમિશ્રિત દૂધપાકના ભોજનમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન છે, તેનામાં રહેલી મધુરતાના કારણે તેમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન પણ છે તથા તેના ઉપાદાનનું પ્રત્યક્ષ પણ છે, પરંતુ ત્યાં બલવદનિષ્ટાનનુબન્ધિનું જ્ઞાન નથી તેથી ત્યાં ચિકીર્ષા પણ નથી. આમ ત્રણ કારણ હાજર હોવા છતાં ચિકીર્ષા રૂપ ચોથું કારણ હાજર ન હોવાથી તેવા વિષમિશ્રિત દૂધપાકના ભોજનમાં પ્રવૃત્તિ થતી નથી.

(૨) ચન્દ્રમંડલાનયન-પ્રવૃત્તિમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન, ઉપાદાન-પ્રત્યક્ષત્વ અને ચિકીર્ષા હોવા છતાં ત્યાં કૃતિસાધ્યતાનું જ્ઞાન નથી તેથી ચન્દ્રમંડલાનયન પ્રવૃત્તિ થતી નથી.

(૩) અગ્નિપ્રવેશાદિમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન નથી, બાકીના સર્વે કારણો હાજર છે છતાં ઈષ્ટસાધનતા-જ્ઞાન ન હોવાથી અગ્નિપ્રવેશાદિમાં પ્રવૃત્તિ થતી નથી.

(૪) દ્વ્યણુકાદિ નિર્માણ કાર્યમાં બાકીના ત્રણ કારણ હાજર હોવા છતાં ઉપાદાનનું પ્રત્યક્ષ નથી, તેથી દ્વ્યણુકાદિ નિર્માણમાં આપણી પ્રવૃત્તિ થતી નથી.

કેટલાક કહે છે કે બલવદનિષ્ટાનનુબંધિ જ્ઞાનને પણ પ્રવૃત્તિ પ્રત્યે સ્વતંત્ર કારણ માનવું જોઈએ, કેમકે તેના અન્વય-વ્યતિરેક મળે જ છે. જ્યારે બલવદનિષ્ટાનનુબંધિ જ્ઞાન હોય ત્યારે પ્રવૃત્તિ (ચિકીર્ષા વ્યાપાર દ્વારા) થાય છે અને જ્યારે તે જ્ઞાન નથી હોતું ત્યારે (ચિકીર્ષા ન થવાથી) પ્રવૃત્તિ પણ નથી થતી. તેથી જેમ તમે સાધ્યતાજ્ઞાનના સ્વતંત્ર અન્વય-વ્યતિરેક મળતાં હોવાથી સાધ્યતાજ્ઞાનને પણ પ્રવૃત્તિ પ્રત્યે કારણ માનો છો તેમ તમારે બલવદનિષ્ટાનનુબંધિ જ્ઞાનને પણ સ્વતંત્ર કારણ માનવું જોઈએ. વળી વ્યાપારથી વ્યાપારી કદાપિ અન્યથાસિદ્ધ બનતો નથી, તેથી ચિકીર્ષાને કારણ માનવાથી બલવદનિષ્ટાનનુબંધિ જ્ઞાન અન્યથાસિદ્ધ બની જશે તેમ માનવાની જરૂર નથી.

---

**मुक्तावली : कार्यताज्ञानं प्रवर्तकमिति गुरवः । तथाहि-ज्ञानस्य प्रवृत्तौ जननीयायां चिकीर्षातिरिक्तं नापेक्षितमस्ति, सा च कृतिसाध्यताज्ञानसाध्या, इच्छायाः स्वप्रकारप्रकारकधीसाध्यत्वनियमात् । चिकीर्षा हि कृति-साध्यत्वप्रकारिकेच्छा, तत्र कृतिसाध्यत्वं प्रकारः तत्प्रकारकं ज्ञानं चिकीर्षायां तद्द्वारा च प्रवृत्तौ हेतुः, न त्विष्टसाधनताज्ञानं तत्र हेतुः, कृत्यसाध्येऽपि चन्द्रमण्डलानयनादौ प्रवृत्त्यापत्तेः । ननु कृत्यसाध्यताज्ञानं प्रतिबन्धकमिति चेत् ? न, तदभावापेक्षया कृतिसाध्यताज्ञानस्य लघुत्वात् । न च द्वयोरेव हेतुत्वं, गौरवात् ।**

---

**મુક્તાવલી** : હવે અહીં મુક્તાવલીકાર પ્રાભાકર(મીમાંસકો)નો મત રજૂ કરે છે. તેમના મતે ઈષ્ટસાધનતા-જ્ઞાન પ્રવૃત્તિ પ્રત્યે કારણ નથી પણ માત્ર કૃતિસાધ્યતા-જ્ઞાન (કાર્યતાજ્ઞાન) જ કારણ છે.

**પ્રાભાકર** : પ્રવૃત્તિ પ્રત્યે કૃતિસાધ્યતા-જ્ઞાન (કાર્યતાજ્ઞાન) જ કારણ છે. કાર્યતાજ્ઞાન ચિકીર્ષા રૂપ વ્યાપાર દ્વારા પ્રવૃત્તિનું જનક છે. કૃતિસાધ્યતાનું જ્ઞાન થાય તો તે ચિકીર્ષાને ઉત્પન્ન કરે અને તે દ્વારા પ્રવૃત્તિને પણ કરે. જેમ દંડ ભ્રમિને ઉત્પન્ન કરવા દ્વારા ઘટને કરે છે તેમ.

પ્રવૃત્તિ પ્રત્યે કારણીભૂત કૃતિસાધ્યતાનું જ્ઞાન પ્રવૃત્તિ કરવા માટે ચિકીર્ષા રૂપ

વ્યાપાર સિવાય અન્ય કોઈની અપેક્ષા રાખતું નથી. ચિકીર્ષા એ કૃતિસાધ્યતા-જ્ઞાનથી સાધ્ય છે, કેમકે **इदम् मत्कृतिसाध्यम्** એવું જ્ઞાન થયા વિના ચિકીર્ષા થતી જ નથી. તેથી કૃતિસાધ્યતા-જ્ઞાનથી જન્ય ચિકીર્ષા એ કૃતિસાધ્યતા-જ્ઞાનથી જન્ય પ્રવૃત્તિની જનક છે. તેથી ચિકીર્ષા જ વ્યાપાર (દ્વાર) બને છે, કેમકે તેમાં વ્યાપારનું **तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम्** લક્ષણ ઘટી જાય છે.

ઈચ્છામાં જે પ્રકાર હોય તે જ પ્રકાર બને છે જેમાં તેવી જે સ્વપ્રકારપ્રકારક ધી, એનાથી જે જન્ય એ ચિકીર્ષા કહેવાય. **पाकं अहं करवाणि** = એવી ઈચ્છામાં પાક પ્રકાર તરીકે છે અને એ જ પાક **पाकः मत्कृतिसाध्यः** અહીં પ્રકાર છે. આ **पाकः मत्कृतिसाध्यः** રૂપ જે બુદ્ધિ, એનાથી જન્ય જે ઈચ્છા, તે જ ચિકીર્ષા. (**मत्कृतिसाध्यः पाकः भवतु** રૂપ)

આમ (૧) **अहं पाकं करवाणि** - ઈચ્છા.

(૨) **पाकः मत्कृतिसाध्यः**-સ્વપ્રકારપ્રકારકધી.

ઈચ્છા = કૃતિસાધ્યતાના જ્ઞાનથી જન્ય (૩) **मत्कृतिसाध्यः पाको भवतु** - ચિકીર્ષા.

અહીં કૃતિસાધ્યત્વ પ્રકાર છે.

કૃતિસાધ્યત્વ ચિકીર્ષામાં પ્રકાર છે તેથી કૃતિસાધ્યત્વપ્રકારક જ્ઞાન એ ચિકીર્ષામાં કારણ છે. તે ચિકીર્ષા દ્વારા કૃતિસાધ્યતાનું જ્ઞાન એ પ્રવૃત્તિમાં હેતુ છે.

આમ માત્ર કૃતિસાધ્યતાના જ્ઞાનને જ કારણ માનવાથી કોઈ આપત્તિ ન આવતી હોવાથી ઈષ્ટ-સાધનતાના જ્ઞાનને કારણ માનવાની જરૂર નથી.

છતાં પણ જો તમારો ઈષ્ટસાધનતા-જ્ઞાનને કારણ માનવાનો આગ્રહ જ હોય તો ત્યાં વ્યભિચાર આવે છે. જેમકે સંધ્યાવંદનાદિ જેવા જે નિત્યકર્મો છે તેમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન છે જ નહીં, છતાં સંધ્યાવંદનાદિ નિત્યકર્મોમાં પ્રવૃત્તિ તો થાય જ છે. તેથી કારણ ન હોવા છતાં કાર્ય થવાથી વ્યતિરેક-વ્યભિચાર આવ્યો.

**શંકાકાર** : પણ સંધ્યાવંદનાદિમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન નથી તેમ શી રીતે કહેવાય ?

**પ્રભાકર** : સંધ્યાવંદનાદિ નિત્ય પ્રવૃત્તિઓનું કોઈ જ ફળ અમે માનતા નથી. તેની ઉપાસના કરવાથી કોઈ જ ફળ મળતું નથી. પણ જો તેની ઉપાસના ન કરાય તો પાપ લાગે છે, તેની ઉપાસના કરવાથી પાપ ન બંધાય, અર્થાત્ પ્રત્યવાય (પાપ) અભાવ રહે એટલું જ, પણ તેનાથી કાંઈ સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ ન થાય. જેમ કાણી આંખમાં અંજન આંજવાનું કોઈ ફળ નથી, છતાં પણ તે ભવિષ્યમાં દુઃખે નહીં તેટલા માટે જ અંજન

આંજવાનું હોય છે, પણ અંજન આંજવાથી આંખ સારી થવાનું ફળ મળતું નથી તે રીતે સંધ્યાવંદનાદિ નિત્ય કાર્યોથી કોઈ ફળ મળતું નથી, માત્ર પ્રત્યવાયાભાવ (અનુત્પત્તિ) રહે છે. આમ તે ફળનો ઉપાય ન હોવાથી તેનામાં 'આ મારા ઈષ્ટનું સાધન છે' તેવું જ્ઞાન જ શી રીતે થાય ? આમ તેનામાં ઈષ્ટસાધનતા-જ્ઞાન નથી છતાં તેનામાં પ્રવૃત્તિ થાય છે માટે વ્યતિરેક-વ્યભિચાર આવે છે.

વળી ચન્દ્રમંડલાદિના આનયનાદિ પ્રવૃત્તિમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન નથી પણ ઈષ્ટસાધનતાનું જ્ઞાન છે, છતાં કૃતિસાધ્યતાનું જ્ઞાન ન હોવાથી ચન્દ્રમંડલાનયનાદિ પ્રવૃત્તિ થતી નથી. તેથી કારણ હોવા છતાં કાર્ય ન થવાથી અન્વય-વ્યભિચાર આવ્યો. તેથી ઈષ્ટસાધનતાના જ્ઞાનને પ્રવૃત્તિ પ્રત્યે કારણ માની શકાય નહીં.

અમે તો કહીએ છીએ કે સંધ્યાવંદનાદિ નિત્યકર્મમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન હતું અને તેથી જ પ્રવૃત્તિ થાય છે અને ચન્દ્રમંડલાનયનાદિમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન નથી માટે ત્યાં પ્રવૃત્તિ થતી નથી. આમ કૃતિસાધ્યતા-જ્ઞાનને પ્રવૃત્તિ પ્રત્યે કારણ માનવામાં અન્વય કે વ્યતિરેક-વ્યભિચારની આપત્તિ આવી શકતી નથી.

**શંકાકાર** : ઈષ્ટસાધનતાનું જ્ઞાન જ પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે પણ કૃત્યસાધ્યતાનું જ્ઞાન પ્રવૃત્તિમાં પ્રતિબંધક છે. તેથી ચન્દ્રમંડલાનયનાદિ પ્રવૃત્તિ પ્રત્યે ઈષ્ટસાધનતા-જ્ઞાન હોવા છતાં ત્યાં કૃત્યસાધ્યતાનું જ્ઞાન પ્રતિબંધક બનતું હોવાથી પ્રવૃત્તિ ન થવા છતાં પણ અન્વય-વ્યભિચાર નથી. તેથી ઈષ્ટસાધનતાના જ્ઞાનને કારણ માનવું જોઈએ.

**પ્રભાકર** : ના, કૃત્યસાધ્યતા-જ્ઞાનને પ્રતિબંધક મનાય નહીં, કેમકે જો તમે તેને પ્રતિબંધક માનશો તો પ્રતિબંધકાભાવ કારણ બનશે, અર્થાત્ કૃત્યસાધ્યતા-જ્ઞાનનો અભાવ કારણ બનશે. પણ કૃત્યસાધ્યતા-જ્ઞાનાભાવને કારણ માનવા કરતાં કૃતિસાધ્યતા-જ્ઞાનને જ કારણ માનવામાં લાઘવ છે. તેથી કૃતિસાધ્યતા-જ્ઞાનને જ કારણ માનવું જોઈએ.

**શંકાકાર** : તો પછી બંનેને કારણ માનો ને ? જેમ કૃતિસાધ્યતાનું જ્ઞાન કારણ છે તેમ કૃત્યસાધ્યતાના અભાવનું જ્ઞાન પણ કારણ છે.

**પ્રભાકર** : જ્યાં એકને જ કારણ તરીકે માનવાથી કાર્ય પૂર્ણ થતું હોય ત્યાં બંનેને કારણ માનીને ગૌરવ કરવાનું શું પ્રયોજન છે ?

---

**मुक्तावली : ननु त्वन्मतेऽपि मधुविषसंपृक्तान्नभोजने चैत्यवन्दने च प्रवृत्त्यापत्तिः, कार्यताज्ञानस्य सत्त्वादिति चेत् ? न, स्वविशेषणवत्ताप्रति-**

**सन्धानजन्यकार्यताज्ञानस्य प्रवर्तकत्वात् । काम्ये हि यागपाकादौ कामना स्वविशेषणम्, ततश्च बलवदनिष्टाननुबन्धिकाम्यसाधनताज्ञानेन कार्यता-ज्ञानम्, ततश्च प्रवृत्तिः । तृप्तश्च भोजने न प्रवर्तते, तदानीं कामनायाः पुरुष-विशेषणत्वाभावात् । नित्ये च शौचादिकं पुरुषविशेषणम्, तेन शौचादि-ज्ञानाधीनकृतिसाध्यताज्ञानात् तत्र प्रवृत्तिः ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** આમ લાઘવતર્કથી જો તમે કૃતિસાધ્યતા-જ્ઞાનને જ કારણ માનશો તો તમારે અન્વય-વ્યભિચાર આવીને ઊભો જ રહેશે. જૈનોની ચૈત્યવંદનની ક્રિયાને તમે નાસ્તિક પ્રવૃત્તિ માનો છો (**हस्तिना ताड्यमानोऽपि न गच्छेत् जिनमन्दिरम्**) તેથી તેમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન નથી પણ કૃતિસાધ્યતાનું જ્ઞાન તો છે જ. તે જ રીતે વિષમિશ્રિત દૂધપાકમાં પણ કૃતિસાધ્યતાનું જ્ઞાન છે જ. આમ કારણ હાજર હોવાથી કાર્ય થવું જ જોઈએ. તેથી તમને જૈનોના ચૈત્યવંદનાદિમાં અને વિષમિશ્રિત દૂધપાકના ભોજનમાં પ્રવૃત્તિ કરવાની આપત્તિ આવશે.

**પ્રભાકર :** ના, અમને તેવી આપત્તિ છે જ નહીં, કેમકે અમે માત્ર કૃતિસાધ્યતા-જ્ઞાનને પ્રવૃત્તિ પ્રત્યે કારણ માનતા જ નથી પણ સ્વવિશેષણવત્તાપ્રતિસન્ધાનજન્યકાર્યતા-જ્ઞાનને કારણ માનીએ છીએ. સ્વ = પ્રવર્તમાન પુરૂષ, એનું વિશેષણ એટલે એ પુરૂષમાં રહેલો કામના ધર્મ, એ કામનાવાળો હું છું એવું જે પ્રતિસંધાન (જ્ઞાન), તેનાથી જન્ય જે કૃતિસાધ્યતાનું જ્ઞાન, તે પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે.

'મારામાં તે પ્રવૃત્તિની કામના છે તેથી હું તે પ્રવૃત્તિની કામનાવાળો છું' આવું જે મારું જ્ઞાન, તે જ્ઞાન સહિત મારામાં પડેલું જે પ્રવૃત્તિની કૃતિસાધ્યતાનું જ્ઞાન, તે મારી પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે.

હવે ચૈત્યવંદનાદિમાં તથા ઝેરમિશ્રિત દૂધપાકના ભોજનાદિમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન હોવા છતાં સ્વવિશેષણવત્તાપ્રતિસન્ધાનજન્યકૃતિસાધ્યતા-જ્ઞાન નથી, અર્થાત્ ચૈત્યવંદન કે ઝેરમિશ્રિત દૂધપાકની કામના જ ન હોવાથી તે કામનાવાળો હું છું એવું જ્ઞાન પણ ન જ હોય અને તેથી તેવા જ્ઞાનજન્ય કૃતિસાધ્યતાનું જ્ઞાન પણ શી રીતે હોય ? આમ કારણ જ હાજર ન હોવાથી પ્રવૃત્તિ રૂપ કાર્ય ન થતું હોવાથી અન્વયવ્યભિચાર છે જ નહીં, કેમકે કારણ હોવા છતાં કાર્ય ન થાય તો અન્વય-વ્યભિચાર આવે. આમ અમને કોઈ આપત્તિ છે જ નહીં.

અભિલાષના વિષયરૂપ યાગપાકાદિમાં કામના હોય છે તેથી તેના જ્ઞાનથી કૃતિસાધ્યતાનું જ્ઞાન થાય છે અને તેથી પ્રવૃત્તિ પણ થાય છે, અર્થાત્ યાગમાં માત્ર કૃતિસાધ્યતાના જ્ઞાનથી પ્રવૃત્તિ નથી થતી પણ 'હું જે સ્વર્ગાદિની કામના રાખું છું તેની પ્રાપ્તિનું સાધન આ યાગાદિ છે, એટલે એ યાગાદિ મારી કૃતિથી સાધ્ય બનો' એવા જ્ઞાનથી જન્ય જે કૃતિસાધ્યતાનું જ્ઞાન છે તે જ યાગાદિ પ્રવૃત્તિમાં કારણ છે.

અહીં સ્વવિશેષણ શબ્દથી કામના વિવક્ષિત છે. તેથી સ્વવિશેષણવત્તા તરીકે કામનાવિષયસાધનતા એટલે કે ઇષ્ટસાધનતાનું પ્રતિસંધાન થશે, તેનાથી 'તે મારી કૃતિથી સાધ્ય થાઓ' એવું જે કૃતિસાધ્યતાનું જ્ઞાન= બલવદનિષ્ટાનનુબન્ધિકામ્ય(ઇષ્ટ)-સાધનતાજ્ઞાનજન્ય કૃતિસાધ્યતા-જ્ઞાન એ પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે.

હવે તૃપ્ત પુરૂષની ભોજનમાં પ્રવૃત્તિ થશે નહીં, કેમકે તેને-તૃપ્ત થઈ ગયો હોવાથી-ભોજનની ઈચ્છા જ નથી, તેથી તેને ભોજન કામ્ય બનતું જ નથી, તેથી કૃતિસાધ્યતાનું જ્ઞાન હોવા છતાં અહીં સ્વવિશેષણવત્તાપ્રતિસન્ધાન જ નથી, તેથી તેનાથી જન્ય એવું કૃતિસાધ્યતા-જ્ઞાન નથી, તેથી તૃપ્તની ભોજન પ્રત્યે પ્રવૃત્તિ થતી નથી.

**શંકાકાર :** સંધ્યાવંદનાદિ નિત્યકર્મોનું તો કોઈ ફળ જ નથી, તેથી તેની કામના પણ કોઈને હોય નહીં, તેથી કામનાવાળો પુરૂષ પણ કોઈ બને નહીં. આમ સ્વવિશેષણ-વત્તાપ્રતિસંધાન જ ન હોવાથી તેનાથી જન્ય કૃતિસાધ્યતા-જ્ઞાન પણ ન જ હોય. આમ કારણ ન હોવાથી સંધ્યાવંદનાદિમાં પ્રવૃત્તિ ન થવાની આપત્તિ આવશે.

**પ્રભાકર :** નિત્યકર્મોમાં અમે શૌચને (પવિત્રતાને) વિશેષણ માનશું પણ કામનાને નહીં, અર્થાત્ હું પવિત્ર બનું તેવી કામનાથી હું શૌચાદિમાન્ બનું તેવા જ્ઞાનથી પુરૂષની પ્રવૃત્તિ થાય છે. આમ સ્વવિશેષણવત્તાપ્રતિસંધાનથી જન્ય કૃતિસાધ્યતા-જ્ઞાન કારણ હાજર હોવાથી સંધ્યાવંદનાદિની જે પ્રવૃત્તિ થાય છે તેમાં વ્યતિરેકવ્યભિચાર છે જ નહીં.

---

**मुक्तावली : ननु तदपेक्षया लाघवेन बलवदनिष्टाननुबन्धीष्टसाधनताज्ञान-विशिष्टकार्यताज्ञानमेव हेतुरस्तु, बलवदनिष्टाननुबन्धित्वं चेष्टोत्पत्तिनान्तरी-यकदुःखाधिकदुःखाजनकत्वं बलवद्द्वेषविषयदुःखाजनकत्वं वेति चेत् ? न, इष्टसाधनत्वकृतिसाध्यत्वयोर्युगपज्ज्ञातुमशक्यत्वात्साध्यत्वसाधनत्वयोर्विरोधात् । असिद्धस्य हि साध्यत्वं, सिद्धस्य च साधनत्वम् । न चैकमेकेनैकदा**

**सिद्धमसिद्धं चेति ज्ञायते, तस्मात्कालभेदादुभयं ज्ञायत इति ।**

**મુક્તાવલી : શંકાકાર** : તમે પૂર્વે માત્ર કૃતિસાધ્યતાના જ્ઞાનને કારણ માન્યું પણ પછી પરિષ્કાર કરતાં કરતાં છેલ્લે બલવદનિષ્ટાનનુબન્ધિકામ્ય(ઈષ્ટ)સાધનતાજ્ઞાનજન્ય-કૃતિસાધ્યતા-જ્ઞાનને કારણ માનવાનું નક્કી કર્યું. તેના કરતાં બલવદનિષ્ટાનનુબન્ધીષ્ટ-સાધનતાજ્ઞાનવિશિષ્ટ કૃતિસાધ્યતા-જ્ઞાનને જ કેમ કારણ ન માનવું જોઈએ ? કારણ કે તેમ માનવામાં લાઘવ છે.

**પ્રભાકર** : તીર્થયાત્રાદિમાં પણ અનિષ્ટો (મુશ્કેલીઓ) ઘણાં આવે છે, તો તે બલવદનિષ્ટાનનુબંધી શી રીતે કહેવાય ? તેથી કોઈની તીર્થયાત્રાદિમાં પ્રવૃત્તિ જ નહીં થાય ?

**શંકાકાર** : બલવદનિષ્ટાનનુબંધિત્વનો અર્થ તમે બરાબર સમજયા નહીં. બલવદનિષ્ટાનનુબંધિત્વ એટલે ઈષ્ટની ઉત્પત્તિમાં અપરિહાર્ય (અનિવાર્ય) દુઃખોથી અધિક દુઃખોની અજનકતા હોવી. તીર્થયાત્રામાં દુઃખ તો આવે છે પણ તે અપરિહાર્ય હોય છે. અપરિહાર્યથી અધિક દુઃખોની તીર્થયાત્રામાં ઉત્પત્તિ નથી તેથી તે તીર્થયાત્રા પણ બલવદનિષ્ટાનનુબંધી જ કહેવાય અને તેથી તેમાં પ્રવૃત્તિ થવામાં કોઈ આપત્તિ નથી.

અથવા બળવાન દ્વેષના વિષયરૂપ દુઃખનું અનુત્પાદક એ બલવદનિષ્ટાનનુબંધિત્વ છે. તીર્થયાત્રા એ બળવાન દ્વેષના વિષયરૂપ દુઃખનું ઉત્પાદક નથી તેથી તે બલવદનિષ્ટાનનુબન્ધી છે તેથી પ્રવૃત્તિ થઈ શકે. તેથી કૃતિસાધ્યતા-જ્ઞાનને કારણ માનવા કરતાં અમે જણાવેલું કારણ માનો તેમાં લાઘવ છે.

**પ્રભાકર** : તેમાં લાઘવ શું આવ્યું ? અમે જયાં 'જન્ય' પદનો નિવેશ કર્યો છે ત્યાં તમે 'વિશિષ્ટ' પદનું ઉપાદાન કર્યું છે, તેમાં ફરક શું પડ્યો ?

**શંકાકાર** : તમારા આ 'જન્ય' પદની સામે જ અમારો વિરોધ છે, કેમકે જન્ય પદ છે તેથી જન્યત્વના જ્ઞાનની આવશ્યકતા પડે છે. **तद्व्याप्यत्वे सति तन्निष्ठान्यथासिद्ध्य-निरूपकत्वम् जन्यत्वम् ।** ધૂમ વહ્નિનો વ્યાપ્ય છે અને વહ્નિની અન્યથાસિદ્ધિને તે પોતાનાથી કરતો નથી તેથી તે (ધૂમ) વહ્નિથી જન્ય છે.

આ જન્યતાનું જ્ઞાન તમારા કારણમાં આવશ્યક થવાથી તમારો હેતુ ગૌરવવાળો છે, તેથી લાઘવાત્ તમારે તે સ્થળે 'વિશિષ્ટ' પદોપાદન કરવું જોઈએ.

**પ્રભાકર** : ના, તેમ કહી શકાય નહીં, કેમકે જો 'જન્ય' પદનું ઉપાદાન કરવાના

બદલે 'વિશિષ્ટ' પદનું ઉપાદાન કરીએ તો ઈષ્ટસાધનતા-જ્ઞાન અને કૃતિસાધ્યતા-જ્ઞાન યુગપત્ એકીસાથે થવાની આપત્તિ આવે. પરંતુ સાધન અને સાધ્ય વિરોધી હોવાથી એકીસાથે તે બંનેને જાણી શકાતા નથી. એક કાલાવચ્છેદેન તેઓ બંને ક્યારેય ઉપલબ્ધ થતા નથી.

વળી જે સાધ્ય છે તે અસિદ્ધ હોય છે, હજુ તેને સિદ્ધ કરવાનું બાકી જ છે, પણ જે સાધન હોય છે તે તો સિદ્ધ જ હોય છે. આમ જે અસિદ્ધ તે સાધ્ય અને જે સિદ્ધ તે સાધન થયું, તો પછી એકમાં જ સાધ્યતા અને સાધનતાનું જ્ઞાન શી રીતે સંભવે ? એકીસાથે એક જ સ્થાને એકને સિદ્ધ અને અસિદ્ધ જાણી શકાય નહીં, તેથી કૃતિસાધ્યતા-જ્ઞાન થાય નહીં.

પણ હવે 'જન્ય' પદનું ઉપાદાન કરીએ તો તે તો સ્પષ્ટ કાળભેદ જણાવે છે અને કાળભેદથી સાધ્ય-સાધનનું જ્ઞાન થવામાં વાંધો જ નથી અને તેથી સાધનતાજ્ઞાનવિશિષ્ટ સાધ્યતાજ્ઞાનને બદલે સાધનતાજ્ઞાનજન્ય સાધ્યતાજ્ઞાનને પ્રવૃત્તિ પ્રત્યે કારણ માનવું જોઈએ.

---

**मुक्तावली : मैवम् । लाघवेन बलवदनिष्टाननुबन्धीष्टसाधनत्वे सति कृतिसाध्यताज्ञानस्य तत्र हेतुत्वात् । न च साध्यत्वसाधनत्वयोर्विरोधः, यदा कदाचित् साध्यत्वसाधनत्वयोरविरोधादेकदा साध्यत्वसाधनत्वयोश्च ज्ञानात्। नव्यास्तु ममेदं कृतिसाध्यमिति ज्ञानं न प्रवर्तकम्, अनागते तस्य ज्ञातुमशक्यत्वात् । किन्तु यादृशस्य पुंसः कृतिसाध्यं यद् दृष्टं तादृशत्वं स्वस्य प्रतिसन्धाय तत्र प्रवर्तते । तेनौदनकामस्य तत्साध्यताज्ञानवतस्तदुपकरणवतः पाकः कृतिसाध्यस्तादृशश्चाहमिति प्रतिसन्धाय पाके प्रवृत्तिरित्याहुः ।**

---

**મુક્તાવલી : નૈયાયિક** : તમારી વાત અમને બિલકુલ માન્ય નથી, કેમકે લાઘવાત્ બલવદનિષ્ટાનનુબન્ધિત્વે સતિ (વિશિષ્ટ) ઇષ્ટસાધનતાજ્ઞાનવિશિષ્ટ કાર્યતાજ્ઞાનને જ હેતુ માનવો જોઈએ. તમે જે કહ્યું કે સાધ્ય અને સાધનનો વિરોધ છે તે વાત સાચી છે, પણ ભલે સાધ્ય અને સાધન એક સમયે ન રહેતા હોય, પણ સાધ્ય અને સાધનના જ્ઞાન એકસાથે થવામાં શું વાંધો છે ? આમ સાધ્ય અને સાધનનું એકીસાથે જ્ઞાન થઈ શકતું હોવાથી તમારે પણ બલવદનિષ્ટાનનુબન્ધિત્વે સતિ ઇષ્ટસાધનતાજ્ઞાનવિશિષ્ટ કાર્યતાજ્ઞાનને જ કારણ માનવું જોઈએ.

**નવ્યો :** નવ્યો તો કહે છે કે પ્રવૃત્તિ પ્રત્યે **मम इदं कृतिसाध्यम्** એવું જ્ઞાન કારણ છે જ નહીં, કેમકે ભવિષ્યકાળમાં જે પ્રવૃત્તિ કરવાની છે તેમાં અત્યારે કૃતિસાધ્યતાનું જ્ઞાન થઈ જ શી રીતે શકે ? આમ ભવિષ્યકાલીન પ્રવૃત્તિમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન જ ન થવાથી ક્યારેય કોઈ પ્રવૃત્તિ જ નહીં થવાની આપત્તિ આવશે. પણ પ્રવૃત્તિ તો થાય જ છે, તેથી ત્યાં કૃતિસાધ્યતા-જ્ઞાન કારણ નથી પણ કોઈ પુરૂષને અમુક વસ્તુ કૃતિસાધ્ય બની તેને જોઈને તેના જેવાપણાનું પોતાનામાં જ્ઞાન થતાં પોતે પણ તે કાર્ય કરવા સમર્થ છે. અર્થાત્ 'આ કાર્ય મારી કૃતિથી પણ સાધ્ય છે' તેવું પ્રતિસંધાન થવાથી તે પ્રવૃત્તિ કરે છે, અર્થાત્ કૃતિ-ઉત્પાદક જે સામગ્રી-વિશેષની જરૂર પ્રવૃત્તિ કરનારામાં દેખાતી હોય તેવી સામગ્રીવાળાપણાનું પોતાનામાં પ્રતિસંધાન થાય છે અને તેથી જ પ્રવૃત્તિ થાય છે.

**'ओदनं मम भवतु'** એવી ઈચ્છા વિશિષ્ટ (ઓદન) કૃતિસાધ્યતા-જ્ઞાનવાળો (અન્યદીય પાકવિશેષ્યક અન્યદીય કૃતિસાધ્યત્વપ્રકારક પ્રત્યક્ષાદિ પ્રમાવાળો) અને તે તે દ્રવ્યાદિ ઉપકરણવાળો પુરૂષ પાકમાં પ્રવૃત્તિ કરે છે તેમાં **'पाकः कृतिसाध्यः कृति-निरूपितविधेयताश्रयपाकः प्रमितः तादृशश्चाहम्'** એવું જ્ઞાન કારણ છે.

**द्रव्यादिसाधनसंपन्नो देवदत्तः पाकमकार्षीत्, तादृशसाधनसंपन्नोऽहं, तस्मात् अहमपि पाककृतिसाधकः ।**

આમ બીજી વ્યક્તિ જે કૃતિ કરે છે તેના જેવા ઉપકરણોવાળો પોતે છે તેવું પ્રતિસંધાન થવાથી પ્રવૃત્તિ થાય છે તેમ નક્કી થયું. તેથી કૃતિસાધ્યતા-જ્ઞાનને કારણ ન મનાય.

---

**मुक्तावली : तन्न, स्वकल्पितलिप्यादिप्रवृत्तौ यौवने कामोद्भेदादिना संभोगादिप्रवृतौ च तदभावात् । इदं तु बोध्यम् - इदानीन्तनेष्टसाधनत्वादि-ज्ञानं प्रवर्तकम्, तेन भावियौवराज्ये बालस्य न प्रवृत्तिः, तदानीं कृतिसाध्य-त्वाज्ञानात् । एवं तृप्तश्च भोजने न प्रवर्तते, तदानीमिष्टसाधनत्वाज्ञानात् । प्रवर्तते च दोषदूषितचित्तो विषादिभक्षणे, तदानीं बलवदनिष्टाननु-बन्धित्वज्ञानात् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** ના, તમારી આ વાત બરાબર નથી, કેમકે પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ બીજાની પ્રવૃત્તિ જોઈને 'હું પણ તે પ્રવૃત્તિ-યોગ્ય સાધનવાળો છું' એવું

પ્રતિસંધાન કરે છે અને તેથી તે પ્રવૃત્તિ કરે છે તેવું બનતું નથી. છતાં જો તમે તેમ જ કહેવા માંગો કે અમુકની પ્રવૃત્તિને જોઈને **तत्प्रवृत्तिप्रयुक्तसामग्रीसंपन्नोऽहम्** એવા પ્રતિસંધાનથી પ્રવૃત્તિ થાય છે તો યૌવનવયમાં સંભોગાદિમાં કોઈની પ્રવૃત્તિ જ ન થવાની આપત્તિ આવશે, કેમકે જેણે કોઈની સંભોગક્રિયા જોઈ નથી તેની સંભોગ-ક્રિયામાં યૌવનવયમાં પ્રવૃત્તિ તો થાય છે, તો અહીં તેવી ક્રિયાવાળા સાધનસંપન્ન કોઈનું પોતાનામાં પ્રતિસંધાન તો થયું જ નથી તો પ્રવૃત્તિ શી રીતે થઈ?

તે જ રીતે કોઈએ સાંકેતિક પોતાની લિપી બનાવી. હવે તે લિપીનો અર્થ બીજા તો કોઈ જાણતા જ નથી. હવે તે જ પુરૂષ પોતાની લિપીમાં પ્રવૃત્તિ કરે છે, પોતે તેનો અર્થ જાણે છે, તેથી પોતાને તો તેવી પ્રવૃત્તિ કરવામાં વાંધો નથી ને ? છતાં તમારા મતે તો તે પોતાની લિપીમાં પ્રવૃત્તિ જ નહીં કરી શકે, કેમકે તેણે કોઈને તે લિપીનો ઉપયોગ કરતા જોયો જ નથી કે જેને જોવાથી તેવા સાધનવાળો હું છું તેવું પ્રતિસંધાન થાય. વળી જે પ્રવૃત્તિ માત્ર પોતાને જ અનુભવસિદ્ધ હોય તેવી પ્રવૃત્તિ અન્ય ક્યાંય ન જોવા છતાં પણ તેમાં પ્રવૃત્તિ થાય છે, તેથી માનવું જ પડે કે તેવું પ્રતિસંધાન પ્રવૃત્તિ પ્રત્યે કારણ નથી.

તેથી હમણાનું જ ઈષ્ટસાધનતાનું જ્ઞાન, હમણાનું જ કાર્યસાધ્યતાનું જ્ઞાન અને હમણાનું જ બલવદનિષ્ટાનનુબંધિત્વનું જ્ઞાન પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે તેમ માનવું જરૂરી છે.

દેવદત્ત ત્રીસ વર્ષની ઉંમરે પચાસ કિલો વજન ઊંચકી શકતો હોવાથી સીત્તેર વર્ષની ઉંમરે પણ પચાસ કિલો વજન ઊંચકવામાં કૃતિસાધ્યતા-જ્ઞાન તો હાજર છે છતાં તે ઊંચકવાની પ્રવૃત્તિ કરતો નથી, કેમકે તે પૂર્વેનું કૃતિસાધ્યતા-જ્ઞાન છે. અત્યારે તો પંદર કિલો વજન પણ માંડ ઊંચકી શકે તેમ છે. આમ વર્તમાનકાલીન જ્ઞાન જ કારણ બને પણ ભૂતકાલીન કે ભવિષ્યકાલ સંબંધી જ્ઞાન કારણ ન બને. રાજપુત્રની ભાવિ યૌવરાજ્યમાં પ્રવૃત્તિ થતી જ નથી, કેમકે તેને ભાવિ કૃતિસાધ્યતાનું જ્ઞાન વર્તમાનમાં હાજર નથી.

તે જ રીતે જેને ભોજનથી તૃપ્તિ થઈ ગઈ છે તે પુરૂષને ભોજન પૂર્વે ઈષ્ટસાધનતાનું જ્ઞાન દૂધપાકમાં હતું તેથી તેની દૂધપાકમાં પ્રવૃત્તિ થઈ હતી, પણ તૃપ્તિ થઈ જવાથી હવે વર્તમાનમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન હાજર નથી, તેથી ભૂતકાલીન ઈષ્ટસાધનતા-જ્ઞાન હોવા છતાં તેની દૂધપાકના ભોજનમાં પ્રવૃત્તિ થતી નથી.

વિષભક્ષણમાં બલવદનિષ્ટાનુબંધિત્વનું જ્ઞાન છે તેથી તેમાં પ્રવૃત્તિ થતી નથી. પણ

વર્તમાન ક્ષણે જેનું ચિત્ત દોષથી દૂષિત બન્યું છે તેને બલવદનિષ્ટાનનુબંધિત્વનું જ્ઞાન થવાથી તેની પ્રવૃત્તિ વિષભક્ષણમાં થઈ જાય છે. આમ વર્તમાનકાલીન ઈષ્ટસાધનતાનું જ્ઞાન, કૃતિસાધ્યતાનું જ્ઞાન અને બલવદનિષ્ટાનનુબંધિત્વનું જ્ઞાન પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે તેમ નક્કી થાય છે.

---

**मुक्तावली : न चास्तिककामुकस्यागम्यागमने शत्रुवधादिप्रवृत्तौ च कथं बलवदनिष्टाननुबन्धित्वबुद्धिर्नरकसाधनत्वज्ञानादिति वाच्यम्, उत्कट-रागादिना नरकसाधनताधीतिरोधनात् । वृष्ट्यादौ तु कृतिसाध्यताज्ञानाभावान्न चिकीर्षाप्रवृत्ती, किन्त्विष्टसाधनताज्ञानादिच्छामात्रम् । कृतिश्च प्रवृत्तिरूपा बोध्या, तेन जीवनयोनियत्नसाध्ये प्राणपञ्चकसञ्चारे न प्रवृत्तिः ।**

---

**મુક્તાવલી : શંકાકાર** : જે આસ્તિક છે તે જાણે જ છે કે પરસ્ત્રી સાથે સંભોગ કરવો તે તથા શત્રુવધાદિ કરવા તે બલવદનિષ્ટનું કારણ છે, અર્થાત્ બલવદનિષ્ટાનનુબંધી નથી, તેથી પ્રવૃત્તિનું કારણ ત્યાં હાજર નથી છતાં તેવા આસ્તિક વડે પણ પરસ્ત્રીગમન, શત્રુવધ વગેરે પ્રવૃત્તિ થતી જોવા તો મળે જ છે. તો કારણ વિના ત્યાં પ્રવૃત્તિ શા માટે થાય છે ?

**નૈયાયિક** : પરસ્ત્રીગમન અને શત્રુવધાદિ બલવદનિષ્ટના અનુબંધી છે (એટલે નરકનું કારણ છે) અને અનનુબંધી નથી તેવું આસ્તિકને જ્ઞાન છે જ. પરંતુ ઉત્કટ રાગાદિના કારણે તે બુદ્ધિ આવરાઈ જાય છે, ઢંકાઈ જાય છે અને તેના કારણે પરસ્ત્રીગમન કે શત્રુવધાદિ બલવદનિષ્ટાનનુબંધી છે તેવી જ તેને બુદ્ધિ થાય છે. આમ રાગાદિના કારણે વર્તમાનકાલીન બલવદનિષ્ટાનનુબંધિત્વ બુદ્ધિરૂપ કારણ હાજર હોવાથી જ તેની પરસ્ત્રીગમનાદિમાં પ્રવૃત્તિ થાય છે.

વૃષ્ટિ વગેરેમાં કૃતિસાધ્યતાનું જ્ઞાન નથી તેથી તેની ચિકીર્ષા (હું વરસાદ પાડું એવા પ્રકારની) થઈ શકે નહીં, અને તેથી વરસાદ પાડવા રૂપ પ્રવૃત્તિ પણ થતી નથી. પરંતુ વૃષ્ટિમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન તો છે જ, તેથી વરસાદ પડે તો સારું તેવી ઈચ્છા થાય છે.

જે કૃતિસાધ્યતાના જ્ઞાનને કારણ કહ્યું તેમાં કૃતિ પ્રવૃત્તિરૂપ સમજવી. તેથી જીવનયોનિ રૂપ કૃતિ પ્રવૃત્તિરૂપ નથી, તેથી તેમાં સાધ્યતાનું જ્ઞાન ન હોય તો પણ આપત્તિ નથી. માંસાદિનું બનવું, રૂધિરનું સંચરણ થવું વગેરે સ્વતઃ થાય છે, તેમાં પ્રવૃત્તિ નથી.

**मुक्तावली : इत्थं च प्रवर्तकत्वानुरोधाद्विधेरपीष्टसाधनत्वादिकमेवार्थः । इत्थं च 'विश्वजिता यजेत' इत्यादौ यत्र फलं न श्रूयते तत्रापि स्वर्गः फलं कल्प्यते। ननु 'अहरहः सन्ध्यामुपासीत' इत्यादाविष्टानुत्पत्तेः कथं प्रवृत्तिः ? न चार्थवादिकं ब्रह्मलोकादि प्रत्यवायाभावो वा फलमिति वाच्यम्, तथा सति काम्यत्वेन नित्यत्वहान्यापत्तेः, कामनाभावे चाकरणापत्तेः, इत्थं च यत्र फलश्रुतिस्तत्रार्थवादमात्रमिति चेत् ?**

---

**मुक्तावली : શંકાકાર** : વેદના વાક્યો સાંભળીને જ માણસની યજ્ઞાદિમાં પ્રવૃત્તિ થાય છે તો ત્યાં ઈષ્ટસાધનતાદિ કારણો તો હાજર નથી છતાં પ્રવૃત્તિ શી રીતે થાય છે?

**નૈયાયિક** : વેદના વાક્યાદિ સાંભળીને પ્રવૃત્તિ થાય છે તેથી માનવું જ જોઈએ કે ત્યાં ઈષ્ટસાધનતાદિ કારણો હાજર છે. તેથી વિધ્યર્થ પ્રયોગવાળા જે જે વાક્યો હોય તેના અર્થ ઈષ્ટસાધનતાદિ કારણો કરવા જોઈએ.

**पचेत्, गच्छेत्, पतेत्, यजेत** । અહીં પાકાદિમાં પ્રવૃત્તિ થાય છે, કેમકે બલવદનિષ્ટાનનુબન્ધિત્વાદિ કારણો હાજર છે. **प्रवर्तकत्वानुरोधात् विधेः अपि इष्टसाधनत्वादिकमेवार्थः, प्रवृत्तिकारणत्वान्वयव्यतिरेकवत्त्वात्** । અર્થાત્ **अग्निष्टोमेन यजेत स्वर्गकामः** વગેરે વિધિવાક્યોથી પ્રવૃત્તિ થાય છે, તેથી ત્યાં ઈષ્ટસાધનતાદિ કારણો રહ્યા છે તેમ માનવું જોઈએ.

વિશ્વજિત્ વગેરે યજ્ઞોનું ફળ જણાવ્યું નથી ત્યાં સ્વર્ગને ફળ માનવું જોઈએ, કેમકે '**सः स्वर्गः सर्वान् प्रति अविशिष्टात्**' ન્યાયથી ત્યાં સ્વર્ગને ઈષ્ટ મનાય છે, તેથી વિશ્વજિતાદિ યજ્ઞમાં પણ ઈષ્ટસાધનતાનું જ્ઞાન '**यजेत**' વિધ્યર્થ-પ્રયોગથી થાય છે.

**શંકાકાર** : જ્યાં ફળ જણાવ્યું નથી ત્યાં તો વિશ્વજિત્ ન્યાયથી અમે ફળ તરીકે સ્વર્ગને માની લઈશું, પરંતુ કર્મ બે પ્રકારના છે : નૈમિત્તિક કર્મ અને નિત્ય કર્મ. ત્યાં નિત્યકર્મના તો કોઈ ફળ જ નથી તેમ સ્પષ્ટ જણાવ્યું છે, તેથી નૈમિત્તિક કર્મના ફળ તરીકે સ્વર્ગ મનાય પણ નિત્યકર્મના ફળ તરીકે તો સ્વર્ગાદિ મનાય જ નહીં. આમ સંધ્યા-વંદનાદિ નિત્યકર્મમાં ઈષ્ટની સાધનતાનું જ્ઞાન નથી તેથી તેમાં પ્રવૃત્તિ થવી ન જોઈએ, જ્યારે '**अहरहः सन्ध्यां उपासीत**' ના વિધ્યર્થ-પ્રયોગથી પ્રવૃત્તિ થાય છે તેનું શું ?

બ્રહ્મલોકની પ્રાપ્તિ તેનું ફળ છે તેમ પણ નહીં કહી શકાય, કેમકે તેમ કહેવાથી

સંધ્યાવંદનાદિનું પણ ફળ માનવાથી તેને નિત્યકર્મ ન માનવાની આપત્તિ આવશે, કેમકે નિત્યકર્મને ફળવાળા માન્યા નથી. તે જ રીતે પ્રત્યવાયાભાવ રૂપ ફળ પણ માની શકાશે નહીં. ફળવાળા માનવાથી જ્યાં સુધી ફળની ઈચ્છા હોય ત્યાં સુધી તે કર્મ થશે અને ઈચ્છા પૂર્ણ થતાં તે પ્રવૃત્તિ બંધ થઈ જતાં તે કર્મ અનિત્ય બની જવાની આપત્તિ આવશે.

હવે આ આપત્તિ દૂર કરવા તેને ફલરહિત માનો, અર્થાત્ તેનું કોઈ ફળ જ નથી તેમ કહો તો તે ઈષ્ટનું સાધન ન બનવાથી તેમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન નહીં થાય. અને તેથી કારણાભાવાત્ પણ તેમાં પ્રવૃત્તિ ન થવાની આપત્તિ આવશે, તેથી વિધ્યર્થ-પ્રયોગનો અર્થ તેવો ન કરાય.

વેદમાં જે બ્રહ્મલોકાવાપ્તિ અને પ્રત્યવાયાભાવને ફળ તરીકે જણાવેલા છે તેથી તેને અર્થવાદ (પ્રશંસાજનક વચનો) જ સમજવા, અર્થાત્ નિત્યકર્મનું (નિત્યત્વ-હાનિરૂપ આપત્તિને કારણે) ફળ માનવું નહિ.

બ્રહ્મલોક-પ્રાપ્તિ વગેરે જે ફળ જણાવ્યા છે તે માત્ર પ્રવૃત્તિ કરવા પ્રેરવા માટે જ જણાવ્યા છે. તેનું તે કર્મની પ્રવૃત્તિમાં જ તાત્પર્ય છે પણ તેના ફળની સત્તામાં તાત્પર્ય નથી. જેમ પંજાબીઓમાં નાનું બાળક દૂધ ન પીએ તો કહે છે કે, "બેટા ! દૂધ નહીં પીએ તો ચોટલી વધશે. **शिखा ते वर्धते वत्स ! गुडूचि( कडवी )मौषधिं पिब** । દૂધ પી, નહીં તો બાવો ઉપાડી જશે" વગેરે સ્થળે કથિત ફળની સત્તામાં તાત્પર્ય નથી પણ પ્રવૃત્તિની સત્તામાં જ તાત્પર્ય છે. તે રીતે પ્રસ્તુત નિત્યકર્મો બ્રહ્મલોકપ્રાપ્તિ કે પ્રત્યવાયાભાવ રૂપ ફળવાળા છે તેવા વેદવાક્ય-સ્થળે કથિત ફળની સત્તામાં તાત્પર્ય નથી પણ પ્રવૃત્તિની સત્તામાં તાત્પર્ય છે, તેથી તે નિત્યકર્મોને ફળ વિનાના માનવા જોઈએ. પણ તેમ માનવાથી ઈષ્ટસાધનતા-જ્ઞાનાભાવ થતાં પ્રવૃત્તિ ન થવાની આપત્તિ આવશે.

---

**मुक्तावली : न, ग्रहणश्राद्धादौ नित्यत्वनैमित्तिकत्वयोरिव भरणीश्राद्धे काम्यत्वनैमित्तिकत्वयोरिव नित्यत्वकाम्यत्वयोरप्यविरोधात् । न च कामनाभावेऽकरणापत्तिः, त्रिकालस्तवपाठादाविव कामनासद्भावस्यैव कल्पनात् । ननु वेदबोधितकार्यताज्ञानात् प्रवृत्तिः सम्भवत्येवेति चेत् ? न, इष्टसाधनत्वमविज्ञाय तादृशकार्यताज्ञानसहस्रेणापि प्रवृत्तेरसम्भवात् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** ના, તે નિત્યકર્મોનું ફળ માનવા છતાં પણ તેઓ અનિત્ય થઈ જવાની આપત્તિ આવતી નથી, કેમકે નિત્યત્વ અને નૈમિત્તિકત્વનો એકસાથે વિરોધ

સર્વત્ર હોય જ તેવું નથી. ગ્રહણ અને શ્રાદ્ધવિધિમાં નિત્યત્વ અને નૈમિત્તિકત્વ સાથે રહે જ છે ને !

જુઓ; **उपरागे ( ग्रहणे ) स्नायात् । भरणिनक्षत्रे श्राद्धं कुर्यात् ।**

અહીં આ બે ય નિત્યકર્મો છે, કેમકે ગ્રહણ-સમયે નિત્ય સ્નાન કરવા જણાવેલું છે અને જ્યારે જ્યારે ભરણી નક્ષત્ર હોય ત્યારે અવશ્ય શ્રાદ્ધ કરવાનું જણાવ્યું છે તેથી નિત્યકર્મ છે. વળી સ્નાન ગ્રહણના નિમિત્તે અને શ્રાદ્ધ ભરણી નક્ષત્ર આવે ત્યારે કરવાનું છે તેથી બંને નૈમિત્તિક કર્મો પણ છે. આમ નિત્યકર્મત્વ અને નૈમિત્તિક કર્મત્વ એક જ કર્મમાં સાથે રહી શકે છે, એમ સંધ્યાવંદનાદિમાં નિત્યત્વ-કામ્યત્વનો વિરોધ નથી. એટલે કે એમાં અહરહઃ વગેરે વાક્યથી પ્રતિપાદિત નિત્યત્વ પણ છે અને **सन्ध्यामुपासते** વગેરે વાક્યથી પ્રતિપાદિત કામ્યત્વ પણ છે એવું અવિરોધપણે માની શકાય છે. એટલે એના ફળ તરીકે બ્રહ્મલોકાદિ માનવામાં કોઈ વાંધો નથી. તેથી તેમાં ફળ માનવામાં અનિત્ય બની જવાની આપત્તિ આવશે નહીં, કેમકે તેમાં નૈમિત્તિકત્વ માનેલું જ છે.

**શંકાકાર :** જો આ રીતે તમે ત્યાં ફળની કલ્પના કરશો તો જ્યારે તેની કામના નહીં હોય ત્યારે અકરણની આપત્તિ આવશે ને ? કેમકે કામનાજ્ઞાન વિના પ્રવૃત્તિ થાય નહીં.

**નૈયાયિક :** ના, તે આપત્તિ નહીં આવે, કેમકે **त्रिकालस्तवपाठकारकः सर्वान् कामान् आप्नुयात्** સ્થળે સર્વકામરૂપ કામ્ય હોવા છતાં તેનું નિત્યત્વ રહે જ છે તેમ અહીં પણ ફળ માનવા છતાં નિત્યત્વ રહેશે જ. જે કોઈમાં નિત્યત્વ હોય તેમાં ફળ હોય જ અને તેથી તેની કામના પણ હોય જ તેવી કલ્પના કરવી ઉચિત છે, કેમકે જો તેમ માનવામાં ન આવે તો પ્રવૃત્તિ જ ન થવાની આપત્તિ આવે છે.

**શંકાકાર :** પણ વેદમાં જણાવેલા વિધ્યર્થ '**उपासीत**' પ્રયોગથી જ કૃતિસાધ્યતા-જ્ઞાન થઈ જશે અને તેથી પ્રવૃત્તિ પણ થઈ જશે, તેથી ફળ માનવાની જરૂર નથી.

**નૈયાયિક :** જ્યાં સુધી ઇષ્ટસાધનતાનું જ્ઞાન ન થાય ત્યાં સુધી બીજા સેંકડો જ્ઞાન થાય તો પણ પ્રવૃત્તિ થવાની શક્યતા નથી. દિવસ દરમ્યાન ઘણાંની ઘણી બધી સલાહ સાંભળવા મળે છે પણ તેમાંની જે સલાહમાં આપણને ઈષ્ટસાધનતાનું જ્ઞાન થાય છે તેનો જ અમલ કરીએ છીએ. તેથી ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ તરીકે માનવું જ જોઈએ, તેથી તમારે નિત્યકર્મોમાં પણ ફળ માનવું પડશે, કેમકે તેમાં ફળ નહીં માનો તો ઈષ્ટસાધનતા-જ્ઞાન જ નહીં થાય.

---

**मुक्तावली : यदपि पण्डापूर्वं फलमिति, तदपि न कामनाभावेऽकरणापत्ते**

स्तौल्यात् । कामनाकल्पने त्वार्थवादिकं फलमेव रात्रिसत्रन्यायात्कल्प्यते । अन्यथा प्रवृत्त्यनुपपत्तेः । तेनानुत्पत्तिमेव प्रत्यवायस्यान्ये मन्यन्ते । एवं "सन्ध्यामुपासते ये तु सततं शंसितव्रताः । विधूतपापास्ते यान्ति ब्रह्मलोकमनामयम् ॥" एवं "दद्यादहरहः श्राद्धं पितृभ्यः प्रीतिमावहन्" इत्यादिवचनप्रतिपादितब्रह्मलोकप्रीत्यादिकमेव फलमस्तु ।

---

**મુક્તાવલી : પ્રભાકર :** અમે ત્યાં સ્વર્ગાદિને ફળ માનવા કરતાં પંડાપૂર્વને ફળ માનશું. નિત્યકર્મથી એવું અપૂર્વ ઉત્પન્ન થાય છે કે જે સ્વર્ગાદિ ફળનું જનક નથી, અર્થાત્ પંડ (નપુંસક) છે. અને નપુંસક જેવું જે અપૂર્વ તે પંડાપૂર્વ કહેવાય. જેમ નપુંસક દ્વારા કોઈ ફલપ્રાપ્તિ થતી નથી તેમ પંડાપૂર્વ દ્વારા પણ સ્વર્ગાદિ ફળ પ્રાપ્ત થતા નથી. આમ બ્રહ્મલોકાવાપ્તિ કે પ્રત્યવાયાભાવને ફળ તરીકે જણાવનારા જે વાક્યો છે તેને ફળ ન માનતા આર્થવાદિક જ માનવા જોઈએ.

**નૈયાયિક :** જો તેનું પંડાપૂર્વ ફળ માનશો તો તેમાં કોઈને કામનાબુદ્ધિ થશે જ નહીં. પરિણામે પ્રવૃત્તિ જ ન થવાની પૂર્વવત્ આપત્તિ આવીને ઊભી જ રહેશે. અને તેથી જો તેમાં કામના માનવી જ હોય તો તમારે ત્યાં આર્થવાદિક વાક્યમાં જણાવ્યા પ્રમાણેનું ફળ માનવું જ જોઈએ, અર્થાત્ સ્વર્ગાવાપ્તિને ફળ માનવું જોઈએ. જેમ રાત્રિસત્ર નામના યજ્ઞમાં વિધિવાક્યથી કોઈ ફળ નથી બતાવ્યું તો આર્થવાદિક જ ફળ કલ્પ્યું છે તેમ અહીં પણ આર્થવાદિક ફળ કલ્પવું જોઈએ. જો તેમ નહીં કલ્પો તો ઈષ્ટસાધનતા-જ્ઞાનાભાવે પ્રવૃત્તિ જ ન થવાની આપત્તિ આવશે.

કેટલાક કહે છે કે સારું, તમારે (મીમાંસકોને) નિત્યકર્મમાં ફળની કલ્પના નથી કરવી ને ? તો કાંઈ વાંધો નહીં, ત્યાં સ્વર્ગફળની કલ્પના નહીં કરતા પણ પ્રત્યવાયની અનુત્પત્તિની, અર્થાત્ પાપની અનુત્પત્તિની કલ્પના કરજો. નિત્યકર્મનું ફળ કાંઈ જ નથી, પણ જો નિત્યકર્મ ન કરવામાં આવે તો પાપ લાગે, તેથી જો નિત્યકર્મ કરો તો પાપની અનુત્પત્તિ થાય. બસ, તેથી પાપની અનુત્પત્તિના સાધન એવા સંધ્યાવંદનાદિમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન થશે. તેથી હવે પ્રવૃત્તિ ન થવાની આપત્તિ નહીં આવે.

**શંકાકાર :** જો પ્રત્યવાયાનુત્પત્તિને ઈષ્ટ માનશો તો સંધ્યાવંદનાદિ નિત્યકર્મમાં તો ઈષ્ટસાધનતા-જ્ઞાન આવી જશે. પણ જે શ્રાદ્ધાદિ કાર્ય છે ત્યાં તો પ્રત્યવાયાનુત્પત્તિ ઈષ્ટ તરીકે માની શકાય તેમ નથી તો ત્યાં પ્રવૃત્તિ શી રીતે થશે ?

**નૈયાયિક** : ત્યાં પિતા વગેરેની પ્રીતિને ઈષ્ટ તરીકે માનીશું અને તેથી પિતૃ-શ્રાદ્ધાદિમાં પણ ઈષ્ટસાધનતાનું જ્ઞાન થવાથી પ્રવૃત્તિ થશે.

---

**मुक्तावली : न च पितृप्रीतिः कथं फलं ? व्यधिकरणत्वादिति वाच्यम्, गयाश्राद्धादाविवोद्देश्यत्वसम्बन्धेनैव फलजनकत्वस्य क्वचित्कल्पनात् । अत एवोक्तं- शास्त्रदर्शितं फलमनुष्ठानकर्तरीत्युत्सर्ग' इति । पितृणां मुक्तत्वे तु स्वस्य स्वर्गादिफलं, यावन्नित्यनैमित्तिकानुष्ठानस्य सामान्यतः स्वर्ग-जनकत्वात् । पण्डापूर्वार्थं प्रवृत्तिश्च न सम्भवति ।**

---

**મુક્તાવલી : શંકાકાર** : શ્રાદ્ધ કરનાર પુત્રો તો અહીં છે, જ્યારે જેમને પ્રીતિ થવાનું કહો છો તે પિતાઓ તો મૃત્યુ પામ્યા હોવાથી હાજર જ નથી. તો અહીં થતી ક્રિયા દ્વારા અહીં ન રહેલા પિતાઓને પ્રીતિ શી રીતે થઈ શકે ? આમ પિતાની પ્રીતિને ફળ માનો તો વ્યધિકરણાપત્તિ આવશે.

**નૈયાયિક** : જેમ ગયામાં શ્રાદ્ધ કરવામાં આવે તો પણ જેના ઉદ્દેશ્યથી શ્રાદ્ધ કર્યું હોય તેને તેનું ફળ મળે છે તેમ અહીં પણ 'પિતાને પ્રીતિ થાય' તેવા ઉદ્દેશ્યથી શ્રાદ્ધ કર્યું હોવાથી પિતાને પ્રીતિ થાય છે તેવું માનવામાં કોઈ વિરોધ નથી. ઉદ્દેશ્ય-સંબંધથી શ્રાદ્ધ અને પ્રીતિ બંને એક જ અધિકરણમાં રહી જશે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે અનુષ્ઠાન કરનારને ફળ મળે તે ઔત્સર્ગિક છે, અર્થાત્ તેમાં અપવાદ પણ હોઈ શકે છે. તેથી અનુષ્ઠાન કરનાર પુત્રો હોય અને પ્રીતિ પિતાને થાય તેવું માનવામાં વિરોધ નથી.

**શંકાકાર** : પણ જો પિતાની મુક્તિ થઈ ગઈ હોય તો મુક્તિમાં સુખ, દુઃખ વગેરે તો હોતા જ નથી. તેથી પિતાના ઉદ્દેશ્યથી કરાયેલા શ્રાદ્ધાદિ પિતાને પ્રીતિ શી રીતે આપશે ?

**નૈયાયિક** : પિતાની જો મુક્તિ થઈ ગઈ હોય તો તેમની પ્રીતિના ઉદ્દેશ્યથી કરાયેલા શ્રાદ્ધાદિ તેમને પ્રીતિ આપનારા થતા નથી, કેમકે મુક્તિમાં સુખનો અભાવ છે. વળી **असति विशेषफले सामान्यफलयोगावश्यकत्वात्** એવો નિયમ છે તેથી પિતાની મુક્તિ થઈ જવાથી અનુષ્ઠાન કરનારને જ તેના ફળની પ્રાપ્તિ થશે. જેટલા નિત્ય અને નૈમિત્તિક અનુષ્ઠાનો છે તે બધાનું આવા પ્રસંગે સામાન્યતઃ સ્વર્ગને ફળ કલ્પેલું છે. તેથી પંડાપૂર્વ

જેનું ફળ હોય તેમાં તો કોઈની પ્રવૃત્તિ થઈ શકવાની જ નથી, કેમકે તેમાં ઈષ્ટસાધનતા-જ્ઞાનનો અભાવ છે.

---

**मुक्तावली : न हि तत्सुखदुःखाभाववत्स्वतः पुरुषार्थोः, न वा तत्साधनम् । प्रत्यवायानुत्पत्तौ कथं प्रवृत्तिरिति चेत् ? इत्थम्-यथा हि नित्ये कृते प्रत्यवायाभावस्तिष्ठति तदभावे तदभावः, एवं प्रत्यवायाभावस्य सत्त्वे दुःखप्रागभावसत्त्वं तदभावे तदभाव इति योगक्षेमसाधारणकारणताया दुःखप्रागभावं प्रत्यपि सुवचत्वात् । एवमेव प्रायश्चित्तस्यापि दुःखप्रागभाव-हेतुत्वमिति ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** સામાન્યતઃ સુખ કે સુખના સાધનમાં અને દુઃખાભાવ કે દુઃખાભાવના સાધનમાં જ પુરૂષાર્થ થાય છે પણ તે સિવાયના વિષયમાં પુરૂષાર્થ થતો નથી. સંધ્યાવંદનાદિ નિત્યકર્મો સુખ કે સુખનું સાધન નથી કે નથી દુઃખાભાવ કે નથી દુઃખાભાવનું સાધન. તો પછી તેમાં પુરૂષાર્થ સંભવી જ શી રીતે શકે ? તમે તો નિત્યકર્મનું ફળ પ્રત્યવાય-અનુત્પત્તિ માનો છો, તેથી ઉપરોક્ત ચારમાંથી કોઈપણ ફળ તેનું ન હોવાથી કારણ ન હોવા છતાં પ્રવૃત્તિ થવાની આપત્તિ આવશે.

**નૈયાયિક :** નિત્યકર્મો કરવાથી પ્રત્યવાયનો અભાવ રહે છે, કેમકે પ્રત્યવાયની ઉત્પત્તિ થતી નથી, અને જો પ્રત્યવાયાનુત્પત્તિનો અભાવ = પ્રત્યવાયોત્પત્તિ હોય તો નિત્યકર્મ હોતું નથી, અર્થાત્ નિત્યકર્મ ન કરો તો પાપ બંધાય છે, તેથી જો પાપ બંધાયું હોય તો નિત્યકર્મ ત્યાં નથી તેમ નક્કી થાય છે.

**नित्यकर्मसत्त्वे प्रत्यवायानुत्पत्तिसत्त्वम् ।**

**प्रत्यवायानुत्पत्त्यभावसत्त्वे = प्रत्यवायसत्त्वे नित्यकर्मासत्त्वम् ।**

આમ નિત્યકર્મ અને પ્રત્યવાયાનુત્પત્તિના અન્વય-વ્યતિરેક મળે છે.

વળી જો પ્રત્યવાયાભાવ હોય તો દુઃખનો પ્રાગભાવ હોય, કેમકે પ્રત્યવાયથી દુઃખ ઉત્પન્ન થાય, તેથી પ્રત્યવાય(પાપ)ના અભાવે દુઃખનો પ્રાગભાવ હોય જ. અને દુઃખનો પ્રાગભાવ ન હોય ત્યારે પ્રત્યવાય હોય, અર્થાત્ પ્રત્યવાયાભાવાભાવ હોય.

આમ પ્રત્યવાયાભાવ = પ્રત્યવાયાનુત્પત્તિ અને દુઃખપ્રાગભાવના પણ અન્વય-વ્યતિરેક મળે છે.

આમ જો નિત્યકર્મ હોય તો પ્રત્યવાયાનુત્પત્તિ હોય અને પ્રત્યવાયાભાવ હોય તો દુઃખપ્રાગભાવ હોય, તેથી નિત્યકર્મ હોય તો દુઃખપ્રાગભાવ હોય તેમ પણ નક્કી થાય. આમ નિત્યકર્મ એ દુઃખપ્રાગભાવનું સાધન બન્યું અને દુઃખપ્રાગભાવ = દુઃખાભાવ તો ઈષ્ટ છે, તેથી નિત્યકર્મ ઈષ્ટસાધન બનતાં તેમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન થશે: અને તેથી તેમાં પ્રવૃત્તિ થાય તો કોઈ જ આપત્તિ નથી.

**अप्राप्तस्य प्राप्तिः योगः, सिद्धस्य रक्षणं क्षेमः ।**

પ્રત્યવાયાભાવની પ્રવૃત્તિ પ્રત્યે કારણતા અપ્રાપ્ત છે. અહીં દુઃખપ્રાગભાવની સાથે પ્રત્યવાયાભાવની વ્યાપ્તિ લેવા દ્વારા પ્રત્યવાયાભાવની કારણતા પ્રાપ્ત કરવામાં આવી તે યોગ થયો અને સિદ્ધ એવા દુઃખપ્રાગભાવનું તે દ્વારા જે રક્ષણ થયું તે ક્ષેમ થયો. આમ દુઃખપ્રાગભાવના યોગ અને ક્ષેમની સાધારણ-કારણતા નિત્યકર્મમાં રહેલી છે.

તે જ રીતે દુઃખપ્રાગભાવના યોગ અને ક્ષેમની સાધારણ-કારણતા પ્રાયશ્ચિત્તમાં પણ રહેલી છે. પ્રાયશ્ચિત્ત કરો તો પ્રત્યવાયાભાવ થાય અને પ્રત્યવાયાભાવ હોય તો દુઃખાભાવ હોય, તેથી પ્રાયશ્ચિત્તમાં પણ દુઃખાભાવની કારણતા છે.

---

**मुक्तावली : ननु न कलञ्जं भक्षयेदित्यत्र विध्यर्थे कथं नञर्थान्वयः ? इष्टसाधनत्वाभावस्य कृतिसाध्यत्वाभावस्य च बोधयितुमशक्यत्वादिति चेत् ? न, तत्र बाधादिष्टसाधनत्वं कृतिसाध्यत्वं च न विध्यर्थः, किन्तु बलवदनिष्टाननुबन्धित्वमात्रं तदभावश्च नञा बोध्यते । अथवा बलवदनिष्टाननुबन्धित्वविशिष्टेष्टसाधनत्वे सति कृतिसाध्यत्वं विध्यर्थः । तदभावश्च नञा बोध्यमानो विशिष्टाभावो विशेष्यवति विशेषणाभावे विश्राम्यति ।**

---

**મુક્તાવલી : શંકાકાર : न कलञ्जं भक्षयेत् ।** અહીં વિધ્યર્થમાં નञ્નો અન્વય કેવી રીતે કરશો ? (કલઞ્જ = માંસ અથવા ઝેર પાયેલા બાણથી હણાયેલા હરણનું માંસ અથવા કાલિંગડું નામનું ફળ કે રાતું લસણ.)

અહીં વિધ્યર્થનો અર્થ તો ઈષ્ટસાધનતા-જ્ઞાન, કૃતિસાધ્યતા-જ્ઞાન અને બલવદનિષ્ટાનનુબન્ધિત્વ છે. હવે તે વિધ્યર્થ સાથે જો નञ્નો અન્વય કરવામાં આવે તો તેમાં ઈષ્ટસાધનતાભાવ, કૃતિસાધ્યતાભાવ અને બલવદનિષ્ટાનનુબંધિત્વાભાવ માનવાની આપત્તિ આવશે, કેમકે તેના દ્વારા ભૂખના દુઃખનો અભાવ થાય છે, તેથી

તેમાં ઈષ્ટસાધનતા-જ્ઞાન તો છે જ. વળી તેનામાં **इदं मत्कृतिसाध्यम्** તેવું કૃતિસાધ્યતાનું જ્ઞાન પણ છે. આમ ઈષ્ટસાધનતા-જ્ઞાન અને કૃતિસાધ્યતા-જ્ઞાન હોવા છતાં નઞ્નો વિધ્યર્થ સાથે અન્વય થતાં તેનો અભાવ માનવાની આપત્તિ આવે છે.

**નૈયાયિક :** તમારી વાત સાચી છે કે નઞ્નો વિધ્યર્થ સાથે અન્વય કરવાથી ઈષ્ટસાધનતા-જ્ઞાન અને કૃતિસાધ્યતા-જ્ઞાનનો અર્થ બાધિત થઈ જાય છે. પણ તેથી નઞ્ના અર્થનો અન્વય વિધ્યર્થના ત્રણે અંશો સાથે ન કરતાં જે અંશની સાથે અન્વય કરતાં બાધ ન આવતો હોય તેવા અંશ સાથે જ કરવો. અહીં બે અર્થ સાથે અન્વય કરતાં બાધ આવતો હોવાથી નઞ્નો અન્વય વિધ્યર્થના ત્રીજા અંશ બલવદનિષ્ટાનનુબન્ધિત્વ સાથે કરવો. તેથી તેમાં બળવાન અનિષ્ટના અનનુબંધિત્વનો અભાવ છે તેવો અર્થ થશે. અને આમ બલવદનિષ્ટાનનુબન્ધિત્વરૂપ કારણ હાજર ન હોવાથી તેમાં પ્રવૃત્તિ થશે નહીં.

અથવા તો વિધ્યર્થનો અર્થ **बलवदनिष्टाननुबन्धीष्टसाधनत्वे सति कृतिसाध्यत्वम** કરવો. હવે તેનો નઞ્ સાથે અન્વય કરતાં વિશિષ્ટાભાવ થશે. તે વિશિષ્ટાભાવ વિશેષણાભાવપ્રયુક્ત, વિશેષ્યાભાવપ્રયુક્ત અને ઉભયાભાવપ્રયુક્ત એમ ત્રણ પ્રકારે છે. અહીં નઞ્ સાથે વિધ્યર્થનો અન્વય કરતાં વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ અર્થ થશે, અર્થાત્ અહીં નઞ્નો અન્વય વિશેષણ સાથે થશે, અર્થાત્ બલવદનિષ્ટાનનુબન્ધિત્વ સાથે થશે અને તેથી બલવદનિષ્ટાનનુબન્ધિત્વનો અભાવ થતાં માંસભક્ષણમાં પ્રવૃત્તિ થશે નહીં.

---

**मुक्तावली : ननु 'श्येनेनाऽभिचरन्यजेत' इत्यादौ कथं बलवदनिष्टाननुबन्धित्वं विध्यर्थः। श्येनस्य मरणानुकूलव्यापारस्य हिंसात्वेन नरकसाधनत्वात् । न च वैधत्वान्न निषेध इति वाच्यम्, अभिचारे प्रायश्चित्तोपदेशात् ।**

---

**મુક્તાવલી : પૂર્વપક્ષ : श्येनेन अभिचरन् यजेत = वैरिमरणं कामयन् यज्ञं कुर्यात्** તેવું વેદવિહિત વાક્ય છે. હવે અહીં **यजेत** એ વિધ્યર્થ પ્રયોગ છે, તેથી તમારા મતે તો તેનો અર્થ બલવદનિષ્ટાનનુબન્ધિત્વ થવો જોઈએ અને તો જ તેમાં પ્રવૃત્તિ થાય. પણ શ્યેનયજ્ઞ તો બલવદનિષ્ટાનુબન્ધિ છે, કેમકે તે શત્રુના મરણને અનુકૂળ વ્યાપાર છે અને તેથી હિંસાત્મક છે. અને હિંસા એ નરકનું કારણ છે, તેથી તે બલવદનિષ્ટાનુબંધી બની ગયું. તેથી પ્રવૃત્તિ ન થવી જોઈએ ને ?

**શંકાકાર :** શ્યેનયજ્ઞનું વિધાન વેદમાં હોવાથી તે તો વેદવિહિત હિંસા કહેવાય અને તેથી તે હિંસામાં કોઈ તેવો દોષ નથી. તેથી બલવદનિષ્ટાનનુબન્ધિત્વ તેમાં છે તેમ માનવું જોઈએ.

**પૂર્વપક્ષ :** ના, વેદમાં અભિચાર(વૈરિમરણકામનાથી કરાયેલ શ્યેનયજ્ઞ)નું પ્રાયશ્ચિત્ત કહ્યું છે તેથી તે હિંસાનો નિષેધ થઈ જ ગયો, તેથી તેને બલવદનિષ્ટાનુબંધી જ કહેવાય. જો શ્યેનયાગને હિંસાત્મક ન માનો તો તેના પ્રાયશ્ચિત્તનું કથન શા માટે હોય ? તેથી શ્યેનયજ્ઞ હિંસાત્મક છે.

મરણને અનુકૂળ વ્યાપાર કરવો તે હિંસા છે. શ્યેનયાગ મરણાનુકૂલ વ્યાપાર છે તેથી તે હિંસાત્મક છે.

---

**मुक्तावली : न च मरणानुकूलव्यापारमात्रं यदि हिंसा, तदा खड्गकारस्य कूपकर्तुश्च हिंसकत्वापत्तिर्गललग्नान्नभक्षणजन्यमरणे स्वात्मवधत्वापत्तिश्चेति वाच्यम्, मरणोद्देश्यकत्वस्यापि विशेषणत्वात्, अन्योद्देश्यकक्षिप्तनाराचहतब्राह्मणस्य तु वाचनिकं प्रायश्चित्तमिति चेत् ? न, तत्र बलवदनिष्टाननुबन्धित्वस्य विध्यर्थत्वाभावात् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** જો માત્ર મરણાનુકૂલ વ્યાપારને જ હિંસા કહેશો તો જે લુહારો તલવાર બનાવે છે તે પણ તેનો મરણાનુકૂલ વ્યાપાર જ છે, તેથી તે લુહારને પણ હિંસક કહેવાની આપત્તિ આવશે. અરે, જે કુવો ખોદે છે તે કુવામાં ક્યારેક કોઈની પડીને મરી જવાની શક્યતા છે, તેથી તે કુવો ખોદનારે પણ મરણાનુકૂલ વ્યાપાર કર્યો હોવાથી તમારે તેને પણ હિંસક કહેવો પડશે. આપત્તિ માત્ર અહીં જ અટકતી નથી, સાક્ષાત્ મને અને તમને પણ હિંસક માનવાની આપત્તિ આવશે, કેમકે ક્યારેક ગળામાં અન્નાદિ ફસાઈ જતાં મૃત્યુ થઈ જાય છે ત્યારે અન્ન ખાધું તો ફસાયું ને ? તેથી અન્ન ખાવા રૂપ મરણાનુકૂલ વ્યાપાર પોતાના વડે જ થયો હોવાથી પોતાને જ પોતાનો હિંસક માનવાની આપત્તિ આવશે. તેથી માત્ર મરણાનુકૂલ વ્યાપારને હિંસા મનાય નહીં.

**પૂર્વપક્ષ :** અમે માત્ર મરણાનુકૂલ વ્યાપારને હિંસા કહેતા નથી પણ મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપારને હિંસા કહીએ છીએ. તેથી લુહાર, કુવો ખોદનાર કે અન્ન ખાનારને મૃત્યુનો ઉદ્દેશ જ નથી, તેથી તેનો વ્યાપાર મરણાનુકૂલ હોવા છતાં મરણોદ્દેશ્યક નથી, તેથી તે હિંસા જ ન હોવાથી તે વ્યાપારવાળાને હિંસક માનવાની

આપત્તિ જ નથી. જ્યારે શ્યેનયાગમાં તો દુશ્મનના મરણનો ઉદ્દેશ છે જ, તેથી તે મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર હોવાથી હિંસા છે જ.

**શંકાકાર** : જો મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપારને હિંસા માનશો તો પણ આપત્તિ તો આવશે જ. કોઈકે વાઘને મારવા બાણ છોડ્યું પણ વચ્ચે બ્રાહ્મણ આવી જતાં નિર્દોષ એવો તે બ્રાહ્મણ બાણ વાગવાથી મરી ગયો. હવે અહીં બાણ મારનારનો બ્રાહ્મણને મારવાનો ઉદ્દેશ હતો જ નહીં. આમ મરણાનુકૂલ વ્યાપાર હોવા છતાં તે મરણોદ્દેશ્યક ન હોવાથી તમારા મતે તે હિંસા જ નહીં કહેવાય અને તેથી તેને હિંસક પણ મનાશે નહીં.

**પૂર્વપક્ષ** : નહિ, '**सेतौ स्नानमात्रेण ब्रह्महत्यां व्यपोहति**' એવા વચનથી બ્રાહ્મણ માત્રના વધનું સેતુસ્નાનાદિ પ્રાયશ્ચિત્ત કહેલું છે. એટલે કે સામાન્યતઃ બ્રાહ્મણ-વધનું આ જ પ્રાયશ્ચિત્ત હોવાથી અહીં પણ અન્યોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર હોવા છતાં બ્રાહ્મણના અકસ્માત્ મરણને પણ સામાન્યતઃ પ્રાયશ્ચિત્ત-વિધાનબલાત્ હિંસાત્મક જ કહેવાય. આમ શ્યેનયાગ-સ્થળે મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર હોવાથી તે હિંસાત્મક છે જ. અને તેથી નરકફલબલાત્ તેમાં બલવદનિષ્ટાનનુબંધિત્વ રહી શકશે નહીં, તેથી વિધ્યર્થનો અર્થ બલવદનિષ્ટાનનુબંધિત્વ શી રીતે કરાય ?

---

**मुक्तावली : वस्तुतः श्येनवारणायादृष्टाद्वारकत्वेन विशेषणीयम्, अत एव काशीमरणार्थं कृतशिवपूजनादेरपि न हिंसात्वम् । न च साक्षान्मरण-जनकस्यैव हिंसात्वं, श्येनस्तु न तथा, किन्तु तज्जन्यापूर्वमिति वाच्यम्, खड्गघातेन ब्राह्मणे व्रणपाकपरम्परया मृते हिंसात्वानापत्तेः ।**

---

**મુક્તાવલી : નૈયાયિક** : હિંસાનો અર્થ મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર ન કરતાં **अदृष्टाद्वारकत्वे सति मरणोद्देश्यकत्वे सति मरणानुकूलव्यापारः** કરવો. અર્થાત્ જેમાં અદૃષ્ટ દ્વાર તરીકે કાર્ય ન કરતું હોય તેવો મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર જ હિંસા કહેવાય. શ્યેનયાગમાં તો અદૃષ્ટ દ્વાર = વ્યાપાર બને છે. શ્યેનયાગ દ્વારા એવું અદૃષ્ટ પેદા થાય છે કે જે શત્રુનો વધ કરે છે. આમ શ્યેનયાગ મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર છે, પણ તે વચ્ચે અદૃષ્ટનો સહારો લે છે માટે તેને હિંસાત્મક મનાય નહીં. તેથી તેમાં બલવદનિષ્ટાનનુબન્ધિત્વ છે જ. તેથી ત્યાં રહેલા વિધ્યર્થ '**यजेत**'નો અર્થ બલવદ-નિષ્ટાનનુબન્ધિત્વ કરવામાં કોઈ દોષ નથી.

**શંકાકાર** : પણ અદૃષ્ટ દ્વાર બને તો હિંસા ન કહેવાય અને અદૃષ્ટ દ્વાર ન બને તો

હિંસા કહેવાય તેમ કેમ કહો છો ?

**નૈયાયિક :** જો તેમ ન માનો તો તમારે કાશીમાં મરણ થાય તે માટે કરાતી શિવપૂજાને પણ હિંસાત્મક માનવાની આપત્તિ આવશે. પોતાનું મરણ કાશીમાં થાય તે માટે વૈદિક લોકો શિવપૂજા કરે છે, તેથી તે શિવપૂજા મરણોદ્દેશ્યક મરણાનુકૂલ વ્યાપાર બની ગઈ, તેથી તે હિંસાત્મક પણ બની જાય. પણ શિવપૂજા હિંસાત્મક છે જ નહીં, કેમકે શિવપૂજા વડે અદૃષ્ટ પેદા થાય છે જે અદૃષ્ટ તેને કાશીમાં મૃત્યુ અપાવે છે. આમ વચ્ચે અદૃષ્ટ દ્વાર બને છે તેથી તે હિંસા કહેવાતી નથી તેમ અહીં પણ વચ્ચે અદૃષ્ટ દ્વાર બને છે. શ્યેનયાગથી અદૃષ્ટ પેદા થાય છે જે પોતે શત્રુનો નાશ કરે છે. માટે શ્યેનયાગ હિંસાત્મક નથી.

**તટસ્થ શંકાકાર :** અરે નૈયાયિકો ! તમે તો વાતવાતમાં લાઘવ કરનારા આજે અહીં ગૌરવ કેમ કરી બેઠા ? લાઘવાત્ એમ જ કહો ને કે **साक्षान्मरणजनकत्वम् हिंसात्वम्।** ખડ્ગ વગેરે દ્વારા સાક્ષાત્ કોઈનું મરણ કરવું તે જ હિંસા છે. હવે શ્યેનયાગ દ્વારા સાક્ષાત્ શત્રુવધ નથી થતો પણ શ્યેનયાગથી અદૃષ્ટ પેદા થાય છે અને અદૃષ્ટથી શત્રુનાશ થાય છે. તેથી શ્યેનયાગમાં **साक्षान्मरणजनकत्वम्** નથી તેથી શ્યેનયાગ હિંસાત્મક ન બનતાં વિધ્યર્થનો બલવદનિષ્ટાનનુબન્ધિત્વ અર્થ ઉપપન્ન થઈ જશે.

**નૈયાયિક :** ના, તેમ ન કહી શકાય, કેમકે કોઈએ બ્રાહ્મણને સાક્ષાત્ ખડ્ગ માર્યું પરંતુ તે બ્રાહ્મણનું મૃત્યુ થયું નહીં, તેને ઘા જ પડ્યા. તેથી તે મરણજનક વ્યાપાર ન થવાથી હિંસા નહીં કહેવાય. કેટલાક કાળ પછી ઘા પાકી જવાથી તે બ્રાહ્મણનું મૃત્યુ થયું. હવે અહીં સાક્ષાન્મરણનો જનક કોઈ વ્યાપાર જ નથી કે જે વ્યાપાર કરનારાને હિંસક કહેવાય. તેથી ખડ્ગપ્રહારને હિંસા ન માનવાની આપત્તિ આવે છે. તેથી અમે જણાવ્યા પ્રમાણે 'વચ્ચે અદૃષ્ટ દ્વાર ન બને તો હિંસા' તેવું માનવું જ પડશે. અહીં વચ્ચે અદૃષ્ટ દ્વાર નથી બન્યું તેથી હિંસા છે જ અને ખડ્ગપ્રહાર કરનાર હિંસક પણ બનશે જ.

---

**मुक्तावली : केचित्तु श्येनस्य हिंसा फलं, न तु मरणं, तेन श्येनजन्य-खड्गघातादिरूपा हिंसाऽभिचारपदार्थः, तस्य च पापजनकत्वम्, अतः श्येनस्य वैधत्वात्पापाजनकत्वेऽपि अग्रिमपापं प्रतिसन्धाय सन्तो न प्रवर्तन्त इत्याहुः ।**

---

**મુક્તાવલી : કેચિત્ :** કેટલાક કહે છે કે વ્યક્તિનું મૃત્યુ થવું તે હિંસા નથી પણ

ખડ્ગાદિનો પ્રહાર પોતે જ હિંસા છે અને હિંસાનું ફળ મૃત્યુ વગેરે છે, તેથી તેમના મતે જ્યારે શ્યેનયાગ કરવામાં આવે છે ત્યારે તેનાથી પેદા થયેલું અદષ્ટ તે શત્રુ ઉપર ખડ્ગ-પ્રહાર કરે છે અને તેથી શત્રુનું મૃત્યુ થાય છે.

આમ શ્યેનયાગનું ફળ તો ખડ્ગપ્રહાર રૂપ હિંસા જ છે પણ શત્રુનાશ નથી, તેથી શ્યેનયાગ એ પાપજનક નથી પણ શ્યેનયાગથી ઉત્પન્ન થયેલી ખડ્ગપ્રહાર રૂપ હિંસા પાપજનક છે, કેમકે તે હિંસાથી શત્રુનો નાશ થાય છે. આમ શ્યેનયાગ પાપજનક ન હોવાથી તે બલવદનિષ્ટાનનુબંધિ છે, તેથી વિધ્યર્થપ્રયોગ બરાબર છે.

શ્યેનયાગજન્ય જે ખડ્ગપ્રહાર રૂપ હિંસા છે તેનાથી શત્રુનાશ થતો હોવાથી તે હિંસાનું પ્રાયશ્ચિત્ત છે, પણ શ્યેનયાગનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.

**શંકાકાર :** જો શ્યેનયાગનું કોઈ પ્રાયશ્ચિત્ત જ ન હોય તો સજ્જનો કેમ શ્યેનયાગમાં પ્રવૃત્તિ કરતા નથી ?

**સમાધાન :** સજ્જનો વિચારે છે કે ભલે શ્યેનયાગનું સાક્ષાત્ ફળ ખડ્ગપ્રહાર હોય અને શત્રુમરણ ન હોય, છતાં પણ પરંપરાએ તેનું ફળ શત્રુનાશ તો છે જ. અને શત્રુનાશ એ પાપ હોવાથી હિંસા પાપજનક છે અને તે પાપજનક હિંસાનું જનક શ્યેનયાગ છે માટે તેઓ ભાવિમાં થનારા શત્રુનાશ રૂપી પાપને નજરમાં લાવીને શ્યેનયાગમાં પ્રવૃત્તિ કરતા નથી.

આમ શ્યેનયાગથી હિંસાત્મક વ્યાપાર જ થતો હોવાથી અને હિંસાત્મક વ્યાપાર એ બલવદનિષ્ટાનુબંધિ ન હોવાથી (શત્રુમરણ જ બલવદનિષ્ટાનુબંધી છે.) અહીં વિધ્યર્થનો અર્થ બલવદનિષ્ટાનનુબંધિત્વ ઉપપન્ન થઈ જાય છે.

---

**मुक्तावली : आचार्यास्तु आप्ताभिप्रायो विध्यर्थः । 'पाकं कुर्याः' इत्यादावाज्ञादिरूपेच्छावाचित्ववल्लिङ्मात्रस्येच्छावाचित्वं लाघवात् । एवं च 'स्वर्गकामो यजेत' इत्यादौ यागः स्वर्गकामकृतिसाध्यतया आप्तेष्ट इत्यर्थः । ततश्चाप्तेष्टत्वेनेष्टसाधनत्वादिकमनुमाय प्रवर्तते । कलञ्जभक्षणे तदभावान्न प्रवर्तते ।**

---

**મુક્તાવલી : ઉદયનાચાર્યનો મત :** બલવદનિષ્ટાનનુબંધિત્વ નહીં પણ આપ્ત પુરૂષનો અભિપ્રાય (ઈચ્છા) તે જ વિધ્યર્થ છે. વિધિબોધક પ્રત્યય (લિંગ) ઈચ્છાવાચી હોવાથી લાઘવાત્ તેનો અર્થ ઈચ્છાવાચિત્વ જ કરવો જોઈએ. અને તે વિધ્યર્થ ઉપરથી

ઈષ્ટસાધનતાદિ જ્ઞાનોનું જરૂર અનુમાન થાય.

**यागः स्वेष्टसाधनं, आप्तेष्टत्वात् ।**

આમ હવે **स्वर्गकामो यजेत** થી **यागः स्वकृतिसाध्यतया आप्तेष्टः** એવો બોધ થાય. અને આવા શાબ્દબોધાત્મક લિંગજ્ઞાન બાદ **यागः मम स्वर्गकामस्य बलवदनिष्टाननुबन्धीष्टसाधनं, मत्कृतिसाध्यतया आप्तेष्टत्वात्** આવી અનુમિતિ કરીને બલવદનિષ્ટાનનુબન્ધીષ્ટસાધનત્વવિષયક હેતુ-જ્ઞાનથી તે યાગમાં પ્રવૃત્તિ કરે છે.

**यागः आप्तेष्टः** એટલું જ ન કહેવાય પણ **कृतिसाध्यतया आप्तेष्टः** કહેવાય. અહીં કૃતિસાધ્યતા એ ફલબોધક વાક્ય છે. મેલેરિયા થાય તો ક્વિનાઈન ખાવી. 'મેલેરિયા થાય તો' એ ફલબોધક વાક્ય છે. આમ વિધ્યર્થ સાથે ફલબોધક વાક્ય જોઈએ.

કલઞ્જભક્ષણમાં કૃતિસાધ્યતયા આપ્તેષ્ટત્વાભાવ છે એટલે તલ્લિંગક બલવદ-નિષ્ટાનનુબંધિ ઈષ્ટસાધનતા-જ્ઞાનની અનુમિતિ ઉત્પન્ન થતી નથી માટે તે માંસના ભક્ષણમાં પ્રવૃત્તિ થતી નથી.

---

**मुक्तावली : यस्तु वेदे पौरुषेयत्वं नाभ्युपैति तं प्रति विधिरेव तावद्गर्भ इव श्रुतिकुमार्याः पुंयोगे मानम् ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** વેદ તો અપૌરુપેય છે તેથી ત્યાં કોઈ આપ્ત જ નથી, તો વિધ્યર્થનો અર્થ આપ્તેષ્ટ શી રીતે કરી શકાશે ?

**ઉદયનાચાર્ય :** આ વિધિવાક્યો (વિધ્યર્થ) જ બતાવે છે કે વેદ અપૌરુષેય નહીં પણ પૌરુષેય છે. કુમારિકા સ્ત્રીને જો ગર્ભ રહ્યો હોય તો તે કુમારિકાએ કોઈ પુરુષ સાથે સંભોગ કર્યો છે તેમ જ સિદ્ધ થાય છે. તેમ શ્રુતિરૂપ કુમારિકામાં વિધિ(વિધ્યર્થ)વાક્યો રૂપી ગર્ભ જો છે તો તેનો પ્રતિપાદક કોઈ આપ્ત હોવો જ જોઈએ. જેમ કુમારિકાના પુરુષ સાથે થયેલા સંભોગમાં ગર્ભ પ્રમાણ છે તેમ વેદ આપ્ત-પ્રતિપાદ્ય છે તેમાં વિધિવાક્યો પ્રમાણ છે, કેમકે તે આપ્ત-ઈચ્છા રૂપ છે.

---

**मुक्तावली : न च कर्त्रस्मरणं बाधकं, कपिलकणादादिकमारभ्याद्यपर्यन्तं कर्तृस्मरणस्यैव प्रतीयमानत्वात्, अन्यथा स्मृतीनामप्यकर्तृकत्वापत्तेः । तत्रैव कर्तृस्मरणमस्तीति चेद् ? वेदेऽपि 'छन्दांसि जज्ञिरे तस्मात्' इत्यादिकर्तृस्मरणमस्त्येव । एवं "प्रतिमन्वन्तरं चैषा श्रुतिरन्या विधीयते" इत्यपि**

**द्रष्टव्यम्। "स्वयंभूरेष भगवान्वेदो गीतस्त्वया पुरा । शिवादिऋषिपर्यन्ताः स्मर्तारोऽस्य न कारकाः" इति तु वेदस्य स्तुतिमात्रम् ।**

---

**મુક્તાવલી : અનીશ્વરવાદી** : વેદના કર્તાનું અસ્મરણ જ વેદના કર્તા માનવામાં બાધક છે.

**નૈયાયિક** : કપિલ, કણાદ વગેરેથી માંડીને આજ સુધીના ઋષિ-મુનિઓ ઈશ્વરનું કર્તા તરીકે સ્મરણ કરતાં જ આવ્યા છે પછી બાધકતા શી રીતે ? નહીં તો પછી તમારે કર્તાના અસ્મરણની આપત્તિથી સ્મૃતિને પણ અપૌરુષેય માનવી પડશે, છતાં તમે સ્મૃતિને પૌરુષેય કેમ માનો છો ?

**શંકાકાર** : ના, સ્મૃતિમાં તો **गौतम इति शातातपः अब्रवीत्** એમ કરીને કર્તૃસ્મરણ કરેલું છે માટે સ્મૃતિ અપૌરૂષેય નથી. પણ વેદમાં તો તે રીતે કર્તાનું સ્મરણ કરેલું નથી તેથી તેને તો અપૌરૂષેય જ માનવું જોઈએ.

**નૈયાયિક** : વેદમાં પણ '**छन्दांसि जज्ञिरे तस्मात्**' ( **ब्रह्मणः** ) ( **जज्ञिरे = उत्पेदिरे** ) રૂપ કર્તાસ્મરણ ક્યાં નથી કર્યું ? વળી **प्रतिमन्वन्तरं चैषा श्रुतिरन्या विधीयते ।** ( **मन्वन्तरं तु दिव्यानां युगानां एकसप्ततिः ।** ચાર યુગ = એક દિવ્યયુગ, એવા ૭૧ દિવ્યયુગ = એક મન્વન્તર = ત્રીસ ક્રોડ સડસઠ લાખ વીસ હજાર વર્ષ. ) પ્રત્યેક મન્વન્તરમાં બ્રહ્મા વડે અન્ય શ્રુતિ રચાય છે એવા શબ્દોથી કર્તાનું સ્મરણ વેદમાં છે જ.

**શંકાકાર** : ભરત કહે છે કે, "વેદ પોતે સ્વયંભૂ છે. (પણ ઉત્પન્ન કરાયેલું નથી) હે ભગવાન! પૂર્વે તેં એનું ગીત ગાયું હતું અને શિવાદિ ઈશ્વર અને અન્ય ઋષિઓ તો આ વેદના સ્મર્તા છે પણ કર્તા નથી." ભરતના આ વાક્ય ઉપરથી વેદ અપૌરુષેય છે તેમ નક્કી થાય છે.

**નૈયાયિક** : નહિ, આ તો વેદની સ્તુતિ કરતું વિધાન છે. સ્મૃતિ, ઇતિહાસ, પુરાણ વગેરે અન્ય ગ્રન્થોથી વેદની શ્રેષ્ઠતા જણાવવા માટે આ વાક્ય બોલાયેલું છે.

---

**मुक्तावली : न च पौरुषेयत्वे भ्रमादिसम्भवादप्रामाण्यं स्यादिति वाच्यम्, नित्यसर्वज्ञत्वेन निर्दोषत्वात् । अत एव पुरुषान्तरस्य भ्रमादिसम्भवान्न कपिलादेरपि कर्तृत्वं वेदस्य । किञ्च वर्णानामनित्यत्वस्य वक्ष्यमाणत्वात् सुतरां तत्सन्दर्भस्य वेदस्यानित्यत्वमिति सङ्क्षेपः । उपादानस्येति । उपादानस्य**

**समवायिकारणस्य, अध्यक्षं प्रत्यक्षं, प्रवृत्तौ कारणमिति ।**

**મુક્તાવલી : શંકાકાર :** જો વેદને પૌરુષેય માનશો તો તેનો કર્તા પુરૂષ હોવાથી તેને ભ્રમ પણ થઈ શકે છે અને તેથી તેણે કહેલી વાતોમાં પ્રામાણ્ય શી રીતે સંભવે ?

**નૈયાયિક :** તેથી જ તેના કર્તા પુરૂષને સર્વજ્ઞ અને નિત્ય માનવો જોઈએ. સર્વજ્ઞ અને નિત્ય પુરૂષની કૃતિમાં ભ્રમાદિ હોઈ શકે નહીં તેથી તેની કૃતિ નિર્દોષ જ હોય. અને તેથી તેમાં પ્રામાણ્ય પણ અવશ્ય હોય.

અને તેથી જ કપિલાદિને વેદકર્તા કહેતા નથી, કેમકે તેઓ સર્વજ્ઞ ન હોવાથી તેમની કૃતિમાં ભ્રમાદિના કારણે અપ્રામાણ્ય હોઈ શકે છે. પણ ઈશ્વર સર્વજ્ઞ હોવાથી તેને વેદકર્તા માનવામાં અપ્રામાણ્યની આપત્તિ છે જ નહીં.

વળી શબ્દ તો અનિત્ય છે અને તેથી શબ્દોથી બનેલો વેદ પણ અનિત્ય જ સાબિત થાય છે. આમ વેદ અનિત્ય= જન્ય હોવાથી તેનો જનક કોઈને તો માનવો જ જોઈએ. આમ વેદનો જનક હોવાથી વેદ પૌરુષેય છે તેમ નક્કી થાય છે અને તેથી **'यजेत'** વગેરે વિધ્યર્થ-પ્રયોગોનો અર્થ 'આપ્ત-ઈષ્ટ' એવો ઘટી જાય છે. તેથી વિધ્યર્થ = આપ્તાભિપ્રાય એવો અર્થ જ લાઘવાત્ ઉચિત છે.

પૂર્વે જોયું તેમ પ્રવૃત્તિમાં ઉપાદાન દ્રવ્યનું પ્રત્યક્ષ હોવું જરૂરી છે, તેથી ઉપાદાન પ્રત્યક્ષ પણ પ્રવૃત્તિનું કારણ છે.

---

**कारिकावली : निवृत्तिस्तु भवेद्द्वेषाद्द्विष्टसाधनताधियः ॥१५१॥**

---

**मुक्तावली : निवृत्तिरिति । द्विष्टसाधनताज्ञानस्य निवृत्तिं प्रति जनकत्वमन्वयव्यतिरेकाभ्यामवधारितमिति भावः ॥**

---

**(૨) નિવૃત્તિરૂપ પ્રયત્ન :** નિવૃત્તિ પ્રત્યે દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. જેમ પ્રવૃત્તિ પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે પણ ત્યાં દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન પ્રતિબંધક બને છે, અર્થાત્ પ્રવૃત્તિ કરવા દેતું નથી તેમ નિવૃત્તિ પ્રત્યે દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન, અર્થાત્ 'આ વસ્તુ મારા દ્વેષનું સાધન છે' તેવું જ્ઞાન કારણ છે. તે તરત જ નિવૃત્તિ કરાવે છે.

---

**कारिकावली : यत्नो जीवनयोनिस्तु सर्वदातीन्द्रियो भवेत् ।**
**शरीरे प्राणसञ्चारे कारणं परिकीर्तितः ॥१५२॥**

---

**मुक्तावली : यत्न इति । जीवनयोनियत्नो यावज्जीवनमनुवर्तते, स चातीन्द्रियः । तत्र प्रमाणमाह-शरीर इति । प्राणसञ्चारो हि अधिकश्वासादि-र्यत्नसाध्यः । इत्थं च प्राणसञ्चारस्य सर्वस्य यत्नसाध्यत्वमनुमानात् । प्रत्यक्षयत्नस्य बाधाच्चातीन्द्रिययत्नसिद्धिः, स एव जीवनयोनिर्यत्नः ॥**

---

**મુક્તાવલી : (૩) જીવનયોનિરૂપ યત્ન :** જીવનયોનિયત્ન આખી જિંદગી સુધી હોય છે. તે અતીન્દ્રિય છે તેથી પ્રત્યક્ષ સિદ્ધ નથી માટે તેને અનુમાન-પ્રમાણથી સિદ્ધ કરે છે :

**अधिकश्वासादिः प्राणसञ्चारो यत्नसाध्यः, प्रत्यक्षयत्नसाध्यतया दृष्टत्वात् । धावतः प्रयत्नोत्कर्षेण श्वासक्रियोत्कर्षदर्शनात् ।**

જો અધિક શ્વાસાદિ પણ પ્રયત્નથી સાધ્ય છે તો સહજ શ્વાસાદિ રૂપ પ્રાણસંચાર પણ પ્રયત્નથી સાધ્ય છે જ અને તે પ્રયત્ન= જીવનયોનિયત્ન અતીન્દ્રિય છે.

જીવનયોનિ (કારણ) રૂપ પ્રયત્ન શરીરમાં છે. શરીરમાં શ્વાસાદિ પ્રક્રિયા, રૂધિરાભિસરણ, અસ્થ્યાદિ યોજના વિગેરેમાં જીવન કારણ છે, અર્થાત્ તે ઘટ બનાવવાની પ્રવૃત્તિરૂપ પ્રયત્ન નથી કે 'લાવ, હું રૂધિરનું અભિસરણ કરું' તેવું વિચારી શકાય. આ બધો ય પ્રયત્ન જીવનને લીધે જ થાય છે.

**कारिकावली : अतीन्द्रियं गुरुत्वं स्यात्पृथिव्यादिद्वये तु तत् ।**
**अनित्ये तदनित्यं स्यान्नित्ये नित्यमुदाहृतम् ॥१५३॥**
**तदेवासमवायि स्यात्पतनाख्ये तु कर्मणि ।**

**मुक्तावली : गुरुत्वं निरूपयति-अतीन्द्रियमिति । अनित्य इति । अनित्ये द्व्यणुकादौ तद्=गुरुत्वमनित्यम् । नित्ये परमाणौ नित्यम् । गुरुत्वमित्यनुवर्तते । तद् गुरुत्वम्, असमवायि=असमवायिकारणम् । पतनेति। आद्यपतन इत्यर्थः ।**

**મુક્તાવલી : (૧૮) ગુરૂત્વ-નિરૂપણ :** ગુરુત્વ એ અતીન્દ્રિય પદાર્થ છે. તે પૃથ્વી અને જલ આ બે જ દ્રવ્યોમાં રહ્યું છે. પતનનું કારણ ગુરૂત્વ છે અને તેજો, વાયુ વગેરે દ્રવ્યોનું પતન થતું નથી તેથી તેમનામાં ગુરૂત્વ નથી. પરમાણુમાં નિત્ય ગુરૂત્વ છે. બાકીના અનિત્ય દ્વયણુકાદિમાં અનિત્ય ગુરૂત્વ છે.

ગુરૂત્વ એ પતનનું અસમવાયિકારણ છે. જો કે દ્વિતીયાદિ પતનનું અસમવાયિકારણ વેગ છે તેથી અહીં ગુરૂત્વને પ્રથમ પતનનું અસમવાયિકારણ જાણવું; પણ પછીથી જે પતન થાય છે તેનું નહિ.

कारिकावली : सांसिद्धिकं द्रवत्वं स्यान्नैमित्तिकमथापरम् ॥१५४॥
सांसिद्धिकं तु सलिले द्वितीयं क्षितितेजसोः ।
परमाणौ जले नित्यमन्यत्रानित्यमिष्यते ॥१५५॥
नैमित्तिकं वह्नियोगात्तपनीयघृतादिषु ।
द्रवत्वं स्यन्दने हेतुर्निमित्तं संग्रहे तु तत् ॥१५६॥

---

मुक्तावली : द्रवत्वं निरूपयति-सांसिद्धिकमिति । द्रवत्वं द्विविधं सांसिद्धिकं नैमित्तिकं चेत्यर्थः । द्वितीयं=नैमित्तिकम् । परमाणाविति । जलपरमाणौ द्रवत्वं नित्यमित्यर्थः । अन्यत्र=पृथिवीपरमाण्वादौ जलद्व्यणुकादौ च, द्रवत्वमनित्यम् । कुत्रचित्तेजसि कुत्रचित् पृथिव्यां च नैमित्तिकं द्रवत्वं, तत्र को वा नैमित्तिकार्थस्तद्दर्शयति-नैमित्तिकमिति । वह्नीति पदं तेजोऽर्थकम् । तथा च अग्निसंयोगजन्यं नैमित्तिकं द्रवत्वम् । तच्च सुवर्णादिरूपे तेजसि घृतजतुप्रभृतिपृथिव्यां च वर्तत इत्यर्थः । द्रवत्वं स्यन्दने हेतुरिति । असमवायिकारणमित्यर्थः । संग्रहे=सक्तुकादिसंयोगविशेषे । तत्=द्रवत्वम्, स्नेहसहितमिति बोद्धव्यम् । तेन द्रुतसुवर्णादीनां न संग्रहः ॥

---

**મુક્તાવલી : (૧૯) દ્રવત્વ-નિરૂપણ :** દ્રવત્વ બે પ્રકારે છે : (૧) સાંસિદ્ધિક = સ્વાભાવિક અને (૨) નૈમિત્તિક=નિમિત્તના કારણે ઉત્પન્ન થયેલું. જલ-પરમાણુમાં નિત્ય સાંસિદ્ધિક દ્રવત્વ હોય છે અને પૃથ્વી-પરમાણુમાં તથા જલ-દ્વ્યણુકાદિમાં જે દ્રવત્વ હોય છે તે અનિત્ય હોય છે. સાંસિદ્ધિક દ્રવત્વ તો માત્ર જલમાં જ હોય, જ્યારે પૃથ્વી અને તેજ દ્રવ્યોમાંના કેટલાકમાં નૈમિત્તિક દ્રવત્વ હોય છે. તે અગ્નિસંયોગથી જન્ય છે. ઘી, લાખ, સુવર્ણ વગેરેને અગ્નિસંયોગ મળતાં તેમાં નૈમિત્તિક દ્રવત્વ ઉત્પન્ન થાય છે.

આ દ્રવત્વ એ સ્યંદનનું અસમવાયિકારણ છે. અને સ્નેહયુક્ત દ્રવત્વ તો સંગ્રહમાં નૈમિત્તિક કારણ છે, અર્થાત્ લોટ બાંધવામાં ઉપયોગી છે. સુવર્ણાદિમાં સ્નેહસહિત દ્રવત્વ નથી તેથી તે સંગ્રહ પ્રત્યે નિમિત્તકારણ બનતું નથી.

**कारिकावली : स्नेहो जले स नित्योऽणावनित्योऽवयविन्यसौ ।**
**तैलान्तरे तत्प्रकर्षाद्दहनस्यानुकूलता ॥१५७॥**

**मुक्तावली : स्नेहं निरूपयति-स्नेहो जले इति । जल एवेत्यर्थः । असौ-स्नेहः । ननु पृथिव्यामपि तैले स्नेह उपलभ्यते, न चासौ जलीयः, तथा सति दहनप्रातिकूल्यं स्यात्, अत आह-तैलान्तर इति । तत्प्रकर्षात् = स्नेहप्रकर्षात् । तैले उपलभ्यमानः स्नेहोऽपि जलीय एव, तस्य प्रकृष्टत्वादग्नेरानुकूल्यम् । अपकृष्टस्नेहं हि जलं वह्निं नाशयतीति भावः ।**

**મુક્તાવલી** : (૨૦) સ્નેહ-નિરૂપણ : સ્નેહ જલ-પરમાણુમાં નિત્ય છે અને દ્વયણુકાદિમાં અનિત્ય છે. તૈલાન્તરમાં અર્થાત્ તેલની અંદર સ્નેહનો પ્રકર્ષ હોય છે, કેમકે તેલ પણ જલ છે.

**શંકાકાર** : જલ એ અગ્નિનું વિરોધી છે તેથી જલ હોય તો અગ્નિ ન રહેવો જોઈએ, જ્યારે તેલ તો અગ્નિને અનુકૂળ બને છે તેથી તેલને જલ ન માનતાં પૃથ્વી દ્રવ્ય માનવું જોઈએ, તેથી પૃથ્વી દ્રવ્યમાં સ્નેહ રહે છે, તેથી તેલમાં સ્નેહ છે તેમ માનવું જોઈએ.

**નૈયાયિક** : ના, પૃથ્વી દ્રવ્યમાં સ્નેહ રહેતો જ નથી. તેલમાં જે સ્નેહ છે તે જલીય જ છે પણ તેમાં સ્નેહનો પ્રકર્ષ હોવાથી તે દહનને પ્રતિકૂળ બનવાને બદલે દહનને અનુકૂળ બને છે.

અપકૃષ્ટ સ્નેહવાળું જલ વહ્નિનું નાશક છે, પણ પ્રકૃષ્ટ સ્નેહવાળું તેલ વહ્નિનું ઉત્પાદક છે. તેથી તેલમાં સ્નેહ માનવામાં વાંધો નથી.

कारिकावली : संस्कारभेदो वेगोऽथ स्थितिस्थापकभावने ।
मूर्त्तमात्रे तु वेगः स्यात्कर्मजो वेगजः क्वचित् ॥१५८॥

मुक्तावली : संस्कारं निरूपयति-संस्कारेति । वेगस्थितिस्थापकभावना-भेदात्संस्कारस्त्रिविध इत्यर्थः । मूर्त्तमात्र इति । कर्मजवेगजभेदाद्वेगो द्विविध इत्यर्थः । शरीरादौ हि नोदनजनितेन कर्मणा वेगो जन्यते, तेन च पूर्वकर्मनाशस्तत उत्तरं कर्म । एवमग्रेऽपि। विना च वेगं कर्मणः कर्मप्रतिबन्धकत्वात् पूर्वकर्मनाश उत्तरकर्मोत्पत्तिश्च न स्यात्। यत्र वेगवता कपालेन जनिते घटे वेगो जन्यते स वेगजो वेगः ।

**મુક્તાવલી : (૨૧) સંસ્કાર-નિરૂપણ :** સંસ્કાર ત્રણ પ્રકારે છે : (૧) વેગ (૨) સ્થિતિસ્થાપકતા (૩) ભાવના.

**(i) વેગ :** મૂર્ત દ્રવ્યોમાં વેગ ઉત્પન્ન થાય છે. તે બે પ્રકારના છે : (૧) કર્મજ અને (૨) વેગજ.

**કર્મજન્ય વેગ :** શરીરાદિમાં નોદનસંયોગથી વેગ ઉત્પન્ન થાય છે. તેનાથી પૂર્વકર્મનો નાશ થાય છે અને ઉત્તરકર્મની ઉત્પત્તિ થાય છે. તે ઉત્તરકર્મથી ફરી વેગ ઉત્પન્ન થાય. તેનાથી તે કર્મનો નાશ થાય અને નવા કર્મની ઉત્પત્તિ થાય. બાણ ખેંચ્યું એટલે કર્મ ઉત્પન્ન થયું, પછી છૂટ્યું એટલે તેમાં કર્મજ વેગ ઉત્પન્ન થયો. તેનાથી પૂર્વકર્મ નાશ પામે અને નવું કર્મ ઉત્પન્ન થાય. તે વેગનો નાશ કરે, પછી નવો વેગ ઉત્પન્ન થાય. તેનાથી પૂર્વકર્મનો નાશ થાય. તેવું ચાલ્યા જ કરે.

**શંકાકાર :** વેગને માનવાની શું જરૂર છે ?

**નૈયાયિક :** પૂર્વકર્મનો નાશ ઉત્તરસંયોગ કરે છે. પરંતુ અહીં તો કર્મ થયા પછી ઉત્તરસંયોગ થવાને ઘણી વાર છે, તેથી કર્મનાશક તરીકે વેગની કલ્પના કરવામાં આવે છે. જો વેગને માનવામાં ન આવે તો કર્મનો નાશ ન થવાની આપત્તિ આવે.

**શંકાકાર :** પૂર્વકર્મનો નાશ ન થાય તો શું વાંધો છે ?

**નૈયાયિક :** જો પૂર્વકર્મનો નાશ ન થાય તો નવા કર્મની ઉત્પત્તિ પણ ન થાય, કેમકે પૂર્વકર્મ એ ઉત્તરકર્મનું પ્રતિબંધક છે. જ્યાં સુધી પૂર્વકર્મ હાજર હોય ત્યાં સુધી તે જ

અધિકરણમાં ઉત્તરકર્મની ઉત્પત્તિ થઈ શકે નહીં. તેથી પૂર્વકર્મના નાશક તરીકે વેગને માનવો જોઈએ.

**શંકાકાર :** કર્મથી વેગ ઉત્પન્ન થઈ ગયો, પછી પૂર્વકર્મનાશ ઉત્તરકર્મોત્પત્તિ થઈ ગઈ. પછી ફરી વેગ શા માટે ?

**નૈયાયિક :** વેગ જો એમ ને એમ ચાલુ જ રહે તો તેનો નાશ જ ન થાય. પણ પછીનું કર્મ તેનો નાશ કરે છે, તેથી જો વેગનો નાશ થઈ જાય તો પછી કર્મનો નાશ કોણ કરે? તેથી નાશ થઈ ગયા પછી ફરીથી વેગની ઉત્પત્તિ થાય. આમ પછી પછીના કર્મની ઉત્પત્તિ-નાશ કરવા માટે વેગની પણ ઉત્પત્તિ અને નાશ વ્યવધાને માનવો જરૂરી છે.

**વેગજન્ય વેગ :** વેગવાળા કપાલનો સંયોગ થતાં ચક્ર ઉપર વેગવાળા ઘટની ઉત્પત્તિ થાય છે. તે ઘટમાં રહેલો વેગ વેગજન્ય વેગ કહેવાય.

---

**कारिकावली : स्थितिस्थापकसंस्कारः क्षितौ केचिच्चतुर्ष्वपि ।**

**अतीन्द्रियोऽसौ विज्ञेयः क्वचित्स्पन्देऽपि कारणम् ॥१५९॥**

---

**मुक्तावली : स्थितिस्थापकेति । आकृष्टशाखादीनां परित्यागे पुनर्गमनस्य स्थितिस्थापकसाध्यत्वात् । केचिदिति । चतुर्षु क्षित्यादिषु स्थितिस्थापकं केचिन्मन्यन्ते, तदप्रमाणमिति भावः । असौ=स्थितिस्थापकः । क्वचिद्= आकृष्टशाखादौ ।**

---

**(ii) સ્થિતિસ્થાપકતા :** ખેંચેલી ડાળીને છોડી દીધા પછી છેવટના તેના સ્પન્દનમાં સ્થિતિસ્થાપકતા કારણ છે. આ સ્થિતિસ્થાપકતા ગુણ પૃથ્વી દ્રવ્યમાં રહ્યો છે. કેટલાક પૃથ્વ્યાદિ ચારેમાં સ્થિતિસ્થાપકતા માને છે પણ તે યોગ્ય જણાતું નથી.

---

**कारिकावली : भावनाख्यस्तु संस्कारो जीववृत्तिरतीन्द्रियः ।**

**उपेक्षानात्मकस्तस्य निश्चयः कारणं भवेत् ॥१६०॥**

---

**मुक्तावली : भावनाख्य इति । तस्य=संस्कारस्य । उपेक्षात्मकज्ञानात् संस्कारानुत्पत्तेरुपेक्षानात्मक इत्युक्तम् । तत्संशयात्संस्कारस्यानुत्पत्तेर्निश्चय इत्युक्तम् । तेनोपेक्षान्यनिश्चयत्वेन संस्कारं प्रति हेतुतेति भावः । ननु स्मरणं**

प्रत्युपेक्षान्यनिश्चयत्वेन हेतुत्वं, तेनोपेक्षादिस्थले न स्मरणम्, इत्थं च संस्कारं प्रति ज्ञानत्वेनैव हेतुताऽस्त्विति चेत् ? न, विनिगमनाविरहेणापि संस्कारं प्रति उपेक्षान्यनिश्चयत्वेन हेतुतायाः सिद्धत्वात् । किञ्चोपेक्षास्थले संस्कार-कल्पनाया गुरुत्वात् संस्कारं प्रति चोपेक्षान्यनिश्चयत्वेन हेतुतायाः सिद्धत्वात् ।

---

**મુક્તાવલી : (iii) ભાવના :** ઉપેક્ષાત્મક જ્ઞાનથી સંસ્કારની ઉત્પત્તિ થઈ શકે નહીં પણ નિશ્ચયાત્મક જ્ઞાનથી જ સંસ્કારની ઉત્પત્તિ થતી હોવાથી ઉપેક્ષાનાત્મક જ્ઞાન સંસ્કારનું કારણ છે. વળી ઉપેક્ષાનાત્મક જ્ઞાન પણ સંશયાત્મક હોય, અર્થાત્ 'આ વૃક્ષ છે કે ઠુંઠું ?' તેવા સંશયપૂર્વકનું હોય તો તેનાથી સંસ્કાર પડે નહીં. તેથી કહ્યું કે નિશ્ચયાત્મક ઉપેક્ષાનાત્મક જ્ઞાન જ સંસ્કાર પ્રત્યે કારણ છે.

**શંકાકાર :** ઉપેક્ષાપૂર્વકનું જે જ્ઞાન થાય છે તેનું સ્મરણ થતું નથી પણ તેના સંસ્કાર પડે છે તેમ માનવામાં શું વાંધો છે ? સ્મરણ પ્રત્યે ઉપેક્ષાન્યનિશ્ચયત્વને કારણ માનવું બરાબર છે અને તેથી તેનું સ્મરણ ન થાય તો પણ વાંધો નહીં, પરંતુ સંસ્કાર પ્રત્યે તો જ્ઞાનત્વેન જ્ઞાનને જ કારણ માનવું જોઈએ, અર્થાત્ જે જે જ્ઞાન થાય (ઉપેક્ષાત્મક કે ઉપેક્ષાન્ય, નિશ્ચયેન કે સંશયેન) તે તમામના સંસ્કારો તો પડે જ, પણ જે ઉપેક્ષાન્ય-નિશ્ચયત્વેન જ્ઞાન થયું હોય તેનું જ સ્મરણ થાય છે. આમ સ્મરણ પ્રત્યે ઉપેક્ષાન્ય જ્ઞાનને અને સંસ્કાર પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાનને કારણ માનવું જોઈએ.

**નૈયાયિક :** જો જ્ઞાનત્વેન જ્ઞાનને સંસ્કારોત્પત્તિનું કારણ માનશો તો ઉપેક્ષાજ્ઞાનથી પણ સંસ્કારોત્પત્તિ થતાં ઉપેક્ષાજ્ઞાનનું પણ સ્મરણ થવાની આપત્તિ આવશે.

**શંકાકાર :** ના, ઉપેક્ષાજ્ઞાનના સંસ્કાર પડવા છતાં ઉપેક્ષાન્યનિશ્ચયત્વ જ્ઞાનરૂપ કારણ હાજર ન હોવાથી તેનું સ્મરણ થશે જ નહીં. તેથી આપત્તિ આવશે નહીં.

**નૈયાયિક :** અહીં વિનિગમના-વિરહ આવ્યો. જો કે ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન કારણ માનવા કરતાં જ્ઞાનત્વેન કારણ માનવામાં લાઘવ જણાય છે, છતાં તેમ માનવામાં સ્મરણ પ્રત્યે તો તમારે ઉપેક્ષાન્યનિશ્ચયત્વ જ્ઞાનને હેતુ માનવો જ પડશે, તેથી તમારે પણ ગૌરવ આવશે જ. વળી જ્ઞાનત્વેન જ્ઞાનને કારણ માનવાથી તમારે જેનું સ્મરણ નથી થવાનું તેવા ઉપેક્ષાત્મક જ્ઞાનના સંસ્કારો માનવાનું પણ ગૌરવ છે. વળી તે સંસ્કારોના નાશક પણ માનવા પડશે. આમ અમારા કરતાં તમારે જ મોટું ગૌરવ આવે છે તેથી ઉપેક્ષાન્યનિશ્ચયત્વેન જ તમારે સંસ્કાર પ્રત્યે કારણ માનવું જોઈએ.

---

कारिकावली : स्मरणे प्रत्यभिज्ञायामप्यसौ हेतुरुच्यते ।

मुक्तावली : असौ = संस्कारः । तत्र प्रमाणं दर्शयति-स्मरण इति । यतः स्मरणं प्रत्यभिज्ञानं च जनयत्यतः संस्कारः कल्प्यते । विना व्यापारं पूर्वानुभवस्य स्मरणादिजननाऽसामर्थ्यात् स्वस्वव्यापारान्यतराभावे कारण-त्वासम्भवात् । न च प्रत्यभिज्ञां प्रति तत्तत्संस्कारस्य हेतुत्वे प्रत्यभिज्ञायाः संस्कारजन्यत्वेन स्मृतित्वापत्तिरिति वाच्यम्, अप्रयोजकत्वात् । परे त्वनुद्बुद्ध-संस्कारात्प्रत्यभिज्ञानुदयादुद्बुद्धसंस्कारस्य हेतुत्वापेक्षया तत्तत्स्मरणस्यैव प्रत्यभिज्ञां प्रति हेतुत्वं कल्प्यत इत्याहुः ।

**મુક્તાવલી** : સંસ્કાર એ સ્મરણ અને પ્રત્યભિજ્ઞાનું કારણ છે. અને આપણને પૂર્વે અનુભવેલા ઘટનું સ્મરણ થાય છે તેથી તે સ્મરણના કારણ તરીકે સંસ્કારની કલ્પના કરાયે છે. તે જ રીતે પ્રત્યભિજ્ઞા પણ થાય છે કે આ તે જ દેવદત્ત છે. તેમાં પણ સંસ્કાર કારણ છે.

ઘટ-પૂર્વાનુભવ કાલાન્તરે ઘટસ્મરણ કે ઘટ-પ્રત્યભિજ્ઞાને ઉત્પન્ન કરે છે. આમ સ્મરણ અને પ્રત્યભિજ્ઞા પ્રત્યે હકીકતમાં તો અનુભવજ્ઞાન કારણ છે, પરંતુ સ્મરણ કે પ્રત્યભિજ્ઞાની પૂર્વક્ષણે તો અનુભવજ્ઞાન હાજર છે જ નહીં, તેથી ત્યાં વચ્ચે વ્યાપાર માનવો જરૂરી છે. તે વ્યાપાર તરીકે સંસ્કારોની કલ્પના કરાય છે, અર્થાત્ અનુભવજ્ઞાન સંસ્કારો રૂપ વ્યાપાર દ્વારા પ્રત્યભિજ્ઞા કે સ્મરણ રૂપ કાર્ય ઉત્પન્ન કરે છે. અહીં સંસ્કારો અનુભવથી જન્ય હોઈને અનુભવથી જન્ય સ્મરણ અને પ્રત્યભિજ્ઞાના જનક પણ છે જ, તેથી તેમાં વ્યાપારનું **तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम्** લક્ષણ ઘટી જાય છે.

**पूर्वानुभवः संस्कारात्मकव्यापारवान्, स्मरणप्रत्यभिज्ञाजनकत्वात् ।**

પોતાના કે પોતાના વ્યાપારના સદ્ભાવ વિના પોતે કાર્યનું કારણ બની શકે નહીં. અનુભવ-જ્ઞાન પોતે તો સ્મરણાદિ સમયે હાજર નથી અને છતાં કારણ તો છે જ. તેથી માનવું જ પડે કે તેનો વ્યાપાર તે વખતે હાજર છે. તે વ્યાપારને જ અમે સંસ્કાર કહીએ છીએ. આમ સંસ્કાર ગુણમાં પ્રામાણ્ય છે.

**શંકાકાર** : જે જે સંસ્કારથી જન્ય હોય તે તે સ્મૃતિ કહેવાય છે. તેથી હવે જો તમે પ્રત્યભિજ્ઞાને પણ સંસ્કારથી જન્ય કહો છો તો પ્રત્યભિજ્ઞાને પણ તમારે સ્મૃતિ માનવાની

આપત્તિ આવશે.

**નૈયાયિક** : ના, જે જે સંસ્કારજન્ય હોય તે તે સ્મૃતિ હોય તે વાત પ્રમાણાભાવાત્ અયુક્ત છે. અને છતાં જો તમે સંસ્કારજન્યને સ્મૃતિ જ માનશો તો સંસ્કારનાશ પણ સંસ્કારજન્ય જ છે ( **नाशं प्रति प्रतियोगिनः हेतुता** ) તેથી તમારે સંસ્કારનાશને પણ સ્મૃતિ માનવાની આપત્તિ આવશે. તેથી સંસ્કારજન્ય તમામને સ્મૃતિ ન મનાય પણ અનુભવ-જન્ય જ્ઞાનને જ સ્મૃતિ મનાય.

**ચિંતામણીકારનો મત** : અનુદ્‌બુદ્ધ સંસ્કારથી પ્રત્યભિજ્ઞા થતી નથી, તેથી ઉદ્‌બુદ્ધ-સંસ્કારત્વેન હેતુતા લેવા કરતાં સ્મૃતિત્વેન સ્મરણને જ પ્રત્યભિજ્ઞાનો હેતુ માનવો તેમાં લાઘવ છે. તેથી ઉદ્‌બુદ્ધ સંસ્કારને હેતુ માનવા કરતાં તત્તત્સ્મરણને જ પ્રત્યભિજ્ઞા પ્રત્યે હેતુ માની લેવો ઉચિત છે.

कारिकावली : धर्माधर्मावदृष्टं स्याद्धर्मः स्वर्गादिसाधनम् ॥१६१॥
गङ्गास्नानादियागादिव्यापारः स तु कीर्तितः ।

मुक्तावली : अदृष्टं निरूपयति-धर्माधर्माविति । स्वर्गादीति । स्वर्गादि-सकलसुखानां स्वर्गसाधनीभूतशरीरादीनां च साधनं धर्म इत्यर्थः । तत्र प्रमाणं दर्शयितुमाह-यागादीति । यागादिव्यापारतया धर्मः कल्प्यते । अन्यथा यागादीनां चिरविनष्टतया निर्व्यापारतया च कालान्तरभाविस्वर्गजनकत्वं न स्यात् । तदुक्तमाचार्यैः 'चिरध्वस्तं फलायाऽलं न कर्मातिशयं विना' इति ।

**મુક્તાવલી : (૨૨-૨૩) ધર્મ-અધર્મ-નિરૂપણ :** ધર્મ અને અધર્મ એ અદૃષ્ટ છે. ત્યાં ધર્મ એ સ્વર્ગ વગેરે બધા સુખનું કારણ છે. સ્વર્ગનું સાધન જે શરીર છે તેને પ્રાપ્ત કરવાનું સાધન પણ આ ધર્મ અદૃષ્ટ છે.

**શંકાકાર :** ધર્મ નામના અદૃષ્ટ પદાર્થને માનવાની જરૂર જ શું છે ? પ્રત્યક્ષથી કોઈને તે દેખાતું તો છે નહીં.

**નૈયાયિક :** યજ્ઞ, દાન વગેરેનું ફળ સ્વર્ગ મનાયેલું છે. હવે યજ્ઞ કે દાન આજે કર્યા તેથી કારણ આજે હાજર છે, પણ સ્વર્ગ કાંઈ આજે ને આજે મળતો નથી. તો ત્યાં કારણ હાજર હોવા છતાં કાર્ય ન થવાથી અન્વયવ્યભિચાર આવ્યો. હવે પાંચ વર્ષ પછી મૃત્યુ થતાં સ્વર્ગની પ્રાપ્તિ થઈ તો ત્યારે ફળ = કાર્ય હાજર છે પણ તેની પૂર્વક્ષણે યજ્ઞ કે દાનાદિ કર્યું ન હોવાથી કારણ હાજર નથી. આમ કારણ ન હોવા છતાં કાર્ય થવાથી વ્યતિરેકવ્યભિચાર આવ્યો.

આ વ્યભિચાર દોષને નિવારવા અદૃષ્ટ નામનો પદાર્થ માનવો જરૂરી છે. યજ્ઞાદિ સારા કાર્યો કરવાથી ધર્મ નામનો ગુણ આત્મામાં ઉત્પન્ન થાય છે જે મૃત્યુ પછી સ્વર્ગાદિને અપાવે છે. આમ યજ્ઞાદિ કારણો ધર્મ નામના વ્યાપાર દ્વારા સ્વર્ગનું ફળ અપાવે છે.

હવે અહીં જ્યારે સ્વર્ગાદિનું કાર્ય થયું ત્યારે અદૃષ્ટ આત્મામાં હાજર જ છે, તેથી વ્યાપાર હાજર હોવાથી કાર્ય થવા છતાં વ્યતિરેકવ્યભિચાર નથી. તે જ રીતે જ્યારે યજ્ઞાદિ કર્યા ત્યારે તરત જ વ્યાપાર ઉત્પન્ન થયો અને તેણે સ્વર્ગાદિ અપાવ્યા, તેથી અન્વયવ્યભિચાર પણ નથી.

જેમ ઘટ ઉત્પન્ન થયાની પૂર્વક્ષણે દંડ હાજર ન હોવાથી દંડને ઘટનું કારણ માનવા

વચ્ચે ભ્રમિને વ્યાપાર માનવો પડે છે તેમ યજ્ઞ સ્વર્ગ-પ્રાપ્તિની પૂર્વક્ષણે હાજર ન હોવાથી યજ્ઞને સ્વર્ગાદિનું કારણ માનવા વચ્ચે અદષ્ટને (ધર્મને) વ્યાપાર (દ્વાર) માનવું જરૂરી છે. આમ પૂર્વોક્ત વ્યભિચારની આપત્તિ નિવારવા અદષ્ટની કલ્પના કરાય છે. અન્યથા = જો ધર્માત્મક વ્યાપાર ન હોય તો યાગાદિ ચિરવિનષ્ટ હોવાના કારણે અને નિર્વ્યાપાર હોવાના કારણે કાલાન્તર ભાવી સ્વર્ગના જનક બની શકે નહીં.

ઉદયનાચાર્યે કહ્યું છે કે ચિરધ્વસ્ત કર્મ (અનુષ્ઠાન) અતિશય (અપૂર્વાત્મક વ્યાપાર) વિના ફળ આપવા માટે સમર્થ હોતું નથી.

---

**मुक्तावली : ननु यागध्वंस एव व्यापारः स्यात्, न च प्रतियोगि-तद्ध्वंसयोरेकत्राजनकत्वम्, सर्वत्र तथात्वे मानाभावात्। न च त्वन्मते फलाऽऽनन्त्यं, मन्मते चरमफलस्यापूर्वनाशकत्वान्न तथात्वमिति वाच्यम्, कालविशेषस्य सहकारित्वादित्यत आह-गङ्गास्नानेति । गङ्गास्नानस्य हि स्वर्गजनकत्वेऽनन्तानां जलसंयोगध्वंसानां व्यापारत्वमपेक्ष्यैकमपूर्वमेव कल्प्यते लाघवादिति भावः ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** યાગ = યજ્ઞથી યાગધ્વંસ થાય. આ ધ્વંસ અવિનાશી હોવાથી સ્વર્ગપ્રાપ્તિ વખતે હાજર જ છે. આમ યાગ(કારણ)થી જન્ય યાગધ્વંસ એ યાગથી જન્ય સ્વર્ગ(કાર્ય)નું જનક પણ છે. તેથી યાગધ્વંસમાં વ્યાપારનું લક્ષણ ઘટી જાય છે. આમ યાગધ્વંસને (દ્વાર) વ્યાપાર માનવાથી આપત્તિ દૂર થઈ જતી હોવાથી નવા અદષ્ટ પદાર્થને માનીને ગૌરવ શા માટે કરો છો ?

**નૈયાયિક :** યાગધ્વંસનો પ્રતિયોગી યાગ છે. હવે યાગરૂપ જે પ્રતિયોગી જેનો (સ્વર્ગનો) જનક છે તે પ્રતિયોગીનો ધ્વંસ (યાગધ્વંસ) પણ તેનો (સ્વર્ગનો) જ જનક શી રીતે બને ? દંડ ઘટનો જનક હોય પણ દંડધ્વંસ કાંઈ ઘટનો જનક થોડો બને ? એક જ સ્થળે પ્રતિયોગી અને પ્રતિયોગી-ધ્વંસની જનકતા રહી શકે નહીં.

**શંકાકાર :** ના, બધે કાંઈ તમે કહ્યું તેમ બનતું નથી. 'બધે આવું બને છે' તેવું માનવામાં કોઈ પ્રમાણ પણ નથી. વળી ભોજનથી બળ વધે તેમ ભોજનનિવૃત્તિથી (ધ્વંસ) પણ બળ વધે છે. (ખા ખા જ કરવાથી બળ ન વધે.) આમ ભોજનક્રિયામાં અને ભોજનક્રિયા-ધ્વંસમાં બંનેમાં બળજનકતા રહી ગઈ તો પછી તે જ રીતે યાગ અને યાગધ્વંસ બંનેમાં સ્વર્ગજનકતા શા માટે ન રહે ?

**નૈયાયિક :** તમે જો યાગધ્વંસને વ્યાપાર માનવા માંગતા હો તો યાગધ્વંસ તો નિત્ય છે, તેથી સ્વર્ગ અપાવ્યા પછી પણ યાગધ્વંસ તો રહેવાનો જ. તેથી વ્યાપાર હાજર હોવાથી ફરી સ્વર્ગપ્રાપ્તિ કરાવશે, છતાં નાશ ન પામવાથી ફરી સ્વર્ગ અપાવશે. આમ યાગધ્વંસ નિત્ય હોવાથી એક જ યાગથી જન્ય નિત્ય યાગધ્વંસ દ્વારા અનંતકાળ સુધી અનંતા સ્વર્ગરૂપ અનંતા ફળ માનવાની આપત્તિ આવશે. તેથી યાગધ્વંસને દ્વાર ન મનાય. હવે જો તમે અદૃષ્ટને દ્વાર માનશો તો તે અદૃષ્ટ જ્યારે તેનું ચરમફળ સ્વર્ગ પ્રાપ્ત થશે ત્યારે નાશ પામી જશે. તેથી વ્યાપારનો જ નાશ થઈ જવાથી અનંતા ફળો આવવાની આપત્તિ નહીં આવે. માટે અદૃષ્ટને વ્યાપાર તરીકે કલ્પવું જરૂરી છે.

**શંકાકાર :** યાગધ્વંસ એ જેમ સ્વર્ગફળ માટે યાગાદિનો વ્યાપાર છે તેમ કાળવિશેષ એ સ્વર્ગનું સહકારિકારણ છે. તે બંને હાજર હશે ત્યારે સ્વર્ગની પ્રાપ્તિ થઈ જશે. ત્યારપછી પણ યાગધ્વંસ નિત્ય હોવાથી હાજર હોવા છતાં તેવો કાલવિશેષ હાજર ન હોવાથી સહકારિકારણતાનો અભાવ થશે. આમ સહકારિકારણની ગેરહાજરી થવાથી વ્યાપાર હાજર હોવા છતાં વારંવાર સ્વર્ગાદિ ફળ પ્રાપ્ત થવારૂપ અનંતા ફળની પ્રાપ્તિ થવાની આપત્તિ આવતી નથી.

**નૈયાયિક :** ચાલો, ત્યાંની વાત જવા દો. પણ ગંગાસ્નાનને ય તમે તો સ્વર્ગજનક માનો છો ને ? સ્નાન એટલે જલબિંદુ-સંયોગ. જો ત્યાં તમે વ્યાપાર તરીકે અદૃષ્ટ નહીં માનો અને ગંગાસ્નાન-ધ્વંસ અર્થાત્ જલબિંદુસંયોગ-નાશને વ્યાપાર માનશો તો સ્નાન વખતે અનંતા જલબિંદુઓનો સંયોગ અને ધ્વંસ થયા કરે છે. તેથી તમારે વ્યાપાર તરીકે જલબિંદુસંયોગ-ધ્વંસ અનંતા માનવા પડશે. તેના કરતાં વ્યાપાર તરીકે માત્ર એક અદૃષ્ટને જ માનવામાં લાઘવ છે. તેથી અદૃષ્ટ માનવું જોઈએ.

---

**मुक्तावली : ननु ध्वंसोऽपि न व्यापारोऽस्तु । न च निर्व्यापारस्य चिरध्वस्तस्य कथं कारणत्वमिति वाच्यम्, अनन्यथासिद्धनियतपूर्ववर्तित्वस्य तत्रापि सत्त्वात्, अव्यवहितपूर्ववर्तित्वं हि चक्षुस्संयोगादेः कारणत्वे, न तु सर्वत्र, कार्यकालवृत्तित्वमिव समवायिकारणस्य कारणत्वे इत्यत आह-कर्मनाशेति ।**

---

**મુક્તાવલી : શંકાકાર :** સારું, ભલે યજ્ઞધ્વંસને કે સ્નાનધ્વંસને વ્યાપાર ન માનો, પણ તેથી કાંઈ અપૂર્વને = અદૃષ્ટને વ્યાપાર માનવાની શી જરૂર છે ?

**નૈયાયિક :** જે યજ્ઞ નષ્ટ થઈ ગયો છે અને જેનો કોઈ વ્યાપાર છે નહીં તેવા યજ્ઞને ઘણાં કાળ પછી પ્રાપ્ત થયેલા સ્વર્ગનું કારણ શી રીતે માની શકાય ? તેથી વચ્ચે વ્યાપાર માનવો જોઈએ. તે વ્યાપાર ધ્વંસરૂપ નથી તે તો તમે પણ સ્વીકાર્યું. તેથી વ્યાપાર તરીકે અદૃષ્ટ માનવું જરૂરી છે.

**શંકાકાર : अनन्यथासिद्धनियतपूर्ववर्तित्वम्** જેમાં હોય તે કારણ કહેવાય. યજ્ઞ એ સ્વર્ગ પ્રત્યે અન્યથાસિદ્ધ નથી, અર્થાત્ અનન્યથાસિદ્ધ છે અને વળી સ્વર્ગની પૂર્વવર્તી પણ છે. તેથી તેનામાં કારણનું લક્ષણ ઘટી જવાથી શા માટે તે કારણ ન બને ? વ્યાપાર ન હોય તો ભલે ને ન રહ્યો ? તેમાં તેની કારણતા શા માટે ચાલી જાય ?

**નૈયાયિક :** કારણમાં અવ્યવહિતપૂર્વવર્તિતા જોઈએ. અહીં યજ્ઞમાં તો સ્વર્ગની વ્યવહિતપૂર્વવર્તિતા છે પણ અવ્યવહિતપૂર્વવર્તિતા નથી, કેમકે યજ્ઞ કર્યા પછી ઘણાં સમય પછી સ્વર્ગપ્રાપ્તિ થાય છે. તેથી યજ્ઞને કારણ શી રીતે મનાય ?

**શંકાકાર :** તમામ કારણોમાં કાર્યની અવ્યવહિતપૂર્વવર્તિતા જોઈએ જ તેવો નિયમ નથી. હા, ચાક્ષુષ-પ્રત્યક્ષમાં ચક્ષુ:સંયોગરૂપ કારણ અવ્યવહિતપૂર્વવર્તી જોઈએ તે વાત સાચી અને જો ત્યાં ચક્ષુ:સંયોગ અવ્યવહિતપૂર્વવર્તી ન હોય તો ચાલે પણ નહીં. પરંતુ જ્યાં જ્યાં વ્યાપાર ન હોય ત્યાં ત્યાં દરેક સ્થાને અવ્યવહિતપૂર્વવર્તિતા કારણમાં જોઈએ જ તેવો નિયમ ન મનાય. જેમ કાર્યના કાલમાં જ સમવાયિકારણની વૃત્તિતા હોય પણ બધા જ કારણની (અસમવાયિ અને નિમિત્તની પણ) કાર્યસમકાલવૃત્તિતા જોઈએ તેવું નથી. તેવું અહીં પણ સમજવું.

---

**कारिकावली : कर्मनाशाजलस्पर्शादिना नाश्यस्त्वसौ मतः ॥१६२॥**

---

**मुक्तावली : कर्मनाशेति । यदि ह्यपूर्वं न स्यात्तदा कर्मनाशाजलस्पर्शादिना नाश्यत्वं धर्मस्य न स्यात् । न हि तेन यागादेर्नाशः प्रतिबन्धो वा कर्तुं शक्यते, तस्य पूर्वमेव वृत्तत्वादिति भावः । एतेन देवताप्रीतेरेव फलत्वमित्यपास्तम्, गङ्गास्नानादौ सर्वत्र देवताप्रीतेरसम्भवात्, देवतायाश्चेतनत्वेऽपि तत्प्रीतेरनुद्देश्यत्वात्, प्रीतेः सुखस्वरूपत्वेन विष्णुप्रीत्यादौ तदसम्भवात्, जन्यसुखादेस्तत्राभावात् । तेन विष्णुप्रीतिजन्यत्वेन पराभिमतस्वर्गादिरेव विष्णुप्रीतिशब्देन लक्ष्यते ।**

---

મુક્તાવલી : નૈયાયિક : **कर्मनाशाजलस्पर्शात् करतोयाऽतिलङ्घनात् ।**
**गण्डकीबाहुतरणात् धर्मः क्षरति कीर्तनात् ॥**

જો અપૂર્વ = અદૃષ્ટની કલ્પનાથી અવ્યવહિતપૂર્વવર્તિતા માનવામાં ન આવે તો કર્મનાશા નામની નદીના જલના સ્પર્શથી ધર્મ(શુભ અદૃષ્ટ)નો નાશ શી રીતે થાય? કર્મનાશા નામની નદીના પાણીનો આસ્તિકો સ્પર્શ કરતા નથી, કેમકે તેના સ્પર્શથી ધર્મનો નાશ થાય છે અને અધર્મ બાકી રહે છે. તેથી તમારે ત્યાં અવ્યવહિતપૂર્વવર્તિતા છે જ અને તે અદૃષ્ટને આભારી છે તેમ માનવું જ જોઈએ.

**શંકાકાર :** કર્મનાશા નદીના જલના સ્પર્શથી ધર્મનાશ થાય, અર્થાત્ યજ્ઞાદિનો નાશ થાય તેમ સમજવું. તે માટે કાંઈ અદૃષ્ટને માનવું અને પછી તેનો નાશ માનવો તે તો ગૌરવ છે.

**નૈયાયિક :** પણ યજ્ઞ કર્યા પછી કોઈએ કેટલાક કાળ બાદ કર્મનાશા-જલસ્પર્શ કર્યો. હવે અહીં યજ્ઞનાશ તો પૂર્વે જ થઈ ગયો છે, તો કર્મનાશાના જલના સ્પર્શથી હવે યજ્ઞ જ હાજર નથી તો તેનો નાશ શી રીતે થાય ? યજ્ઞાદિનો પ્રતિબંધક કર્મનાશા-જલસ્પર્શ છે તેમ પણ નહીં કહી શકાય, કેમકે તે યજ્ઞાદિ તો પૂર્વે જ થઈ ચૂક્યા છે. તેથી માનવું જ પડે કે તે યજ્ઞાદિ કર્યા તે વખતે અદૃષ્ટ-ધર્મ ઉત્પન્ન થયેલ જેનો કર્મનાશા-જલસ્પર્શથી નાશ થયો છે.

વળી 'યાગાદિનું ફળ દેવતાપ્રીતિ છે' તેમ પણ હવે-અદૃષ્ટની સિદ્ધિ થવાથી-માની શકાશે નહીં, કેમકે ગંગાસ્નાનમાં કોઈ દેવતા જ નથી કે જેની પ્રીતિ માટે ગંગાસ્નાન કરાતું હોય. ત્યાં તો ગંગાસ્નાનના ફળ તરીકે અદૃષ્ટ માનવું જ જોઈએ. અને દેવતા (સચેતન) હાજર હોય તો પણ ગંગાસ્નાન તેને ઉદ્દેશીને તો થતું જ નથી, પછી તેમને પ્રીતિ શી રીતે થાય ?

**શંકાકાર :** પણ યજ્ઞાદિ તો વિષ્ણુની પ્રીતિના ઉદ્દેશથી થાય જ છે ને ! તો પછી યજ્ઞાદિના ફળ તરીકે દેવતાપ્રીતિ માનીએ અને અદૃષ્ટ ન માનીએ તો શું વાંધો ?

**નૈયાયિક :** વિષ્ણુની પ્રીતિ તો નિત્ય છે, કેમકે પ્રીતિ એટલે સુખ. વિષ્ણુના સુખાદિ તો નિત્ય છે અને નિત્ય વસ્તુ તો ઉત્પન્ન જ ન થાય તો પછી યજ્ઞાદિ કરવાનું દેવતાની પ્રીતિ ફળ છે તેમ શી રીતે માની શકાય ? આમ સ્વર્ગ પણ વિષ્ણુ વગેરે દેવતાની પ્રીતિથી મળતો નથી પણ યજ્ઞાદિથી ઉત્પન્ન થયેલા અદૃષ્ટ દ્વારા મળે છે. કેટલાક શાસ્ત્રમાં યજ્ઞાદિથી વિષ્ણુની પ્રીતિ ઉત્પન્ન થાય છે તેમ જણાવ્યું છે, ત્યાં પણ

વિષ્ણુપ્રીતિ = સ્વર્ગ અર્થ કરવો, કેમકે વિષ્ણુપ્રીતિથી અહીં સ્વર્ગાદિ ફળનું જ લક્ષ્ય છે, અર્થાત્ વિષ્ણુપ્રીતિમાં શક્તિ ન હોવાથી તેની સ્વર્ગાદિમાં લક્ષણા જ રહી છે.

---

**कारिकावली : अधर्मो नरकादीनां हेतुर्निन्दितकर्मजः ।**
**प्रायश्चित्तादिनाश्योऽसौ जीववृत्ती त्विमौ गुणौ ॥१६३॥**

---

**मुक्तावली : अधर्म इति । नरकादिसकलदुःखानां नारकीयशरीरादीनां च साधनमधर्म इत्यर्थः । तत्र प्रमाणमाह-प्रायश्चित्तेति । यदि ह्यधर्मो न स्यात्तदा प्रायश्चित्तादिना नाश्यत्वमधर्मस्य न स्यात् । न हि तेन ब्रह्महननादीनां नाशः प्रतिबन्धो वा विधातुं शक्यते, तस्य पूर्वमेव विनष्टत्वादिति भावः । जीवेति। ईश्वरे धर्माधर्माभावादिति भावः ।**

---

**મુક્તાવલી : અધર્મ** : જો અધર્મ જેવી કોઈ વસ્તુ જ ન હોય તો પ્રાયશ્ચિત્ત વડે કોનો નાશ થાય ? તેથી નરક વગેરે બધા દુઃખોના અને નારકીય શરીરોના કારણ તરીકે અધર્મ માનવો જોઈએ કે જેનો પ્રાયશ્ચિત્તાદિ વડે નાશ થાય છે.

**શંકાકાર** : અધર્મ શબ્દનો અર્થ બ્રાહ્મણાદિનો ઘાત સમજવો. પ્રાયશ્ચિત્તથી તે અધર્મનો નાશ થાય. તેથી તે માટે કાંઈ નવા અધર્મ નામના અદૃષ્ટને માનવાની જરૂર નથી.

**નૈયાયિક** : બ્રાહ્મણઘાતાદિ પાપ તો ક્યારનું ય નાશ પામી ગયું છે, કેમકે તે ક્રિયાત્મક છે. ક્રિયા તો પાંચમા સમયે નાશ પામી જાય. હવે ત્યારપછી એક વર્ષ બાદ જે પ્રાયશ્ચિત્ત કર્યું તેનાથી બ્રાહ્મણઘાતની કરેલી ક્રિયાનો નાશ કે પ્રતિબંધ તો થાય જ નહીં, કેમકે તે ક્રિયા જ હાજર નથી. તેથી માનવું જ જોઈએ કે તે ક્રિયાથી અધર્મ અદૃષ્ટ ઉત્પન્ન થયું છે જેનો નાશ પ્રાયશ્ચિત્ત કરવાથી થયો છે.

આમ ધર્મ અને અધર્મ નામના બે પદાર્થો માનવા જ જોઈએ. તેઓ ઈશ્વરમાં રહેતા નથી પણ જીવાત્માઓમાં રહે છે.

---

**कारिकावली : इमौ तु वासनाजन्यौ ज्ञानादपि विनश्यतः ।**

---

**मुक्तावली : इमौ=धर्माधर्मौ । वासनेति । अतो ज्ञानिना कृते अपि सुकृत-दुष्कृतकर्मणी न फलायाऽलमिति भावः । ज्ञानादपीति । अपिना**

भोगपरिग्रहः । ननु तत्त्वज्ञानस्य कथं धर्माधर्मनाशकत्वं ? 'नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि' इति वचनविरोधात्, इत्थं च तत्वज्ञानिनां झटिति कायव्यूहेन सकलकर्मणां भोगेन क्षय इति चेत् ? न, तत्र भोगस्य वेदबोधितनाशकोपलक्षकत्वात् । कथमन्यथा प्रायश्चित्तादिना कर्मणां नाशः? तदुक्तम्-'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ।' इत्यादिना । श्रूयते च 'क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे' इति । ननु तत्त्वज्ञानिनस्तर्हि शरीरावस्थानं सुखदुःखादि च न स्यात्, ज्ञानेन सर्वेषां कर्मणां नाशादिति चेत् ? न, प्रारब्धेतरकर्मणामेव नाशात् । तत्तच्छरीर-भोगजनकं हि यत्कर्म तत्प्रारब्धं, तदभिप्रायमेव नाभुक्तमिति वचनमिति ।

---

**મુક્તાવલી :** ધર્મ અને અધર્મ બંને વાસનાજન્ય છે અને તેઓ જ્ઞાનથી અથવા ભોગથી નાશ પામે છે. અને તેથી જ કહ્યું છે કે જ્ઞાનીના સારા કે ખરાબ કાર્યો ફળ આપવાને સમર્થ નથી, કેમકે તેનાથી ઉત્પન્ન થયેલા ધર્મ-અધર્મ જ્ઞાનથી જ નાશ પામી ગયા હોય છે.

**શંકાકાર :** (તત્ત્વ) જ્ઞાનથી ધર્મ અને અધર્મનો નાશ થાય છે તેમ શી રીતે માની શકાય? કેમકે (**कल्पकोटिशतैः अपि**) ભોગવ્યા વિના કર્મ નાશ પામતું નથી તેમ શ્રુતિમાં જણાવ્યું છે તેની સાથે વિરોધ થવાની આપત્તિ આવે. ભોગવ્યા વિના કર્મ નાશ પામતું જ ન હોય તો પછી જ્ઞાનથી કર્મનાશ શી રીતે મનાય ?

**નૈયાયિક :** જો જ્ઞાનથી કર્મનાશ નહીં માનો તો પછી ક્યારેય કોઈની મુક્તિ જ નહીં થાય, કેમકે તત્ત્વજ્ઞાન પામ્યા પછી પણ ઘણાં કર્મો ભોગવવાના બાકી છે. તે ભોગવવા જો બે-ચાર નવા ભવ કરે તો તેમાં પાછા નવા કર્મો બંધાય. તેને ભોગવવા ફરી નવા ભવો કરવા પડે. આમ 'ભોગ દ્વારા જ કર્મનાશ થાય છે' તેમ માનવાથી તો ક્યારેય બધા કર્મો સંપૂર્ણ ભોગવાશે નહીં અને તેથી મુક્તિ ન થવાની આપત્તિ આવશે.

**શંકાકાર :** ના, કાયવ્યૂહથી બધા કર્મોનો ભોગવવા દ્વારા જ ક્ષય કરી શકાશે. તત્ત્વજ્ઞાની આત્મા એકીસાથે પોતાના શરીરો અનેક બનાવવા દ્વારા (કાયવ્યૂહ) તે દરેક શરીરથી તે તે કર્મનો ભોગવીને નાશ કરશે. અને આ નવા બનાવેલા શરીરથી નવો કર્મબંધ તો થાય જ નહીં અને તેથી નવા નવા ભવો કરવાની અને મુક્તિ ન થવાની

આપત્તિ નહીં આવે.

**નૈયાયિક** : ના, **'नाऽभुक्तं क्षीयते कर्म...'** માં 'ભોગ' પદ એ વેદબોધિત છે. જે કોઈ કર્મનાશક હોય તે બધાનો ઉપલક્ષક 'ભોગ' છે. તપશ્ચર્યા, તત્ત્વજ્ઞાન, પ્રાયશ્ચિત્ત વગેરે પણ કર્મનાશક છે. તેથી 'ભોગ' પદથી તત્ત્વજ્ઞાન પણ લેવાય અને તેથી 'ભોગ વડે ધર્માધર્મનો નાશ થાય છે' તેનો અર્થ તત્ત્વજ્ઞાનથી ધર્માધર્મનો નાશ થાય છે તેવો પણ થઈ જ જાય છે.

**શંકાકાર** : પણ 'ભોગ' પદને ઉપલક્ષક માનવાની જરૂર શું ?

**નૈયાયિક** : જો 'ભોગ' પદને ઉપલક્ષક નહીં માનો તો 'પ્રાયશ્ચિત્તથી કર્મનો નાશ થાય છે' તેવું વેદવાક્ય હોવાથી અને ભોગ સિવાય કર્મનાશ ન થતો હોવાથી વેદમાં અપ્રામાણ્ય થવાની આપત્તિ આવશે. તેથી માનવું જ જોઈએ કે 'ભોગ' પદથી પ્રાયશ્ચિત્ત પણ ઉપલક્ષિત છે જ. તે જ રીતે જ્ઞાનને પણ ઉપલક્ષિત માનવું જ જોઈએ. તેથી કહ્યું છે કે હે અર્જુન ! જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી નાંખે છે.

વળી કહ્યું છે કે **क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे (ज्ञाने) परावरे। (परः अवरः यस्मात् तत् ज्ञानम्)** વિષ્ણુ વગેરે જે મહાન દેવો પર છે એ પણ જેનાથી અપર છે એવા પરાવર બ્રહ્માનું જ્ઞાન કરવાથી બધા કર્મો નાશ પામે છે.

**શંકાકાર** : તત્ત્વજ્ઞાનીના જ્ઞાનથી સર્વ કર્મોનો નાશ થઈ જતો હોય તો તત્ત્વજ્ઞાનીના શરીરનું કે તત્ત્વજ્ઞાનીને સુખ-દુઃખના અનુભવનું અસ્તિત્વ નહીં રહે, કેમકે તે બધું કર્મ=અદૃષ્ટથી જન્ય છે.

**નૈયાયિક** : ના, જ્ઞાનથી બધા કર્મોનો નાશ થાય છે તેનો અર્થ અપ્રારબ્ધ (ઘાતી) કર્મોનો જ નાશ થાય છે તેવો કરવો. પણ પ્રારબ્ધ (અઘાતી) કર્મોનો નાશ થતો નથી અને તે પ્રારબ્ધ કર્મોનો નાશ તો માત્ર ભોગથી જ થાય છે. અને તેથી તેના સંદર્ભમાં જ **नाऽभुक्तं क्षीयते...** વાક્ય જાણવું.

कारिकावली : शब्दो ध्वनिश्च वर्णश्च मृदङ्गादिभवो ध्वनिः ॥१६४॥
कण्ठसंयोगादिजन्या वर्णास्ते कादयो मताः ।
सर्वः शब्दो नभोवृत्तिः श्रोत्रोत्पन्नस्तु गृह्यते ॥१६५॥
वीचीतरङ्गन्यायेन तदुत्पत्तिस्तु कीर्तिता ।
कदम्बगोलकन्यायादुत्पत्तिः कस्यचिन्मते ॥१६६॥

**मुक्तावली :** शब्दं निरूपयति-शब्द इति । नभोवृत्तिः=आकाशसमवेतः । दूरस्थशब्दस्याग्रहणादाह-श्रोत्रेति । ननु मृदङ्गावच्छेदेनोत्पन्ने शब्दे श्रोत्रे कथमुत्पत्तिरत आह-वीचीति । आद्यशब्देन बहिर्दशदिगवच्छिन्नोऽन्यः शब्दस्तेनैव शब्देन सदृशो जन्यते, तेन चापरस्तद्व्यापकः, एवं क्रमेण श्रोत्रोत्पन्नो गृह्यत इति । कदम्बेति । आद्यशब्दाद्दशसु दिक्षु दश शब्दा उत्पद्यन्ते । तेभ्यश्चान्ये दश शब्दा उत्पद्यन्त इति भावः । अस्मिन् मते कल्पनागौरवादुक्तं-कस्यचिन्मत इति ।

**મુક્તાવલી : (૨૪) શબ્દ-નિરૂપણ :** શબ્દ ધ્વનિ અને વર્ણ એમ બે પ્રકારે છે. ત્યાં મૃદંગાદિ વાજીંત્રોથી ઉત્પન્ન થતો શબ્દ ધ્વનિ કહેવાય અને કંઠ, તાલુ વગેરેના સંયોગથી ઉત્પન્ન થતાં ક, ખ વગેરે વર્ણો કહેવાય. બધા શબ્દો આકાશમાં સમવાય-સંબંધથી ઉત્પન્ન થાય છે. તે મૃદંગાદિ અવચ્છેદેન આકાશમાં ઉત્પન્ન થાય છે.

**શંકાકાર :** મૃદંગાવચ્છેદેન આકાશમાં ઉત્પન્ન થયેલા શબ્દો તો ત્યાં દૂર જ આકાશમાં છે. આપણે મૃદંગાદિથી ઘણાં દૂર છીએ તો તે શબ્દ આપણને શી રીતે સંભળાય ?

**નૈયાયિક :** મૃદંગાવચ્છેદેન આકાશમાં ઉત્પન્ન થયેલા આદ્ય શબ્દથી દશેય દિશાને સ્પર્શીને રહેલો અન્ય શબ્દ તે જ આદ્ય શબ્દથી ઉત્પન્ન થાય અને તેનાથી અપર ત્રીજો શબ્દ તેનાથી જ ઉત્પન્ન થાય. આમ પૂર્વ પૂર્વના શબ્દથી અપર અપર શબ્દ વીચિ = તરંગની જેમ વ્યાપક બનતો જાય અને એમ કરતાં છેલ્લે શ્રોત્રમાં ઉત્પન્ન થઈને ગૃહીત થાય છે. કેટલાક કહે છે કે આદ્ય શબ્દથી દશે દિશામાં થઈને દસ શબ્દો ઉત્પન્ન થાય

છે અને પછી તે પ્રત્યેક દિશાનો શબ્દ તે તે દિશામાં આગળ વધતો જાય. જેમ કદમ્બની કળી એક હોય છે છતાં પણ ખીલે ત્યારે દસે દિશામાં વિકસે છે તેમ અહીં પણ સમજવું.

આ કલ્પનામાં દશે દિશામાં જુદા જુદા દશ શબ્દોની ઉત્પત્તિ માનવી પડતી હોવાથી ગૌરવ છે. તેથી '**कस्यचिन्मते**' કહીને ગ્રન્થકારે અસ્વરસ જણાવ્યો છે.

---

**कारिकावली : उत्पन्नः को विनष्टः क इति बुद्धेरनित्यता ।**
**सोऽयं क इति बुद्धिस्तु साजात्यमवलम्बते ॥१६७॥**

---

**मुक्तावली : ननु शब्दस्य नित्यत्वादुत्पत्तिकथनमसङ्गतमत आह-उत्पन्न इति। शब्दानामुत्पादविनाशप्रत्ययशालित्वादनित्यत्वमित्यर्थः । ननु स एवायं ककार इत्यादिप्रत्यभिज्ञानाच्छब्दानां नित्यत्वम्, इत्थं चोत्पादविनाशबुद्धि-र्भ्रमरूपैवेत्यत आह-सोऽयं क इति । साजात्यमिति । तत्र प्रत्यभिज्ञानस्य तत्सजातीयत्वं विषयो न तु तद्व्यक्त्यभेदो विषयः, उक्तप्रतीतिविरोधात् । इत्थं च द्वयोरपि प्रतीत्योर्न भ्रमत्वमिति।**

---

**મુક્તાવલી : શંકાકાર :** પણ શબ્દ તો નિત્ય છે અને નિત્ય વસ્તુ કદાપિ ઉત્પન્ન થઈ શકે જ નહીં તો પછી તમે નિત્ય વસ્તુને તદ્દન અસંગત એવું શબ્દોત્પત્તિનું કથન શા માટે કરો છો ?

**નૈયાયિક :** '**क**' (વર્ણ) ઉત્પન્ન થયો, '**क**' નાશ પામ્યો' આવી રીતની બુદ્ધિથી શબ્દમાં અનિત્યતા પેદા થાય છે. આમ શબ્દો પણ ઉત્પાદ-વિનાશશાલી હોવાથી અનિત્ય જ છે.

**શંકાકાર :** આ તે જ '**क**' છે એવી પ્રત્યભિજ્ઞા તો થાય જ છે. તેથી '**क**' વગેરે શબ્દો નિત્ય છે તેમ માનવું જ જોઈએ.

**નૈયાયિક :** '**स एव अयं कः**' એવી જે પ્રત્યભિજ્ઞા થાય છે તેનું કારણ શબ્દમાં રહેલું નિત્યત્વ નથી પણ સાજાત્ય છે. પણ શબ્દ તો અનિત્ય જ છે અને તેથી જ શબ્દના ઉત્પાદ અને વિનાશની જે પ્રતીતિ થાય છે તે ભ્રમાત્મક નહીં પણ સત્ છે.

**શંકાકાર :** જો ઉત્પાદ અને વિનાશની પ્રતીતિને ભ્રમાત્મક ન માનતાં સત્ માનો તો 'આ તે જ '**क**' છે તેવી પ્રત્યભિજ્ઞા શી રીતે થાય ?

**નૈયાયિક :** શબ્દ તો અનિત્ય અર્થાત્ ઉત્પાદ-વિનાશશાલી છે જ, છતાં 'આ તે જ છે' તેવી પ્રત્યભિજ્ઞા ભ્રમાત્મક છે તેમ અમારે નથી કહેવું. 'આ તે જ છે' તેવી પ્રતીતિ પણ સત્ છે, અર્થાત્ બંને પ્રકારની પ્રતીતિ સત્ છે પણ કોઈ પ્રતીતિ ભ્રમાત્મક નથી.

**શંકાકાર :** શબ્દ નિત્ય ન હોય તો પ્રત્યભિજ્ઞા થઈ જ ન શકે ને ?

**નૈયાયિક :** ના, સાજાત્યના કારણે પણ 'આ તે જ છે' તેવી પ્રતીતિ થઈ શકે છે. તેથી પ્રત્યભિજ્ઞા થાય છે. માટે શબ્દ નિત્ય છે તેવું માનવાની જરૂર નથી. આમ બંને પ્રતીતિ સત્ છે તેમ નક્કી થાય છે, અને સાથે સાથે શબ્દ અનિત્ય છે તેમ પણ સિદ્ધ થાય છે.

---

**कारिकावली : तदेवौषधमित्यादौ सजातीयेऽपि दर्शनात् ।**

**तस्मादनित्या एवेति वर्णाः सर्वे मतं हि नः ॥१६८॥**

**॥ इति श्रीविश्वनाथपञ्चाननभट्टाचार्यकृता कारिकावली समाप्ता ॥**

---

**मुक्तावली : ननु सजातीये सोऽयमिति प्रत्यभिज्ञा कुत्र दृष्टेत्यत आह-तदेवेति। यदौषधं मया कृतं तदेवान्येनापि कृतमित्यादिदर्शनादिति भावः ॥**

**॥ इति गुणनिरूपणम् ॥**

**इति श्रीमहामहोपाध्यायविद्यानिवासभट्टाचार्यपुत्रश्रीविश्वनाथपञ्चानन-भट्टाचार्यविरचिता न्यायसिद्धान्तमुक्तावली सम्पूर्णा ॥**

---

**મુક્તાવલી : શંકાકાર :** સાજાત્યના કારણે 'આ તે જ છે' તેવી બુદ્ધિ થાય છે તેવું શી રીતે માની શકાય ?

**નૈયાયિક : 'तदेव इदमौषधं यन्मया भुक्तम्'** અહીં ઔષધ-વ્યક્તિનો ભેદ હોવા છતાં સાજાત્યેન 'આ તે જ ઔષધ છે' તેવી પ્રત્યભિજ્ઞા થાય છે. પેલું ઔષધ તો ક્યારનું ય પીવાઈ ગયું તેથી આ ઔષધ નવું છે, પૂર્વ કરતાં જુદું છે, છતાં પણ તે જ ઔષધ મારા વડે લેવાયું છે તેવી પ્રત્યભિજ્ઞા થાય જ છે ને ! આમ ઔષધ પણ અનિત્ય હોવા છતાં જો તેની 'આ તે જ છે' ઈત્યાકારક પ્રત્યભિજ્ઞા થતી હોય તો શબ્દમાં 'આ તે જ છે' તેવી પ્રત્યભિજ્ઞા થતી હોવાથી તે અનિત્ય છે તેમ કેમ ન મનાય ?

આમ અહીં જે પ્રત્યભિજ્ઞા છે તે વ્યક્ત્યભેદેન પ્રત્યભિજ્ઞા નથી પણ સાજાત્યેન

પ્રત્યભિજ્ઞા છે તેથી પૂર્વવ્યક્તિ-નાશ અને ઉત્તર-વ્યક્તિની ઉત્પત્તિ અને તેની સાજાત્યેન પ્રત્યભિજ્ઞા, બધું ઉપપન્ન થઈ જાય છે, તેથી શબ્દને અનિત્ય માનવો જોઈએ.

ઇતિ મુક્તાવલી વિવરણ સમાપ્ત

ઇતિ શ્રી સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના** વિનેય શાસનપ્રભાવક પરમ પૂજ્ય પંન્યાસ-પ્રવરશ્રી **ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે** વિ.સં. ૨૦૨૧ની સાલમાં પાટણમાં પંડિતશ્રી **દુર્ગાનાથ ઝા** પાસે આ ગ્રન્થનો અભ્યાસ કર્યો હતો, તે દરમ્યાન પૂજ્યશ્રીએ અભ્યાસની સાથોસાથ લગભગ ૮૫૦ પેઈજનું જે વિવેચન કરેલ તે અભ્યાસુ વર્ગને ઉપયોગી થાય એવા શુભાશયથી **'કમલ પ્રકાશન ટ્રસ્ટ'** પુસ્તક રૂપે પ્રગટ કરતાં આનંદ અનુભવે છે.

— ગુણવંત શાહ

# ઓ માતાઓ ! ઓ પિતાઓ !

## તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે

તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે

તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને

તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને

તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને

તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને

તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

**સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ**
**સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...**
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય**

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**
પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિ:શુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા
પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્કસ્થળ: **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

**નોંધ** : પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.